અનુબોધ

• કુંજવિહારી મહેતા •

અનુબોધ

લેખક : કુંજવિહારી મહેતા

: સંપાદકો :

રમેશ ઓઝા　　નટવરસિંહ પરમાર

હિમાંશી શેલત　　વિજય શાસ્ત્રી

ANUBODH : A Collection of articles relating to
education and culture by
Kunjvihari C. Mehta.

પ્રકાશક : કુંજવિહારી મહેતા અભિનન્દન સમિતિ
એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ
સૂરત.

(C) કુંજવિહારી મહેતા અભિનન્દન સમિતિ

આવરણ : પ્રા. મોહન મેઘાણી

કિંમત : રૂ. ૨૦-૦૦

મુદ્રક : ઈન્દુલાલ કાલિદાસ શેલત
પ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ
લીમડાચોક
સૂરત.

અર્પણ

સ્વ. શ્રી. પ્રવીણકાંત ઉત્તમરામ રેશમવાળા

અને

શ્રીમતી અવંતિકાબહેન પ્રવીણકાંત રેશમવાળા

ને

ગત સમય કેરા સ્મરણમાં

કુંજવિહારી મહેતા

ه

સંપાદકીય

આચાર્ય કુંજવિહારી મહેતાએ પ્રથમ સૂરતના દૈનિક 'પ્રતાપ'માં અને ત્યાર પછી છેલ્લાં બાવીસેક વર્ષથી 'ગુજરાતમિત્ર'માં અવિરતપણે શિક્ષણ પર અને વ્યાપક સંસ્કારિતાને સ્પર્શતી બાબતો પર કટારો લખીને એક વિલક્ષણ ચિંતક તરીકેની પોતાની પ્રતિભાનો પરિચય ગુજરાતને આપ્યો છે. આમ તો દૈનિક પત્રોના પાને પ્રગટ થતું મોટા ભાગનું લખાણ કાળક્રમ થઈ જતું હોય છે, અને એમ થવું સ્વાભાવિક પણ છે. પણ ક્રમ થઈ જતું કેટલુંક સાહિત્ય સાચવી લેવા જેવું પણ હોય છે આ. કુંજવિહારી મહેતાએ 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' શીર્ષકથી નિરૂપેલી કટારમાં એવી ઘણી વિચારસામગ્રી છે જે તત્કાલીન સમયસંદર્ભથી પ્રેરિત હોવા છતાં એનું દીર્ઘકાલીન મૂલ્ય હોય.

એઓ એમ. ટી. બી આર્ટ્સ કૉલેજના આચાર્યપદેથી નિવૃત્ત થવાના હતા ત્યારે એમનું અભિવાદન કરવાનો સંકલ્પ મિત્રો-શુભેચ્છકોએ કર્યો અને એવું નક્કી કર્યું કે વ્યક્તિ કુંજવિહારીનું અભિવાદન કરવા કરતાં એ વ્યક્તિના કેન્દ્રમાંથી જે ભાવના-આદર્શ વિકસ્યાં-વિસ્તર્યાં તેનું અભિવાદન કરવું વધારે ઉચિત છે. એટલે એમના શિક્ષણ અને સંસ્કારવિષયક લેખોમાંથી કાળજીપૂર્વક ચયન કરીને દીર્ઘકાલીન પ્રસ્તુતતા ધરાવતી ચિંતનસામગ્રીવાળા લેખો કે લેખાંશોનો સંગ્રહ પ્રસિદ્ધ કરવો એવો વિચાર ઉદ્ભવ્યો અને તેનું પરિણામ તે આ પુસ્તક 'અનુબોધ'. એને વાચકો સમક્ષ મૂકતાં કુંજવિહારી મહેતા અભિનંદન સમિતિ આનંદની લાગણી અનુભવે છે.

જે માધ્યમ દ્વારા આ લેખો પ્રથમ પ્રસિદ્ધિ પામ્યા તેની પોતાની કેટલીક મર્યાદાઓ સર્વસ્વીકૃત છે. એમાંની મુખ્ય બે તે મર્યાદિત સમય અને મર્યાદિત વિચારવિસ્તાર. ઘણીવાર કોઈ નવો વિચાર મનમાં ઉદ્ભવે પછી તેને વાગોળવાનો, મનની ભૂમિમાં ઉથલાવવાનો, એની સ્વચિકિત્સા કરવાનો સમય જોઈએ. વર્તમાનપત્રમાં નિયમિત લખનારને આ લાભ ઘણીવાર નથી હોતો બીજું કેટલાંક વિચારબિંદુઓને વિકસાવવાની જરૂર હોય, વિશદ કરવાની જરૂર હોય, પણ કટાર લેખકને ફાળવવામાં આવેલી સ્થળમર્યાદા એના વિચારને વિકસાવવામાં બાધારૂપ બને, અને બીજે અઠવાડિયે તો નવો કોઈ વિષય ધ્યાન ખેંચતો આવી પહોંચે.

એટલે આ લેખોમાં ઘણા મહત્ત્વના વિચારો તો કેવળ બીજરૂપે જ વ્યક્ત થયેલા જણાશે. અલબત્ત, એ બીજને અન્ય દ્વારા વિકસવાની શકયતા છે જ એટલા પૂરતું એવાં વિચારબીજોનું મહત્ત્વ છે.

આ સંપાદનમાં મોટી મર્યાદા સંપાદકોની પોતાની પણ હશે જ. અલબત્ત અમને ડૉ. વિષ્ણુપ્રસાદ. ર. ત્રિવેદી, ડૉ. જયન્ત પાઠક અને પ્રા. હકૂમતરાય દેસાઈ જેવા વિદ્વજ્જનોના પરામર્શનો લાભ મળ્યો છે. છતાં ચોક્કસ સમય-મર્યાદામાં કાર્ય સંપન્ન કરવામાં થયેલી ઉતાવળ સંપાદકીય સ્ખલનોમાં પરિણમી હોય તો અમે ક્ષમાપ્રાર્થી છીએ.

આ. કુંજવિહારી મહેતાને પોતાનું ચિંતન વ્યક્ત કરવા માટે માધ્યમ ઉપલબ્ધ કરી આપનાર સર્વ પ્રથમ 'પ્રતાપ' અને તેના સ્વર્ગસ્થ તંત્રી કાલિદાસ શેલતને અને ત્યાર પછી 'ગુજરાતમિત્ર' તેમ જ તેના તંત્રી સ્વ. પ્રવીણકાન્ત રેશમવાળાને કૃતજ્ઞતાપૂર્વક સંભારીએ નહિ તો ફરજ ચૂકીએ. વિધિની વિચિત્રતા એવી રહી કે પ્રવીણભાઈ રેશમવાળાએ 'અનુબોધ'ની તૈયારી ચાલે છે એ જાણ્યું ત્યારે એમણે અમારા કાર્ય વિષે ઘણો સંતોષ અને આનંદ વ્યક્ત કર્યો હતો ત્યારે કોઈને એવી કલ્પના પણ નહિ કે 'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ'ના લેખોના આ ગ્રંથસ્થ રૂપના અર્પણમાં એમના નામ પૂર્વે 'સ્વર્ગસ્થ' એવું લખવું પડશે.

આ ગ્રંથને ટૂંકી સમયમર્યાદામાં પ્રગટ કરવાનો હતો. પણ સમયની સામે બાથ ભીડીને એ કામ ધારેલા સમયે પૂરું કરી આપવા બદલ અમે પ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસના શ્રી. ઈન્દુભાઈ શેલત અને એમના કર્મચારીઓનો અત્યંત આભાર માનીએ છીએ.

— સંપાદકો

* * *

અનુક્રમ

	પૃષ્ઠ
સંપાદકીય	1-2
૧. યુનિવર્સિટીની સ્વાયત્તતા પર તરાપ	૧
૨. કુલપતિપદ : રાજકીય શતરંજનું એક પ્યાદું	૧૪
૩. ઉચ્ચશિક્ષણનાં ધ્યેયો અને અપેક્ષાઓ	૧૭
૪. યુનિ. કેવી બનાવવી હતી, કેવી થઈ?	૨૧
૫. સમાજ સાથેની એક મોટી છેતરપિંડી	૨૫
૬. 'કૉન્વેન્ટ' – માનસ	૩૦
૭. ભાષાને શું વળગે ભૂર ?	૩૩
૮. અંગ્રેજીનું પાંગળું જ્ઞાન	૩૬
૯. માતૃભાષાનું શિક્ષણ	૩૯
૧૦. આપણે ક્યારે જાગીશું ?	૪૩
૧૧. ગુજરાતી બાળકને જ ગુજરાતી નહિ ?	૪૬
૧૨. સંસ્કૃત શિક્ષણની અવજ્ઞા	૪૭
૧૩. પરીક્ષા સંચાલન અને સુધારણા : કેટલાંક સૂચનો	૫૧
૧૪. ભણેલા અભણોની પેઢી ઊછરી રહી છે !	૫૪
૧૫. આપણી પરીક્ષાપદ્ધતિ	૫૭
૧૬. શિક્ષણના ક્ષેત્રને લાગુ પડેલો રાજરોગ	૬૦
૧૭. પરીક્ષાનાં પરિણામો – કેટલાક મુદ્દાઓ	૬૪
૧૮. વિદ્યાર્થીઓનો અજંપો અને આંદોલનો	૬૭
૧૯. લાંબી રજાઓનું કરીશું શું ?	૭૧
૨૦. શિક્ષિતોની બેકારી	૭૪

૨૧. શિક્ષણ એટલે ફુરસદિયો વ્યવસાય ? ૭૭
૨૨. પરીક્ષાનું પરીક્ષણ ૮૦
૨૩. અનુસ્નાતક શિક્ષણ ૮૨
૨૪. સંશોધનનો અતિઆગ્રહ ૮૫
૨૫. સૂરતની ઐતિહાસિકતા પ્રત્યે ઉદાસીનતા ૮૭
૨૬. વાણિજ્ય વિદ્યાશાખા તરફ આંધળી દોટ ૯૧
૨૭. સર્વોચ્ચ વહીવટી નોકરીઓ અને ગુજરાત ૯૫
૨૮. સ્પર્ધાત્મક કસોટીઓમાં ગુજરાત ક્યાં ? ૯૮
૨૯. હૃદયશૂન્ય અને દિશાશૂન્ય કેળવણી ૧૦૧
૩૦. વહેમો : નવા લેબાસમાં ૧૦૫
૩૧. બાબાઓ, શ્રદ્ધા અને અંધશ્રદ્ધા ૧૦૮
૩૨. બૌદ્ધિક શૂન્યાવકાશ ૧૧૨
૩૩. અંધશ્રદ્ધા અને શિક્ષણ ૧૧૭
૩૪. અંધશ્રદ્ધા અને છિન્ન વ્યક્તિત્વ ૧૧૯
૩૫. મહાયજ્ઞને નામે અપવ્યય ૧૨૨
૩૬. યજ્ઞની નવી વિભાવના ૧૨૫
૩૭. વ્યક્તિપૂજા અને ધર્મ ૧૨૭
૩૮. હિંદુધર્મની વિડંબનાનો ઉત્સવ ૧૩૦
૩૯. ધર્મ, ઉત્સવ અને ઔચિત્યભાન ૧૩૩
૪૦. ઉત્સવોમાં વિકૃતિ ૧૩૬
૪૧. આણી ધર્મભાવના ૧૩૮
૪૨. ધર્મ અને વ્યક્તિ ૧૪૧
૪૩. ધર્મ અને અંત્યજો પ્રત્યેનો સમાજધર્મ ૧૪૪
૪૪. ધર્મ અને રાજ્ય–અંકુશ ૧૪૮
૪૫. રાજ્ય અને બિનસાંપ્રદાયિકતા ૧૫૧
૪૬. મંદિરો અને માનવધર્મ ૧૫૪

૪૭. સંસ્થાગ્રસ્ત સેવા ૧૫૬
૪૮. સેવામાં ઔપચારિકતા ૧૫૮
૪૯. આપણો માનવધર્મ ૧૬૦
૫૦. ઠંડી ક્રૂરતા ૧૬૨
૫૧. તણીખી વ્યવસાય અને જનસેવા ૧૬૪
૫૨. વિંડબનાવાદ ૧૬૭
૫૩. હાસ્યાસ્પદ ચેલછા ૧૬૯
૫૪. દાણચોરી : શઠતાનું ગૌરવ ૧૭૧
૫૫. દારૂબંધી – એક દૃષ્ટિપાત ૧૭૩
૫૬. મૃત્યુદંડ ૧૭૬
૫૭. સ્ત્રીઓના આપઘાત અને ખૂનની વિકટ સમસ્યા ૧૭૯
૫૮. રવીન્દ્ર સરોવરની ઘટના અને સ્ત્રીઓની સલામતી ૧૮૩
૫૯. આપણા સાંસ્કૃતિક કાર્યક્રમો ૧૮૭
૬૦. આપણું સાંસ્કૃતિક હીર ૧૮૯
૬૧. ગુજરાતી રંગભૂમિનાં સવાસો વર્ષ ૧૯૨
૬૨. નાટક : આપણી નગ્નવૃત્તિઓનાં ૧૯૫
૬૩. ડિસ્કો-સંસ્કૃતિ ૧૯૮
૬૪. સર્જનતા સાહિત્યનું ઊતરતું જતું સ્તર ૨૦૧
૬૫. સત્તાના દુરુપયોગનો વરવો નમૂનો ૨૦૪
૬૬. વાણી : સંસ્કારિતાની પારાશીશી ૨૦૬
૬૭. રાજકારણ અને બૌદ્ધિક પ્રામાણિકતા ૨૧૦
૬૮. બૌદ્ધિકો અને રાજકારણ ૨૧૩
૬૯. પડકારરૂપ બનેલી સાંપ્રત પરિસ્થિતિ ૨૧૬
૭૦. સ્વાતંત્ર્ય પ્રાપ્તનાં પચીસ વર્ષ ૨૧૮
૭૧. આત્માના અવાજની ઉપેક્ષા ૨૨૨
૭૨. પ્રજાકીય આંદોલનોની વર્તમાન તાસીર ૨૨૭

૭૩. અશિસ્ત પ્રજા સમાજ પરિવર્તન કરી શકે ? ૨૩૨
૭૪. લઘુતાગ્રંથિ શા માટે ? ૨૩૫
૭૫. મધર તરીઝા ૨૩૮
૭૬. ત્રિનોબાનું નિધન ૨૪૦
૭૭. કલ્યાણપથનો યાત્રી ૨૪૩
૭૮. ગાંધીજીની 'દિનચારી' ૨૫૦
૭૯. ડેથ ઑફ એ વિકટોરીઅન ૨૫૬
૮૦. "કોઈ કહેો આ ધરતીની રજરજને, કે વિદાય હવે અપાવે–" ૨૬૧
૮૧. શ્રી. કનૈયાલાલ મુનશીનાં પૌરાણિક નાટકો ૨૬૭
૮૨. શ્રી. કનૈયાલાલ મુનશીનાં સામાજિક સુખાન્ત નાટકો ૨૮૨
૮૩ સમાનિ હૃદયાનિ વ : ૩૦૧
૮૪. જીવનનો ધ્યાનમંત્ર ૩૦૩
૮૫. જીવનવ્યવહાર અને સત્ય ૩૦૬
૮૬. માનવી માનવ ૩૦૯
૮૭. ઊણાં ઊણાં સુખેા સહુ મુજને લાગતાં ૩૧૧
૮૮. ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ૩૧૪
૮૯. ડૉ. ચંદ્રવદન મહેતા ૩૧૭
૯૦. આચાર્ય કુંજવિહારી મહેતા –ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી ૩૨૩
૯૧. કે. સી. –ડૉ. આર. કે. દેસાઈ ૩૨૫
૯૨. અમારા મહેતા સાહેબ –રમેશ ઓઝા ૩૩૨
૯૩. નિત્ય ક્રિયાશીલ કે. સી. –ભગવતીકુમાર શર્મા ૩૪૮

* * *

યુનિવર્સિટીની સ્વાયત્તતા પર તરાપ

[ગયા દશકામાં ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે જે નવું અને વિષમ પરિમાણ અસ્તિત્વમાં આવ્યું તે હતું શિક્ષણમાં સરકારી હસ્તક્ષેપ. The man who pays the piper calls the tune ની વિચારધારાને વરેલી સરકારે યુનિવર્સિટીઓની સ્વાયત્તતાને ગ્રસવાનું શરૂ કર્યું, પણ આપણા શિક્ષણની મોટી કરુણતા આ ગાળામાં એ રહી કે કુલપતિઓએ, યુનિવર્સિટીનાં અધિકારમંડળોએ કે શિક્ષકસંઘોએ આ વિષે અસરકારક પ્રતિકાર ન કર્યો. એ માટેનાં કારણો ગમે તે હોય, પણ એનું પરિણામ એ આવ્યું કે સ્વાયત્તતા પરનું આ ગ્રહણ વ્યાપક બનતું ચાલ્યું. એ ગ્રહણનો વેધ ભરાતો હતો ત્યારથી શ્રી કુંજવિહારી મહેતા એ શિક્ષણકારોમાંના એક હતા જેમણે આની સામે પોકાર પાડ્યો. સં.]

ગુજરાત સરકારે ઉચ્ચતર માધ્યમિકની વિવિધ વિદ્યાશાખાઓમાં પ્રવેશ અંગેની નીતિમાં ઘણો મોટો ફેરફાર તાજેતરમાં જાહેર કર્યો છે. અગાઉ જાહેર થયેલી નીતિ પ્રમાણે વિનયન વિદ્યાશાખામાં દાખલ થવા માટે અંગ્રેજી અથવા સંસ્કૃત સાથે, વિજ્ઞાન વિદ્યાશાખામાં દાખલ થવા માટે અંગ્રેજી તથા નવું ગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવશાસ્ત્ર સાથે તથા વાણિજ્ય વિદ્યાશાખામાં પ્રવેશ માટે અંગ્રેજી તથા કૉમર્શિયલ એરિથમેટિક અથવા નવા ગણિત સાથે એસ. એસ. સી. ની પરીક્ષામાં પાસ થવું અનિવાર્ય હતું.

હાલની સરકારે આ નીતિમાં તાજેતરમાં ફેરફાર કર્યો છે અને હવે જાહેર થયેલી નવી નીતિ પ્રમાણે ત્રણે વિદ્યાશાખામાંથી અંગ્રેજીમાં અનિવાર્ય રીતે પાસ થવાની જરૂર રહેતી નથી. ગમે તે વિષયો સાથે એસ. એસ. સી. પાસ થનારને વિનયનમાં પ્રવેશ મળશે. વાણિજ્યમાં પ્રવેશ મેળવવા માટે કૉમર્શિયલ એરિથમેટિક અથવા નવા ગણિત સાથે પાસ થવાનું રહેશે અને વિજ્ઞાન વિદ્યાશાખામાં પ્રવેશ માટે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર જીવશાસ્ત્રના વિષય સાથે પાસ થવાનું રહેશે. સરકારી ઠરાવમાં વિજ્ઞાનના પ્રવેશમાં ગણિતમાં પાસ થવાની કોઈ શરતનો ઉલ્લેખ નથી. એનો અર્થ એ થાય કે કૉમર્શિયલ એરિથમેટિક અથવા નવું ગણિત એ બેમાંથી ગમે તે એક સાથે પાસ થનારને પણ વિજ્ઞાનમાં પ્રવેશ મળી શકશે. જો કે જેમ વાણિજ્ય વિદ્યાશાખા અંગે છે તેમ વિજ્ઞાનની વિદ્યાશાખા અંગે ગણિતના વિષયનો ઉલ્લેખ થવો જોઈતો હતો. એ નથી એટલે વાત સંદિગ્ધ છે.

સરકારે જાહેર કરેલી પ્રવેશ અંગેની આ નીતિ આત્મઘાતક નીવડનારી નીતિ છે. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાંથી અંગ્રેજીને દેશવટો આપવાથી ગુજરાતના વિદ્યાર્થીને ઘણું સહન કરવું પડશે. અંગ્રેજીમાં પાસ થયા વગર કોઈ પણ વિદ્યાશાખામાં પ્રવેશ મળે છે એ ખબર પડતાં જ શાળાઓ અને વિદ્યાર્થીઓ અંગ્રેજીનો વિષય શીખવવા-શીખવા ઉપર હવે ધ્યાન નહિ આપે. વળી વાણિજ્ય, વિજ્ઞાન જેવી વિદ્યાશાખાઓ માટે તો અંગ્રેજી ખૂબ જરૂરી બને છે. આજે સુરત જેવા શહેરની વેપારી પેઢીઓનો આખો પત્રવ્યવહાર અંગ્રેજીમાં ચાલે છે. પડોશનું મહારાષ્ટ્ર જેવું રાજ્ય પાંચમાથી અંગ્રેજી ફરજિયાત બનાવે અને ગણિત અને વિજ્ઞાનના વિષયો માધ્યમિક ક્ષેત્રે અંગ્રેજીમાં શીખવવાનું ફરજિયાત બનાવે છે ત્યારે આપણે ગુજરાતમાં અવળી દિશાની ગતિ પકડી છે.

વિરોધાભાસી વાત તો એ છે કે બારમા ધોરણને અન્તે મેડિકલમાં પ્રવેશ મેળવવાની ઇચ્છા ધરાવનારે બારમા ધોરણની પરીક્ષા (હાયર ઇંગ્લિશ) ઉચ્ચતર અંગ્રેજી સાથે પાસ કરેલી હોવી જોઈએ એવો નિયમ મેડિકલ કાઉન્સિલે નક્કી કર્યો છે અને તે બંધનકર્તા છે. ગુજરાતી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓને હાયર અંગ્રેજી ભણાવાતું નથી. આ વિદ્યાર્થીઓના પ્રવેશનું શું થશે એનો નીવેડો લાવવાને કે ખુલાસો કરવાને બદલે સરકારે સદંતર ઊંધું પગલું ભર્યું છે અને એ પગલું ગુજરાતના વિદ્યાર્થીઓનું ભારે અહિત કરનારું છે. સરકાર પોતાની આવી નીતિથી હાથે કરીને ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની શાળાઓમાં જવાનું પ્રોત્સાહન આપી રહી છે.

વળી નવા ગણિત વગર વિજ્ઞાનની વિદ્યાશાખાઓમાં જનારા વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં નિયત થયેલો ગણિતનો અભ્યાસક્રમ કરી શકવાના નથી. વિજ્ઞાનની ઘણી શાખાઓમાં ગણિત પાયાનો વિષય છે અને નવા ગણિતની ભૂમિકા વિના વિજ્ઞાન વિદ્યાશાખાનું ગણિત થઈ શકવાનું નથી. કૉમર્શિયલ ઍરિથમેટિકથી નહિ ચાલી શકે. સરવાળે અંગ્રેજી અંગેની સરકારી નીતિ અહિત કરનારી ઠરશે એ ચોક્કસ છે.

યુનિવર્સિટીની રચનાના સમયથી જ રાજ્ય સરકારોએ, યુનિવર્સિટીના વહીવટ ઉપર પકડ જમાવવાના પ્રયત્નો કર્યા છે. આની સામે ફિરોઝશાહ મહેતા, ગોપાળકૃષ્ણ ગોખલેએ તે જમાનામાં ભારે ટક્કર ઝીલી હતી. વાઈસરોય લૉર્ડ કર્ઝનનો હેતુ યુનિવર્સિટીઓ ઉપર કાબૂ ધરાવી પોતાના હેતુ મુજબ વિદ્યાર્થીઓનું ઘડતર કરવાનો હતો. ૧૯૦૮ માં લૉર્ડ સિડનહામ જ્યારે મુંબઈના ગવર્નર થયા

ત્યારે મુંબઇ યુનિવર્સિટી-સુધારણાનું બિલ દાખલ કરવામાં આવ્યું. એનો હેતુ યુનિવર્સિટી ઉપર સરકારી પકડ જમાવવાનો હતો. આ બિલના સંદર્ભમાં યુનિવર્સિટીની સ્વાયત્તતા ટકી રહે એ માટે ફિરોઝશાહ મહેતાએ ઝુંબેશ ઉપાડી. ફિરોઝશાહ મહેતાએ સ્વદેશબંધુઓને માણસ પેઠે ટટ્ટાર ઊભા રહેવાનું ને સીધું સ્પષ્ટ બોલવાનું શીખવ્યું. ગોખલેએ તેમના હક અને સ્વાતંત્ર્યવિકાસનો માર્ગ તૈયાર કર્યો. જ્યારે બિલ દાખલ થયું ત્યારે યુનિવર્સિટીમાં બેસતા સરકારી માણસોને બિલને ટેકો આપવાનો આદેશ આપવામાં આવ્યો. એનો વિરોધ કરતાં શ્રી. ફિરોઝશાહ મહેતાએ તીખીતમતમતી ભાષામાં જણાવ્યું. "મિ શાર્પ (એજ્યુકેશન સેક્રેટરી)ને એ સાંભળીને આશ્ચર્ય થશે કે ૪૦ વર્ષથી વધુ ગાળાની કારકિર્દી દરમિયાન મેં તેમ જ મારા જેવા લોકોએ પ્રણાલિકાઓનું નમ્રતાપૂર્વક પરીક્ષણ કર્યું છે કે યુનિવર્સિટી સેનેટ જેવી સંસ્થામાં વહીવટ કાઢવાનું કામ બોટું છે. અયોગ્ય અને વાંધાપાત્ર છે."

આ એ જમાનાની વાત છે જે જમાનામાં ગાંધીજીનું હજી આપણા દેશમાં આગમન પણ નહોતું થયું અને અંગ્રેજો પ્રત્યેનો અહોભાવ પૂરજોસમાં હતો. એ જમાનામાં પણ યુનિવર્સિટીની સ્વાયત્તતા જાળવી રાખવા માટે ફિરોઝશાહ મહેતા, ગોખલે અને ગોકુલદાસ પરીખ જેવાએ ભારે જહેમત ઉપાડી વિજય મેળવ્યો હતો.

આજે આ વાત અમારે એટલા માટે યાદ કરવી પડે છે કે આ સ્વતંત્ર દેશમાં રોજ રોજ લોકશાહીના ઊઠતા નારાઓની વચ્ચે યુનિવર્સિટીની સ્વાયત્તતા ઉપર ઘા પડતા જાય છે અને આખું શૈક્ષણિક જગત ઊર્ધ્વબાહુ બનીને એને તાબે થતું જાય છે. ગયા ફેબ્રુઆરી માસમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાએ જુદી જુદી અભ્યાસસમિતિઓની ભલામણ અનુસાર દરેક વિષયના પ્રશ્નપત્ર દીઠ ત્રણ તાસનો કાર્યભાર વધારી ચાર તાસનો કર્યો. એ નિર્ણયને યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલે અને સિન્ડીકેટે બહાલી આપી. આ એક શૈક્ષણિક નિર્ણય છે. હવે એમ કહેવાય છે કે સરકાર યુનિવર્સિટીના આ શૈક્ષણિક નિર્ણયને સ્વીકારવાની ના પાડે છે. કોઈ આચાર્ય, કોઈ અધિકારી છાનીછપની રીતે સરકારના કોઈ અમલદારને પૂછી આવ્યું કે યુનિવર્સિટીના આ નિર્ણયને તમે સ્વીકારશો ? આપણું માનસ કેટલું બધું સત્તાપરસ્ત છે ? કહે છે કે આ અધિકારીએ ના પાડીને કહ્યું આ નિર્ણયને અમે સ્વીકારીએ નહીં અને

એના પાલનને કારણે થતા ફેરફારો ઉપર અમે ગ્રાન્ટ પણ નહીં આપીએ. શિક્ષણ-નિયામકશ્રીએ પણ, એમ કહેવાય છે કે, આ નિર્ણયને સરકાર માન્ય નહીં રાખે એવી ચેતવણી ઉચ્ચારી છે.

જો આ વાત સાચી હોય તો યુનિવર્સિટીની સ્વાયત્તતા ઉપર આ એક મરણતોલ મોટી તરાપ છે. યુનિવર્સિટી ઍકટની કલમ ૨૪(૯) મુજબ દરેક વિષયમાં પ્રશ્નપત્રદીઠ કાર્યભાર નક્કી કરવાની સત્તા યુનિવર્સિટીની વિદ્યાશાખા અને વિદ્યાસભાની છે અને ઍકટ હમેશાં સર્વોપરી હોય છે. જ્યાં સુધી એ કલમ છે અને એને સુધારાય નહીં ત્યાં સુધી સરકારનું કોઈ તંત્ર એને અમાન્ય કરી શકે એમ નથી સરકાર અધ્યાપકોને અપાતી ગ્રેન્યુઈટીને માન્ય નથી રાખતી તો શું યુનિવર્સિટી સરકાર ના પાડે છે એટલે ગ્રેન્યુએટી અંગેના પોતાના નિયમો ઊંચે મૂકશે ? યુનિવર્સિટીની સાચી 'પ્રતિભા સરકાર સામે ખોટી રીતે નમી પડવામાં નથી પણ પોતાની સ્વાયત્તતાનું રક્ષણ કરવામાં છે.

સરકાર અનુદાન આપે છે પણ તેથી એ યુનિવર્સિટીની સ્વાયત્તતા છીનવી લઈ શકે નહીં અને જે દિવસે યુનિવર્સિટીની સ્વાયત્તતા છીનવી લેવામાં આવશે તે દિવસ આપણા દેશના ઉચ્ચ કેળવણીના ઈતિહાસમાં એક ઘણો બૂરો દિવસ હશે, જુદાં જુદાં રાજ્યોમાં યુનિવર્સિટીઓની સ્વાયત્તતા છીનવી લેવાના વારંવાર પ્રયત્નો થયા છે. ગુજરાત એમાંથી આજ સુધી મુકત હતું હવે આપણા રાજ્યમાં એવા પ્રયત્નો આરંભાયા છે. પૉલ સમિતિના સંદર્ભમાં સરકાર આ કે તે સુધારા કરવા યુનિવર્સિટીઓને આદેશ આપે છે. યુનિવર્સિટી મોંઢાની માફક એના ઉપર મહોર મારશે અને પોતાનો અભિપ્રાય ઊંચો મૂકશે. એક સરકારી બૉર્ડ નીમાવાનું છે અને ઉચ્ચ શિક્ષણના નિયંત્રણનું કામ તેને સોંપાવાનું છે. આ બધાં જ પગલાં જ્યારે દિવસે યુનિવર્સિટીની સ્વાયત્તતાને હણી લેશે એ ચોક્કસ.

કમનસીબે પગારની સુરક્ષા મેળવવાની અને સેનસમિતિની ભલામણ અનુસાર પગાર મેળવવાની હોંસમાં ને હોંસમાં અધ્યાપકો આવનારા આ ભયને ઓળખતા નથી. અધ્યાપકોનો એક વર્ગ તો કૉલેજોનું સરકારીકરણ થાય એમ જ ઇચ્છે છે. યુનિવર્સિટીનો નિર્ણય ગમે એટલો સાચો હોય, એના અધિકારનો હોય છતાં જો સરકાર એ નિર્ણય અનુસાર નાણાં આપવા તૈયાર ન હોય તો આચાર્યો પાણીમાં બેસી જઈ યુનિવર્સિટીના એ નિર્ણયની વિરુદ્ધ કામ કરતા થઈ જાય છે. પણ યુનિવર્સિટીની સ્વાયત્તતાને પડખે ઊભા રહી એના ઉપર પડતી

તરાપને પડકારવા કોઈ તૈયાર થતું નથી. અર્થ એ આજના શિક્ષણનું કેન્દ્ર બને છે. સરકારી નાણાં મેળવવા બધા સિદ્ધાંતો ઊંચા મૂકવા તૈયાર થાય છે. એને બાતર તમામ ગીરવે મૂકવા આપણે તૈયાર થઈ ગઈએ છીએ. યુનિવર્સિટીના અધિકારીઓ-તમામ કક્ષાના-સદંતર ઉદાસીન વલણ ધરાવે છે. સરકારની શેહમાં દબાતાએંચાતા સૌ કોઈ યુનિવર્સિટીની સ્વાયત્તતા ઉપર પડતી તરાપના મૂક સાક્ષી બની રહ્યા છે. જ્યારે દેશ ગુલામ હતો ત્યારે ફિરોજશાહ કે ગોખલે જેવાએ યુનિવર્સિટીની સ્વાયત્તતા માટે લડત ચલાવી અને આજે જ્યારે દેશ સ્વતંત્ર છે અને સ્વાયત્તતા હણાવા બેઠી છે ત્યારે સૌ કોઈ મૂક બન્યા છે. કારણ આજે ફિરોજશાહ મહેતા જેવી નિર્ભમતા કયાં છે ? તમામની બ્વાએશ સત્તાધારીઓની કૃપાદૃષ્ટિ મેળવવાની છે.

[૩૦ મે, ૧૯૭૮]

*

યુનિવર્સિટીઓની સ્વાયત્તતાનો બલિ લેતો ગોઝારો ઑર્ડિનન્સ સરકારે પ્રગટાવ્યો. એ ઑર્ડિનન્સ દ્વારા થતા સુધારા જાણવા જેવા છે (૧) પ્રો –વાઈસચ્યાન્સેલરની નિમણૂક સરકાર વાઈસ-ચ્યાન્સેલરે આપેલાં ત્રણ નામોમાંથી કરશે. પ્રો. – વાઈસ-ચ્યાન્સેલરનાં વેતન અને નોકરીની શરતો પણ સરકાર નક્કી કરશે. આ પહેલાં એ નિમણૂક ચાન્સેલર કરતા હતા અને નોકરીની શરતો યુનિવર્સિટી નક્કી કરતી હતી. પ્રો. – વાઈસચ્યાન્સેલર લગભગ સરકારી નોકર બનીને યુનિવર્સિટીને માથે ઠસી બેસશે. કુલપતિનું વેતન વગેરે સરકાર નક્કી કરશે એટલે એ પણ સરકારી નોકર જેવા બનશે. આજ સુધી એ યુનિવર્સિટી સ્ટેટયુટ દ્વારા નક્કી કરતી હતી.

(૨) યુનિવર્સિટી ધારાની ૧૧મી કલમમાં વાઈસ-ચ્યાન્સેલરે પોતે પોતાની મુનસફી પ્રમાણે લીધેલા નિર્ણયોનો અહેવાલ યુનિવર્સિટીના જે તે અધિકાર મંડળને વહેલામાં વહેલો આપવાની જોગાવઈ હતી તે રદ કરી 'માત્ર જાણ કરવાની' જોગવાઇ નવા સુધારામાં કરી. હવે એ અધિકારમંડળની અનુમતિ લેવાની રહેતી નથી.

(૩) સરકારે એક નવી કલમ ઉમેરી છે અને તે કલમ પ્રમાણે વાઈસ-ચાન્સેલરને જ્યારે લાગે કે કોઈ તાકીદ ઊભી થઈ છે ત્યારે તે અન્ય જોગવાઇઓને બાજુએ મૂકીને યુનિવર્સિટીના કોઈ પણ કર્મચારીને એની સામેના આક્ષેપોની તપાસનો અહેવાલ આવે ત્યાં સુધી પોતે 'સસ્પેન્ડ' કરી શકશે. આજ સુધી એ બધું સિન્ડિકેટ દ્વારા થતું હતું.

(૪) વાઇસ-ચાન્સેલરને જ્યારે લાગે કે યુનિવર્સિટીના કોઈ પણ અધિકાર-મંડળે લીધેલો નિર્ણય યુનિવર્સિટીના હિતમાં નથી અથવા તો હિતમાં ન હોય એવો સંભવ છે એમ લાગે ત્યારે વાઇસ-ચાન્સેલર પોતાની મુનસફીથી એ નિર્ણયના અમલને અટકાવી શકશે અને એ માટેનાં કારણોની નોંધ કરશે. જે અધિકાર-મંડળના નિર્ણયનો અમલ રદ થયો હોય તે અધિકારમંડળે સરકારને બારણે ધા નાખવાની રહેશે અને એ અંગેનો નિર્ણય સરકાર લેશે. સૌથી વધારે જોખમી આ કલમનો ઉમેરો છે.

(૫) સિન્ડિકેટમાં સરકાર જે ચાર સભ્યો નિયુક્ત કરશે તે સેનેટના સભ્યો નહીં હોય તો પણ નિયુક્તિ સામે વાંધો લઈ શકાશે નહીં. આમ સિન્ડિકેટમાં આગંતુક સરકારી તત્ત્વોનું ભારણ વધશે. સિન્ડિકેટમાં વાઇસ-ચાન્સેલર પ્રો-વાઇસ-ચાન્સેલર અને ત્રણ સરકારી અધિકારીઓ અને ચાર સરકાર નિયુક્ત સભ્યો વડે સિન્ડીકેટ જેવા મહત્ત્વના અધિકારમંડળમાં સરકારી કે સરકારતરફી માણસોનું ભારણ અતિશય વધશે અને વહીવટી નિર્ણયો લેવામાં નિર્ણાયક બળ બનશે.

(૬) પરીક્ષકોની નિમણૂક એક સમિતિ દ્વારા થશે જેમાં પ્રો. – વાઇસ-ચાન્સેલર, જે તે ફેકલ્ટીના ડીન, જે તે અભ્યાસસમિતિના અધ્યક્ષ અને વાઇસ-ચાન્સેલરે નીમેલા જે તે અભ્યાસસમિતિના સભ્યો હશે. એ સમિતિ પરીક્ષકોની નિમણૂકની ભલામણ કરશે. વાઇસ-ચાન્સેલરને એમાં ફેરફાર કરવાનો કુલ અધિકાર રહેશે.

(૭) સિન્ડિકેટે યુનિવર્સિટીના કોઈ પણ કર્મચારીઓનાં પગાર-ભથ્થાં અંગે કરેલા નિર્ણયો સરકારની મંજૂરીને આધીન રહેશે.

ઉપર દર્શાવેલા સુધારાઓ દ્વારા એક વાત તો એ પ્રતીત થાય છે કે નવા ઑર્ડિનન્સ દ્વારા સરકારે કુલપતિને યુનિવર્સિટીના પૂરા હાકેમ બનાવી દીધા છે. કોઈ પણ અધિકારમંડળે લીધેલા નિર્ણયોનો અમલ પણ રદ કરવાની અપાયેલી સત્તા અત્યંત આપખુદ સત્તા છે અને લોકશાહી પરંપરાના પાયામાં ઘા કરનારી છે. વળી વાઇસ-ચાન્સેલરના આવ પગલા સામે અપીલ પણ સરકારને કરવાની છે એટલે સરકારે આડકતરી રીતે યુનિવર્સિટીના વિદ્યાકીય વહીવટમાં પણ પગ પેસારો કર્યો છે. વાઇસચાન્સેલરે મુનસફીમાં લીધેલા નિર્ણયો જે તે અધિકારમંડળ સમક્ષ વહેલામાં વહેલી તકે રજૂ કરી અનુમતિ મેળવવાની જે જોગવાઈ હતી તે પણ રદ કરવામાં આવી છે સરકાર જ્યારે પોતાની વગના માણસોને વાઇસ-ચાન્સેલર તરીકે નીમે છે ત્યારે અને હવે પ્રો. – વાઇસ-ચાન્સેલર તરીકે પણ પોતાના જ

માણસો આવશે ત્યારે ગુજરાતની યુનિવર્સિટીઓમાં સરકારનું પરોક્ષ રાજ્ય ચાલશે. સૌથી ખૂરી દશા તો સિન્ડિકેટની થઈ છે. આવા મહત્ત્વના વહીવટી મંડળની તો પાંખ જ કાપી નાખવામાં આવી છે અને કોઈ આયાતોલ્લા વાઈસ ચાન્સેલર સિન્ડિકેટની સભા બોલાવે જ નહીં અને પોતાની મુનસફી પ્રમાણે નિર્ણયો લઈને આયાતોલ્લા રાજ ચલાવે જાય તો સિન્ડિકેટના સભ્યોને બિચારા બનીને જોયા કરવા સિવાય બીજો આરો નથી. આ નવા ઑર્ડિનન્સથી તો સિન્ડિકેટ સામે લગભગ અવિશ્વાસની દરખાસ્ત જ પસાર થઈ ગઈ છે. સૌથી મોટામાં મોટો અનાદર જો કોઈ પણ અધિકારમંડળનો કરવામાં આવ્યો હોય તો તે સિન્ડિકેટનો છે. આ ઑર્ડિનન્સનો વિરોધ કોણ કરશે એવો સવાલ પુછાઈ રહ્યો છે.

જેમની પાસેથી વિરોધની અપેક્ષા રહે છે તે મૂંગામંતર બની ચૂકયા છે. એક તો યુનિવર્સિટીના અધ્યાપકો અને કર્મચારીઓ. એમની સામે શિસ્તનું પગલું ભરવાની અબાધિત સત્તા કુલપતિને અપાઈ ચૂકી છે. એક વાર યુનિવર્સિટી કર્મચારી–એમાં અનુસ્નાતકવિભાગના અધ્યાપકોનો પણ સમાવેશ થાય છે – જો કુલપતિની આંખે ચડે તો શિસ્તને નામે કુલપતિ કોઈને પણ પૂછ્યા વિના પહેલાં એને 'સસ્પેન્ડ' કરી શકે એવી તેમને સત્તા આ ઑર્ડિનન્સ દ્વારા મળી ચૂકી છે. એ તલવારને કારણે આ આખો વર્ગ ભયથી મૂંગો બની ચૂકયો છે.

બીજા માણસો જેમાં અધ્યાપકો અને સમાજના ઉપલા વર્ગનો સમાવેશ થાય. આ ઑર્ડિનન્સ જેને લાગુ પડે છે તે ગુજરાતની છ યુનિવર્સિટીઓ માટે છ પ્રો–વાઈસ ચાન્સેલર જોઈશે, દરેક યુનિવર્સિટીની સિન્ડિકેટ માટે ચાર સભ્યો નિયુકત કરવાના રહેશે એટલે ચોવીસ માણસોને ઠામ પાડવાના રહેશે. કૉલેજના ડેવલપમેન્ટ કાઉન્સિલના છ ડીન જોઈશે. આવા ચોદ્દાની ખ્વાએશ રાખનારા પણ સરકારની પાછળ ફરતા હશે અને એ બધા ચૂપ રહીને મૂંગી સંમતિ આપશે ને જે સંમતિ આપશે તે જ ઠામ પડશે ને સંચાલકો તો ઉદાસીન છે જ. એમને ભૂત અને પલિત વચ્ચે ઝાઝો ફેર દેખાતો નથી યુનિવર્સિટીની સ્વાયત્તતા ભૂત હતી તો સરકાર પલિત છે. એટલે એમને આમાં રસ નથી. વિદ્યાર્થીઓને માટે આ કંઈ ધર્મયુદ્ધનો સવાલ નથી. ઇતરજનોને યુનિવર્સિટીમાં રસ જ કયાં હતો? સરકાર આ બધું જાણે છે અને તેથી આ ઑર્ડિનન્સ બાબતમાં એને હૈયે ધરપત છે.

પણ આ ઑર્ડિનન્સ તો હજી પહેલી પૂણી છે. શાંડિલ્યસમિતિનો આખો અહેવાલ આવી રહ્યો છે. જાણકારો તો કહે છે કે એ અહેવાલમાં તો યુનિવર્સિટીમાં

ચૂંટણીપ્રથા મર્યાદિત કરવાની, યુનિવર્સિટીના વિભાગોની હેડશિપને ક્રમાનુવર્તી બનાવવાની, આચાર્યો, શિક્ષકોની સંખ્યા યુનિવર્સિટીમંડળોમાં મર્યાદિત કરવાની ભલામણો છે. એ બધું થવાનું છે.

ગમે તેમ પણ લોકશાહી વ્યવસ્થામાં કોઈ પણ રોકટોક વગર, કશા પણ ધાક કે નિયંત્રણ વગર કોઈ ઉત્તરદાયિત્વની પરવા કર્યા વગર બેધડક સરકાર આવા ફેરફારો કરી શકે છે એ વાત જ કેટલી જોખમી અને અકળાવનારી છે? આવા મૂળગામી ફેરફારો કરવા માટે જેમને લાગેવળગે છે તેની સાથેની કોઈ ચર્ચા વિચારણા નહીં, તેમનું મંતવ્ય મેળવવાની પણ દરકાર નહીં અને કલમના એક જ પ્રહારે અને એક જ વ્યકિતની દોરવણીએ આ બધું લોકશાહીમાં થઈ શકે એ ખુદ લોકશાહીની કેવી વંચના છે અને આપણી કેવી મોટી વિડંબના છે તે સૌએ સમજી લેવા જેવું છે. આપણે કેવીક લોકશાહીમાં જીવીએ છીએ એ સવાલ સૌએ પૂછવા જેવો છે. કોઈકે ખૂબ જ સાચું કહ્યું છે કે "ધેર ઇઝ લિમિટ ટુ મેન્સ વિઝડમ બટ નોટ ટુ હિઝ ફોલી." માણસના ડહાપણને મર્યાદા હોય છે પણ એની મૂર્ખતાને નહીં." સરકારને માટે પણ આ જ સાચું છે.

[૨૨ ડિસેમ્બર, ૧૯૮૧]

*

દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચશિક્ષણને ક્ષેત્રે અધ્યાપનની તેજસ્વિતા જળવાય, શિક્ષણનાં ઊંચાં મૂલ્યોનું જતન થાય, યુનિવર્સિટી શિક્ષણનાં મૂલ્યો ઊંચાં લાવવા જે પ્રયત્નો કરે તેમાં સહકાર આપવાની તત્પરતા હોય એવી ભાવના અને બુદ્ધિમત્તા શિક્ષણસંસ્થાઓના સંચાલકોમાં હતી અને છે પ્રજાના મનમાં એવી શ્રદ્ધા છે કે જેમના હાથમાં સંચાલનનું સુકાન સોંપાય તે સૌ શિક્ષણની ગુણવત્તા જાળવવા માટે તત્પર અને એકમત છે. શિક્ષણસંચાલનમાં સમયે સમયે નવી દૃષ્ટિવાળા અને નવી ઘગશવાળા માણસો પણ આવતા રહ્યા છે. પણ આજે અમારી એ શ્રદ્ધા ડગવા માંડી છે કારણ થોડાક દિવસ પહેલાં દક્ષિણ ગુજરાત કૉલેજ સંચાલકમંડળની એક સભા સૂરત ખાતે મળી ગઈ. આ સભામાં એક ઠરાવ આ પ્રમાણે થયો. "દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં વાણિજ્ય વિજ્ઞાન તથા વિનયન વિદ્યાશાખાઓના કોઈ પણ વર્ગમાં રાજ્યસરકારની પૂર્વમંજૂરી વગર શિક્ષણનો કાર્યભાર ન વધારવા યુનિવર્સિટીને જરૂરી આદેશ આપવા માટે આ સભા રાજ્યસરકારને આગ્રહભરી વિનંતી કરે છે." બીજા ઠરાવમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ ત્રણે વિદ્યાશાખાઓમાં અભ્યાસક્રમોની કરેલી

નવરચનાના સંદર્ભમાં નક્કી કરેલા કાર્યભારનો અમલ નહીં કરવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે.

અત્યાર સુધી અમે કૉલેજસંચાલકમંડળના અનેક અતેરા ઠરાવો અંગે લખ્યું નથી. પણ દક્ષિણ ગુજરાતના ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે જે દૂરંદેશી દૃષ્ટિવાળું સંચાલન ઊભું થતું જાય છે તેમાં રહેલાં અનેક જોખમોને કારણે વિદ્યાપ્રેમી સૌએ ઉદ્‌ભવતાં આવાં બળોનો વિરોધ કરવાનો અવસર આવી પહોંચ્યો છે. આપણે ત્યાં શિક્ષણ-ક્ષેત્રે સંચાલકોમાં આવી ભાવના કે આવી વિચારણા કયારેય નહોતી તે હવે અસ્તિત્વમાં આવી રહી છે અને તેને કારણે શિક્ષણ સમક્ષ નવો ખતરો ઊભો થયો છે.

કોઈ પણ સરકાર શિક્ષણક્ષેત્રે કેળવણીની સંસ્થાઓ પાછળ કે સમાજક્ષેત્રે સમાજકલ્યાણની સંસ્થાઓ પાછળ કે સંસ્કારને ક્ષેત્રે સંસ્કૃતિના પ્રસારની સંસ્થાઓની પાછળ નિભાવ માટે જે ખર્ચ કરે તે ખર્ચ હમેશાં સહેતુક, અમુક ધ્યેયોની પરિપૂર્તિ માટે અને સમાજને ઉપયોગી અને આવશ્યક છે માટે એ ખર્ચ મૂડીરોકાણ છે એમ માનીને કરતી હોય છે. આવી સંસ્થાઓની કામગીરી અને તેનાં ધ્યેયો અને તે ધ્યેયો પરિપૂર્ણ કરવા માટે જરૂર પ્રમાણે અપનાવાતી પદ્ધતિનું મૂલ્યાંકન હમેશાં નાણાંના માપદંડથી થતું નથી. આ ક્ષેત્રે ઉદ્દિષ્ટ ધ્યેયો પ્રાપ્ત કરવા માટે જે ખરેખર આવશ્યક છે અને જેમાં બદલાતા શૈક્ષણિક અને સામાજિક સંદર્ભ પ્રમાણે ફેરફાર કરવાની અને તદનુસાર વધારે ખર્ચ કરવાની જે જરૂર ઊભી થાય છે તે પ્રમાણે ખર્ચ કરવાની સરકારની તથા સંસ્થા ચલાવનારાઓની ફરજ છે. પણ આપણે ત્યાં બન્યું છે એવું કે સરકાર નાણાં આપતી હોવાથી સંસ્થાઓ સરકાર સમક્ષ ઝૂકતી થઈ ગઈ છે અને એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે ગમે તે સરકારી અમલદાર શિક્ષણસંસ્થાઓને છાશ-વારે દબડાવતા થઈ ગયા છે. ગુલામીના જમાનામાં પણ નોકરશાહીનો આવો દમામ શિક્ષણક્ષેત્રે નહોતો. કોઈ એન. એમ. શાહ કે કોઈ એ. કે. ત્રિવેદી કે કોઈ કે. જી. નાયક સરકાર સમક્ષ આવી લાચારીથી કયારે ય ઝૂક્યા નહોતા અને તેમનાં સંચાલકમંડળોએ તેમને સરકાર સમક્ષ ઝૂકી જવાનું પણ કહ્યું નહોતું. ઊલટું સંચાલકો તેમને પડખે ઊભા રહ્યા હતા.

યુનિવર્સિટીની સ્વાયત્તતા

યુનિવર્સિટીને એનાં સમગ્ર શૈક્ષણિક ધ્યેયોમાં કાયદાએ સંપૂર્ણ સ્વાયત્તતા બક્ષેલી છે અને એ સ્વાયત્તતા ૧૮૫૭માં યુનિવર્સિટી સ્થપાઈ ત્યારથી એને મળેલી મહામૂલી મૂડી છે. એ સ્વાયત્તતા ઉપર જ્યારે જ્યારે તરાપો પાડવાના સરકારે પ્રયત્નો કર્યા છે ત્યારે ત્યારે સમાજના બૌદ્ધિકો અને કુલપતિઓ એની સામે ખડા થઈ ગયા છે.

ગુજરાત રાજ્યમાંની તમામ યુનિવર્સિટીઓની રચના અંગેના અધિનિયમોમાં એના પાયારૂપે આ સ્વાયત્તતા છે અને જ્યાં જ્યાં જૂની યુનિવર્સિટીઓમાં એ નહોતી ત્યાં ત્યાં પાછળથી સ્થપાયેલી યુનિવર્સિટીઓ અંગે થયેલા અધિનિયમોમાં જરૂરી ફેરફારો કરીને એ સ્વાયત્તતા યુનિવર્સિટીને બક્ષવામાં આવેલી છે.

પરંતુ આજકાલ આપણી યુનિવર્સિટીઓમાં સરકારી અધિકારીઓની ચસમપોસીનું વલણ વધતું જાય છે એ ઘણી શોચનીય અને દુષ્પરિણામી બાબત છે. શૈક્ષણિક દૃષ્ટિએ લીધેલા અમુક નિર્ણયો અને નક્કી કરેલા અભ્યાસક્રમો સરકારી અધિકારીઓને ન ગમે અથવા તો કદાચ ન ગમે એ ભયે–માત્ર એ જ ભયે–પાછા ઉથાપવાની પરંપરા આપણી યુનિવર્સિટીમાં પડતી જાય છે તે ભારે ચિંતાનો વિષય છે. આમ થવાથી એક બાજુ સરકારી સચિવો પણ ધીમે ધીમે એ જ્યાલે પોરસાતા જાય છે કે યુનિવર્સિટી એ આપણું જ એક દફ્તર છે. યુનિવર્સિટીનાં સત્તામંડળો પણ ધીરે ધીરે એમ માનતાંમનાવતાં થઈ ગયાં છે કે આપણે જે કાંઈ કરવું તે સરકારી તંત્રની પ્રસન્નતા અને અનુમોદનને આધીન જ કરવું.

બીજી બાજુ સંચાલકમંડળોમાં નાફરમાનીઓ આવતી ગઈ છે અને એ નાફરમાનીનો નાદર નમૂનો દક્ષિણ ગુજરાત કૉલેજસંચાલકમંડળે કરેલો અને ઉપર ટાંકેલો ઠરાવ પૂરો પાડે છે. જાણે સરકારને નામે એક હાકેમ ઓછો હોય તેમ એક નવા હાકેમે પણ યુનિવર્સિટીનાં સત્તામંડળો પર પોતાની હકૂમત અજમાવવાની હવે શરૂ કરી છે. આ નવો હાકેમ તે કૉલેજ મૅનેજમેન્ટ એસોસિએશન, જે કોઈ નવી શૈક્ષણિક વ્યવસ્થા યુનિવર્સિટી કરે તેને પડકારવાની અને "પહેલાં જાવ સરકાર પાસે મંજૂરી લઈ આવો" એમ યુનિવર્સિટીને ફરમાવવાની ધૃષ્ટતા આ મંડળે કરવા માંડી છે. સરકારી ડોકું ધૂણે તો જ પોતે પણ પોતાનું ડોકું ઊંચેથી

નીચે ધુણાવવું, નહીં તો ડાબાજમણી ધૂણાવવાની નીતિરીતિ એમણે અપનાવી છે. યુનિવર્સિટી પોતાના નિયમો પળાવવાનો આગ્રહ રાખે તો સરકારી હાકેમો પાસે દોડી જવું અને સરકારી નામંજૂરીનો હાઉ બતાવી યુનિવર્સિટીનાં સત્તા.મંડળોને મૂંગાંમંતર બનાવી દેવાની ચાલ એ બંધા ચાલતા થયા છે. યુનિવર્સિટી એટલી લાચાર બની ગઈ છે કે અનિર્ણય અને નિર્ણયની મનોવૃત્તિમાં ઘકેલાતી ગઈ છે.

સંચાલકોમાંથી કેટલાક યુનિવર્સિટીનાં સત્તામંડળોમાં પણ બેસે છે. સત્તા-મંડળો જે શૈક્ષણિક નિર્ણયો લે છે તેમાં એ ત્યાં ભાગીદાર બને છે અને જ્યારે સંચાલકો તરીકે સંચાલકમંડળોમાં બેસે છે ત્યારે એ જ નિર્ણયોનો–જેમાં પોતે યુનિવર્સિટી કક્ષાએ ભાગીદાર હતા–વિરોધ કરે છે અને તેનો અમલ નહીં કરવાના સોગંદ ખાય છે. આવી આવી સંદિગ્ધ અને બેવડી નીતિથી આપણા શિક્ષણનું ઘણું અહિત થયું છે. શિક્ષણને ક્ષેત્રે કાં સંચાલનમાં કે કાં શૈક્ષણિક નિર્ણયો લેવામાં વ્યક્તિની આત્મપ્રતીતિ (કન્વિકશન્સ) જ ન હોય અને કેવળ તકવાદ જ આમ કરતો હોય તો આપણા શિક્ષણનું કોઈ ભાવિ નથી અને સ્વતંત્ર દેશની શિક્ષણવ્યવસ્થાને એ શોભારૂપ પણ નથી.

અમે એમ પણ પૂછીએ છીએ કે જો બધું જ સરકાર આપવાની હોય–સોએ સો ટકા–તો સંચાલકમંડળોની જરૂર શી છે? એમને કેવળ આંકડિયારૂપ રાખવાથી ઘણી મુશ્કેલીઓ સર્જાય છે. અધ્યાપકમંડળો તો કયારનાં કોન્સ્ટિટ્યુટ્સ કૉલેજસંચાલનનો કારભાર સરકાર કે યુનિવર્સિટી લઈ લે એ માટે ઝુંબેશ ચલાવે છે. અમે તો શૈક્ષણિક સંસ્થાઓનું સંચાલન કરનારાઓ પાસે બુદ્ધિનાં તેજ, વિશાળ દૃષ્ટિ, શૈક્ષણિક પ્રશ્નોની સમજ, અધ્યાપનઅધ્યયનના યોગક્ષેમ માટેની તત્પરતાની અપેક્ષા રાખીએ છીએ. નહીં કે એ બધાં શિક્ષણને કેવળ રૂપિયા-આના –પાઈના ગજથી સતત માપ્યા કરે. બદલાયેલા સમયના પડકાર એમને પિછાનવા પડશે. "અમે આટલા બધા બુદ્ધિજીવીઓ ઉપર હકૂમત ભોગવીએ છીએ અને એમના શેઠ છીએ." એવી ટૂંકી બુદ્ધિની શ્લાઘા ભૂલી જવામાં જ શિક્ષણનું હિત છે. દૃષ્ટિવાળા, પોતપોતાને ક્ષેત્રે જેમણે નામના કાઢી છે એવા સંચાલકોએ આવી ભાવના કયારે ય કેળવી નથી ઊલટું શિક્ષણ સંચાલનને એક યજ્ઞ માની સૌના સાથસહકાર લઈને કામ કર્યું છે એ હકીકત પણ અમે સ્વીકારીએ છીએ. અધ્યાપકો સાથે બિરાદરીની ભાવનાથી આ સંસ્થાઓનું સંચાલન ચાલે છે એ એક શુભ અને મંગલ એંધાણ છે પણ એ છે તે કેવળ અપવાદરૂપ જ છે.

ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી કોઇ પણ કુલપતિએ હજી સુધી તો યુનિવર્સિટીની સ્વાયત્તતા ઉપર પડતી તરાપનો સફળ વિરોધ કર્યો જાણ્યો નથી. પોતાની વિચારધારા સરકારની વિચારધારા સાથે સુસંગત ન હોય તો પણ તે વ્યક્ત કરવાની હિંમત પણ આજે કુલપતિઓમાં રહી નથી એમ અમારે દિલગીરી સાથે કહેવું પડે છે. શિક્ષણનાં ઉચ્ચ મૂલ્યો માટે હોદ્દાને પણ હોડમાં મૂકી શકાય એ શકયતા જ બહુ કુનેહપૂર્વક આજે વિસારે પાડવામાં આવી છે. કટોકટીકાળ દરમિયાન તો આ વૃત્તિ વજ્રલેપ હતી. હવે જે ભૂતકાળની ઘટના બની છે તે રાજકીય કટોકટી કરતાં પણ વધુ ઘેરી અને તીવ્ર કટોકટી શિક્ષણને ક્ષેત્રે વ્યાપવાનો એક દુઃસંભવ જન્મ્યો છે. આપણા કુલપતિઓને એમ કયારે થશે કે યુનિવર્સિટીની પ્રતિભા ધોવાઈ રહી છે ? એમને હવે સરકારી સચિવોના વડપણ હેઠળ જ કામ કરવાનું છે ? આપણી યુનિવર્સિટીઓનાં સત્તામંડળોને એમ કયારે પ્રતીતિ થશે કે એમના અભિપ્રાયોમાં મૅનેજમેન્ટોનું અથવા મૅનેજમેન્ટપ્રેરિત સરકારી તંત્રનું ચિંતન જ ઉપરવટ થવાનું હોય અને એમના સ્વતંત્ર અભિપ્રાયોની સરિયામ અવગણના જ થવાની હોય તો એ પદનો ત્યાગ કરવો ? શિક્ષણના વ્યવસાયમાં આર્થિક લાભો માટે આંદોલનો કરનાર શિક્ષકસંઘો યુનિવર્સિટીમાં શિક્ષણજગતના તજ્ઞોનું વર્ચસ્વ રહે એ સિદ્ધાંત સ્વીકારાવવા કયારે ય આંદોલન નહી ઉપાડે ? કે પછી એ જ યુનિવર્સિટીઓ, એ જ એનાં અધિકારમંડળો, એ જ એના ઉદ્દેશો અને છતાં સમયની બલિહારી કેવી કે કાળાઓથી લૂંટાયેલા અર્જુન જેવા કુલપતિઓ, યુનિવર્સિટીનાં અધિકારમંડળો અને લાગતાવળગતા સૌ કોઈ નિર્બળ બની, " સમય સમય બળવાન"ની ધૂન લગાવી મનનું સમાધાન કરતા રહેશે ?

આપણા શિક્ષણને ક્ષેત્રે એક અતિશય ગંભીર અને ચિંતાપ્રેરક કટોકટી ઊભી થઈ રહી છે. એ કટોકટીનો સામનો કરવાને બદલે જેમ ૧૯૭૫ના જૂનની રાજકીય કટોકટીમાં લાગતાવળગતા પુરોહિતો બની ગયા હતા તેમ આજે એ બધા બીજી કટોકટીમાં પુરોહિતો બની ગયા છે અને છતાં આજની આવી કટોકટીમાં આશાનું એક આછેરું રૂપેરી કિરણ પણ છે. સંચાલકોમાં પણ દૃષ્ટિવાળી વ્યક્તિઓ છે, જેમનાં બુદ્ધિતેજ પૈસાના ગજથી બધું માપવાને તૈયાર નથી. એક જાણીતી શિક્ષણસંસ્થાના સંચાલકમંડળના એક સભ્ય હમણાં જ એક યોજના વિચારી રહ્યા છે, જેમાં પોતાની સંસ્થાઓમાં ભણતા તેજસ્વી વિદ્યાર્થીઓનું શિક્ષણ ધારદાર બને એ માટે પ્રબંધ કરવામાં આવે. આવી યોજના માટે થોડોક વધારે ખર્ચ કરવો પડે તો તે માટે પણ એમની તૈયારી છે અને

સંચાલકમંડળને પોતાની સાથે લેવાની એમને શ્રદ્ધા છે. આ એક ઉજ્જવળ પાસું છે. પણ એ અપવાદરૂપ છે. જે વ્યાપક છે તે તો ઉપર જણાવ્યા પ્રમાણેનાં ઘનઘોર વાદળ અને અંધારઘેરું શિક્ષણજગત.

જો રાજકીય વ્યવસ્થામાં લોકશાહી એક મહામૂલું મૂલ્ય છે તો તે મહામૂલા મૂલ્યને શિક્ષણવ્યવસ્થામાંથી જનકારો દેવામાં કયો સિદ્ધાંત છે? કયો ન્યાય છે? લોકશાહીવ્યવસ્થા તો શિક્ષણક્ષેત્રની ગળથૂથીમાંથી પ્રજ્ઞમાં ઊતરે છે. આજે તો એનો ધનકાર કરવામાં આવી રહ્યો છે અને આજે અહીં એનું ગળું ઘૂંટવામાં આવી રહ્યું છે.

[૧૨ સપ્ટેમ્બર, ૧૯૭૮]

કુલપતિપદ : રાજકીય શતરંજનું એક પ્યાદું

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદ માટેના ઢોલ ઢબૂકયાને સારો એવો સમય થઈ ગયો છે અને હજી કુલપતિની નિમણૂકનાં એંધાણ વર્તાતાં નથી. ગયા જુલાઈ માસથી કુલપતિની ખાલી પડેલી જગ્યા ચાર ચાર મહિના થઈ ગયા હોવા છતાં હજી ભરી શકાઈ નથી. * કુલપતિની પૅનલ માટેનાં ત્રણ નામો નક્કી થઈ ગયાને પણ ઘણો વખત થયો છતાં સરકારે એ અંગે કશો નિર્ણય લીધો નથી. આ ઢીલ શાને કારણે છે? આ પ્રશ્નનો ઉત્તર ખોળવા દૂર જવાની જરૂર નથી. આપણે ત્યાં કુલપતિની નિમણૂક હવે કેવળ વિદ્યાકીય રહી નથી. એ નિમણૂક પણ હવે રાજકીય નિમણૂક બની છે અને આપણે ત્યાં કઈ રાજકીય નિમણૂક વગર વિવાદે કે વગર ઢીલે થઈ શકી છે? આશ્ચર્યની વાત તો એ છે કે જેમને યુનિવર્સિટી સાથે કોઈ લેવાદેવા નથી, જેમને યુનિવર્સિટીના કારોબારની કોઈ ગતાગમ નથી એ બધા પણ હવેથી યુનિવર્સિટી કુલપતિપદવાંછુઓના આરાધ્યદેવ બની ચૂકયા છે હિંદુ ધર્મની પરંપરામાં દેવોનો સુદીર્ઘ શયનકાળ નિયત થયેલો હોય છે તેમ આ રાજકારણના આરાધ્યદેવોનો પણ દૂરસ્થ સમય હોય છે. એ સમય વીતવાની રાહ જોવાઈ રહી છે.

આ સમય દરમિયાન કુલપતિપદ માટેની કલ્પનાના જેટલા કનકવા ચગાવવા હોય એટલા ચગાવી શકાય છે. જેટલી અટકળો કરવી હોય એટલી અટકળો કરવાનો પણ મોકો મળે છે અને જેટલી ગુલબાંગો ઉડાવવી હોય એટલી ઉડાવી શકાય છે. આ બધા માટે ગગન મોકળું રહે છે અને એ દરમિયાન નધણિયાતી બનેલી યુનિવર્સિટીનું રગસિયું ગાડું એની બેઢંગી રફતારથી ચાલ્યા કરે છે. છઠ્ઠી પંચવર્ષીય યોજના દરમિયાનની એના વિકાસની યોજના ભલે એમ ને એમ ધૂળ ખાતી પડી રહે, એની રફતાર ભલે બેઢંગી બનીને ચાલ્યા કરતી રહે, પણ પેલા રાજકારણી દેવોને તો એની ખાસ તમા હોતી નથી. એમને નિર્ણય લેવાની ઉતાવળ પણ હોતી નથી. આપણે ત્યાં શિક્ષણને વળી કયારે અગ્રિમતાનો ક્રમ અપાયો છે?

આખી ઘટનાની વિડંબના તો એ છે કે કુલપતિ થવાની જવાબેશ રાખનારને પણ એ પદ મેળવવા કોઈની ખુશામત કરવી પડે, કોઈની કૃપા યાચવી પડે અને

---

* નોંધ : આ જે સંદર્ભમાં લખાયું તેના પછી પણ ઘણા મહિના વીત્યા ત્યાં સુધી કુલપતિની નિમણૂક નહોતી થઈ શકી. —સં.

એમ કરવામાં પોતાના તેજને વિલોપવું પડે. આપણે ત્યાં કોઈ પણ પદ, પછી તે રાજકીય હોય કે તે વિદ્યાકીય હોય, સ્વકીય શક્તિના બળથી મેળવાતું નથી. યુનિવર્સિટીનું કુલપતિપદ પણ એવું પદ બની ગયું છે જે મેળવવામાં સ્વકીય શક્તિ કરતાં કોઈની આરાધના, કોઈની કૃપાદૃષ્ટિ મેળવવાની જોગવાઈ કરવી પડે. વળી એ માટે ઘણા વચલા મુખિયાજીઓને સાધવા પડે. કોઈ હાથ પકડનારું હોય તો જ કુલપતિ થવાય.

આ પરિસ્થિતિના નિવારણનો કોઈ ઉપાય જ નથી ? આપણે યુનિવર્સિટીઓને પણ એક સરકારી દફ્તર જ બનાવી દેવું છે ? આપણે કેવળ આપણા પોતાના યોગક્ષેમનો જ વિચાર કરીને બેસી રહેવાનું છે ? એ સિવાય બીજી કશાની દરકાર આપણે કરવાની નથી ? વિદ્યાક્ષેત્રમાં પણ કોઈની પરોક્ષ સરમુખત્યારશાહી એક-ચક્રી કારભાર અને મુનસફીનો ભાર વેંઢારવાનો છે ? આ અને આવા ઘણા પ્રશ્નો આ નાનકડી ઘટનામાંથી ઊભા થાય છે. આ પ્રશ્નોનો જવાબ આજે નહીં તે કાલે પણ આપણે મેળવવો પડશે. જો પ્રશ્નો એવા ને એવા રહેવા દેવામાં આવશે તો આપણી વિદ્યાનાં રહ્યાસહ્યાં તેજ પણ વિલાઈ જવાનાં છે. વિશ્વવિદ્યા-લયમાં માત્ર વિદ્યાનું નામ જ રહેશે પણ એમાં તેજ નહિ હોય, એની પ્રભાવકતા ન હોય. જ્યાં પ્રભાવકતા ન હોય ત્યાં વિદ્યાનાં તેજ અને સત્ત્વ પણ નહીં હોય.

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં વાઈસ-ચાન્સેલર અને પ્રો. વાઈસ-ચાન્સેલરની જગ્યાઓ આજે કેટકેટલા મહિનાથી ખાલી છે. નેતૃત્વ વગર યુનિવર્સિટીનો કારભાર રીતસર ચાલતો નથી અને તેથી આ બન્ને જગ્યાઓ તાત્કાલિક પૂરવા માટે યુનિવર્સિટીના અધ્યાપકમંડળે સરકારને ચેતવણી આપી છે. જો એમ ન થાય તો આંદોલન ચલાવવાની વાત પણ સાથે સાથે કરી છે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માટે પણ એવો જ સમય ચાલે છે અને સિન્ડિકેટે એ માટે એક ઠરાવ દ્વારા તાકીદ કરેલી પણ છે. યુનિવર્સિટીના કુલપતિની નિમણૂકમાં થઈ રહેલી ઢીલ સામે આંદોલન ચલાવવાની વાત કરવી પડે એ પોતે જ કેવી મોટી વિડંબના છે.

યુનિવર્સિટીના સંચાલન માટે સરકાર નાણાં પૂરાં પાડે છે અને તેથી સરકારી પકડ યુનિવર્સિટી ઉપર હોય એ સમજી શકાય; પણ એ પકડની માત્રા વધતી વધતી નાગચૂડની ભીંસ બને ત્યારે એની સામે અવાજ ઉઠાવવાની ઘડી આવી પહોંચે છે.

આપણે હવે કુલપતિની નિમણૂકની આખી પદ્ધતિની નવેસરથી વિચારણા કરવી જોઈએ. મુંબઈ યુનિવર્સિટીમાં છે તેમ કુલપતિની નિમણૂક સરકાર નથી કરતી પણ કુલાધિપતિ (ચાન્સેલર) કરે છે. પસંદગીસમિતિ દ્વારા કુલપતિપદ માટેનાં ત્રણ નામોની ભલામણ આપણે ત્યાં સરકારને કરવામાં આવે છે તે બદલીને કુલાધિપતિને કરવાનો સુધારો કરવો જોઈએ. જો કે કુલાધિપતિઓ પોતાના રાજ્યપાલના ઓદ્ધાની હેસિયતમાં સરકારી ચિટ્ઠીના ચાકર જ હોય છે છતાં કોઈ નિજી મિજાજવાળો કુલધિપતિ એવો ચાકર ન પણ બને એ અખતરો કરી જોવા જેવો છે. બાકી આજે તો આપણી યુનિવર્સિટીઓ સરકારી શેતરંજ ખેલતાં પ્યાદાં બની ગઈ છે અને એનાં અનેક અનિષ્ટો આપણે મૂંગે મોંએ અને ખુલ્લી આંખે સહન કરી રહ્યા છીએ.

આજે આપણી યુનિવર્સિટીઓ ઉપર સરકારની ભીંસ જાણે ઓછી હોય એમ સરકાર વધારે આકરી ભીંસ લેવાની પેરવી કરી રહ્યાના સમાચાર આવ્યા છે. ગુજરાતમાં યુનિવર્સિટીઓના કાયદાઓમાં એકરૂપતા લાવવા પ્રિ. શાંડિલ્યના અધ્યક્ષપણા હેઠળ સરકારે એક સમિતિની નિમણૂક કરી હતી. આ સમિતિમાં પણ અમુક 'કોકસ' જ પ્રભુત્વ ભોગવતું હતું. એ સમિતિએ પોતાનો વચગાળાનો અહેવાલ સરકારને આપ્યો છે. એ અહેવાલમાં પ્રગટ થયેલા સમાચાર પ્રમાણે સિન્ડિકેટ–સેનેટની સત્તા ઓછી કરવાની, આચાર્યો અને ભવનોના અધ્યક્ષોની સેનેટમાંની સંખ્યા ઘટાડવાની, સરકારનિયુકત સભ્યોની સંખ્યા વધારવાની અને દરેક યુનિવર્સિટીમાં પ્રો.–વાઇસચાન્સેલર અનિવાર્યપણે નીમવાની ભલામણો છે. અહેવાલો દર્શાવે છે કે સરકાર આ ભલામણો સ્વીકારવાની છે અને વટહુકમ દ્વારા એનો અમલ પણ કરવાનું વિચારાઈ રહ્યું છે.

આ સમાચાર જો સાચા હોય તો આપણી યુનિવર્સિટીઓની સ્વાયત્તતાનો મૃત્યુઘંટ વાગી જશે અંગ્રેજોએ એમના શાસનમાં નહોતું કર્યું તે આપણે આપણા સ્વાતંત્ર્યમાં કરવા બેઠા છીએ આપણી સરકારને યુનિવર્સિટીની સ્વાયત્તતા ખૂંચે છે અને તે કેમ છીનવી લેવી તેની પેરવી રહી છે. એક પછી એક રાજ્ય આ લાલચનું ભોગ બન્યું છે. ગુજરાત આજ સુધી બાકાત હતું તે પણ હવે આ લાલચને વશ બન્યું છે. ખૂબીની વાત તો એ છે કે જે લોકો આજ સુધી યુનિવર્સિટીનાં અધિકારમંડળોને વધારે સત્તા મળે તેની હિમાયત કરતા હતા તે જ લોકો સરકારના હાથા બની ચૂકયા છે.

[૨૪ નવેમ્બર, ૧૯૮૧

ઉચ્ચ શિક્ષણનાં ધ્યેયો અને અપેક્ષાઓ

ગયા લેખમાં ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં ઘોરણો કેવાં અને કેટલાં ઊતરી ગયાં છે તેની તથા ઊતરી ગયેલાં ઘોરણોને કારણે આપણો વિદ્યાર્થી કેવો હતાશ અને લઘુતાગ્રંથિથી પીડાતો બન્યો છે તેની ચર્ચા કરી. આજે આપણે ઉચ્ચ શિક્ષણનાં ધ્યેયો અને તેની અપેક્ષાઓની ચર્ચા કરીએ.

બ્રિટિશ સમયમાં શરૂ થયેલી શિક્ષણપ્રથાને માટે એમ કહેવાતું કે એ પ્રથા બ્રિટિશરોને રાજ્ય-અમલ ચલાવવા માટે કારકુનો પૂરા પાડવા માટેની છે. તે સમયની કેળવણીને માથે આવું આળ લગાડવામાં આવેલું હોવા છતાં ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં અને વીસમી સદીના પૂર્વાર્ધમાં આપણે ત્યાં જે મનીષીઓ, રાજકીય અને સામાજિક અને બીજાં ક્ષેત્રોના નેતાઓ અને બુદ્ધિવાદીઓ થયા તેઓ વધતેઓછે અંશે બ્રિટિશરોએ અમલી બનાવેલી કેળવણીના પરિપાકરૂપ હતા. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી આ દેશનો વહીવટ ચલાવવાનું કામ જેમના હાથમાં આવ્યું તેઓ પણ બ્રિટિશ કેળવણીપ્રથાના પરિપાકરૂપ હતા. બદલાયલા સમયમાં કેળવણીની જે કાયાપલટ કરવાની આવશ્યકતા ઊભી થઈ તેમાં ધ્યેયની અસ્પષ્ટતાએ, પ્રત્યાઘાતી બળોએ, આભાસી દેશાભિમાનન આડમ્બરે, અચોક્કસ નીતિએ એવી પરિસ્થિતિ સર્જી કે આજની કેળવણી કાર્યદક્ષ કારકુનો પણ ઊભા કરી શકતી નથી. ચાલુ સદીના જ પૂર્વાર્ધમાં માધ્યમિક શિક્ષણને અંતે જેટલું જ્ઞાન અને આવડત પ્રાપ્ત થઈ શકતાં હતાં તેટલાં આજે સ્નાતકકક્ષાએ પણ પ્રાપ્ત થઈ શકતાં નથી. આ એક સ્વીકૃત નિર્વિવાદ હકીકત છે.

ઉચ્ચ કેળવણીનું ધ્યેય સાંસ્કારિક મૂલ્યોને સંમાર્જવાનું અને બુદ્ધિનો ઉચ્ચતમ વિકાસ કરવાનું છે. વિદ્યાર્થીએ પોતાની બૌદ્ધિક ભૂમિકાની પડછે પોતાની વૃત્તિ અને રુચિને આધારે વિદ્યાનું કોઈ ચોક્કસ ક્ષેત્ર પસંદ કરી તેમાં શ્રેષ્ઠ બૌદ્ધિક વિકાસ સાધવાનું છે પોતાનો વિકાસ સદંતર એકાંગી ન થઈ જાય તે માટે સંસ્કાર – સંસ્કૃતિવિષયક અધ્યયન દ્વારા માનવલક્ષણો કેળવી પોતાના ચોક્કસ વિષયના અધ્યયન સાથે સમતુલા સ્થાપવાની છે. જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પોતાનું કંઈક આગવું પ્રદાન કરી શકે એવી બુદ્ધિમત્તા કેળવવાનું છે.

ઉચ્ચ શિક્ષણનું સર્વોચ્ચ શિખર સંશોધનનું છે. વિદ્યાર્થીએ અધ્યયનના જે ક્ષેત્રને પસંદ કર્યું હોય તેમાં વિદ્યાલયે અને યુનિવર્સિટીએ પૂરી પાડેલી સગવડ, સાધનો અને તકનો ઉપયોગ કરી તેમાં નવાં સંશોધન કરી જ્ઞાનનો ઉમેરો કરવાનું છે. પ્રજાજીવનનાં વિવિધ ક્ષેત્રે ઉચ્ચ પ્રકારના નેતૃત્વની પરંપરા ચાલુ રહી શકે, એકના હાથમાંથી જવાબદારી કશા વિક્ષેપ, સંક્ષોભ કે સંઘર્ષ વિના બીજાના હાથમાં જઈ શકે તેવી નેતાગીરીની તાલીમ આપવાનું છે. વેપાર, ઉદ્યોગ, વિજ્ઞાન, યંત્રવિદ્યા, કાનૂન, તબીબીવિદ્યા અરે, માનવવિદ્યા જેવાં તમામ ક્ષેત્રોમાં કોઈ ને કોઇ પ્રકારનું કાર્યક્ષમતાથી ઉપાડી શકે એવા માણસો તૈયાર કરવાનું છે. દુનિયાભરના બુદ્ધિશાળી માણસો યુનિવર્સિટીમાંથી આવ્યા છે અને આપણે ત્યાં જે સામાજિક અને રાજકીય ક્રાંતિ થઈ તેમાં સૌથી વિશેષ ફાળો યુનિવર્સિટીઓમાંથી આવેલા માણસોનો છે.

ઉચ્ચ શિક્ષણનું એક ધ્યેય પોતાની આજીવિકા પ્રાપ્ત કરવાની તાલીમ પૂરી પાડવાનું છે એમ મનાય છે. સ્નાતકની ઉપાધિ પ્રાપ્ત કરી જીવનના જે તે ક્ષેત્રમાં આજીવિકા શોધનારાઓની સંખ્યા નાનીસૂની નથી અને વર્તમાન સમયમાં યુનિવર્સિટીશિક્ષણનું એકમાત્ર ધ્યેય આ આજીવિકા પ્રાપ્ત કરવાનું જ થઈ પડયું છે. લગભગ બધાં જ ક્ષેત્રોમાં ડિગ્રીને મહત્ત્વ પ્રાપ્ત થતાં અને યુનિવર્સિટી–ડિગ્રીની પ્રાપ્તિ સુલભ બનતાં જે તે વ્યકિત ગમે તે પ્રકારે ડિગ્રી પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે જેથી તેને થોડાક વધારે પગારવાળી નોકરી મળે. પરંતુ યુનિવર્સિટીશિક્ષણનું આ સૌથી નિમ્નતમ ધ્યેય છે. યુનિવર્સિટીશિક્ષણ દ્વારા આજીવિકા મેળવવાની તાલીમ મળે પણ તે આનુષંગિક છે. પરંતુ એ જ એનું ધ્યેય હોઈ શકે નહિ. આ વૃત્તિએ ઉચ્ચ શિક્ષણનાં ધોરણો નીચાં લાવવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો છે.

*

યુનિવર્સિટીશિક્ષણનાં આટલાં ધ્યેયો સ્પષ્ટ કર્યા પછી એ શિક્ષણ માટે આવતા વિદ્યાર્થીઓ પાસે અમુક પ્રકારની બૌદ્ધિક શકિતની અપેક્ષા રહે છે. આપણા ઉચ્ચ શિક્ષણનાં ધોરણોને ઊતરતાં અટકાવવાં હોય તો યુનિવર્સિટી-શિક્ષણ માટે કોઈક પ્રકારની પ્રવેશમર્યાદા નક્કી કરવી જોઈએ આજે યુનિવર્સિટીના દરવાજા સૌને માટે મોકળા મૂકી દેવામાં આવ્યા હોવાથી બૌદ્ધિક ગજા વિનાના વિદ્યાર્થીઓ દાખલ થવા આવે છે. આ વિદ્યાર્થીઓને દાખલ કરવા માટે ઠામઠામ કૉલેજો શરૂ કરાયેલી હોવાથી તેમને પ્રવેશ મેળવવાની સગવડ પણ મળી જાય છે. ઉચ્ચ શિક્ષણ ઉપર આ ભારણ ગજા ઉપરાંતનું વધ્યું છે. તેમાંથી જ દુર્વ્યયનો,

બેકારીનો, વિદ્યાર્થીઓની અશિસ્તનો વગેરે પ્રશ્નો ઉપસ્થિત થાય છે. પશ્ચિમની એકાદ યુનિવર્સિટીમાં જેટલા વિદ્યાર્થીઓ હોય છે એટલા વિદ્યાર્થીઓ આપણે ત્યાં કૉલેજોમાં હોય છે અને તેથી સંખ્યાનો આ પ્રશ્ન અતિશય વિકટ છે.

આથી વિવિધ વિદ્યાશાખાઓના શિક્ષણની અપેક્ષાની દૃષ્ટિએ કેટલીક મર્યાદાઓ નક્કી કરી પ્રવેશ માટે તે નિયત કરવી જોઈએ. વળી માધ્યમિક કક્ષાએ માતૃભાષા, સંસ્કૃત, રાષ્ટ્રભાષા, અંગ્રેજી અને ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોનું શિક્ષણ ઉચ્ચ અભ્યાસક્રમમાં કોઈ પણ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવવાની ઇચ્છા રાખનાર વિદ્યાર્થી માટે ફરજિયાત હોવું જ જોઈએ. બૌદ્ધિક ગજ્જ વિનાના વિદ્યાર્થીને ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ આપવામાં લોકશાહી નથી. એવાને પ્રવેશ આપવાનો ઇનકાર કરવામાં લોકશાહીનો ભંગ પણ થતો નથી. એથી કોઈની તક પણ ઝૂંટવાઈ જતી નથી. સૌને સમાન તક મળવી જોઈએ એટલે કોઈને પણ ન્યાતજાત, કે ધર્મને કારણે કે ગરીબીને કારણે અભ્યાસ આગળ વધારવામાં અવરોધ ઊભો ન થાય તે. જો આપણી યુનિવર્સિટીઓ પ્રવેશ અંગે લાયકાતનાં નિયંત્રણો મૂકે તો ઊતરતાં ધોરણોનો અડધો કોયડો ઉકલી જાય. આજે એન્જિનિયરિંગ કૉલેજોમાં કે તબીબી કૉલેજોમાં યોગ્યતાને ધોરણે પ્રવેશ આપવાની પ્રથા છે જ. એવી પ્રથા બીજી વિદ્યાશાખાઓ માટે શરૂ કરવી જોઈએ.

ઉચ્ચ શિક્ષણ વિદ્યાર્થીઓ પાસે અમુક પ્રકારની તાલીમની ભૂમિકાની અપેક્ષા રાખે છે, અમુક પ્રકારના બૌદ્ધિક ગજ્જની અપેક્ષા રાખે છે, અમુક પ્રકારની પૂર્વતૈયારીની અપેક્ષા રાખે છે. જ્યાંસુધી આ અપેક્ષાઓ પૂરાય નહિ ત્યાં સુધી ઉચ્ચ શિક્ષણ ગમે એટલા ઉપાયો છતાં ઊંચું આવવાનું નથી. મૂર્તિ આરસની અથવા અમુક પ્રકારના પથ્થરની જ ઘડાય બીજા કોઈ પથ્થરની નહિ. શિક્ષણનાં ધોરણો ઊંચાં લાવવાનું આ પહેલું પગથિયું છે.

યુનિવર્સિટીશિક્ષણથી પોતાના બૌદ્ધિક ગજ્જના અભાવને કારણે વંચિત રહેતા વિદ્યાર્થીઓ માટે નાના મોટા ડિપ્લોમા અભ્યાસક્રમો તૈયાર કરવા જોઈએ અને તે માટે 'કૉરસ્પોન્ડન્સ કોર્સ,' 'ઈવનિન્ગ ક્લાસીસ' વગેરેની સુવિધા કરવી જોઈએ. યુનિવર્સિટીની એક 'સેકન્ડરી' પ્રવૃત્તિ તરીકે આ પ્રવૃત્તિનું આયોજન કરવું જોઈએ. પરંતુ એનો ગૂંચવાડો ડિગ્રી અભ્યાસક્રમ સાથે થવો ન જોઈએ.

આવા ડિપ્લોમા અભ્યાસક્રમો માટે યુનિવર્સિટીમાં અલગ તંત્રની વ્યવસ્થા કરવી જોઈએ. આથી 'ફરધર એજ્યુકેશન'નું યુનિવર્સિટીનું જે અલગ ધ્યેય છે તે પણ સંતોષાય.

વળી માધ્યમિક કક્ષાએ શિક્ષણ વ્યવસાયલક્ષી બનાવાય તો એક બાજુ બેકારીનો પ્રશ્ન ટળે, બીજી બાજુ યુનિવર્સિટીમાં પ્રવેશનું ભારણ ઘટે અને તેવા વિદ્યાર્થીઓ માટે ડિપ્લોમા અભ્યાસક્રમની અલાયદી વ્યવસ્થા થાય તો તેમને પૂરક જ્ઞાન પણ મળી રહે. આવા ડિપ્લોમા અભ્યાસક્રમો માટે બની શકે તો અલાયદી સંસ્થાની જોગવાઈ કરવાનું પણ ઉચિત લેખાશે. વળી બધા વ્યવસાયો –માંથી ડિગ્રીનું મહત્ત્વ ઘટાડવું જોઈએ. કારકુનના વ્યવસાય જેવા વ્યવસાયમાં ડિગ્રીને કશું જ પ્રાધાન્ય આપવામાં નહિ આવે તો આપોઆપ ડિગ્રી માટેની પડાપડી પણ ઘટી જાય. આજે ડિગ્રીને જે પ્રમાણ વિનાનું મહત્ત્વ મળ્યું છે તે પણ એને માટેની પડાપડીનું એક અગત્યનું કારણ છે.

[૧૦ ડિસેમ્બર : ૧૯૬૮]

યુનિ. કેવી બનાવવી હતી, કેવી થઈ?

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટની સભા માર્ચ મહિના છેલ્લા સપ્તાહમાં મળી ગઈ. આ સભાની બીજી કાર્યવાહીમાં સૌથી વધારે મહત્ત્વની કામગીરી યુનિવર્સિટીની ત્રીજી સિન્ડિકેટની ચૂંટણી કરવાની હતી. સિન્ડિકેટ યુનિવર્સિટીનું ઉચ્ચ અધિકારમંડળ છે અને એની મુદત ત્રણ વર્ષની છે. પરંતુ સિન્ડિકેટના કેટલાક મહત્ત્વના વિભાગોની ચૂંટણી થઈ જ નહીં અને ઘણુંખરા ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા. એમાં સામાન્ય વિભાગ (શિક્ષકેતર વિભાગ)માંથી પાંચ, આચાર્યોના વિભાગમાંથી બે અને યુનિવર્સિટીના શિક્ષણના વિભાગો (ટીચિન્ગ ડિપાર્ટમેન્ટ્સ)માંથી એક પ્રતિનિધિ બિનહરીફ ચૂંટાઈ આવ્યા. આમાં માત્ર ડિપાર્ટમેન્ટોના વિભાગના પ્રતિનિધિની બિનહરીફ ચૂંટણી એક સ્વાભાવિક પ્રક્રિયા ગણાય. બાકીના વિભાગોમાં હમેશાં તીવ્ર રસાકસી રહેતી આવી છે. માત્ર આ જ યુનિવર્સિટીમાં નહીં પણ બીજી યુનિવર્સિટીઓમાં પણ આ ચૂંટણી એક રસાકસીનો મુદ્દો બને છે. પણ આપણે ત્યાં તો કેવળ કૉલેજનાં અધ્યાપકોના પ્રતિનિધિઓની ચૂંટણી રસાકસીવાળી બની.

અત્યારે જે નવી સિન્ડિકેટ અસ્તિત્વમાં આવી છે એમાં હવે એકેડેમિક કાઉન્સિલના બે પ્રતિનિધિઓની ચૂંટણી બાકી છે. બે સિવાયના સિન્ડિકેટના સભ્યોનું પૃથક્કરણ કરવા જેવું છે. અત્યારે ચૂંટાયેલા સભ્યોમાંથી એક તો ભૂતપૂર્વ કુલપતિ શ્રી. ચન્દ્રવદન શાહ છે. એક સભ્ય છેલ્લાં ૭ વર્ષથી એટલે યુનિવર્સિટીના આરંભથી સિન્ડિકેટમાં બિરાજે છે અને એમને આ નવું સત્ર મળતાં એમની સિન્ડિકેટની કામગીરી નવ વર્ષની થશે અત્યારે ચૂંટાયેલા નવ સભ્યોમાંથી માત્ર ત્રણ જ નવા સભ્યો છે. બાકીના સભ્યો આગલી સિન્ડિકેટોના સભ્યો હતા એટલે રાજકીય પરિભાષામાં કહીએ તો નવું લોહી આ ત્રણ પૂરતું મર્યાદિત છે. આ ત્રણ નવા સભ્યોમાં એક આચાર્ય-વિભાગમાં, એક યુનિવર્સિટીના વિભાગોના વર્ગમાં અને એક કૉલેજઅધ્યાપકોના પ્રતિનિધિના વિભાગમાં. બાકીના પ્રતિનિધિઓ વધતેઓછે અંશે સિન્ડિકેટના ત્રણથી એક વર્ષ સુધીના અનુભવવાળા છે. પરિણામે યુનિવર્સિટીવહીવટનું વલણ સ્થિતસ્થ સમર્થનમનું રહેવાનો સંભવ છે.

પણ અમારા મનમાં એક બીજો પ્રશ્ન ઉદ્‌ભવે છે. સિન્ડિકેટ જેવા યુનિવર્સિટીના સર્વોચ્ચ અધિકારમંડળની ચૂંટણીમાં સામાન્ય વિભાગની બેઠકોમાં રસાકસી ન થાય, આચાર્યોના વિભાગમાં રસાકસી ન થાય એ યુનિવર્સિટી વહીવટ પ્રત્યેની એક ઉદાસીનતાની નિશાની છે. યુનિવર્સિટીના કારોબારથી બધાને સંતોષ છે એટલે અત્યારના જે કારભારીઓ છે તેમને ચાલુ રાખવાનું વલણ શાણા મતદારોએ અપનાવ્યું છે એમ માનવાને અમે તૈયાર નથી. ઊલટું અમને તો એમ લાગે છે કે શિક્ષણજગતમાં એક પ્રકારની હતાશા આવી ગઈ છે અને કયાંક કશુંક ખૂટે છે, ક્યાંક કંઈક ઊણું લાગે છે. પણ એ કંઈ દૂર થવાનું નથી એવી નિરાશાની લાગણી પણ પ્રવર્તતી હોય અને તેથી આઘા રહેવામાં જ સાર છે એવું માની ઘણા આઘા રહેતા હોય એમ પણ બને.

અહીં એક બીજી વિચિત્રતા, પણ નોંધવા જેવી છે. સરકારનિયુકત સભ્યોમાંથી બે કૉલેજઅધ્યાપકો છે અને તેઓ કૉલેજઅધ્યાપકો હોવાથી સામાન્ય શિક્ષકેત્તરવિભાગમાંથી ઊભા રહી શકતા નથી. વળી તેઓ અધ્યાપકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ પણ ન હોવાથી અધ્યાપકોના પ્રતિનિધિ તરીકે પણ સિન્ડિકેટની ચૂંટણીમાં ઊભા રહી શકતા નથી. આમ તેમની દશા ત્રિશંકુ જેવી છે. સેનેટના સભ્ય હોય પણ સિન્ડિકેટના સભ્ય ન થઈ શકાય એવી પરિસ્થિતિ અમને વાજબી લાગતી નથી.

પણ અમને ચિંતા એ વાતની છે કે યુનિવર્સિટીના વહીવટ તરફ શિક્ષણ જગતમાં આટલી બધી ઉદાસીનતા હોય તો તે અમંગળની નિશાની છે. ખાસ તો એટલા માટે કે આવનારા દિવસો શિક્ષણક્ષેત્રે આકરા પરિવર્તનના અને ગંભીર ગૂંચવાડાના દિવસો છે. ૧૯૭૬ ના વર્ષથી ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમ દાખલ થઈ રહ્યો છે. યુનિવર્સિટીના સંદર્ભમાં એ પરિવર્તનની શી અસર પડશે એ પ્રશ્ન અત્યારે જ ગંભીરતાથી વિચારવો જોઈએ. અભ્યાસક્રમોની નિષ્ફળતા પ્રતીત થતી જાય છે. વિદ્યાર્થીઓ અધીરા બન્યા છે, તેમની પ્રવૃત્તિઓ આંદોલનાત્મક બનતી જાય છે. વિવિધ ફૅકલ્ટીઓ વચ્ચેનો મેળ ઘટતો જાય છે. આપણી યુનિવર્સિટીએ પોતે જ લીધેલા નિર્ણયોમાં પ્રતીતિ અને શ્રદ્ધાનાં દર્શન થતાં નથી અને તેથી આજે થાપ્યું કાલે ઉથાપ્યું જેવી અદ્ધરતાલ તેની દશા છે. આ અને આવા ઘણા પ્રશ્નોનો સામનો યુનિવર્સિટીનાં વિવિધ અધિકારમંડળોએ કરવાનો રહેશે.

એવા સંજોગોમાં શિક્ષણજગત યુનિવર્સિટીના વહીવટ પ્રત્યે ઉદાસીનતા સેવે તો તેનાથી શિક્ષણક્ષેત્રને લાભ થાય એમ અમે માનતા નથી. જે દશા આપણી મ્યુનિસિપલ કૉર્પોરેશનની થઈ અને જે અત્યારે આપણા રાજકીય ક્ષેત્રે ચાલી રહ્યું છે તે યુનિવર્સિટીના સંદર્ભમાં પણ બનવાનો સંભવ છે. આપણી સંસ્થાઓ– રાજકીય, સામાજિક અને બીજી–તૂટવાનું મુખ્ય કારણ પ્રજાની ઉદાસીનતા છે. સારા અને ખમીરવાળા અને શક્તિશાળી માણસોએ નેતૃત્વ લેવાની કરેલી આનાકાની, કેવળ વ્યવસાયરત રહેવાની તેમની વૃત્તિ પણ કારણભૂત છે એ ચોક્કસ, પણ યુનિવર્સિટી જેવી શિક્ષણસંસ્થા જ્યાં ઊગતી પ્રજાના જીવનઘડતરની, તેના બૌદ્ધિક ઘડતરની વિચારણા થાય છે ત્યાં આવી ઉદાસીનતાને ગંભીર ગણવી જોઈએ એમ અમે માનીએ છીએ.

આપણે આપણી યુનિવર્સિટી પાસે કેવી અપેક્ષા રાખી હતી? અને એ અપેક્ષાઓ કેટલે અંશે પરિપૂર્ણ થઈ છે એનો પણ વિચાર કરવો જોઈએ.

યુનિવર્સિટીની સ્થાપનાને મે માસની ૨૩ મી તારીખે ૭ વર્ષ પૂરાં થશે. ૭ વર્ષનો ગાળો સંસ્થાના સંદર્ભમાં એટલો મોટો ન કહેવાય કે આપણે યુનિવર્સિટી પાસે રાખેલી તમામ અપેક્ષાઓ પરિપૂર્ણ કર્યાની આશા રાખીએ છતાં આ ૭ વર્ષનું સરવૈયું કાઢવા જેવું છે. યુનિવર્સિટીને જન્મપક્ષે શરૂ કરેલા અનુસ્નાતક-વિભાગો શિક્ષકોની સલામતી માટે કરાયેલો પ્રબંધ, બિઝનેસ ઍન્ડ મૅનેજમેન્ટ, પબ્લિક ઍડમિનિસ્ટ્રેશન જેવા નવા વિભાગની શરૂઆત ગણાવી શકાય.

પણ યુનિવર્સિટીની પ્રગતિનો આલેખ આટલેથી જ અટકી જાય છે. બીજા સંદર્ભમાં આપણે યુનિવર્સિટીનો વિચાર કરીએ ત્યારે નિરાશા થયા વગર રહેતી નથી. આપણે અનુસ્નાતક અભ્યાસક્રમને પૂર્ણ સમયનો બનાવ્યો. તેમાં નોકરી કરતા વિદ્યાર્થીઓને પ્રવેશ લેતા અટકાવ્યા. તેમાં સેમિનાર ટ્યુટોરિયલ, લાયબ્રેરી પિરિયડો ઉમેર્યા. એનું પરિણામ એ આવ્યું કે એમાં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી અને તેમનાં પરિણામોમાં કોઈ સુધારો પ્રતીત થયો નહીં. કારણ આપણા શિક્ષણની પદ્ધતિ એની એ જ રહી. ટ્યુટોરિયલસેમિનારની જે દશા પૂર્વસ્નાતકકક્ષાએ થઈ એ જ દશા અનુસ્નાતકકક્ષાએ થઈ. કાગળ ઉપર વ્યવસ્થાને નવું રૂપ આપ્યું પણ શિક્ષણનો ઢાંચો, એની પરિપાટી એની એ જ રહી અને તેથી આખી યે યોજના વિકૃત થઈ. નવી પદ્ધતિ એક બાજુ શિક્ષકોએ અને બીજી બાજુ વિદ્યાર્થીઓએ શ્રદ્ધા વગર અપનાવી.

હવે આપણે અનુસ્નાતક શિક્ષણને ક્ષેત્રે નવો પ્રયોગ કરવા તૈયાર થયા છીએ. હવે બે વર્ષના પૂર્ણ સમયના અને ત્રણ વર્ષના ખંડસમયના અભ્યાસ-ક્રમની વ્યવસ્થા કરી બીજી મનમનામણાની સ્થિતિ ઊભી કરવાના છીએ. આંતરિક મૂલ્યાંકનની વાત લો. પરીક્ષાપદ્ધતિ સુધારવાની વાત લો, ઑનર્સ કોર્સની રચનાની વાત લો, સવારની કૉલેજને બંધ કરાવવાની અને પાછળથી તે ચલાવવાની પરવાનગી આપવાની વાત લો, કૉલેજને માટેનાં અલાયદાં મકાનોના આગ્રહની વાત લો, આ બધું અલગ અલગ વિચારો કે એકસામટું વિચારો તો તમને ખાત્રી થશે કે યુનિવર્સિટીને પોતે જ અપનાવેલી નીતિમાં કશી શ્રદ્ધા કે આત્મપ્રતીતિ જન્મતી નથી. વધારે આશ્ચર્યની વાત તો એ છે કે એક પ્રકારના નિર્ણયો કરવામાં જે માણસો હતા તે જ માણસો આ નિર્ણયોને ફોક કરવામાં પણ હતા. જ્યાં જ્યાં જે જે દબાણ આવ્યું અને જ્યાં જેટલું દબાણ વધારે ત્યાં એટલું નમતું જોખાયું.

પરિણામે અમારા એક મુરબ્બી મિત્રે અમને કહ્યું કે આ યુનિવર્સિટીને આપણે કેવી બનાવવી હતી અને આપણે કેવી બનાવી દીધી ! એનાં ધોરણો કેટલા ઊંચાં કરવા હતાં અને કેટલાં નીચાં બનાવ્યાં ! આમ તો આ બહુ સાધારણ વિધાન છે. પણ એમાં અંતરનો વિષાદ વ્યક્ત થાય છે અને આ વિષાદ સાથે શિક્ષણજગત સાથે સંકળાયેલા તમામ સંમત થશે એની પણ અમને ખાતરી છે. યુનિવર્સિટી પ્રજાની બુદ્ધિમત્તાનું, એના વિદ્યાકીય તેજનું અને એની સંસ્કારિતાનું પ્રતિબિંબ પાડનારી સંસ્થા છે એની સંપત્તિ જેટલી વધારે એટલી પ્રજાજીવનની સમૃદ્ધિ વધારે અને એના ઉપર આપણી પ્રજાની શક્તિ અવલંબે છે. નવાં અધિકારમંડળો યુનિવર્સિટીને એ માર્ગે લઈ જવાનો પુરુષાર્થ કરે એમ આપણે અત્યારે તો ઇચ્છીએ.

[૧૭ એપ્રિલ, ૧૯૭૩]

સમાજ સાથેની એક મોટી છેતરપિંડી

[કોઈ પણ સ્વાભિમાની પ્રજા શિક્ષણમાં પોતાની ભાષાને સર્વાધિક મહત્ત્વ આપે જ. આપણા જેવા બહુભાષી દેશ માટે પ્રાદેશિક અસ્મિતાનો વિકાસ પ્રાદેશિક ભાષાઓના વિકાસમાં રહેલો છે એ વાત ગાંધીજીએ તો વર્ષો પહેલાં કરેલી. ગુજરાત વિદ્યાપીઠમાં એનો પ્રયોગ પણ કર્યો, ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના પછી એમાં પણ ગુજરાતી ભાષાને ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકારવામાં આવી. ગુજરાતની આ મોટી પહેલ હતી અને એની ટીકા પણ ઘણી થઈ. પણ એ પગલું સારી દિશાનું હતું.

આમ છતાં આ દેશમાં અંગ્રેજીપરસ્તીમાં રાચતો એક મોટો વર્ગ હજી છે. એ બોલકો વર્ગ છે; વગવાળો છે અને એની વગને કારણે અંગ્રેજી માધ્યમનો મોહ હજી આપણને દિશા ભુલાવ્યા કરે છે. આવી આત્મવંચના આપણા પ્રજાકીય વિકાસમાં મોટા અંતરાયરૂપ છે એ વાત આ લેખોમાં દૃઢાવી દૃઢાવીને કહેવાઈ છે. —સં.]

અંગ્રેજીમાં ' ક્રૉડ ' તરીકે ઓળખાતા શબ્દને આપણે ગુજરાતીમાં 'છેતરપિંડી' કહીએ છીએ. આપણે ત્યાં અંગ્રેજી માધ્યમની બાબતમાં આવી એક મોટી છડેચોક ' છેતરપિંડી ' ચાલી રહી છે. આવી છેતરપિંડીમાં સમાજના ઉપલા વર્ગના કે ધનિકોનાં બાળકો જો ફસાતાં હોત તો તે ઝાઝા અફસોસની વાત એ બનત નહિ કારણ એમને એ પાલવી શકે એવી વાત છે. પરંતુ આ છેતરપિંડીમાં મધ્યમ-વર્ગનાં જ નહીં પણ ઠેઠ નીચલા વર્ગનાં માણસોનાં બાળકો પણ આજે ફસાય છે અને તેથી આ છેતરપિંડી આજના સમાજનું એક ઘણું મોટું અનિષ્ટ છે.

સૂરતમાં લગભગ લત્તેલત્તે અને જ્યાં જ્યાં ધનિકોના બંગલાવાળી સોસાયટીઓ રચાઈ છે તેની આજુબાજુ અંગ્રેજી માધ્યમનાં બાળમંદિરો રૂપાળાં નામો ધારણ કરીને ફૂટી નીકળ્યાં છે. આ બાળમંદિરોમાં પ્રવેશ માટે ધસારો થાય છે અને કેટલાંક તો ઉઘાડેછોગ ડોનેશન-દાન-લઈને પ્રવેશ આપે છે. દાન આપીને પણ આવાં કેટલાંક તો સદંતર બનાવટી બાળમંદિરોમાં પ્રવેશ લેનારાઓની સંખ્યા ઓછી નથી અને તેથી આ બાળમંદિરોની હાટડી એના ગ્રાહકોથી લગભગ ઊભરાતી જ રહે છે

આવાં વેપારી ધોરણે ચાલતાં બાળમંદિરોના સંચાલકો પણ વિવિધ પ્રકારના છે. કયાંક કોઈ એક વ્યકિત સંચાલક હોય છે, કયાંક બે–ત્રણ ભાગીદારો આ ધંધો લઈને બેઠા હોય છે અને કયાંક શાળા ચલાવતાં સંચાલકમંડળો આવાં બાળમંદિરો ચલાવતાં હોય છે. આ બધાં જ બાળમંદિરો વધતેઓછે અંશે ધંધાદારી ધોરણે ચાલે છે અને એનો હેતુ નફો રળવાનો હોય છે. બાંધ્યા પગારે માસિક રૂપિયા દોઢસોથી બસો આપીને એકાદ બે શિક્ષકોને રાખી લઈને બે કલાક બાળકોને ગોંધી રાખી આ બાળમંદિરો ચાલે છે. એમાંથી ઘણાં પાસે તો બાળમંદિરો વૈજ્ઞાનિક ઢબે ચલાવવા જે સાધનસામગ્રી જોઈએ તેવી સાધનસામગ્રી પણ નથી.

આ સ્થિતિ કદાચ ગુજરાતી બાળમંદિરોની પણ હશે છતાં અમે અંગ્રેજી માધ્યમને કેન્દ્રમાં એટલા માટે રાખીએ છીએ કે આ બાળમંદિરોમાં માધ્યમ તરીકે જે જાતના અંગ્રેજીનો ઉપયોગ થાય છે તેનો અભ્યાસ કરવા જેવો છે. અંગ્રેજી માધ્યમનાં બાળમંદિરોમાં પ્રવેશ મેળવવા અંગેની જે જાહેરખબરો પ્રગટ થાય છે તેમાં પણ અપરંપાર ભૂલો હોય છે. ખોટા શબ્દપ્રયોગો, ઉચ્ચારો, વ્યાકરણ-દોષોથી ભરપૂર અંગ્રેજીનાં ખોટાં નાણાંને અંગ્રેજી માધ્યમ તરીકે ચલણી બનાવાય છે. જાણકાર માબાપ પણ આ બરદાસ્ત કરે છે. વધતેઓછે અંશે લગભગ બધાં જ બાળમંદિરોમાં આ જ સ્થિતિ છે. એકાદબે અપવાદો હોય તો તે માફ. પરિણામે બાળમંદિરની કક્ષાથી જ બાળકના મનમાં ખોટી લઢણો દૃઢ થતી જાય છે.

અંગ્રેજી માધ્યમનાં બાળમંદિરોની સંખ્યાના પ્રમાણમાં અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓની સંખ્યા ઓછી છે અને માધ્યમિક શાળાઓની સંખ્યા એનાથી પણ ઓછી છે. એટલે અંગ્રેજી માધ્યમની પ્રાથમિક માધ્યમિક–ઉચ્ચતર શાળાઓના પ્રવેશની દોડાદોડ, દાનયાચના અને દાનઅર્પણનું વિષચક્ર આપણા સમાજમાં સતત ચાલ્યા કરે છે. પરંતુ અંગ્રેજી ભાષાના માધ્યમને લાગેવળગે છે ત્યાં સુધી આ કક્ષાએ કોઈ સુધારો દેખાતો નથી. આ શાળાઓમાં મોટા ભાગના જે શિક્ષકો છે તે ૧૯૫૫ પછી આઠમા ધોરણથી અંગ્રેજી ભણીને આવેલા શિક્ષકો છે એમને અંગ્રેજી ભાષા આવડતી હોય તો પણ માધ્યમ તરીકે એનો ઉપયોગ કરવાની એમની ક્ષમતા આજે રહી નથી. આજે ૩૦–૪૦ મિનિટ સુધી અંગ્રેજીમાં સતત બોલવાનો મહાવરો આપણે ત્યાં બહુ ઓછા શિક્ષકોને હશે. અંગ્રેજી ભાષામાં વાંચવાના શોખનો અભાવ, અંગ્રેજી લખવાની વીસરાઈ ગયેલી ટેવ,

સારું અંગ્રેજી સાંભળવાની ઓછી તકો વગેરેને કારણે અંગ્રેજીનો માધ્યમ તરીકે ક્ષમતાપૂર્વક ઉપયોગ કરી શકે એવા શિક્ષકોની સંખ્યા અતિશય જૂજ છે. પરિણામે શાળાઓમાં અંગ્રેજી માધ્યમ એક મનમનામણુની વાત બની જાય છે. શુદ્ધ અંગ્રેજી ભાષાના શિક્ષકોમાં પણ અંગ્રેજી ભાષા વિશેનાં સમજ-પકડ ઓછાં થયાં છે અને અંગ્રેજી ભાષાના ખોટા ઉપયોગનો ફાલ વધ્યો છે ત્યાં અન્ય વિષયોના શિક્ષકની એ ભાષા ઉપરની પકડ હોય જ નહિ તો નવાઈ શી! અને છતાં અંગ્રેજી માધ્યમની બોલબાલા વધતી જ જાય છે. આ દંભને સમાજ પોષતો જ જાય છે અને આ છેતરપિંડીના પ્રપંચમાં બધા જ ભાગીદારો બનતા જાય છે.

કૉલેજની કક્ષાએ આવીએ તો ત્યાં પણ જૂજ અપવાદ સિવાય અંગ્રેજી ભાષાને માધ્યમ તરીકે વાપરી શકે એવા સક્ષમ શિક્ષકો દેખાતા નથી. મોટા ભાગના શિક્ષકો પોતાના વિષયમાં સારા હોવા છતાં અંગ્રેજી માધ્યમ દ્વારા નહિ ભણવાને કારણે તથા અંગ્રેજી લખવા-બોલવાની ટેવ જતી રહી હોવાને કારણે અંગ્રેજીનો માધ્યમ તરીકે ઉપયોગ કરી શકે એમ નથી. આમ છતાં આ કક્ષાએ હજી પણ પ્રમાણમાં ઓછા છતાં થોડાક શિક્ષકો મળે ખરા. છતાં આ કક્ષાએ પણ પરિસ્થિતિ બહુ સુખદ નથી. વલ્લભવિદ્યાનગર ખાતેની એચ. એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટમાં કેવળ અંગ્રેજીના વિષયના જ અધ્યાપનની તાલીમ લઈને આવતા મોટા ભાગના શિક્ષકો પણ અંગ્રેજી ભાષાના ઉપયોગની બાબતમાં ઊણા ઊતરતા જણાય છે. ટૂંકમાં પોતાનાં બાળકો અંગ્રેજી માધ્યમમાં ભણે છે એ અંગે છાતી ફુલાવીને ફરનારાઓ છેતરપિંડીનો જ ભોગ બનતા રહ્યા છે. લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે નહિ મરે એ ન્યાયે આ છેતરપિંડી વ્યાપક બનતી ગઈ છે અને વધારે ને વધારે માણસો એના ચક્કરમાં આવતા ગયા છે અને અંગ્રેજી માધ્યમની લઘુમતીનો વિશેષાધિકાર માગતા થયા છે. વિશેષાધિકાર માગતી ઘણી લઘુમતીઓમાં અંગ્રેજી માધ્યમની એક હવે ચોક્કસ ઉમેરાઈ છે.

અમારા એક મિત્રે અંગ્રેજી માધ્યમને દારૂબંધી સાથે સરખાવ્યું છે. દારૂબંધી લાદી દારૂબંધી કરવા જતાં દારૂનો પ્રચાર વધ્યો. અંગ્રેજી કાઢવા જતાં અંગ્રેજી માધ્યમનું આખું ઊંટ જ પેસી ગયું, ઠેઠ બાળમંદિરથી પોતાના બાળકને અંગ્રેજી માધ્યમ દ્વારા ભણાવવાની વાત અવૈજ્ઞાનિક છે. કદાચ ભારત અને તેમાં પણ ગુજરાત સિવાય આવું અવૈજ્ઞાનિક ગાંડપણ દુનિયાભરમાં નહિ હોય અંગ્રેજી માધ્યમની કેટલીક શાળાઓમાં (સેન્ટ્રલ સ્કૂલમાં) તો ગુજરાતીભાષી

બાળકોને ગુજરાતી ભાષા કોઈ પણ કક્ષાએ શીખવવામાં આવતી નથી. આવાં બાળકો ગુજરાતી ભાષાની બાબતમાં અશિક્ષિત જ રહે છે. બીજે પણ અંગ્રેજી માધ્યમનાં બાળકો ગુજરાતી ભાષાના સંદર્ભમાં અધૂરાં જ રહેતાં હોય છે. અંગ્રેજી ભાષા સારી ભણવી એ એક વાત છે. માધ્યમ તરીકે એનો ઉપયોગ કરવો એ બીજી વાત છે. ગુજરાતને તો અંગ્રેજીનું ગાંડું લાગ્યું છે. આપણે પરાધીન હતા અને અંગ્રેજોની હકૂમત હેઠળ હતા ત્યારે પણ જે નહોતા કરતા–અંગ્રેજી માધ્યમ દ્વારા પ્રાથમિક કેળવણી લેવાનું ત્યારે નહોતું તે આજે સ્વતંત્ર થયા પછી પણ કરીએ છીએ. અંગ્રેજી માધ્યમ દ્વારા ભણેલાને એ વર્ગમાં પ્રવેશ ન મળતાં ગુજરાતી માધ્યમમાં દાખલ થવાનું કહીએ તો તરત જ જવાબ મળે કે સાહેબ "એને ગુજરાતીમાં પૂરા સો સુધી લખતાં પણ નથી આવડતું" જાણે કે એ ગૌરવની વાત ન હોય! ગુજરાતે એનું તેજ, સ્વત્વ, સ્વાભિમાન ખોઈ દીધાં છે. આમાં દોષ પ્રજાનો નથી ગુજરાત સ્વતંત્ર થયા પછી ગુજરાતની સરકારે અંગ્રેજીના શિક્ષણની બાબતમાં જે અવ્યવહારુ અને જડ નીતિ અપનાવેલી તેનું આ માઠું ફળ છે એને નિવારવાના ઉપાય તરીકે સરકારે અંગ્રેજીના શિક્ષણ અંગેની આખી નીતિનો નવેસરથી વિચાર કરી એમાં પરિવર્તન કરવું પડશે.

[૮, જુલાઈ, ૧૯૮૦]

*

એક બાજુ વડા પ્રધાન શ્રી. મોરારજી દેસાઈ માતૃભાષાનું શિક્ષણમાં મહત્ત્વ દર્શાવી શિક્ષણના તમામ તબક્કાઓએ માતૃભાષા જ શિક્ષણનું માધ્યમ બનાવવી જોઈએ એવી જોરશોરથી હિમાયત કરે છે. બીજી બાજુ આઈ. એ. એસ. માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ પણ હવે પ્રાદેશિક ભાષાઓમાં લેવાનો નિર્ણય થયો છે. ત્યારે ગુજરાતમાં અને ખાસ કરીને ગુજરાતનાં મોટાં શહેરોમાં અંગ્રેજી માધ્યમનાં બાળમંદિરો ભરપટે નીકળતાં જણાય છે. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ કરતાં કદાચ હવે તો અંગ્રેજી માધ્યમનાં બાળમંદિરોની સંખ્યા સૂરત જેવા શહેરમાં વધી ગઈ હશે એમ રોજરોજ વર્તમાનપત્રોમાં આવતી જાહેરખબરો ઉપરથી લાગે છે. શિક્ષણશાસ્ત્રીઓને માટે આ મોટી ચિંતાનો વિષય બનવો જોઈએ.

છેલ્લા માસમાં અંગ્રેજી માધ્યમનાં બાળમંદિરો (નર્સરી સ્કૂલો) શરૂ કરવાની ઘણી જાહેરખબરો પ્રગટ થઈ વર્ષા ઋતુમાં ફૂટી નીકળતા ટોપની માફક આવાં બાળમંદિરો ઊગી નીકળ્યાં છે. જે શાળાઓ પ્રમાણમાં રૂઢિચુસ્ત અને પરંપરાને અનુસરનારી છે એ શાળાઓએ પણ અંગ્રેજી માધ્યમનાં બાળમંદિરો શરૂ કરવાનું નક્કી કર્યાનું આ જાહેરાતો ઉપરથી જણાય છે. આ બાળમંદિરો આજે પૈસા કમાવાનું સાધન બનેલાં છે. સારાં બાળમંદિરો કોઈ પણ માધ્યમના પ્રવેશ

માટે છડેચોક ડોનેશન લે છે. અંગ્રેજી માધ્યમનાં બાળમંદિરો વધારે મોટાં ડોનેશન લે છે. ત્રણ વર્ષથી જ બાળકને આગળ ભણવાની સુવિધા થાય એટલે પોષાય કે ન પોષાય છતાં લોકો ડોનેશન આપીને ભણવાનું આગળથી બુકિંગ કરાવી લે છે. આ શરાફી લૂંટ કોઈ અટકાવી શકયું નથી. અંગ્રેજી માધ્યમનાં બાળમંદિરોને નામે ચાલતાં સારાં અને કૂટકળ બાળમંદિરો પણ વધતાંઓછાં દાનો લઈને પ્રવેશ આપે છે. આમ આજે આ પૈસા કમાવાનો ધંધો બન્યો છે અને સૂરતમાં અંગ્રેજી માધ્યમનાં બાળમંદિરોની બીકની હાટડી શરૂ થઈ છે.

ત્રણ વર્ષના બાળકને અંગ્રેજી માધ્યમના બાળમંદિરમાં દાખલ કરતાં પહેલાં ઈન્ટરવ્યૂ આપવો પડે છે. જે બાળક પૂરતું ગુજરાતી બોલતાં નહીં શીખ્યું હોય તેને ઈન્ટરવ્યૂ પહેલાં માબાપ અંગ્રેજીમાં બોલવાની તાલીમ આપે છે જેથી ઈન્ટરવ્યૂમાં એ સફળ થાય વત્તા ડોનેશનની દક્ષિણા અને તેની ફલશ્રુતિરૂપે બાળમંદિરમાં પ્રવેશ. આ કેટલું બધું અજુગતું, અવૈજ્ઞાનિક, કેવળ પૈસા કમાવાને માટે આપણે ત્યાં ચાલે છે! અંગ્રેજ અમલમાં અંગ્રેજોની બોલબાલા હતી ત્યારે પણ ગુજરાતના ઉપલા અને મધ્યમવર્ગના કુટુંબોનાં બાળકો પૂર્વપ્રાથમિક કે પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી માધ્યમમાં નહોતાં ભણતાં ત્યારે પણ પ્રાથમિક કેળવણી તો પ્રાદેશિક ભાષામાં જ હતી, એ દૃષ્ટિએ અંગ્રેજો વધારે ડાહ્યા હતા.

અને પૈસા કમાવા ખાતર નીકળેલાં આ બાળમંદિરોમાં બાળકોને ગોંધી રાખવા સિવાય બીજું શું છે? પૂરતું પાધરું અંગ્રેજી બોલી શકે એવા શિક્ષકો નથી તો પછી બીજી વાત જ શી? અંગ્રેજી માધ્યમ દ્વારા આપણે આ બાળકો ઉપર અકલ્પ્ય અસહ્ય બોજો લાદી રહ્યા છીએ એ આ ભોળી પ્રજાને કોણ સમજાવશે? ગુલામ અવસ્થામાં જે કરતાં આપણને શરમ લાગતી હતી તે આજે સ્વતંત્ર થયા પછી કરતાં આપણને કેમ શરમ નથી લાગતી? અંગ્રેજી સારું શીખવવું એ એક અલગ વાત છે અને અંગ્રેજી માધ્યમ ઠેઠ બાળમંદિરમાંથી બાળકો પર લાદવું એ બીજી વાત છે. જો આ અવળી ગંગા કાયદાથી બંધ નહીં કરી શકાતી હોય તો સમાજસુધારાની એક ઝુંબેશ તરીકે આ અવળી ગંગા અટકાવવી પડશે. એ જો નહીં અટકાવાય તો આ અવળી ગતિ આપણી અસ્મિતાના પાયામાં ઘા કરનારી ભવિષ્યની પેઢી જન્માવશે!

[૯ મે, ૧૯૭૮]

'કૉન્વેન્ટ' – માનસ

શાળાઓ અને કૉલેજોનું એક સત્ર પૂરું થવા આવ્યું છે. વર્ષાના આગમન સાથે શાળાઓનું પહેલું સત્ર શરૂ થાય છે અને વર્ષાની વિદાય સાથે તે પૂરું થાય છે. સત્રના આરંભનાં દૃશ્યો જોવા જેવાં હોય છે. માત-પિતા પોતાનાં બાળકોને લઈ તેમને દાખલ કરાવવા માટે આમથી તેમ જુદીજુદી શાળાઓમાં દોડતાં હોય છે. પુસ્તકો, નોટ-બૂકો, પેન્સિલો, જોડા, છત્રી અને રેઈનકોટ ખરીદવાની ધમાલ હોય છે. પુસ્તકો વેચનારાઓની દુકાનો તો જાણે ટોળાંઓના હુમલાથી ઘેરાઈ ગઈ હોય એવી લાગે છે. દરજીઓ પોતાની માપપટ્ટીઓ સાથે એટલા બધા રોકાયેલા હોય છે કે નિયત સમયમાં કપડાં આપવાની ગ્રાહકોની વિનંતી કે ધમકીની જાણે તેમના ઉપર કશી અસર જ થતી નથી. પહેલા સત્રના આરંભનાં આ દૃશ્યો સોહામણાં હોય છે.

પરંતુ શાળાઓમાં પ્રવેશ માટેની પરિસ્થિતિ મોટા ભાગનાં શહેરોમાં ભાગ્યે જ સંતોષકારક ગણી શકાય, વર્ષોવર્ષ પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જ જાય છે અને શાળાઓમાં વધારો થતો નથી. કેટલીક શાળાઓ પાળીઓમાં ચાલે છે અને કેટલીક શાળાના વર્ગોમાં જ્યાં કેવળ પાંત્રીસ જ વિદ્યાર્થીઓને સમાવી શકાય ત્યાં પચ્ચાસથી સાઠ જેટલા વિદ્યાર્થીઓને ટોળે વાળવામાં આવે છે. સ્થાનિક સંસ્થાઓની મફત પ્રાથમિક શિક્ષણ આપવાની જવાબદારી હોવા છતાં વધારે પ્રાથમિક શાળાઓ ઉઘાડાતી નથી. અને બાનગી સંસ્થાઓ પાસે મકાન કે જમીનની સગવડ ન હોવાને કારણે માધ્યમિક શાળાઓમાં વધારે બાળકોને સમાવી શકાતાં નથી. શિક્ષણ મેળવવા આતુર વિદ્યાર્થીઓને માટે શિક્ષણની અનુકૂળ સગવડ ન ઊભી કરી શકાય તો જાહેર સત્તાવાળાઓ ઠપકાપાત્ર ગણાય.

આપણે ત્યાં શાળાઓની આ તંગીને કારણે ઘણાં અનિષ્ટો ઊભાં થયાં છે અને થતાં જાય છે. શિક્ષણનાં ધોરણો ભયંકર રીતે નીચાં ગયાં છે અને એસ. એસ. સી.ની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થી પાસે ન તો પૂરતી માહિતી છે કે ન તો પોતાના વિચારોને વ્યવસ્થિત રીતે વ્યકત કરવાની આવડત. શાળાઓને યોગ્ય લાયકાતવાળા શિક્ષકો મળતા નથી અને આ વ્યવસાયમાં સાંધારણ

ગજવાળા જે શિક્ષકો આવે છે તેમને એટલા મોટા વર્ગમાં કામ કરવાનું છે કે તેઓ દક્ષતાથી એ કામ કરી શકતા નથી. આ ઉપરાંત કેટલાંક મોટાં શહેરોમાં બીજું અનિષ્ટ ઊભું થયું છે અને તે એ કે હેડમાસ્તરો પ્રવેશ માટે મોટાં દાનો માગે છે. આનો અર્થ તો એ થયો કે ગરીબ કે મધ્યમવર્ગના માણસોનાં બાળકોને સારી શાળાઓમાં પ્રવેશ ન મળે અને તેમને પોતાનાં બાળકોને ઊતરતી શાળાઓમાં મોકલવાં પડે.

ઉચ્ચ શિક્ષણને માટે અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઘણું આવશ્યક છે અને અભ્યાસને અંતે સારી નોકરી મેળવવા માટે પણ અંગ્રેજીનું જ્ઞાન ઘણું જરૂરી છે. જે સ્કૂલોમાં માધ્યમ ગુજરાતી છે ત્યાં અંગ્રેજી શિક્ષણ ભાગ્યે જ સંતોષકારક રીતે અપાય છે. ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થી ભાગ્યે જ અંગ્રેજી શીખે છે એમ કહીએ તો પણ ચાલે, આને પરિણામે માબાપ પોતાનાં બાળકોને અંગ્રેજી માધ્યમવાળી શાળાઓમાં મોકલવા લલચાય છે સાંધારણ સ્થિતિનાં માબાપ પણ પોતાના બાળકને અંગ્રેજી માધ્યમવાળી શાળામાં મોકલવા આતુર છે. આમાં પણ તેઓ કૉન્વેન્ટ તરફથી ચલાવાતી શાળાઓ વધારે પસંદ કરે છે. આજે ગુજરાતમાં ઘણાં શહેરોમાં કૉન્વેન્ટ શાળાઓ શરૂ કરવામાં આવી છે છતાં પ્રમાણમાં તે ઘણી ઓછી છે અને તેથી માત્ર વગદાર અને શ્રીમંતોનાં બાળકો જ એમાં જઈ શકે છે. પરિણામે એક નવો અતડો 'બ્રાહ્મણો' નો વર્ગ અસ્તિત્વમાં આવતો જાય છે. માત્ર એ જ વર્ગ અંગ્રેજીનો જાણકાર બનશે. આ એક અનિચ્છનીય સામાજિક પરિસ્થિતિ છે.

અમે અંગ્રેજી માધ્યમની શાળાઓની વિરુદ્ધમાં નથી. વળી એકસરખું અધૂરું અને ઊતરતું શિક્ષણ આપે એવી જ બધી શાળાઓ હોવી જોઈએ એના લોકશાહી આદર્શમાં પણ અમે માનતા નથી. કેટલીક શાળાઓ સારી થાય જ અને સારા થવું પણ જોઈએ. પણ આવી શાળાઓમાં મળતો પ્રવેશ અમુક ઉપલા વર્ગ માટે જ રહે એ બરાબર નથી. આવી શાળાઓની સંખ્યા વધારે પ્રમાણમાં હોવી જોઈએ અને એમાં પ્રવેશનું ધોરણ વિદ્યાર્થીની બૌદ્ધિક યોગ્યતા ઉપર જ હોવું જોઈએ.

આ આખી ય પરિસ્થિતિની વિચિત્રતા તો એ છે કે કૉન્વેન્ટ અથવા મિશનરી શાળાઓ વધારે શ્રેષ્ઠ છે એવી માન્યતા જ કેવળ ભ્રમ છે આ શાળાઓમાં અલબત્ત નાના વર્ગો છે, સારી સાધનસામગ્રી છે અને પ્રમાણમાં મોટાં રમતગમતનાં મેદાનો છે. આ શાળાઓના વિદ્યાર્થીઓ પ્રમાણમાં સારી છાપ પણ પાડી શકે છે અને તેમની રીતભાત અને વર્તણૂક (પૉલિશવાળી) હોય છે. આ શાળાઓમાં કામ કરતા શિક્ષકોને પગાર પણ સારો આપવામાં આવે છે. પણ આ શિક્ષકો બીજી શાળાનાં શિક્ષકો કરતાં વધારે સારા કે ચઢિયાતા છે

એમ માનવાને કશું પણ કારણ નથી. વળી આ શાળાઓનું સંચાલન વિક્ટોરિયન યુગની પબ્લિક શાળાઓને ધોરણે કરવામાં આવે છે અને એના મુખ્ય શિક્ષક કે મુખ્ય-શિક્ષિકા શિક્ષણના વધારે ઉપયોગી સિદ્ધાંતો અપનાવવામાં ઉદાસીન પણ હોય છે. કેટલેક ઠેકાણે કૉન્વેન્ટ શાળાઓમાં બે વિભાગો હોય છે – એક વિભાગ વધારે ફી આપનારા વિદ્યાર્થીઓનો અને બીજો ઓછી ફી આપનાર વિદ્યાર્થીઓનો. આ બન્ને વિભાગોના વિદ્યાર્થીઓ એક જ કમ્પાઉન્ડમાં હોવા છતાં બીજા વિભાગના વિદ્યાર્થીઓ તરફનું વર્તન મોળું હોય છે. ગરીબ સગાંઓ તરફ હોય તેવું.

આમ છતાં કૉન્વેન્ટ શાળાઓ તરફ સમાજનું આકર્ષણ વધતું જાય છે. ઉત્તર ગુજરાતનું એક સંપૂર્ણ રૂઢિચુસ્ત બ્રાહ્મણ કુટુંબ છે અને કુટુંબમાં બાળકોને માથે જૂના આચારો પાળવાનું ફરજિયાત છે. કુટુંબ સંપૂર્ણ મધ્યમવર્ગનું છે. આ કુટુંબનાં બે નાનાં બાળકો કૉન્વેન્ટ શાળામાં જાય છે અને ત્યાંના વાતાવરણથી રંગાય છે પરિણામે ઘરનું વાતાવરણ અને સંસ્કાર અને શાળાના વાતાવરણ અને સંસ્કાર વચ્ચે ભારે વિચ્છેદ અને દ્વિધા ઊભી થાય છે અને કુમળી વયમાં બાળકોના મનમાં ઊભો થતો આવો વિચ્છેદ હાનિકારક છે.

આમ કૉન્વેન્ટ શાળાઓ બાળકોને તેમના મૂળ વાતાવરણ અને સંસ્કારમાંથી અટૂલાં પાડી દે છે. તેઓ જાણી જોઈને આમ કરે છે એમ કહેવાનો અમારો ઇરાદો નથી. આવું અજાણતાં પણ બનતું હોય, કારણ મિશન સ્કૂલોનો હેતુ બાળકોને 'એંગ્લો-ઈન્ડિયન' સાહેબો બનાવવાનો છે. આ બાળકોનાં સાંસ્કારિક અને ભાવનાનાં મૂળ તેમની પોતાની કૌટુંબિક અને પરંપરાગત જીવનભૂમિમાંથી ઊખડી જાય છે. પરંતુ અહીં યાદ રાખવું ઘટે કે ઊણપોવાળાં હોવા છતાં જીવનને લાગણી અને ભાવનાવિષયક પોષણ આપનારાં મૂળ તો આ જ પરંપરાગત સંસ્કારનાં જ હોઈ શકે. અમારો ઇરાદો આ કૉન્વેન્ટ કે મિશનરી શાળાઓને વખોડવાનો નથી. આ શાળાઓની પણ ઊજળી બાજુઓ છે છતાં આપણી શિક્ષણપ્રણાલિ અને શિક્ષણવ્યવસ્થાઓ ઘડવામાં આ શાળાઓને આપણે આદર્શ તરીકે લઈ શકાએ એમ નથી.

દરેક વ્યવસ્થામાં લાભ ઉઠાવનારા ઠગો પણ હોવાના. શિક્ષણવ્યવસ્થામાં પણ એવા કેટલાક હશે. કેટલાંક શહેરોમાં રાત્રીશાળાઓ છે જેનો વ્યવસાય સર્ટિફિકેટો વેચવાનો છે. આવા સર્ટિફિકેટો નોકરી મેળવવામાં ઉપયોગી બને છે. અને કેટલાક કોચિન્ગ ક્લાસીસ પણ છે જે પરીક્ષામાં પાસ થવાની 'ગેરન્ટી' આપે છે અને ટ્યુશનની વિકૃતિવાળા શિક્ષકો અને મુખ્ય શિક્ષકો પણ હશે જેમ વિકૃતિવાળા સરકારી અધિકારીઓ હોય છે તેમ.

[૨૨ સપ્ટેમ્બર, ૧૯૬૪]

ભાષાને શું વળગે ભૂર?

થોડાક દિવસો પહેલાં સૂરતની લાયન્સ ક્લબે (સાઉથ) 'અંગ્રેજી ભાષાના શિક્ષણનો પ્રારંભ ક્યારે?' એ વિષય ઉપર એક ચર્ચાસભા રાખેલી. એ સભામાં બોલતાં આપણા પીઢ અને સન્માનનીય કેળવણીકાર શ્રી. ચન્દ્રવદન શાહે બહુ અફસોસ સાથે જણાવેલું કે આપણે બધા અંગ્રેજી ભાષામાં આપણા વિદ્યાર્થીઓ નબળા છે તે અંગે રોદણાં રડીએ છીએ પણ આપણા વિદ્યાર્થીઓને તો એમની માતૃભાષા ગુજરાતીમાં પણ સાચું બોલતાં કે લખતાં આવડતું નથી, એમનું ગુજરાતી ભાષાનું જ્ઞાન પણ એટલું જ પાંખું છે.

શ્રી. ચન્દ્રવદનભાઈની વાત તદ્દન વાજબી અને સાચી છે. ભાષાની બાબતમાં આપણે ત્રણસો વર્ષ પહેલાં 'ભાષાને શું વળગે ભૂર?'ની ભેરી ગજાવનાર અખાની વાણીને જ અનુસરીએ છીએ. ગયા નવેમ્બર માસમાં ગુજરાતી ભાષાના અધ્યાપકો સમક્ષ પ્રવચન કરતાં ભૂતપૂર્વ નાણાંપ્રધાન અને ચારુતર એજ્યુકેશન સોસાયટીના વડા શ્રી. એચ. એમ. પટેલે પણ જણાવ્યું હતું: "પ્રાથમિક શિક્ષણથી માંડી ઉચ્ચશિક્ષણ સુધી આજે માધ્યમ ગુજરાતીનું એટલે કે માતૃ-ભાષાનું છે. આમ છતાં આપણા વિદ્યાર્થીઓનું ગુજરાતીનું ઘોરણ એકંદરે નબળું પડતું જાય છે એનું મને ઘણું આશ્ચર્ય રહે છે. એનું શું કારણ છે? શાળા અને કૉલેજમાં ગુજરાતી ભાષા શિક્ષકો દ્વારા બરાબર ભણાવાતી નથી? અભ્યાસ-ક્રમો ખામીવાળા છે? વિદ્યાર્થી આ ભાષાશિક્ષણ પ્રત્યે વિમુખ છે? આપણો સમાજ શુદ્ધ, સાદી અને અસરકારક ગુજરાતીના ઉપયોગ પરત્વે ઉદાસીન છે? આપણા શિક્ષણમાં ગુજરાતી ભાષાનું ઘોરણ આપને (અધ્યાપકોને) સંતોષકારક લાગતું હોય તો આ અને એવા બીજા પ્રશ્નોના જવાબ શોધવાની જરૂર નથી. પરંતુ જો એ ઘોરણ સંતોષકારક લાગતું ન હોય તો આ પ્રશ્નોના નિરાકરણ માટે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણનાં ક્ષેત્રોએ સંકલિત અને સમગ્રલક્ષી પ્રયાસો ગુજરાતી 'સાહિત્યપરિષદ' અને 'ગુજરાતીનો અધ્યાપકસંઘ' જેવી સંસ્થાઓએ કરવા જોઈએ એમ મને લાગે છે." શ્રી. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ યથાર્થ જ કહ્યું છે: "ગુજરાતી માટે આપણી યુનિવર્સિટીમાં ઊંચું ઘોરણ નહીં હોય તો ક્યાં રખાશે? પરદેશમાં? ઑક્સફર્ડ – કેમ્બ્રિજના અંગ્રેજી સ્નાતકની જે પ્રતિષ્ઠા

છે તે ગુજરાત પૂરતી આપણા ગુજરાતીના સ્નાતકની કે એમ. એ.ની અવશ્ય હોવી જોઈએ. બીજા વિષયોના અધ્યાપકો ધોરણોનો આગ્રહ રાખે કે ન રાખે (એમણે પણ ઊંચાં ધોરણોનો આગ્રહ રાખવો ઘટે) પરંતુ કમ સે કમ ગુજરાતીના અધ્યાપકો તો ધોરણોની જાળવણીનો આગ્રહ રાખે જ."

શ્રી. એચ. એમ. પટેલે પોતાના વક્તવ્યના પ્રારંભમાં દર્શાવેલું મંતવ્ય સંપૂર્ણ સાચું છે. આપણે ત્યાં ગુજરાતી ભાષા બોધભાષા તરીકે પ્રતિષ્ઠા પામી હોવા છતાં એના અધ્યાપનનું મૂલ્ય ઊતરતું ગયું છે અને ઉત્તરોત્તર શાળા-કૉલેજોમાં એના શિક્ષણનું ધોરણ પણ ઘણું ઊતરી ગયું છે. પહેલું કારણ તો એ છે કે આપણી અભ્યાસવ્યવસ્થામાં મહત્ત્વ ગણિત અને વિજ્ઞાનને જેમ જેમ વધારે ને વધારે મળતું ગયું તેમ તેમ માત્ર ગુજરાતી જ નહિ પણ બીજી બધી ભાષાઓના શિક્ષણ પ્રત્યે ઉદાસીનતા સેવાતી ગઈ, ગણિત-વિજ્ઞાન અને ત્રીજી કક્ષે અંગ્રેજી જેને આવડે તે જ વિદ્યાર્થી હોશિયાર એવી એક માન્યતા બંધાતી ગઈ. શાળાઓમાં ગુજરાતીનો વિષય ગમે તે શિક્ષકને આપી શકાય એવી પણ રસમ પ્રચલિત બની. આપણી શાળાઓમાં ભાષાની સજ્જતા વિનાના શિક્ષકો ગુજરાતી ભાષા શીખવતા થયા. કદાચ જૂના જમાનામાં પણ એમ થતું હતું. પણ તે જમાનામાં મૅટ્રીકયુલેશન પરીક્ષા સુધીમાં જ ગુજરાતી ભાષાનું શિક્ષણ એટલું સઘન હતું કે એ શિક્ષકો ગુજરાતી શીખવવામાં સફળ થયા હતા.

બીજું કારણ એ પણ છે કે સંસ્કૃત ભાષાના અભ્યાસની જેમ જેમ અવગણના થતી ગઈ તેમ તેમ એના એક આડા પરિણામ તરીકે ગુજરાતી ભાષાની શિક્ષણપ્રાપ્તિમાં ઊણપ આવતી ગઈ. ત્રીજા કારણમાં આપણી પ્રાથમિક શાળાઓ અને પ્રાયમરી ટીચર્સ ટ્રેઈનિંગ કૉલેજોમાં અંતર શિક્ષણ ઉપર વધારે ભાર મુકાતો ગયો અને ભાષાશિક્ષણ સદંતર ઉપેક્ષિત રહ્યું. આવા શિક્ષકો વર્ગમાં જ્યારે ગયા ત્યારે ઊણપવાળી શિક્ષણશક્તિ લઈને ગયા. પરીક્ષાઓમાં પણ ભાષાશુદ્ધિ નહિ જોવાનું અને પાસ કરવાનું વલણ વધતું ગયું. એટલે ભાષાશક્તિ કે અભિવ્યક્તિ ગમે એટલી નબળી હોય છતાં વિદ્યાર્થી પાસ તો થાય જ. કદાચ બીજા વર્ગમાં પણ પાસ થઈ જાય અને છેવટે સ્વરાજ્ય મળ્યું અને ગાંધીજી ગયા એટલે દેશાભિમાન ખાતર પણ માતૃભાષા ભણવાની આવશ્યકતા રહી નહીં. ઊલટું અમને 'ગુજરાતી' આવડતી નથી એમ છાતી ઠોકીને અને માથું ઊંચું કરીને કહેનારાઓની સંખ્યા સ્વતંત્ર દેશમાં ઘણી વધી ગઈ.

આ બધાંનું પરિણામ એ આવ્યું કે આપણો સ્નાતક અગિયાર, બાર કે પંદર વર્ષ ગુજરાતી ભાષા ભણે છતાં એનું ભાષાનું સામાન્ય ધોરણ નીચું જ રહે છે એની ઇતર વાચનની ટેવ તદ્દન છૂટી ગઈ છે અને જે ઇતર વાચન થાય છે તે કેવળ ફાલતુ, હલકા રંજનવાળું અને સિનેમાજગતની કે અફવાઓની વાત કરનાર ચોપાનિયાં પૂરતું જ મર્યાદિત હોય છે આપણા વિદ્યાર્થીની ગુજરાતી ભાષાની ઉપલબ્ધિ અત્યંત પાંગળી બની છે. તેમની લેખિત કે મૌખિક રજૂઆતમાં કોઈ ઢંગધડો કે મેળ રહેતા નથી. એમની ગ્રહણશક્તિ પણ મર્યાદિત બનતી ગઈ છે. અન્ય વિષયોના સારા ગણાતા શિક્ષકો પણ ગુજરાતી ભાષાની બાબતમાં તો ઊણા જ ઊતરતા રહ્યા છે અપવાદો માફ. આમ એક વિષચક્ર ઊભું થયું છે. આપણા વિદ્યાર્થીઓ ગુજરાતી બોલે તે શેરીમાં બોલાતી ગુજરાતી બોલે, હિંદી ચલતી બોલે અને અંગ્રેજી પોતાની જ બોલે.

[૯ માર્ચ, ૧૯૮૨]

અંગ્રેજીનું પાંગળું જ્ઞાન

થોડાક સમય પહેલાં યુનિવર્સિટીના એક અધિકારમંડળની સભામાં અંગ્રેજી અને અંગ્રેજી વગરના વિદ્યાર્થીઓની ગુણવત્તા વિશે ચર્ચા ચાલી હતી. ચર્ચામાં એક સૂર એવો નીકળ્યો કે અંગ્રેજી વગરના વિદ્યાર્થીઓ ઊતરતી કક્ષાના છે અને અંગ્રેજી સાથે ભણતા વિદ્યાર્થીઓ ખૂબ હોશિયાર છે. આ માન્યતાનું એક કારણ એ છે કે ઉચ્ચ શિક્ષણની સાધના અને સિદ્ધિ માટે અંગ્રેજીનું સારું જ્ઞાન આવશ્યક છે. જેને 'એક્સેલન્સ' કહીએ છીએ એ 'એક્સેલન્સ' મેળવવા અંગ્રેજી વગર ચાલે એમ નથી. આમ છતાં બીજી બાજુ અંગ્રેજીના ફરજિયાત શિક્ષણનો વિરોધ પણ થાય છે.

અંગ્રેજી નહીં ભણનારા અમુક વિષયોમાં સારી ઉપલબ્ધિવાળા હોય છે. પણ અધકચરા શિક્ષણને કારણે, શાળામાં એ વિષય પ્રત્યે બતાવાતી બેદરકારીને કારણે, સારા શિક્ષકોના અભાવને કારણે, સારી વ્યવસ્થાના અભાવે આ વિદ્યાર્થીઓને પૂરતું અંગ્રેજીનું શિક્ષણ મળી શકયું નથી અને એથી એમને માથે આવી હીણપત ચોંટી રહી છે.

પણ મુખ્ય પ્રશ્ન આ નથી. આપણે ત્યાં હજી પણ ઊંચા શિક્ષણ માટે, સમાજવિદ્યા, વિજ્ઞાન અને ભાષાઓના પણ ઉત્તમ અભ્યાસ માટે અંગ્રેજીના સારા જ્ઞાનની આવશ્યકતા છે એમ કોઈ પણ સમજુ માણસ સ્વીકારશે. પણ આજે જે મોટો વર્ગ અંગ્રેજી ભણે છે અને અંગ્રેજી સાથે ડિગ્રી મેળવવાનો આત્મસંતોષ અને ગૌરવ લે છે એ બધા અંગ્રેજી ખરેખર ભણે છે ખરા? એટલે કે એમને અંગ્રેજી ભાષાનું પાયાનું પણ જ્ઞાન છે ખરું? કોઈ પણ ભાષાનું જ્ઞાન હોવું એટલે એ ભાષામાં લખાયેલાં પુસ્તકો સમજવાની આવડત પ્રાપ્ત થવી, એ ભાષામાં પોતાના વિચારો સાદીસરળ શૈલીમાં વ્યક્ત કરવાની આવડત આવવી.

ભાષાશિક્ષણનો આટલો માપદંડ સ્વીકારીને મૂલ્યાંકન કરીએ તો આપણા વિદ્યાર્થીઓ આ બાબતમાં તદ્દન પાંગળા માલૂમ પડ્યા છે. બુદ્ધ અંગ્રેજી વિષય લઈને સ્નાતક થનારા પણ અંગ્રેજી ભાષામાં સાદું છતાં સાચું લખવાની અભિવ્યક્તિ કેળવી શકતા નથી. એક ઉદાહરણ લઈએ. અમે નીચે જે કાગળ

રજૂ કરીએ છીએ એ વ્યક્તિએ અંગ્રેજીના મુખ્ય વિષય સાથે સેકન્ડ ક્લાસમાં બી. એ.ની પરીક્ષા પસાર કરી છે. બી. એડ્‌ની ઉપાધિ અંગ્રેજી વિષયની શિક્ષણ-પદ્ધતિ (ટિચિંગ મેથડ) સાથે મેળવી છે. કદાચ અંગ્રેજી વિષયના શિક્ષક તરીકે એ કામ કરે છે અને અંગ્રેજી મુખ્ય વિષય તરીકે લઈને એમ. એ.ના અભ્યાસ કરે છે. એમ. એ.માં પ્રવેશ મળતાં આનંદની લાગણી નીચે પ્રમાણે વ્યક્ત કરતો પત્ર યુનિવર્સિટીના એક અધિકારીને લખ્યો છે :

"I have received the admission letter to post-graduate course during the academic year 1974-'75 as sent by you. Sir, I have pleased having the admission letter and experiencing the merci to your Conscience to give me admission to your university."

આ પત્ર અક્ષરશ: અહીં ઉતાર્યો છે. હવે જે અંગ્રેજી મુખ્ય વિષય સાથે બીજા વર્ગમાં બી.એ. થનાર, ઉપરાંત અંગ્રેજીની શિક્ષણપદ્ધતિ થઈ બી. એડ્. થનાર જે આવું, આટલું બોટું અંગ્રેજી લખે તો પછી કેવળ અંગ્રેજી ભાષા એક ફરજિયાત વિષય તરીકે શીખનારના અંગ્રેજીના જ્ઞાનની તો વાત જ શી કરવી ? સાર્વત્રિક અજ્ઞાનના આ યુગમાં આપણે આ બધાને અંગ્રેજી શીખવવાની ફિશિયારી મારી મિથ્યા સંતોષ લઈએ છીએ અને યુનિવર્સિટીનાં અધિકાર-મંડળોમાં અંગ્રેજીવાળા વિદ્યાર્થીઓને બિરદાવતા રહ્યા છીએ અને આ અજ્ઞાનના પ્રસારમાં ભાગીદાર બનતા રહ્યા છીએ.

અંગ્રેજીના આવા પાંગળા જ્ઞાનનાં માઠાં ફળ આપણા-ગુજરાતના-યુવાનોને ઘણે સ્થળે ભોગવવાં પડ્યાં છે. ગુજરાતીની એક બહુ મોટી ઉદ્યોગસંસ્થા મુંબઈમાં છે. આ સંસ્થા પોતાની અનેકવિધ નોકરીઓમાં ગુજરાતી સ્નાતકોને પસંદગી આપવામાં બહુ ઉદાર હતી, બલકે આગ્રહી હતી, પણ ગુજરાતના વિદ્યાર્થીઓના અંગ્રેજી ભાષાના અતિશય કાચા જ્ઞાનને કારણે હવે એ સંસ્થાએ આ આગ્રહ પડતો મૂક્યો છે, કારણ આ સંસ્થામાં ભરતીની પસંદગી કૉમ્પ્યુટર દ્વારા થાય છે છેલ્લાં બેત્રણ વર્ષથી ગુજરાતની યુનિવર્સિટીઓના સ્નાતકો પસંદગી પામતા નથી. આ વાત સંસ્થામાં બહુ ઊંચો ઓદ્દો ધરાવતા એક અધિકારીએ એક યુનિવર્સિટીના કુલપતિશ્રીની હાજરીમાં કહેલી છે ટૂંકી દૃષ્ટિવાળી શિક્ષણ-નીતિનો ભોગ નિર્દોષ વિદ્યાર્થીઓ બનતા રહ્યા છે. બુદ્ધિની ગુંજાયશ બતાવવાનાં

તમામ ક્ષેત્રોમાં આપણા વિદ્યાર્થીઓ પાછા પડયા છે.

આ અવદશામાંથી બહાર આવવાના ઉપાયો બહુ ગંભીરતાપૂર્વક વિચારવા જોઈએ. જૂના મુંબઈ રાજ્ય વખતે ગુજરાતી પ્રધાનોની વિચારસરણીમાંથી મહારાષ્ટ્ર બહુ ઝડપભેર બહાર આવી ગયું છે અને ત્યાં અંગ્રેજીના શિક્ષણની વ્યવસ્થા નવેસરથી થઈ ગઈ છે. આજે માધ્યમિક શિક્ષણબોર્ડે ૭૫ માર્કનું અંગ્રેજી અને પાસ થવાને માટે ૧૫ માર્ક લાવવા જેવી વ્યવસ્થા ફરજિયાત બનાવી રડતીનાં આંસુ લૂછવા જેવી વાત કરી છે આપણો પ્રશ્ન તો અંગ્રેજી ભાષાના શિક્ષણને સારું અને પૂરતી ક્ષમતાવાળું બનાવવા અંગેનો છે

અંગ્રેજી શિક્ષણ ફરજિયાત કે મરજિયાતના ઝંઘડા જ ખોટા છે. સવાલ તો અંગ્રેજી, જેની આવશ્યકતા આજે સ્વીકારાયેલી છે તે સારું કેવી રીતે શીખવી શકાય તે અંગેનો છે. એશિયાના ચીન ,અને યુનાઈટેડ આરબ રિપબ્લિક સહિતના ઘણા દેશોમાં અંગ્રેજીને ફરજિયાત વિષય બનાવવામાં આવી છે તો આપણે અને ખાસ કરીને ગુજરાત રાજ્યે બીજાં રાજ્યોથી જુદા પડી અંગ્રેજીના શિક્ષણની વિરોધી જડ વિચારસરણી અપનાવવાની કોઈ જરૂર નથી એમાં આપણું હિત પણ નથી. વાસ્તવમાં તો પાંચમા ધોરણથી ઠેઠ દસમા ધોરણ સુધી એક એકમ ગણી અંગ્રેજીના શિક્ષણની વ્યવસ્થાનો પાંચમા ધોરણથી આરંભ કરવાનો વિચાર કરવો જોઈએ. આજે અંગ્રજી ભણાવવાનું ફરજિયાત છે પણ શાળાંત પરીક્ષા માટે મરજિયાત છે અને એ વિષમ સ્થિતિને કારણે કોઈ ધ્યાન આપતું નથી અને એ સારી રીતે શીખવાતી નથી.

અંગ્રેજી કે ગુજરાતી કોઈ પણ ભાષામાં આપણા વિદ્યાર્થીની અભિવ્યકિત ક્ષમતાપૂર્વક થતી નથી. જ્ઞાનસંપત્તિને વ્યકત કરવાનું આ મહત્ત્વનું ઓજાર બુઠ્ઠું બની ગયું છે. ભાષાશિક્ષણ જેમના હાથમાં છે તેમની બેદરકારી, તેમની અધૂરી કે અપૂરતી ક્ષમતા, વિદ્યાર્થીઓનો ભાષાશિક્ષણ પરત્વેનો અણગમો, વિજ્ઞાન અને ગણિતને જ અપાતું મહત્ત્વ જેવાં કારણો આ બધાં માટે જવાબદાર છે આપણાં અધ્યાપનવિદ્યાલયો–પ્રાથમિક અને માધ્યમિક બન્ને – માં પણ ભાષાશિક્ષણની તાલીમને ગૌણ સ્થાન અપાય છે અને પરિણામે કોઈ પણ વિષયના જ્ઞાનની અભિવ્યક્તિ જેના ઉપર અવલંબે છે તે શસ્ત્ર જ નકામું બન્યું છે. આપણી આખી શિક્ષણવ્યવસ્થા એની ધરી ઉપરથી ખસી ગઈ છે.

[૨૨ ઑકટોબર, ૧૯૭૪]

માતૃભાષાનું શિક્ષણ

આપણા દેશમાં ભાષાશિક્ષણનો પ્રશ્ન ચાકડે ચડેલો છે અને હજી સુધી કોઈ સ્પષ્ટ ઘાટ ઉતારી શકાયો નથી. પ્રાદેશિક ભાષા, અંગ્રેજી અને હિંદીને ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમમાં કયું અને કેવું સ્થાન આપવું એ વિશે સ્પષ્ટ દોરવણી મળતી નથી. દેશના બે ભાગો અંગ્રેજીવિરોધી અને હિંદીવિરોધી છાવણીઓમાં વહેંચાઈ ગયા છે અને તેનાં કદરૂપાં પ્રદર્શનો પણ થવા લાગ્યાં છે. આમ આ પ્રશ્ન શુદ્ધ શૈક્ષણિક રહેવાને બદલે થોડુંક રાજકીય મહત્ત્વ પણ પામ્યો છે.

વધારે નજીકની પરિસ્થિતિના સંદર્ભમાં આ પ્રશ્નને અવલોકીએ તો પણ ભાષાશિક્ષણ અંગેનું ચિત્ર ધૂંધળું છે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં વિવિધ વિદ્યાશાખાઓના પ્રિ. યુનિવર્સિટીના અભ્યાસક્રમનું માળખું નક્કી કરવા અંગે લેવાયેલા વિવિધ નિર્ણયો આની પ્રતીતિ કરાવે છે. વિજ્ઞાન વિદ્યાશાખાએ ગુજરાતી ભાષાના શિક્ષણને રુખસદ આપી હિંદીને અપનાવી, વાણિજ્ય વિદ્યાશાખાએ ગુજરાતી અને હિંદીને ભેગાં કરી પચાસ-પચાસ માર્કના એક પ્રશ્નપત્રને સ્વીકારી મનમનામણાં કર્યાં. જ્યારે વિનયન વિદ્યાશાખામાં ગુજરાતી અને હિંદી બન્નેને ફરજિયાત રાખી પૂરેપૂરા ત્રણ કલાકના સો માર્કના પ્રશ્નપત્રો રાખવાનો આગ્રહ અને તેનો વિરોધ, વળી હિંદીને ગુજરાતીના વિકલ્પમાં પણ ન રાખવાનો મત વગેરે એવા તીવ્ર ચર્ચાના વિષયો બન્યા કે લગભગ સાડા-પાંચ કલાકની ચર્ચાને અંતે પણ અંગ્રેજી, ગુજરાતી અને હિંદીના અભ્યાસક્રમનો સ્થાન અંગે કશો પણ નિર્ણય લઈ શકાયો નહિ. આ ચર્ચામાં વળી સંસ્કૃત જેવી પ્રશિષ્ટ ભાષાના સ્થાન અંગે પણ વિવાદ ઉપસ્થિત થયો અને આપણા સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવા તેમ જ આધુનિક ભારતીય ભાષા સારી રીતે શીખવવા સંસ્કૃતના અભ્યાસને ફરજિયાત બનાવવા અંગે પણ ઠીક ઠીક પ્રબળ મત હતો. વળી જો અંગ્રેજી, ગુજરાતી, હિન્દી અને સંસ્કૃત જેવી ચાર ભાષાઓને ફરજિયાત હેસિયતમાં શીખવવાનો પ્રબંધ થાય તો ભાષા સિવાયના બીજા વિષયોને શીખવવાની કેટલી ગોકળાશ રહે એ પણ વિચારવા જેવો પ્રશ્ન છે.

પણ આ બધી ચર્ચાના જટાગુંડમાં અમારી દૃષ્ટિએ એક મહત્ત્વનો પ્રશ્ન

અટવાઈ ગયેા છે અને તે પ્રશ્ન ભાષાને સારી રીતે શીખવવાનેા. અમારે મન અંગ્રેજી, ગુજરાતી કે હિન્દીને કઈ હેસિયતમાં શીખવવાનેા પ્રશ્ન એટલેા મહત્ત્વનેા નથી જેટલેા એ ભાષાઓને સારી રીતે શીખવવાનેા પ્રશ્ન મહત્ત્વનેા છે. એસ. એસ. સી. ની પરીક્ષા પાસ કરી કૅાલેજમાં આવતેા વિદ્યાર્થી ગુજરાતી અગિયાર વર્ષ શીખે છે, અંગ્રેજી ચાર વર્ષ શીખે છે અને હિન્દી સાત વર્ષ શીખે છે. આ બધી જ ભાષાઓ ફરજિયાત છે અને છતાં એમાંથી એકે ભાષામાં એ પારંગત નથી એટલું જ નહિ પણ પેાતાની માતૃભાષાના બંધારણની સામાન્ય સમજનેા પણ એનામાં અભાવ છે. ગુજરાતી ભાષા એને સારી રીતે લખતાં, વાંચતાં, બેાલતાં આવડતી નથી. આ એક એટલી સ્વયંસ્પષ્ટ હકીકત છે કે એ ચર્ચાનેા વિષય જ નથી. અંગ્રેજી અને હિન્દીની એના કરતાં વિપરીત દશા છે. આ પરિસ્થિતિમાં કૅાલેજકક્ષાએ આ ભાષાઓને એકાદ વર્ષ વધારે ફરજિયાત શીખવવાથી કેાઈ ફેર પડવાનેા નથી અને એથી ફરજિયાત કે વૈકલ્પિક શિક્ષણ એનું મહત્ત્વ બેાદ્ધ એસે છે.

આપણે ત્યાં ગુજરાતી ભાષા યુનિવર્સિટીક્ષેત્રે માધ્યમ બન્યાને ઠીક ઠીક સમય થયેા છે છતાં ગુજરાતી ભાષાના અધ્યાપકેા સિવાયના બીજા વિષયેાના અધ્યાપકેા હજી પૂરતી ક્ષમતાથી ગુજરાતી ભાષાને વાપરી શકતા નથી. તેમનાં પુસ્તકેામાં ભાષાની કચાશ છે. તેમણે વિદ્યાર્થીઓને આપેલી નેાટ્સમાં ભાષાની દૃષ્ટિએ ઢંગધડેા હેાતેા નથી એને તેમનું વ્યક્તિગત લખાણ પણ પુષ્કળ ખામીભર્યું હેાય છે. નવા બનેલા અધ્યાપકેામાં અંગ્રેજીની પણ ગુંજાયશ નથી એટલે જ્ઞાનપ્રાપ્તિ અને અભિવ્યક્તિના પ્રાણરૂપ આ બન્ને ભાષાઓનાં તેમનાં સાધન ઊણાં છે.

આપણે ત્યાંની ભાષાશિક્ષણની આ વિપરીત છતાં સાચી હકીકત છે. એવી પરિસ્થિતિમા ભાષાશિક્ષણની ક્ષમતા વધારવાનેા સન્નિષ્ઠ પ્રયત્ન કરવાનેા સમય આવી પહેાંચ્યેા છે. એ અંગે જો ત્વરે ઉપાયેા લેવામાં નહિ આવે તેા વિકસતા જતા શિક્ષણના વ્યાપમાં એનાં દૂરગામી વિપરીત પરિણામેા આવશે.

અમને એમ પણ લાગે છે કે કેાઈ પણ ભાષાને સારી રીતે શીખવવાનેા પ્રયત્ન પ્રાથમિક, માધ્યમિક શિક્ષણકક્ષાએ જ થવેા જોઈએ. કૅાલેજકક્ષાએ ભાષાશુદ્ધિ લાવવાની શક્યતા બહુ ઓછી છે, એક તેા લાંબા સમયથી પડેલી લઢણેા છેાડાવવાનું કામ મુશ્કેલ છે અને બીજું કૅાલેજશિક્ષણની ભાષણિયા પદ્ધતિ એ માટે યેાગ્ય

નથી. વળી બીજા વિષયોની સાથે ભાષાશિક્ષણને પૂરતો સમય પણ મળી શકે એમ નથી. એથી ભાષાશિક્ષણને સમૃદ્ધ બનાવવાના ઉપાયો શાળાકક્ષાએ લેવાવા જોઈએ ? આ ઉપરથી એક વાત એ પણ સાબિત થઈ ચૂકી છે કે અત્યારની ભાષાશિક્ષણની પદ્ધતિ સફળ થઈ શકી નથી. ભાષાશિક્ષણમાં 'ઓબ્જેકટિવ' પ્રશ્નોએ આપણા વિદ્યાર્થીઓની અભિવ્યક્તિની શક્તિને કુંઠિત કરી નાખી છે. તેઓ ઝડપથી વાંચી શકતા નથી અને એટલી તેમની ગ્રહણશક્તિ પણ વિકસી શકી નથી. વ્યાકરણના શિક્ષણનો છેદ ઉડાવી દેવાયાથી ભાષાબંધારણની ખબર વિદ્યાર્થીઓને પડતી નથી અને તેમનો ભાષા ઉપરનો કાબૂ કેળવાતો નથી. તેમનું વાચન પાઠ્યપુસ્તક પૂરતું જ મર્યાદિત બન્યું છે અને તેથી તેમના જ્ઞાનનો વ્યાપ મર્યાદિત બન્યો છે. તેમની શૈલી કેળવાઈ નથી. આવું અધૂરું અને અપૂરતું શિક્ષણ એવા જ અપૂરતી આવડતવાળા શિક્ષકો દ્વારા અપાય છે અને તેથી અપૂરતું આ શિક્ષણ પણ પૂરતી ક્ષમતાથી અપાતું નથી અને એને કારણે પણ વિદ્યાર્થીઓમાં વાચનનો શોખ શિક્ષકો કેળવી શકતા નથી. જૂના જમાનામાં માત્ર સાતમી ચોપડી ભણી ટ્રેઈન્ડ થયેલા પ્રાથમિક શિક્ષકો પણ ગુજરાતી ભાષા અને ગણિત જેવા વિષય જેટલી સારી રીતે શીખવતા તેટલી સારી રીતે આજના ગ્રેજ્યુએટો પણ શીખવતા નથી. આજે પ્રાથમિક શિક્ષણને જે ઉદ્યોગતરફી ઝોક મળ્યો છે તેણે આ પરિસ્થિતિ ઊભી કરી છે.

માતૃભાષાના શિક્ષણની આજની આવી અવદશા નિવારવા અમે નીચેના કેટલાક ઉપાયો સૂચવીએ છીએ.

(૧) ગુજરાતી ભાષાનું શિક્ષણ તે વિષયમાં પૂરતી યોગ્યતા મેળવી હોય એવા શિક્ષકોના હાથમાં જ સોંપવું જોઈએ. આ શિક્ષકોના ઉચ્ચાર, જોડણી અને ભાષાનાં પદોનું જ્ઞાન સારું હોવું જરૂરી છે. (૨) ભાષાનું બંધારણમૂલક વ્યાકરણ ઠેઠ ચોથા ધોરણથી શીખવવાની શરૂઆત કરી નવમા ધોરણ સુધીમાં પૂરેપૂરું શીખવી દેવું જોઈએ. (૩) પ્રશ્નપત્રોની રચનામાં પણ સાહિત્યિક અને ગ્રહણશક્તિના અને વ્યાકરણના અંશો સરખી રીતે સમાવી લેવાવા જોઈએ. (૪) ઑબ્જેક્ટિવ ટેસ્ટને નામે જે પ્રકારનાં જોડકાં જોડવાના પ્રશ્નો પુછાય છે તે માતૃભાષા પૂરતા તે બંધ થવા જોઈએ. (૫) સાતમા ધોરણથી જોડણીકોશનો ઉપયોગ કરતાં વિદ્યાર્થીને ટેવ પાડવી જોઈએ અને તે અંગેનો એક ખાસ તાસ રાખવો જોઈએ (૬) માતૃભાષાનું શિક્ષણ આપતા શિક્ષકોના કાર્ય પર નિષ્ણાતો

દ્વારા નિરીક્ષણ થવું જોઈએ. (૭) ત્વરિત વાચન અને ગ્રહણશક્તિ ઉપર ભાર મુકાવો જોઈએ અને તે માટે ક્લાસ-લાયબ્રેરીનો પૂરતો ઉપયોગ ચીવટપૂર્વક થાય એ જોવાવું જોઈએ. (૮) વાચન, કાવ્યપઠન અને ગ્રહણશક્તિના પરીક્ષણ માટે મૌખિક પરીક્ષા રખાવી જોઈએ તેમ જ વિદ્યાર્થીઓએ લખેલા નિબંધો અને બીજું લેખન ખંતપૂર્વક તપાસાય અને તેમાંની ભૂલો પણ કાળજીપૂર્વક વિદ્યાર્થીઓ સુધારે એ નિયમ આગ્રહપૂર્વક પળાવો જોઈએ. (૯) આ. માટે જોઈએ તો વર્ષ દરમિયાન લખવાના નિબંધોની સંખ્યા ભલે ઓછી થાય પણ જે લખાય તે સુધારાય જ એ નિયમ અનિવાર્ય રીતે પળાવો જોઈએ. અક્ષરસુધારણાનો પણ ઉપાય લેવો જોઈએ. (૧૦) દસમા તથા અગિયારમા ધોરણમાં સંચયો (સિલેકશન્સ)ને બદલે **ગદ્ય** ને પદ્યની સળંગ કૃતિઓ નિયત થવી જોઈએ. (૧૧) ભાષાશિક્ષણના 'રિફ્રેશર' કોર્સીસ પ્રતિવર્ષ રાખવા જોઇએ અને ભાષાશિક્ષકે ફરજિયાત તેમાં હાજરી આપવી જોઈએ. (૧૨) ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ભાષાના શિક્ષણની પદ્ધતિઓમાં બને એટલો સમન્વય સાધવા ત્રણે ભાષાઓના નિષ્ણાતોની સેમિનાર યોજવી જોઈએ. (૧૩) પ્રાથમિક શિક્ષકોની ટ્રેઈનિંગ કૉલેજોમાં ઉદ્યોગ કરતાં ગણિત અને ભાષાશિક્ષણના વિષયો ઉપર ભાર મુકાવો જોઇએ.

[૩ ઑક્ટોબર, ૧૯૬૭]

આપણે ક્યારે જાગીશું ?

પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ સાહિત્યપરિષદના સૂરત ખાતે ભરાયેલા અધિવેશનમાં આપેલા પોતાના સ્વાગતપ્રવચનમાં બહુ સૂચક રીતે જણાવ્યું છે કે, "ઉત્તમોત્તમ શિક્ષણ, તાલીમ અને ઉપાધિ માટે જર્મની, ઇંગ્લેન્ડ અને અમેરિકા પર મીટ મંડાય એ કંઈ સામાજિક સ્વાસ્થ્યની નિશાની નથી." પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની આ નોંધ બહુ સૂચક અને સચોટ છે. બ્રિટિશ રાજ્યામલ દરમિયાન જ્યારે આપણે ત્યાં ઊંચા શિક્ષણ માટે અથવા તો અમુક વિદ્યાશાખાના શિક્ષણ માટે વ્યવસ્થા નહોતી ત્યારે તેવું શિક્ષણ મેળવવા વિદ્યાર્થીઓ પરદેશ જતા અને તેમની સંખ્યા તે જમાનામાં બહુ મોટી નહોતી. પરંતુ આજે તો પરદેશ જવ ની એક ફૅશન થઈ પડી છે અને જેમની પાસે સાધનસંપત્તિ છે તે ભણવાને નામે પરદેશ ઊપડી જાય છે. આજે તો આ વૃત્તિ એવી વિકૃત સ્વરૂપે પહોંચી છે કે હજી તો બાળક માધ્યમિક શાળાની કક્ષાએ હોય છે ત્યારે તેનાં માબાપ એને પરદેશ મોકલવાની ઉંફાશ મારતાં હોય છે.

વળી પરદેશ જનારા બધા જ વિદ્યાર્થીઓ પ્રથમ કક્ષાના હોતા નથી. એમાંના કેટલાક તો સાધારણ કક્ષાના જ હોય છે અને છતાં પૈસાને જોરે કે પછી લાગવગને જોરે પરદેશ જતા હોય છે અને ત્યાંથી કશું વિશેષ મેળવ્યા વિના પાછા આવતા હોય છે. હોશિયાર વિદ્યાર્થીઓ માટે ઊંચી તાલીમની વ્યવસ્થા આ દેશમાં છે છતાં પરદેશ જવાનું વલણ વધારે પ્રમાણમાં દેખાય છે. આ બાબત માટે અમુક અંશે સરકારની નીતિ પણ જવાબદાર છે. પરદેશમાં અમસ્થો આંટો મારી આવનારાઓની પણ માર્કેટ વૅલ્યુ ' સરકાર ઘણી ઊંચી આંકે છે અને તે પ્રમાણે તેમને પગાર અપાય છે. પરદેશ જવાનાં પ્રલોભનોમાં આ પણ એક છે.

આ બાબત અંગે એક જાણેલો કિસ્સો ઉતારવા જેવો છે. એક યુવાન વિદ્યાર્થીએ ઍન્જિનિયરિંગની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી. એને સલાહ આપવામાં આવી કે હવે અહીં કોઈ સંસ્થામાં રહી પ્રત્યક્ષ અનુભવ મેળવી સ્થિર થઈ જવું. આ દલીલના પ્રત્યુત્તરમાં અપાયેલો જવાબ ધ્યાનમાં રાખવા જેવો છે : "અહીં જો હું અત્યારે રહું તો મને પ્રથમ વર્ગ હોવા છતાં બસોથી ત્રણસો રૂપિયા જ પગાર

મળે, પણ જો એ વર્ષ હું અમેરિકામાં કાઢી આવું તો આવતાંની સાથે શરૂઆતમાં જ સાતસોથી આઠસોનો પગાર મળે. વળી અમેરિકામાં ભણવાની સાથે નોકરી કરી થોડાક ડૉલર ભેગા કરવાની સગવડ મળે તે જુદી અને એમ પરદેશ જવા પાછળ ખર્ચેલાં નાણાં તો કયાંય ભેગાં થઈ જાય." પરદેશ જવાની ઇચ્છા રાખનાર બધાની જ લગભગ આ દલીલ છે અને તેથી પરદેશ જઈ આવનારનું ઊંચું મૂલ્ય આંકવાની સરકારની અને બીજી પેઢીઓની નીતિરીતિ પરદેશ તરફ મીટ મંડાવવા માટે જવાબદાર છે.

આ જ બાબતમાં તાજેતરમાં ભરાઈ ગયેલા ઈન્ડિયન સાયન્સ કૉંગ્રેસ અધિવેશનના અધ્યક્ષ શ્રી. બી. એન. પ્રસાદે પણ કડવી ફરિયાદ કરી છે. પરદેશમાં તાલીમ પામી આવેલા સાયન્ટીસ્ટો ભારતની યુનિવર્સિટીમાં તાલીમ પામેલા સાયન્ટીસ્ટો કરતાં ચઢિયાતા છે એવી માન્યતાને એમણે પડકાર ફેંકયો છે. એમણે તો એટલે સુધી કહ્યું છે કે શ્રેષ્ટ વિદ્યાર્થીઓને અહીં ફેલોશિપ મળે છે અને તે દેશમાં જ રહે છે. એનાથી ઊતરતા વિદ્યાર્થીઓ પરદેશ જવા માટે ફેલોશિપ શોધતા હોય છે. એમણે એમ કહ્યું કે પરદેશ જઈ આવેલા વિજ્ઞાનીઓ દેશમાં જ ભણેલા વિજ્ઞાનીઓ કરતાં ચઢિયાતા છે એવી માન્યતા ફેલાયેલી છે. તે માટે જવાબદાર સરકારની નીતિ છે. 'સાયન્ટિસ્ટ પૂલ' માં જોડાનાર પાસે જો પરદેશની ડૉકટરેટ ડિગ્રી હોય તો સરકાર તેને મહિને છસો રૂપિયા આપે અને દેશની જ ડિગ્રી હોય તો માત્ર રૂપિયા ચારસો જ આપે. સરકારે પોતે જ સાયન્ટિસ્ટોમાં આ જાતનો પંકિતભેદ ઊભો કરેલો છે અને તેથી જ આપણા દેશમાં સંશોધન વગેરેની સગવડો હોવા છતાં સાયન્ટીસ્ટો પરદેશ જવા લલચાય છે સરકારની આ નીતિ રાષ્ટ્રીય સ્વમાનને હાનિ પહોંચાડનારી હોવા ઉપરાંત હૂંડિયામણની આ તંગીના સમયમાં આર્થિક રીતે દેશને ન પોષાય એવી પણ છે. સરકારે નક્કી કરી દેવું જોઈએ કે જે વિષયો શીખવવા માટે દેશમાં પૂરેપૂરી સગવડ હોય તે વિષયો શીખવવા માટે પરદેશ જવાનો પાસપોર્ટ આપવો નહિ આનાથી થોડીક વ્યકિતગત અગવડ ઊભી થશે પણ પ્રત્યેક વિકાસ પામતા જતા દેશને પોતાને ત્યાંથી પરદેશ વહી જતી બુદ્ધિમત્તાને રોકવાનો હક્ક છે આ નકારાત્મક પગલાં સાથે આપણા દેશમાં ઊંચા શિક્ષણ માટે સંશોધન વગેરેની સગવડો ઊભી કરવાનાં પગલાં પણ ભરવાં જોઈશે. માટે જ ડૉ. પ્રસાદે દેશમાં ઊંચા શિક્ષણ માટેની વિવિધ સંસ્થાઓ ઊભી કરી તેમાં પરદેશમાંથી અધ્યાપકો નીમવા માટે ભલામણ કરી છે. જતે દિવસે આ પદ્ધતિ સરતી પડશે અને મોટી સંખ્યામાં વિજ્ઞાનીઓને

તાલીમ આપી શકાશે.

આ ઉપરાંત પરદેશનું રંગીલું વાતાવરણ, આરામપ્રદ જીવન, જીવવાની સગવડો, ધન કમાઈ લેવાનું પ્રલોભન પણ અહીંના યુવકોને પરદેશ જવાને માટે લલચાવે છે. અને તેથી સામાન્ય કક્ષાના વિદ્યાર્થીઓ પણ પરદેશમાં જાય છે તેમને ત્યાં અનુકૂળ થવાનું પણ કપરું લાગે છે આ બધું ધ્યાનમાં લઈ કૂંડિયામણ ફાળવવાની અને પાસપોર્ટ આપવાની નીતિ સરકારે કડક બનાવવી જોઈએ.

[૧૮ જાન્યુઆરી, ૧૯૬૬]

ગુજરાતી બાળકને જ ગુજરાતી નહિ ?

આપણે ત્યાં હવે તો માત્ર મોટાં શહેરોમાં જ નહિ પણ કસબાઓમાં પણ અંગ્રેજી માધ્યમની શાળાઓ ખૂલી છે. આવી શાળાઓમાં માતૃભાષાના શિક્ષણની સરિયામ ઉપેક્ષા કરવામાં આવે છે. સૂરતમાં ચાલતા કેન્દ્રીય વિદ્યાલય (સેન્ટ્રલ સ્કૂલ)માં અંગ્રેજી અને હિન્દીનાં માધ્યમો દ્વારા અભ્યાસ કરાવાય છે. આ શાળામાં ગુજરાતી કોઈ પણ કક્ષાએ એક વિષય તરીકે પણ શીખવાતી નથી. ખુદ ગુજરાત રાજ્યના શિક્ષણખાતા તરફથી અંગ્રેજી માધ્યમની માન્ય શાળાઓમાં પણ ગુજરાતીના વિષયની અવગણના કરવામાં આવે છે. આવી અંગ્રેજી માધ્યમિક શાળાઓમાં અને સૂરતના ખુદ કેન્દ્રિય વિદ્યાલયમાં પણ નેવું ટકા વિદ્યાર્થીઓ ગુજરાતીઓ છે અને ત્યાં જ ગુજરાતી ભાષાના શિક્ષણની અવગણના થઈ રહી છે.

એક જ ઉદાહરણ લઈએ. ગયે વર્ષે સાતમા ધોરણની પરીક્ષા માટેના પ્રશ્નપત્રો બોર્ડ તરફથી કાઢવામાં આવ્યા હતા. એમાં અંગ્રેજી માધ્યમની શાળાઓ માટે હિંદીનો પ્રશ્નપત્ર બોર્ડ તરફથી કાઢવામાં આવ્યો હતો, જ્યારે ગુજરાતીનો પ્રશ્નપત્ર શાળાઓએ પોતે જ કાઢ્યો હતો. આમાં ગુજરાતીનું સ્પષ્ટ અવમૂલ્યન માલૂમ પડે છે. અંગ્રેજી માધ્યમની શાળાઓમાં જ્યાં મોટાભાગના વિદ્યાર્થીઓ ગુજરાતીભાષી હોય છે ત્યાં ભાષાશિક્ષણનો પ્રશ્ન અતિશય ગંભીર બનતો જાય છે. ગુજરાતી માધ્યમના પહેલા ધોરણમાં કે બીજા ધોરણમાં ભણતા બાળકને શાળાના સમયબહાર અંગ્રેજી ભણાવવામાં આવે છે જ્યારે અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકને ગુજરાતીના શિક્ષણની શરૂઆત જ ત્રીજા ધોરણથી થાય છે. પરિણામે આ બાળકો ગુજરાતીભાષા હોવા છતાં એમનું ગુજરાતીનું જ્ઞાન ઘણું પાંખું રહી જાય છે. આવા વિદ્યાર્થીઓ અતોભ્રષ્ટ અને તતોભ્રષ્ટની માફક કોઈ પણ એક ભાષાનું જ્ઞાન સારી રીતે સંપાદન કરી શકતા નથી અને તેમાં સૂરતના કેન્દ્રિય વિદ્યાલય જેવી શાળામાં–જ્યાં ગુજરાતી બિલકુલ જ ભણાવાતી નથી, ત્યાં-તો ગુજરાતીભાષી વિદ્યાર્થીઓ તો ગુજરાતીના લગભગ અક્ષરજ્ઞાન વિનાના જ રહે છે. ગુજરાતમાં સૂરતનું જ કેન્દ્રિય વિદ્યાલય એવું છે જેમાં ગુજરાતીના શિક્ષણનો કોઈ પ્રબંધ નથી. બાકી ગુજરાતનાં અન્ય શહેરોમાં આવેલાં કેન્દ્રિય વિદ્યાલયોમાં ગુજરાતીના શિક્ષણનો પ્રબંધ છે. સૂરતને માટે આ નામોશીરૂપ ગણાવું જોઈએ.

[૧૭ જુલાઈ, ૧૯૭૯]

સંસ્કૃતશિક્ષણની અવજ્ઞા

શિક્ષણની પુનર્રચના

રાષ્ટ્રકક્ષાએ માધ્યમિક શિક્ષણવ્યવસ્થાની પુનર્રચનાનો સિદ્ધાંત સ્વીકાર્યાના સમાચાર પ્રગટ થયા છે. માધ્યમિક અભ્યાસવ્યવસ્થા દસ વર્ષની રાખવાની અને તે દરમિયાન વ્યાપક શિક્ષણ (જનરલ એજ્યુકેશન) આપવાના સિદ્ધાંતનો સ્વીકાર થયો છે અને લગભગ તમામ રાજ્યોએ એ સિદ્ધાંત સ્વીકાર્યો છે. એના અનુસંધાનમાં નેશનલ કાઉન્સિલ ફોર એજ્યુકેશન અને રિસર્ચ તરફથી તો આ દસ વર્ષ દરમિયાન કયા વિષયો અને વિષયજૂથો શીખવવાં એ અંગેની યાદી પણ પ્રગટ થઈ ચૂકી છે.

આ આખી વ્યવસ્થાના સંદર્ભમાં ગુજરાતમાં ઘણું મોટું પરિવર્તન લાવવાની જરૂર ઊભી થશે. આજે આપણે ત્યાં ૧૧-૪ની વ્યવસ્થાને બદલે માધ્યમિક કક્ષાએ દસ વર્ષની અભ્યાસવ્યવસ્થા સ્વીકારાઈ છે અને તેનો પૂરેપૂરો અમલ ચાલુ શૈક્ષણિક વર્ષથી થઈ રહ્યો છે. પણ જે દસ વર્ષ આપણે નક્કી કર્યાં છે તેમાં પહેલાં સાત વર્ષ પ્રાથમિક શિક્ષણનાં ગણ્યાં છે અને બીજાં ત્રણ વર્ષ માધ્યમિક શિક્ષણનાં ગણ્યાં છે.

આ વ્યવસ્થાને કારણે માધ્યમિક શિક્ષણનો ગાળો ઘણો ઓછો થયો છે અને અંગ્રેજી, સંસ્કૃત કે ગણિત જેવા વિષયો દસમા ધોરણથી વૈકલ્પિક બની જતાં આ વિષયો શીખવવા માટે કેવળ બે જ વર્ષો મળે છે જે પર્યાપ્ત નથી. બે વર્ષ દરમિયાન કોઈ પણ વિષયનું શિક્ષણ વિદ્યાર્થીને સાધારણ ઉપલબ્ધિ થાય એટલું પણ આપી શકાતું નથી. પરિણામે કેવળ માધ્યમિક શિક્ષણ લઈને જ અભ્યાસ છોડી દેનાર વિદ્યાર્થી ગણિત, અંગ્રેજી કે વિજ્ઞાન જેવા વિષયોમાં કશું પણ પામ્યા વિના બહાર પડે છે અને તેને આજીવિકા માટેનું કોઈ ભાથું મળતું નથી.

છ વર્ષનો ગાળો રાખો

આપણે ત્યાં પહેલાં ૧૯૫૯ સુધી પ્રાથમિક શિક્ષણ પહેલાં ચાર ધોરણ સુધીનું ગણાતું અને માધ્યમિક શિક્ષણ પાંચમા ધોરણથી શરૂ થયું પરન્તુ

પાંચમા ધોરણથી અંગ્રેજીના શિક્ષણની માગણી થતાં શૈક્ષણિક નહીં પણ રાજકીય નિર્ણય લઈને પહેલાં સાત ધોરણોને પ્રાથમિક શાળામાં મૂકી દીધાં. પરિણામે આખી શિક્ષણવ્યવસ્થા ખોરવાઈ ગઈ એટલું જ નહિ પણ ઘણા વિષયોમાં શિક્ષણનું ધોરણ ઊતરી ગયું. આ આખી રચના ફેરવવાની જરૂર ઊભી થઈ છે.

આપણે દસ વર્ષના અનુસંધાનમાં ઘનિષ્ઠ અભ્યાસક્રમ રચ્યો છે. આ અભ્યાસક્રમ સારી રીતે શીખવવા માટે ખાસ તો વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોની બાબતમાં સુસજ્જ ભૌતિક સુવિધા અને યોગ્ય લાયકાતવાળા શિક્ષકોની જરૂર રહે છે સ્થાનિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી પ્રાથમિક શાળાઓમાં આ બન્નેનો અભાવ છે અને તેથી પૂરતી તૈયારી વિનાનાં બાળકો માધ્યમિક શિક્ષણ માટે જાય છે અને ત્યાં પણ અપૂરતા સમય દરમિયાન કશું પણ પામી શકતાં નથી આખું આપણું શૈક્ષણિક માળખું, ખખડી ગયેલા પાયા ઉપર ટકી રહ્યું છે.

નવી અભ્યાસવ્યવસ્થાને ફળદાયી બનાવવા માટે પહેલાં ચાર ધોરણોને પ્રાથમિક ધોરણો ગણવાં. પાંચથી દસ ધોરણોને માધ્યમિક ગણવાં જો પાંચથી સાત ધોરણો માધ્યમિક કક્ષાનાં ગણાય અને માધ્યમિક શાળાઓમાં ચાલે તો ફીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કારણ માધ્યમિક શિક્ષણ મફત થયેલું જ છે. પાંચથી સાત ધોરણોને માધ્યમિક શાળાઓમાં જોડવાને પ્રોત્સાહન આપવું જોઈએ જેથી શિક્ષણનાં ધોરણો સુધરે અને નવો અભ્યાસક્રમ ઉપયોગી બને. આ રીતની નવરચના વિના કશું સુધરી શકે એમ નથી.

સંસ્કૃતના શિક્ષણની અવજ્ઞા

આપણા માધ્યમિક શિક્ષણક્ષેત્રે સંસ્કૃતના શિક્ષણની ભારે અવજ્ઞા થઈ રહી છે એની નોંધ અમે કરી ગયા છીએ. એના અનુસંધાનમાં અમને કેટલીક મહત્ત્વની વાતો જુદા જુદા મિત્રો તરફથી મળી છે. ઘણી માધ્યમિક શાળાઓમાં દસમા ધોરણમાં સંસ્કૃતના શિક્ષણનો પ્રબંધ જ કરવામાં આવતો નથી. વિદ્યાર્થીઓને સંસ્કૃત શીખવું હોય તો પણ આવી જોગવાઈને અભાવે સંસ્કૃતનો વિષય એ શીખી શકતા નથી. આવું તો મુદ્દ સૂરત શહેરની શાળાઓમાં પણ બન્યાનું નોંધાયું છે તો પછી ગામડાની શાળાઓની સ્થિતિ તો આના કરતાં વધારે વિપરીત હોવાનો સંભવ છે.

વળી સંસ્કૃતની બાબતમાં અભ્યાસક્રમવ્યવસ્થામાં એક ભારે વિસંગતતા ઊભી થઈ છે. અભ્યાસક્રમ નક્કી કરનારા, પાઠ્યપુસ્તક લખનારા અને તેને

અમલમાં મૂકનારા વચ્ચે કોઈ સંકલન નહીં હોવાથી સંસ્કૃતનો અભ્યાસક્રમ ત્રિશંકુની દશામાં મૂકાયો છે. અભ્યાસક્રમ નક્કી કરનારાઓએ જે અભ્યાસક્રમ આઠમા ધોરણ માટે નક્કી કર્યો તે, અઠવાડિયાના પાંચ તાસ મળશે એવી સૂચનાનુસાર પાંચ તાસ દ્વારા તે થઈ શકે એ રીતે નક્કી કર્યો. પાઠ્યપુસ્તક લખનારાઓએ પણ અઠવાડિયાના પાંચ તાસ મળશે એ અપેક્ષાએ તેમની સમક્ષના સમગ્ર અભ્યાસક્રમને સમાવી લેતું આઠમા ધોરણનું પાઠ્યપુસ્તક તૈયાર કર્યું. પણ જ્યારે અભ્યાસક્રમ અમલી બનાવાયો ત્યારે સંસ્કૃતના વિષયને આપવાના પાંચ તાસ ઘટાડીને ત્રણ જ તાસ આપવામાં આવ્યા અને જ્યે નવી ભાષાના શિક્ષણનો આરંભ કરાતો હોય, પાંચ તાસના અનુસંધાનમાં અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તક તૈયાર થયાં હોય તો એ અભ્યાસક્રમ ત્રણ તાસમાં કેવી રીતે પૂરો કરવો ? પરિણામે આઠમા ધોરણનો સંસ્કૃતનો અભ્યાસક્રમ ભડકાવનારો બન્યો. વિચિત્રતા તો એ ઊભી થઈ કે આઠમા ધોરણનો અભ્યાસક્રમ ભારે અને એનું પાઠ્યપુસ્તક લગભગ દોઢસો પાનાંનું, નવમા ધોરણનો અભ્યાસક્રમ એનાથી ઓછો સહેલો. એનું પાઠ્યપુસ્તક સવાસો પાનાંનું અને દસમા ધોરણનો અભ્યાસક્રમ એનાથી પણ સહેલો અને એનું પાઠ્યપુસ્તક સિત્તેરેક પાનાનું. આપણે ત્યાં શિક્ષણવ્યવસ્થા કેવી ઢંગધડા વગરની બની છે અને તે કેવી રીતે ચલાવી લેવાય છે તેનો આ નમૂનો છે.

વળી દસમા ધોરણમાં સંસ્કૃતને એવા વૈકલ્પિક જૂથમાં મૂકવામાં આવી છે કે એના વિકલ્પમાં મુકાયેલા વિષયો પ્રમાણમાં સહેલા છે. પરિણામે વિદ્યાર્થી સંસ્કૃતને બદલે સહેલો વિષય પસંદ કરે. સંસ્કૃતને જો વૈકલ્પિક જ બનાવવી હોય તો એને ગણિતના જૂથમાં મૂકવી જોઈએ. જેથી શીખવાની ગુણવત્તા અને શીખવાની શક્તિક્ષમતાની સમાનકક્ષા જળવાઈ રહે.

આપણી કેળવણીનો ઝોક વધારે ને વધારે ઉપયોગિતા તરફ ઢળતો ગયો છે. પરિણામે માનવીને માનવી બનાવે એવી હૃદયમનની કેળવણીની સદંતર અવગણના થઈ છે. સાહિત્યને સાહિત્ય તરીકે શીખવા કે શીખવવા તરફ સૂગ વધી છે. વિજ્ઞાન અને વાણિજ્યના વિદ્યાર્થીઓને તો કવિતા શીખવા તરફ અણગમો થયો છે અને તેને આપણી યુનિવર્સિટીઓનાં અધિકારમંડળોએ પ્રોત્સાહન આપ્યું છે. કેમ જાણે તેમને હૃદય જ નહીં હોય. વિજ્ઞાન અને યંત્રવિદ્યામાં પારંગત, વાણિજ્ય-

વેપારમાં પાવરધા છતાં ધર્મ, સંસ્કૃતિ, ફિલસૂફી અને માનવહૃદયનાં કુમળાં સંવેદનોના શિક્ષણથી વંચિત એવી પ્રજા આપણે ઘડી રહ્યા છીએ અને આપણે વાતો વધતા જતા ભ્રષ્ટાચારની કરીએ છીએ, બગડતાં જતાં નૈતિક મૂલ્યોની ફરિયાદ કરીએ છીએ. ગમે તેવા પારંગત ડૉક્ટર કે વેપારી, નિપુણ તબીબ કે કાર્યદક્ષ વહીવટી અમલદારને જગપ્રસિદ્ધ ગીતાનો શ્લોક વાંચતાં ન આવડે કે એકાદ સુભાષિતની માહિતી ન હોય તો તે આપણી કેળવણીની છેવટે તો નામોશી જ બની રહેશે. સંસ્કૃત ભાષામાં રેડિયો-બુલેટિન પ્રસિદ્ધ કરવાથી એનો પ્રેમ નહિ કેળવાય. સંસ્કૃત ભાષા પ્રત્યેનો પ્રેમ તો શાળામાંના શિક્ષણ દ્વારા જ કેળવી શકાય. એક બાજુ રેડિયો પર સંસ્કૃતમાં સમાચાર પ્રગટ થાય બીજી બાજુ શિક્ષણમાં તેનો છેદ ઉડાવાય ! બલિહારી છે આપણા શિક્ષણની.

[૯ સપ્ટેમ્બર, ૧૯૭૫]

પરીક્ષા સંચાલન અને સુધારણા : કેટલાંક સૂચનો

[શિક્ષણની પ્રક્રિયામાં પરીક્ષણ એ આખી પ્રક્રિયાનું અંતિમ બિંદુ છે. એનો હેતુ એ પ્રક્રિયાથી કયો વિદ્યાર્થી કેટલો પ્રભાવિત થયો છે, સમાજને માટે એ કેટલો ઉપયોગી થયો છે, એનામાં વ્યક્તિત્વનો કેવો વિકાસ થયો છે, એનો વિદ્યાવ્યાસંગ કેવો કેળવાયો છે વગેરે બાબતો જાણવા મળે એની અપેક્ષા રહે. પણ આપણા શૈક્ષણિક માળખામાં પરીક્ષાને અનુચિત મહત્ત્વ આપીને વિદ્યાર્થીને કેવળ પરીક્ષાર્થી બનાવી દેવામાં આવ્યો છે. પરિસ્થિતિની વક્રતા તો એ છે કે આપણા કેળવણીકારોએ વાતોમાં પરીક્ષાની વધુ ને વધુ બાદબાકીની વધુ ને વધુ હિમાયત કરી અને નીતિઓ એવી ઘડી કે પરીક્ષા આખી શિક્ષણપ્રક્રિયાને વ્યાપી વળે. અહીં થોડાક લેખોમાં આ વિષયની વિવિધ બાજુઓથી છણાવટ કરી છે તે હજી પણ આપણને માર્ગદર્શક નીવડી રહે. —સં.]

ઉચ્ચ શિક્ષણનાં ધોરણો ઊંચાં લાવવાના સંદર્ભમાં આપણે આ લેખમાળામાં પ્રવેશનિયંત્રણ અને અભ્યાસક્રમની પુનર્રચનાની વિચારણા કરી. હવે આજે આપણે પરીક્ષાપદ્ધતિનો વિચાર કરીએ. અભ્યાસક્રમ અને પરીક્ષાપદ્ધતિ એકબીજા સાથે અનિવાર્ય રીતે સંકળાયેલાં છે અને બન્નેમાંથી એક પણ જો પોકળ હોય તો સાચું મૂલ્યાંકન થતું નથી એટલે જો અભ્યાસક્રમની પુનર્રચના થતી હોય તો આપોઆપ પરીક્ષાપદ્ધતિ પણ પુનર્રચના માગી લે છે.

આ સંદર્ભમાં વિચારીએ તો પરીક્ષાપદ્ધતિ પણ આજના અભ્યાસક્રમ જેવી જ પોકળ છે અને તેથી મોટી સુધારણા માગી લે છે. ત્રિવાર્ષિક અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો તેની સાથે આપણે ત્યાં આંતરિક ગુણાંકની પદ્ધતિ દાખલ કરવામાં આવી. એની સાથે જ એ પદ્ધતિનાં અનિષ્ટો વધી ગયાં જ્યાં બહુ જૂજ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં આવતા હતા ત્યાં નવા 'ફર્સ્ટ ક્લાસીઆ' વિદ્યાર્થીઓનો રાફડો ફાટ્યો અને ફટકિયાં મોતી જેવા આ વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ગને તો વગોવ્યો જ પણ તે સાથે સંસ્થા અને યુનિવર્સિટીને પણ વગોવી. આ ઘટના છેલ્લાં ૭ વર્ષથી ચાલે છે અને ગુજરાત યુનિવર્સિટીએ હમણાં એમાં સુધારો કરી પ્રથમ વર્ગ આપવા માટે આંતરિક ગુણાંક અને બહારની પરીક્ષાના ગુણાંકોને જુદા જુદા ગણવાની નીતિ અપનાવી. અમને લાગે છે કે શિક્ષણનાં ધોરણો સુધારવા માટે આ અનિવાર્ય ઉપાય છે અને તેથી અહીં પણ વર્ગની ગણતરી માટે આંતરિક અને બાહ્ય મૂલ્યાંકનના ગુણો અલગ અલગ ગણતરીમાં લેવાની પદ્ધતિ અપનાવવી જોઈએ.

વળી આજની પરીક્ષાપદ્ધતિ અનેક રીતે વિકૃત બની ગયેલી છે. પરીક્ષકો તરીકેની જેમની નિમણૂક થાય છે તેમાં હમેશાં યોગ્ય માણસો જ નિમાતા હોવાનું બનતું નથી. જે એક્ષટર્નલ પરીક્ષકો તરીકે નિમાતા હોય છે તે કેટલીક વાર બેચાર યુનિવર્સિટીનું કામ હાથ ઉપર લેતા હોઈ અનેક ઘોડા ઉપર સવારી કરતા હોય છે પરિણામે તેમને કોઈ પણ એક યુનિવર્સિટીના અભ્યાસક્રમનો વિગતે અભ્યાસ કરવાનો સમય મળતો નથી. આથી સરળમાં સરળ માર્ગ તેમને માટે જૂના પ્રશ્નપત્રો ફેંદીને તેમાંથી પ્રશ્નો ગોઠવી દેવાનો છે. એવા ઘણાય પ્રાશ્નિકો મળશે કે જેમણે પાઠયપુસ્તક વાંચ્યા વિના કેવળ જૂના પ્રશ્નપત્રોમાંથી જ પ્રશ્નો કાઢીને પોતાનું કામ ચાલાવ્યું હોય વળી કેટલીક વાર પ્રાશ્નિક તરીકેની નિમણૂકોનો ઇનકાર એક પછી એક વ્યકિત તરફથી આવતો જાય એટલે કેટલાકને નિમણૂક પણ પ્રશ્નપત્રો કાઢવાના સમયની લગભગ જ મળે એટલે પણ સમયનો અભાવ રહે અમને લાગે છે કે એ કરતાં વધારે યુનિવર્સિટીઓનું કામ હાથ ઉપર ન લે તેમને જ પરીક્ષકો તરીકેની નિમણૂકનું કામ સોંપાવું જોઈએ અને સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓ સિવાયની પરીક્ષાઓમાં બહારના પરીક્ષકો નીમવાની પ્રથા બંધ કરવામાં આવવી જોઈએ.

પરીક્ષા દરમિયાન ચોરીનાં અને પરીક્ષા પછી લાગવગ માટેની દોડાદોડનાં અનિષ્ટો ઘણાં જાણીતાં છે, કયાંક તો નિરીક્ષકોએ જાતે જ ઉત્તરો લખાવી દીધાના અને છડેચોક ચોરી કરાવ્યાના બનાવો બન્યા છે. આ બાબત પણ ઘણી સુધારણા માગી લે છે. અમને લાગે છે કે પરીક્ષા માટે જેમ બને તેમ કેન્દ્રો ઓછાં હોવાં જોઈએ. જેથી કાર્યક્ષમતાથી પરીક્ષાનું સંચાલન થઈ શકે, ને સંચાલન માટે કાર્યદક્ષ માણસો મળી શકે. વળી ઉત્તરપત્રો કેન્દ્રમાંથી સીધા જ પરીક્ષકોને મોકલવાને બદલે યુનિવર્સિટીમાં મગાવી લેવામાં આવે અને ત્યાર પછી પરીક્ષકોને મોકલવામાં આવે. આનાથી ગુમતા વધુ પ્રમાણમાં જળવાવાનો સંભવ છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના સાચા નંબરને ફાડી લઈ તેને બદલે 'ડમી નંબર' (એટલે બીજા નંબરો) આપવામાં આવે તો તેનાથી લાગવગનું પ્રમાણ ઘણે અંશે ઘટવાનો સંભવ છે. આ પદ્ધતિ યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષાઓમાં અને બીજી યુનિવર્સિટીઓમાં સારી રીતે કામિયાબ નીવડેલી છે. મોડરેશનની પદ્ધતિને પણ વધારે ઉપયોગી અને ફળદાયી બનાવવી જોઈએ આ માટે પરીક્ષક અને મોડરેટર બન્નેને સારો એવો સમય અપાવો જોઈએ. આજે જે સમય અપાય છે તે ઘણો ઓછો પડે છે અને પરીક્ષાનું કામ ઘણું ઉતાવળે કરવું પડે છે. તેથી

તે યંત્રવત બની જાય છે.

પરંતુ આ સુધારા કરવાનું કામ સહેલું નથી. યુનિવર્સિટીમાં એક બાજુ સ્થિતિચુસ્તતામાં માનનારું છે એટલે કોઈ પણ સુધારણાની વાત આવે કે તરત જ તેમાં આ આમી છે, તે આમી છે એવી દલીલો આગળ લાવશે. કેન્દ્રો ઘટાડવાની વાત આવશે કે તરત જ વિદ્યાર્થીઓને અગવડ પડશે એવી દલીલ આગળ કરાશે અને જો ઉત્તરપત્રો એક ઠેકાણે ભેગા કરી મોકલવાની વાત આવશે કે તરત જ આ આર્થિક રીતે પોસાય એમ નથી એવી વાત આગળ લાવશે. પરિણામે પૃથ્વી ગોળ છે એ નિયમ અનુસાર હતા ત્યાંના ત્યાં જ આપણે રહીએ છીએ.

પણ એક વાત એટલી ચોક્કસ છે કે જો ઉચ્ચ શિક્ષણનાં ધોરણો ઊંચાં લાવવા માગતા હોઈએ તો કેટલાક જલદ ઉપાયો લીધા વિના ચાલવાનું નથી. આપણે જે વર્તુળનું જળું આપણી આજુબાજુ રચેલું છે તેમાંથી નીકળવાનું કામ મુશ્કેલ છે. પરંતુ કયારેક તો એ કર્યા વિના ચાલવાનું જ નથી. આપણે જો શિક્ષણનાં ધોરણો ઊંચાં લાવવામાં નિષ્ઠાપૂર્વક માનતા હોઈએ તો આ સુધારા વહેલામોડા કર્યા વિના છૂટકો નથી.

અમને એમ પણ લાગે છે કે આપણે ત્યાં જે પ્રશ્નપત્રો જુદી જુદી પરીક્ષાઓ માટે કાઢવામાં આવે છે એની ચકાસણી નિષ્ણાતો પાસે કરાવવી જોઈએ. આ પ્રશ્નપત્રોમાં કયારેક હકીકતની, રચનાની અને બીજી ગંભીર ક્ષતિઓ માલૂમ પડે છે. આવી ક્ષતિઓ જો બરાબર ધ્યાનમાં લેવાય અને તે અંગે પગલાં લેવાય તો આજે જે બેદરકારી છે તે બેદરકારી જતી રહે. ઉચ્ચ શિક્ષણની પરીક્ષામાં શેની અપેક્ષા રહે છે તેની પણ એક દોરવણી અભ્યાસસમિતિએ નક્કી કરી પરીક્ષકો સમક્ષ મૂકવી જોઈએ.

[૨૪ ડિસેમ્બર, ૧૯૬૮]

ભણેલા અભણેાની પેઢી ઊછરી રહી છે !

સૂરતમાં કેન્દ્રીય વિદ્યાલય નામની એક શાળા ઇચ્છાનાથ આગળ ચાલે છે. લોકપ્રિય ભાષામાં એ સેન્ટ્રલ સ્કૂલને નામે ઓળખાય છે. આ શાળાનું સંચાલન કેન્દ્રસરકારરચિત કેન્દ્રીય શાળાસંગઠન દ્વારા થાય છે અને દિલ્હીની 'ધ બોર્ડ ફોર સેકન્ડરી સ્કૂલ સર્ટિફિકેટ એકઝામિનેશન' એને માન્યતા આપે છે અને પરીક્ષા પણ લે છે. આ શાળામાં એકથી બાર ધોરણેા સુધીનેા અભ્યાસક્રમ ચાલે છે. પહેલાં નવ ધોરણેામાં વિદ્યાર્થીઓની સંખ્યા સારી રહે છે પણ દસમા ધોરણથી સંખ્યા ઓછી થવા માંડે છે. એનું એક કારણ એ કે અહીં શાળામાંથી બારમા ધોરણની પરીક્ષા પાસ કરનારાને ગુજરાતની ઘણી ઓછી મેડિકલ કૉલેજોમાં મર્યાદિત પ્રમાણમાં જ તક મળે છે.

આ શાળામાં એંસીથી નેવું ટકા વિદ્યાર્થીઓ ગુજરાતીભાષી વિદ્યાર્થી છે. શાળામાં ભાષાશિક્ષણમાં અંગ્રેજી, હિંદી અને સંસ્કૃત ભાષા ભણાવવામાં આવે છે. બિલ્કુલ એંસી ટકા ગુજરાતીભાષી વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા ભણાવવામાં આવતી નથી. એક પ્રત્યક્ષ મુલાકાતમાં આ શાળાના આચાર્યની દલીલ એવી છે કે ગુજરાતી ભાષાના શિક્ષણની વ્યવસ્થા એક વધારાના વિષય (એકસ્ટ્રા સબ્જેક્ટ) તરીકે જ થઈ શકે. એની પરીક્ષા પણ લઈ શકાય નહીં અને ગુજરાતી ભાષા એક વધારાના વિષય તરીકે ભણવા માટે વિદ્યાર્થીઓ તૈયાર થતા નથી કે શીખવવા શાળા તૈયાર નથી.

અમારી આ વાત ચાલતી હતી તે દરમિયાન સાતમા ધોરણમાં ભણતી એક ગુજરાતી છોકરી આચાર્યના ખંડમાં આવી અને એમની સાથે હિંદીમાં વાત કરવા લાગી આ વાત પૂરી થયા પછી એ વિદ્યાર્થિનીને પૂછ્યું "તને ગુજરાતી લખતાંવાંચતાં આવડે છે?" વિદ્યાર્થિનીએ બહુ જ નિખાલસભાવે ના પાડી. "અમે ઘરમાં ગુજરાતી બોલીએ છીએ પણ મને ગુજરાતી લખતાં કે વાંચતાં આવડતું નથી." સાતમા ધોરણમાં ભણતી અને ગુજરાતમાં જન્મી મોટી થઈ રહેલી એક ગુજરાતી છોકરીને ગુજરાતીમાં લખતાંવાંચતાં જ નહીં આવડે એ કેવી વાત? આ છોકરીનેા આખેા વ્યવહાર ગુજરાતી પ્રજા સાથે ચાલે, એને ત્યાં સગાંના પત્રો આવતા હશે તે ગુજરાતીમા આવતા હશે; ઘેર વર્તમાનપત્ર આવતું હશે તે ગુજરાતી હશે, કદાચ મા-બાપ ગુજરાતી વાર્તા વાંચતાં હશે આ

છોકરી મોટી થઈને કદાચ પરણશે પણ કોઈ ગુજરાતી કુટુંબમાં જ. એ ઘરની સાતમા ધોરણમાં ભણતી છોકરી ગુજરાતી બનશે નહીં. એ આ સ્વતંત્ર દેશમાં કેવી શિક્ષણપદ્ધતિ ? એ ભલે સારી અંગ્રેજી કે હિંદી બનશે પણ ગુજરાતમાં જ મોટી થતી ગુજરાતી છોકરી કે છોકરો પોતાની માતૃભાષાના સાહિત્યના વારસાથી, ગીત-કવિતાથી અને સમગ્ર સાંસ્કારિક પ્રવાહથી વંચિત બને એ અભ્યાસવ્યવસ્થા અન્ય રીતે ગમે એટલી સારી હોય તો પણ પોલી છે. હા અન્યભાષી બાળકો માટે કે ગુજરાત બહાર જઈને ભણતાં બાળકો માટે જ એ હોય તો જુદી વાત. પણ સૂરતની એક શાળા એના એંશી ટકા જેટલાં ગુજરાતીભાષી બાળકો માટે માતૃભાષાશિક્ષણની કોઈ વ્યવસ્થા કરે જ નહીં અને એમાં ભણતાં ગુજરાતી બાળકો ગુજરાતી ભાષા લખી-વાંચી બને જ નહિ તો એ શાળામાં ભણેલા અભણોની એક પેઢી ઊછરી રહી છે એમ અમારે કહેવું પડે.

આટલી મોટી મર્યાદા બાદ કરતાં શાળામાં અભ્યાસેતર પ્રવૃત્તિઓ દૃષ્ટિપૂર્ણ રીતે ચાલે છે. સામાજિક ઉત્પાદનકાર્યમાં વિદ્યાર્થિનીઓ પાસે શાળાનાં બાળકોનો યુનિફોર્મ સીવડાવવામાં આવે છે, જે શાળાના બે-પાંચ ટકા નફા સાથે પણ સસ્તો પડે છે. શાળામાં વિદ્યાર્થીઓને ઘડિયાળદુરસ્તી શીખવવામાં આવે છે અને વિદ્યાર્થીઓ દુરસ્ત કરી પણ આપે છે. વળી આ વિદ્યાર્થીઓને ટ્રાન્ઝીસ્ટર-'રિપેરિન્ગ' અને 'એસેમ્બલીન્ગ' કાર્ય પણ શીખવવામાં આવે છે, જે ટ્રાન્ઝીસ્ટરો એક બેન્ડના બને છે તે વેચી શકાય એવા હોય છે અને સારા નીવડે છે. આમ આ પ્રવૃત્તિ ઘણી વ્યવસ્થિત અને લાભદાયક પાયા ઉપર ચાલી રહી છે. શિસ્ત, વાતાવરણ અને વ્યવસ્થાની દૃષ્ટિએ શાળા નમૂનેદાર છે. શાળા પાસે વિદ્યાર્થીઓનું એક બેન્ડગ્રુપ પણ છે જે શાળામાં વિવિધ પ્રસંગોએ અવનવા રંગ પૂરે છે. આવી સરસ શાળામાં ગુજરાતીના શિક્ષણની વ્યવસ્થા નથી તે 'આટલે મોટી ખોડ'ની જેમ ખૂંચે છે.

આપણા શહેરમાં અંગ્રેજી માધ્યમ દ્વારા બારમું ધોરણ પાસ કરનારા વિદ્યાર્થીઓએ શહેરની અંગ્રેજી માધ્યમ દ્વારા શીખવતી એકમાત્ર કોમર્સ કૉલેજમાં ગુણવત્તાથી નિરપેક્ષ કેવળ અંગ્રેજી માધ્યમને આગળ કરી પ્રવેશની જે માગણી કરી તેનાથી એક વિશિષ્ટ દ્વિધા ઊભી થાય છે. જે કૉલેજમાં ગુજરાતી માધ્યમવાળા વર્ગોમાં પચાસ ટકાથી નીચે ગુણ મેળવનાર વિદ્યાર્થી પ્રવેશ મેળવી શકતો નથી એ કૉલેજમાં અંગ્રેજી માધ્યમ દ્વારા ભણેલા વિદ્યાર્થી કેવળ અંગ્રેજી માધ્યમને આગળ

કરી પચાસ ટકાથી નીચે ગુણ મેળવી પ્રવેશ મેળવે અથવા મેળવવાની ખ્વાએશ રાખે એમાં સામાજિક ન્યાય નથી. અંગ્રેજી માધ્યમ બ્રાહ્મણ અને ગુજરાતી માધ્યમ શૂદ્ર એવી કંઈક પરિસ્થિતિ ઉભી થાય છે. અંગ્રેજી માધ્યમ કે ગુજરાતી માધ્યમમાં પ્રવેશની પાત્રતા એકસરખી જ હોવી જોઈએ.

ગુજરાતી માધ્યમનો પુરસ્કાર થયાને આજે બત્રીસેક વર્ષ થયાં. આ બત્રીસ વર્ષમાં ધીરે ધીરે છદ્મવેશે અંગ્રેજી માધ્યમનું બળ વધતું ગયું. અંગ્રેજી માધ્યમનાં બાળમંદિરો પ્રાથમિક શાખાઓ અને હાઈસ્કૂલોની સંખ્યા વધતી ગઈ. કૉલેજોમાં અંગ્રેજી માધ્યમની બધી વિદ્યાશાખાઓમાં અને બધે ઠેકાણે વ્યવસ્થા થઈ નથી. આખા દક્ષિણ ગુજરાતના પંથકમાં અંગ્રેજી માધ્યમ દ્વારા વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાનાઓના વર્ગો એક જ શહેરમાં એક કૉલેજમાં જ ચાલે છે. વલસાડ–નવસારી જેવાં શહેરોમાં અંગ્રેજી માધ્યમનાં બાળમંદિરો–શાળાઓ ચાલે છે. પણ કૉલેજોમાં અંગ્રેજી માધ્યમની સગવડ નથી. નવસારીમાં એક કાળે વિજ્ઞાન વિદ્યાશાખામાં હતી પણ પાછળથી તે બંધ કરી દેવાઈ છે.

ગુજરાતીભાષી વિદ્યાર્થીઓ અંગ્રેજી માધ્યમ દ્વારા ભણ્યા પછી લગભગ એમ માનતા થઈ જાય છે કે તેમનાથી ગુજરાતી માધ્યમમાં ભણી શકાય જ નહિ અને ગુજરાતી ભાષા તેમને આવડે જ નહિ. એનાથી ઊલટું બિનગુજરાતીભાષી વિદ્યાર્થીઓ જ્યાં દાખલ થાય છે અને અંગ્રેજી માધ્યમની સગવડ નથી હોતી ત્યાં મથામણ કરીને પણ ગુજરાતી માધ્યમ પકડવાની કોશિશ કરે છે. વળી ગુજરાતી માધ્યમ દ્વારા બારમું ધોરણ પાસ કરનારા તખીખી કે ઇજનેરી કૉલેજોમાં અંગ્રેજી માધ્યમમાં ગોઠવાઈ જાય છે. વિનયન વિદ્યાશાખાની કૉલેજોમાં ઘણા બિનગુજરાતીભાષી વિદ્યાર્થીઓ દાખલ થયા છે અને આ રીતે શીખે છે. ગુજરાતીઓને ગુજરાતી ભાષા નથી આવડતી એમ કહેવામાં નાનમ નથી લાગતી–ગૌરવ લાગે છે. એનું એક કારણ એ પણ હોય કે ઘણી અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ગુજરાતી ભાષા શીખવા–શીખવવા ઉપર ધ્યાન નથી અપાતું. અમે તો એમ માનીએ છીએ કે દરેક રાજ્યમાં રાજ્યની પ્રાદેશિક ભાષા ફરજિયાતપણે શીખવાવી જ જોઈએ. આ દિશામાં કર્ણાટક રાજ્યે ગોકાક–કમિશનના અહેવાલને આધારે મહત્ત્વનું પગલું ભરી કન્નડને પ્રથમ સ્થાન આપ્યું છે.

[૭ ઑગસ્ટ, ૧૯૮૨]

આપણી પરીક્ષાપદ્ધતિ

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ તાજેતરમાં જ એક પ્રશ્નપત્ર–કાર્યશિબિર (પેપર સેટિંગ વર્કશૉપ) યોજ્યો. આવી શિબિર યોજવા પાછળનો હેતુ આપણા પ્રશ્નપત્રોને વધારે વિશ્વસનીય, વધારે કાર્યક્ષમ અને વધારે હેતુલક્ષી બનાવવાનો છે. આનો અર્થ એ પણ થાય કે અત્યારના પ્રશ્નપત્રો વિશ્વસનીય નથી અને વિદ્યાર્થીઓના જ્ઞાનની કસોટી કરવામાં તે કામિયાબ નીવડ્યા નથી. વર્તમાન પરીક્ષાપદ્ધતિ, પ્રશ્નપત્રો કાઢવાની રીત, તરકીબ અને સમય વગેરે જોતાં ઉપર જણાવી એવી પરિસ્થિતિ વાસ્તવમાં પ્રવર્તે છે એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ પણ નથી. આપણી શિક્ષણપ્રથાની સરિયામ નિષ્ફળતાનું એક કારણ આપણી નિષ્ફળ પરીક્ષણપદ્ધતિ પણ છે.

પણ આ બાબત અમારે એક વાત એ ભારપૂર્વક કહેવાની છે કે પરીક્ષણ-પદ્ધતિનું અનુસંધાન અભ્યાસક્રમની વ્યવસ્થા સાથે જ થઈ શકે. આપણા અભ્યાસક્રમોને જ્યાં સુધી સુધારવામાં નહિ આવે અને એને સઘન અને વ્યવહારુ બનાવવામાં નહિ આવે ત્યાં સુધી પરીક્ષણપદ્ધતિનો સુધારો–જો કદી પણ થાય તો–કેવળ બાહ્યોપચાર જેવો જ રહેશે. અભ્યાસક્રમો જો પોકળ હોય, જૂના હોય અને કાર્યસાધક ન હોય તો કેવળ પરીક્ષણ સુધારવાથી કયો અર્થ સધાય?

આપણે ગુજરાતી ભાષાના અભ્યાસક્રમની જ વાત કરીએ. આપણે ત્યાં એસ. એસ. સી.ની પરીક્ષાના કે નીચલાં ધોરણોના ગુજરાતી વિષયના પ્રશ્નપત્રોમાં આ પ્રકારનો પ્રશ્ન પુછાય છે, "(અ) નીચેનામાંથી ગમે તે ત્રણની સંધિ છોડો: મનોવ્યથા; સ્વચ્છંદ, પ્રતિષ્ઠિત અચ્છેર."

"બ સંધિ કરો (ગમે તે ત્રણ):

દુસ (વત્તા) ગંધ, વિ (વત્તા) અર્થ, નિઃ (વત્તા) રસ, પૃથુ (વત્તા) ઈ, વિ (વત્તા) અવહાર; મનઃ (વત્તા) રાજ્ય, કૃષ (વત્તા) ન સુ (વત્તા) અસ્થ."

કમળાશંકર ત્રિવેદી અને અતિસુખશંકર ત્રિવેદીની પ્રણાલિકાની આ સ્થિતિ આજે થઈ રહી છે. ગુજરાતી વ્યાકરણની રચનાના આરંભકાળે સંધિનિયમોનું

પ્રકરણ ભૂલથી આવ્યું છે, કેમકે સંસ્કૃત પેઠે સીધેસીધા નિયમો મુજબ ગુજરાતીમાં સંધિ થતી નથી, ને સંધિમાં તે સાર્વત્રિક નથી. જેમ અંગ્રેજીમાં શબ્દો છૂટાછૂટા લખાય છે તેમ જ ગુજરાતી વાક્યોમાં પણ લખાય છે. કોઈ કોઈ શબ્દો તત્સમ હોવાથી સંધિની પ્રક્રિયામાંથી પસાર થયેલા છે એટલું જ. એ સંધિ-નિયમો તરીકે શીખવા-શિખવવાનો અર્થ શો છે?

ગુજરાતી ભાષામાં મનોવ્યથાનો 'મનસ્' શબ્દ નથી. સમસ્ત પદ જ તત્સમ લેખવું જોઈએ. જેવું સંધિની બાબતમાં તેવું જ ઉપસર્ગયુક્ત શબ્દો વિશે કહી શકાય. 'પ્રતિષ્ઠા' કે 'પ્રતિષ્ઠિત' શબ્દો ગુજરાતી ભાષાએ 'પ્રતિ' ઉપસર્ગ વાપરી બનાવ્યા નથી ને ગુજરાતીમાં 'સ્થા' ધાતુ પણ નથી. ગુજરાતીમાં 'સુ' ઉપસર્ગ છે પણ અચ્છ શબ્દ નથી (બન્ને મળી સ્વચ્છ બને છે) આ તો ઠીક છે પણ સ્વસ્થમાં સુ (વત્તા) અસ્થ એટલે શું? પૂછનાર 'સ્વસ્થ' ઉત્તર ઇચ્છે છે પણ બરું તો સ્વસ્થનો અર્થ સ્વ (વત્તા) સ્થ (સ્વમાં સ્થિત કે સ્થિર એટલે ધીર મનનો એવો થાય) માં છે.

એસ. એસ. સી.માં કાવ્ય પૂછી તેને અનુલક્ષીને પ્રશ્નો પૂછવાની પ્રણાલિકા છે એટલે નાયલાં ધોરણોમાં પણ ગમે એવું કાવ્ય અને તેના ઉપર સંબંદ્ધ-અસંબંદ્ધ પ્રશ્નો પૂછવાની એક પરંપરા આપણે ત્યાં ઊભી થઈ છે. એમાંથી વિદ્યાર્થીની ગ્રહણશક્તિ ખીલી હોય એમ મનાય નહીં.

આગળ જણાવ્યું તેમ પરીક્ષણનું અનુસંધાન અભ્યાસક્રમ સાથે થવું જોઈએ. પરીક્ષણ સુધારતાં પહેલાં આપણા સમગ્ર અભ્યાસક્રમની ક્ષમતાનું, તેની યથાર્થતાનું અવલોકન કરી જવાની જરૂર છે. બિનઉપયોગી અને અવ્યવહારુ કાઢી નાખવાની જરૂર છે અને તે થાય પછી જ સાચી પરીક્ષણપદ્ધતિની શોધ શરૂ કરવી જોઈએ. અને તેમાં પણ વર્ષાન્ત પરીક્ષાની સફળતાથી અથવા તેટલા પૂરતા સુધારાથી સંતોષ માનવાનો પણ કોઈ અર્થ નથી. વાસ્તવમાં તો અભ્યાસ દરમિયાન સતત પરીક્ષણકાર્ય થતું રહેવું જોઈએ અને તે સંદર્ભમાં આંતરિક મૂલ્યાંકનની પદ્ધતિનું સર્જન થયું છે. અહીં પણ કેવળ બે પરીક્ષા-કસોટી ઉપર જ અવલંબન લેવામાં આવે છે તે પણ વાજબી નથી. વર્ષાન્ત પરીક્ષાનું એ નવું અથવા નાનું રૂપ છે.

આવું પરીક્ષણ તો દર માસે વર્ગખંડમાં અધ્યાપક કરે. જેમાં પ્રયુક્ત અભ્યાસ (એપ્લાઇડ) થઈ શકે તેનું તે રીતે સતત પરીક્ષણ થતું રહે તો તેમાં

ઉપયુક્તતા આવેલી કહેવાય. પણ આ પ્રકારની પદ્ધતિની સતત કાર્યરતતા માટે નથી વિદ્યાર્થીઓ તૈયાર, નથી અધ્યાપકો તૈયાર નથી યુનિવર્સિટી તૈયાર. પ્રતીતિ અને શ્રદ્ધા વિના કોઈ પણ પ્રથા અપનાવવાથી તેનો સહેજ વિરોધ થતાં યુનિવર્સિટીનાં અધિકા-મંડળો તેમાં તરત જ ફેરફાર કરવા તૈયાર થઈ જાય છે અને પરિણામે ગમે તેવા શુભ હેતુથી કરવામાં આવેલા પ્રયોગોને પણ તેની સફળતા ચકાસી જવાની તક કે તે માટેનો પૂરતો સમય મળતો નથી. આ આખી બાબત કોઈ વિષમય વર્તુળમાં અટવાયા કરતી હોય એમ અમને લાગે છે.

[૯ જાન્યુઆરી, ૧૯૭૩]

શિક્ષણના ક્ષેત્રને લાગુ પડેલો રાજરોગ

આપણે ત્યાંની લગભગ તમામ કૉલેજોમાંનું નિયમિત શિક્ષણકાર્ય પૂરું થઈ ગયું છે. બારમી માર્ચથી યુનિવર્સિટીની પહેલી પરીક્ષા શરૂ થાય છે. એટલે લગભગ તેની પહેલાં એકાદ મહિના આગળથી વિદ્યાર્થીઓ અભ્યાસક્રમ પૂરો કરી દેવાનો આગ્રહ કરતા હોય છે, જેથી તેમને કૉલેજોમાં આવવાનું રહે નહિ વળી તેમાં હવે તો આંતરિક મૂલ્યાંકન માટેની કસોટીઓ લેવામાં આવે છે અને તેમાં ખાસ્સા આઠથી દશ દિવસો જતા હોય છે અને આ કસોટી માટે પણ વિદ્યાર્થીઓએ તૈયારી કરવાની હોય એટલે તેના ચારપાંચ દિવસ પહેલાં કૉલેજોમાં આવતાં તેઓ બંધ થઈ જાય છે અને આ વર્ષે તો બીજા સત્રમાં જ બે કસોટીઓ લેવાની આવી. આ સત્રના પંદર દિવસો તો કસોટીઓ લેવામાં જ ગયા. વાસ્તવમાં તો પહેલી-બીજી ફેબ્રુઆરીથી લગભગ તમામ કૉલેજોમાં નિયમિત શિક્ષણકાર્ય બંધ થઈ ગયેલું કહેવાય. વિદ્યાર્થીઓ ફી આપીને શિક્ષણ લે છતાં એ શિક્ષણ જેટલું ઓછામાં ઓછું મળે, વર્ગમાં હાજરી આપવાની બલા જેટલી ટાળી શકાય તેટલું સારું એવી તેમની ઇચ્છા હોય છે અને કૉલેજના વર્ગોમાં જવાનું જેટલું વહેલું બંધ કરી શકાય તેમાં એમને રસ. વેપારી માનસવાળી ગુજરાતની પ્રજામાં પણ હવે, પોતે આપેલાં નાણાંનો પૂરેપૂરો બદલો લેવાનું વલણ કૉલેજોના વિદ્યાર્થીઓ પૂરતું તો જણાતું નથી.

અને અભ્યાસક્રમ વહેલો પૂરો કરવાના સતત આગ્રહને અધ્યાપકો પણ વશ થઈ જાય અને અભ્યસક્રમ પૂરો કરવા-વહેલો પૂરો કરવા-એક્સ્ટ્રા પીરિયડ રવિવારે કે રજાના દિવસોએ લેવાય. આ એક્સ્ટ્રા પીરિયડ અંગેના કોઈ નિયમો નહીં. એક-સામટા ચારપાંચ કલાક એક સાથે જ વિષયનાં વ્યાખ્યાનો લેવાય અને વાજતેગાજતે અભ્યાસક્રમ પૂરો કરાય. એક બાજુ વિદ્યાર્થીઓને નિરાંત, બીજી બાજુ અધ્યાપકોને પણ નિરાંત. કૉલેજનું બીજું સત્ર આમ તો પંદરમી માર્ચે પૂરું થયેલું ગણાય પણ વાસ્તવમાં તો ફેબ્રુઆરીના પહેલાં અઠવાડિયામાં જ નિયમિત વર્ગશિક્ષણકાર્યના સંદર્ભમાં પૂરું થયેલું ગણાય. કોઈ અધ્યાપકને ભણાવવું હોય તો પણ વિદ્યાર્થીઓ આવે નહીં. હા, પંદરમી માર્ચ સુધી અધ્યાપકોને કૉલેજમાં જવાનું રહે. આંતરિક કસોટીના ઉત્તરપત્રો તપાસવાના રહે, તેના પરિણામ અંગેનું આનુષંગિક કાર્ય કરવાનું રહે.

૧૯૭૨–'૭૩ નું શૈક્ષણિક વર્ષ કંઈક યાદ રહી જાય એવું વર્ષ બન્યું. આ વર્ષમાં અધ્યાપકોએ હડતાલ પાડી. બીજી બાજુ વિદ્યાર્થીઓનાં આંદોલનો આ પ્રદેશને અજાણ્યાં હોય એવાં આંદોલન આઠદસ દિવસ ચાલ્યાં. વિદ્યાર્થીઓનાં આંદોલનો ઊભરા જેવાં હોય છે. ઊભરાની માફક એકદમ આવે અને ગરમી જતી રહેતાં પાછાં શમી જાય આંતરિક મૂલ્યાંકનની બાબતમાં વિદ્યાર્થીઓએ આંદોલનો કર્યાં. આંતરિક મૂલ્યાંકન રહ્યું તો ખરું પણ પ્રતીતિ વગરની નીતિ અજમાવનારી અને સહેજ ભાર ઝીલવાનો આવતાં નમી પડનારી યુનિવર્સિટીએ આંતરિક મૂલ્યાંકનપદ્ધતિને તદ્દન હીર વગરની બનાવી દીધી. આપણા રાજકર્તાઓ પણ નીતિ અને વહીવટની બાબતમાં તદ્દન ઢીલાપોચા અને કરોડરજ્જુ વિનાના પુરવાર થયા છે. આપણા રાજ્યકર્તાઓએ જે બાજુની હવા ચાલતી હોય અને જે બાજુનું દબાણ વધતું હોય તે તરફની ગતિ પકડી છે. તેમની નીતિમાં તેમના કાર્યમાં કયાંય તેમના અંતરની પ્રતીતિનો રણકાર, તેમની આત્મશ્રદ્ધાનો આવિષ્કાર થતો અમે ભાળ્યો નથી. આવા ઢીલાપોચા રાજના ભવિષ્યની શી દશા હશે તેની અત્યારે તો કલ્પના કરવાની જ રહી

પણ વીતેલા શૈક્ષણિક વર્ષમાં શિક્ષણને ક્ષેત્રે જેટલો તીવ્ર જેટલો ગંભીર અને શ્રદ્ધાના પાયા હચમચાવી મૂકે એવો સંઘર્ષ જાગ્યો છે એટલો સંઘર્ષ આટલાં બધાં વર્ષોના ઇતિહાસમાં આપણે ત્યાં શિક્ષણને ક્ષેત્રે કયારેય નહિ જાગ્યો હોય. એક બાજુ શિક્ષકોઅધ્યાપકો સંચાલકો ઉપર અને સરકાર ઉપર આક્ષેપો કરી રહ્યા છે, બીજી બાજુ વિદ્યાર્થીઓ આધ્યાપકો-શિક્ષકો સામે દોષારોપણ કરી રહ્યા છે અને "ટીચ અસ વેલ" (અમને સારી રીતે શીખવો)નાં સૂત્રોના બિલ્લા લગાવી ફરી રહ્યા છે તો વળી ત્રીજી બાજુ શિક્ષકો વિદ્યાર્થીઓ સામે દોષારોપણ કરી રહ્યા છે. વીતેલા વર્ષમાં બબ્બેત્રણત્રણ વાર આપણે શિક્ષકોની હડતાલ જોઈ. શિક્ષણક્ષેત્રે આભ ફાટયું છે અને સરકાર ફાટેલા આભને થીંગડાં મારવાના પ્રયત્નો કરી રહી છે. ચોગરદમથી લાવ – લાવની ઊઠેલી માગમાં અને એ માગને સંતોષવાના સરકાર તરફથી થતા પ્રયત્નોમાં પેલો વિદ્યાર્થી કયાંય દેખાતો નથી અને આપણો આ નિર્લેપ સમાજ પોતાને જાણે આ સંઘર્ષોમાં, સામે આવી રહેલી આ આંધી સામે કશી લેવાદેવા જ ન હોય એમ તટસ્થ ઊભો રહી ચાલી રહેલો તમાસો જોઈ રહ્યો છે. આવા તીવ્રતમ સંઘર્ષની વચ્ચે સમાજના કોઈ મોભીને આગળ આવીને આ બધાની વચ્ચે સમાજનાં શિક્ષણ લેતાં બાળકોનું શું ? એમ પૂછવાની પોતાની ફરજ જણાઈ નથી. સરકારને પણ શિક્ષક–

અધ્યાપકો, સંચાલકો અને સમાજના અગ્રણીઓને એકસાથે ભેગા કરી આ સંઘર્ષમાંથી માર્ગ કાઢવા માટે ચર્ચાવિચારણા કરવાની જરૂર જણાઈ નથી.

અમને પરિસ્થિતિ અતિશય ગંભીર અને વિકટ જણાય છે. ચોગરદમ ભ્રષ્ટાચાર વધતો જાય છે, વણસતી જતી પરિસ્થિતિને કોણ અટકાવશે ? સુધારાની ચિનગારી કોણ ફેલાવશે એ પ્રશ્ન અમને મૂંઝવી રહ્યો છે અને આજે મળે છે તેવું શિક્ષણ લઈને જગતમાં તેને જોરે નોકરી શોધનારા યુવાનો બેકારીના બખ્ખરમાં હોમાઈને પોતાનું નૂર ગુમાવતા જાય છે. વ્યાપક હતાશા ફેલાયેલી છે. યુનિવર્સિટીનાં અધિકારમંડળો નાં વિવિધ ફોરમોમાં રોજ ને રોજ શિક્ષણનાં ધોરણો ઊંચાં લાવવાની, અભ્યાસક્રમ સુધારવાની અને પરીક્ષાસુધારણામાં જોરશોરથી ચર્ચાઓ થાય છે, પણ આ ચર્ચાઓ કેવળ વાગાડંબરમાં, મોટાંમોટાં ભાષણોમાં અને થોડાક ચડભડાટમાં વિરમી જાય છે. એ સિવાય આ મંડળોમાં બીજું જે કંઈ થાય છે તે અંતતઃ હુંસાતુંસી, સત્તા માટેની પડાપડી અને મેળવેલી સત્તાને આધારે પ્રસાદના ટુકડાઓ વહેંચવાની પ્રવૃત્તિ એ બધામાં પાછો પેલો વિદ્યાર્થી વિસરાઈ જાય છે.

અને હવે આપણો વિદ્યાર્થી શબ્દના સાચા અર્થમાં વિદ્યાનો ગરજુ કે વિદ્યાનો અર્થી રહ્યો નથી. આજે ડિગ્રીનું મૂલ્ય છે, નોકરી માટે, સમાજમાં મોભા માટે એની જરૂર છે. એટલે એ ડિગ્રી મેળવવા પ્રેરાયો છે અને એ માટે એને માથે જે કંઈ ઝીંકવામાં આવે તે સ્વીકારવાને તૈયાર રહે છે. કોઈક વાર કંઈ ચળ ઊપડી આવે તો આંદોલનો કરવા પ્રેરાય છે. 'ટીચ અસ વેલ' કહેનાર વિદ્યાર્થી સારી રીતે ભણવા તૈયાર થાય છે ખરો ? આપણો વિદ્યાર્થી વર્ગમાં જવાનું ટાળે, નોટ્સ મેળવવાનો આગ્રહ રાખે વાસી નોટસ ઊતરાવનારા અધ્યાપકો એને વધારેમાં વધારે ગમતા હોય, નોટ્સ ઉતરાવવાની ના પાડનાર અધ્યાપકોના વર્ગમાંથી વિદ્યાર્થી બહાર નીકળી જતો હોય. એને સારી રીતે ભણાવવું હોય તો પણ કેવી રીતે ભણાવી શકાય ? કયારે ઘંટ વાગે ને ભાગી છૂટીએ એવું માનસ એક બાજુ અધ્યાપકોનું અને બીજી બાજુ વિદ્યાર્થીઓનું સાહિયારું હોય છે. એકને ભણવાની ગરજ નથી બીજાને ભણાવવાની પડી નથી.

આગળ કહ્યું એમ આપણા શિક્ષણના ક્ષેત્રને રાજરોગ લાગુ પડયો છે. જયાં નજર નાખો ત્યાં તમને નિરાશા જ દેખાશે. આપણી સંસ્થાઓ તૂટતી જાય છે, જે સંસ્થાઓ સચવાઈ રહી છે તે સંસ્થાઓ આકરા તણાવ હેઠળ કામ કરી

રહી છે અને અત્યારના વાતાવરણે તેમનામાં ભારે નિરાશા પ્રેરી છે. અવિવેક અને ઉદ્દંડતા આજનાં સૂત્રો બન્યાં છે અને જેમ જેમ એમની સામે નમતું જોખાય છે તેમ તેમ એ વધારે આક્રમક બનતાં જાય છે. આપણું શિક્ષણ, આપણી શિક્ષણપ્રણાલિ આમૂલ પરિવર્તન માગે છે. આ પરિવર્તન લાવવાનું કામ સહેલું નથી. શિક્ષણના પરિવર્તનની સાથે અર્થકારણ અને રાજકારણ બન્ને સંકળાયેલાં છે. પણ પ્રાણ વગરના ખોખા જેવા આજના શિક્ષણને બદલવાના સનિષ્ઠ પ્રયત્નો વેળાસર નહીં કરવામાં આવે તો તે આખા સમાજના સ્વાસ્થ્યને ભરખી જશે એ ચોક્કસ.

[૨૭ ફેબ્રુઆરી, ૧૯૭૩]

પરીક્ષાનાં પરિણામો–કેટલાક મુદ્દાઓ

આપણા દેશમાં વર્ષા ઋતુ જેટલી અચોક્કસ છે અને એ વિશે થતી આગાહીઓ લગભગ ખોટી પડે છે તેમ આપણી યુનિવર્સિટીઓ તરફથી લેવાતી પરીક્ષાઓ પણ એટલી જ અચોક્કસ છે. એક પરીક્ષાનું પરિણામ ગયે વર્ષે ૬૦ ટકા હોય તો બીજે વર્ષે ૩૮ ટકા આવે. ૬૦ ટકામાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ઉપલા વર્ષની પરીક્ષામાં મોટી સંખ્યામાં નાપાસ થાય અને જાણે આ તો વર્ષોવર્ષની એક સામાન્ય ઘટના હોય એમ આપણે કોઠે પણ આ વાત પડી જાય અને થોડોક વખત ચર્ચા ચાલી, જાણે કંઈ બન્યું જ નથી એમ વ્યવહાર પાછો શરૂ થઈ જાય.

આમ થવાનું મુખ્ય કારણ આપણે ત્યાં પરીક્ષા અંગે જે ચકાસણીનું તંત્ર હોવું જોઈએ તે નથી. એક વાર ઉત્તરપત્રો તપાસાય પછી તેના ઉપર કોઈ અપીલની જોગવાઈ નથી. આ ઉત્તરપત્રો કેવી રીતે તપાસાય છે તે ઘણી જાણીતી વાત છે. એમાં પરીક્ષકોની બેદરકારી, ઉદાસીનતા, ઉતાવળ અને કયારેક દ્વેષબુદ્ધિ પણ કામ કરી જાય છે અને આ દૂષણોમાં ભોગ વિદ્યાર્થીઓનો લેવાય છે.

ગુજરાતની એક યુનિવર્સિટીમાં ઘણો ઊંચો ઓદ્દો ધરાવતા અમારા એક મિત્રે પોતાના જાતઅનુભવની કહેલી આ વાત છે. એક યુનિવર્સિટી તરફથી એમના ઉપર દસ ઉત્તરપત્રો મોકલી આપવામાં આવ્યા અને તેમાં જણાવવામાં આવ્યું કે આ દસ ઉમેદવારોમાંથી એક ઉમેદવાર એવો છે જેણે પોતાને અન્યાય થયાનો આક્ષેપ કર્યો છે અને તે વાત કેટલે અંશે સાચી છે એ આ દસ ઉત્તરપત્રો (અલબત્ત જુદા જુદા માર્ક ધરાવતા) તપાસી શોધી આપવાની છે. એમની તપાસણીમાં એવું નીકળ્યું કે એક વિદ્યાર્થી જેને ૧૬ માર્ક પરીક્ષકે આપ્યા હતા તેને વાસ્તવમાં ૫૩ માર્ક મળવા જોઈતા હતા. આ કિસ્સો કાં દ્વેષબુદ્ધિનો હતો કાં ઉતાવળનો. અંગ્રેજીમાં જેને 'એરેટિક માર્કિંગ' કહે છે તેવું આમાં હતું.

અમારો કહેવાનો મુદ્દો એ છે કે જો ઉત્તરપત્રોની પુનર્તપાસ કરવાની કોઈ જોગવાઈ જ ન હોય તો આ જાતની દાદ મળતી નથી. વિજ્ઞાનની પરીક્ષાઓમાં પાસ કરીને પ્રેકટિકલ્સની પરીક્ષામાં આ જાતની વેરવૃત્તિ દર્શાવાય છે. થિયરીમાં એંસી ટકા માર્ક લાવનારને પ્રેકટિકલમાં ત્રીસથી છત્રીસ ટકા જેટલા માર્ક

આપવાના કિસ્સા પણ નોંધાયા છે. સંસ્થા સંસ્થા વચ્ચેની સ્પર્ધાને કારણે એક સંસ્થાવાળા બીજી સંસ્થામાં પ્રેક્ટીકલની પરીક્ષા લેવા જાય તો વિદ્યાર્થીઓને ઓછા માર્ક આપ્યાના આક્ષેપો થતા રહે છે. એમાં કેટલુંક વજૂદ પણ અમને માલૂમ પડયું છે. આ ઘટનાને કારણે તો મુંબઈ યુનિવર્સિટીએ પ્રેક્ટીકલની પરીક્ષાના માર્કની ટકાવારી ઘટાડી છે અને વર્ગ આપવામાં તે ગણતરીમાં ન લેવાનું પણ ઠરાવાયું હોવાનું કહેવાય છે.

આ બધાનો ઉપાય આપણી પરીક્ષાપદ્ધતિમાં પુનર્તપાસની વ્યવસ્થા કરવાનો છે. આજે એક વાર ઉત્તરપત્રો તપાસાયા પછી તેની કોઈ દાદફરિયાદ સંભળાતી નથી. આને કારણે પરીક્ષકોને પણ એક પ્રકારની ઢાલ મળી જાય છે અને ગમે તેવી બેદરકાર તપાસણી હોય તો પણ કોઈ પૂછતું નથી, પરીક્ષકો વિદ્યાર્થીઓને ન તો નાપાસ કરવાનો, ન પચાસ ટકાથી વધારે માર્ક આપવાનો સલામત માર્ગ ખોળે છે અને એક સાથે ત્રણ-ચાર યુનિવર્સિટીઓની પરીક્ષાનું કામ કરતા પરીક્ષકો પાસે આ સિવાય બીજી કશાની અપેક્ષા રખાય પણ નહીં.

જો પુનર્તપાસની વ્યવસ્થા દાખલ કરવામાં આવે તો પરીક્ષક ઉપર પણ આપોઆપ એક નિયંત્રણ આવશે એમના મનમાં એક પ્રકારનો ડર રહેશે અને એમના તપાસકાર્યમાં વધારે વ્યવસ્થા અને નિયંત્રણ આવશે. બીજી બાજુ વિદ્યાર્થીઓને જો અન્યાય થવાનો ડર લાગે તો તેને પણ દાદફરિયાદ કરવાની તક મળશે. બાકી આજની વ્યવસ્થામાં કોઈ અર્થ નથી. પોતાને મળેલા માર્ક સામે અપીલ કરવાની તક જ નહિ મળે એમાં ન્યાય નથી.

આમ પણ આપણે મોડરેશનની પદ્ધતિ દ્વારા પુનર્તપાસનો સિદ્ધાંત સ્વીકારીએ છીએ. અનુસ્નાતક પદ્ધતિમાં કેટલેક સ્થળે એવડી તપાસની (ડબલ એસેસમેન્ટની) વ્યવસ્થા છે. આ પણ પુનર્તપાસનું જ એક સ્વરૂપ છે. પણ મોડરેશનમાં પ્રત્યેક વ્યક્તિને પુનર્તપાસનો લાભ મળતો નથી. એ સ્વૈચ્છિક નથી. અમે તો એમ કહીએ છીએ કે પુનર્તપાસની માગણી કરનાર દરેક વ્યક્તિને એનો લાભ આપવો જોઈએ અને વિષયદીઠ આખી પરીક્ષાની ફી જેટલી રકમ એની પાસે લેવી જોઈએ. એની ફરિયાદ સાચી નીકળે તો ફી પરત કરવી અને ખોટી નીકળે તો જપ્ત કરવી. પુનર્તપાસની મતફેરી દસ ટકાથી વધારે હોય તો બીજી તપાસણીના ગુણ ધ્યાનમાં લેવા.

અમે તો અહીં એમ પણ સૂચવવા માગીએ છીએ કે દરેક યુનિવર્સિટીમાં એક પરીક્ષાસંશોધનવિભાગ શરૂ કરવો જોઈએ. આ વિભાગ દ્વારા આપણી

વિવિધ પરીક્ષાઓ માટે કાઢવામાં આવતા પ્રશ્નપત્રોનું અવલોકન અને ચકાસણી થવાં જોઈએ. એવી જ રીતે વિવિધ પરીક્ષાઓના ઉત્તરપત્રો તપાસાયા હોય તેનો 'સેમ્પલ-સરવે' કરી તપાસણી અંગે પણ અવલોકન કરવું જોઈ એ અને હવે જ્યારે આંતરિક મૂલ્યાંકન દાખલ કરવામાં આવી રહ્યું છે ત્યારે આંતરિક મૂલ્યાંકન અને બાહ્ય મૂલ્યાંકન વચ્ચે સંકલન કેવી રીતે કરવું, આંતરિક મૂલ્યાંકનને સફળ કેવી રીતે બનાવી શકાય તેના સંશોધનનું કાર્ય પણ આ વિભાગને સોંપી શકાય આ જાતનો વિભાગ તાત્કાલિક શરૂ કરવાનાં પગલાં લેવાની જરૂર છે. બાકી જો યુનિવર્સિટી કેવળ પરંપરાગત કાર્યમાં રસ લઈ કેવળ પરીક્ષા લેવાના અને પરિણામ જાહેર કરવાના કાર્યથી સંતોષ માને તો તેમાં કોઈ વિદ્યાકીય સાર્થકતા નથી. યુનિવર્સિટીએ હવે વધારે દૂર નજર નાખવાની જરૂર છે

પરીક્ષાસુધારણા અંગે એક સૂચન એ કરવામાં આવે છે કે મહત્ત્વની પરીક્ષાઓ-જેમાં વિદ્યાર્થીને ડિગ્રી આપવામાં આવે અથવા જે પરીક્ષા પછી મેડિકલ કે એન્જિનિયરીંગ વિદ્યાશાખાઓમાં પ્રવેશ આપવામાં આવે તે પરીક્ષાઓ-ના ઉત્તરપત્રો યુનિવર્સિટીની ઑફિસમાં યુનિવર્સિટીના ઊંચા અધિકારીઓની હાજરીમાં તપાસવાનો આગ્રહ રાખવો. ઉત્તરપત્રો તે સ્થળે તપાસાય અને ત્યાં જ સુપરત કરી દેવા. આ પરીક્ષાઓમાં ડમી નંબર આપવાનો આગ્રહ રાખવો. આવી તમામ પરીક્ષાઓમાં મોડરેશનની પદ્ધતિ અપનાવવી. સાયન્સની પરીક્ષાઓમાં પ્રેકટિકલની પરીક્ષાના માર્ક વર્ગ આપવા માટે ગણતરીમાં લેવા નહીં, પણ કેવળ પાસ થવા માટે જ ગણતરીમાં લેવા. અને પરીક્ષાને અંતે અમે આગળ કહ્યું તેમ તમામ પ્રશ્નપત્રોનો તથા ઉત્તરપત્રોની તપાસણીનો 'સેમ્પલ-સરવે' કરી તેમાંથી પ્રગટ થતાં નિદાનો ઉપર તાત્કાલિક પગલાં લેવાનો પ્રબંધ કરવો.

આવાં અનેક પગલાંઓ પરીક્ષાસુધારણા અંગે વિચારી શકાય. આ પ્રકારનો પ્રબંધ કરવામાં કેટલીક જહીવટી મુશ્કેલીઓ છે. કેટલીક નવી વ્યવસ્થા કરવાની આવશ્યકતા છે થોડોક વધારે ખર્ચ પણ કરવો પડે. પણ આપણે જો પરીક્ષા સુધારણા અંગે પ્રમાણિક હોઈએ તો આ બધું જ કરવાની જરૂર છે. પણ જો યુનિવર્સિટી પરીક્ષામાં ખર્ચ વધે છે અને તેમાં કરકસર કરવાને નામે છે તે વ્યવસ્થામાં કાપકૂપ કરવાનો આગ્રહ રાખે તો આમાંનું કશું જ થઈ શકે એમ નથી. એની અમને ખબર છે, પણ જો એમ જ થાય તો પરીક્ષા અંગેનું વિષચક્ર ચાલે છે તેમ ચાલ્યા કરશે અને સુધારાની વાત કેવળ વાતો જ રહેશે.

[૨૭ નવેમ્બર, ૧૯૭૩]

વિદ્યાર્થીઓનો અજંપો અને આંદોલનો

[વિદ્યાર્થીઅજંપો અને તન્નજનિત આંદોલનો દિવસે દિવસે આપણા શૈક્ષણિક વાતાવરણને વધુ ને વધુ કથળાવી રહ્યાં છે. આમ તો આ પરિસ્થિતિ અને એનાં કારણો-પરિણામો એટલાં જટિલ છે કે એને વિષે પુસ્તકો લખાય, પરંતુ સમયે સમયે આપણી યુનિવર્સિટીના સંદર્ભમાં જ્યારે આવી પરિસ્થિતિ ઉદ્ભવી છે ત્યારે પ્રત્યેક પ્રસંગે શ્રી. કુંજવિહારી મહેતાએ જે સામયિક ચિંતન કર્યું છે તેમાં કેટલાંક વિચારબિંદુઓ સામયિકતાની સીમા ઓળંગીને સર્વકાલીન મહત્વ ધરાવતાં હોય છે. ગુજરાતના શિક્ષણક્ષેત્રે સિત્તેરનો દાયકો એ વરવાં વિદ્યાર્થીઆંદોલનોનો પણ દાયકો બન્યો. દાયકા દરમિયાન વિવિધ પ્રસંગે લખાયેલા કેટલાક અત્યંત મહત્વના લેખો અત્રે આપ્યા છે જેમાં વિદ્યાર્થી અજંપાને ટાળવાનાં અને એમને વધુ રચનાત્મક પ્રવૃત્તિઓમાં સંડોવવાને લગતાં વિધાયક સૂચનો પણ એમણે કર્યાં છે. જેમની ઉપયોગિતા આજે પણ ઘટી નથી. —સં.]

દસમી નવેમ્બરથી કૉલેજોનું બીજું સત્ર શરૂ થયું. ચાલુ શૈક્ષણિક વર્ષનું પહેલું સત્ર આખા દેશમાં ભારે અજંપાનું વીત્યું. આમ પણ દરેક શૈક્ષણિક વર્ષનું પહેલું સત્ર કોઈ ને કોઈ પ્રકારના અજંપાથી ભરેલું તો હોય જ છે. પણ ૧૯૭૨-'૭૩ના વર્ષના પહેલા સત્રમાં જેટલો વ્યાપક અને જેટલો તીવ્ર અજંપો આખા દેશે જોયો એટલો તીવ્ર અજંપો ભાગ્યે જ આગલાં વર્ષોમાં અનુભવાયો હોય. એક પણ રાજ્ય આ અજંપાથી બચ્યું નથી અને હજી પણ પંજાબ અને આસામ જેવાં રાજ્યોમાં અજંપો કોઈ ને કોઈ રીતે ચાલુ જ છે. આપણા સૌને માટે આ ભારે ચિંતાનો વિષય છે. આ ચિંતા વિશેષે ઘેરી તો એટલા માટે બને છે કે આ અજંપો વધારે ને વધારે હિંસાત્મક રૂપ ધારણ કરતો થયો છે અને એનો વ્યાપ ઘણો વધી ગયો છે.

આપણી યુનિવર્સિટીઓમાં અને કૉલેજોમાં વિદ્યાર્થીઓ કેવળ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જ નથી આવતા. વળી પ્રવેશ મેળવનારાઓ બધા એના વ્યંગ્યાર્થમાં કે એના શબ્દાર્થમાં વિદ્યાર્થીઓ પણ નથી હોતા. એમાંનાં કેટલાંક તો જે તે સામાજિક સંદર્ભમાં અનિચ્છનીય, અનિષ્ટ તત્ત્વો કહીએ (ઍન્ટી - સોશિયલ કે અનડિઝાયરેબલ ઍલિમેન્ટસ) એવાં હોય છે. વળી યુનિવર્સિટી કે કૉલેજોમાં

અધ્યાપકસંઘો આવા વિદ્યાર્થીઓને હાથો બનાવતા હોય છે અને બન્ને મેળા–પીપણામાં કામ કરતા હોય છે. પરિણામે આપણી યુનિવર્સિટીના કૅમ્પસ ઉપરનું વાતાવરણ અતિશય જોખમી અને અતિશય ભયંકર બની ચૂકયું છે.

ચાલુ શૈક્ષણિક વર્ષના પહેલા સત્રમાં ઊભાં થયેલાં વિદ્યાર્થીઆંદોલનોનું પૃથક્કરણ કરીએ તો એક વાત એ પણ સ્પષ્ટ થાય છે કે મોટાભાગનાં આ આંદોલનોને શૈક્ષણિક બાબતો સાથે કશી જ લેવાદેવા નથી. મોટાભાગનાં આંદોલનો શૈક્ષણિક માગણીને કારણે ઉદ્‌ભવ્યાં હોય એવું પણ બન્યું નથી. બસની સગવડ વધારવાની માગણીને, કે નાપાસ થતા વિદ્યાર્થીઓને વધારે ને વધારે છૂટ આપવાની માગણીને કે સ્ટુડન્ટસ યુનિયનના ઝઘડા જેવી બાબતોને નિમિત્ત બનાવી હિંસાત્મક આંદોલનો ઊભાં કરવામાં આવ્યાં છે. શૈક્ષણિક બાબતો જેના ઉપલક્ષમાં હોય એવાં આંદોલનોનું પ્રમાણ ભાગ્યે જ ૧૦ થી ૧૫ ટકાનું હશે.

બ્રિટનમાં યુનિવર્સિટી સ્ટુડન્ટસ યુનિયનો પોતાનો કારભાર ઘણી કાર્યક્ષમતાથી ચલાવે છે, એટલું જ નહિ પણ યુનિવર્સિટી કૅમ્પસ ઉપર કૅન્ટીન જેવી સગવડ પૂરી પાડી તેનું સંચાલન પણ સ્ટુડન્ટ યુનિયન કરે છે આપણે ત્યાં વિદ્યાર્થીસંઘો અંદરઅંદરના ઝઘડાઓમાં એવા રચ્યાપચ્યા રહે છે કે તેઓ પોતાનું કામ બરાબર કરી શકતા નથી. દિલ્હી યુનિવર્સિટીના વિદ્યાર્થીસંઘોમાં પડેલાં તડાંને કારણે તેનો કારભાર એટલી હદ સુધી કથળ્યો કે વિદ્યાર્થીઓએ એકેડેમિક કાઉન્સિલના સભ્યોને તથા વાઇસચાન્સેલરને ઘેરો ઘાલ્યો અને ન્યાયની માગણી કરી. આજે જ્યારે યુનિવર્સિટીકારોબારમાં આપણે વિદ્યાર્થીઓને સામેલ કરવાની વાતો કરીએ છીએ, એટલું જ નહિ પણ કેટલીક યુનિવર્સિટીઓમાં તો એ પ્રયોગ શરૂ પણ કરવામાં આવ્યો છે ત્યારે ઘણાના મનમાં એવો પ્રશ્ન પણ ઉદ્‌ભવે છે કે જો વિદ્યાર્થીઓ પોતાની બાબતોનો વહીવટ કાર્યક્ષમતાથી કરવા શક્તિમાન ન હોય તો યુનિવર્સિટીના કારભારમાં તેમની સામેલગીરી કેટલે અંશે કામિયાબ નીવડશે? આ આખી પરિસ્થિતિની એક બીજી બાજુ પણ છે. વિદ્યાર્થીઓમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ એવા પણ હોય છે કે તેમને કૅમ્પસ ઉપરની હિંસા પસંદ નથી હોતી તેમ જ વિના કારણે ઊભાં કરવામાં આવતાં આંદોલન પણ તેમને ગમતાં હોતાં નથી છતાં આ અણગમો તેઓ વ્યકત કરવાની હિમત ધરાવતા નથી અને પરિણામે તેમની ભીરુતા જ તોફાનીઓ માટે માર્ગ મોકળો બનાવી દે છે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનાં ગયા ઑગસ્ટ માસનાં આંદોલનોનો રાહ લગભગ આવો જ હતો.

કેટલાંક રાજ્યોમાં રાજકીય પક્ષો વિદ્યાર્થીઓને હાથો બનાવી આવા અજંપો અને હિંસાત્મક આંદોલનો જગાવવા માટે પ્રેરણા આપતા હોય છે. આસામમાં, પંજાબમાં, આંધ્રમાં અને બીજાં કેટલાંક સ્થળોએ ઉદ્‌ભવેલાં વિદ્યાર્થીઆંદોલનોમાં વિરોધપક્ષોનું મેળાપીપણું માલૂમ પડયું છે અને આવાં આંદોલનોનો મુકાબલો કરવામાં આ રાજ્યોની સરકાર અણઘડ પુરવાર થઈ છે પરિણામે સરકારને મૂંઝવણભરી પરિસ્થિતિમાં મુકાવું પડયું છે. હિંસાત્મક આંદોલનોનો મુકાબલો એક વાર પણ દૃઢતાથી કરવામાં આવે તો જ એને અટકાવી શકાશે.

આમ છતાં વિદ્યાર્થીઆંદોલનોનાં મૂળ સુધી પહોંચી, એને સમજી, એનાં કારણો જ્યાં સુધી દૂર કરવામાં નહિ આવે ત્યાં સુધી આ આંદોલનો નિવારી શકાવાનાં નથી એ પણ એટલી જ ચોક્કસ વાત છે. યુનિવર્સિટીશિક્ષણનો વ્યાપ આપણે વધારતા ગયા અને વ્યાપ વધવાની સાથે એની ગુણવત્તા ઓછી કરતા ગયા. બૌદ્ધિક ગજા વગરના વિદ્યાર્થીઓને યુનિવર્સિટીશિક્ષણમાં પ્રવેશ આપવાની સુવિધા રાજકારણીઓએ કરી આપી. આ બધાને અંતે ડિગ્રીધારીઓની એક લાંબી ફોજ આપણે પેદા કરી આપી આ ડિગ્રીધારીઓને શિક્ષણકાળને અંતે કોઈ નોકરી કે આજીવિકાની સુવિધા આપી શકાઈ નહિ. પરિણામે શિક્ષિત બેકારોની અકળાવી મૂકે એવી ભયંકર સમસ્યા પેદા થઈ. વિદ્યાર્થીઓએ શિક્ષણમાંથી શ્રદ્ધા ગુમાવી. પોતાની સામેનું ધ્યેય અસ્પષ્ટ બન્યું. કશું કરવાનું જ ન હોવાથી તેઓ કૉલેજોમાં દાખલ થયા આવા ધ્યેયશૂન્ય અને દિશાશૂન્ય બનેલા વિદ્યાર્થીઓ અજંપાનું કારણ બન્યા.

આ આખી પરિસ્થિતિ ઉત્તરોત્તર સ્ફોટક બનતી ગઈ છે, જેમ જેમ વધારે ને વધારે સંખ્યામાં વિદ્યાર્થીઓ યુનિવર્સિટી-કૉલેજોમાં પ્રવેશતા જાય છે તેમ તેમ રોજગારી અને બેકારીની સમસ્યા વધારે ઘેરી બનતી ગઈ છે. આ સમસ્યાનો ઉકેલ જ્યાં સુધી નહિ લાવવામાં આવે ત્યાં સુધી આ પ્રશ્ન ઉકલી શકવાનો નથી એ ચોક્કસ વાત છે. આપણે હાલની શિક્ષણવ્યવસ્થાને વધારે ને વધારે વગોવી અને છતાં એમાં જે પ્રકારના ફેરફારો કરવા જોઈએ તે ફેરફારો કરી શકયા નહીં, જે ફેરફારો કરવાનો આપણે દેખાવ કીધો તે તમામ થીંગડાં જેવા બન્યા અને ઊલટી શિક્ષણવ્યવસ્થાને વિરૂપ બનાવી, રોજગારી સાથે ડિગ્રીને સાંકળવી ન જોઈએ એમ આપણે વારંવાર કહ્યું અને છતાં નાનામાં નાની નોકરી માટે પણ ડિગ્રીધારીની અપેક્ષા આપણે રાખી. રોજગારી આપે એવાં ક્ષેત્રો અને

માર્ગો આપણે આપણી શિક્ષણવ્યવસ્થામાં ઊભાં કરી શકયાં નહિ અને તેથી એક જ ઢબના અભ્યાસક્રમ ઉપર તમામ કક્ષાના વિદ્યાર્થીઓનું ભારણ વધ્યું અને આપણો અભ્યાસક્રમ કથળ્યો અત્યારનાં આંદોલનમાં તમામ સ્થળોએ આ જ પરિસ્થિતિ કારણભૂત છે. એ સુધાર્યા વિના આંદોલનો અટકાવી શકાવાનાં નથી એમ અમને લાગે છે.

[૧૪ નવેમ્બર, ૧૯૭૨]

લાંબી રજાઓનું કરીશું શું ?

એપ્રિલની પહેલી તારીખથી કૉલેજો બંધ થઈ ગઈ અને ૬ઠ્ઠી મેથી શાળાઓ બંધ થઈ ગઈ. આપણે ત્યાં બે મહિનાનું લાંબું વેકેશન વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. છતાં આ રજાઓનો ઉપયોગ કેવી રીતે કરવો તેનો કોઈ માર્ગ ચીંધવામાં આવતો નથી. વળી આપણે ત્યાં હવા ખાવાનાં સ્થળોએ જવાની ટેવ નથી અને કોઈને મન થાય તો મધ્યમવર્ગનાં કુટુંબોને આ સ્થળોએ જવાનું પરવડે એમ હોતું નથી. ગાડીઓમાં અને વાહનવ્યવહારનાં આમ સાધનોમાં ચિક્કાર ભીડ થતી હોવાથી મુસાફરી કરવાનું સતત ત્રાસરૂપ થઈ પડે છે. પરિણામે ઉનાળાની લાંબી રજાઓમાં નવરા પડેલા આ વિદ્યાર્થીઓ શેરીઓમાં આખો દિવસ ક્રિકેટ રમતા હોય છે. શેરીને નાકે ટોળે વળીને ગામગપાટા હાંકતા હોય છે અને કયાંક શેરીના લોકો માટે ઉપદ્રવી બનતા હોય છે. એટલે સુધી કે લોકો કંટાળીને રજાને અને રજાના આપનારાઓને શાપ આપતા થઈ જાય છે. વર્ષોવર્ષથી આ ઘટના બનતી હોવા છતાં આપણા વિચારવંત શિક્ષણશાસ્ત્રીઓને એમાંથી કોઈ રસ્તો જડ્યો નથી.

પશ્ચિમના દેશોમાં – અને ખાસ કરીને અમેરિકામાં – રજાઓ દરમિયાન વિદ્યાર્થીઓ કોઈને કોઈ કામમાં લાગી જતા હોય છે. થોડુંક કમાઈ લેતા હોય છે અને આગામી સત્રોની પોતાની ફી વગેરેની જોગવાઈ કરી લેતા હોય છે. અમેરિકામાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓમાંથી ઘણા વિદ્યાર્થીઓ રજા દરમિયાન થોડું ઘણું કામ કરીને પોતાની ફી માટે અને નિભાવ માટે કમાઈ લેતા હોય છે.

મુંબઈ યુનિવર્સિટીમાં પણ એવી વ્યવસ્થા યુનિવર્સિટી તરફથી થાય છે જેમાં જેમને નોકરીની જરૂર હોય એવા વિદ્યાર્થીઓને જુદી જુદી કચેરીઓ, બૅંકો, કારખાનાંઓ, પેઢીઓ, વગેરેના સંપર્કમાં મૂકવામાં આવે છે અને આ બધાંને જે કામચલાઉ જગ્યાઓ માટે માણસો જોઈતા હોય તે આ વિદ્યાર્થીઓમાંથી મેળવે છે અને તેમને રોજી આપે છે. આપણે ત્યાં આવી વ્યવસ્થા થઈ નથી અને થઈ હોય તો જાણમાં નથી જ. પણ આવી વિદ્યાર્થીઓને ઉપયોગી વ્યવસ્થા કરવા જેવી છે. દક્ષિણ ગુજરાતમાં અને સવિશેષ તો સૂરતની આજુબાજુ નાનામોટાં અનેક કારખાનાંઓ આવેલાં છે, નાનીમોટી અનેક પેઢીઓ આવેલી

છે, અનેક બેંકો આવેલી છે. આ બધાંને ઘણી વાર હંગામી જગ્યાઓ માટે માણસો જોઈતા હોય છે. યુનિવર્સિટીના એમ્પ્લોયમેન્ટ બ્યૂરો દ્વારા જો આ બધાનો સંપર્ક સાધી તેમની જરૂરિયાતોનો કયાસ કાઢી વિદ્યાર્થીઓને તકો પૂરી પાડી શકાય તો ઘણી ઉપયોગી સેવા થાય. હૈદ્રાબાદની ઑરવિન ઈન્ડસ્ટ્રિઝ દર વર્ષે રજાઓદરમિયાન સેંકડો વિદ્યાર્થીઓને રોજીની તકો પૂરી પાડે છે. દક્ષિણ ગુજરાતની આખી પટ્ટી જો વિકાસઉદ્યોગોથી ધમધમી ઊઠતી હોય તો અહીંના વિદ્યાર્થીઓને તેમની ઉનાળાની છુટ્ટી દરમિયાન રોજગારીની તકો પૂરી પાડવાનું કામ બિલકુલ મુશ્કેલ નથી. જરૂર છે કંઈક કરવાની ધગશની અને પહેલ કરવાની વૃત્તિની.

આના અનુસંધાનમાં વડોદરામાં ત્યાંની પ્રોડ્યુકટીવિટી કાઉન્સિલ તરફથી થયેલો એક સુંદર અને સફળ પ્રયોગ જાણવા જેવો છે. આ પ્રયોગ દ્વારા રજાઓનો સદુપયોગ વિદ્યાર્થીઓ કરી શકે એ માટે વેકેશનવર્ગો ચલાવવામાં આવ્યા હતા. આ વર્ગો ઔપચારિક અભ્યાસક્રમ અંગેના નહીં પણ જુદા જ પ્રકારના હતા. "મોટરસાઈલ કેવી રીતે ચાલે છે," ઈન્ટરકોમ કેવી રીતે કામગીરી બજાવે છે," "બોલ-પોઈન્ટ પેન શું છે" "ઇલેકટ્રીક બેલ કેવી રીતે વાગે છે", "ઘરમાં ઈલેકટ્રીકલ વાયરીંગની રચના કેવી રીતે હોય છે," 'ગ્રામોફોન રેકર્ડ શું છે?" જેવા વિષયો માટે પાંચમાથી બારમા ધોરણ સુધીના વિદ્યાર્થીઓ માટે વર્ગો યોજી તે તે વિષયના જાણકારો દ્વારા પ્રવચનો ગોઠવવામાં આવ્યાં હતાં. વળી એ પ્રવચનો રસમય બને એટલા માટે ફિલ્મ, સ્લાઈડો અને ચિત્રો આ લેખો દ્વારા પણ આવાં યંત્રોની કામગીરી દર્શાવવામાં આવી હતી. જુદી જુદી શાળાઓમાંથી લગભગ ૨૯૦ જેટલા વિદ્યાર્થીઓએ હોંસપૂર્વક ભાગ લીધો હતો.

આ ઉપરાંત બીજા વિષયો ઉપર પણ વર્ગો યોજવામાં આવ્યા હતા. એમાં "જાહેરમાં બોલવાની કલા", "આપણા ભારતને ઓળખો," "તમારી આજુબાજુની દુનિયા" "વેપાર, ઉદ્યોગ અને ધંધાની દુનિયા", કલાનું રસદર્શન કેવી રીતે થઈ શકે આવા વિષયોમાં પ્રમાણમાં મોટા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો એમાં 'જાહેરમાં બોલવાની કલા' ના વિષયે ઘણો રસ જાગૃત કર્યો હતો 'સ્ત્રીઓ ડ્રાઈવિંગ કરી શકતી નથી." "પુરુષો રસોઈ કરી શકતા નથી." "ભારતીય ચલચિત્રો કચરા જેવાં હોય છે' જેવા વિષયો ઉપર વિદ્યાર્થીઓએ કશા પણ સંકોચ કે ભાર વગર, પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. " આપણો આજુબાજુનું વિશ્વ " એ વિષયે

વધારે કુતૂહલ જાગૃત કર્યું હતું અને એમાં પક્ષીઓ, પશુઓ અંગે ઘણા સારા પ્રશ્નો વિદ્યાર્થીઓએ પૂછ્યા હતા. આપણને છીંક કેમ આવે છે ? આપણને ઉધરસ કેમ આવે છે ? જેવા કુતૂહલ અને જિજ્ઞાસાપ્રેરક પ્રશ્નો પણ વિદ્યાર્થીઓ તરફથી પુછાયા હતા.

વડોદરાની પ્રોડક્ટીવિટી કાઉન્સિલ તરફથી યોજાયેલા આ રસમય કાર્યક્રમમાં એમ. એસ. યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓના અધ્યાપકોએ પણ હોંસપૂર્વક ભાગ લીધો હતો. રજાઓનો સદ્ ઉપયોગ થાય એ માટે આવા પ્રકારના કાર્યક્રમો જો જુદાં જુદાં શહેરોમાં યોજાય અને વિદ્યાર્થીઓ કશું પણ કર્યા વિના રજાઓમાં રખડતા રહેવાને બદલે આવા કાર્યક્રમોમાં લાભ લે તો ઘણું ઉપયોગી કાર્ય થઈ શકે. ચીલાચાલુ અને એકમાર્ગી વિચારસરણીમાંથી બહાર નીકળવાની જરૂર છે. આવા કાર્યક્રમોના આયોજન પાછળ થોડીક સચેત કલ્પના, થોડીક જાગ્રત દૃષ્ટિ, થોડીક વિદ્યાર્થીઓને લાભકારક થઈ પડવાની ધગશ જો લાગતા-વળગતાઓમાં હોય તો સૂરત જેવા શહેરમાં પણ આવા કાર્યક્રમો યોજવાનું મુશ્કેલ નથી. સૂરતની તકલીફ એક જ છે અને તે દરેક બીજા ઉપર આધાર રાખી બેસે છે અને આ કામ પોતાનું નથી એમ કહીને યોજનાને બો આપે છે. ઘણું નવું નવું કરવામાં વડોદરા યુનિવર્સિટી જે પહેલ કરી રહી છે તે પ્રશંસનીય છે. એના ઘણા કાર્યક્રમો, હોબીસેન્ટરો નવી દૃષ્ટિવાળા છે. પૈસાની ગણતરીથી એ યુનિવર્સિટી કામ નથી કરતી.

[૨૩ મે, ૧૯૭૮]

શિક્ષિતોની બેકારી

આપણા દેશમાં શિક્ષિતોની બેકારીનો પ્રશ્ન એક સળગતો પ્રશ્ન આજે કેટલાંય વર્ષોથી રહ્યો છે. જનતાસરકારના મોવડીઓએ આપણા દેશમાંથી બેકારીને સદંતર દેશવટો આપવાનો કૉલ આપેલો છે. એક જમાનામાં શિક્ષિતોની બેકારીનો પ્રશ્ન પરીક્ષાના પશ્નપત્રોમાં નિબંધના વિષય તરીકે વારંવાર પુછાતો અને એનું એટલું જ મહત્ત્વ રહ્યું છે. યુદ્ધના સમયમાં એવા ગાળાઓ આવી ગયા જેમાં શિક્ષિતો માટે નોકરીની વિવિધ તકો આપો આપ ઊભી થઈ. પણ એ સમય પૂરો થતાં બેકારીની સમસ્યા એવી ને એવી રહી આપણે ત્યાં આ સમસ્યા ઉત્તરોત્તર તીવ્ર બનતી ગઈ અને આજે એવી કક્ષાએ આપણે આવીને ઊભા છીએ કે જ્યાં એનો ઉપાય લાવવામાં નહીં આવે તો એમાંથી ભારે વિસ્ફોટ થવાનો સંભવ છે.

આપણી શિક્ષણવ્યવસ્થાની વારંવારની પુનર્રચના પાછળનો હેતુ શિક્ષિતોની બેકારી ઘટાડવાનો જણાવાયો છે. શિક્ષણના અનેક હેતુઓ હશે છતાં શિક્ષણના ઊગમકાળથી માંડી આજ સુધી શિક્ષણ કમાણી કરી આપવાની કરામત તરીકેનું એક સાધન ગણાયું છે અને તેથી જ પોતાની રુચિથી નિરપેક્ષ રીતે વિદ્યાર્થીઓ આ કે તે વિદ્યાશાખામાં ઝંપલાવતા હોય છે. આજે એવડીતેવડી સ્નાતકની ઉપાધિ મેળવનારા પ્રાથમિક શિક્ષક તરીકે, બાંધ્યો પગાર મળે તો પણ તે સ્વીકારીને નોકરી કરવાની તત્પરતા દર્શાવે છે અને કેટલેક ઠેકાણે એ રીતે એમનું શોષણ થાય પણ છે. સ્વતંત્ર દેશમાં આના જેવી બીજી કોઈ લાચાર દશા નહીં હોઈ શકે. બાવીસતેવીસ વર્ષની ઉંમરે સુશિક્ષિત યુવાનને કામ મેળવવા માટે ફાંફાં મારવા પડે અને હતાશ થવું પડે એના જેવી બીજી કમનસીબી કઈ હોઈ શકે?

જે પરિસ્થિતિ સાંપ્રત સમયમાં નિર્માણ થઈ છે તે તરફ ખાસ ધ્યાન આપવા જેવું છે. વર્તમાન સમાજમાં જેને અંગ્રેજીમાં 'ફૉર્મલ એજ્યુકેશન' (વર્ગશિક્ષણ) કહે છે તે પ્રકારના શિક્ષણે સમાજમાંથી મહત્ત્વ ગુમાવી દીધું છે. આજે બી. એ., કે બી. એસસી. કે બી. કૉમ જેવી ડિગ્રીઓનો કોઈ અર્થ રહ્યો નથી. એ જ પ્રમાણે આ વિદ્યાશાખાઓમાં અનુસ્નાતક જેવી ઊંચી ડિગ્રીઓનો

પણ અર્થ રહ્યો નથી. જે કોઈ થોડું ઘણું મહત્ત્વ છે તે ટેક્નિકલ એજ્યુકેશનનું છે. આજે 'વ્હાઈટ કૉલર' નોકરી શોધવા જનારાને પાછા પડવું પડે છે. એને નોકરી મળતી નથી, જ્યારે જે કોઈ હાથપગ હલાવવાની તત્પરતા દર્શાવે છે તેને કોઈને કોઈ કામ મળી રહે છે ઘણા સ્નાતક થયેલા આજે રીક્ષા ચલાવે છે અને કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓ પણ રીક્ષા ચલાવે છે.

નવી ઊભી થયેલી પરિસ્થિતિમાં ગુજરાત પૂરતું તો આજે માધ્યમિક શિક્ષણને ક્ષેત્રે પણ નવી ભરતી બંધ થઈ ગઈ છે પ્રાથમિક શિક્ષણને ક્ષેત્રે પણ સ્નાતકો માટે દ્વાર બંધ છે બી. એ., બી. એડ બી. એસસી. બી. એડ. એમ એ, એમ. એડ. એમએસસી. એમ. એડ. જેવી ડિગ્રી ધારણ કરનાર બેકારોથી સમાજ ઊભરાઈ રહ્યો છે. બસો–અઢીસો મળતા હોય તો પણ નોકરી તૈયાર થનારાનો તોટો નથી. સરકારે પણ નવી ભરતી બંધ કરવાનો નિર્ણય કર્યો છે. બેન્ક અને જીવાંકોના ક્ષેત્રે પણ તકે. ઓછી થઈ છે. આવી પરિસ્થિતિમાં શિક્ષિતો માટે ઘણી કપરી પરિસ્થિતિ ઊભી થાય છે અને તેથી જ જે એને ઉકેલવા માટે રચનાત્મક પગલાં ભરવામાં નહિ આવે તો તો ઘણી મોટી આફત ઊભી થશે.

બેકારીનિવારણ માટે લાંબા ગાળાનાં અને તત્કાલીન રચનાત્મક પગલાં લેવાં જોઈએ. લાંબા ગાળાની વ્યવસ્થા તરીકે આપણી શિક્ષણપ્રણાલિમાં વ્યવહારુ ઉપયોગી અને સામાજિક સંદર્ભવાળી ઉદ્યોગોલક્ષી શિક્ષણવ્યવસ્થા ઊભી કરવી જોઈએ? આ વ્યવસ્થાને મહત્ત્વ આપવા માટે અમુક કક્ષાની નોકરીઓમાં ડિગ્રીધારીઓની નિમણૂક બંધ જ કરી દેવી જોઈએ એને બદલે નોકરીની આવશ્યકતા પ્રમાણેની તાલીમ ધરાવનારાઓને પસંદ કરવા જોઈએ અમુક સમયમર્યાદ આયોજન કરવાથી આ હેતુ સાધી શકાય. બાકી નોકરી મેળવવાની લાલચમાં એક પછી એક ડિગ્રીઓ વિદ્યાર્થી મેળવ્યા કરે અને સરવાળે એનો કોઈ ફાયદો તેને મળે નહીં એવી વ્યવસ્થા તાત્કાલિક અટકવી જોઈએ. આમ કરવાથી આજે ડિગ્રી મેળવવા તરફ જે ધસારો છે તે અટકશે અને સાધારણ ગજાવાળા વિદ્યાર્થીઓ ધંધા તરફ વળશે.

તત્કાલીન પગલાંના સંદર્ભમાં સરકારે નાણાં ખર્ચીને પણ ઉદ્યોગલક્ષી શિક્ષણની વ્યવસ્થા તાત્કાલિક કરવી જોઈએ એ જ આજનો તકાદો છે. જે શિક્ષિત બેકારો છે તેમને ઠામ પાડવા વૈકલ્પિક વ્યવસાયોની તક ઊભી કરી તે અંગેની તેમને તાલીમ આપવી જોઈએ. જેમ વિવિધ યોજનાઓ અંગે નાનાંમોટાં

કમિશનો છે તેમ બેકારીનિવારણઅર્થે રાજ્યવાર કમિશનો નીમાવાં જોઈએ. આજની એમ્પ્લોયમેન્ટ એક્સચેઇન્જ એ હેતુ પૂરો પાડી શકી નથી. બાકી પહેલા બીજા વર્ગની બબ્બેત્રણત્રણ ડિગ્રી ધરાવનારાને જો સરકાર ઠેકાણે પાડવાની યોજના નહીં ઊભી કરે તો તે સામાજિક જવાબદારી પૂરી નથી કરતી એમ કહેવાય.

૧૯૭૨માં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ અંગ્રેજી વગર એસ. એસ. સી. પાસ થયેલા વિદ્યાર્થીઓને યુનિવર્સિટીઓમાં પ્રવેશ આપી તેમને ઠેઠ સુધી અંગ્રેજી વગર સ્નાતક થવાની સગવડ કરી આપી. ચારેક વર્ષ આ અભ્યાસક્રમને "જનરલ ડિગ્રી અભ્યાસક્રમ" તરીકે ઓળખાવ્યો અને સાથે વ્યવસાયલક્ષીનું પાટિયું લગાડી આપ્યું. પણ વાસ્તવમાં એમાં કોઈ વ્યવસાયલક્ષી તત્ત્વ ઉમેરાયું નહિ. પરિણામે જનરલ ડિગ્રીના સ્નાતકો ફટકિયાં મોતી જેવા કામધંધા વગરના રહ્યા.

૧૯૭૫–'૭૬ માં એમાં ફેરફાર કરવામાં આવ્યો અને અંગ્રેજી વગરના વિદ્યાર્થીઓને પણ સ્પેશલ વિષયો લેવાની છૂટ આપવામાં આવી અને આ બધા વિદ્યાર્થીઓએ સ્પેશયલ વિષયોના અભ્યાસમાં ઝુકાવ્યું. એ અંગે વધારાની જે પાછલી પરીક્ષા એમને આપવી પડી તે પણ આપી દીધી અને છતાં એમની મુરકેલી તો ઊભી જ રહી. અંગ્રેજી વગર સ્નાતક થઈ સ્પેશલ ડિગ્રી મેળવનારાને હજી આજે પણ બી.એડ્. ના અભ્યાસક્રમમાં પ્રવેશ અપાતો નથી. એલએલ. બી.માં પણ પ્રવેશ અપાતો નથી અને એમ. એ.માં પણ પ્રવેશ અપાતો નથી. આમાંથી ઘણા તો પ્રથમ વર્ગમાં આવનારા વિદ્યાર્થીઓ પણ છે. બી. એ.માં ઇતિહાસના વિષયમાં પ્રથમ વર્ગમાં આવ્યા છતાં કેવળ અંગ્રેજી ન હોવાને કારણે આ વિદ્યાર્થીને એમ. એ.માં પ્રવેશ મળતો નથી. ગુજરાતી કે હિન્દી કે સંસ્કૃતના વિષયોમાં પણ એમ. એ. કક્ષાએ અંગ્રેજી વગર પ્રવેશ મળતો નથી. આ બધાનું શું ભાવિ ? જો અંગ્રેજી વગરનાને બી. એડ્.માં પણ પ્રવેશ નહીં અપાય તો એ બધા માધ્યમિક શિક્ષક પણ કયારેય નહીં થઈ શકે. આ વિદ્યાર્થીઓ બાપડા અત્યારે તો આમથી તેમ અટવાય છે એક બાજુ અંગ્રેજીને કાઢવું છે બીજી બાજુ એને મહત્ત્વ આપવું છે આ તે કેવી ઢિમુખી રીતિનીતિ ? અંગ્રેજી સાથે પાસ થયેલાને જ સવર્ણ ગણી ઉપલા અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાનો હોય તો તો યુનિવર્સિટીકક્ષાએ અંગ્રેજીને ફરજિયાત રાખવામાં સૌનું હિત છે. અંગ્રેજી વગરના સ્નાતકોનો, જેને કશે જ પ્રવેશ નહીં મળી શકે એવો સવર્ણ વર્ગ ઊભો કરવાનું કોઈ પ્રયોજન નથી

[૨૩ ઑગસ્ટ, ૧૯૭૭]

શિક્ષણ એટલે ફુરસદિયો વ્યવસાય ?

[શિક્ષણ આપણી સમગ્ર જીવનને સ્પર્શતી આવરી લેતી પ્રવૃત્તિ છે. એટલે એનાં અસંખ્ય પાસાં છે. એમાંનાં કેટલાંક પ્રકીર્ણ પરંતુ તેથી જરાય ઓછા મહત્ત્વનાં નહિ એવાં કેટલાંક પાસાંઓ પર લખાયેલા આ લેખોમાં ઘણાં મહત્ત્વનાં વિચારબિંદુઓ સાંપડે છે. —સં.]

કોઈ કે શિક્ષણના વ્યવસાયને ફુરસદિયો વ્યવસાય કહ્યો. એના તથ્યાતથ્યની ચર્ચા કરવી રસમય થઈ પડે એમ છે.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં ૧૯મી એપ્રિલથી રજાઓ પડી ગઈ તે જૂન માસની પંદરમી તારીખ આવે ટૂંકડી. આમ તો રજાઓ ઓગણીસમી એપ્રિલથી શરૂ થઈ છતાં ભણવા-ભણાવવાનું તો લગભગ પંદરમી માર્ચ અને કદાચ તે પહેલાંથી જ બંધ થઈ ગયેલું. પંદરમી માર્ચ પછી તો ચોક્કસ જ એ તમામ કૉલેજોમાં બંધ થઈ ગયેલું રોજ ને રોજ અધ્યાપકો કૉલેજોમાં જતા, કયારેક ડેલીએ હાથ દઈ પાછા જતા કયારેક એક-બે કલાક બેસે, કયારેક ત્રણ કલાક બેસે, જેવો જ્યાં શિરસ્તો. ઘણી કૉલેજોમાં પુસ્તકાલયમાં વાચનખંડ હોય નહિ, વર્તમાનપત્રો અને સામયિકોનાં ઠેકાણાં હોય નહિ, ઘણી કૉલેજોમાં અધ્યાપકખંડો પણ ઉનાળાના ભર બપ્પોરે બેસવાલાયક હોય નહીં. આવી પરિસ્થિતિ હોય ત્યાં બીજું શું થાય ? ગમેતેમ પણ ઘણા કામકાજના દિવસોએ અધ્યાપકો શેરીમાં, બજારમાં ફરતા દેખાતા તેથી ઘણાંનાં ભવાં ઊંચાં થતાં.

એક જમાનામાં વીસમી જૂને કૉલેજો શરૂ થતી અને દસમી માર્ચે બંધ થતી, વચમાં ઑકટોબરની દસમીથી નવેમ્બરની દસમી સુધી રજા પડતી. આ વ્યવસ્થા યુરોપિયન અધ્યાપકો-આચાર્યોની સગવડ માટે થયેલી એમ કહેવાય છે. ગોરા અધ્યાપકો દસમી માર્ચે સ્ટીમરમાં બેસી જતા તે વરસાદનાં છાંટણાં થાય પછી આવતા. આ વ્યવસ્થામાં રજાનો અતિરેક જોવાતાં અને ગોરાઓ તો દેશ-ભેગા થઈ ગયા એટલે આમતેમ થોડીક કાપકૂપ કરી, તારીખો આઘીપાછી કરવામાં આવી. પછી નવાં પગારધોરણો આવ્યાં અને તે સાથે 'રજાઓ ઘટાડો અને શિક્ષણસમય વધારો'નું સૂત્ર આવ્યું અને તેથી માર્ચ માસમાં પડતી રજાઓ

એપ્રિલથી શરૂ થવા માંડી. એમાં પણ દરેક યુનિવર્સિટીએ વ્યવસ્થા પોતપોતાની જ રાખી.

પણ આખી આ પળોજણમાં શિક્ષણનો સમય કાંઈ વધારી શકાયો નહીં એક તો આપણા અભ્યસક્રમો જ એવા છે જે વધારેમાં વધારે પાંચ–છ મહિનામાં પૂરા થઈ જાય એક બાજુ શિક્ષણ–સમય વધારવો અને સાથે અભ્યાસક્રમ વધારાય નહીં તો તે એક વિસંગતિ જ કહેવાય. વળી આપણા વિદ્યાર્થીઓનું વલણ પણ વર્ગ કરતાં વર્ગબહાર રહેવાનું. નૉન–ફૉર્મલ એજ્યુકેશનના એ પુરસ્કર્તા અજાણે થયા છે. વર્ગશિક્ષણની અસર પરીક્ષાપરિણામો પર ઝાઝી હોતી નથી. આખું વર્ષ વર્ગબહાર રહેનારા પાસ તો થઈ જાય. આંતરિક મૂલ્યાંકન છેવટે તો સત્રાંત પરીક્ષામાં રૂપાંતરિત થઈ અર્થવગરનું બની જતાં વર્ગકાર્ય સાથે એનો સંબંધ રહ્યો નહીં. વર્ષ દરમિયાન પણ, અધ્યાપકોની રજાઓ–જે કેટલાક કિસ્સાઓમાં ફીક ફીક હોય છે–જાહેર રજાઓ, વિદ્યાર્થીઓએ પાડેલી રજાઓ, વગેરેનો સરવાળો કરતાં કોઈ એક ચોક્કસ વિષયમાં વર્ગકાર્ય માંડ ચારેક મહિના જેટલું થતું હશે. આપણી પરીક્ષાપ્રથા પણ એવી અટપટી કે તે ખૂબ લાંબી ચાલે, મોડાં પરિણામો આવે અને સત્રો વિધિવત શરૂ થવા છતાં નિયમિત શિક્ષણકાર્ય વિલંબાતું જ જાય છે. આ બધાને કારણે આપણે ત્યાં શિક્ષણવ્યવસ્થા સદંતર પોકળ બનતી ગઈ છે. એ હેતુશૂન્ય પણ બની.

આપણે ત્યાં જેમ અધ્યાપકોને કશું કર્યા વિના એક મહિના ઉપરાંતના સમય માટે કૉલેજમાં જવું પડે છે એવું યુરોપ–અમેરિકાના દેશોમાં કોઈ સ્થળે થતું આપણે કલ્પી પણ શકતા નથી. આપણા સમાજના આટલા મોટા બુદ્ધિધનને બધો વખત આળસમાં કે નિષ્ક્રિયતામાં પોતાની ઇચ્છાવિરુદ્ધ વીતાવવો પડે એની લાંબે ગાળે માઠી અસર થાય છે. આ અસર માનસિક અને શારીરિક બન્ને પ્રકારની હોય છે. શિક્ષણનો ધંધો થઈ જાય એમાં શોભા કોઈ પક્ષે નથી આજની પરિસ્થિતિમાં તો એ વ્યવસાય ફુરસદીઓ જ થઈ ગયો છે એમ કોઈ કહે તો ઝાઝો વાંધો લઈ શકાય એમ નથી.

આ પરિસ્થિતિમાંથી ઉકેલ શોધવાના જે જે પ્રયત્નો થયા છે તે બધા જ વિફળ ગયા છે. એકલો રજામાં ઘટાડો કરવાથી આનો ઉકેલ જડે એમ નથી. રજાઓ ઘટે પણ કૉલેજમાં ભણનારા વિદ્યાર્થીઓ વર્ગમાં જ નહિ હોય તો અધ્યાપકો માટે તો કૉલેજ જઈ, ડેલીએ હાથ દઈ, પાછા આવવા સિવાય બીજું

કોઈ ઉપાય નથી ! આપણે તો આખી શિક્ષણવ્યવસ્થાને મૂળભૂત રીતે બદલવી પડશે. જૂનથી શરૂ થતું શૈક્ષણિક વર્ષ આ દેશની આબોહવાને અનુરૂપ બનાવવા જાન્યુઆરી માસથી શરૂ કરવું જોઈએ. આખા શૈક્ષણિક વર્ષને ત્રણેક સત્રોમાં વહેંચી નાખવું જોઈએ, પહેલું સત્ર જાન્યુઆરીથી શરૂ થઈ એપ્રિલમાં પૂરું થાય બીજું સત્ર જૂનમાં શરૂ થઈ સપ્ટેમ્બરમાં પૂરું થાય, ત્રીજું સત્ર નવેમ્બરમાં શરૂ થાય અને ડિસેમ્બરમાં પૂરું થાય. ડિસેમ્બરમાં પરીક્ષાઓ લેવાય અને તે સત્ર દરમિયાન જ લેવાય. અમે સૂચવેલી આ વ્યવસ્થામાં વીગતો ફેરવી શકાય. પચાસ ટકા આંતરિક મૂલ્યાંકનના રાખી તેને વર્ગકાર્ય સાથે સાંકળવામાં આવે – શિક્ષણકાર્યનો અંતર્ગત ભાગ જ આ આંતરિક મૂલ્યાંકન બને. પહેલાં બે વર્ષની પરીક્ષાઓ કૉલેજોને સોંપાય જેમાં પ્રશ્નપત્રો યુનિવર્સિટી તરફથી અપાય. આવી કોઈક વ્યવસ્થા થાય તો જ આજની શિક્ષણવ્યવસ્થા વધારે ઉત્તરદાયિત્વવાળી અને ફળપ્રદ બને.

[૧૮ મે, ૧૯૮૨]

પરીક્ષાનું પરીક્ષણ

ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં કે માર્ચના પહેલા સપ્તાહમાં આંતરિક મૂલ્યાંકન માટેની કસોટીઓ શરૂ થાય તે પહેલાં જ પરીક્ષાઓ નથી થવાની એવી અફવાઓ જોરદાર શરૂ થઈ ગઈ હતી. 'પરીક્ષા નથી થવાની'ની અફવામાં કારણ શોધવાની જરૂર નથી પડતી પરીક્ષા નહીં તો એના વિકલ્પમાં બીજું શું તેનો વિચાર કરવાનો પણ કોઈને જરૂર નથી લાગતી. પરીક્ષા નહીં લેવાવાની આપણે ત્યાં લઢણ પડી ગઈ છે એટલે તથ્યાતથ્યનો વિચાર જ શા માટે કરવો. અફવાનું પગેરું પણ નીકળે નહીં. પણ આપણા વિદ્યાર્થીઓ ગંભીરતાપૂર્વક એ માની લે એ જ વાત આજની આપણી શિક્ષણવ્યવસ્થાની ટૂંકી સમીક્ષા છે.

પણ આ પરીક્ષાનું એક બીજું પણ ફળ છે. લગભગ પંદરમી ફેબ્રુઆરીથી ભણાવવાનું મોટા ભાગની કૉલેજોમાં લગભગ બંધ થઈ ગયું છે. આ આંતરિક મૂલ્યાંકનની કસોટીઓ માર્ચની દસમીના અરસામાં પૂરી થશે અને યુનિવર્સિટી પરીક્ષાઓ એપ્રિલની બાવીસ – તેવીસમીએ શરૂ થશે તે ગાળા દરમિયાન પણ ભણવા–ભણાવવાનું વર્ગકાર્ય તો વ્યવસ્થિત ચાલશે નહીં. ટૂંકમાં સમયપત્રક પ્રમાણે ભણાવવાનું વર્ગકાર્ય લગભગ ૧૫મી ફેબ્રુઆરીની આસપાસ પૂરું થઈ ગયું. આ વર્ષે પહેલી ઑગસ્ટે શરૂ થયેલું શિક્ષણકાર્ય સાતેક મહિનામાં પૂરું થઈ ગયું અને વચમાંનો દીવાળીની રજાઓનો એક માસ બાદ કરો તો છ મહિનામાં જ આપણે ત્યાં શિક્ષણકાર્ય પૂરું થઈ ગયેલું ગણાય. એમાં તહેવારની બીજી રજાઓના દિવસો, સ્ટુડન્ટ કાઉન્સિલની ચૂંટણી અંગેની, વાર્ષિકોત્સવ અંગેની અને કૉલેજ જો ચૅમ્પિયન બની હોય તો તે અંગેની રજાઓના દિવસો પણ બાદ કરવાના.

ભારત સિવાય કદાચ ઉચ્ચ શિક્ષણને ક્ષેત્રે ઢંગધડા વગરનું આવું કાર્ય કયાંય નહીં ચાલતું હોય. જે દિવસોમાં શિક્ષણકાર્ય ચાલે તે દિવસોમાં વર્ગમાં પચાસ ટકાથી પણ ઓછી હાજરી હોય. હૉટેલોમાં, રસ્તાઓ ઉપર અને મૅદાનની શોમાં ચાલુ કૉલેજે હાજર રહેતા વિદ્યાર્થીઓની સંખ્યા નાનીસૂની હોતી નથી. એની સામે વિદ્યાર્થી જે જે બાનગી ટ્યુશનવર્ગોમાં જાય છે તે તે વર્ગોમાં એ સતત સોગંદપૂર્વક હાજર રહેતો હોય છે. વિજ્ઞાનકૉલેજોમાં અને વાણિજ્યની

કૉલેજોમાં ભાષાના વર્ગો ખાલીખમ હોય વિનયન કૉલેજોમાં ફરજિયાત અંગ્રેજીના વિષયના વર્ગો ખાલીખમ હોય છે.

જે વર્ગોમાં પાઠ્યપુસ્તક ભણાવવાનું હોય તે વર્ગમાં માંડ ત્રણ ટકા વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકો લાવતાં હોય છે. મુદ્દ અનુસ્નાતક વર્ગોમાં પાઠ્યપુસ્તકોની બાબતમાં આ ટકાવારી એક ટકા જેટલી થઈ જાય. વિદ્યાર્થીઓ પાસે પાઠ્યપુસ્તક હોય જ નહીં એ વિદ્યાર્થીને પાઠ્યપુસ્તક ભણાવવાનો નવો ફીમિયો અધ્યાપકોએ હસ્તગત કર્યો છે, કરવો પડે છે. વેપારી બુદ્ધિવાળા ગુજરાતમાં ગુજરાતીઓ વિદ્યાક્ષેત્રે તો પોતાના પૈસાનું પૂરેપૂરું વળતર માગતા નથી. એ માગવામાં એમને રસ નથી. યુનિવર્સિટીપરીક્ષાના પરિણામનું ગૌરવ હવે સંસ્થાઓ નહિ, પણ બાનગી ટ્યૂશનવર્ગો લેતા થયા છે. આખું વર્ષ કૉલેજના વર્ગોમાં હાજરી નહીં આપી હોય એવા વિદ્યાર્થીઓ પણ મેળવવા દુર્લભ નથી અને છતાં એ બધા જ યુનિવર્સિટીપરીક્ષાઓમાં પાસ થાય છે એ આજની શિક્ષણવ્યવસ્થાનું મોટું આશ્ચર્ય છે.

[૨ માર્ચ, ૧૯૮૨]

અનુસ્નાતક શિક્ષણ

આપણે ત્યાં હવે એક વા વાયો છે અને તે તમામ અનુસ્નાતક શિક્ષણ યુનિવર્સિટીએ પોતાને હસ્તક લઈ લેવાનો. આ વા વાયો તે અગાઉ અને હજી આજે પણ અનુસ્નાતક શિક્ષણ અંશતઃ યુનિવર્સિટીમાં ચાલતું હતું અને અંશતઃ કૉલેજોમાં પણ ચાલુ હતું. કેટલાક અતિશય ઉત્સાહી અને એકાંગી દૃષ્ટિવાળા એમ જ માને છે કે જાણે અનુસ્નાતક શિક્ષણ યુનિવર્સિટીના વિભાગો દ્વારા જ અપાય અને એ વિભાગના જ શિક્ષકો સારા. આવી એકાંગી દૃષ્ટિથી શિક્ષણને ઘણું નુકસાન થયું છે જે જમાનામાં યુનિવર્સિટીવિભાગોમાં અનુસ્નાતક શિક્ષણ કેન્દ્રિત નહોતું થયું અને સંલગ્ન કૉલેજોમાં પણ અનુસ્નાતક શિક્ષણના વર્ગો ચલાવતા હતા એ જમાનામાં અને જ્યાં આ પ્રથા આજે છે ત્યાં કૉલેજોમાં પણ અધ્યાપનકાર્ય કરતા ઘણા વિદ્વાન અધ્યાપકો પાસે ઉચ્ચશિક્ષણ (અનુસ્નાતક) લઈ વિદ્યાર્થીઓ કૃતાર્થ થયા છે અને ચોગરદમ ફેલાયા છે. વિદ્વત્તાપૂર્ણ ઉત્તમ અધ્યાપન એ એક જ ઠેકાણે એકઠું થનારું તળાવ નથી. એ તો એક સ્રોત છે અને ચોગરદમ વહે છે.

પણ પશ્ચિમના દેશો પાસેથી ઉછીની લીધેલી આ દૃષ્ટિને કારણે અને કેવળ ગ્રંથિઓગ્રસ્ત આવા ઝોકને કારણે અનુસ્નાતકવિભાગો આપણા દેશમાં ઘણે ઠેકાણે સ્થાપિત હિતો બન્યા છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા લખલૂટ નાણાં એની પાછળ ખર્ચાતાં હોવાને કારણે એ ખર્ચાળ બન્યું છે. પ્રાથમિક, માધ્યમિક અને પૂર્વસ્નાતક શિક્ષણ સતત નાણાંભીડને કારણે યથોચિત વિકાસ નથી સાધી શકયું. જ્યાં હોય તો જ હવાડામાં આવે એ ન્યાય પણ અહીં પ્રવર્તતો જોવા મળતો નથી. પૂર્વસ્નાતક શિક્ષણ ટળવળતું રહે ત્યારે એમાંથી જ આવતા વિદ્યાર્થીઓના સંદર્ભમાં અનુસ્નાતક શિક્ષણ કેવી રીતે પાંગરી શકે ?

આ બધા મુદ્દાઓને સમજાવતો, પ્રો. હરિમતરાય દેસાઈએ વડાપ્રધાનને વીગતવાર પત્ર લખ્યો છે. એમણે રજૂ કરેલી માહિતી જાણવા જેવી છે. પ્રો. હરિમતરાયે જણાવ્યું છે : " આપણે પ્રાથમિક શિક્ષણની ભારોભાર અવગણના કરીએ છીએ. માધ્યમિક શિક્ષણને અમતરાના ખતરા કરી ખતમ કર્યું છે, ઉચ્ચશિક્ષણક્ષેત્રે અને તેમાંયે અનુસ્નાતક શિક્ષણ માટે આપણે જે વલણ

અપનાવીએ છીએ તે જોતાં આપણને પણ લાગશે કે આપણે અમેરિકા જેવા સમૃદ્ધ દેશનું આંધળું અનુકરણ કરી રહ્યા છીએ. આ અનુસ્નાતક શિક્ષણ માટે થતી નાણાંકીય ફાળવણી, યુનિવર્સિટીમાં ઊભા કરાતાં લગભગ એક જ જાતનાં બીબાં-ઢાળ અનુસ્નાતકભવનો અને વિભાગો આ ગરીબ દેશ માટે કેવો મોટો વૈભવ છે એ તો આપ એક સમિતિ નીમી તપાસ કરાવો તો આઘાત લાગે તેવું પરિણામ જાણવા મળશે.

પ્રો. દેસાઈએ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ચાલતાં અનુસ્નાતકભવનો પાછળ થતો ખર્ચ, તેમાં કામ કરતા અધ્યાપકો અને ભણતા વિદ્યાર્થીઓની સંખ્યાનો આંક કાઢયો છે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કુલ ૧૨ ભવનો છે, તેની પાછળ ૩૭,૫૭,૪૫૮ દર વર્ષે ખર્ચાય છે. એમાં કુલ જુદી જુદી કક્ષાના બાવન-અધ્યાપકો કામ કરે છે અને આ અગિયાર ભવનોમાં માત્ર ૩૭૭ વિદ્યાર્થીઓ ભણે છે ! આમ વિદ્યાર્થીદીઠ વર્ષનો સરેરાશ રૂ. ૧૯,૬૩૨નો ખર્ચ થાય. ભવનનાં મકાનો પાછળ, સાધનો અને ગ્રંથાલય પાછળના ખર્ચાઓ તો જુદા.

પ્રો. હકૂમતરાયના શબ્દોમાં જ જોઈએ "યુનિવર્સિટીના પ્રાધ્યાપકનું પગાર-ધોરણ પણ કૉલેજના પ્રિન્સીપાલ કરતાં વધારે છે. પ્રોવિડન્ટ ફંડ અને ગ્રેજ્યુએટીના લાભો જુદા. ગ્રેજ્યુએટીના લાભોથી કૉલેજના અધ્યાપકોને વંચિત રાખવાની વેતરણ પણ થઈ રહી છે. આજે સંલગ્ન કૉલેજમાં ચાલતાં અનુસ્નાતકકેન્દ્રોમાં કુલ ૫૮૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ માટે યુનિવર્સિટીને પાઈનો પણ ખર્ચ કરવો પડતો નથી. (થોડો ભાડા-ભથ્થા અંગે અને વહીવટી ખર્ચ કરવો પડતો હશે, પણ તે પ્રમાણમાં ઘણો જ અલ્પ) આમ એક બાજુ યુનિવર્સિટીમાં જુદા જુદા વિભાગોમાં વૈભવશાળી ખરચ કરાતો હોય તો તે આપણા જેવા ગરીબ દેશને પોસાય એવો છે ખરો ?"

પ્રો. હકૂમતરાયની વાતમાં ઘણું તથ્ય છે. આપણે ત્યાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ સદંતર કુંઠિત બન્યું છે. પ્રાથમિક શાળાઓમાં પચાસ વિદ્યાર્થીઓનો એક વર્ગ, કયાંક ત્રણ કે ચાર ધોરણો એક કે બે જ શિક્ષકો વડે ચાલતાં હોય ત્યાં યુનિવર્સિટીભવનમાં પાંચ અધ્યાપકો અને બે જ વિદ્યાર્થીઓ હોય ! આપણો દેશ ભ્રાંતિમોનો દેશ છે એ અહીં પણ સાબિત થાય છે. આજે આપણા શિક્ષણનું માળખું નાના માથા ઉપર મોટી પાઘડીની રસમથી વિકસી રહ્યું છે.

એને સમથળ બનાવવાની જરૂર છે. પૂર્વસ્નાતક શિક્ષણનું જે થવાનું હોય તે થાય પણ અનુસ્નાતક શિક્ષણ પાછળ લખલૂટ નાણાં ખર્ચીને તેને સમૃદ્ધ કરો એવી નીતિ આપણા હિંદુસમાજ અનેકાનેકને પછાત રાખી વિકસેલા બ્રાહ્મણસમાજની નીતિના જેવી છે. આ નીતિ આપણી નથી, ઉછીની લીધેલી છે અને એની ભ્રામકતામાંથી જેટલા વહેલા બહાર આવીએ તેટલો વહેલો આપણો ઉદ્ધાર થશે.

[૩૧ જાન્યુઆરી, ૧૯૭૮]

સંશોધનનો અતિઆગ્રહ

છેલ્લાં કેટલાક વર્ષોથી અધ્યાપનના વ્યવસાયમાં સંશોધન (રિસર્ચ) ઉપર વધારે ભાર મુકાઈ રહ્યો છે. દરેક અધ્યાપકે પોતાના ક્ષેત્રમાં કંઈ ને કંઈ સંશોધન કરવું જોઈએ અને એ સંશોધનના પરિપાકરૂપે લેખો, મહાનિબંધો પ્રગટ કરવા જોઈએ એવો આગ્રહ રખાઈ રહ્યો છે. આ આગ્રહ એટલે સુધીનો છે કે જો સંશોધન કરે તો જ તે સારો અધ્યાપક ગણાય અને નવા પગારધોરણમાં એમ. ફિલ કે પીએચ. ડી. ડિગ્રી મેળવવાની અનિવાર્યતાની જોગવાઈ કરાઈ છે તે પણ આ જ માન્યતાને આધારે કરાઈ છે. વળી એક વાર પીએચ. ડી. કર્યા પછી તેનું સંશોધનકાર્ય અટકી જાય તો તેનો વાંધો નથી.

અમને લાગે છે કે સંશોધન પરત્વેનો જે વધારે પડતો ઝોક અત્યારે દેખાઈ રહ્યો છે તે ખાસ તો અમેરિકાની પરિસ્થિતિનું જડ અનુકરણ છે. ખુદ અમેરિકામાં સંશોધન પરત્વેના અતિ આગ્રહને કારણે ઘણાં નમાલાં સંશોધનો પ્રગટ થયાં છે અને તેને પરિણામે ફટકિયાં મોતી જેવી પીએચ ડી. ઓ અપાતી થઈ છે. તેથી પીએચ ડી. નું મૂલ્ય ત્યાં ઘટયું છે, એમને નોકરી પણ મળતી નથી અને આખી વ્યવસ્થાનો નવેસરથી વિચાર કરવાનું વલણ ત્યાં દેખાય છે. દુર્ભાગ્યે આપણે ત્યાં અમેરિકામાં જૂનું બની ગયેલું અને છોડાવાની અણી ઉપર હોય તે પ્રચાર પામે છે અને તેનો આગ્રહ થાય છે.

પણ અમારે વાત બીજી કરવી છે. સંશોધનની વૃત્તિ અને શકિત એક અધ્યાપકમાં હોય અને તે ખીલે એ સોનામાં સુગંધ ભળવા જેવી વાત છે પણ સંશોધનની શકિત અને વૃત્તિને સારા અધ્યાપનના પર્યાયરૂપ બનાવવાની વાત અમને સ્વીકાર્ય નથી કારણ કે એ બાબતમાં અનુભવ જુદા પ્રકારનો છે. જેમણે આ બંનેને જોડયાં છે અને અવિનાભાવી બનાવ્યાં છે તેમને કાં અનુભવ નથી કાં અનુભવની ઉપેક્ષા તેમણે જાણી જોઈને કરી છે.

એવા ઘણા દાખલાઓ છે જેમાં વ્યકિત એક સારા સંશોધક તરીકે ખ્યાતિ મેળવતી હોય છતાં અધ્યાપક તરીકે સાવ નિષ્ફળ નીવડી હોય, સંશોધન અને અધ્યાપન બંને એકબીજાથી નિરાળી વૃત્તિ-શકિત છે. સ્વ. વિજયરાય વૈદ્ય એક

પ્રખર સંશોધક વિદ્વાન તરીકે ખ્યાતિ ધરાવતા હતા છતાં અધ્યાપક તરીકે તેઓ તદ્દન નીષ્ફળ નીવડ્યા હતા. ઘણા દાખલાઓ આ અંગે આપી શકાય. અધ્યાપનમાં જે વિનિમયની કલા છે એ સંશોધનથી આવી શકતી નથી. ગમે એટલો પ્રખર સંશોધક પણ જો 'કોમ્યુનિકેશન' બાબતમાં તકલીફ ધરાવતો હોય તો તે કયારેય સફળ થઈ શકે નહીં.

વળી સંશોધન અંગેની જે સગવડો યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોના અધ્યાપકોને છે તે સગવડ કૉલેજોના અધ્યાપકોને મળતી નથી. પ્રયોગશાળાઓ, સારું પુસ્તકાલય, પ્રમાણમાં ઓછું કામ, સત્રાંત ઉત્તરપત્રો તપાસવામાંથી મુક્તિ જેવી જે સુવિધા યુનિવર્સિટીના અધ્યાપકોને મળે છે તે કૉલેજોના અધ્યાપકોને મળતી નથી, એથી બધાંને જ સંશોધન પાછળ પ્રેરવામાં હેતુ અને હાર્દની વિડંબના છે. પશ્ચિમના આંધળા અનુકરણમાં આપણે કેવા સપડાઈ એ છીએ તેનું આ ઉદાહરણ છે.

વાસ્તવમાં તો અધ્યાપન તેજસ્વી બનાવવા માટે એક બાજુ અધ્યાપકના વિષયવસ્તુ (કન્ટેન્ટ) ના જ્ઞાનને સમૃદ્ધ કરવું જોઈએ અને બીજી બાજુ એ જ્ઞાનની વિદ્યાર્થીઓ સમક્ષની પદ્ધતિસરની રજૂઆતને ખીલવવી જોઈએ સારા અધ્યાપનના પાયાના આ બે મુદ્દાઓ છે. બાકી સંશોધનનો આગ્રહ રાખવાની વાત એ કેવળ એકાંગી તરંગ છે. સારા અધ્યાપન માટે એ અનિવાર્ય નથી જ નથી.

[૨૩ માર્ચ, ૧૯૭૬]

સૂરતની ઐતિહાસિકતા પ્રત્યે ઉદાસીનતા

સૂરત લગભગ ચારસો-પાંચસો વર્ષ જૂનું શહેર છે એટલો જૂનો એનો ઇતિહાસ મળે છે. એ ઐતિહાસિક શહેર પણ છે અને ઘણા રાજપલટાઓનું એ સાક્ષી છે. એને કિનારે જ વલંદાઓ, ફ્રેંચો અને અંગ્રેજો આવ્યા હતા. સમૃદ્ધિ એણે જોઈ છે, પડતી પણ એણે જોઈ છે. આમ છતાં સૂરતની મુલાકાતે આવનાર કોઈ વિદેશી કે દેશી મુલાકાતીને સૂરત શહેરમાં ઐતિહાસિક સ્થાનો બતાવવાનું મન થાય તો ઘણી મૂંઝવણ થાય. સૂરતનાં કોઈ પણ ઐતિહાસિક સ્થાનોની જાળવણી થઈ નથી એ એની કમનસીબી છે સૂરતનો કોઈ વિદ્યાર્થી ઐતિહાસિક શહેર એ એટલું પુસ્તકમાં વાંચે-ભણે તેનાથી વિશેષ એ પ્રત્યક્ષ રીતે જાણતો નથી. સૂરતની ઐતિહાસિકતા અંગેના છે એટલા દસ્તાવેજોને ભેગા કરવાનો કે એ અંગે અધ્યયન કરવાનો સનિષ્ઠ પ્રયત્ન થયો નથી.

સૂરત મ્યુનિસિપાલિટીની સ્થાપના ૨૩મી એપ્રિલ, ૧૮૫૨માં થઈ ત્યારથી માંડી આજ સુધી સૂરતના આધુનિક વિકાસની ગાથા રજૂ કરતો દસ્તાવેજ-સંગ્રહ સૂરત મ્યુનિસિપાલિટીની અભરાઈઓ ઉપર પડ્યો છે. એમાં સૂરત મ્યુનિસિપલ રેકર્ડ્ઝ, એન્યુઅલ એડમિનિસ્ટ્રેશન રિપોર્ટો, શતાબ્દીસ્મરણિકા, ડૉ. હોવલેટ જેવા નિષ્ણાતોના સૂરતના સેનિટેશન અંગેના અહેવાલો, મ્યુનિસિપાલિટીની સામાન્ય સભાની કમિટીઓની સભાઓના ઠરાવો સંગ્રહાયેલા છે અને એ બધા સૂરતની મ્યુનિસિપાલિટીનો આધારભૂત ઇતિહાસ લખનાર લેખકની રાહ જુએ છે.

પ્રાચીન સમયને સ્પર્શતા અનેક અવશેષો તાપી નદીના કિનારે આવેલાં છે અનેક શિવમંદિરો, શહેરોમાંનાં જૈનમંદિરો, વૈષ્ણવ મંદિરો, પરદેશી વેપારી કોઠીઓના જીર્ણ થઈ ગયેલા અવશેષો, વલંદાઓ અને આરમેનિયનોનાં કબ્રસ્તાનો બધાં જ જેટલાં પુરાતત્ત્વની દૃષ્ટિએ તેટલાં જ ઐતિહાસિક દૃષ્ટિએ સંશોધનને પાત્ર છે. જો આ બધા અવશેષોની કાળજી લેવામાં નહીં આવે તો કાળ એને ભરખી જશે.

બીજી એક ઘટના પણ નોંધવા જેવી છે. સૂરતમાં સત્તરમી સદીની શરૂઆતમાં અંગ્રેજ વેપારીઓના આગમનથી માંડી ઇસ્ટ ઇન્ડિયા કંપની

રાજકીય સત્તા બની ત્યાં સુધીના રોજબરોજના બનાવોનું, અંગ્રેજ વેપારીઓની દૃષ્ટિનું આલેખન આ ડાયરીઓમાં વિગતવાર કરવામાં આવ્યું છે. આ ડાયરીઓમાં યુરોપીય વહાણોમાં આવતાજતા માલસામાન, યુરોપીય મુસાફરો, તેમની રહેણીકરણી, તેમનું હિંદીઓ સાથેનું આદાનપ્રદાન તાદૃશ રીતે નોંધાયું છે. સૂરતની કોઠીના વડાના મુંબઈ અને લંડનના અધિકારીઓ સાથેના પત્રવ્યવહાર સંગ્રહાયા છે. ડાયરીઓ અને પત્રવ્યવહાર મહારાષ્ટ્રના આર્કીયોલોજીકલ અને હીસ્ટોરિકલ મોન્યુમેન્ટ્સની અભરાઈઓ પર ધૂળ ખાતા પડ્યા છે. કયારેક અમેરિકન કે ડચ સંશોધકો ભારતમાં આવી તેનાં પાનાં ફેરવતા હોય છે. આપણે એ ડાયરીઓ ગુજરાતમાં લાવવાની દરકાર પણ કરી નથી.

સૂરતના એક સમય ઉપર પોતાની થિસીસ લખી પીએચ. ડી. પ્રાપ્ત કરનાર ડૉ. ગુણવંતભાઈ દેસાઈએ આવી અનેક માહિતી અમને સૂરત માટે આપી છે. સૂરતના ઉગમકાળથી માંડી ઠેઠ વીસમી સદીના આરંભ સુધીનો સિલસિલાબંધ-માહિતીપૂર્ણ અને સુરેખ ઇતિહાસ આપી શકાય એવી ઢગલાબંધ માહિતી વેરણછેરણ પડેલી છે એમ એમનું કહેવું છે. આ માહિતી કેટલીક ગુજરાતબહાર છે અને તે દસ્તાવેજો ગુજરાતમાં લાવી સંધરવા જોઈએ. એમ નહીં થાય તો એ બધા જ કાળના ગર્તમાં ખોવાઈ જવાનો સંભવ છે. એ દસ્તાવેજોની બીજું કંઈ નહીં તો માઇક્રોફિલ્મ તૈયાર કરાવીને અહીં લાવવી જોઈએ.

ડૉ. ગુણવંતભાઈ દેસાઈની વાત ઘણી સાચી છે. આપણી પ્રજામાં ઇતિહાસની દૃષ્ટિ જ ઓછી છે અને એમાં ગુજરાતમાં તો એ ઘણી જ ઓછી છે, જો એમ ન હોય તો તે સૂરતમાં જે જે ઐતિહાસિક-સાંસ્કૃતિક સ્થાનો છે તેની આવી દુર્દશા નહીં થઈ હોત. મુઠ્ઠ ઓગણીસમી સદીના આરંભના પુરુષાર્થોનાં સ્મારકો પણ આપણે ત્યાં કયાં છે ? સૂરત શહેરની વીગતવાર માહિતી આપતી મૂલાકાતીઓ માટેની 'ગાઈડ' પણ આપણે કયાં તૈયાર કરી શકયા છીએ ? સૂરત કૉર્પોરેશન પાસે ઘણાં મહત્ત્વનાં પુસ્તકો છે પણ તે બધાં અવૈજ્ઞાનિક ઢબે, ઢગલાબંધ વર્ગીકરણ થયા વગર પડી રહેલાં છે. હવે આપણી પાસે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી જેવી ઉચ્ચ વિદ્યા અને સંશોધનની સંસ્થા છે. એ સંસ્થાએ સૂરત શહેર અંગેના સંશોધનનો 'પ્રોજેક્ટ' હાથ ઉપર લેવો જોઈએ.

આ જ સંદર્ભમાં દક્ષિણ ગુજરાત યુનિર્સિટીના વિકાસનો પણ વિચાર કરવાનો રહે છે. આપણી યુનિવર્સિટીઓ જ્યારે ગયા મે માસની ચોવીસમી તારીખે

પોતાના અસ્તિત્વનાં દસ વર્ષ પૂરાં કર્યાં ત્યારે એમને લાગ્યું હતું કે યુનિવર્સિટીએ જેનાં અનુસ્નાતકભવનો કાઢવામાં કેવળ ગોકળી દૃષ્ટિ જ રાખી છે. ૧૯૬૮ માં જ્યારે પ્રો. સી. જી. પટેલ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે આવ્યા ત્યારે એમણે યુનિવર્સિટીભવનો શરૂ કરવાની દિશામાં ચપળ મોટી પહેલ કરી. પ્રો. પટેલ પોતે અર્થશાસ્ત્રના વિદ્વાન અને નિષ્ણાત હતા એટલે એમણે સમાજવિદ્યાનાં ભવનો શરૂ કરવા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. એમને અંગ્રેજી ભાષા તરફ મમત્વ હતું એટલે ભાષાની બાબતમાં અંગ્રેજી ભાષાનો અનુસ્નાતક વિભાગ શરૂ કર્યો.

બીજી બાજુ પ્રાકૃતિક વિજ્ઞાનના–નેચરલ સાયન્સીસના–વિભાગો શરૂ કરવામાં આવ્યા. કોઈ પણ વિદ્યાનાં ભવનો શરૂ થાય એ આનંદની વાત હોઈ શકે. પણ યુનિવર્સિટીનો વિકાસ હમેશાં સમતોલ હોવો જોઈએ. બધી વિદ્યા યુનિવર્સિટીની દૃષ્ટિએ એકસરખા મહત્ત્વની હોવી જોઈએ. આ યુનિવર્સિટીના નેતૃત્વપદે જોગાનુજોગ સમાજવિદ્યાના જ્ઞાતાઓ આવ્યા એટલે એમણે સમાજવિદ્યાનાં જ ભવનો એક પછી એક ઉઘાડ્યાં અને તેના વિકાસને માટે જ પ્રયત્નો કર્યા. પરિણામે માનવવિદ્યાની એક ઘણી મહત્ત્વની બાજુ આ યુનિવર્સિટીના પ્રાંગણમાં ઉપેક્ષિત થઈ છે એ એક દીવા જેવી સ્પષ્ટ વાત છે અને એવા અસમ વિકાસ માટે યુનિવર્સિટી બહાર ઓછી ટીકાપાત્ર નથી બનતી.

સમાજવિદ્યામાં અને બીજા એવા વિષયોમાં આપણી યુનિવર્સિટીમાં પૂર્વસ્નાતક કક્ષાએ તે તે વિષયોના અભ્યાસની કોઈ સગવડ નહીં હોવા છતાં તે તે વિષયોનાં અનુસ્નાતકભવનો એકદમ શરૂ કરવામાં આવ્યાં. એ ભવનોમાં પ્રવેશ માટે અનુસ્નાતકપ્રવેશના નિયમો લાગુ કરવામાં આવ્યા અને ગમે તે વિષય સાથે સ્નાતક થનારને એમાં પ્રવેશ આપવાની જોગવાઈ કરી. સંસ્કૃત સાથે સ્નાતક થનાર ગુજરાતીના અનુસ્નાતક અભ્યાસક્રમમાં નથી જોડાઈ શકે પણ તે સમાજશાસ્ત્ર (સોશીઓલોજી)માં દાખલ થઈ શકે કારણ સમાજશાસ્ત્ર પૂર્વસ્નાતક કક્ષાએ ભણાવાતું નથી. હમણાં જ "ઈન્ટર ડિસિપ્લીનરી" નામના વિષયની નવી જગ્યા ઊભી કરી એક પ્રોફેસરની નિમણૂક કરી. આવા તો ઘણા દાખલા આપી શકાય.

ગુજરાતની અંગ્રેજી માધ્યમવાળી વડોદરા યુનિવર્સિટી સહિતની એવી કોઈ યુનિવર્સિટી નથી જેમાં ગુજરાતી, હિંદી, સંસ્કૃત આદિ ભાષાનાં અનુસ્નાતકભવનો

નહિ હોય. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે જ શરૂ થયેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ ભાષાભવન છે. તમામ પ્રગતિશીલ યુનિવર્સિટીઓમાં ઇતિહાસ, માનસશાસ્ત્ર, ફિલોસોફીનાં અનુસ્નાતકભવનો યુનિવર્સિટીમાં છે. આપણે તો પ્રગતિના માપદંડ તરીકે ' બિઝનેસ મેનેજમેન્ટ 'ના વિભાગને જ આગળ કર્યો છે. દક્ષિણ ગુજરાતના અને એની યુનિવર્સિટીના માનસનું કદાચ એ પ્રતીક હોય. પણ જે યુનિવર્સિટી ભાષાભવનો, ઇતિહાસ, ફિલસૂફી. માનસશાસ્ત્ર આદિના અનુસ્નાતકવિભાગો તરફ ઉદાસીન રહી બે કે ત્રણ વિભાગોને આગળ કરી પ્રગતિનાં બણગાં ફૂંકયાં કરે એમાં ઝાઝું દૈવત હોતું નથી. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દસ વર્ષ પછી પણ જે વિદ્યાઓની એણે સતત ઉપેક્ષા કરી છે એ વિદ્યાઓનાં અનુસ્નાતકભવનો શરૂ કરવાની જોગવાઈ કરવાનું વિચારશે તો તે કેવળ એના ધર્મરૂપે જ હશે. યુનિવર્સિટીના સમતોલ વિકાસનું એ એક સોપાન હશે.

[૨૭ ડિસેમ્બર, ૧૯૭૭]

વાણિજ્યવિદ્યાશાખા તરફ આંધળી દોડ

ગુજરાતનું શિક્ષણક્ષેત્ર ચિંતા પ્રેરે એવી રીતે વળાંક લઈ રહ્યું હતું. આજે આ ચિંતા ઉત્તરોત્તર વધારે ઘેરી બનતી જાય છે. માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણને ક્ષેત્રે વિદ્યાર્થીઓનો ધસારો વાણિજ્ય વિદ્યાશાખા પ્રત્યે ઘોધની માફક વહી રહ્યો છે. આ ધસારાની પાછળ કોઈ તર્કસંગતતા હોત, સહેતુકતા હોત, વિદ્યાર્થીની અભિરુચિ અનુસારની પસંદગી હોત, પોતાની આવડત અને શક્તિની શ્રદ્ધા હોત તો તો આવી ચિંતાનું કોઈ કારણ રહેત નહિ. પરંતુ ઉપર જણાવેલાં બળોમાંનું એકે બળ આ ધસારા પાછળ નજરે પડતું નથી. આ ધસારા પાછળનું મુખ્ય કારણ દેખાદેખીનું છે પાંત્રીસ ટકાની આજુબાજુના માર્ક મેળવનારા વિદ્યાર્થીઓ અને વાણિજ્યના વિષયોમાં કૃપાગુણથી પાસ થનારાઓ પણ બસ સ્વર્ગ વાણિજ્ય વિદ્યાશાખામાં જ વસે છે એમ માનીને જિંદગીનો પ્રથમ પુરુષાર્થ વાણિજ્ય કૉલેજમાં પ્રવેશ મેળવવા માટે કરે છે.

અમને આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે વિદ્યાર્થિનીઓ પણ આવા આંધળા અનુકરણનો ભોગ બની છે. જે વિદ્યાર્થિનીઓને સામાન્ય રીતે નોકરી શોધવાની જરૂર નથી, જે અમુક પ્રકારના વાતાવરણમાંથી આવે છે, જે કદાચ સ્નાતક સુધીનો અભ્યાસ પૂરો પણ કરી શકશે કે કેમ એની ખાતરી નથી એવી વિદ્યાર્થિનીઓ પણ વાણિજ્ય વિદ્યાશાખામાં જવા માટે આંધળિયાં કરે છે. વાણિજ્યના સ્નાતક થવાથી નોકરી મળી જ જાય એવી જે પરિસ્થિતિ હોત તો પણ આ વલણ સમજી શકાત. પરંતુ એવી પણ પરિસ્થિતિ આપણે ત્યાં નથી. બીજી વિદ્યાશાખાની બીજી બાજુ બારમા ધોરણ પછી સી. એ. થઈ શકાય છે અને તે માટે પ્રવેશપરીક્ષા આપીને એ દિશામાં જવાનું હોશિયાર વિદ્યાર્થીઓને પણ સૂઝતું નથી. સ્નાતકો જેટલી જ સંખ્યામાં વાણિજ્યના સ્નાતકો રોજગારી વગરના છે. જાહેર પ્રતિષ્ઠાનો, બૅન્કો, જીવીકો વગેરે નોકરીની ભરતી માટે જાહેર પરીક્ષાઓ લઈને જ ભરતી કરે છે અને એ પરીક્ષામાં કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતકો બેસી શકે છે, એટલે વાણિજ્યના સ્નાતક થઈ જવાથી નોકરી મળે છે એ વાત સાચી ઠરતી નથી.

અમે જાણીએ છીએ કે આપણે ત્યાં શિક્ષણક્ષેત્રે અવરનવર જે ફૅશન આવી છે તેમાંની જ આ પણ એક ફૅશન છે. જતે દિવસે એમાં પણ પરિવર્તન આવવાનું છે. માગપુરવઠાનો સિદ્ધાંત જીવનનાં તમામ ક્ષેત્રે કામ કરે છે તેમ અહીં પણ કરશે. પરંતુ અમારી ચિંતા બીજી છે : આપણે ત્યાં શિક્ષણક્ષેત્રે કુમળા વિદ્યાર્થીઓને તેમની શક્તિ અનુસાર, તેમની વૃત્તિને પોષક વિદ્યાશાખા પસંદ કરવા અંગે જે દોરવણી મળવી જોઈએ તે દોરવણી મળવાનો સદંતર અભાવ છે. આ અભાવને કારણે વિદ્યાર્થીઓ કેવળ એક જ વિદ્યાશાખા તરફ ધસારો કરે છે. કેટલીક શાળાઓ પોતાની સમયપત્રકની અગવડને કારણે અથવા વધારે મહેનત ટાળવા વિનયન વિદ્યાશાખાના વિષયો આપવાનો ઇનકાર કરી દે છે. પરિણામે વિદ્યાર્થીઓની અનિચ્છા છતાં એમને ફરજિયાત વાણિજ્ય વિદ્યાશાખામાં જવું પડે છે.

આ પરિસ્થિતિને કારણે આપણે ત્યાં શિક્ષણક્ષેત્રે વિવિધ વિદ્યાશાખાનાં જે પ્રમાણ અને સમતુલા જળવાતાં હતાં તે જતાં રહેવાનાં છે. ભાષા, સાહિત્ય, ઇતિહાસ, ફિલસૂફી જેવા માનવવિદ્યાઓના શિક્ષણનું અચ્યુતમ થઈ જશે તો આપણો સમાજ કેવો બનશે ? કોઈ પણ સમાજના સ્વાસ્થ્યનો આધાર એના શિક્ષણની સમતુલા ઉપર જ રહેલો છે. એ સમતુલા અત્યારે સમાજની, શિક્ષણકારોની અને ખુદ સરકારની નઠોર ઉપેક્ષાને કારણે ખોરવાઈ રહી છે. એ સંપૂર્ણ ખોરવાઈ જાય અને સમાજ સદંતર એકાંગી બની પોતાની ધરીની સમતુલા ખોઈ બેસે એ પહેલાં એને અટકાવવાની જરૂર છે જેમને કૉલેજે શિક્ષણનું જરા જેટલું પણ હિત છે તેમણે આ બાબત પ્રત્યે કાળજીપૂર્વક ધ્યાન આપી એકાંગી બની જતી વ્યવસ્થાને સુસ્થિર કરવાની દિશામાં પ્રયત્નો કરવા જોઈએ. ઘણી મોટી ફરજ તો સરકારની છે. આજની પરિસ્થિતિની જવાબદારી પણ એમની જ છે.

શિક્ષણક્ષેત્રે આયોજનનો કેટલો બધો અભાવ છે તેનો નમૂનો પણ આ પરિસ્થિતિ પૂરો પાડે છે. ગુજરાતમાં એક અંદાજ પ્રમાણે લગભગ સાઠહજાર વાણિજ્યના સ્નાતકો રોજગાર વગરના છે અને જેમ સ્નાતકોની સંખ્યા વધતી જશે તેમ તેમ વાણિજ્યના બેકાર સ્નાતકોની સંખ્યા પણ વધતી જશે, જો વાણિજ્યની કૉલેજોમાં નિયત સંખ્યા પ્રમાણે ભરતી થઈ ગઈ હોય તો માગ પ્રમાણે ચુકતમ સંખ્યા વધારવાની કોઈ જરૂર ખરી ? મેડિકલ અને ઇજનેરી કૉલેજોમાં પણ વિદ્યાર્થીઓ ખૂબ મોટી સંખ્યામાં પ્રવેશ માગે છે છતાં એમાં

કેમ બેઠકો વધારવાની પરવાનગી અપાતી નથી ? જો એ સંખ્યા વધારવી જ હોત તો સરકારે કૉલેજદીઠ ગુરુતમ સંખ્યા ૧૫૦૦ ઉપરથી ઘટાડી ૧૨૫૦ ની શા માટે કરી ? અને પાછળથી વિદ્યાર્થીઓનો ધસારો જોઈ વધારવી પડી તેનો વિચાર પહેલેથી કેમ ન કર્યો ? શું સરકાર પાસે આંકડા નહોતા ? ખરેખર તો આપણે ત્યાં શિક્ષણક્ષેત્રે કશું આયોજન જ નથી.

ઘણી બધી શાળાઓ ઇતિહાસ, સંસ્કૃત, તર્કશાસ્ત્ર, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવા વિષયો શીખવતી નથી. વિદ્યાર્થીઓ આવા કોઈ વિષય પસંદ કરે તો પણ તે આપવાની ના પાડી દે છે. પરિણામે વિદ્યાર્થીને પરાણે વાણિજ્યની વિદ્યાશાખા વળગે છે અને છેવટે એ વળગણ બને છે, આશ્ચર્યની વાત તો એ છે કે આ શાળાઓના મોટા ભાગના આચાર્યો વિનયન વિદ્યાશાખાના સ્નાતકો ને કેટલાક તો ભાષાસાહિત્યના અભ્યાસી છે અને છતાં માનવવિદ્યાની આ ઉપેક્ષા તેમને હાથે જ થાય છે. સરકારે આ ભયથી સચેત બનીને પ્રારંભમાં જ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની એમ ત્રણ વિદ્યાશાખાઓ ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ઊભી કરેલી તેમાં ફેરફાર કરી સામાન્ય પ્રવાહ, વિજ્ઞાનપ્રવાહ એમ બે જ પ્રવાહો રાખ્યા. પરંતુ સામાન્ય પ્રવાહમા એક બાજુ વિષયોનાં જોડકાં વિનયન વાણિજ્યના વિષયોને સમાન સ્થાન આપનારા ન હોઈ, તેમ જ તે મર્યાદામાં પણ શાળાઓ વૈકિલ્પક વિષયોમાં અમુક જ વિષયો શીખવતી હોવાને કારણે આખો ઝોક વાણિજ્યવિદ્યાશાખા તરફનો થઈ ગયો છે.

૧૯૬૪ ની આજુબાજુ વિજ્ઞાન વિદ્યાશાખા પ્રતિ એક આંધળી દોડ હતી. વિજ્ઞાન કૉલેજો ઊભરાતી હતી. એવી જ દોડ ઇજનેરી વિદ્યાશાખા પરત્વે હતી. એક દાયકો પૂરો થાય તે પહેલાં તો આ દોડ થંભી ગઈ અને રેપાટ શરૂ થઈ ચૂકી. વાણિજ્ય વિદ્યાશાખામાં પણ એમ જ થવાનું છે. પણ જે થાય એ પહેલાં આપણા સમાજનું આખું સ્વાસ્થ્ય જોખમાઈ જશે. એમાં સૌથી વધુ સહન વિનયન વિદ્યાશાખાને કરવું પડ્યું છે. જે સમયમાં ઉચ્ચ શિક્ષણનું મૂલ્ય કેવળ ઉપયોગિતાની દૃષ્ટિએ થતું હોય, જે સમયમાં શિક્ષણમાંથી ભાવના, સંસ્કાર અને સંસ્કૃતિનાં મૂલ્યો વિલાઈ જતાં હોય એ સમયમાં વિનયન વિદ્યાશાખાનું અવમૂલ્યન થાય એની પણ અમને નવાઈ નથી. પશ્ચિમના દેશોમાં તો તબીબી અને ઇજનેરી વિદ્યાશાખાઓમાં માનવવિદ્યાના વિષયો વિદ્યાર્થીને ફરજિયાત ભણવા પડે છે. આપણે ત્યાં તો વિજ્ઞાન, વાણિજ્યના વર્ગોમાં તો કવિતા ભણાવવા પ્રત્યે સૂગ દર્શાવાય છે અને તેથી આ વિદ્યાશાખાઓમાં કવિતા કે સાહિત્ય ભણાવાતું નથી.

પણ એ અવમૂલ્યનમાં રહેલાં જોખમ સમાજે સમજી લેવાં જોઈશે. આજ સુધી સમાજને એના અગ્રણીઓ, સંસ્કારસેવકો, નેતૃત્વ ધારણ કરનારા મોભીઓ, સારા વકીલો, સાહિત્યકારો વગેરે વિનયન વિદ્યાશાખાએ પૂરા પાડ્યા છે. ભાષાસાહિત્ય, ઇતિહાસ, ફિલસૂફી, માનસશાસ્ત્ર જેવા જીવનને અનેક રીતે સમૃદ્ધ કરનારા વિષયો વિનયન વિદ્યાશાખામાં છે. આ બધા વિષયો ભણનારા જ નહિ હોય તો આ સમાજની શી પરિસ્થિતિ હશે. આપણી કૉલેજોના આ બધા વિષયોનાં પુસ્તકોથી સમૃદ્ધ પુસ્તકાલયોની શી પરિસ્થિતિ થશે ? આપણી શિક્ષણ-રચના કેવળ એકાંગી બને એનાં ઘણાં અનિષ્ટો છે. આપણો સમાજ માત્ર ધનપ્રધાન જ બને તો તેનાં ઘણાં અનિષ્ટો છે. આમાં પ્રશ્ન શિક્ષણના વ્યવસાયમાં રોકાયેલા થોડાક માણસોનો નથી, પણ પક્ષ છે બોરંભાતી સમાજની સાંસ્કૃતિક, શૈક્ષણિક સમતુલાનો. આ પ્રશ્ન આખા સમાજને માટે મહત્ત્વનો છે. એનાં માઠાં પરિણામો પાંચ વર્ષ પછી સમાજને વેઠવાં પડશે. આપણે સમાજને સંપૂર્ણ અને માનવીને સંપૂર્ણ માનવી બનાવવો હશે તો માનવવિદ્યાનો હ્રાસ થતો જોઈ રહેવાનું પાલવશે નહિ.

એક બીજી વાત પણ જાણવા જેવી છે. આજે જે રીતે આઈ. એ. એસ., ભારત વહીવટી સેવા અને એ સાથેની બીજી નોકરીઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે જે સરળતા અને અનુકૂળ સગવડો થઈ છે તેનો લાભ અહીંના વિદ્યાર્થીઓ લેતા નથી. વિનયનના સ્નાતક થઈ સરળતાથી આજે આઈ. એ. એસ.ની પરીક્ષામાં સ્પર્ધામાં ઊતરી શકાય છે. ઉત્તર પ્રદેશ અને દક્ષિણના પ્રદેશોમાંથી જુવાનો વિનયનના સ્નાતક થઈ આ રીતે ભારતીય સેવામાં પસંદગી માટે ઝુકાવે છે. આપણા વિદ્યાર્થીઓ એ લાભ કેમ લેતા નથી ?

[૨૯ એપ્રિલ, ૧૯૬૫]

સર્વોચ્ચ વહીવટી નોકરીઓ અને ગુજરાત

૧૯૪૭ થી ૧૯૬૩ નાં પંદર વર્ષના ગાળામાં ભારતીય વહીવટી નોકરી (આઈ. એ. એસ)માં એક હજાર માણસોની ભરતી કરવામાં આવી તેમાં માત્ર સત્તર ગુજરાતીઓ લેવાયા. આ જ ગાળા દરમ્યાન ભારતીય પોલીસ નોકરી (આઈ. પી. એસ)માં આઠસો માણસોની ભરતી થઈ તેમાં ગુજરાતી માત્ર એક જ હતો. આમ કુલ અઢારસો માણસોની ભારતીય નોકરીમાં થયેલી ભરતીમાં માત્ર અઢાર ગુજરાતીઓ લેવાયા. આ નોકરીઓ સૌથી ઊંચા પ્રકારની વહીવટી નોકરીઓ છે અને તેમાં ભરતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા થાય છે. ગુજરાત માટે આટલા ઓછા પ્રમાણમાં લેવાતા ગુજરાતીઓ ભારે ચિંતાનો વિષય છે.

આવી ઊંચી નોકરીઓ માટે ગુજરાતીઓની આટલી ઓછી પસંદગી કેમ થાય છે? એનાં સંભવત : બે કારણો હોઈ શકે. પ્રથમ તો એ કે ગુજરાતીઓનું બૌદ્ધિક ગજું એટલું ઓછું છે કે આ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં એ સારો દેખાવ કરી શકતા નથી અને તેથી ઊણા ઊતરે છે. બીજું કારણ એ હોઈ શકે કે ગુજરાતીઓ વેપારમાં ઘણો રસ લે છે અને તેથી તે વધારે સંતુષ્ટ હોઈ આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં તેને ઝાઝો રસ નથી. અને છેલ્લાં કેટલાંક વર્ષોથી એનું અંગ્રેજીનું જ્ઞાન એટલું પાંગળું બની ગયું છે કે આ પરીક્ષાઓમાં એનો ગજ લાગતો નથી. આ બધાં જ કારણો સાચાં છે.

ભારતની સર્વોચ્ચ ગણાતી વહીવટી નોકરીમાં ગુજરાતીઓ પોતાનો ફાળો આપી ન શકે એ ગુજરાતને માટે નામોશીભરેલું ગણાવું જોઈએ. સંકુચિત પ્રાંતવાદમાં પડ્યા વિના પણ આપણે એમ કહી શકીએ કે આ દેશનો કારભાર ચલાવવા માટે જેમ દરેક રાજ્યમાંથી સારા વહીવટી અમલદારો આવવા જોઈએ તેમ ગુજરાતમાંથી પણ આવવા જ જોઈએ. જો ગુજરાતીઓ એ રીતે બહાર નહિ આવશે તો ખુદ તેમના જ પ્રદેશમાં ગુજરાતનો વહીવટ ચલાવવા પરપ્રાન્તીઓની ભરતી કરવી પડશે અને ગુજરાતની ઉચ્ચ વહીવટી નોકરીઓ આ પરપ્રાન્તીઓથી ઊભરાવા માંડશે, ખરેખર તો આજે એમ થવા જ માંડ્યું છે. દેશના વહીવટી ઉત્થાનમાં ગુજરાતીઓ ભાગ લેતા થાય એ ગુજરાતના હિતમાં જ છે.

બીજું આ દેશમાં સમાજવાદ ઝડપથી આવતો જાય છે. આવતી નવી રચનામાં વેપારનું અમુક મર્યાદિત સ્થાન રહેવાનું છે અને તેથી કેવળ વેપાર ઉપર જ મુરતાક રહેવાથી ગુજરાતને ભાવિમાં ચાલવાનું નથી. એમાં એનો ઝાઝો ઉદય પણ થવાનો નથી અને તેથી બુદ્ધિશાળી ગુજરાતીઓ આવું એકાદ ક્ષેત્ર પકડીને બેસી રહેશે તો સરવાળે તેમને નુકસાન થશે. આવતા ભાવિનાં એંધાણ સમજી ગુજરાતીઓ પોતાની બેકાંગીતા છોડી બહોળા ક્ષેત્રમાં ઝંપલાવે એ તેમને પોતાને માટે તથા ગુજરાતને માટે ઇષ્ટ છે. ગુજરાતની બે કરોડ ઉપરાંતની વસ્તી છે અને ભારતની વહીવટી નોકરીમાં એક ટકાથી પણ ઓછા ગુજરાતીઓ પસંદ થાય એ ગુજરાતને માટે નાનમભરેલું ગણાવું જોઈએ. વહીવટી ક્ષેત્રમાં આવીને ભારતની સેવા ગુજરાતીએ કરવી જોઈએ.

વહીવટી નોકરીઓ માટે લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયારી કરાવનારા વર્ગો યુનિવર્સિટી તરફથી ચલાવવા જોઈએ અને તેમાં જોડાવા માટે યુનિવર્સિટીના બુદ્ધિશાળી વિદ્યાર્થીઓને પ્રેરવા જોઈએ. ગુજરાત યુનિવર્સિટીએ આવા વર્ગો શરૂ કરેલા પણ પાછળથી તે બંધ કરી દીધા. સૂરતમાં પણ એકાદ સત્ર માટે આવા વર્ગો શરૂ થયેલા અને પછી યુનિવર્સિટીએ તે બંધ કરી દીધા. જેમ યુનિવર્સિટીઓએ તેમ ગુજરાત રાજ્યની સરકારે પણ આ બાબતમાં સચિંત બની આમ થવાનાં કારણો શોધી કાઢી તે દૂર કરવાના તાત્કાલિક ઉપાયો યોજવા જોઈએ.

અમને એમ લાગે છે કે અંગ્રેજીનું અધૂરું જ્ઞાન તેમની આડે આવે છે. સૂરતમાં શરૂ થયેલા વર્ગોમાં જોડાયેલા વિદ્યાર્થીઓ અંગ્રેજીની અધૂરપથી ડરી આ વર્ગોમાં આવતા બંધ થયેલા અને છેવટે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બેસવાનો વિચાર માંડી વાળેલો આ આખુંય ચિત્ર ગુજરાતને માટે અને ગુજરાતીઓને માટે ઘણું નિરાશાજનક છે અને એ સુધારવાનો પ્રયત્ન નહિ કરવામાં આવે તો ગુજરાતનું અહિત જ થવાનું છે.

ગુજરાતમાં અંગ્રેજી પ્રત્યે સૂગાનારાઓનો એક વર્ગ છે. પરંતુ તટસ્થ દૃષ્ટિએ વિચારીએ તો અંગ્રેજી ભાષાએ આ દેશને ચાર મહત્ત્વની ભેટ આપી છે. એ ચાર ભેટોમાં પહેલી છે ઊંચા પ્રકારની વહીવટી નોકરી, જેના વડે આ દેશનો કારભાર આજે પણ દક્ષતાથી ચાલી રહ્યો છે. બીજી છે હાઈ કોર્ટ. કોઈ પણ દેશના પ્રજાજનની સલામતી એ દેશના નિષ્પક્ષ ન્યાયતંત્ર ઉપર અવલંબે છે અને

ભારતમાં નિષ્પક્ષ એકરૂપ ન્યાયતંત્ર આજે અંગ્રેજી ભાષાને આભારી છે. ત્રીજી મહત્ત્વની ભેટ છે પાર્લામેન્ટ, જેને આજે આપણે લોકસભાને નામે ઓળખીએ છીએ. પાર્લામેન્ટની રચના, તેનો કારોબાર, તેની નોંધવહી બધું અંગ્રેજી ભાષા દ્વારા આજે પણ વ્યવસ્થિત છે અને છેલ્લી અને ચોથી ભેટ છે લશ્કર. ભારત જેવા વિવિધધર્મી અને વિવિધ ભાષાભાષી દેશમાં જો ભાષાનો અખેડો લશ્કરમાં પેસવા દીધો હોત તો એ લશ્કર છિન્નભિન્ન થઈ જાત. મરાઠા રેજિમેન્ટ કે શીખ રેજિમેન્ટ કે પછી મદ્રાસ રેજિમેન્ટ ભાષાના ઝઘડાથી પર આ અંગ્રેજી ભાષાને કારણે જ રહી છે. અંગ્રેજી ભાષાની પેટીમાં સચવાયેલી આ ચતુર્વિધ ભેટ જગતભરમાં ભારતને આગળ લાવનારી છે. ભાષાના આંધળા ઝનૂનમાં એ ખોવાઈ ન જાય તો સારું !

[૨૦ એપ્રિલ, ૧૯૬૫]

સ્પર્ધાત્મક કસોટીઓમાં ગુજરાત ક્યાં ?

થોડાક દિવસો પહેલાં વેસ્ટર્ન સેન્ટ્રલ રેલવેમાં નોકરીની ભરતી માટે રેલવે સર્વિસકમિશનની એક બેઠક સૂરતમાં થઈ ગઈ. એ સર્વિસકમિશનના એક સભ્ય અમને મળવા માટે અચાનક આવી ચડ્યા. 'ગુજરાતમાં ગુજરાતીઓ જ વિદેશી' એ શીર્ષક હેઠળનો અમારો આ કોલમોમાં પ્રગટ થયેલો લેખ વાંચીને એ અમને મળવા પ્રેરાયા હતા એમ એમણે એમને કહ્યું. જોગાનુજોગે રેલવે સર્વિસકમિશનના આ સભ્ય ગુજરાતી હતા અને એમનું કાર્યક્ષેત્ર ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશનું હતું. એમના મળવાનું પ્રયોજન આપણા વિદ્યાર્થીઓ ભરતી માટેની સ્પર્ધાત્મક કસોટીઓ (લેખિત અને મૌખિક) માં કેવા નબળા ઊતરે છે તે અંગેનું ચિત્ર આપવાનું હતું.

અમને એ મળ્યા એ દરમિયાન દક્ષિણ ગુજરાતના લગભગ ત્રણેક હજાર ઉમેદવારોની મુલાકાત એ લઈ ચૂકયા હતા. ઉમેદવારો બધા જ સ્નાતકો હતા. એમણે પહેલી વાત એ કરી કે અહીંના ઉમેદવારોને અંગ્રેજી કે હિંદી એમાંથી એકે ભાષામાં ઉત્તરો આપવાનું ફાવતું નથી અને તેથી તેમને અભિવ્યક્તિ માટે માટે ભાષા અંગેની ઘણી મૂંઝવણ અનુભવવી પડે છે. કમનસીબે ગુજરાતે રાષ્ટ્રકક્ષાએ વ્યવહાર માટે પ્રચલિત આ બન્ને ભાષાઓમાંથી એકેમાં આપણા વિદ્યાર્થીને પાવરધા કર્યા નથી. ગમે તેમ પણ પોતે ગુજરાતી હોવાથી વિદ્યાર્થી મૂંઝવણ ન અનુભવે (ટુ પુટ ધેમ ઍટ ઈઝ) એ માટે પોતાના બિનગુજરાતી સાથીની અનુમતિ લઈને ઉમેદવારોને ગુજરાતી ભાષામાં પ્રશ્નો પૂછવાનો માર્ગ એમણે અપનાવ્યો હતો. આમ છતાં એમનો અભિપ્રાય બહુ સ્પષ્ટ હતો કે રેલવેના જેવી નોકરી માટેની સ્પર્ધાત્મક કસોટીમાંથી સારી રીતે પાર ઊતરવા માટે ગુજરાતના ઉમેદવારોએ કાં અંગ્રેજી કાં હિંદીમાં પોતાના ઉત્તરો આપવા માટેનું પ્રાવીણ્ય મેળવવું જ જોઈશે. સર્વિસકમિશનમાં ગુજરાતી જાણનારા વારંવાર આવતા નથી.

આ મહાનુભાવના કહેવા પ્રમાણે આપણા વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાનનો મોટો અભાવ માલૂમ પડયો હતો. ઉમેદવારોમાં મોટા ભાગના વાણિજ્યના સ્નાતકો હતા. એમને સબસ્કાઈબ્ડ, પેઈડ અપ અને ઑથોરાઈઝ્ડ કૅપિટલનો

અર્થ અને તેમની વચ્ચેનો ભેદ ખબર નહોતા. કોઈ પણ કંપનીના હિસાબો ઑડિટ કરાવવાની જરૂર શા માટે પડે છે એનો જવાબ પણ એ આપી શકયા નહોતા. કૅશબુક (રોજમેળ) અને બૅંકની પાસબુક વચ્ચે 'રીકોન્સીલેશન' કરાવવાનાં કારણોની પણ ઘણાને ખબર નહોતી. આવાં ઘણાં ઉદાહરણો એમણે આપ્યાં. સૌથી વધારે આશ્ચર્યની વાત તો એ હતી કે 'ડીમાન્ડ ડ્રાફ્ટ' અને 'ચેક' એ બેની વચ્ચેનો ફેર પણ એમાંથી ઘણા જાણતા નહોતા.

આવી જ રીતે વિનયન વિદ્યાશાના વિદ્યાર્થીઓને પણ પોતપોતાના વિષયનું જ્ઞાન નહોતું એટલું જ નહિ પણ સૂરતમાં કોઈ જાણીતો સાહિત્યકાર ઓગણીસમી સદીમાં થઈ ગયો હોય તો તેનું નામ આપવાનું કહેતાં ઉમેદવારો નામ આપી શકયા નહોતા. 'અન્યનું તો એક છે, પણ આપનાં અઢાર છે' એવી પંકિત કયા કવિની છે એ પ્રશ્નનો જવાબ ખુદ ગુજરાતી મુખ્ય વિષય લઈને પાસ થનારા સ્નાતકો આપી શકયા નહોતા. વિજ્ઞાનના સ્નાતકોની દશા પણ ખાસ સારી નહોતી. ન્યૂટનના 'થ્રી લોઝ ઑફ મોશન' તે ગણાવી શકયા નહોતા. ખરાબ પાણી પીવાથી શીતળાનો રોગ થાય છે એવો જવાબ આપનારા પણ આ સ્નાતકોમાં હતા. ખૂબ ચર્ચાયેલા પ્રદૂષણ અંગે ઘણાને કોઈ ખબર જ નહોતી.

આવા તો એમણે ઘણા દાખલાઓ આપ્યા. પૃથ્વીની ગતિ કેટલી ? અક્ષાંશ-રેખાંશ શું ? ભારતમાંથી કયું વૃત પસાર થાય છે ? આવી સામાન્ય જ્ઞાનની માહિતીનો પણ અભાવ જ માલૂમ પડયો છે. એમણે બીજી વાત એ કરી કે અન્ય પ્રદેશોમાં વિદ્યાર્થીઓ સંપૂર્ણ હોય છે એમ માનવાને કારણ નથી. પણ આ વિદ્યાર્થીઓ ગુજરાતના વિદ્યાર્થીઓ કરતાં સભ્યતામાં, બોલવાચાલવામાં વધારે ચપળ (સ્માર્ટ) માલૂમ પડયા છે અને એ ચપળતાનો ઉપયોગ ઘણી વાર એ પોતાનું અજ્ઞાન ઢાંકવામાં સિફતથી કરે છે અને તેમાં એમને સફળતા પણ મળે છે. રૂબરૂ મુલાકાત (ઈન્ટરવ્યૂ) વખતે જે વિવેક રાજસ્થાન અને મધ્યપ્રદેશના વિદ્યર્થીઓ બતાવે છે તેવો વિવેક પણ ગુજરાતના વિદ્યાર્થીઓ બતાવી શકતા નથી એમણે એક બીજી વાત પણ કહી કે એક જમાનામાં વેસ્ટર્ન રેલવેની નોકરીમાં પારસીઓ અને દેસાઈઓ પુષ્કળ પ્રમાણમાં હતા. હમણાં લેવાયેલા ઈન્ટરવ્યૂમાં પારસીઓ તો અડધા ટકા જેટલા પણ જણાયા નથી.

અગને મળેલા રેલવે સર્વિસકમિશનના આ સભ્યશ્રીના મનમાં ભારે દુઃખ હતું. ગુજરાતના વિદ્યાર્થીઓને ગુજરાતીમાં પ્રશ્નો પૂછીને મદદ કરવા છતાં તેમને

ઘણી મુશ્કેલીઓ નડતી હતી. અમને એમ લાગે છે કે આપણા વિદ્યાર્થીઓને જાહેર સ્પર્ધાત્મક કસોટીઓ (લેખિત અને મૌખિક બન્ને) માટે તૈયાર કરવાના વર્ગો ચલાવવા જોઈએ. કોઈ પણ શિક્ષણસંસ્થાએ અથવા બીજા ફોરમે આ કામ ઉપાડી લેવું જોઈએ. હવે મોટા ભાગનાં જાહેર, સરકારી અને અર્ધસરકારી પ્રતિષ્ઠાનોમાં નોકરી માટે ભરતીની આ જ તરેહ રહેવાની છે.

[૨૩ જાન્યુઆરી, ૧૯૭૯]

હૃદયશૂન્ય અને દિશાશૂન્ય કેળવણી

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના છેલ્લા દીક્ષાન્તસમારંભસમયે વિદ્યાર્થીઓના એક નાનકડા જૂથે કાળા વાવટાના દેખાવો કરી સૂત્રોચ્ચાર કર્યો. મોટે ભાગે આ દેખાવો શૈક્ષણિક મુદ્દાઓ કરતાં વધારે તો રાજકીય પ્રેરણાથી યોજાયા હતા એ સ્પષ્ટ તરી આવતું હતું. પણ બીજાં સ્થળોમાં જ્યાં જ્યાં આવા દીક્ષાન્ત-સમારંભો યોજાય છે ત્યાં દેખાવો વધારે ઉગ્ર હોય છે એમાં કેટલાક શૈક્ષણિક પ્રશ્નો ઊભા કરાય છે અને સમારંભો પ્રતિકારની ઉગ્રતાને કારણે પડતા પણ મૂકવામાં આવે છે. પણ વાત આટલેથી પૂરી થતી નથી.

આપણે ત્યાં છેલ્લા દીક્ષાન્તસમારંભમાં અતિથિવિશેષ દીક્ષાન્ત પ્રવચન આપવા ઊભા થયા કે તરત દીક્ષાર્થીઓએ ઊભા થઈને મંડપમાંથી ચાલવા માંડયું. અતિથિવિશેષ માત્ર કોઈ રાજકારણી પુરુષ છે અને આવા સમારંભોમાં રાજકારણીઓ ન જોઈએ એમ પ્રો. નરુલહુસેનને માટે કહી શકાય એમ નહોતું. પ્રો. નરુલહુસેન ઇતિહાસના એક સારા વિદ્વાન છે અધ્યાપક પણ છે. કોઈ પણ યુનિવર્સિટીનું દીક્ષાન્તપ્રવચન આપવાની યોગ્યતા ધરાવે છે. પણ મુખ્ય વાત એ હતી કે અંગ્રેજીમાં અપાતાં પ્રવચનો સમજવાની ગુંજાયશ આ સ્નાતકોમાં નથી અને બીજી વાત એ કે એમને વિચાર રજૂ કરતા મુદ્દાઓમાં રસ નથી. પ્રશ્ન એ થાય છે કે જેમને માટે આ બધું કરવામાં આવે છે એમને જ જો એમાં રસ ન હોય તો પછી આ બધું કોને માટે? શા માટે? કરવાનો અર્થ પણ શો?

દીક્ષાન્તસમારંભો વખતે દેખાવો કરનારા સૂત્રોચ્ચાર કરે છે 'અમારે નોકરી જોઈએ છે, સર્ટિફિકેટો નહીં.' પણ યુનિવર્સિટીનું એક કાર્ય કદાચ નોકરી માટેની સજ્જતા આપવાનું હશે પણ નોકરી આપવાનું તો નથી જ. યુનિવર્સિટી એ કંઈ એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ નથી. આપણે ત્યાં શૈક્ષણિક ધ્યેયો વિશે કેવા ગુંચવાડા પ્રવર્તે છે તેનો કયાસ આના ઉપરથી આવી શકશે. શિક્ષણવ્યવસ્થામાંથી જ્યારે શિક્ષણ લેનારાઓની શ્રદ્ધા જ ઊઠી જાય ત્યારે શિક્ષણવ્યવસ્થા કોઈ ઉપયોગી કાર્ય કરી શકતી નથી. વિદ્યા ઉપાર્જનનો પાયો જ એમાં રહેલી આસ્થા છે.

આપણાં વિદ્યાપ્રતિષ્ઠાનો (કૅમ્પસો) દિશાશૂન્ય બન્યાં છે. આપણા વિદ્યાકીય કાર્યક્રમો હૃદયશૂન્ય બન્યા છે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની બે દિવસ ચાલેલી સેનેટની સભામાં દસ – અગિયાર કલાકની ચર્ચામાં કોઈ વિદ્યાકીય મુદ્દાઓ ચર્ચાયા નહીં. સંપાટી ઉપરની ભ્રમજાળોમાં આપણે અટવાયા કરીએ છીએ આપણાં વિદ્યાકીય ધામોમાં પળે પળે ઉચ્ચારાતા અપશબ્દો અને બીભત્સ ગાળોનો જ કેવળ વિચાર કરો. આપણી તમામ શ્રદ્ધા વિલોપ થઈ જાય એવી પરિસ્થિતિ છે.

આપણા શિક્ષણજગતનું વાતાવરણ ખૂબ કલુષિત બનતું ગયું છે અને આજે તદ્દન નિરાશાજનક વાતાવરણમાં અધ્યયન-અધ્યાપન ચાલી રહ્યું છે.

આખી આ પરિસ્થિતિનો કોઈ ઉપાય કયારે ય વિચારવો તો પડશે ને ? આપણા દેશનું આર્થિક ક્ષેત્ર વિચ્છિન્ન થઈ રહ્યું છે. રાજકારણ સિદ્ધાંતવિહોણું બની ઉપદ્રવી બન્યું છે અને આપણું શિક્ષણક્ષેત્ર ચિંતા ઉપજાવે એટલી હદે ક્ષુબ્ધ બની ગયું છે. આપણે એક બાજુ શાહમૃગી દૃષ્ટિ કેળવી આંખ મીંચી એને ટાળવા મથીએ છીએ તો બીજી બાજુ લોકકથાના પેલા સાત આંધળાઓની માફક હાથીના પૂંછડાને હાથા કહેવાની ભૂલ કરીએ છીએ. શિક્ષણવ્યવસ્થાના અનેક અભરંગી ખ્યાલો દોડાવી હવાઈ કિલ્લા ચણીએ છીએ અને જ્યારે કોઈ નક્કર વાત વિચારી તેનો અમલ કરવાની વાત આવે છે ત્યારે એને માટે નાણાં નથી એમ કહી એને અભરાઈએ ચડાવીએ છીએ. આપણી દ્વિધાનો કોઈ પાર નથી. આપણા પગ ભારતમાં છે અને આપણી નજર અમેરિકા ઉપર છે. ત્યાંની પદ્ધતિ ઉપાડી લાવી અધકચરી રીતે અહીં પ્રયોજવાનાં ફાંફાં મારીએ છીએ. જેમને નથી ભણવું તેને ભણાવવાનો મિથ્યા પ્રયત્ન કરીએ છીએ અને જેમને ભણવું છે તેને મિથ્યા ભણાવી નકામો બનાવી જગતમાં ધકેલીએ છીએ.

પરિસ્થિતિ એટલી કક્ષાએ વણસેલી છે કે એને જો સચિંત બની ત્વરાથી હાથ નહીં ધરીએ તો આપણને એ ભરખી જશે. આપણે પદવીદાનસમારંભનો વિચાર કરીએ. જે ઘટનાઓ એ સમયે બની, જે ઘટનાઓ બીજે બને છે, તેના ઉપરથી આપણે કશો જ વિચાર નહીં કરીએ અને કેવળ બે કલાકની ભાષણબાજીને માટે હજારો રૂપિયા અર્પીએ તો તે ટીકાપાત્ર બનવાના છે. અર્થથી વિખૂટા પાડેલા મિથ્યા આચારો જ આપણે પાળીશું તો આપણે ખતમ થઈ જઈશું. આ સુધારવાનું કાર્ય કોઈ એકલદોકલ વ્યક્તિથી થઈ શકે એમ નથી.

આપણી આખી શિક્ષણવ્યવસ્થાને પ્રચંડ આઘાતની જરૂર છે અને એ આઘાત જ્યાં સુધી એને મળશે નહીં ત્યાં સુધી એ સજીવન બની શકવાની નથી. તાકીદની પરિસ્થિતિ ગણી એને ઉચ્ચ અગ્રિમતા આપી આપણે જો એના પ્રશ્નો ઉકેલવાની તત્પરતા નહીં દર્શાવીએ તો એ રોજ રોજ નિરર્થક બનતી જતી શિક્ષણવ્યવસ્થા આપણને ખાઈ જશે. દીવાલ ઉપરના લખાણ જેટલી જ આ સ્પષ્ટ વાત છે.

[૧૦ ડિસેમ્બર, ૧૯૭૪]

વહેમો : નવા લેબાસમાં

[નર્મદ – દુર્ગારામ જેવાના જમાનામાં હજી આધુનિક કેળવણીનો આરંભ હતો, વૈજ્ઞાનિક દૃષ્ટિ નવી નવી મળી હતી અને સમગ્ર સમાજ પછાત હતો ત્યારે એ વીરપુરુષોએ વહેમજ્વન, ભૂતપ્રેત ને ભૂવાઓ સામે એકલપંડે ઝુંબેશ ઉપાડી. એ પછીનાં દોઢસો વર્ષે વિજ્ઞાને અવકાશ તાગ્યું છે ત્યારે, શિક્ષણનો વ્યાપ વધ્યો છે ત્યારે, એ વહેમો નવે રૂપે ફરી ડોકાવા માંડ્યા છે. આ વિપરીત ગતિને ખાળવા એકાદ બૌદ્ધિક મંડળ રચવાની અહીં હિમાયત થઈ ૧૯૭૮માં. ત્યાર પછી આપણા શહેરમાં શ્રી. કુંજવિહારી મહેતાની જ પ્રેરણાથી એક 'સત્યશોધકમંડળ' સ્થપાયું તે આપણે જાણીએ છીએ. એનાં વ્યાખ્યાનો, પ્રવૃત્તિઓ અને પ્રકાશનોએ સારો રસ જગાડ્યો છે તે પણ જાણીતી વાત છે. —સં.]

હમણાં હમણાં આપણાં વર્તમાનપત્રોમાં રવિવારની કે સોમવારની કે બુધવારની પૂર્તિમાં અગમનિગમની, પ્રેતયોનિની, ભૂતપલિતની ઘણી ઘણી વાતો પ્રગટ થાય છે. આ વાતોને બનેલી ઘટનાઓ તરીકે પ્રગટ કરવામાં આવે છે. આજથી બરાબર સવાસો વર્ષ પહેલાં દુર્ગારામે ઝુંબેશ ઉપાડેલી અને ભૂતપ્રેત એ બધા વહેમો છે એમ કિલ્લાના મેદાનમાંથી જાહેર કરેલું અને ભૂતપ્રેત-મેલીવિદ્યા જેવું કંઈ હોય તો પોતાના ઉપર અજમાવવા ભૂવાઓને આહવાન પણ આપેલું. એ જમાનામાં યુનિવર્સિટીકેળવણીની માત્ર શરૂઆત જ થઈ હતી. રેલવે હજી ગુજરાત સુધી પહોંચી નહોતી અને જગત આજના વિજ્ઞાનની હરણફાળથી લાખો જોજન જેટલું દૂર હતું અને એવા જગતમાં અને એવા સમયમાં પ્રજાને બુદ્ધિવાદી બનાવવાનો એક પ્રચંડ પુરુષાર્થ તે સમયના સુધારકોએ અને વિચારકોએ આરંભ્યો હતો.

અને આજે હવે મનુષ્ય અવકાશમાં દિવસો સુધી ભ્રમણ કરતો થયો છે. ચંદ્ર ઉપર ડગ માંડીને પૃથ્વી ઉપર પાછો આવ્યો છે અવકાશમાં ઘૂમતા ગ્રહોના તાગ મેળવવાને માટે મનુષ્યે પૃથ્વી ઉપરથી યાનો અવકાશમાં ફરતાં મૂકી દીધાં છે. તાજેતરમાં જ શરીરબહાર કાચની કસનળીમાં ગર્ભાધાન પામેલું બાળક સાજુંમાજું અવતર્યું છે અને વિજ્ઞાને અનેક શક્યતાઓ મનુષ્ય સમક્ષ મૂકી

દીધી છે. વિજ્ઞાનનો વિસ્ફોટ પ્રચંડ રૂપે પ્રકૃતિને નાથી રહ્યો છે, આયુષ્ય વધ્યું છે. રોગો ઘટયા છે, અસાધ્ય રોગોને સાધ્ય બનાવવાના પ્રયાસો આરંભાયા છે. મનુષ્ય ક્યારેય નહોતો એટલો બૌદ્ધિક અને વૈજ્ઞાનિક સિદ્ધિની ટોચે પહોંચ્યો છે.

બીજી બાજુ યુનિવર્સિટીશિક્ષણનો વ્યાપ પણ ઘણો મોટો થયો છે. વર્ષોવર્ષ હજારો સ્નાતકો દેશની યુનિવર્સિટીઓમાંથી બહાર પડે છે. આ સ્નાતકો તર્કશાસ્ત્ર, વિજ્ઞાન આદિ ભણીને બુદ્ધિવાદી બનેલા હોય એવી આપણી અપેક્ષા છે. સમાજમાં યંત્રવિદ્યાએ પાર વિનાની સમૃદ્ધિ ને ભૌતિક સગવડોથી જીવનને ભરી દીધું છે. એવે સમયે આપણાં વર્તમાનપત્રોમાં દર સપ્તાહે અગમનિગમને નામે ભૂતપલિતોની, પ્રેતયોનિની અને ચમત્કારોની વાત પ્રગટ થાય એને વિધિની વક્રતા નહીં તો બીજું આપણે શું કહેવું ? આપણે કૉલેજોમાં 'સાયન્ટિફિક મેથડ' ભણાવીએ છીએ, તર્કશાસ્ત્ર ભણાવીએ છીએ, ઘણુંઘણું ભણાવીએ છીએ અને એની કોઈ અસર આપણા બહુજનસમાજની રુચિ ઉપર, એ સમાજ સમક્ષ રજૂ કરવામાં આવતા સાહિત્ય ઉપર પડેલી જણાતી નથી.

અઠંગાડિક કટારો પૂરતું જો આ મર્યાદિત હોય તો તો સમજ્યા, પણ વર્તમાનપત્રોમાં પ્રગટ થતી વાર્તાઓમાં પણ હવે ભૂતપ્રેતને પાત્રો તરીકે દાખલ કરવાનું વલણ વધ્યું છે આપણા વિદ્યાર્થીઓ અને યુવાનોની વાચનરુચિ પણ હવે આવા 'હોરર'ના સાહિત્ય તરફ વળી છે, આ અવળી ગંગાના ઘણા ઘેરા પ્રત્યાઘાતો આપણા સમાજ ઉપર પડવાના છે. ઓગણીસમી સદીના પ્રારંભે પ્રગટેલા પુનરુત્થાનયુગમાં જે જનપ્રતિ, નવી વિચારધારા, નવી ફિલસૂફી અને નવાં આહવાનો આપણા સમાજમાં પ્રબોધાયાં હતાં એ તમામ ઉપર જાણે આજે પાણી ફરી વળ્યું હોય એમ આપણને લાગે છે. કિલ્લાના મેદાનમાં ભૂવાઓની સામે ઊભો રહી ભૂત પ્રેત બોટાં છે એમ કહેનારો, ચકલે મૂકેલા ઉતારની હાંડલીને ઠોકર મારીને જનારો, ભૂવાઓથી થઈ શકે તે કરી લેવાનો પડકાર ફેંકતો નર્મદ ક્યાં અને આજે દર અઠવાડિયે ભૂતપ્રેતની વાતો સાચી માની એના ચક્કરમાં ફસાતો યુનિવર્સિટીનો આજનો સ્નાતક ક્યાં ? આજે આપણે શું કરીશું ? આ આપણી માનસિક-બૌદ્ધિક ? પ્રગતિ કે પછી એ પણ ફૅશનની માફક ગોળગોળ ચક્કરમાં જ ફરે છે ?

આ પરિસ્થિતિમાંથી કોઈ માર્ગ તો આપણે કાઢવો જ જોઈએ. ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં ઉદ્ભવેલા પ્રબોધકાળ દરમિયાન નર્મદ દુર્ગારામ

અને કરસનદાસ મૂળજી જેવાએ તો યોગરદમ ફરી ફરીને આ વહેમો ખોટા છે એવી પ્રચારઝુંબેશ આરંભેલી. દુર્ગારામે વિધવાવિવાહની તરફેણ અને ભૂતડાકણના વહેમોની સામે રોજ સાંજે પરાંઓના ચકલે જઈને ભાષણ કરવાનો સંકલ્પ કરેલો. આપણા આ બધા પ્રાણવંતા પૂર્વજોનું કર્યુંકારવ્યું એક સદીમાં જ ધૂળમાં મેળવી દીધું. મેળવી દેવા દઈશું ?

અમને એમ લાગે છે કે અત્યારે જે આ અવળો પ્રવાહ ચાલે છે તેને ખાળવાને માટે આપણા શહેરમાં બૌદ્ધિકોનું મંડળ સ્થાપવું જોઈએ. કોઈ પણ વસ્તુ એમ ને એમ માની લેવામાં બુદ્ધિની પંગુતા છે સંસ્કૃતિના ઉદ્‌ભવકાળથી આપણે કોઈ પણ ધાર્મિક માન્યતાને એમને એમ અપનાવી નથી. જે કોઈ નવી વિચારણા, નવા સિદ્ધાંતો, નવી માન્યતાઓ આપણી સમક્ષ આવી છે એને પડકારી છે અને એમાંથી જ કયારેક પરસ્પરવિરોધી લાગતાં દર્શનો ઉદ્‌ભવ્યાં છે. એક બાજુ શંકરાચાર્યનો માયાવાદ છે તો બીજી બાજુ ચાર્વાકનો ઐહિકવાદ પણ છે આપણી આખી ફિલસૂફી શંકાસમર્થનસ્વીકારવિરોધ દ્વારા જ આકાર પામી છે. આજે આ વલણ જતું રહ્યું છે અને ચમત્કારને નામે જે કંઈ આપણી સમક્ષ મૂકવામાં આવે છે તે મૂંગે મોંએ અથવા એક સ્વીકૃત ઘટના તરીકે સ્વીકારી લેવામાં આવે છે. આજના આ બુદ્ધિવાદી યુગમાં એ વાત જ વિપરીત લાગે છે આથી જ અમને લાગે છે કે કુદરતના નિયમો અને તર્ક અને બુદ્ધિના પાયા ઉપર રચાયેલી માન્યતાઓ, ઘટનાઓ સ્વીકારવા પ્રજાને સમજાવવા, નવા લેબાસમાં આવતા જૂના વહેમોનો પ્રતિકાર કરવા એક બૌદ્ધિકમંડળ રચવાની જરૂર અમને લાગે છે. આવા મંડળની રચનામાં બુદ્ધિજીવીઓ ઘણા ઉત્કટથી ભાગ લઈ શકે. આજે તે એકલવાયા થઈ ગયા છે.

[૧૯ સપ્ટેમ્બર, ૧૯૭૮]

બાબાઓ, શ્રદ્ધા અને અંધશ્રદ્ધા

" પ્રેતની દુનિયા વિશાળ છે ને એમાં આપણી જેમ જ અનેક કક્ષાના જીવો હોય છે. એમને ભૌતિક શરીર હોતાં નથી, પણ છાયા કે આકૃતિ હોય છે. તેઓ જો આપણી સંગાથે વાતો કરે તો એમનો અવાજ જાણે ઊંડાણમાંથી, દૂરથી દબાતો-કચડાતો આવતો હોય તેવો લાગે છે તેઓ પોતાના જુદા જુદા સ્વભાવ પ્રગટ કરતા હોય છે. કદાચ અધમ કોટિના જીવો પ્રાણીઓ પેઠે નિશાચર હોય છે અને ગંદી અવાવરુ જગ્યાઓ એમનું નિવાસસ્થાન હોય છે. બધા પ્રેતાત્માઓને કશી જ પ્રવૃત્તિ હોતી નથી. પૂર્વજન્મની અધૂરી વાસનાઓ તૃપ્ત કરવા તેઓ મથતા હોય છે. અથવા નિષ્ક્રિય પડી રહેતા હોય છે. કોઈ સિદ્ધ પુરુષને હાથે ચડી જાય તો એમનો ઉદ્ધાર થવાની શકયતા હોય છે. "

ઉપરનાં વિધાનો સૂરતની એક જાણીતી પ્રાથમિક શાળાના વર્ષાન્તે પ્રગટ થયેલા સામયિકમાંથી લીધાં છે. આવાં આફલાતૂન વિધાનો કરનાર-લખનાર એક ડૉકટર-(સાહિત્યના પીએચ. ડી.) છે. આ વિધાનોમાં જાણે એમણે જાતે પ્રેત જોયાં હોય, તેમની સાથે વાત કરી હોય, તેમના ઊંચનીચ પ્રકારો જોયા હોય એ પ્રકારનું નિરૂપણ કર્યું છે એક શિક્ષકની ઢબે એમણે પ્રેતના પ્રકાર પાડતાં આ જ લેખમાં આગળ જણાવ્યું છે, " પ્રેતોની જેમ જુદી જુદી અવસ્થા છે તેમ જુદા જુદા પ્રકારો છે. જેમાં કેટલાંક જીંદ, કેટલાંક ભૂત, ચૂડેલ, ડાકણ, જીન અને પિશાચ, યોગિની અથવા સિદ્ધાંગના, યક્ષ, કિન્નરો વગેરે છે. "

આ એ જ સૂરત છે જ્યાં આજથી બરાબર સવાસો વર્ષ પહેલાં બે નરવીરો-નર્મદ અને દુર્ગારામ મહેતાજી-ઘૂમી ઘૂમીને લોકોને કહેતા હતા કે " ભૂતડાકણ " બધા મનના વહેમો છે અને ડાહ્યા-સમજુ લોકોએ એમાં ફસાવાની જરૂર નથી. આ બન્ને નરવીરોએ જો ભૂત હોય તો પ્રત્યક્ષ જોવાનું અને જેમણે જોયાં હોય તેમણે તે બતાવવાનું આહવાન પણ ફેંકેલું. ભલભલા ભૂવા પ્રેતની વાત ગપગોળા છે એમ એમણે આજથી સવાસો વર્ષ પહેલાં સાબિત કરેલું. ત્યારે તો માનવી આકાશમાં પહોંચ્યો નહોતો.

આ બન્નેમાંથી એકે યુનિવર્સિટીના સ્નાતક નહોતા અને તે સમયનો

સમાજ પણ આજે છે તેવો સમજુ સમાજ નહોતો છતાં એવા વહેમી સમાજમાં બન્નેઓ જબરદસ્ત હામ ભીડેલી. વિધિની વિચિત્રતા તો જુઓ ? નર્મદ અને દુર્ગારામ બન્ને પ્રાથમિક શાળામાં શિક્ષકો અને પોતાની શાળામાં નવું જ્ઞાન આપનારા, આજે સવાસો વર્ષ પછી એ જ શહેરની પ્રાથમિક શાળાના મુખપત્રમાં એક વિદ્યાવિશારદ–યુનિવર્સિટીની ત્રણ ત્રણ ડિગ્રીઓ ધરાવનાર ભૂત-પ્રેતની યોનિ છે, તેના પ્રકારો છે, આકારો છે જાણે બધું પોતે નજરે જોયું હોય એમ છાતી ઉપર હાથ મૂકીને લખી, નાનાં બાળકોનાં કુમળાં મગજોને ગેરરસ્તે દોરે છે. તો આપણે આપણી પ્રગતિને કેવીક રીતે રડવી ? ચોરે ને ચૌટે ફરી ફરી ભૂત–ડાકણ વહેમ છે એમ કહેનાર અને કિલ્લાના મેદાનમાં ભૂવાઓને ખુલ્લેઆમ પડકાર ફેંકનાર આપણા પ્રાણવંતા પૂર્વજના આપણા વારસો કેવા વામણા થઈ ગયા છે ? અમને તો લાગે છે કે વર્ષો સુધીના વિદ્યાભ્યાસ કે સ્નાતક–અનુસ્નાતક ડિગ્રી કે ડૉકટરેટ કશું જ માનવીના બંધાયેલા સંસ્કારપિંડને વીંધી શકતું નથી, આજનો ભણેલો માણસ સાચો હામી બની શકતો નથી. એ વધારે વહેમી, વધારે ડરપોક અને વધારે સ્વાર્થી બન્યો છે એક બાજુ થોડું ભણેલા નર્મદને મૂકો અને તેની સાથે એનાથીય ઓછું ભણેલા દુર્ગારામને મૂકો. સામે પલ્લે આપણી યુનિવર્સિટીઓના સ્નાતકો–અનુસ્નાતકોને મૂકી જુઓ, પેલું ઓગણસમી સદીનું પલ્લું જ નમતું જવાનું, દોઢસો વર્ષ પછી પણ નર્મદની જરૂર એટલી જ તાતી છે અને ઔચિત્ય તો જુઓ એક પ્રાથમિક શાળાનું મુખપત્ર જેમાં બાળકોનાં મનને મુક્ત રાખી જ્ઞાનવિજ્ઞાનની પ્રગતિથી માહિતગાર બનાવી પુલકિત કરવાને બદલે તેમનાં મનમાં ભૂતપ્રેતની વાત કરી અત્યારથી જ તેમનાં મનને બંધિયાર બનાવવાનો આ કેવો ઘલમ ? બાળકોને તો તેમનાં દાદા–દાદી પણ ભૂતપ્રેતની વાત નહીં કરતાં હોય !

*

આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લામાં પુત્તપરતી નામના ગામમાં શ્રી સત્યસાંઈબાબાએ ત્રણેક વર્ષ પહેલાં એક કૉલેજની રચના કરેલી. ૧૯૮૧ ના નવેમ્બર માસની વીસમી તારીખે એકાએક આ કૉલેજને 'ડીમ્ડ' યુનિવર્સિટી તરીકેની માન્યતા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને આપી દીધી. ડીમ્ડ યુનિવર્સિટી એટલે જે સંસ્થાને યુનિવર્સિટી ન હોય છતાં યુનિવર્સિટી જેવી હોવાની યોગ્યતા આપવામાં આવે. તે કદાચ આખા દેશમાં આ જ એક એવી કૉલેજ હશે જેને અનુસ્નાતકવિભાગ શરૂ કર્યા વિના 'ડીમ્ડ' યુનિવર્સિટીની અનુસ્નાતક માન્યતા આપવામાં આવી હોય. બનવા સંભવ છે કે સાંઈબાબાના ચમત્કારે યુ. જી. સી. ને પ્રભાવિત કરી દીધું હોય.

આપણા વરિષ્ઠ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ચંદ્રચૂડે આ ડીમ્ડ યુનિવર્સિટીનું મંગળાચરણ કર્યું. ન્યાયમૂર્તિ શ્રી ચંદ્રચૂડ શ્રી. સાંઈબાબાના ભકત છે કે નહિ તેની ખબર નથી પણ યુ. જી. સી. નાં અધ્યક્ષ ડૉ. મધુરીબહેન શાહ તો છે જ. આ મંગળાચરણ વખતે વકતાઓએ વર્તમાન અભ્યાસવ્યવસ્થાની ઝાટકણી કાઢી અને શ્રી સાંઈબાબાની પ્રશસ્તિ કરી.

આ કૉલેજ ડીમ્ડ-યુનિવર્સિટીની પ્રતિષ્ઠા મળતાં પોતે પોતાનો અભ્યાસક્રમ ઘડી કાઢશે, પરીક્ષાઓ લઈ શકશે અને ડિગ્રી પણ આપી શકશે. શ્રી સત્યસાંઈબાબાએ સ્ત્રીઓ માટે અનંતપુરમાં એક બીજી કૉલેજ પણ શરૂ કરેલી છે અને તે શ્રી કૃષ્ણદેવરાઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન છે, યુ. જી. સી. એ ત્રીસેક માઈલ દૂર આવેલી આ કૉલેજને પણ આ ડીમ્ડ–યુનિવર્સિટીના ઉચ્ચ વિદ્યાના કેન્દ્ર તરીકે પણ માન્યતા આપી છે. બેંગ્લોરમાં આવેલી અને શ્રી સત્યસાંઈબાબાએ સ્થાપેલી બીજી કૉલેજને પણ આ ડીમ્ડ–યુનિવર્સિટીના ભાગ તરીકે સ્વીકારવામાં આવશે. દેશના વિવિધ ભાગોમાં આવેલી શ્રી સત્યસાંઈબાબા રચિત સંસ્થાઓને પણ આવો લાભ આપવામાં આવશે. આંધ્ર સરકારના શિક્ષણખાતાને આની ખબર આપવામાં આવી છે. પણ આ ડીમ્ડ યુનિવર્સિટીની આખી પ્રક્રિયામાં તેમને કોઈ રીતે સામેલ કરવામાં નથી આવ્યા. મંગળાચરણના કાર્યક્રમમાં મહારાષ્ટ્રના તે વખતના ગવર્નર શ્રી ઑ. પી. મહેરા ઠેઠ મુંબઈથી હાજરી આપવા આવ્યા અને મહારાષ્ટ્રની દસદસ યુનિવર્સિટીઓની તેમણે નિંદા કરી આ ડીમ્ડ–યુનિવર્સિટીનાં યશોગાન ગાયાં.

શ્રી સત્યસાંઈબાબાએ પુત્તપરતીમાં સ્થાપેલી કૉલેજને ડીમ્ડ–યુનિવર્સિટીનું સ્થાન આપીને યુ. જી. સી. એ એક ખરાબ શિરસ્તો પાડયો છે. આવતી કાલે ક્રિશ્ચીયન મિશનરીઓ, રામકૃષ્ણ આશ્રમવાળા, જમિયતે ઈસ્લામ જેવી સંસ્થાઓ પણ પોતે સ્થાપેલી શિક્ષણસંસ્થાઓ માટે આવું 'સ્ટેટસ' માગશે. યુ. જી. સી.ના ચેરમેને મંગળાચરણના પ્રસંગે કહ્યું હતું કે નૈતિક મૂલ્યો એ આપણી શિક્ષણવ્યવસ્થાનો અંતર્ગત ભાગ બનવો જોઈએ. જો એમ જ હોય તો શ્રી અરવિંદના ઑરોવીલોમાં પણ આવોજ દાવો કરવામાં આવે છે. ઑરોવીલોને ડીમ્ડ–યુનિવર્સિટીનું સ્થાન મળ્યું નથી.

ગમે તેમ પણ શિક્ષણસંસ્થામાં મતોની, ધર્મોના પાલનની માન્યતાઓ

ધરાવવાની મોકળાશ હોવી જોઈએ. સૌથી વિશેષ તો શિક્ષણસંસ્થાઓમાં ઉછરતા યુવાનોમાં સાયન્ટીફિક સ્પિરીટ કેળવાય અને દરેક વસ્તુને સત્ય તરીકે અપનાવતાં પહેલાં વિજ્ઞાનના અભિગમથી ચકાસીને પછી જ સ્વીકારે એવી ભાવના ખીલવવાની અને ખીલે તે જોવી અત્યંત જરૂર છે. શ્રી સત્યસાંઈબાબાએ સ્થાપેલી સંસ્થાઓમાં આવા વિજ્ઞાનના અભિગમને નકારવામાં આવે છે, ત્યાં સાંપ્રદાયિક માન્યતાઓ, વ્યક્તિને જ ઈશ્વર માનવાનું સમીકરણ ઊભું થાય છે અને આ બધું યુનિવર્સિટીના સાચા વિભાવનથી તદ્દન ઊલટું છે.

[૨૦ એપ્રિલ, ૧૯૮૨]

બૌદ્ધિક શૂન્યાવકાશ

આપણી પ્રજા એક ભારે બૌદ્ધિક અને નૈતિક કટોકટીમાંથી પસાર થઈ રહી છે. જીવનનાં મૂલ્યો, જીવનના આદર્શો અને જીવન જીવવાની પ્રણાલિ જમાને જમાને બદલાતાં રહે એ સિદ્ધાંત સ્વીકારીએ તો પણ આજના યુગમાં પ્રજામાનસમાં જે અને જેટલી દ્વિધા, ગૂંચવાડા અને વિરોધાભાસી વલણ દેખાય છે એટલાં કદાચ કયારેય નહિ દેખાયાં હોય. આ દેશમાં યુનિવર્સિટી સ્થપાયાને લગભગ એકસો સોળ વર્ષ પૂરાં થયાં છતાં આ યુનિવર્સિટીશિક્ષણે આપણા માનસને સ્પર્શ્યું જ નહિ હોય એવો ભાસ પણ થાય છે. જૂના વહેમો નવા લેબાસમાં આવતા જણાય છે અને ભણેલા માણસોના વર્તનમાં પણ આપણે બૌદ્ધિક અભિગમ ઓછો થતો જોઈએ છીએ. ગોવાના મુખ્ય પ્રધાન સ્વ. બાંદોદકરની ચિતા ઉપર ત્રણ સ્ટમ્પ, ક્રિકેટબેટ અને એક હૉકીસ્ટીકનો પણ અગ્નિદાહ આપ્યાના સમાચાર ઘણાએ વાંચ્યા હશે પ્રજાની બાલિશતાની આ ચરમ સીમા છે. સ્વ બાંદોદકર સારા ખેલાડી હતા તેના પ્રતીકરૂપે આ કરવામાં આવ્યું. જૂના ઈજિપ્તમાં મૃત્યુ પામેલી વ્યક્તિ સાથે અનાજ, સિક્કા અને વાસણ દાટવામાં આવતાં એના કરતાં આપણે આજે જરા ય અલગ વર્તેલા લાગતા નથી. કોઈ રમતમાં રસ ધરાવતો હોય તો તેની સાથે રમતનાં સાધનોને અગ્નિદાહ કરવાથી શું વધારે? એમાં બાલિશતા સિવાય બીજા કશાનાં જ દર્શન થતાં નથી.

૧૯૭૦ના જુલાઈ માસમાં માનવીએ જ્યારે ચંદ્ર ઉપર પ્રથમ વાર પગ મૂક્યો ત્યારે માનવસંસ્કૃતિના ઇતિહાસમાં અપ્રતિમ અને અદ્‌ભુત ક્રાંતિ થઈ એમ કહી શકાય. અત્યાર સુધી બ્રહ્માંડનાં જે રહસ્યો આપણને અગમ્ય અને તેથી અદ્‌ભુત અને ચમત્કારિક લાગતાં હતાં તે રહસ્યો ઉકેલવાની શકયતાઓ પૂરેપૂરી મનુષ્યને માટે ઊભી થઈ. એના અનુસંધાનમાં મંગળ અને શુક્ર ઉપર મોકલાતાં જુદાં જુદાં રૉકેટોએ આ શકયતાઓમાં ઉમેરો કર્યો જે ચંદ્ર આજ સુધી આપણે માટે 'દેવ' હતો, જેની આરાધના કરવામાં આવતી હતી અને જેને કારણે મનુષ્યનાં નામરાશિ અને જન્મોત્રી રચાતાં હતાં તે ચંદ્ર એ પેઢી પછી પિકનિક સ્પોટ' બને તો નવાઈ નહિ એમ જો એ પેઢી દરમિયાન નહિ થાય તો પણ ચંદ્રની ભૂમિની રચનાનાં રહસ્યો તો માનવીને સુગમ્ય બનશે જ અને એ સંદર્ભમાં ચંદ્ર માનવીને માટે દેવ નહિ રહે એ પણ હકીકત છે.

અનેક શકયતાઓથી ભરપૂર એવી અપ્રતિમ શોધો થતી રહે છે અને છતાં બીજી બાજુ ભણેલા માણસો પોતાને મંગળ નડે છે કે શનિ નડે છે એમ માની મંગળવારે કે શનિવારે એકટાણાં કરે છે. આવું તો સાધારણ ભણેલાં માણસો કરતાં હોય તો તો સમજ્યા, પણ જેમની પાસે સંપૂર્ણ બૌદ્ધિક અભિગમની અપેક્ષા રખાતી હોય, જેઓ વિજ્ઞાની હોય અને વૈજ્ઞાનિક અભિગમની જેમની પાસે અપેક્ષા હોય એવાં માણસો પણ આ ચક્કરમાં ફસાયેલાં જણાય છે ત્યારે આપણને પૂછવાનું મન થાય છે કે જે મંગળ કે શનિ ઉપર માનવી ધડાકાબંધ રોકેટો ફોડે છે, ઉતારે છે અને ત્યાંની ભૂમિ ઉપર ધરતીકંપો સર્જે છે તે મંગળ કે શનિ લાખ્ખો માઇલ દૂરથી માનવીના ભાવિને કેવી રીતે ઘડતા હશે? શનિની વકદૃષ્ટિથી માનવીનું ભાવિ કેવી રીતે વક બની જતું હશે? અને ધારો કે જો એમ થતું હોય તો પણ શનિવારે એકટાણું કરવાથી–એકટાણું પણ જમણના પર્યાય તરીકે દૂધ, ફળાહાર, સીંગોડાં-સીંગનો ઉપયોગ કરીને જ કરાતું હશે ને! - કેવી રીતે દૂર કરી શકાશે? આવા પ્રશ્નો ભણેલાં માણસો કેમ નહિ પૂછતાં હોય? અને આ સંદર્ભમાં ભણેલાં, અર્ધભણેલાં અને નહિ ભણેલાં વચ્ચે બૌદ્ધિક ફેર શો?

આ જ સંદર્ભમાં અમે જ્યોતિષની વાત કરવા માંગીએ છીએ. વીસમી સદીના આરંભમાં પણ નહોતી એટલી જ્યોતિષની ઘેલછા ૧૯૭૩માં વધી છે. જે વર્તમાનપત્રો જ્યોતિષની આગાહીને સ્થાન નહોતાં આપતાં તે વર્તમાનપત્રો પણ અઠવાડિક ભવિષ્યની આગાહી પ્રગટ કરતાં રહે છે. એટલું જાણે પૂરતું નહિ હોય તેમ હવે 'આપની આજ' પણ પ્રગટ થાય છે રાશિભવિષ્યની આગાહી ઉપરાંત રાજકીય ભવિષ્યની આગાહી પણ થાય છે અને આ આગાહીના ચક્કરમાં પ્રધાનો અને બુદ્ધિજીવીવર્ગથી માંડી ઘણા નાનામોટા માણસો ફસાયેલા જણાય છે. માનવીની બુદ્ધિની આ મોટામાં મોટી નબળાઈ છે જેમાંથી એક ટકો માનવી પણ મુકત નથી લાગતાં.

આ જ્યોતિષની ઘેલછા એટલી બધી છે કે બુદ્ધિશાળીની બુદ્ધિ પણ બહેર મારી જાય છે પણ જ્યોતિષની બાબતમાં પણ જે ભારે વિરોધાભાસ છે તે પણ આ મહાનુભાવોની નજરે નથી પડતો. એક રીત તમારી જન્મરાશિ પ્રમાણે આગાહી કરવાની છે. બીજી રીત તમારી જન્મતારીખ જે માસમાં આવતી હોય તે પ્રમાણે ચંદ્રરાશિ (સૂર્યરાશિ) આગાહી કરવાની છે અને આ બન્નેના

ફલાદેશ કયારેક પરસ્પરવિરોધી હોય છે. આ બન્નેમાંથી કયો સાચો ? અમારું તો એવું પણ અવલોકન છે કે બધાં જ વર્તમાનપત્રોના સાપ્તાહિક ફલાદેશનો કોઈ એક ચોક્કસ રાશિનો ચોક્કસ અભ્યાસ કરીએ તો સપ્તાહનો કોઈ પણ દિવસ ખરાબ નીવડે નહિ, કારણ એક જોષી જે દિવસ ખરાબ દર્શાવે તે જ દિવસ બીજો જોષી સારો દર્શાવે જ્યોતિષના પાખંડીઓ આ વિરોધાભાસને જોતા નહિ હોય !

અમે અહીં એવી એક આગાહીનું ઉદાહરણ આપીએ : "૧૨-૧૩-૧૬ બહુ જ ચિંતાવાળી પરેશાનીવાળી ને નિરાશાવાળી સમજવી. પણ કાર્યસફળતાની દૃષ્ટિએ સપ્તાહ સારું છે. પણ અણધારી અશાન્તિના ભોગ બની જવાય તો નવાઈ નહિ " અમારો પ્રશ્ન એ છે કે એક જ આગાહીમાં સપ્તાહ સારું અને પરેશાનીવાળું હોય તો સારું કેવી રીતે બને ? પણ આમ દ્વિઅર્થી આગાહી કરવાની ગ્રીક ઓરકલેની પુરાણી રીતો આજે પણ ચાલુ છે અને આપણા બુદ્ધિવાદીઓ એમાં ફસાય છે. શેકસપીઅરે તો ઠેઠ ૧૬મી સદીમાં કહેલું. "ફોલ્ટ, ડીઅર બ્રુટસ, ઇઝ નોટ લાય ઈન અવર સ્ટાર્સ, બટ ઈન અવર સેલ્વઝ" અને હજી આપણે ત્રણસો વર્ષ પછી પણ આપણાં કાર્યોની, આપણી સફળતાનિષ્ફળતાની જવાબદારી લાખ્ખો માઈલ દૂર આવેલા ગ્રહો ઉપર લાદીએ છીએ. બીજી બાજુ એ ગ્રહો ઉપર આપણે રોકેટો મોકલીએ છીએ.

અમારી આજના બુદ્ધિવાદીઓ સામેની બીજી ફરિયાદ ચમત્કારને જ ધર્મ માનવાની છે. આપણું સાધુસંતોનું માપ એ કેટલા અને કેવા ચમત્કાર કરે છે તેના ઉપર અવલંબે છે. ગાંધીજીએ કહેલું "જ્યાં સુધી આત્મા દેહમાં છે ત્યાં સુધી એને દેહનાં બંધનો અને દેહની મર્યાદા નડવાની છે અને એ સંપૂર્ણ સત્યનું દર્શન કરી શકવાનો નથી" અને છતાં આજે આપણું માનવીને જ ઈશ્વર તરીકે પૂજવાનું વલણ વધતું જાય છે. અમે તો એમ પણ પૂછવા માગીએ છીએ કે આપણા સાધુસંતો ચમત્કાર જો કરી શકતા હોય અને જાતજાતની ભસ્મનો વરસાદ વરસાવી શકતા હોય તો આ ગરીબ અને દુકાળપીડિત દેશમાં માનવીઓ જ્યારે અનાજ વિના ટળવળતાં હોય તો અનાજ વરસાવવાનો ચમત્કાર કોઈ કેમ નહિ કરતું હોય ? પીડિતોનાં દુઃખ નિવારવાના ચમત્કાર કેમ નહિ થતા હોય ? ચમત્કાર એ જ આજે તો ધર્મનો, સાધુતાનો પર્યાય બની ગયો છે અમને એમાં માણસની ભિખારીવૃત્તિનો જ આવિષ્કાર દેખાય છે અને આ જાળમાં ભલભલા બુદ્ધિવાદીઓને ફસાયેલા જોઈ અમારા મનમાં કેટલાક પ્રશ્નો ઉદ્ભવે છે.

આજથી બરાબર સવાસો વર્ષ પહેલાં નર્મદ શેરીના ચકલા ઉપર મૂકેલા ઉતારમાં બણી જોઈ ને પગ મૂકીને જતો. એ જોવા કે એનાથી એને કશું થાય છે ! એ જ નર્મદે આ જ સૂરત શહેરમાં કિલ્લાના મેદાનમાં ભૂવાઓની સભામાં એના ઉપર ભૂવાઓને ઇલમ અજમાવવા પડકાર ફેંકયો હતો અને કોઈ એને કશું કરી શકયું નહિ એ વાત બની ત્યારે હજી આ દેશમાં યુનિવર્સિટી પણ સ્થપાઈ નહોતી આજે જ્યારે ગુજરાતમાં પાંચ પાંચ યુનિવર્સિટીઓ છે ત્યારે નર્મદ–દુર્ગારામના જમાનામાં જે વહેમ, અને અંધશ્રદ્ધાનું વાતાવરણ હતું એવું જ વાતાવરણ પ્રસરેલું વર્તાય છે. અમારો પ્રશ્ન એ છે કે આ યુનિવર્સિટી-શિક્ષણે આપણને આપ્યું શું ? નર્મદના જમાનાથી આપણે કેટલા આગળ વધ્યા ? ચમત્કારોને જ ધર્મ માનવામાં અથવા વ્યક્તિને ઈશ્વર તરીકે પૂજવામાં અંધશ્રદ્ધાનો જ અણસાર અમને વર્તાય છે. ધર્મ ઉપરની આસ્થા એક વાત છે. અંધશ્રદ્ધા એ બીજી વાત છે. અજ્ઞાતના ભયની કે હૃદયની લાલસા પૂરવા માટેની લાચારીનો આ પ્રાદુર્ભાવ હશે ?

બીજી બાજુ આપણા જીવનમાં જાહેર હિંમતનો અભાવ, નૈતિક ભ્રષ્ટાચાર અને નફ્ફટાઈ વધતાં જાય છે. લોકો સમક્ષ કોઈ સ્ત્રીની અશ્લીલ મશ્કરી થતી હોય કે આક્રમણ થતું હોય, કોઈ નિર્દોષ વ્યકિત ઉપર કોઈ ગુંડાઓ હુમલા કરતા હોય તો તેની વહારે ધાવાની કોઈ હિંમત કરતું નથી. પહેલા પ્રસંગે તો લોકો નફ્ફટાઈથી મજા માણતા હોવાના દાખલા પણ જોયા છે. રસ્તા ઉપર અકસ્માતનો ભોગ બનેલા માનવીને સહાય આપવા જેટલી માનવતા પણ કોઈ દર્શાવતું નથી. દસવાર મંદિરે જનારા અને સાધુમહાત્માનાં ચરણોમાં આશ્રય શોધનારા પણ આવી માનવતા દર્શાવતા નથી. સ્વરાજ્યપ્રાપ્તિ પહેલાંના યુગમાં આપણી પ્રજામાં જે જાહેર હિંમત અને મિજાજ અને માનવતા દેખાતાં હતાં તે આજે કયાંય દેખાતાં નથી ગાંધીજી જાણે આ દેશમાં જન્મ્યા જ નહોતા એવું અત્યારે લાગે છે. ગાંધીપ્રેરિત નીતિ, હિંમત અને સેવા, ધર્મ બધું જ વિલીન થઈ ગયું. આજે દેશમાં ઊભી થયેલી આર્થિક અને રાજકીય કટોકટી વિશે પણ અવાજ ઉઠાવવાની દરકાર પ્રજા કરતી નથી. જ્યારે કંઈ થાય છે ત્યારે તે હિંસાત્મક આંદોલન દ્વારા થાય છે.

આજના આપણા સંસ્કારજીવનમાં એક મોટો શૂન્યાવકાશ સર્જાયો છે. કોઈ અસ્તિત્વવાદી વિધેયક મૂલ્યો આપણી પાસે રહ્યાં નથી અને તેથી એક બાજુ

અકળાવનારી એ પરિસ્થિતિમાંથી નાસી છૂટવા માણસ ધર્મને નામે જે કંઈ હાથે ચડયું તેને બાઝવા પ્રયત્ન કરે છે તો બીજી બાજુ અમે કંઈક કરીએ છીએ એવું દર્શાવવા સેવાને નામે અનેકાનેક મિથ્યા પ્રવૃત્તિઓના દેખાડા ચાલી રહ્યા છે. આનું એક મુખ્ય કારણ આપણા રાજકારણનો ગંદવાડ છે. જીવનની તમામ બાજુને એણે છાંટા ઉડાડ્યા છે. ગાંધીજીના ધર્મના પાયા ઉપર મુકાયેલા રાજકારણે જે પ્રજાના અંતઃકરણને પ્રબોધ્યું તો આજના ગંદા રાજકારણે પ્રજાને આત્મવંચનાની આળપંપાળમાં રાચતી કરી દીધી અને તેથી જ અમે કહીએ છીએ કે આજે આપણે એક કપરી બૌદ્ધિક અને સાંસ્કારિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યા છીએ.

[૪ સપ્ટેમ્બર, ૧૯૭૩]

અંધશ્રદ્ધા અને શિક્ષણ

કહેવાય છે કે હાલનો માનવી વિજ્ઞાનયુગમાં જીવે છે. વિજ્ઞાને તમામ ક્ષેત્રોમાં અવનવી શોધો કરી છે અને બ્રહ્માંડનાં અદ્યાપિ અગોચર રહેલાં સ્તરોને ગોચર કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે. ચંદ્રની ધરતી ઉપર પગ મૂકીને પાછો ફરેલો માનવી હજારો વર્ષોમાં નહીં હોય એવી ચમત્કારિક સિદ્ધિ આજે સાધ્યાની પ્રતીતિ કરાવે છે. અને છતાં માનવીમન કેવું વિચિત્ર છે. સૌરાષ્ટ્રના એક ગામમાં કોઈ જૈન સાધ્વીજીને કોઈ અગમ્ય શક્તિ શારીરિક પીડા આપી રહી છે. અને તેનો ઉપાય જડતો નથી. દક્ષિણની અંદર રાવણલીલાના પુરસ્કર્તાઓ, રામ–લક્ષ્મણનાં પૂતળાં બાળી આત્મસંતોષ લઈ રહ્યા છે. રોજ ને રોજ કીમિયા દ્વારા સોનું પ્રાપ્ત કરનારા લાલચુઓને છેતરનારાની વધતી જતી સંખ્યાના સમાચાર પ્રગટ થતા રહે છે. આખું જગત જાણે કોઈ ગોળગોળ ચક્કરમાં ફરતું હોય એમ આગળ ડગલું ભર્યા વિના ત્યાં ને ત્યાં થંભી રહેતું લાગે છે. પુત્રકામના, ધનકામના અને એવી અનેક કામનાઓ સંતોષવા આજે પણ નાનાં બાળકોનાં બલિદાનો અપાય છે. આજે પણ હરિજનો ઉપર અમાનુષી અત્યાચારો ગુજરાઈ રહ્યા છે. આપણા આખા મધ્યયુગીય માનસને સમય કે વિજ્ઞાન ફેરવી શક્યા નથી.

આધુનિક શિક્ષણ પણ આપણા માનસને ફેરવી શક્યું નથી. હજી આપણને ચમત્કારમાં એવો ને એવો રસ છે. કોઈ સાધુમહાત્માના કાર્યમાં ચમત્કારને આપણે આરોપીએ ત્યારે જ આપણને સંતોષ થાય છે અને ત્યારે જ તે સાધુમહાત્મા ઠરે એટલું જ નહિ પણ જે ચમત્કાર કરી શકે તે જ સાધુ કે સંત કે મહાત્મા એવું આપણું માનસ છે. આપણા કોઈ પુરુષાર્થ વિના કોઈ મહાત્માની કેવળ પ્રસાદીથી કે તેમનો આપણા માથા ઉપર હાથ પડવાથી આપણો ઉદ્ધાર થાય એવી આપણી ભિખારીકામના છે. રોજરોજ કથાપારાયણો થાય અને હજારો માણસોની મેદની એ સાંભળે અને છતાં આ દેશમાંથી લાંચરુશ્વત, દવા અને ખાદ્ય ખોરાકોમાંના ભેળસેળ જેવા માનવજીવન સાથેના અગનખેલ જેવાં અનિષ્ટો ઓછાં થતાં નથી. આપણા વ્યક્તિત્વની વિચ્છિન્નતાની પ્રતીતિ રોજરોજ આપણને થતી રહે છે

આપણું શિક્ષણ પણ ઉપલક રહીને મનને વહેમમાંથી મુકત કરવામાં નિષ્ફળ નીવડયું છે. એક ઉદાહરણ જોઈએ કૉલેજમાં પહેલી કસોટી પૂરી થઈ. માંદગીને કારણે એ કસોટીમાં ન બેસી શકનારાઓ ડાકટરી સર્ટિફિકેટો આપે તો બીજી પૂરક પરીક્ષામાં બેસી શકવાની છૂટ આપવામાં આવે છે. આમ આ પરીક્ષામાં એક વિદ્યાર્થી બેસી ન શકયો. એ વિદ્યાર્થી રૂબરૂમાં કારણ આપવા આવ્યો ત્યારે એની પાસે તબીબી પ્રમાણપત્ર માગવામાં આવ્યું. વિદ્યાર્થીએ જણાવ્યું કે એણે ડાકટરની દવા કરી નથી કારણ એને જે માંદગી છે તે 'વળગાડ'ની છે અને ડાકટરની દવાથી સારી થાય એમ નથી. આ વિદ્યાર્થી અર્થશાસ્ત્ર સાથે છેલ્લા વર્ષમાં ભણે છે.

એક વિદ્યાર્થિનીને દર ચાર દિવસે વર્ગમાં આંકડી આવે. ડાકટરી સારવાર અંગે પૂછપરછ કરતાં હાથે બાંધેલો 'દોરો' બતાવી એણે જણાવ્યું કે "એને કોઈએ કરી મૂકયું છે. એટલે દવાથી મટતું નથી; આ વિદ્યાર્થિની પણ છેલ્લા વર્ષમાં અંગ્રેજી સાથે ભણે છે. બન્ને ગામડામાંથી આવે છે. પણ આવતે વર્ષે સ્નાતક થનારા વિદ્યાર્થીઓ – એક અર્થશાસ્ત્ર જેવો પ્રત્યેક વિચારણાને બુદ્ધિગમ્ય બનાવનારો વિષય ભણે અને બીજો અંગ્રેજી જેવો નવી દૃષ્ટિ આપનારો અને મનને કેળવનારો વિષય લઈ ભણે છતાં આ બન્નેને પડેલા સંસ્કાર કેટલા જડ અને ચુસ્ત છે કે પંદર વર્ષનું આ કહેવાતું આધુનિક, કહેવાતું ઉચ્ચ, કહેવાતું બુનિયાદી શિક્ષણ એમને સુધારી શકયું નથી, કે પછી શિક્ષણે એ દિશામાં પ્રયત્ન જ નથી કર્યો ? આ તો ધ્યાન ઉપર આકસ્મિક રીતે આવેલા દાખલાઓ છે. શહેરના યુવાનો પણ આવા વહેમબદ્ધ હશે. કદાચ જુદી જાતના. એક બાજુ વિજ્ઞાન અતાગનો તાગ લેતું થયું છે, બ્રહ્માંડમાં પાંખ વીંઝતું થયું છે, નવાં નવાં દર્શનો લાવે છે ત્યારે માનવીનું મન તો હજી યે એના ખોબા જેવડા વિશ્વમાં જ રાચતું રહેવાનું છે. બુદ્ધિવાદી બનવાનું કામ કેટલું કપરું છે ?

[૨૮ ઑકટોબર, ૧૯૭૫]

અંધશ્રદ્ધા અને છિન્ન વ્યક્તિત્વ

કોઈ કોઈ મહાનુભાવોનાં નામ સાથે ભગવાન શબ્દ જોડવામાં આવે છે. અનુયાયીઓ આ પદ આપે છે અને મહાનુભાવોને ભગવાન થવાનું ગમે છે. આપણે ત્યાં સામાન્ય રીતે બુદ્ધ અને મહાવીર જેવા મહાપુરુષોને ભગવાન તરીકે સંબોધવામાં આવે છે. ભગવાન શબ્દ 'ભગવત' ઉપરથી આવેલો પ્રથમા એકવચનનું રૂપ છે. આમ તો ભગવાન શબ્દના ઘણા અર્થો છે પણ મુખ્ય અર્થ 'ઈશ્વર' એવો થાય છે અને આજે જ્યારે અનુયાયીઓ પોતાના ગુરુને ભગવાન વિશેષણથી સંબોધે છે ત્યારે તેમના મનમાં ઉદ્દિષ્ટ અર્થ 'ઈશ્વર' જ હોય છે ઘણી વાર ગુરુઓ પોતાને ભગવાન તરીકે સંબોધવા માટે શિષ્યોને પ્રેરતા હોય છે અને એ 'પદ' લઈ લીધું હોય છે તો ઘણી વાર ગુરુની અનિચ્છા છતાં શિષ્યો પોતાના ગુરુને 'ભગવાન' કરી દેતા હોય છે. "પ્રોફેટ્સ આર મરડર્ડ બાય ધેર ફોલોઅર્સ એન્ડ સેવ્ડ બાય ધેર ક્રિટિક્સ."

વિજ્ઞાનના અને ચરમ સીમાએ પહોંચેલા બુદ્ધિવાદના આજના જમાનામાં આપણે જ્યારે આ બધું જોતાં-સાંભળતાં હોઈએ છીએ ત્યારે આપણને આપણા બુદ્ધિવાદ અને બુદ્ધિવાદીઓ પ્રત્યે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે માણસ મહાપુરુષ બની શકે કેવળ આધ્યાત્મિક રીતે જ નહીં પણ બીજી ઘણી ઘણી રીતે આઈસ્ટાઈનને એ રીતે લોકોત્તર પુરુષ કહી શકાય. વિવેકાનંદ-ગાંધી-દયાનંદ સરસ્વતી-શ્રી અરવિન્દ આ બધા જ લોકોત્તર પુરુષો હતા. પણ એમાંથી કોઈએ ભગવાન હોવાનો દાવો કર્યો નથી અને ભગવાન તરીકે એ સંબોધાયા નહી, હા જો ભગવાન એટલે ભાગ્યશાળી પુરુષ એવો અર્થ થતો હોય અને જૂના જમાનામાં રાજાઓને એ અર્થમાં સંબોધવામાં આવતા હતા તો તે જુદી વાત પણ આજે આપણે ત્યાં ભગવાનનો અર્થ જે રૂઢ થયો છે તે તો જુદો જ છે.

પ્રથમ વાત તો એ છે કે મનુષ્ય કોઈ પણ કાળે સ્વયં ભગવાન થઈ શકતો નથી અને કોઈ પણ મહાપુરુષને-તેની ગમે એટલી મોટી સિદ્ધિ હોય છતાં 'ભગવાન' તરીકે સંબોધવાની વાત મિથ્યા છે ગાંધીજીએ એક ઠેકાણે બહુ સાચું કહ્યું છે, "જ્યાં સુધી આત્મા દેહમાં છે ત્યાં સુધી એને દેહનાં બંધનો અને

દેહની મર્યાદાઓ નડે છે અને તેથી એ સંપૂર્ણ સત્યનું દર્શન કરી શકતો નથી.” આમ આત્મા પરમાત્મા થઈ શકતો નથી અને તેથી મનુષ્યને ભગવાન તરીકે પૂજવાની વાત મિથ્યા જ નહીં પણ એક પાખંડ છે કોઈ રામ અને કૃષ્ણનાં ઉદાહરણો આપશે. પણ યાદ રાખવા જેવી વાત છે કે ‘રામ’ અને ‘કૃષ્ણ એ ઐતિહાસિક વ્યકિતઓ નથી. પૌરાણિક અને કાલ્પનિક વ્યકિતઓ છે. બન્નેની ‘પ્રતિમા’ના ઘડતર પાછળ કવિકલ્પનાનો જ મોટો ફાળો છે ભગવાન રામ કે ભગવાન કૃષ્ણની માફક ૧૯૭૮ નો કોઈ રામ ભગવાન રામ ન થઈ શકે–સિવાય કે એ વિશેષ નામ હોય.

ગાંધીએ તો બહુ સ્પષ્ટ ભાષામાં કહ્યું છે, “મારા જેવા અલ્પાત્માને માપવા સત્યનો ગજ કદી ન ટૂંકો થાઓ.” સોક્રેટિસ–બુદ્ધ અને ગાંધી આ ત્રણ જ ઉપદેશકો એવા છે જેમણે બહુ સ્પષ્ટ ભાષામાં પ્રજાને કહ્યું છે, “હું કહું છું માટે તમે આ માની લેશો નહીં પણ તમારી બુદ્ધિ એ સ્વીકારે તો જ એ સ્વીકારશો” બાકી બધા જ ધર્મગુરુઓએ તો તેમને અનુસરવાથી જ સ્વર્ગનું દ્વાર દેખવાની વાત કરી છે. ગમે તેમ પણ એક બાજુ વિજ્ઞાન અને તેની સિદ્ધિઓ હરણફાળ ભરી રહી છે ત્યારે બીજી બાજુ વિજ્ઞાનનું દ્વાર બંધ કરી એક મનુષ્ય ભગવાન તરીકે પૂજાય છે એ આજની વિષમતા છે. આપણા બુદ્ધિવાદની પંગુતા છે. એમાં અંધશ્રદ્ધા અને શ્રદ્ધા વચ્ચેનો વિવેક નથી બનવા સંભવ છે કે જીવનની ભૌતિક સુખસગવડ અને વિલાસોના અતિરેકની ભીતરની અશાંતિથી પીડાતા મનુષ્યનાં શાંતિ પામવાનાં આ હવાતિયાં હોય! આજના આ ૧૯૭૮ ના જમાનામાં એક નહીં પણ અનેક અખાભગતોએ જન્મ લેવો જોઈએ. ૧૭મી સદીની એની ઝુંબેશ આજે પણ એટલી જ સાચી ઠરે એવી છે.

આપણે ભીતરની અશાંતિની વાત કરીએ છીએ ત્યારે એ અશાંતિ શેની છે તે સમજવા જેવું છે વાસ્તવમાં તો આજનો બુદ્ધિવાદી વિભાજિત વ્યકિતત્વથી ઘેરાયેલો છે. ‘સ્પ્લીટ પર્સનાલીટી’ એટલે માણસનાં વાણી અને વર્તન વચ્ચે જુદા જુદા સંજોગોમાંના વર્તન વચ્ચે, સિદ્ધાંત અને તેના આચરણ વચ્ચે, વિચ્છેદ. એવી વ્યકિતનું વ્યકિતત્વ છિન્ન હોય છે. આમ તો બુદ્ધિવાદીઓમાં ઘણી વાર વધતેઓછે અંશે ‘સ્પ્લીટ પર્સનાલીટી’નું દર્શન થતું હોય છે પણ તે જ્યારે માત્રમાં અનેકગણું વધી જાય ત્યારે તે લગભગ રોગિષ્ઠ અને અવિશ્વસનીય બને છે. માણસ વાત સેવાની કરે અને પોતાના વ્યવસાયમાં સેવા કરવાનો વારો

આવે ત્યારે એ 'સ્વ'ની સેવા કરવા પ્રેરાય. વાત વિજ્ઞાનની અને વિજ્ઞાનના નિયમોની કરે અને એ ચમત્કારોમાં માને, ચમત્કારોને સાચા માનીને વર્તે, એ ભૌતિકશાસ્ત્રનો અભ્યાસી હોય અને ચન્દ્ર અને ગ્રહો પર પહોંચતાં યાનોની ગતિવિધિનો અભ્યાસ કરતો હોય અને છતાં ગ્રહો મનુષ્યના ભાવિ ઉપર અંકુશ ધરાવે છે એમ માની તેને આરાધવા એ શનિવાર-મંગળવાર કરતો હોય. વાતો તો સમાજસુધાની કરે અને સમાજના કુધારાની વિધિમાં એ સામેલ થાય. એ બધાં જ 'સ્પ્લીટ પર્સનાલીટી'નાં ઉદાહરણો છે. આજે સહેજ દબાણ કે તનાવ આવતાં માણસ ભાંગી પડે છે, વશ થઈ જાય છે. આજનો બુદ્ધિવાદી લાચાર થઈ ગયો છે. નથી એનામાં આત્મવિશ્વાસ, નથી એનામાં બુદ્ધિની ખુમારી, નથી એનામાં પોતાને સાચી લાગતી ભાવના માટે ફના થવાની તત્પરતા, છિન્ન વ્યક્તિત્વથી સતત પીડાતો આ બુદ્ધિવાદી પોતાનું મનની શાંતિ શોધવા એ જ્યોતિષી પાસે જાય છે ધ્યાન ધરવા અને ધ્યાન દ્વારા કશુંક મેળવવા એ ફાંફાં મારે છે અને ગુરુમહાત્માઓને શરણે પહોંચી તેમને ભગવાન તરીકે પૂજે છે પણ શાંતિ ક્યાં? જે શાંતિ ભીતરમાંથી નથી જનમતી તે શાંતિ કોઈ મનુષ્ય ભગવાન આપી શકવાનો નથી.

[૨૭ નવેમ્બર, ૧૯૭૮]

મહાયજ્ઞને નામે અપવ્યય

આવતા એપ્રિલ માસમાં દસેક દિવસ માટે એક મહાયજ્ઞ સૂરત શહેરમાં રૂંઢનાથ મહાદેવમાં થવાનો છે એવી જાહેરાત થઈ છે, ઉત્તરપ્રદેશમાંથી આવેલા કોઈ 'ગુરુજી' આ યજ્ઞની વ્યવસ્થા કરવાના છે. યજ્ઞ પાછળ અંદાજે વીસ લાખ રૂપિયા ખર્ચાવાના છે એવી પણ વાતો થાય છે અને આ નાણાં સૂરતમાંથી ઉઘરાવવાની શરૂઆત થઇ ચૂકી છે જાહેરાતમાં એમ પણ કહેવાયું છે કે પાંચહજાર વર્ષ પછી આવો મહાયજ્ઞ થવાનો છે. પાંચહજાર વર્ષનું ગણિત કોણે મૂકયું એ ખબર નથી, કારણ પાંચહજાર વર્ષ પૂર્વે જઈ એ એટલે આપણે પ્રાગૈતિહાસિક (જેનો ઇતિહાસ પણ મળતો નથી એવા) કાળમાં અને હરપ્પા સંસ્કૃતિના (આર્યેતર સંસ્કૃતિના) સમય ઉપર જઈ પહોંચી છીએ. ભોળી પ્રજાને ઠગવાની કેવી આ તરકીબ છે ! બે વર્ષ પહેલાં અમદાવાદમાં થયેલા આવા કોઈ યજ્ઞને અંતે સતયુગનાં મંડાણનાં વચનો અપાયાં હતાં અને યજ્ઞ પૂરો થઈ ગયો છતાં સતયુગ આવ્યો નથી. હવે કહે છે કે એ યજ્ઞમાં થોડીક ચૂક થઈ ગઈ એટલે સતયુગ આવ્યો નહીં અને એથી વધારે મોટો યજ્ઞ બનારસમાં કરવાની તૈયારીઓ ચાલે છે. થોડાંક વર્ષ પહેલાં આ સૂરતમાં લક્ષચંડી યજ્ઞ થઇ ગયો અને એના નફામાંથી 'ઘરડાંઘર' બાંધવાનું હતું. એ યોજના પણ કયાં હવા ખાય છે એની કોઈને ખબર નથી. એ યજ્ઞમાં આવેલાં નાણાંનો હિસાબ પણ હજી સુધી બહાર પડયો નથી, કોઈ ને કોઇ રીતે સમાજ પાસેથી ઉઘરાવેલાં નાણાં થોડાક લોકો ભેગા થઈ ચાંઉ કરી જાય એ એક સામાજિક ગુનો છે અને સમાજે તેનો જવાબ માગવો જોઈએ. હવે વીસ લાખની કિંમતવાળો આ મહાયજ્ઞ આરંભાય છે. આ યજ્ઞને અંતે માનવપ્રજાને અને વિશેષે સૂરતની પ્રજાને શું ફળ મળશે તે હજી જાહેર થયું નથી. પણ આજના વિજ્ઞાનના આ યુગમાં આ અપવ્યય આ ગરીબ દેશને કેમ પોષાશે ? આ યજ્ઞમાં હજારો મણ અનાજ, ઘી અને એવું બીજું દ્રવ્ય હોમાશે અને એનો ધુમાડો થશે. ઘણા ગરીબ માણસોનાં મોંમાંથી ખૂંચવીને આ અનાજનો અને બીજાં દ્રવ્યોનો ધુમાડો થશે અને એનાથી કોઈનું કલ્યાણ નહીં થાય !

આજે પણ આ દેશમાં લાખો માણસોને રહેવાને ઘર નથી, પહેરવાને કપડાં નથી, ખાવાને અન્ન નથી, દવા માટે પૈસા નથી. અનેકાનેક બાળકો ગરીબીમાં,

અનાથાશ્રમાં, નિરાધારીમાં સબડે છે અને એનો હાથ પકડનાર કોઈ નથી. ગરીબ, નિરાધાર, સાધનવિહીન માણસોને માટે કોઈ આશ્રયસ્થાન પણ આ દેશમાં કે શહેરમાં નથી. જુવાન માણસો બેકારીના બખ્ખરમાં હોમાઈને દિવસને અંતે એક કટુ દિન ઓછો થયાનો સંતોષ લે છે. શું આ બધાના ઉદ્ધાર માટે આ સમાજ કોઈ યજ્ઞ ન કરી શકે ? આજે જ્યારે માણસ ચંદ્ર ઉપર પહોંચ્યો છે અને માનવસર્જિત યાનો બ્રહ્માંડનો તાગ લેવાને ઘૂમી રહ્યાં છે ત્યારે અગ્નિમાં ઘી–તેલ–અનાજ હોમવાથી માણસનો ઉદ્ધાર થશે એમ માનવાનું ભોળપણ કોણ કરે ? અને છતાં આપણી પ્રજા ભોળી છે. મંદિરો બાંધવાં, એને શણગારવાં, લોકોને પૈસે બાંધેલાં મંદિરોમાં મઠાધિપતિ બની મહેનત કર્યા વગર મોજમજાહ અને વૈભવ ભોગવવાનું એક સ્થાપિત હિત આજે આ શહેરમાં ઊભું થયું છે. નવાં મંદિરો બાંધવા માટેનાં કે મંદિરના જીર્ણોદ્ધારનાં જેટલાં કામો છેલ્લાં દસ વર્ષમાં હાથ ઉપર લેવાયાં છે એટલાં એ પહેલાંનાં સો વર્ષમાં નહીં લેવાયાં હોય. આ એક નફો આપનારો ધંધો થયો છે એમ ખબર પડતાં જ એમાંથી સ્થાપિત હિતો ઊભાં થયાં છે યજ્ઞની વાતો પણ એમાંથી જ આવી છે. યજ્ઞને નામે, કથાવાર્તાને નામે નાણાં ઊભાં કરવાં અને એમાંથી નફો રળવો. આ બધાંનો ઉપયોગ આજે સ્થાપિત હિતોને માટે જ થાય છે અને હતાશા, નિરાશા અને તણાવ હેઠળ જીવતી પ્રજા તરીકે થોડાક રૂપિયા ખર્ચી પુણ્ય કમાઈ લેવાતું હોય તો પુણ્ય કમાવા અને પરલોક સુધરતો હોય તો પરલોક સુધારવા ઝંપલાવે છે. તેમને ખાતરી છે કે એવા ધૂતારાઓના દેશમાં તેમનો આલોક સુધરવાનો નથી.

વીસ લાખ રૂપિયા એ એક ઘણી મોટી સંપત્તિ છે. પ્રજા પાસે ઉઘરાવેલી એ સંપત્તિ છે. આંતરરાષ્ટ્રીય બાળવર્ષમાં આ શહેરમાં આપણે બાળકો માટે એક સાર્વજનિક ધર્માદા ઈસ્પિતાલ નહીં ઊભી કરી શકીએ; જેમ દલપતરામે કહ્યું છે તેમ : "આદરવી વડી ઔષધશાળા દુઃખ તજે જનજાત બિચારા, લે સુખ બાળક રોગી બિચારો તે ધનના ધણી ધર્મ તમારો." આ આંતરરાષ્ટ્રીય બાળવર્ષમાં ત્યજાયેલાં, માબાપથી વછૂટેલાં, ભાંગેલાં સંસારનો ભોગ બની સ્નેહ અને કૂંકવિહોણાં બનેલાં બાળકોને માટે આપણે એક સરસ અનાથાશ્રમ નહીં ઊભો કરી શકીએ ? બીજું કંઈ નહીં કરી શકીએ તો પણ છે તે તમામ બાળસંસ્થાઓને સારી રીતે નિભાવવામાં મદદરૂપ તો થઈ શકીએ ને !

આ વીસ લાખ રૂપિયામાંથી આ શહેરમાં આપણે 'રૈનબસેરા' ઊભું કરી

શકીએ. ધોધમાર વરસતા વરસાદમાં કે શિયાળાની કડકડતી ઠંડીમાં હેરાનગતિ પામતા માણસોને માટે આ 'રેનબસેરા' જેવું બીજું આશ્રયસ્થાન કયું હોઈ શકે ? વીસ લાખ રૂપિયા ભેગા કરી તેમાંથી ઘણા ભોજન પાછળ અને ધુમાડા પાછળ ખર્ચવા કરતાં તો ઘણાં ઘણાં સમાન્જેપયોગી અને ગરીબોપયોગી કામો પાછળ આપણે એ નાણાંનો સદુપયોગ કરી શકીએ, યજ્ઞની પાછળ ખર્ચાતાં આટલાં બધાં નાણાંનો અપવ્યય એ એક સામાજિક અપવ્યય ગણાવો જોઈએ અને ધર્મની બાબતમાં સરકાર માથું ન મારી શકે તો સમાજના બુદ્ધિશાળી માણસોએ આગળ આવી આવો અપવ્યય થતો અટકાવવો જોઈએ. યજ્ઞયાગાદિ ભલે થાય. પણ તેમાં નાણાંનો અને ગરીબનાં મોંમાંથી ઝૂંટવાયેલા અનાજનો ધુમાડો થાય એ બંધ થવું જ જોઈએ. સમજુ સમાજની આ જવાબદારી છે.

[૩૦ જાન્યુઆરી, ૧૯૭૯]

યજ્ઞની નવી વિભાવના

સત્યશોધકમંડળની પ્રથમ સભા આપણા શહેરમાં બીજી એપ્રિલથી શરૂ થનાર 'રાધા ગોલોક મહાયજ્ઞ'નો વિરોધ કરવાને માટે મળી ગઈ. આ સભામાં યજ્ઞ-કર્મકાંડ આદિનો વિરોધ ઠેઠ પુરાણા કાળથી થતો આવ્યો છે એ પ્રમાણો સહિત બતાવવામાં આવ્યું. હિંદુધર્મની એક વિશિષ્ટતા એ છે કે એ માત્ર આચાર-ક્રિયાકાંડ વગેરેથી ગ્રસ્ત ધર્મ નથી. એ કોઈ એક જડ-મતાગ્રહી (ડોગમા) સિદ્ધાંત નથી. પરંતુ હિંદુધર્મ એ એક જીવન જીવવાની જીવંત પદ્ધતિ છે. એથી જ્યારે જ્યારે જીવનની વિચારસરણીમાં, જીવનનાં મૂલ્યોમાં, અપેક્ષાઓમાં આવશ્યકતાઓમાં ફેરફાર થયો છે ત્યારે ત્યારે તે બધાંને સમાવવા હિંદુધર્મે મોકળાશ આપી છે. એને કારણે જ એનાં દર્શનોમાં મતમતાંતરો છે અને કેટલાંક મતમતાંતરો સામસામા છેડાનાં છે. સાંખ્યના અનીશ્વરવાદી મતથી માંડી કર્મકાંડની મીમાંસા સુધીના મતોનું એક અતિશય મોટું ફલક છે. હિંદુધર્મની બીજી વિશેષતા એ છે કે એના ઉપર જ્યારે જ્યારે જડતાનાં જાળાં બાઝ્યાં છે ત્યારે ત્યારે એનો વિરોધ પણ હિંદુધર્મના દાર્શનિકોએ કર્યો છે અને એની જડતા ખંખેરવાનો પુરુષાર્થ કર્યો છે. માટે જ આર્નોલ્ડ ટોયન્બીએ હિંદુધર્મને 'એક મહાન ઉદારમતવાદી' ધર્મ તરીકે ઓળખાવ્યો છે.

આ ભૂમિકાને પડછે યજ્ઞનો વિચાર કરીએ છીએ ત્યારે યજ્ઞયજ્ઞાદિ જડ કર્મકાંડનો વિરોધ ઠેઠ મુંડક ઉપનિષદમાં અને ત્યાર પછીનાં બીજાં ઘણાં ઉપનિષદોમાં મળે છે. યજ્ઞ કરનારાઓને અને યજ્ઞને જ ધર્મ માની યજ્ઞ દ્વારા જ ઈશ્વર મળે છે એવું માનનારાઓને મુંડક ઉપનિષદમાં અસ્થિર નાવમાં બેઠેલા બાળકબુદ્ધિના કહ્યા છે. યાજ્ઞવલ્કય જેવા ઋષિએ પણ યજ્ઞના કર્મકાંડનો વિરોધ કર્યો છે.

ઉપનિષદોની ચર્ચા કરતાં 'ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન' નામના એમના પુસ્તકમાં ડૉ. રાધાકૃષ્ણને કહ્યું છે: "બ્રાહ્મણ ગ્રંથોમાં જીવનની જ અવસ્થાનો ચિતાર હતો તેમાં આલેખેલો વૈદિક સૂક્તોનો ધર્મ યજ્ઞયાગથી ભરેલો હતો, માણસોને દેવો સાથેનો જે સંબંધ હતો તેની પાછળ લેવડદેવડનો અને નફાતોટાનો જ ખ્યાલ રહેતો હતો કર્મકાંડમાં ડૂબી ગયેલા એ જમાનામાં આત્મજ્ઞાનને ફરી

સાબિત કરવાની જરૂર હતી. કર્મકાંડ નિરર્થક છે અને યજ્ઞો મોક્ષનાં સાધન તરીકે નકામા છે એમ ઉપનિષદોમાં બતાવેલું છે. યજ્ઞો કરીને ઈશ્વરને રીઝવી ન શકાય.''

આપણા ઉપનિષદકારો કહે છે કે જીવન એ જ એક યજ્ઞ છે અને પ્રત્યેક ગૃહસ્થાશ્રમીએ સત્કાર્યો કરી આ યજ્ઞ આચરવાનો છે. આમ આપણે ત્યાં જે યજ્ઞ થવાનો છે તેનાથી કોઈ ધર્મ આચરાવાનો નથી. એ યજ્ઞ દ્વારા સ્થાપિત હિતો જે મોટે ભાગે અગુજરાતી છે તે સૂરતની ભોળી પ્રજાને લૂંટી જવા તત્પર થયેલાં છે. ગુજરાતની પ્રજા આ રીતે વારંવાર લૂંટાઈ છે. આજે ચોગરદમ માણસો બેકારી, ગરીબી અને વિવિધ પ્રકારની ભીંસમાં હોય અને બખ્ખરમાં હોમાતા હોય ત્યારે ગરીબોનાં મોંમાંથી ખેંચી લઈ યજ્ઞમાં ઘી અને બીજાં દ્રવ્યો હોમવાં ગુનાહિત છે. એ આહુતિ દ્વારા ગરીબ પ્રજાની આહુતિ અપાય છે. ઘણા મોટા પાયા ઉપર સામાજિક અપવ્યય કરનારો, જેનો વિરોધ ઠેઠ પ્રાચીન કાળથી આપણા ઋષિ-મુનિઓ કરતા આવ્યા છે, જેનું ધ્યેય કેવળ સ્થાપિત હિતોને પોષવાનું છે, જેને શાસ્ત્રોનો કોઈ આધાર નથી તે યજ્ઞનો પ્રતિકાર કરવાની પ્રત્યેક સમજુ અને વિચારશીલ વ્યક્તિની ફરજ થઈ પડે છે, આજના યુગમાં સાચો યજ્ઞ તો દલિતો-પીડિતો, શોષિતોના ઉદ્ધાર અર્થે પુરુષાર્થ કરવાથી જ થઈ શકે. સાચો યજ્ઞ તો પૂ. મોટાએ કર્યો. લોકો પાસે કરોડો રૂપિયા દાનમાં મળ્યા તેનો ઉપયોગ મોકળે હાથે પ્રજાને માટેનાં સેવાકાર્યોમાં કર્યો. પ્રાથમિક શાળાઓ બાંધી, સાહસને ઉત્તેજન આપ્યું. સંશોધનોને પુરસ્કાર્યાં અને એ રીતે લોકસંગ્રહ માટે સાચો જ્ઞાનયજ્ઞ કર્યો. શ્રી મોટાએ ક્યારેય આવા ક્રિયાકાંડને ઉત્તેજન આપ્યું નથી. ગાંધીજીએ દરિદ્રનારાયણનો આપેલા મંત્રનું મહત્ત્વ જેટલું આજે છે તેટલું ક્યારેય નહોતું. યજ્ઞને નામે કરવામાં આવતો સામાજિક અપવ્યય શું આજનો સમાજ મૂંગે મોંએ બરદાસ્ત કરી બેસી રહેશે?

[૨૭ માર્ચ, ૧૯૭૯]

વ્યક્તિપૂજા અને ધર્મ

ધર્મ એ માનવી માટે હૃદયની શ્રદ્ધાનો વિષય છે. ધર્મને બુદ્ધિના પાયા ઉપર મૂકવાનો પ્રથમ પ્રયત્ન બુદ્ધને હાથે થયો અને છેલ્લો પ્રયત્ન ગાંધીજીને હાથે થયો. બુદ્ધ-ગાંધીના સમયની વચ્ચે ધર્મને વિચારપૂત કરવાના નાનામોટા પ્રયત્નો થતા રહ્યા છે. છેલ્લે છેલ્લે ગાંધીજીને ધર્મની બાબતમાં બુદ્ધિ અને શ્રદ્ધાનો સમન્વય કરી ધર્મને વિચારમય શ્રદ્ધના પાયા ઉપર મૂકયો છતાં ગાંધીજીની આ ફિલસૂફી જનસામાન્ય સુધી પહોંચી એમ તો કહી શકાય એમ નથી.

ભારત આ બાબતમાં ભાતીગળ રંગોવાળો દેશ છે. એક બાજુ કલાકના હજારો માઈલની સ્પીડે જતાં જેટ વિમાનો આ દેશ ઉપર ઊડે છે અને એની ધરતી ઉપર બળદથી અને માનવીના હાથથી ભાર વહેવાની ગાડીઓ પણ ખેંચાય છે. ધર્મની બાબતમાં પણ એક બાજુ ઈશ્વરનો ઇનકાર કરનારા, જીવનને ભોગવિલાસ માની કેવળ ઐહિક વસ્તુઓમાં જ રાચનારા અને પોતાના આવા મંતવ્યને બુદ્ધિચાતુર્યથી સાર્થ કરવા માટેની દલીલબાજીની જળ પાથરનારા માણસોની જમાત છે તો બીજી બાજુ ધર્મને માટે ગાંડી ઘેલછા દાખવી વેવલાપણું કરનારા માણસોની પણ જમાત છે. બન્ને વચ્ચેના વિચારશીલ મધ્યમમાર્ગીઓ નથી એમ નહીં પણ તેમનું પ્રમાણ ઘણું ઓછું છે.

આપણે ત્યાં ધર્મ એ કેવળ વિચારમય ભાવના કે ભક્તિ કે આદર્શ કે આચરણ રૂપે વ્યકત થવાને બદલે સાધુ સંતોમાં કેન્દ્રિત થઈ વ્યક્તિપૂજા રૂપે પ્રદર્શિત થતો રહ્યો છે. માનવીને જ ઈશ્વર માની તેની પાછળ ગાંડા બની તેની જ આરાધના કરનારાઓની સંખ્યા અતિશય મોટી છે. સાધુ કે સંતને એક વિચારશીલ શુદ્ધ વ્યક્તિ પૂરતું જ માન આપવાને બદલે તેને ઈશ્વરરૂપે પૂજનારો વર્ગ મોટો છે. એને પરિણામે જ કહેવાતા સાધુઓ કોઈ રામેશ્વરાનંદ પ્રજાના ભોળપણનો લાભ લઈ પોતાની અનેક પ્રકારની વાસનાઓ અનેકરૂપે સંતોષતા હોય છે. બીજી બાજુ કયારેક આચાર્ય રજનીશ જેવા ધર્મોપદેશને બદલે કે આધ્યાત્મિક મૂલ્યોના ઉત્કર્ષની જ કેવળ વાતો કરવાને બદલે પ્રત્યાઘાતી રાજકારણી વિચારોગાં રાચે છે. પ્રજા મુગ્ધ હોવાને કારણે આ બધું સાંભળી રહે છે, ચલાવી

લે છે. આજે જ્યારે વિજ્ઞાન એની સર્વોચ્ચ સિદ્ધિ તરફ વળ્યું છે ત્યારે પણ આપણે કયાંકથી અમૃત પડયાની, ભસ્મ પડયાની, કયાંક આ કે તે ચમત્કાર થયાની વાતો સાંભળીએ છીએ. પણ કોઈ પૂછવાને થોભતું નથી કે આ દેશમાં હજારોને ખાવાનું નથી મળતું તો કોઈ સંત તેમને માટે અનાજ કેમ વર્ષાવતા નથી. ભૂખ-દુઃખથી પીડાતાઓ-બાતાનાં દુ.ખો કેમ દૂર કરતા નથી ? આ ચમત્કારની વાતોમાં ઘણાં ભણેલાં અને જેને વિચારવંત ગણીએ એવાં માણસો પણ ભળે છે, ત્યારે આપણને આશ્ચર્ય થાય છે આથી ધર્મ એનાં શુદ્ધ તાત્ત્વિક રૂપમાં અથવા શુદ્ધ ભકિત કે આચરણરૂપમાં વ્યકત થવાને બદલે વધારે ને વધારે વ્યકિતનિષ્ઠ -ઈશ્વરનિષ્ઠ નહિ-બનતો જાય છે.

આ સંદર્ભમાં અમને ઘણાએ લક્ષચંડી મહાયજ્ઞની ઉચિતતા વિશે પૂછ્યું છે. શિહોર પાસે હમણાં જ ૧૧ દિવસનો લક્ષચંડી મહાયજ્ઞ થઈ ગયો. ૧૫૧ યજ્ઞકુંડો પર યજમાન તરીકે ૧૫૧ દંપતી બેસતાં હતાં. રોજનાં મણબંધ તલ, ચોખા, જવસાકર, ગૂગળ, ઘી વિગેરે હોમાયાં. યજ્ઞ માટે આવેલા આઠેક હજાર બ્રાહ્મણોને લોટા, પ્યાલા, આચમની, પંચતંત્ર, તરભાણાં, ધોતિયાં, ને બીજાં વસ્ત્રો અપાયાં, છેલ્લે દિવસે મધુપર્ક તરીકે કુલ રૂ. ૩ લાખ ૮૫ હજારની દક્ષિણા વહેંચાઈ. ૧૫૧ કુંડો પર બેઠેલાં યજમાનયુગલો પાસેથી લગભગ દોઢથી બે લાખ રૂપિયાની આવકની ગણતરી હતી. ઉપરાંત રોજના સરેરાશ પોણો લાખ દર્શનાર્થીઓ પાસેથી દાન તરીકે ઓછામાં ઓછા પોણો લાખ રૂપિયાની આવક અંદાજતાં આઠ લાખ રૂપિયાની આવક થશે. આ ઉપરાંત ભોજનાદિનો ખર્ચ થયો હશે તે જુદો. કહેવાય છે કે કુલ પચાસ લાખ રૂપિયાનો ખર્ચ આ યજ્ઞ પાછળ થયો છે. હવે એમ પણ સંભળાય છે કે યજ્ઞમાં માલસામાન આપનારાઓમાં બિલોની વસૂલાત અંગે ચિંતા પેઠી છે. આ યજ્ઞના પ્રયોજક લક્ષ્મણ ચૈતન્ય બ્રહ્મચારીજી હતા એમણે એમ પણ જણાવ્યું "આ લક્ષચંડી યજ્ઞનો પ્રારંભ થતાં જ વિયેતનામ પર અમેરિકાએ બૉંબમારો બંધ કર્યો.' પણ રાજસ્થાન-કચ્છનો દુકાળ સુકાળ થયો નહીં.

આપણે ત્યાં ધર્મકાર્ય પૈસા વિના થતું નથી, આવા યજ્ઞની પાછળ લાખ્ખો રૂપિયા વેડફાય, લાખ્ખો મણ અનાજ અને બીજી સામગ્રી વેડફાય એ તો આ દેશને જ પાલવે અથવા આ દેશમાં જ ચાલી શકે. અહીં ધર્મને બહુ આળી વસ્તુ બનાવી દીધી છે. ધર્મને નામે કશું ખોટું થઈ રહ્યું હોય તો તેમાં જનણે કશું

બોલાય જ નહિ, કોઈને કશું કહેવાય જ નહિ અને લગભગ ઘણું બોટું ધર્મને નામે જ થાય છે પછી તે કોઈ હરિજનને રંજાડવાની બાબતમાં હોય, કોઈ માનવીનો બલિ આપવાની બાબતમાં હોય કે આવા યજ્ઞને નામે નાણાં વેડફવાની બાબતમાં હોય. આ આળાપણું એટલું તો તીવ્ર છે કે દેશ-રાજ્યની ધુરા ઉપાડનારા મોટા મોટા રાજકીય નેતાઓ પણ આવી ધર્મપ્રવૃત્તિનિમિત્તે એકઠી થતી જનમેદનીમાં હાજરી આપે છે અને વ્યાખ્યાનો પણ આપે છે. આમ તો આપણો દેશ અને રાજ્ય બિન-સાંપ્રદાયિક કહેવાય છે છતાં આપણા પ્રધાનોને હાથે જ પર્યુષણમાં પારણાં કરાવાય છે કે તેમની હાજરીમાં દીક્ષા પણ અપાય છે. તેની છબીઓ અચૂક વર્તમાનપત્રોમાં પ્રગટ પણ થાય છે. આધ્યાત્મિક સિદ્ધિ અને ભૌતિક પ્રસિદ્ધિ એમ બન્ને પ્રાપ્ત કરવાની તેમાં વાંચ્છા છે. વળી આવા યજ્ઞયાગાદિમાં કાળાં નાણાંની જોગવાઈ કરવાનું પણ ઘણું સહેલું થઈ પડે છે અને ઈન્કમટૅક્સ અધિકારીઓના હાથ પણ ત્યાં પહોંચતા નથી.

ધર્મની આ પ્રવૃત્તિ પાછળ માણસની પોતાની કશી પણ મહેનત વિના તપ કે તિતિક્ષા વિના શ્રેય પ્રાપ્ત કરવાની ઇચ્છા રહેલી છે. વ્યક્તિ જેમ બજારમાં શાક લેતી વખતે શાકવાળાને પોતાને તોલમાં મળેલા શાક ઉપરાંત એકાદ બે ભીંડા કે ભાજી કે મરચાં નાખી આપવાને કરગરે અને ભિખારીવૃત્તિનું પ્રદર્શન કરે તેમ ધર્મની બાબતમાં પણ કોઈનો હાથ માથે મુકાય, કોઈ ચમત્કાર કરે અને આપણે કલ્યાણ, –આપણા કશા પણ પ્રયત્ન વિના અથવા થોડાક ગમે તે રીતે મેળવેલા પૈસા ખર્ચીને –મેળવીએ એવી ઇચ્છા રહેલી હોય છે અને એમાં પણ આવી જ ભિખારીવૃત્તિનું પ્રદર્શન રહેલું છે. સાચો ધર્મ તો અંતે પ્રત્યક્ષ માનવીઓનાં દુઃખો દૂર કરવામાં, તેમના પ્રત્યે કરુણા દર્શાવવામાં જ–એ અનુકંપામાં જ સાચો ધર્મ છે. આવા યજ્ઞ અને તેમાં અપાતા બલિથી ત્રાસીને જ બુદ્ધે માનવ–અનુકંપાનો ધર્મ પ્રબોધ્યો. ધર્મ માનવીનું બળ અને નિર્બળતા બન્ને છે.

[૨૬ નવેમ્બર, ૧૯૬૮]

હિંદુધર્મની વિડંબનાનો ઉત્સવ

ગણેશ–ઉત્સવને નામે આપણે ત્યાં આપણા સમાજમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી શરૂ કરવામાં આવેલો બ્લેર ત્રાસ આ વર્ષે આજે હવે વિરમી ગયો છે. આ ત્રાસ ઉત્તરોત્તર વધતો જ જાય છે. કંઈક રાજકીય કારણોસર અને કંઈક હિંદુઓને સંગઠિત કરવા માટે ૧૯૧૩–'૧૪ના અરસામાં લોકમાન્ય ટિળકે શરૂ કરેલા આ ઉત્સવની ઉજવણી ગુજરાતમાં અને તેમાં ખાસ કરીને સૂરતમાં તો અત્યંત વકરી છે અને એ ઉત્સવ ધાર્મિક ઉત્સવ રહેવાને બદલે વિકૃતિનો ઉત્સવ બન્યો છે. સમાજનાં વિવિધ અંગોમાં છુપાઈને પડેલી વિવિધ પ્રકારની વિકૃતિ ઉત્સવનિમિત્તે પ્રગટ થતી હોવાથી અને સામૂહિક ઉદ્દંડતાથી પ્રગટ થતી હોવાથી અને વળી ધર્મનો અંચળો ધારણ કરીને પ્રગટ થતી હોવાથી અત્યંત નફ્ફટાઈથી પ્રદર્શિત થાય છે.

ગણેશની મૂર્તિઓનાં વિવિધ કુળજ રૂપો, ગણેશની મૂર્તિની સાક્ષીએ પીવાતો દારૂ, રમાતો જુગાર, એમના સ્થાપનાસ્થળે થતાં ડિસ્કો નૃત્યોનાં ટીખળો, લાઉડ–સ્પીકરો ઉપરથી ભેંકારાતાં ઘરકી ગીતો, વળી શ્રી ગણેશજીની જ સાક્ષીએ બોલાતી બીભત્સ ગાળો, જેમને ધર્મ સાથે કે શ્રીગણેશ સાથે કોઈ સ્નાનસૂતકને પણ સંબંધ નથી એવા માણસોએ કેવળ પૈસા ભેગા કરી હડપ કરી જવાને માટે જ ગણેશનું કરેલું નિમિત્ત વગેરે કારણે હિંદુ ધર્મની જે મોટી વિડંબના થઈ રહી છે અને અન્ય ધર્મીઓ માટે હિંદુ ધર્મ ઉપહસનીય બની રહ્યો છે એ કેમ કોઈ હિંદુધર્મના ગુરુઓ નહીં સમજતા હોય ? આ વિકૃતિ કેવળ દક્ષિણ ગુજરાતમાં જ કેમ આટલા મોટા પાયા ઉપર વકરે છે ? થોડાક મુઠ્ઠીભર માણસો ઉત્સવને નામે બ્લેર ત્રાસ ફેલાવી આખા સમાજની શાંતિને બાનમાં પકડી રાખે છે એની સામે કોઈ સરકારી, કોઈ પ્રજાકીય ઉપાય નહીં હોય ? પ્રજાએ આમ લાચાર બનીને 'ગુજરે જે શિરે તારે'ના ન્યાયે સહન જ કરી લેવાનું ? આટઆટલાં વર્ષોની ગાંધીપ્રેરિત તાલીમે આપણા સમાજનું આ વ્યક્તિત્વ અને આટલું જ ખમીર પેદા કર્યું ? ગણેશોત્સવને નામે જે આજે ચાલી રહ્યું છે એમાં ધર્મનું અપમાન છે. સમાજને વેઠવો પડતો ત્રાસ છે અને આખા સમાજની નાનમ છે અને એમાં જ હિંદુધર્મની અને ધર્મગુરુઓની અને હિંદુસમાજની પંગુતા પણ છે.

કોઈકે સવાલ પૂછ્યો કે સત્યશોધકમંડળ જેવું મંડળ આવી બાબતમાં કેમ કરતું નથી? સવાલ પેચિદો છે. સત્યશોધકમંડળ ધર્મવિરોધી હોઈ ન શકે. એનો હેતુ શુદ્ધ ધર્મ, બુદ્ધિપૂત ધર્મ અને હેતુવાદીની દૃષ્ટિથી સમર્થિત કરી શકાતા ધર્મનો પુરસ્કાર કરવાનો છે એમ અમે સમજીએ છીએ. સત્યશોધક–મંડળને નાસ્તિકવાદી કહેવાથી એના હેતુનો વિપર્યાસ થાય છે. ઘણાના મનમાં સત્યશોધકમંડળ એટલે નાસ્તિકોનું મંડળ એવો એક ભ્રમ છે અને એનું એક કારણ એ પણ છે કે સત્યશોધકમંડળે આજ સુધી પોતાના હેતુઓનું સ્પષ્ટીકરણ કર્યું નથી. અત્યાર સુધી એ હજી ઢબૂરાયેલું જ રહ્યું છે. પણ સત્યશોધકમંડળ આવા વિકૃતિના ઉત્સવોને રોકવા જરૂર પ્રયત્નશીલ થઈ શકે. ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં આ જ શહેરમાં દુર્ગારામ મહેતાજીએ એવો જ પ્રચંડ પુરુષાર્થ 'માનવધર્મસભા' સ્થાપીને વિચારોના પ્રસાર દ્વારા કરેલો. જે ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં સૂરતમાં એક વ્યક્તિએ કર્યું એ વીસમી સદીના છેલ્લા દાયકાઓમાં એક મંડળ ન કરી શકે એમ તો કેમ મનાય? પણ આજનો માનવી પોતાની જ જંજાળમાં એટલો ગળાડૂબ છે કે એને સમાજનો વિચાર કરવાનો અવકાશ જ ક્યાંથી હોય? દુર્ગારામ હતા તો પ્રાથમિક શાળાના શિક્ષક, પણ એમણે શનિ–રવિનો ઉપયોગ આ 'માનવધર્મસભા' માટે અને તે દ્વારા સાચા ધર્મના પ્રચાર માટે જ કર્યો. એમની પ્રગટ થયેલી 'ડાયરી' આ બાબતમાં બહુ ઉપયોગી માહિતી આપી જાય છે. આજના કોઈ અધ્યાપકને તો શું પણ શાળાના શિક્ષકને એમના જે હોય તે અન્ય વ્યવસાયમાં દુર્ગારામને હતી તેટલી ફુરસદ ન હોવાની વાત કોણ કબૂલે?

આજના આપણા સમાજમાં દુર્ગારામ કે નર્મદ નથી અને છતાં એમના જમાનાના વહેમો જૂને અને નવે રૂપે જીવે છે, હજી ગયા ઑગસ્ટની ૧૬મી તારીખે જ ઉત્તરપ્રદેશના એક ગામમાં એક સ્ત્રી પોતાના પતિની પાછળ–પોલીસોની હાજરીમાં અને ગામલોકોના જયનાદની ઘોષણા વચ્ચે- 'સતી' થઈ અને હજી સૂરતમાં પણ વશરામ ભૂવા જૂજવે રૂપે ફરે છે. હજી ગણપતિના યાંત્રિક હાથે એથી પાંચ રૂપિયા ખર્ચી લાડવાનો પ્રસાદ લેવા પડાપડી થાય છે અને એ પ્રસાદ આંખે અડાડી કલ્યાણ થયાનું માનનારા છે. દુર્ગારામના જમાનામાં તો સ્નાતકોની લંગાર નહોતી, આજે તો મહાશાળાઓમાં શિક્ષણ લઈને પ્રગટ થતી લંગારની જમાત વચ્ચે જ આ બધું ચાલે છે.

વળી આ કામ તો 'પરથમ પહેલું મસ્તક મૂકી' જાતને હોડમાં મૂકીને

કરવું પડે એવું છે. દુર્ગારામ અને નર્મદે જાતને હોડમાં મૂકેલી. આજે સમાજ-સુધારા ખાતર જાતને હોડમાં મૂકવા તૈયાર જ કોણ છે?

આ બધું રોકવાનું કામ સહેલું નથી એ કબૂલીએ છતાં જે દુર્ગારામે 'માનવધર્મસભા' દ્વારા કર્યું તે એક 'મિશનરી'ના ઉદ્યમ અને ખંતથી કર્યું. આજે આપણે ત્યાં તમામ ક્ષેત્રે આવા ઉદ્યમ અને આવી ખંતનો જ અભાવ છે. આપણી અનેકવિધ પ્રવૃત્તિઓ. આપણી આ આકાંક્ષાઓ, અંગત અરમાનો અને ઉમેદોની વચ્ચે એ મિશનરી ઉદ્યમ અને ખંત ગાયબ થઈ ગયાં છે. આજે એ બધાનો ખેસ રાજકારણીઓ પોતાને ખભે નાખીને ફરે છે. પણ એ ખેસનો ઉપયોગ પણ પોતપોતાની સગવડ પ્રમાણે જ થાય છે. જો સમાજને બને તેટલો બુદ્ધિપૂત બનાવવો હોય તો વિવિધ કક્ષાએ પુરુષાર્થ કરવા પડશે એમાં શિક્ષણસંસ્થાઓએ અગ્રણી ભાગ ભજવવો પડશે. ધર્મને નામે થતા જાહેર ત્રાસો અટકાવવા રાજકીય સત્તા અને સમાજકક્ષાએ ધર્મને નામે થતાં ધતિંગો અટકાવવાં હિંમતપૂર્વકની પ્રચારપ્રવૃત્તિ પણ આરંભવી જોઈએ. એક બાજુ મઠો-મઠાધિપતિઓ, મંદિરો અને તેનાં સ્થાપિત હિતો, એ બધાની સામે ધર્મનું સાચું, શુદ્ધ અને ધતિંગોથી પર એવું સ્વરૂપ પ્રચલિત કરે એવાં મંડળો અને તેમના પુરુષાર્થ. બાકી હિંદુધર્મની સાથે છૂટછાટ લઈ એનાં દેવદેવીઓની જે વિડંબના હિંદુધર્મીઓએ પોતે જ કરી છે એવી વિડંબના કોઈ પણ ધર્મે પોતાની કરી નથી. અન્ય ધર્મોમાં સ્થાપિત નિયમો અને આચારોથી ઊફરાટા ફંટાવાની કોઈની મગદૂર નથી. એ જેમ એની મર્યાદા છે તેમ એની ઢાલ પણ છે. હિંદુ ધર્મે પોતાની વિડંબના સામે આવી ઢાલ ઊભી કરવી પડશે.

[૨૨ સપ્ટેમ્બર, ૧૯૮૧]

ધર્મ, ઉત્સવ અને ઔચિત્યભાન

ગુજરાત નવરાત્રીઉત્સવ ઊજવી રહ્યું છે. આપણા ઉત્સવોમાં ધીરે ધીરે એક પ્રકારની વિકૃતિ પ્રવેશતી જાય છે અને એ વિકૃતિને કારણે આપણા હાથે જ આપણા ધર્મની વિડંબના થાય છે. નવરાત્રી મોટે ભાગે શક્તિનો ઉત્સવ છે અને શક્તિની થોડીક બીક હોવાથી નવરાત્રીના ઉત્સવમાં ઝાઝી વિકૃતિ ઘૂસી નથી. ઉત્સવ એટલે ઉત્કટ આનંદ તરફ લઈ જાય તે પણ હવે આપણા ઉત્સવોની ઊજવણી ઊંચો આનંદ આપે એવી રહી નથી. નવરાત્રીના ઉત્સવો પણ હવે વિડંબનાની સીમા ઉપર આવીને ઊભા રહ્યા છે. ગબ્બરો ફૂટ–ઇંચની ઊંચાઈથી મપાવા લાગ્યા છે અને માતાનાં મંદિરોમાં પણ વિવિધ દશ્યોને નામે ભપકાઓ યોજાતા થયા છે અને એમાંથી બચવું રહ્યું.

નવરાત્રી શક્તિપૂજનો ઉત્સવ છે. શક્તિના બિહામણા–વિકરાળ સ્વરૂપથી માંડી સૌમ્ય–માતૃભાવ સુધીનાં સ્વરૂપો આરાધાયાં છે. ગુજરાતે શક્તિપૂજનમાં શક્તિનું સૌમ્ય-સ્વરૂપને આરાધ્યું છે. આપણે કાલીની નહીં પણ દુર્ગાની પૂજા કરીએ છીએ. આપણે પશુનો ભોગ આપતા નથી. આપણી આરાધના દેવીના શાંતિકરુણાભર્યા જગદંબા, સર્વે ભૂતોમાં રહેલી શક્તિ, માયા ક્ષમાદાત્રી તરીકેના સ્વરૂપની શક્તિની છે અને તેથી જ નવરાત્રીઉત્સવોમાં ગુજરાત જુદું તરી આવે છે.

આમ પણ નવરાત્રી શરદઋતુનો ઉત્સવ છે. નવાં ધનધાન્યથી હીંચોળા લેતાં અને લચતાં ખેતરોથી ઉત્સાહિત બનેલાં નરનારીઓ ઘેલાં બની આ ઉત્સવ ઊજવતાં હોય છે. આ ઉત્સવને અંતે શિરમોર જેવો દશેરાનો ઉત્સવ આવે છે. પરંપરા પ્રમાણે દશેરાને દિવસે લોકો વાહનોની અને યંત્રોની પૂજા કરે, સમીપૂજન કરે, એકબીજા અભિવાદન કરી શુભેચ્છાઓ પાઠવી નવરાત્રીના ઉત્સવનું સમાપન કરે. જૂના જમાનામાં દશેરાને દિવસે આયુધોની પૂજા થતી, આયુધોની હરીફાઈ થતી, રથસ્પર્ધા જેવી રમતો પણ યોજાતી અને પ્રજા પોતપોતાની શક્તિઓ વ્યક્ત કરતી.

છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતનાં ઘણાં શહેરોમાં નવરાત્રીના દિવસોમાં

રામલીલા ભજવાય છે. ગુજરાતમાં રામલીલા કયારેય નવરાત્રી સાથે સંકળાયેલો પ્રકાર નથી, નવરાત્રીને રામલીલા સાથે સંબંધ પણ નથી. રામલીલા ભજવનારા મોટે ભાગે ઉત્તર હિંદનાં શહેરોમાંથી આવે છે. રામલીલા ગુજરાતનો નાટ્ય-પ્રકાર નથી. રામલીલાની ભજવણી પણ અવધિ કે વ્રજભાષામાં થતી હોય છે અને ગુજરાતની પ્રજા ભાષા ન સમજે તોપણ ઊલટથી એમાં ભાગ લે છે. રામલીલાને અંતે દશેરાને દિવસે રાવણદહનનો કાર્યક્રમ યોજાય છે અને એમાં રાવણના પૂતળાને બાળવામાં આવે છે.

રાવણદહન એ એક રીતે હિંસાના પ્રતીકરૂપ કાર્યક્રમ છે આપણે કોઈના મૃત્યુની-બરાબ તત્ત્વના મૃત્યુની પણ-ઊજવણી કરતા નથી. કોઈનું પૂતળું બાળવું એ એક વિકૃત અભિચાર છે રાવણના પૂતળાના દહન ઉપરથી કોઈ વિરોધીના પૂતળાના દહન તરફ કોઈ પ્રેરાય તો નવાઈ નહિ આ વિકૃતિ આપણે ત્યાં હમણાં હમણાં રાજકીય ક્ષેત્રે ઘણી ફેલાઈ રહી છે.

પણ 'રાવણ' રામાયણમાં સંપૂર્ણ પાપના પ્રતીક તરીકે ચીતરાયો જ નથી. રાવણ એક મોટો શાસ્ત્રવેત્તા હતો, નવે ગ્રહોને એણે પોતાની શક્તિથી આરાધ્યા હતા. અદ્‌ભુત શારીરિક શક્તિ એનામાં હતી. ખુદ રામ વિભીષણને રાવણના અંત્યેષ્ટિસંસ્કાર માટે આગ્રહ કરતાં કહે છે: "મૃત્યુ પછી બધી દુશ્મનાવટ પૂરી થઈ જાય છે. આપણો હેતુ પૂર્ણ થયો છે. હવે અંત્યેષ્ટિ તું કર. મારે મન તો એ (રાવણ) તારા જેવો જ છે." રાવણ કુંભકર્ણને પણ કહે છે "મેં મારા અવિવેકથી મોટો દોષ કર્યો છે." પોતાના દોષનો સ્વીકાર કરવા જેટલો રાવણ ઉદાર છે. સીતાને રાવણ કહે છે: "બે મહિના પછી તું મને રીતસર પતિ તરીકે નહિ સ્વીકારે તો તારા કટકા કરાવી તને નાસ્તામાં ખાઈશ." અહીં પણ બળજબરીથી સંભોગની વાત નથી, કાપીને ખાઈ જવાની વાત છે. રાવણ સીતા ઉપર શારીરિક અત્યાચાર કરી બળાત્કાર નથી કરતો એ પણ રાવણનું જમાપાસું છે.

આમ આ દૃષ્ટિએ વિચારીએ તો પણ રાવણદહનનો કાર્યક્રમ સર્વથા અનુચિત અને હિંસક છે. ગુજરાતના નાગરિકને જૂના વખતમાં વિવેકબૃહસ્પતિ તરીકે વર્ણવાયો છે અને તેથી ગુજરાત એના ઉત્સવોમાં સૌમ્યતા જાળવે એ અતિશય જરૂરી છે. ગુજરાતની તળપદી સંસ્કૃતિ અને પરંપરા તો હમેશાં સૌમ્ય

અને અહિંસક રહી છે. આજે એને ઘણાં પરાયાં તત્ત્વો સામે ટક્કર ઝીલવાની છે. ગુજરાત અને એની સંસ્કૃતિ એનું નિજીપણું જાળવી રાખે એમાં જ એની શોભા છે. ગુજરાતમાં ગુજરાતી સંસ્કૃતિ જ જો 'આઉટ-સાઈડર' બની જશે તો આખું ગુજરાત જ ખોવાઈ જશે.

[૧૪ ઑક્ટોબર, ૧૯૮૦]

ઉત્સવોમાં વિકૃતિ

દીવાળીના ઉત્સવની સાથે ફટાકડાઓ કયારથી સંકળાયા છે એ સંશોધનનો વિષય છે છતાં દર દીવાળી-ઉત્સવ વખતે ફટાકડાથી જાનમાલની તારાજી તો થાય જ છે પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી આ જાનમાલની થતી તારાજીનું પ્રમાણ અનેકગણું વધી ગયું છે. વડોદરામાં ફટાકડાથી લાગેલી આગમાં થયેલી જાનહાનિનું વર્તમાનપત્રોમાં વર્ણન વાંચી અરેરાટી તો થાય છે પણ જેમણે આ આગ નજરોનજર જોઈ છે તેમની પાસે જ્યારે આગ અંગેની અને તેમાં સપડાયેલા માણસોની વાત સાંભળી તો કોઈ પણ કઠણ માણસનાં રુંવાટાં ઊભાં થઈ જાય એવી એ આગની કથની છે અને આપણી પ્રજાકીય લાક્ષણિકતા પ્રમાણે તો આગની આ વાત થોડાક દિવસ ચાલી આગની માફક ઠરી જશે. એમાંથી કોઈ બોધપાઠ ન તો પ્રજા શીખશે કે ન કોઈ લાગતાવળગતા સત્તાવાળા શીખશે.

ફટાકડા આનંદ અને ઉલ્લાસના સાધન કરતાં પ્રજાને રંજાડવાનું સાધન બની ગયું છે. નાનાં બાળકોના આનંદ માટેનું સાધન એ હવે રહ્યું નથી પણ મોટા માણસો અને મવાલીઓના હાથમાં રસ્તે ચાલતાની હેરાનગતિ કરવાનું એ એ સાધન બન્યું છે. વળી અવનવા પ્રકારના ફટાકડાના ઉત્પાદનથી આવી હેરાનગતિ ઓર વધતી ચાલી છે. જાતજાતની હવાઈઓ અને બાણો સળગાવીને સીધે ઊંચે ફેંકવાને બદલે જે કોઈ આડાઅવળા રસ્તે ચાલતા માણસો તરફ ફેંકે, રસ્તે જતી બહેનો તરફ ફેંકે અને પછી તેનાથી થતા ગભરાટને જોઈ હસી આનંદ માણે તો તેને શું કહેવું? રસ્તે જતાં વાહનો ઉપર ફટાકડા સળગાવી ફેંકવાના આનંદને કેવો આનંદ કહેવો? આવું થતું અમે નજરે જોયું છે. અમુક પ્રકારના મોટા અવાજવાળા (એટમબોમ્બ) ફટાકડા ફોડવાની બંધી છે છતાં લોકો ગમે ત્યાંથી લાવી વિના રોકટોક એવા ફટાકા ફોડે છે. વળી ફટાકાની લાંબી લૂમો એક સાથે પંદર વીસની અને કયારેક તો એથી પણ અનેકગણી સંખ્યામાં બાંધી ફોડી ઘણા લાંબા વખત સુધી થતા મોટા ધડાકાના અવાજની રમઝટ પણ લોકો માણે છે અને તેમાં આજુબાજુ રહેતા માંદા માણસો, હૃદયરોગવાળા માણસો-વૃદ્ધો અને નાનાં બાળકોને આવા ધડાકાથી થતા ત્રાસનો વિચાર કરવા કોઈ થોભતું નથી. પંદરવીસ મિનિટમાં થતા પૈસાના ધુમાડાની વાત તો અમે કરતા જ

નથી. મધ્યમવર્ગના માનવીઓ કરતાં જેમના હાથમાં "સરળ પૈસો" આવી ગયો છે તેવા માણસોને ફટાકડા દ્વારા ત્રાસ પહોંચાડવાની ઘણી ગમ્મત પડે છે. હવેના સમાજમાં ફટાકડા એક સામાજિક અનિષ્ટ કે ન્યૂસન્સ બની ગયું છે. એનો કોઈ ઉપાય ખરો? આપણા ઉત્સવો-પર્વો તે ગણપતિના હોય, હોળીના હોય, નવરાત્રીના હોય કે દીવાળીના હોય પણ એ ઉત્સવો લાઉડસ્પીકરના અવાજે, ફટાકડાના અવાજે વગેરેથી ઉપદ્રવી બની ગયા છે.

[૨૧ નવેમ્બર, ૧૯૭૨]

આળી ધર્મભાવના

[ધર્મનિરપેક્ષતા અને ધાર્મિક સહિષ્ણુતાને નામે સ્વતંત્ર ભારતમાં સંકુચિત સંપ્રદાયવાદ અને ઐતિહાસિક સત્ય પરત્વે ધર્મના નામે અસહિષ્ણુતા વકરી છે. રાજ્યતંત્ર નાનાં જૂથોના દબાણને વશ થઈ ઇતિહાસની અને ભાષાસંસ્કૃતિની કેવી વિડંબના કરતું થઈ જાય છે, તે પરત્વે અહીં વેધક ટીકા થઈ છે. સરકાર આ પાઠ અંગે કંઈ પણ નિર્ણય લે તે પહેલાં આ લેખમાં જાગ્રત થવા ચેતવણી અપાઈ છે. આ લેખ પ્રગટ થઈ ગયા પછી સરકારે આ પાઠ પાઠ્યપુસ્તકમાંથી નાબૂદ કરવાનો નિર્ણય લીધો અને પછી જ લોક જાગ્યા. પણ આ લેખની ચેતવણી તો ઘણા સમય પહેલાં ઉચ્ચારાઈ છે. — **સં**.]

ઉચ્ચતર માધ્યમિક વિભાગના આગયારમા ધોરણના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકમાં 'વીરનર્મદ'માંનો થોડોક ભાગ નિયત થયો છે. જોગાનુજોગે 'વીરનર્મદ' ના પ્રારંભનાં પ્રકરણોમાંથી આ ભાગ લેવાયો છે. 'વીરનર્મદ' નર્મદની જન્મશતાબ્દીના વર્ષમાં ૧૯૩૩માં પ્રગટ થયેલું અને વિશ્વનાથ ભટ્ટે લખેલું નર્મદનું જીવનચરિત્ર છે એના પ્રારંભનાં પ્રકરણોમાં નર્મદના જમાનાનું ચિત્ર છે. નર્મદના સમયમાં વૈષ્ણવસંપ્રદાયમાં જે વિકૃતિઓ આવી ગયેલી છે અને જેની સામે નર્મદે જેહાદ ઉપાડેલી તેનું કૌતુકરાગી શૈલીમાં વિશ્વનાથ ભટ્ટે ચિત્ર દોરેલું છે. નર્મદના જમાનામાં વૈષ્ણવસંપ્રદાય એના વિકૃતતમ સ્વરૂપમાં પ્રગટ થઈ ચૂકયો હતો. એનું ચિત્ર દોરતાં વિશ્વનાથ ભટ્ટ લખે છે :

'દેશની તત્કાલીન પરિસ્થિતિ જેવી છે ? જુઓ આ એક બાજુ વૈષ્ણવ-મન્દિરમાં આચાર્યજી મહારાજ સ્વયં કૃષ્ણ ભગવાન બનીને પારણામાં ઝૂલી રહ્યા છે ને ભાવિક સ્ત્રીઓ તેમને હીંચોળી રહી છે. શરદપૂર્ણિમાને દિવસે તેઓ પોતે કૃષ્ણનું રૂપ ધારણ કરી જોબનવંતી સ્ત્રીઓ સાથે રાસલીલા ખેલી રહ્યા છે, જરકસી જામો ને મોરમુગટ પહેરી વેણુનાદ કરી મુંબઈનગરીની નારીઓને વિહ્વલ બનાવી રહ્યા છે ને દીવાળીના દિવસોમાં પ્રભુને સ્થાને પોતે જ પોતાના પુત્રપરિવારસહિત સિંહાસને બિરાજી અન્નકૂટની સ્વાદિષ્ટ વાનગીઓ જુવાન ભાટિયણોને હાથે આરોગી રહ્યા છે.' (વીર નર્મદ : પૃ. ૪૦)

વિશ્વનાથ ભટ્ટે 'આર્યપ્રકાશ' નામના ગ્રંથમાંથી લીધેલા આ અવતરણ દ્વારા નર્મદના જમાનાનું ચિત્ર આપ્યું છે. નર્મદે વૈષ્ણવસંપ્રદાયને નામે ચાલતાં પાખંડો સામે જુદ્ધ આરંભેલું. એમાંથી જ સુપ્રસિદ્ધ 'મહારાજ લાયેબલ કેસ'નો ઉદય થયેલો અને એમાં નર્મદની નૈતિક જીત પણ થયેલી. આ બધી ઐતિહાસિક હકીકતો છે આજ સુધી એનો કોઈએ પ્રતિકાર કર્યો નથી. વળી 'વીર નર્મદ' અથવા તો એમાંનાં ઉપર જણાવ્યાં તે પ્રકરણો આજ સુધીનાં પચાસ વર્ષ દરમિયાન પાઠયપુસ્તકરૂપે અથવા શાળા-કૉલેજોનાં પાઠયપુસ્તકોમાં પાઠરૂપે નિયત થતાં આવ્યાં છે.

વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલા અહેવાલો મુજબ ગુજરાતના વૈષ્ણવસમાજે અગિયારમા ધોરણના ગુજરાતીનાં પાઠયપુસ્તકોમાં નિયત થયેલા 'વીર નર્મદ'ના આ ભાગ સામે વાંધો ઉઠાવ્યો છે. વૈષ્ણવોની નાલેશી થતી હોવાની દલીલ આગળ કરી આ ભાગ રદ કરવાની માગણી થઈ છે. અગાઉ મહારાષ્ટ્ર સરકારે અને પછી મુંબઈ યુનિવર્સિટીએ પણ 'વીર નર્મદ'ના આ ભાગને નિયત થયેલાં પાઠયપુસ્તકોમાંથી રદ કર્યો હતો તે બહાનું હવે ગુજરાતમાં આગળ કરાય છે. ગુજરાતમાં એક કાળે એસ. એસ. સી.માં પાઠયપુસ્તકમાં રામનારાયણ પાઠકની વાર્તા 'ખેમી' સામે વાંધો ઉઠાવાયા પછી વારંવાર આવા વાંધાવચકા ઉઠાવાયા કરે છે. હરિજનકોમમાં પણ ઉદાત્ત ચારિત્ર્ય, નૈતિક હિંમત અને પ્રણય-નિષ્ઠાથી શોભતી ખેમીના પાત્રને વીસરી જઈ વાર્તામાંના કેટલાક શબ્દપ્રયોગો સામે વાંધો ઉઠાવી 'ખેમી' વાર્તા પાઠયપુસ્તકમાંથી રદ કરવાની ઝુંબેશ ચલાવાઈ. સરકાર એ ઝુંબેશની સામે નમી પડી અને ગુજરાતી સાહિત્યની એક સરસ અને ઉત્તમ ગણાયેલી કૃતિ રદ કરી બેઠી.

ત્યાર પછી 'કોળી' શબ્દના અર્થ સામે ઝુંબેશ ચલાવાઈ અને જોડણીકોશમાંથી એ શબ્દનો અર્થ રદ કરાવવાની માગણી થઈ. પછી મારવાડીઓ જાગ્યા અને મારવાડી શબ્દનો 'કંજૂસ' અર્થ જોડણીકોશમાંથી દૂર કરાવવાની માગણી કરી. હવે 'વાઘરી'ઓ જાગ્યા છે અને એમણે એ શબ્દનો 'મેલો,' 'ગંદો' કે 'અસભ્ય માણસ' એવો અર્થ દૂર કરાવવાની માગણી કરી છે.

દરેક શબ્દના સામાન્ય અર્થ ઉપરાંત લક્ષણાથી થયેલા કેટલાક લાક્ષણિક અર્થ પણ હોય છે. ઉપરાંત લોકસમાજમાં અનુભવ ઉપરથી, અનુશ્રુતિઓ ઉપરથી, કહેવતો ઉપરથી આવેલા અર્થો પણ હોય છે. 'જોડણીકોશ'નું કાર્ય

એવા અર્થોનો સમાવેશ કરવાનું પણ હોય છે. એવા અર્થો ન્હેડણીકોશમાંથી દૂર કરવાથી પ્રજાના મનમાંથી દૂર થતા નથી. સમાજ તો કંજૂસને માત્ર મારવાડી જ નહિ પણ 'ચીકુ મારવાડી'જ કહેવાનો. આવી ઝુંબેશો સામે નમી પડતી સરકાર એનું મોળાપણું જ સિદ્ધ કરે છે.

'વીરનર્મદ'ના પાઠ સામેનો વિરોધ સમજ વગરનો છે. દરેક ધર્મમાં, સંપ્રદાયમાં સિદ્ધિમર્યાદાના યુગો આવ્યા છે. મર્યાદાના યુગોમાં એની વિકૃતિઓ જગજાહેર અને ઇતિહાસપ્રસિદ્ધ બનેલી છે. વૈષ્ણવસંપ્રદાયનું પણ એવું જ છે. અખાએ પણ વૈષ્ણવસંપ્રદાયનાં પાખંડો અને દંભો સામે કયાં વિરોધ નથી કર્યો? 'પરસાદ ટાણે પતરાળાં ભરે' કહેનાર તો અખો જ હતો ને? આમ પણ વિશ્વનાથ ભટ્ટે કે 'આર્યપ્રકાશે' જે ટીકા કરી છે તે સાચા વૈષ્ણવી ધર્મ કે સંપ્રદાય સામે કયાં કરી છે? એની ટીકા તો વૈષ્ણવ-સંપ્રદાયમાં અને વૈષ્ણવમંદિરોમાં તે જમાનામાં ચાલતા અનાચારો સામે જ હતી. જે હતું તે, તે જમાનાની વિકૃતિનું ચિત્ર હતું. આનું મહત્ત્વ ઇતિહાસના અંધારયુગની દૃષ્ટિએ છે. જે ત્યારે હતું તે આજે નથી એટલે આજના વૈષ્ણવોને દુઃખ લગાડવાની જરૂર નથી. સાચા વૈષ્ણવે તો પોતાની સિદ્ધિ અને મર્યાદા બન્ને જોવાની છે. આજે એની સામે વિરોધ કરવો એટલે ઇતિહાસનો ઇનકાર કરવો, સુધર્યાનો ઇનકાર કરવો. હિંદુ ધર્મની વિશિષ્ટતા જ એ છે કે એણે પોતાની સિદ્ધિ અને મર્યાદા બન્ને જોઈ છે, સમજી છે અને નિવારવાનો પ્રયત્ન કર્યો છે. આપણાં ઉપનિષદો અને આપણાં દર્શનોનું માહાત્મ્ય એ જ છે. હિન્દુ દર્શનોમાંથી ઊભા થયેલા આજે જુદા ધર્મો તરીકે ઓળખાતા ધર્મો પણ એ કરી શકયા નથી. વૈષ્ણવોએ તો પીડ પરાઈ જાણવાની છે. નવી પીડ ઊભી કરવાની નથી અને નવી પીડ ઊભી જ કરવી હોય તો અને જો સાચે જ નાલેશી થઈ લાગતી હોય તો કોર્ટે જઈ એના પ્રકાશન સામે મનાઈહુકમ મેળવવો જોઈએ પાઠયપુસ્તકમાંથી રદ કરાવવાથી શો ફાયદો? એ તો મોળાપણું છે.

[૨૧ ડિસેમ્બર, ૧૯૮૨]

ધર્મ અને વ્યક્તિ

થોડાક દિવસો પહેલાં એક વર્તમાનપત્રમાં વડાપ્રધાનની છબી શ્રીમદ્ શંકરાચાર્યની સાથે પ્રગટ થયેલી જોઈ અમારા એક મિત્ર છેડાઈ પડ્યા, એમણે સવાલ ઉઠાવ્યો કે ઊંચાં સ્થાનોએ બેઠેલાં માણસો "આવા બાવાઓની, સાધુઓની" સભામાં જાય છે! સાથે છબી પડાવે છે. એવા બાવાઓની મરણની શોકસભા હોય તો તેમાં પણ જાય, બીજા કોઈ ઉત્સવો હોય તો તેમાં પણ જાય એ વાત જ એમના સ્થાન સાથે કેટલી અસંગત અને બેહૂદી છે" આ વાત માત્ર વડાપ્રધાનની કે પ્રધાનોની જ નથી પણ ઊંચાં સ્થાનોએ બેઠેલા અને જેમની પાસેથી નેતૃત્વની અપેક્ષા રહે છે એવા તમામ માણસોની છે. આ સવાલ આમ તો સાદો છે છતાં એમાંથી ઘણી મહત્ત્વની તાત્ત્વિક ચર્ચાઓ ઊભી થાય છે.

ઊંચાં સ્થાનોએ બેઠેલાં માણસો (જેમાં વડાપ્રધાન મુખ્ય પ્રધાનો, કુલપતિઓ, મેયરો વગેરેનો સમાવેશ કરી શકાય)ને કેટલાંક ઔપચારિક કામો કરવાં પડતાં હોય છે. આવાં કામોમાં કોઈ સાધુ બાવા કે બીજી વ્યક્તિઓને લગતી સભાઓમાં–પછી તે શોકસભા હોય કે ઉત્સવસભા હોય કે ગમે તે હોય–ઔપચારિક રીતે જવાનું આવી જાય છે. આવી સભાઓમાં તે તટસ્થભાવે, પોતપોતાની અંગત માન્યતાઓથી નિરપેક્ષ હાજરી આપે, એમના હોદ્દાની રૂએ આ કરવું પડે અને એમ કરે તો તેથી કંઈ એ ખોટું કરે છે એમ કહી શકાય નહીં.

પણ એ સિવાય પણ બીજો મહત્ત્વનો પ્રશ્ન છે. એક માણસ કુલપતિ બને કે મેયર બને કે પ્રધાન બને એટલે એની અંગત માન્યતાઓ, અંગત શ્રદ્ધાઓ, પોતાનો ધર્મ બાંધનું વિસર્જન કરતો નથી. એવું કરવાની કોઈ શરત નથી. એને એમ કરવાની જરૂર પણ નથી. એવી વ્યકિતને પોતાના ધર્મમાં શ્રદ્ધા હોય, કદાચ કોઈ સાધુપુરુષમાં હોય, પોતાની આંતરસૂઝથી એને કશાક ચમત્કારમાં શ્રદ્ધા હોય તો પોતાપૂરતી શ્રદ્ધા એને ધરાવવાનો અધિકાર છે. અંગત શ્રદ્ધા અને ઓદ્ધાને કોઈ જ સંબંધ નથી. એની પાસે માત્ર એટલી જ અપેક્ષા રહે કે ઓદ્ધાની રૂએ જે જે કાર્યો એને કરવાનાં આવે તેમાં પેલી શ્રદ્ધા વચ્ચે નહિ આવે, એવાં કાર્યો એના ગુણદોષને આધારે જ એ કરે. કુલપતિ મંદિરમાં જાય,

સત્યનારાયણની કથા વંચાવે, માદળિયું પહેરે કે કોઈ સાધુની છબી ગળામાં પહેરે તો તેમ કરવાનો એને હક છે. એ એની અંગત શ્રદ્ધાનો વિષય છે અને કુલપતિ થતાં એ શ્રદ્ધાનું વિસર્જન કરવાની કોઈ જરૂર જ નથી. ઊલટું એવી શ્રદ્ધાથી ઊલટું વર્તવામાં એ આત્મવંચના કરે છે એમ કહેવાય. પણ એ સાથે એમની પાસે એટલી અપેક્ષા રહે કે એ શ્રદ્ધા એમના પૂરતી જ મર્યાદિત અને અંગત રહે, બીજાંની રૂએ, જરૂર પડે તો એ મસ્જિદમાં કે દેવળમાં પણ મોકળે મને જાય. બીજા વિરોધી વિચારોના સંવિવાદમાં જવું પડે તો ત્યાં પણ એવા જ મોકળા મને જાય. લોકશાહીનો અર્થ જ આ છે.

આ પ્રશ્ન આપણને જ કેમ નડે છે ? કોઈ પ્રધાન કે કુલપતિ મંદિરમાં જાય કે મઠમાં જાય કે કોઈ સાધુ પાસે જાય તો આપણા નાકનું ટેરવું કેમ વંકાય છે ? પશ્ચિમના દેશોમાં પ્રધાનો કે કુલપતિઓ દેવળમાં નથી જતા ? પ્રાર્થનાઓમાં નથી જતા ? કોઈના મરણ અંગેનો 'માસ' હોય તો તેમાં નથી જતા ? મુસ્લામી દેશોમાં પ્રધાનો, કુલપતિઓ મસ્જિદમાં નથી જતા ? નિયત સમયે બંદગી નથી કરતા ? ને એ બધાની બાબતમાં આ બધું સ્વાભાવિક ગણાતું હોય તો આપણે ત્યાં કોઈ મોટો માણસ મંદિરમાં જાય, કથાવાર્તામાં જાય કે ભાગવતસપ્તાહમાં જાય તો આપણે એને કેમ સ્વાભાવિક નથા ગણતા ? આપણે મંદિરમાં શા માટે શરમાતા જઈએ છીએ, બહાર નીકળીએ ને કોઈ ટીકાકાર મળી જાય તો શા માટે ગુનેગાર હોઈએ એવું એશિયાળું મોઢું કરીએ ? આપણે ઓધ્ધેદાર બનીએ એટલે શું આપણે આપણા જન્મજાત સંસ્કાર ગીરવે મૂકી દેવા પડે ? આપણા ધર્મને વેચી દેવા પડે ? આપણી જનતને છેતરવી પડે ? આ બધું હિન્દુઓ માટે જ કેમ ? અને જૈનકુલપતિ તો પર્યુષણ કરતા, મંદિરમાં નિયમિત જતા, વ્રતતપ બધું કરતા તેમને કેમ એ ટીકા નહિ લાગુ પડે ? હિંદુ ધર્મ એટલે જ થાંભલો. જરા આવતું કોઈ પણ પ્રાણી શરીર ઘસી જાય આપણે આ બધી વાતનો નવેસરથી વિચાર કરવો પડશે. હિંદુધર્મ સામે એક કટોકટી ઊભી થઈ છે. કટોકટી બહારની નથી પણ અંદરની પોતાની જ છે.

આપણે 'સેકયુલર' શબ્દ વાપરીએ છીએ. આ અંગ્રેજી શબ્દનો અર્થ થાય છે ધર્મવિહીન ! યુરોપમાં 'ચર્ચ'ની સામે વપરાતો શબ્દ 'સેકયુલર' છે. આપણે આપણી સગવડ પ્રમાણે એનો અર્થ બિનસાંપ્રદાયિક એવો કરીએ છીએ પણ આ બિનસાંપ્રદાયિક એટલે શું ? આપણે અંગ્રેજી શબ્દના મૂળ અર્થ પ્રમાણે ધર્મવિહીન

રાજ્ય કીએ ? આપણે જુદા ધર્મોની અવગણના કરીએ કીએ ? ના, આપણે એવું કશું જ કરતા નથી અને છતાં આપણે આપણી વ્યવસ્થાને સેકયુલર ગણાવીએ કીએ અને આ સેકયુલર શબ્દ ઊડીને વાગે છે હિંદુધર્મને, આપણાં પાઠયપુસ્તકોમાંથી રામકૃષ્ણની વાર્તાની બાદબાકી કરવાની, આપણા હિંદુ પ્રધાનો મંદિરમાં જાય કે પૂજાપાઠ કરાવે તો તે સેકયુલર નથી એવી ટીકા કરવાની, આપણા સાધુસંતો અને બાવાઓની ટીકા કરવાની. એનું નામ 'સેકયુલર' એ સિવાય આપણા દેશમાં 'સેકયુલર' શબ્દની બીજી વ્યંજના થઈ જાણી નથી. આ લાંબી ચર્ચાનો અર્થ એ છે કે માણસને પોતાનો ધર્મ પાળવાનો, એ ધર્મ પ્રમાણે, અંતરની સૂઝ પ્રમાણે વર્તવાનો અધિકાર છે. એ અબાધિત છે, અલબત્ત ધર્મ અને પાખંડ, ધર્મ અને ઉપચાર વચ્ચેના વિવેકની વાત વ્યક્તિગત છે.

આ બાબતમાં આપણી પામરતાનું જવલંત ઉદાહરણ એક વાર આપણી યુનિવર્સિટીએ જ પૂરું પાડેલું. આઠેક વર્ષ પહેલાં પદવીદાનસમારંભમાં મુખ્ય મહેમાન તરીકે તે વખતના રાષ્ટ્રપ્રમુખ સ્વ. ફકરુદ્દીન અલીઅહમ્મદ આવવાના હતા. બધું જ નક્કી હતું. આપણે ત્યાં પદવીદાનસમારંભના પ્રારંભમાં પ્રાર્થના ગવાય છે અને પ્રાર્થનાનો પ્રારંભ સરસ્વતીની સ્તુતિથી થાય છે. હવે મુખ્ય મહેમાન તરીકે ફકરુદ્દીન અલીઅહમ્મદ આવવાના હતા એટલે યુનિવર્સિટીએ પ્રાર્થના માટે આદેશ આપેલો કે પ્રાર્થના એવી હોવી જોઈએ કે જેમાં દેવદેવીનું વર્ણન નહીં આવે. હવે આ તે કેવી વાત ! એક વિદ્યાધામમાં આપણી પરંપરા પ્રમાણે સરસ્વતીની પ્રાર્થના ગવાય જેમાં અલબત્ત સરસ્વતીનું વર્ણન આવે તે રાષ્ટ્રપ્રમુખ વિધર્મી હોવાથી ગાવા ઉપર યુનિવર્સિટી પ્રતિબંધ ફરમાવે ! યુનિવર્સિટીની એવી પંગુતાને શું કહેવું ? સહિષ્ણુતા કયાં ગઈ ? રાષ્ટ્રપ્રમુખ આવી શકયા નહિ અને યુનિવર્સિટીનો આદેશ એળે ગયો એ જુદી વાત. જે યુનિવર્સિટીમાં જે પ્રાર્થના વર્ષોવર્ષ ગવાતી હોય તે એક વ્યક્તિને કારણે અમુક વર્ષે ન ગવાય એ કેવો દંભ ? આપણી યુનિવર્સિટીમાં આઠેક વર્ષ પહેલાં બનેલી આ વાત અમારી ચર્ચાના સમર્થનમાં અમારે ઉખેડવી પડી છે.

[૧૮ જાન્યુઆરી, ૧૯૮૩]

ધર્મ અને અંત્યજો પ્રત્યેનો સમાજધર્મ

[અસ્પૃશ્યતાનિવારણ અને અંત્યજોદ્ધારને ગાંધીજીએ પોતાના રાષ્ટ્રોત્થાનના કાર્યક્રમમાં મોખરાનું સ્થાન આપ્યું હતું. પણ ધર્મની ધજા ફરકાવનારા આપણા ધર્મગુરુઓએ અંત્યજોની કેવળ ઉપેક્ષા કરી છે. આ પરિસ્થિતિમાં અંત્યજો પર દેશમાં ઠેર ઠેર અત્યાચારો થવાની શરમજનક ઘટનાઓ વધતી ગઈ છે. સરકારોએ પણ આ વિષયમાં ઉદાસીનતા કે લાચારી જ બતાવી છે. કેળવણીના સૂત્રધારોએ આ દિશામાં કશું વિધાયક કાર્ય કર્યું નથી એ બધાના સંદર્ભમાં અહીં વ્યક્ત થયેલા વિચારોની દીર્ઘજીવી પ્રસ્તુતતા સૌને સમજાશે. —સં.]

પછાત – દલિતવર્ગની સમાજસેવા કરનાર એક કાર્યકર શ્રી છગનલાલ સૂરતીએ દ્વારકાપીઠના શ્રીમદ શંકરાચાર્યને એક પત્ર લખ્યો છે. એમાં એમણે લખ્યું છે : "સાષ્ટાંગ પ્રણામો. હું કટ્ટરમાં કટ્ટર હિંદુ છું અને જ્ઞાતિએ હરિજન (માલ્યાવંશી) છું. અસ્પૃશ્યતાને લીધે હરિજનોની દેશમાં થતી ઠેર ઠેર કત્લેઆમ અને જુલ્મોને લીધે ખૂબ જ મૂંઝાઉં છું. રાત-દિન અસ્પૃશ્યતાને ખાબ કરવાના ઇલાજ શોધવામાં સતત મથામણ કરી રહ્યો છું.

ઉપરોક્ત સંદર્ભમાં હું મારા સાથી મિત્રો સાથે આપશ્રીનાં દર્શન પામી પુષ્પમાળા પહેરાવવાના શુભાશયથી તા. ૧૧-૧૦-૭૩ રોજ સૂરત મુકામે નાગરદાસની વાડીમાં ઉપસ્થિત થયો હતો. પરંતુ દુઃખદિલગીરી અને નવાઈની વાત છે કે આપશ્રીએ હું હરિજન હોવાથી મારી પુષ્પમાળા પહેરવાનો ઈનકાર કર્યો હતો અને આપશ્રીનાં ચરણો પાસે મૂકેલ જગદગુરુ શ્રી શંકરાચાર્ય મહારાજની પાદુકા ચાર ફૂટને અંતરે ખસેડાવી તેના પર પુષ્પમાળા ચઢાવવાનો આદેશ આપ્યો હતો."

ચારેક વર્ષ પહેલાં બનેલી આ ઘટનાને નિમિત્ત બનાવી શ્રી સૂરતીએ હમણાં કાગળ લખવા પાછળનું કારણ કદાચ હમણાં હમણાં હરિજનો ઉપર ગુજરાતા ત્રાસો અત્યાચારોના બનાવો અંગે પ્રગટ થતા સમાચારો હશે. સ્વતંત્ર દેશમાં હજી આજે ત્રીસ વર્ષ પછી પણ અસ્પૃશ્યતા ટકી રહી હોય, હરિજનો ઉપર ત્રાસ ગુજરાતો હોય, તેમની હત્યા થતી હોય, જીવન જીવવા માટેની મૂળભૂત

સગવડોનો તેમને ઇનકાર કરવામાં આવતો હોય તેમાં નિષ્ફળતા આપણા શિક્ષણની જ છે. દરેક સુધારો કાયદાથી કે દંડના ભયથી નથી થઈ શકતો. ઇચ્છિત સુધારા માટે પ્રજાના માનસપરિવર્તનની અનિવાર્યતા છે અને તે તેને અનુરૂપ શિક્ષણથી જ થઈ શકે.

જે કોઈ ધર્મ એનાં સનાતન મૂલ્યોને જાળવીને સમયના તકાદા પ્રમાણે સમયની માગને અનુરૂપ નથી થતો એ ધર્મ જડ બની જાય છે અને એનું સત્ત્વ ગુમાવી બેસે છે. હિંદુ ધર્મની બાબતમાં ઇતિહાસમાં વારંવાર આવું થયું, અને આવું થયું છે ત્યારે જ બૌદ્ધ – જૈન ધર્મ જેવા નવા ફાંટા ફૂટયા છે કે પછી ઓગણસમી સદીના પ્રારંભમાં થયું છે તેમ બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ કે આર્ય-સમાજ જેવા પંથો ઊભા થયા છે. ગાંધીજીએ હિંદુધર્મને બુદ્ધિગમ્ય સિદ્ધાંતોના પાયા ઉપર મૂકવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો પણ તે ક્ષણજીવી રહ્યો. કોઈ પણ ધર્મની જીવંતતા કે જડતા એના આચાર્યોની વિચારસરણી, કાર્યપ્રણાલિ અને ઉપદેશપદ્ધતિ ઉપર અવલંબે છે. હિંદુ ધર્મના ઇતિહાસમાં પણ હિંદુ ધર્મને વારંવાર જડ બનાવવાનો યશ એના આચાર્યોને જ છે અને જડતામાંથી ઉગારવાનો યશ પણ આચાર્યોને જ છે. એની ઉદારતા એ છે કે એની ટીકા થઈ શકે છે અને એમાં પેસી ગયેલી જડતાને દૂર કરવાનો માર્ગ ચીંધી શકાય છે. હિંદુ ધર્મની સહિષ્ણુતા, ઉદારતા સનાતન છે અને પરસ્પરવિરોધી વિચારસરણીને પોતાના ઉદરમાં સમાવીને એ જીવ્યો છે અને સનાતન બન્યો છે એમાં જગતને મિથ્યા માનનાર શંકરાચાર્ય પણ હોય ને ભોગને મહત્ત્વ આપનાર ચાર્વાક પણ હોય.

હિંદુ ધર્મને નામે આજે અનેક વિરોધાભાસ આપણે જોઈએ છે. આપણી રહેણીકરણી, ફૅશન, ભાષા, આહારવિહાર સંપૂર્ણપણે પશ્ચિમાભિમુખ બન્યાં છે ભૌતિક સુખના વિવિધ પ્રકારનાં ઉપકરણોને કારણે જીવન વધારે ભૌતિકવાદી અને વિલાસી બન્યું છે. કોઈ પણ બાબતમાં આપણા છોકરાઓ રહ્યા નથી કુટુંબના પર પરંપરાગત સંસ્કાર ઉપર આધારિત આચારો નેવે મુકાયા છે. આધુનિક ગણાવાની લગનમાં માંસાહાર સુરાપાન આદિમાં આપણા યુવાનો રચ્યાપચ્યા હોય છે. એમાંના ઘણા તો મધ્યદી કુટુંબની અથવા તો જૈનકુટુંબની પરંપરાના હોય છે. એ બધા પાછા શનિવાર-મંગળવાર પણ કરતા હોય છે.

બીજી બાજુ ધર્મને નામે અનેક ધતિંગો ચાલે છે. મંદિરોનાં બાંધકામની પાછળ અઢળક નાણું ખર્ચાય છે. મઠાધિપતિઓ પોતાની મૂર્તિઓ કરી તેની પૂજન કરાવે છે. ભોળા લોકો તેને પગે પણ લાગે છે. સામાન્ય માનવીઓ ધર્મને નામે ધતિંગ કરવાની કરામત હાથ લાગતાં મહાત્મા બની ગયા છે અને આવી દ્વિધાએ હિંદુ ધર્મની જીવંતતા ગુમાવી દીધી છે. એ જડ બનતો ગયો છે. સમાજની અપેક્ષાની અવગણના થઈ છે અને હરિજનો ઉપરના અત્યાચારો એનું જ એક પરિણામ છે. ધર્મને નામે જડ આચારોને વળગી રહેવામાં અને રાખવામાં આપણા ધર્મગુરુઓનો ફાળો નાનોસૂનો નથી. સમયના તકાદાને એ ઓળખી શકયા નથી અને ઇતિહાસમાં બન્યું છે તેમ એ પોતાના નાના ટૂંકા સ્વર્ગને જ વળગી રહ્યા છે.

પણ આ બધામાં આપણી કેળવણી સરિયામ નિષ્ફળ નીવડી છે નવી શિક્ષણપ્રથામાં વૈજ્ઞાનિક વિચારસરણી જીવનના અનેક પ્રશ્નો તરફનો બુદ્ધિવાદી (રેશનલ) અભિગમ, સાહિત્ય, ફિલસૂફી, ઇતિહાસ, જગતના ધર્મો આદિના પરિશીલનથી ઉદાર, સહિષ્ણુ અને સમભાવી બનતી દૃષ્ટિ વિદ્યાર્થીના અંતરમાં ઉતારી શકાઈ નથી. શિક્ષણ કેવળ ઉપરચોટિયું જ રહ્યું છે. પ્રજાજીવનની પરંપરા આગળ શિક્ષણ હારી બેઠું છે. ગમે તેવો શિક્ષિત માણસ પણ ન્યાતજાતની સંકુચિત વિચારસરણીની બહાર નીકળી શકયો નથી. ક્રોધમાં, ઉપહાસમાં અને વ્યવહારમાં આપણે ન્યાત-જાતના વર્તુળની જ મર્યાદામાં ઘૂમ્યા કીએ. આપણા શિક્ષણની આ મોટી પછડાટ છે.

રાજ્યસરકારોએ અને એ દૃષ્ટિએ કેન્દ્રસરકારોએ પણ આ બાબતમાં પૂરતું ધ્યાન આપ્યું નથી. રાજકીય પક્ષોએ પોતાનો ટૂંકો સ્વાર્થ સાધવા હરિજનો અથવા પછાતવર્ગને એક રાજકીય પ્યાદા તરીકે જ ઉપયોગમાં લીધો છે. પોતાનો સ્વાર્થ આવે ત્યારે હરિજનના ઉપર ત્રાસ ગુજરાયાનાં ધૂમરાણ ઉઠાવી તેનો રાજકીય હેતુ માટે ઉપયોગ કર્યો છે. થોડીક જગ્યાઓ નોકરીમાં કે બીજે અનામત રાખીને પણ ટુકડા ફેંકવાની ગરજ સારવામાં આવી છે.

વાસ્તવમાં તો સ્વતંત્ર દેશમાં અવર્ણસવર્ણના ભેદ ત્રીસ ત્રીસ વર્ષ સુધી રહેવામાં–રાખવામાં જ આપણી મોટી નામોશી છે. ગુજરાત જેવા પ્રમાણમાં વધારે જાગ્રત રાજ્યમાં પણ હરિજનો ઉપર અમાનુષી ત્રાસ ગુજરાયાની ફરિયાદો

આવી છે આ પ્રશ્ન ઉત્કટ છે અને એનો નીવેડો લાવવાની પણ જરૂર છે. આપણા દુર્ભાગ્યે આપણા કોઈ પણ રાજકીય પક્ષમાં એવા કાર્યકરો નથી જે ગામડેગામડે ફરી હરિજનોદ્ધારની પ્રવૃત્તિ હાથ ઉપર લે એ ગાંધીજીએ જે જમાનામાં કર્યું તે આજે કોઈ કરી શકે એવી તાકાત ધરાવતું નથી. બીજી બાજુ આપણું નવું શિક્ષણ નિષ્ફળ નીવડ્યું છે. આ દૂષણ દૂર કરવા સરકારે ત્રિપાંખિયો વ્યૂહ હાથ ધરવો જોઈએ. આપણા શિક્ષણને એ દિશામાં પ્રેરવું જોઈએ. રાજકીય પક્ષોએ એવા કાર્યકરો તૈયાર કરવા જોઈએ જે પ્રજાનાં તમામ સ્તરોએ પહોંચીને સમાજસુધારાની આ મહત્ત્વની પ્રવૃત્તિ ઉપાડે અને ત્રીજી બાજુ સરકારે આવો ગુનો ગંભીર ગણી એને માટે જનમટીપ જેવી આકરામાં આકરી શિક્ષા નિયત કરવી જોઈએ. પ્રશ્ન ઘણો ગંભીર અને તાકીદનો છે.

[૨૦ એપ્રિલ, ૧૯૭૩]

ધર્મ અને રાજ્ય-અંકુશ

[જીવનનાં વિવિધ-ક્ષેત્રોમાં સરકારીકરણની ચુંગાલ વધતી જાય છે. પ્રજાનાં કેટલાંક સ્થાપિત હિતવાળાં જૂથોનો ટૂંકી દૃષ્ટિના તાત્કાલિક લાભો માટે આવી પ્રવૃત્તિમાં ટેકો પણ મળે છે ત્યારે સરકારીતંત્ર વિવેક ચૂકીને એની પકડને વધુ ને વધુ વ્યાપક બનાવવાની પેરવીમાં ધર્મને પણ ન છોડે ત્યારે એનાં કેટલાંક વિપરીત પરિણામો આવી શકે. તે પરિણામો કેવાં હોઈ શકે તેનો અહીં લેખકે સંકેત આપ્યો છે.—સં.]

ગુજરાત વિધાનસભાસમક્ષ આપણાં મંદિરો-મઠોને સ્પર્શે એવું એક વિધેયક ઉપસ્થિત થયેલું છે. આ વિધેયકે જાહેર પ્રજા કરતાં મઠાધિપતિઓ અને મહંતોમાં ભારે ચિંતા જગાવી છે. સામાન્ય રીતે ઘણી બધી બાબતોમાં ઉદાસીન રહેતી આપણી પ્રજા આવનારા આ વિધેયકથી પણ ઘણે અંશે અજ્ઞાત જ છે. આ વિધેયક દ્વારા સરકાર બીજી જાહેર સંસ્થાઓની માફક મંદિરો અને મઠોને પણ રાજ્યના અંકુશ હેઠળ લાવવા માગે છે. તેનો મુખ્ય હેતુ મંદિરો-મઠોની વ્યવસ્થા સારી રીતે થાય અને પ્રજાનું હિત અને તેની સગવડો સચવાય તે હોઈ શકે. મંદિર-મઠોમાં નીમાતા પૂજારીઓની લાયકાત, તેમને મળતું મહેનતાણું વગેરે આ કાયદા દ્વારા નિયંત્રિત કરવાની જોગવાઈ આ વિધેયકમાં છે.

ધર્મ પ્રજાની એક આળી બાજુ છે અને આપણી સરકારે હિંદુ પ્રજાની એ લાગણી કરતાં બીજી પ્રજાઓની એ બાજુઓને અવારનવાર વધારે પંપાળી છે. આ દેશનાં તમામ વતનીઓ માટે એકસરખો સિવિલ કોડ (નાગરિક ધારો) હજી આપણે કરી શક્યા નથી. જો કોઈ પ્રજા બહુપત્નીત્વને ધર્મની મહોર મારી આપે તો સરકાર એ બાબતમાં કશી દખલ કરે નહીં અને પ્રજાકીય સમન્વય કરવાની વાત કરનાર સરકાર પોતાના આદર્શને ઊંચો મૂકી દે. એક પ્રજાને માટે એકપત્નીત્વ ફરજિયાત એ જ દેશની બીજી પ્રજા માટે એનું કોઈ બંધન નહીં. જો કોઈ પ્રજા ફિતૂરી બતાવે તો તે પોતાનું ધાર્યું કરાવી જાય, કારણ ફિતૂરીનું બળ ઘણું વ્યાપક અને આક્રમક હોય છે.

ધર્મ પ્રજાની આળી બાજુ હોવા છતાં હિંદુ ધર્મી પ્રજા ઉદારમતવાદી રહી છે અને તેથી સ્વરાજ્યપ્રાપ્તિ પછી હિંદુ ધર્મના સંદર્ભમાં સરકાર ઘણાં પગલાં લઈ શકી છે. હિંદુ પ્રજામાં ફિતૂરીની આવડત ઝાઝી નથી. આમ છતાં કોઈ પણ ધર્મની બાબતમાં સુધારો સૂચવતાં પહેલાં એ ધર્મના આચારો, એની ભાવનાઓ, એના વિધિનિષેધો ધ્યાનમાં લેવા આવશ્યક છે. આ બધાંની અવગણના કરી કેવળ કલમને ગોદે એમાં સુધારો કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે કારગત લાગે એમ અમને લાગતું નથી. વળી ધર્મની સંસ્થાઓનું સરકારીકરણ કરી તેમાં કેવળ અમલદારશાહી (બ્યુરોક્રસી)નું જોર વધારવાથી પણ કશું હિત સધાવાનું નથી. નોકરશાહીનો ઉછેર વંતે-ઓછે અંશે પાશ્ચાત્ય ઢબે થતો રહ્યો છે. તેમનું ભાવનાતંત્ર પ્રમાણમાં જડ હોય છે અને તેથી ધર્મની ભાવના, તેના આચાર-વિચાર અને તેના વિધિનિષેધો સમજવામાં નોકરશાહી સદંતર નિષ્ફળ ગઈ છે. આથી જો એવી દખલ ધર્મમાં વધે તો તેનાથી ફાયદો થવા કરતાં નુકસાન વધારે છે, આવો સંઘર્ષ પણ હિતાવહ નથી.

મંદિરો અને મઠોને આવરી લેતું જે વિધેયક તૈયાર થઈ રહ્યું છે તે મંદિરો અને મઠો આપણા પ્રજાજીવનની સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંસ્થાઓ છે. આ મઠો અને મંદિરોએ પ્રજાજીવનની ઘણી મોટી સેવા કરી છે. આદ્ય શંકરાચાર્યે ધર્મ અને સંપ્રદાયોની અંધાધૂંધીના અડાબીડમાંથી સંપૂર્ણ વ્યવસ્થા સ્થાપી અને આપણાં ચાર મહત્ત્વનાં દિગ્પાળ સમાં સ્થાનોમાં પોતાના મઠો સ્થાપ્યા. શ્રીમદ્ શંકરાચાર્યનું આ કાર્ય અતિશય મહત્ત્વનું છે. બૌદ્ધ મઠોમાં એક કાળે બુદ્ધિ ચકિત કરી નાખે એવી વ્યવસ્થા હતી. બૌદ્ધ મઠોમાં તો મઠાધિપતિ નક્કી કરવાની રીત તે જમાનામાં પણ લોકશાહી રૂપની હતી. આપણી તક્ષશિલા અને નાલન્દા જેવી વિદ્યાપીઠો પણ આપણી ધાર્મિક સંસ્થાઓના જ શૈક્ષણિક આવિષ્કાર હતા. આજની શિક્ષિત અશિક્ષિતો નીપજાવતી વિદ્યાપીઠો કરતાં આ વિદ્યાપીઠો અનેક દરજ્જે ચઢિયાતી હતી. આપણાં મંદિરો અને મઠો કેવળ ધર્મનાં સ્થાનકો જ નહોતાં પણ આ બધાં શિક્ષણનાં ધામો અને સંસ્થાઓ પણ હતાં.

હજારો વર્ષના આ દેશના સંઘર્ષકાળમાં વિધર્મીઓનાં અનેક આક્રમણો સામે પણ અને તે સમયથી આજના અત્યંત ભૌતિકવાદી જીવનપ્રણાલિની સામે આપણી માનવતા, આપણા જીવનની નીતિમત્તા અને આપણી સંસ્કારિતા ટકાવી રાખી હોય અને ટકાવી શકાવવાની કોઈ આશા હોય તો તે આપણી આ

ધાર્મિક સંસ્થાઓ છે. સોમનાથ, અંબાજી કે દ્વારકા આપણી સંસ્કૃતિ, આપણા ઇતિહાસ, આપણા પુરુષાર્થ, આપણી ઝીંદાદિલી, આપણી ઋજુતા અને હજી પણ સચવાઈ રહેલી માનવતાને પ્રતીત કરતાં પ્રતીકો છે. આપણા જીવનની એ ઋજુતમ બાજુ છે.

જેમ કોઈ રાજકીય સંસ્થા ઉપર ધૂળનાં જાળાં બાઝે છે–કૉંગ્રેસ ઉપર પણ બાઝયાં હતાં–તેમ આપણી આ સંસ્થાઓ કાળક્રમે અમુક રીતે ફીસી પડવાનાં ચિહ્નો દર્શાવે. એમાં નવું ચેતન લાવવાની જરૂર પણ માલૂમ પડે. ફેરવાતા સમય પ્રમાણે આ સંસ્થાઓ દ્વારા નવાં કાર્યો કરાવવાની પણ જરૂર માલૂમ પડે પણ તે કેવળ કાયદાના જોરે નહીં થઈ શકે. આ સંસ્થાઓને સચેત બનાવવા માટે એની ભાવના, એના આચાર અને એના વિધિનિષેધોનું હાર્દ સમજવાની જરૂર છે. એનાં ઊંડાણમાં પહોંચવાની જરૂર છે. કેવળ નોકરશાહીની વગ વધારી એમાં સરકારી દખલ ઊભી કરી એનું સરકારીકરણ કરી એના ઉપર કૃત્રિમ નિયંત્રણો મૂકવાથી એમાં સુધારો થઈ શકવાનો નથી. આપણે કાયદા દ્વારા હરિજનોદ્ધાર કરી શકયા નથી. આપણી પરિપાટી જ ખોટી છે. પ્રજાની આળી બાજુ સમજ્યા વગર તેના ઉપર આક્રમક સુધારો ફરમાવવાથી કોઈનો કયારેય ઉદ્ધાર થઈ શકવાનો નથી. નવું વિધેયક આવું આક્રમક પગલું છે.

[૧ મે, ૧૯૭૩]

રાજ્ય અને બિનસાંપ્રદાયિકતા

થોડાક દિવસો પહેલાં મુંબઈમાં ટેલિકોમ્યુનિકેશન બિલ્ડીંગનો ખાતમુહૂર્તવિધિ કરવા પધારેલા કેન્દ્રસરકારના સંદેશવ્યવહારખાતાના પ્રધાન શ્રી. બહુગુણાએ ખાતમુહૂર્તવિધિ માટે હાજર રાખવામાં આવેલા પુરોહિતોની ઉપસ્થિતિ પ્રત્યે અણગમો વ્યક્ત કર્યો હતો. વળી પોતાના કપાળે તિલક પણ એમણે કરવા દીધું નહોતું. એમનું આ વર્તન રાજ્યની બિનસંપ્રદાયિકતાની નીતિનું સમર્થન કરવા માટેનું હતું થોડાક દિવસો પહેલાં દિલ્હીમાં વડાપ્રધાને 'એશિયા-ફેર-૭૨'નું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે વેદના મંત્રોચ્ચાર કરવામાં આવેલા અને તેની સામે મુસ્લિમ લીગે વિરોધ વ્યકત કર્યાના સમાચાર પ્રગટ થયા હતા. કેન્દ્રસરકારે કોઈપણ સરકારી કાર્યક્રમોમાં ધાર્મિક વિધિ નહીં રાખવાનો અને રખાય તો તેમાં પ્રધાનો અને સરકારી અમલદારોને હાજર નહિ રહેવાનો આદેશ આપ્યો છે. ગુજરાત રાજ્યની સરકારે પણ કંઈક આવો જ નિર્ણય કર્યો હોવાનું જાહેર કરાયું છે.

આપણા બંધારણમાં વ્યકત થયેલી બિનસાંપ્રદાયિકતાને વ્યકત કરવાની અને તેનું સમર્થન કરવાની કેન્દ્ર અને રાજ્ય-સરકારની આ નીતિ અમને બહુ વિચિત્ર લાગે છે. સરકારમાં બહુમતી ધરાવતો કોંગ્રેસપક્ષ ચૂંટણી માટે-પછી તે ચૂંટણી વિધાનસભાની હોય, લોકસભાની હોય કે સ્થાનિક સ્વરાજ્યની કોઈ સંસ્થાની હોય તો તેને માટે-ઉમેદવારો પસંદ કરતી વખતે ન્યાતજાતને, ધર્મને અને કોમને ખૂબ પ્રાધાન્ય આપે છે. આવે વખતે બહુ સગવડપૂર્વક બિનસાંપ્રદાયિકતા વિસારે પાડી દેવામાં આવે છે અને કોમવાદના પક્ષકાર ઠેઠ મોટાથી માંડી નાના સુધી સૌ કોઇ બને છે. તે સમયે સૌ કોઈ સત્તા મેળવવાની લાલસામાં નીતિ-સિદ્ધાંતો સૌ કંઈનો ભોગ આપી દે છે. ૧૯૪૭થી માંડી તે ઠેઠ છેલ્લી ચૂંટણી સુધીનો આપણા દેશનો કારભાર-ખાસ કરી કોંગ્રેસપક્ષનો કારભાર-તપાસીશું તો આપણને બિન-સાંપ્રદાયિકતાને વિસારે પાડી કોમવાદનો લેવાયેલો સહારો જ નજરે પડશે. બિનસાંપ્રદાયિકતા કેવળ એક દેખાવ પૂરતી સગવડ રહી છે.

શ્રી. બહુગુણાએ પુરોહિતોની ઉપસ્થિતિ પ્રત્યે દર્શાવેલો અણગમો કે કપાળે તિલક નહીં કરાવ્યું તે બિન-સાંપ્રદાયિકતાની પ્રતીતિ કરાવતા નથી. આમ પણ 'સેકયુલર' શબ્દ (અંગ્રેજી ભાષામાં) 'ધર્મવિરોધી' એવા અર્થવાળો થાય છે

અને ખાસ કરીને ચર્ચવિરોધી ઉપડેલી ઝુંબેશના સંદર્ભમાં એ વપરાયેલો હતો. સેકયુલરનો અર્થ આપણે બિન-સાંપ્રદાયિકતા કહીએ છીએ તે પણ એ રીતે બરાબર નથી, છતાં એ અર્થમાં એ શબ્દ રૂઢ થઈ ગયો હોવાથી અમે અહીં એ અંગે ચર્ચા કરવા માગતા નથી.

ધર્મ એ પ્રજાના ભાવનાતંત્ર અને લાગણીતંત્ર સાથે વણાયેલી ઘટના છે. માણસના મગજમાં બુદ્ધિનો ઉદય થયો તેની સાથે જ ધર્મનો ઉદય થયો એમ કહી શકાય અને જેમ જેમ સંસ્કૃતિની સમજ વધતી ગઈ અને સંસ્કૃતિનો વિકાસ થતો ગયો તેમ તેમ ધર્મની ભાવના પણ પરિપુષ્ટ બનતી ગઈ. વ્યકિતનું ભાવનાતંત્ર જ્યારથી બંધાવા માંડે છે ત્યારથી જ ધર્મ અને એ અર્થમાં ધર્મના અનેક આચારવિચાર એનાં મનશરીરમાં બંધાવા માંડે છે. ટૂંકમાં વ્યકિતના જીવનઘડતરમાં, એનાં બુદ્ધિમનના બંધારણમાં ધર્મ એવો તો ઓતપ્રોત બન્યો હોય છે કે, એને ઉસેડી કાઢવાનું શકય નથી. સ્વ. કિશોરલાલ મશરૂવાળાએ એમના 'સમૂળી ક્રાંતિ' નામના ચિંતનાત્મક પુસ્તકમાં ધર્મનું શિક્ષણ આપવા સામે વિરોધ વ્યકત કરતાં જણાવ્યું છે કે ધર્મનું શિક્ષણ આપવાથી અહમહમિકા વધે છે અને પોતાના ધર્મ પ્રત્યે મમત્વ વધે છે અને બીજા ધર્મ પ્રત્યે સૂગ વધે છે માટે ધર્મનું શિક્ષણ આપવું જ નહિ. પણ મશરૂવાળાની આ વાતને કોઈએ સ્વીકારી નહીં. એટલું જ નહિ પણ કોઈએ ગંભીર કે વ્યવહારુ પણ લેખી નહિ. ધર્મનું ઔપચારિક શિક્ષણ શાળામહાશાળામાં ભલે નહિ અપાય તો પણ એ બાળકને એની ગળથૂથીમાંથી જ મળવાનું છે અને તે આ કે તે ધર્મ અંગે જ નહિ પણ તમામ ધર્મો માટે સાચું છે.

આ બિનસાંપ્રદાયિકતાની વાત કેવળ આપણા દેશની જ એક વિશિષ્ટતા બની છે.

યુરોપ અમેરિકા, કે બીજા દેશોમાં આ બિનસાંપ્રદાયિકતાની વાત પણ થતી નથી. ત્યાંના પ્રધાનો પોતપોતાના ધર્મ પ્રમાણે બંધી જ વિધિઓ વ્યકિતગત જીવનમાં અને જાહેરજીવનમાં વિના સંકોચે કરે છે. પણ આપણે ત્યાં તો ઘણા બધા ધર્મો છે અને તેમાં હિંદુ ધર્મવાળા મુખ્યત્વે સરકારપક્ષે હોવાથી આ બિનસાંપ્રદાયિકતાની વાત જુદે જુદે રૂપે આવે છે. અમને તેની સામે પણ વાંધો નથી. ધર્મજનૂનને અને ધર્મને નામે ઊભા થતા સઘળા ઝઘડાઓનો વિરોધ કોઈ પણ સમજુ માણસ કર્યા વિના રહે નહીં, છતાં અમને લાગે છે કે આ

બિનસાંપ્રદાયિકતા એક અવ્યવહારુ દેખાડો અને બીજા ધર્મીઓને ખુશ કરવા માટેની જ વાત છે.

આપણે વિચારીએ તો દરેક ધર્મના ઉત્સવોમાં આપણા પ્રધાનો હાજર નથી રહેતા ? બિનસાંપ્રદાયિક હોય તો શા માટે હાજર રહેવું જોઈએ ? હિંદુ ધર્મની વિધિ પ્રમાણે શ્રી બહુગુણાએ કપાળે તિલક કરાવવાની ના પાડી. પણ જો કોઈ શીખ ધર્મના કાર્યક્રમમાં એઓ જાય અને એ કાર્યક્રમ જાહેર હોય તો પણ એ પોતાનું માથું ઢાંકયા વિના જઈ શકશે ? હિંદુ ધર્મ અનેક બાબતોમાં સહિષ્ણુ છે. અમને ખાતરી છે કે બીજા ધર્મીઓના જાહેર કાર્યક્રમોમાં શ્રી બહુગુણા તે તે ધર્મના આચારો પાળવા તત્પર થયા હોત. જે એમણે મુંબઈના કાર્યક્રમમાં કર્યું તે તેમણે બીજા કાર્યક્રમોમાં નહિ કર્યું હોત. ખુદ લશ્કરી શિસ્ત જેવી શિસ્તમાં પણ ધર્મની ભાવના પ્રમાણે અમુક છૂટછાટો આપવામાં આવી છે.

અમારે તો માત્ર એટલું જ કહેવું છે કે તમે ખાતમુહૂર્ત જેવી વિધિ રાખો. અને તે વિધિ છે તો હિંદુધર્મની તો પછી તે વિધિ તમારે ધર્મ પ્રમાણે કરવાનો સંકોચ રાખવો જોઈએ નહિ. એને બિનસાંપ્રદાયિક બનાવવા બીજા ધર્મોના આશીર્વાદો કે શુભેચ્છાઓ આવા પ્રસંગો માટે તે તે ધર્મમાં હોય તો પણ સાથે મેળવવાની વ્યવસ્થા ભલે કરે. એ અનુકૂળ નહિ હોય તો પછી ખાતમુહૂર્ત જેવી હિંદુધર્મની વિધિ રાખવાનું જ બંધ કરો. એ વિધિ રાખી હશે ત્યારે સમય, મુહૂર્ત જગા વગેરે જોવડાવીને જ રાખી હશે ને ? ત્યારે ત્યાં સાંપ્રદાયિકતા નહિ આવી ? અમાસને દિવસે કેમ આવા કાર્યક્રમો નથી રખાતા ? અને સાચી બિનસાંપ્રદાયિકતા લાવવી હોય તો ચૂંટણીટાણે ઉમેદવારો પસંદ કરતી વખતે ધર્મ – કોમ કે જ્ઞાતજાત ભૂલી જાવ અને વ્યક્તિની ગુણવત્તા ધ્યાનમાં રાખી તેની પસંદગી કરો.

[૨૯ નવેમ્બર, ૧૯૭૨]

મંદિરો અને માનવધર્મ

અમે અમારી આ કટારોમાં દક્ષિણના પ્રવાસ વિશે લખતાં જણાવેલું કે દક્ષિણ ભારતની સંસ્કૃતિ મુખ્યત્વે મંદિરપ્રધાન સંસ્કૃતિ છે. આમ તો સમગ્ર દેશની સંસ્કૃતિ મંદિરપ્રધાન છે છતાં દક્ષિણમાં એ વધારે પ્રમાણમાં જણાય. થોડુંક અંતર કાપો એટલે ગોપુરોવાળાં મંદિરો નજરે ચડે. આ મંદિરોની આવક પણ ઘણી સારી. દક્ષિણના એક મંદિરની અમારી મુલાકાત સમયે અમે દસેક અલમસ્ત પૂજારીઓને એટલા જ ઘડાઓમાંથી પૈસા ઠાલવી ઠાલવી તેને જુદા પાડતાં, ગણતાં જોયા. એક બાજુ આમ આ પૂજારીઓ પૈસા ગણવામાં મશગૂલ હતા ત્યારે આજુબાજુ ભૂખાળવી નજરે જોતા કેટલાક ભિખારીઓ પણ ઊભા હતા. આપણા દેશની અનેક કરુણતાઓમાંની આ એક ભયંકર કરુણતા ગણી શકાય.

પણ અહીં અમારી ચર્ચાનો મુદ્દો બીજો છે. આપણાં કેટલાંક મંદિરોની વાર્ષિક આવક લાખોની અને કયારેક તો કરોડોની ગણાય છે. એમ કહેવાય છે કે દક્ષિણમાં આવેલા સુપ્રસિદ્ધ તિરુપતિના મંદિરની વાર્ષિક આવક દસ કરોડની છે. કોઈકને આ આશ્ચર્યકારક લાગે પણ તિરુપતિની પ્રતિષ્ઠા જોતાં, એમાં આવતા યાત્રાળુઓની સંખ્યા જોતાં, શ્રદ્ધાળુઓ અને તેમાં પણ શ્રીમંત શ્રદ્ધાળુઓ તરફથી મંદિરને મળતી ભેટ જોતાં આવકનો આટલો મોટો આંકડો જોઈ આશ્ચર્ય પામવા જેવું નથી. આ સિવાયનાં નાનાં-મોટાં મંદિરોની આવક પણ લાખે લેખાં ગણાય એટલી તો હોય જ છે.

આટલી મોટી આવક હોવા છતાં જાળવણીની બાબતમાં આપણાં મંદિરો ઘણાં ઊણાં ઊતરે છે. ઘણાં મંદિરોનો બાહ્ય દીદાર જુગુપ્સા ઉપજાવે એવો પણ હોય, અંદર ઘણી ગંદકી હોય આજુબાજુની ઇમારતની મરામત વર્ષોથી ન થઈ હોય, રંગરોગાન કે ચૂનો પણ ન થયા હોય આ અને આવી ઘણી ઊણપો વર્તાય. મંદિરની આવકનો થોડોક ભાગ એની જાળવણી અને મરામત પાછળ દર વર્ષે વાપરવાનું કાયદાથી બંધન કરવું જોઈએ. એમ નહીં થાય તો આપણાં ઘણાં મંદિરો જીર્ણ થઈ જશે.

પણ એનાથી આગળ જઈને અમારે એમ કહેવું છે કે આપણાં મંદિરોની આવક આ દેશની ગરીબી હટાવવા પાછળ વાપરવાનો, સમાજસેવાનાં નાનાં-મોટાં અનેક કામો કરવા માટે વાપરવાનો સમય પાકી ગયો છે. છેવટે તો મંદિરોમાં આવતાં નાણાં જાહેર ટ્રસ્ટનાં જ નાણાં છે. લોકો પાસેથી એ આવે છે. એનો મોટો ભાગ તો અદના માણસોનાં ગજવાંમાંથી આવે છે અને તેથી જો એ નાણાંનો ઉપયોગ પ્રજાકીય કામો માટે કરવામાં આવે તો તેમાં અમને કશું ખોટું દેખાતું નથી. ઊલટું એમ કરવાની ખાસ આવશ્યકતા ઊભી થઈ છે. આવો નિયમ બધાં જ ધર્મોનાં દેવસ્થાનોને લાગુ પાડવો જોઈએ. એમાં ભેદભાવ નહીં ચાલે.

આજે જ્યારે સમાજવાદી સમાજરચનાની ગતિ વેગ પકડી રહી છે અને દરેક બાબતમાં ટોચમર્યાદાનો નાદ ગૂંજી રહ્યો છે ત્યારે આપણા પ્રજાજીવનના આ મહત્ત્વના અંગને નિષ્ક્રિય રાખવાને બદલે સક્રિય કરવાની જરૂર છે. આપણાં ધર્મસ્થાનોએ ભૂતકાળમાં પ્રજાજીવનને સંસ્કારવામાં, જ્ઞાનનો પ્રસાર કરવામાં, સંસ્કૃતિને ટકાવી રાખવામાં, મૂલ્યોને જાળવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પરંતુ આપણી સંસ્કૃતિ જેમ જેમ વધારે ભૌતિકવાદી બનતી ગઈ અને અર્થપ્રાધાન્ય જીવનનું સારસર્વસ્ત્ર બન્યું તેમ તેમ આપણાં આ મંદિરો એમનું નિયત કાર્ય વિસરી ગયાં. એમાં પણ ધીરે ધીરે વિકૃતિ આવી અને ધનસંચય કરવાની વૃત્તિ એમાં પણ પ્રબળ બનતી ગઈ. પણ હવે જ્યારે યુગપરિવર્તન થયું છે ત્યારે જાહેર નાણાંનો ઉપયોગ જાહેર કાર્ય માટે થવો જ જોઈએ એવી નીતિ અપનાવવી જોઈએ. આવી નીતિ અપનાવવાથી પ્રજાનું હિત જ થવાનું છે, એમાં વધારે આળા માણસોની અથવા સ્થાપિત હિતોની લાગણી કદાચ ઉશ્કેરાય, પણ તેને પહોંચી વળવું જોઈએ.

[૪ જુલાઈ, ૧૯૭૨]

સંસ્થાગ્રસ્ત સેવા

[મનુષ્યે બિકસાવેલાં આદર્શો અને ભાવનાઓને જ્યારે સંસ્થાઓના જડ ચોકઠામાં ગોઠવી દેવામાં આવે છે ત્યારે એ આદર્શો ને ભાવનાઓનું સ્વત્વ અને સત્વ ગુંગળાઈ જાય છે, એમાં કૃત્રિમતા પ્રવેશે છે અને એ એક આચારમાત્ર બની જાય છે. આવા આચારો આપણા જાહેરજીવનમાં કોઈને કોઈ નિમિત્તે સતત પળાતા હોય છે. એમ કરીને આપણે મૂલ્ય-પોષણને બદલે મૂલ્યવિપર્યય કરતા હોઈએ છીએ એમ ગાંધીજયંતી (૧૯૭૯) નિમિત્તે લખાયેલા આ લેખમાં બતાવાયું છે. —સં.]

કોઈ પણ સારી વાતને ઔપચારિક કર્મકાંડમાં પૂરી દઈ તેના હાર્દને ગુમાવી દેવાની આવડત આપણી પ્રજામાં જેવી અને જેટલી છે તેવી અને તેટલી કદાચ બીજી કોઈ પ્રજામાં નહિ-હોય પછી એ સારી વાત 'શિક્ષકદિન' અંગેની હોય કે 'ગાંધીજયંતી' અંગેની હોય. ગાંધીજીના અવસાન પછી અને તે પહેલાં ગાંધીજયંતીને પ્રસંગે ઠેરઠેર ઝૂંપડીઓ ઊભી કરવાની એક બાલિશ રમત ચાલતી હતી. કાળક્રમે એ રમત બંધ પડી. હવે ગાંધીજયંતીને દિવસે દિલ્હીમાં ગાંધીજીની સમાધિ ઉપર સમાજના પ્રત્યેક જાતના મોભીઓ ફૂલ ચડાવવાનો આચાર કરે છે. અમદાવાદમાં સાબરમતી આશ્રમમાં કઈ આવો જ કર્મકાંડ થાય છે. પણ આ બધામાં ગાંધીજી કયાં? ગાંધીસંદેશ કયાં? વળી એ દિવસે થોડીક કલબો અને સંસ્થાઓ પ્રવચનો યોજ્યાનો આચાર પાળી સંતોષ માની લે છે. એકસો દસ વર્ષના ગાંધીજી આ રીતે પણ હજી જીવે છે, ભલે આચાર-ઉપચારમાં જીવતા હોય. એ સારી વાત છે-નથી? કોણ જાણે!

ગાંધીજયંતીને દિવસે અહીંના એક હરિજનવાસમાં ચાલતા સેવાકેન્દ્રની મુલાકાત લેવાની તક મળી. ત્રણેક વર્ષ પહેલાં આ જ કેન્દ્રની મુલાકાત લેવાનો પ્રસંગ મળ્યો હતો. આ ત્રણ વર્ષમાં આ વાસની કેટલી અને કેવી પ્રગતિ થઈ છે તેનો કોઈ આંક મળી શકયો નહિ. આપણે ત્યાં સેવા કરવાના પણ ઊભરા આવે છે. અને આવા ઊભરા વખતે જુદા જુદા અને નવા નવા સેવાર્થીઓ દેખાય છે. આ સેવાર્થીઓની ભાવના, પ્રેરણાસ્થાનો અને પ્રેરણાબળો જુદાં જુદાં હોય છે. આ પ્રેરણાબળો બદલાતાં અથવા લુપ્ત થતાં કેટલાક સેવાર્થીઓ સેવા-

કાર્યમાંથી અળગા થઈ જાય છે. તેમનાં સેવાકેન્દ્રો અને કાર્યો અદલાય છે અથવા તો સદંતર બંધ થઈ જાય છે. જે આ કાર્યમાં થોડાક ધૂની અને આદર્શવાદીઓ વળગી રહે છે તે બિચારા છોકરડાઓ હોય છે.

બીજી બાજુ સેવા હવે સંસ્થાગ્રસ્ત બની (ઈન્સ્ટિટ્યુશનલાઈઝ્ડ) ગઈ છે. અને એમ થતાં એમાંથી સ્વયંભૂતા અને નિષ્ઠા ઓછાં થયાં છે. સેવા પણ એક આચાર બને ત્યારે સેવા રહેતી નથી, એનું નામ જ રહે છે. સેવાને નામે જેટલું શોષણ ગરીબોનું છેલ્લાં ત્રીસ–બત્રીસ વર્ષમાં થયું છે એટલું એ અગાઉ નહોતું થયું. 'ગરીબી હટાવો'ને એક કૂદવાના પાટિયા તરીકે વાપરીને કેટલાક લોકો ઊંચા હોદ્દાઓ ઉપર પહોંચી ગયા છે અને સૌ ગરીબો કે પછાતવર્ગના લોકો હતા ત્યાંનાં ત્યાં જ રહ્યા છે. ખરેખર તો ગરીબો ગરીબ જ રહે અને પછાત લોકો પછાત જ રહે એમાં જ રાજકારણીઓનું હિત છે અને છેલ્લાં બત્રીસ વર્ષથી એ હિત એ લોકો સાચવતા રહ્યા છે.

બાકી આ દેશમાં જેમને સેવા જ કરવી છે એમને સેવાનાં ક્ષેત્રો શોધવા જવું પડે એમ નથી અને ગાંધીજયંતીની રાહ પણ જોવી પડે એમ નથી. ગાંધીજીએ એક બાજુ રાજકારણીઓ અને બીજી બાજુ સાચા સેવકો એમ બે અલગ અને સ્વતંત્ર હરોળો ઊભી કરેલી તેથી સેવકોની બીજી હરોળ ગાંધીજીના અવસાન પછી કોઈ પણ રાજકીય પક્ષ ઊભી કરી શકયો નથી. પરિણામે આપણે ત્યાં દલિતોપીડિતો અને શોષિતો, છેલ્લાં બત્રીસ વર્ષમાં એમને નામે બોલનારાઓની સંખ્યા વધી હોવા છતાં. તરછોડાયેલા જ રહ્યા છે. ગાંધીયુગમાં સેવા ફેશન નહોતી બની, એક ધર્મકાર્ય રહી હતી. આજે સેવાની વાત કરવી એક ફેશન છે અને સેવાકાર્ય ધર્મકાર્ય નથી. મોટરમાં ફરનારા, પરદેશી માલ વાપરનારા, મોજશોખમાં ગળાડૂબ રહેનારા અને બધી જ રીતે સુખી લોકો સેવાની વાત કરતા રહેશે. એમને માટે સેવાકાર્ય એક ફેશન છે ગાંધીજયંતી આવશે અને જશે. ગાંધીસમાધિઓ ઉપર ફૂલો ચડાવાશે અને સેવાની વાતો બહેલાવી બહેલાવીને કહેવાશે ને બીજે દિવસે એ વિસરાઈ જશે. અને પેલા બિચારા દલિતો – પીડિતો સેવાર્થીઓની સતત રાહ જોતા પોતાને માથે વીતતી તમામ યાતનાઓ નસીબને દોષ દઈ સતત વેઠતા રહેશે.

[૯ ઑક્ટોબર, ૧૯૭૯]

સેવામાં ઔપચારિકતા

દરેક ઑક્ટોબર માસમાં ભારતસરકારના શિક્ષણખાતા તરફથી 'યુનો ડે' ઉજવવા માટેના પરિપત્રો યુનિવર્સિટીઓને મળે છે. યુનિવર્સિટીઓ ટપાલપેટીની જેમ એ પરિપત્રો કૉલેજોને મોકલે છે અને નીચે એક શેરો મારે છે કે કૉલેજોએ કરેલી ઉજવણીની માહિતી મોકલવી. આપણા દેશમાં યંત્રવત થતી કામગીરીનાં આ જ્વલંત ઉદાહરણો છે. યુનો સ્થપાયાને આજે પાંત્રીસ વર્ષ થયાં. એની નિષ્ફળતા એટલી દેખીતી છે કે લોકો એને સદંતર ભૂલી ગયા છે. યુનોએ ભારત-વિરોધી વલણ અપનાવવામાં કશું બાકી નથી રાખ્યું અને છતાં ભારતનું શિક્ષણખાતું 'યુનો ડે' શિક્ષણસંસ્થાઓ પાસે ઉજવાવવા માટે એટલું જ આગ્રહી છે. આપણે ત્યાં રાજકીય ઘટનાઓની ઊજવણી પણ શિક્ષણ સંસ્થાઓએ જ કરવી પડે છે. આપણે ત્યાં જેમ રાજ્યમાં તેમ બીજી સંસ્થાઓમાં આવું યંત્રવત્ જ ચાલે છે. પાંચમી સપ્ટેમ્બરે શિક્ષકદિનની ઉજવણી કરો એમાં સાથસહકાર પણ શિક્ષકો અને શિક્ષણસંસ્થાઓનો જ લો અને આખું વર્ષ કયારેય શિક્ષક ક્યાં પડ્યો છે, એની શી સ્થિતિ છે તેનો કોઈ વિચાર કયારેય કોઈએ કરવાનો નહિ. આત્મવંચના અને પ્રતારણાની આ એક મોટી તરકીબ છે. કોણ જાણે કેમ પણ આપણા દેશની પરંપરામાં જ કંઈક એવું છે જે સારી વસ્તુને પરંપરામાં, જડ આચારોમાં જકડીને પ્રાણહીન, સત્ત્વહીન બનાવી દે છે. આપણા ધર્મસંપ્રદાયો, આપણા તહેવારો, આપણા ઉત્સવો, બધાની જ આ દશા થઈ છે. આપણે આપણા હાથોએ આપણા સત્ત્વની જે વિડંબના કરી છે એવી વિડંબના કયારેય બીજા કોઈ ધર્મ કે સંપ્રદાયે નહિ કરી હોય.

હવે દિવાળીના તહેવારો આવશે. વળી પાછા 'રિમાન્ડ હોમ', અંધજનશાળા અને જેલના કેદીઓને યાદ કરવામાં આવશે. આ બધાં સ્થળોએ મીઠાઈ વહેંચવામાં આવશે અને પછી આખું વર્ષ આ બધાં સ્થળોમાં રહેનારાંઓની શી દશા છે તેનો કોઈ વિચાર થશે નહિ. આ બધાં કાર્યો પાછળનો મુખ્ય હેતુ તો પ્રસિદ્ધિનો છે. બળેવને દિવસે કેદીઓને રાખડી બાંધો કે દિવાળીના દિવસોમાં આ બધાંને મીઠાઈ ખવડાવો પણ એની પ્રસિદ્ધિ વર્તમાનપત્રોમાં થવી જ જોઈએ. એમાં જનારા મહાજનોની છબીઓ પણ છાપાઓમાં છપાવી જોઈએ. પછી એમાંથી આડ હેતુ

સેવાનો નીપજે તો તે એક આનુષંગિક અને જુદી વાત છે.

આપણે ત્યાં 'રિમાન્ડ હોમ' લગભગ કેદખાનાં જેવાં છે. એમાં ગુનો કરતાં પકડાયેલાં, માબાપથી વિખૂટાં પડેલાં, માબાપના ઝઘડાને કારણે તરછોડાયેલાં બાળકોને એક સાથે રાખવામાં આવે છે. આને કારણે ઘણી મુશ્કેલીઓ ઊભી થાય છે. વળી આ બન્ને પ્રકારનાં બાળકો જુદા જુદા પ્રકારની માવજત માગી લે છે. પશ્ચિમનાં શહેરોમાં આવાં બાળકો માટે વૈજ્ઞાનિક ઢબે 'બોયઝ ટાઉન' સંસ્થારૂપે ચાલે છે. આપણે ત્યાં સરકાર આવી સંસ્થાઓ ઊભી કરે છે પરંતુ આ સંસ્થાઓને પૂરતાં નાણાં આપી શકતી નથી પરિણામે અનેક ભૌતિક તંગીઓમાં ચાલતી આવી સંસ્થાઓમાં રહેનારા સબડતા રહે છે. પશ્ચિમના દેશોમાં તો સેવાભાવી કુટુંબો આવાં અનાથ બાળકોને તહેવારના દિવસોમાં પોતાના કુટુંબમાં રાખી કૌટુંબિક હેતપ્રેમ પૂરાં પાડે છે. આપણે ત્યાં હજી એ પ્રથા આવી નથી છતાં અપનાવવા જેવી છે. સમાજસેવાનું એ એક ઘણું મહત્ત્વનું અંગ છે.

આ સદ્‌કાર્યની સાથે એક મહત્ત્વની બીજી વાત પણ કરવા જેવી છે. જેલ કે 'રિમાન્ડ હોમ' જેવી સંસ્થાઓ સરકારના નિયંત્રણ હેઠળ છે. આવી સંસ્થાઓ હમદર્દી માગી લે છે. એમાં અમે 'રિમાન્ડ હોમ'ને અલગ પાડીએ છીએ. એમાં રહેનારાં બાળકો સમભાવ, હેતપ્રેમનાં ભૂખ્યાં છે. આપણાં મંડળોએ માત્ર તહેવારને દિવસે જ નહિ પણ અવરનવર 'રિમાન્ડ હોમ'ની મુલાકાત લેવી જોઈએ 'રિમાન્ડ હોમ'માં તહેવારને જ કે જન્મગાંઠ કે શ્રાદ્ધ-સમચરીના દિવસોએ જ મીઠાઈ વહેંચીને સંતોષ માનવાની જરૂર નથી. પણ 'રિમાન્ડ હોમ'માં જે ભૌતિક સગવડોની ઊણપ હોય, આ બાળકો પ્રત્યેના વર્તાવમાં જેનો અભાવ હોય અને જે જરૂરિયાતો હોય તે બધાંનો અભ્યાસ કરી લાગતાંવળગતાં અધિકારીમંડળો આગળ તેની રજૂઆત કરી એ ઊણપો દૂર કરાવીને જ જંપવું જોઈએ. બાળકોનું 'રિમાન્ડ હોમ' કાળું કેદખાનું બની જાય એમાં સમાજની જ નાનમ છે. જેમને હૈયે સેવાની લગની હોય એમણે સેવાને કેવળ ઉપચાર-આચાર બનાવવાને બદલે જીવનનું ધર્મકાર્ય (મિશન) બનાવીને જે કોઈ સંસ્થાને કેન્દ્રમાં રાખી પોતાનું આ કાર્ય કરવા માગતા હોય તેનું સર્વગ્રાહી સર્વેક્ષણ કરી તેની નાનીમોટી ઊણપો દૂર કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. સાચું સેવાકાર્ય તો આપોઆપ ફોરી ઊઠશે.

[૪ નવેમ્બર, ૧૯૮૦]

આપણો માનવધર્મ

મુંબઈમાં શ્રી મધુ મહેતાના નેતૃત્વ હેઠળ એક 'હિન્દુસ્તાની' આંદોલન ચાલી રહ્યું છે. એ આંદોલન પાછળની એક ભાવના બહુજનસમાજમાં હિન્દુસ્તાની ભાવના ઉત્પન્ન કરવાની છે. હિન્દુસ્તાની ભાવના એ ગાંધીજીએ પ્રબોધેલી સ્વદેશી-ભાવનાનું જ એક સ્વરૂપ છે. પણ શ્રી મધુ મહેતાએ હિન્દુસ્તાની આંદોલન સાથે એક બીજું આંદોલન ઉપાડેલું છે અને અમારી દૃષ્ટિએ એ ઘણું મહત્ત્વનું લાગે છે. એ આંદોલનમાં દિવાળીના તહેવારો માટે સ્થિતિસંપન્ન લોકો પાસેથી મીઠાઈ, ફટાકડા, સારાં કપડાં આદિ ભેગું કરી ગરીબ લોકોમાં વહેંચવાનું કાર્ય સમાઈ જાય છે. શ્રીમંતોને ઘેર દીવા બળે અને ગરીબોની ઝૂંપડીમાં અંધારાં હોય એવી આપણી આજની સમાજવ્યવસ્થા છે. ગરીબોને માટે, ઝૂંપડપટ્ટીઓમાં વસનારાઓ માટે, તદ્દન નીચલા મધ્યમવર્ગના માણસો માટે તો દિવાળી અને હોળી સરખાં જ હોય છે. મહેનતમજૂરી કરનારા, લારી ખેંચનારા, હોટેલોમાં કપરકાબી ધોનારાં બાળકો, ફેરી ફરનારા આ બધાંને માટે દિવાળી કોઈ આનંદ લાવતી નથી. કારણ દિવાળીનો આનંદ માણવાને એમની પાસે પૂરા પૈસા નથી. આ બધાં તો એક દિવસ પૂરો થયે કડવાશભર્યા જીવનનો એક દિવસ પૂરો થવાની રાહત અનુભવતાં હોય છે. એમાંથી ઘણાંને માટે મીઠાઈ, નવાં કપડાં, ફટાકડા, દીવા એ બધી દુર્લભ-અશક્ય વસ્તુઓ છે. સ્વરાજ્યનાં ત્રીસ-એકત્રીસ વર્ષના આ ગાળામાં આપણે ગરીબીની અને ગરીબોની યાતનાઓ દૂર નથી કરી શક્યા એ એક નકરું સત્ય છે

સમાજની એક બાજુનું આ દર્શન છે તો બીજી બાજુ હજારો રૂપિયા ફટાકડાની પાછળ ખર્ચી તેનો ધુમાડો કરનારાઓ પણ છે. સંપત્તિનું વરવું પ્રદર્શન કરનારા પણ ઓછા નથી. આમાં આનંદોલ્લાસ કરતાં પ્રદર્શનની ભાવના જ હોય છે. હજારો ફટાકાની લૂમ હારબંધ મૂકી પાંચ મિનિટમાં ધડાકા અને ધુમાડા કરનારાને ગરીબોની દશાની કોઈ ખબર હોતી નથી. એ પણ આપણા સામાજિક જીવનની કરુણતા છે. કોઈકે સાચું જ કહ્યું છે, "શહેર માંહી દીવા થાતા, ગામમાં અંધારાં રે."

આ બધી ઘણી જાણીતી વાત છે. આજથી ચાલીસેક વર્ષ ઉપર લખાયેલ

સુન્દરમ્‌ના 'ત્રણ પાડોશી' કાવ્યનું સત્ય આજે પણ એટલું જ સાચું છે. અમારું કહેવાનું એ છે કે આગામી દિવાળીના તહેવારોમાં ગરીબો પણ આનંદથી તહેવાર ઊજવી શકે એ માટે એમને કપડાં, મીઠાઈ, ફટાકડા આદિ વહેંચવા માટે સહાય કરવા ધનિકોને અપીલ કરવી જોઈએ. આ કામ કરવા કોઈ સમાજસેવાની સંસ્થાએ આગળ આવવું જોઈએ. જો કોઈ સમાજસેવાસંસ્થા આગળ નહીં આવે તો કૉલેજોની એન. એસ. એસ. ટુકડીઓએ એ કામ ઉપાડી લેવું જોઈએ. આ કામ ઉપાડવામાં એ ટુકડીઓને પણ વાંધો આવતો હોય, કોઈ બાધા હોય તો પછી વ્યક્તિઓએ આ કામ ઉપાડવું જોઈએ. કહે છે કે આ શહેરમાં એક એવી વ્યક્તિ છે કે જેમણે, બિનવારસી લાશના અંતિમ સંસ્કાર પોતાને ખર્ચે કરવાનું ધર્મકાર્ય ઉપાડયું છે. એવી વ્યક્તિઓ પણ પોતાનું કાર્યક્ષેત્ર વધારી લંબાવી આ કામ કરી શકે. જાહેર અપીલો દ્વારા–જે શ્રી મધુ મહેતા મુંબઈમાં કરે છે–નાણાં, કપડાં, મીઠાઈ, તહેવાર ઊજવવાની સામગ્રી ભેગી કરી શકાય અને ગરીબોમાં વહેંચી શકાય. આપણે આપણા આનંદમાં આપણાં ગરીબ ભાંડુઓને ન ભૂલીએ એટલો માનવધર્મ તો અદા કરીએ જ કરીએ.

[૧૭, ઑક્ટો ૮૨, ૧૯૭૭]

ઠંડી ક્રૂરતા

આ શીર્ષક આમ તો 'ધૂમકેતુ'ની એક વાર્તાનું છે. પણ ઠંડી ક્રૂરતાનું અમે એક વાસ્તવિક દૃશ્ય જોયું તે ગમે તેના હૃદયને સંતાપથી ભરી દે એવું છે. જે દિવસે સૂરતમાં ૧૧૦ ડિગ્રી જેટલો તાપ પડી ગયો તે દિવસે ધોમધખતા બપોરે ૨૦-૨૫ નાના છોકરાઓનું એક સરઘસ બબ્બેની હારમાં અઠવા લાઈન્સ તરફ જતું હતું. આગળ બે અને પાછળ બે બંદૂકધારી પોલીસો ચાલતા હતા. આ છોકરાઓમાં લગભગ પંદરથી માંડી સાતઆઠ વર્ષના છોકરાઓ હતા. કદાચ એકાદ બે તો છસાત વર્ષના હોવાનો પણ સંભવ છે. લગભગ તમામ છોકરાઓનાં કપડાં મેલાંઘેલાં હતાં અને થોડાકનાં કપડાં તો ફાટેલાં પણ હતાં. આ વીસ-પચીસ વિદ્યાર્થીઓમાંથી એકેના પગમાં ચંપલ કે જોડા નહોતા. સાથે એકાદ મારતર જેવી વ્યકિત ચાલતી હતી. અમે કુતૂહલ અને સંતાપથી વ્યગ્ર થઈ પેલી વ્યકિતને આ બાળકો કોણ છે એમ પૂછતાં અમને જવાબ મળ્યો કે આ બધાં 'રિમાન્ડ હોમ'નાં બાળકો છે.

હવે અમારો પ્રશ્ન એ છે કે ધખધખતા બપોરના બે વાગ્યાના અરસામાં આ બાળકોને પીગળતા ડામરવાળા અને સખત તાપથી તપી ગયેલા રસ્તા ઉપર ચલાવવાનું શું પ્રયોજન ? આમાંનાં ઘણાં નાનાં બાળકો તો બિચારાં આવા તપી ગયેલા રસ્તા ઉપર દાઝી જવાથી ચાલી પણ નહોતાં શકતાં અને જે સહેજ પાછા પડે તેને પોલીસ ધમકાવી અને કદાચ ગાળ દઈને આગળ થવા ધક્કા મારતો હતો બનવા સંભવ છે કે આમાંનાં ઘણાં બાળકો ગુનેગાર હશે. કેટલાંક માબાપથી ત્યજાયેલાં હશે અને કેટલાંક ભૂલાં પડેલાં અને માબાપોનો પત્તો નહીં મળતાં 'રિમાન્ડ હોમ'માં મોકલાયેલાં હશે. છતાં એક વાત એટલી તો સાચી છે કે એ બધાં જ નાનાં બાળકો હતાં અને આવી ક્રૂરતા સહન કરવાને તેમને કોઈ કારણ નહોતું.

આપણો આ ગાંધીનો દેશ ! ગાંધીને નામે રોજ સોગંદ ખવાય ! દલિતોના ઉદ્ધારની રોજ વાતો થાય. મંદિરોમાં ઘંટનાદ આરતીપૂજન થાય. કથાવાર્તાનાં પારાયણો માટે નાણાં ઉઘરાવાય અને વળી વર્તમાનપત્રોને પાને નાણાં ખર્ચી તેની જાહેરખબર છપાવાય ! મંદિર બંધાવવા પણ કથા-સપ્તાહ બેસાડાય અને તે

કથાનાં પારાયણો માટે નાણાં આપનારા દાતાઓના ફોટા છપાય. ધનિક – માણસો એક બાજુ પુણ્ય કમાવાનો અને બીજી બાજુ નામના કમાવાનો સંતોષ લે. એવા આ દેશમાં આવાં નિરાધાર બાળકોને ધમતા ડામરના રસ્તા ઉપર ચલાવાય અને કોઈનું રુંવાડું યે નહિ ફરકે ! આપણી પુણ્યની ભાવના પૈસા આપી પારાયણ કરાવવા પૂરતી કે પથ્થરઈંટચૂનાનાં મંદિરો બંધાવવા પૂરતી જ મર્યાદિત–માનવમનના મંદિરની આપણને કોઈ દરકાર જ નહિ !

આપણા 'રિમાન્ડ હોમ'ની આ દશા કોઈને પણ ખૂંચે એવી છે. 'રિમાન્ડ હોમમાં' આવેલાં બાળકોને જેલનાં કેદી જેવાં બનાવી તે બાળકો ઉપર ક્રૂરતા આચરવાનું કાર્ય એ માનવતાવિરુદ્ધનું કાર્ય છે. અમે જે બનાવ ટાંકયો તેમાં આ બાળકોને ક્યાં લઈ ગયા હતા તેની અમને ખબર નથી. કારણ એ અંગે અમને જવાબ મળ્યો નહોતો પણ ધારો કે કોર્ટ-કચેરીના કામ માટે લઈ ગયા હોય તો એમને પોલીસવાનમાં લઈ જવા જોઈએ અને આ શહેરમાં પોલીસવાનોનો તોટો નથી. કહેવાય છે કે 'રિમાન્ડ હોમ'ના કારભાર સાથે સ્ત્રીઓને સાંકળવામાં આવે છે. સૂરતમાં 'રિમાન્ડ હોમ' સાથે કયાં બાનુઓ સંકળાયેલાં છે તે અમે જાણતા નથી. પણ જે કોઈ હોય તેમના તથા સરકારના ધ્યાન ઉપર ઠંડી ક્રૂરતાનું આ દૃશ્ય અમે લાવીએ છીએ.

[૧૦ એપ્રિલ, ૧૯૭૩]

તબીબી વ્યવસાય અને જનસેવા

[તબીબી વ્યવસાયમાં પ્રવેશનારે હિપોક્રેટસે પ્રબોધેલી પ્રતિજ્ઞાઓ જેવી પડે છે. પછી એનું આચરણ કેટલું થાય છે તે પ્રશ્ન છે. આ ક્ષેત્ર એવું છે જેમાં અન્ય વ્યવસાયોમાં જોવા મળતી શુદ્ધ વ્યવસાયવૃત્તિ ક્યારેક કલંકરૂપ બને. ડાકટરી વ્યવસાય અને સામાન્ય માનવી એ કુંજવિહારી મહેતાની વિચારણાનો એક સતત પુનરાવર્તિત વિષય રહ્યો છે. — સં.]

ડાકટરોને કોઈકે દેવના દૂત તરીકે ઓળખ્યા છે અને તે એ અર્થમાં કે માંદગીના બિછાના પાસે ડાકટરનું આગમન થતાં ગંભીર વાતાવરણ હળવું બને છે. આશાનાં કિરણો ઝબકી જાય છે અને શોકમગ્ન બનેલી વ્યકિતઓ આશ્વાસન અને રાહત અનુભવે છે. પણ આજે જ્યારે માંદગીનું આગમન અતિશય સામાન્ય બન્યું છે ત્યારે દેવના આ દૂતને પધરાવવાનું સામાન્ય માનવી માટે કેટલું બધું મુશ્કેલ બન્યું છે! સ્વતંત્ર ભારતની એક બલિહારી છે કે સામાન્ય માનવીને માટે શિક્ષણ મોંઘું છે, ન્યાય મેળવવો મોંઘો છે અને વૈદ્યકીય રાહત પણ મેળવવી એટલી જ મોંઘી છે. શિક્ષણ, ન્યાય અને દવા ત્રણે માનવજીવનની જરૂરિયાતો સામાન્ય સ્થિતિના માનવીને માટે આજે તો દુર્લભ છે. પણ એથીય વિચિત્ર ઘટનાઓ જ્યારે અખબારોને પાને ચમકે છે ત્યારે આપણને આ દેશમાંથી માનવતા પરવારી ગઈ હોય એમ લાગે છે. અકસ્માતનો ભોગ બનેલી વ્યકિતને ખાનગી સારવાર આપવા ડાકટરો તૈયાર થતા નથી – દવાખાનાની સામે માનવી અકસ્માતનો ભોગ બની મરતો હોય તોય! એમાં કાયદાની જડતા પણ કદાચ કારણરૂપ હોય. પણ એવા માનવીને જાહેર ઈસ્પિતાલોને દરવાજે અથડાવું પડે, ડાકટર હોય છતાં તે સારવાર માટે હાજર ન થાય અને એમ પેલો બિચારો માનવી સારવારને અભાવે મૃત્યુ પામે ત્યારે દેવના દૂતની ઉપમા જુદા અર્થમાં લાગુ પડે.

આપણે ત્યાંની જાહેર ઈસ્પિતાલોના કાર્યનું અવલોકન કરવા જેવું છે. શહેરોમાં જ્યાં આવી ઈસ્પિતાલો હોય છે ત્યાં એની પાછળનું ધ્યેય ગરીબ માનવીને ઓછે ખર્ચે અથવા તદ્દન મફત સારી ડાકટરી સારવાર આપવાનું છે.

પણ જાહેર ઈસ્પિતાલોમાં આવી સારવાર ગરીબ કરતાં તવંગરોને જ વધારે પ્રમાણમાં મફત મળે છે. લાગવગ ધરાવતી વ્યકિતઓને મફત સારવાર મળે અને ગરીબો બિચારા આમથી તેમ અથડાયા કરે. એક ઈસ્પિતાલમાં બે આનાની નજીવી ફી લઈ દવા આપવામાં આવે છે. ત્યાં એક ગરીબ બાઈ પોતાના એકના એક પુત્રને લઈ સારવાર કરાવવા આવે છે. બાઈની સ્થિતિ અત્યંત ગરીબ છે અને એના બાળકને કશાક મોંઘા ઈન્જેકશનની સારવાર આપવાની જરૂર છે. ડાકટર આ ઇન્જેકશનની ભલામણ કરે છે. ઈસ્પિતાલ બે આનાની દવા આપીને જ કૃતકૃત્યતા માને છે. પેલું બાળક ઇસ્પિતાલને બારણેથી જરૂરી સારવાર વગર જ પાછું ફરે છે. કોઈ પણ મોટા શહેરની ઇસ્પિતાલમાં દાખલ થવા પૈસા જોઈએ અથવા લાગવગ જોઈએ. એ બેમાંથી એકે જેની પાસે ન હોય. તેમને માટે તો સ્વર્ગનાં જ દ્વાર ખુલ્લાં હોય છે. વળી સરકારી ઇસ્પિતાલોમાં જે ડાકટર હોય તો દવા ન હોય અને જે દવા હોય તો ડાકટર ન હોય અને કયાંક કમ્પાઉન્ડર જ ડાકટરનું કામ કરતો હોય!

અલબત્ત, કેટલીક વાર સારવારની શિબિરોના પ્રયોગો ગરીબોના લાભાર્થે થાય છે ખરા. જેમ સમૂહમાં જનોઈ થાય, સમૂહમાં લગ્ન થાય તેમ આવી શિબિરોમાં સમૂહમાં ઓપરેશનો થાય. પરોપકારી કામ કર્યું હોય તે સંસ્થાનું અને જે ડાકટરોએ આ પરોપકારી કામ કર્યું હોય તે ડાકટરોનાં નામ ચમકે અને ધન્યતાનું વાતાવરણ સૌ કોઈ અનુભવે. પ્રસિદ્ધિ માટે આ બધું ઠીક છે પણ કેટલાય ગરીબો આ દેશમાં વગર દવાએ અને વગર સારવારે મરતા હશે! કેટલીય જાહેર ઇસ્પિતાલોમાંથી એમને ખાનગી સારવાર માટે જવાની ભલામણો કરવામાં આવતી હશે! ઇસ્પિતાલમાં દાખલ થવા લાગવગની ચિઠ્ઠી મેળવવા કેટલીય ખુશામદો કરવી પડતી હશે!

જે જાહેર ઇસ્પિતાલોમાં રાહત મેળવવાનું આટલું મુશ્કેલ હોય તો તો ખાનગી સારવાર મેળવવાનું તો ગરીબો માટે કેટલું ય કપરું હશે! ડાકટર થવા માટે વ્યક્તિને ઘણાં વર્ષો કાઢવાં પડે, ઘણો ખર્ચો કરવો પડે, પરદેશ જઈ મોટી ઉપાધિ મેળવવા વધારે નાણાં ખર્ચવાં પડે. ત્યાર પછી ધંધાની શરૂઆત કરવા બીજાં નાણાં ખર્ચવા પડે, મોટર, ટેલિફોન, રેફ્રિજેટર વગેરે સાધનો વગર ડાકટરને ચાલે જ કેમ! એટલે એ સાધન વસાવવા અને નભાવવા નાણાં જોઈએ અને એ બધાં છેવટે જનતા પાસેથી મેળવવા એને મન થાય એ બહુ સ્વાભાવિક છે.

કોઈ ડાકટરને બાનગી સારવારનું બિલ ભરવા જતી વખતે એક દર્દીએ રાહત આપવા આજીજી કરેલી ત્યારે "હું પણ ધંધો લઈ બેઠો છું. રાહત મેળવવી હતી તો ધર્માદા દવાખાને જવું હતું." એવો જવાબ પણ એને મળેલો. બીજી બાજુ ગરીબ દર્દીને માત્ર મફત દવા જ નહિ પણ ગજવાનાં નાણાંમાંથી ફળ આદિને માટે મદદ કરનારા ડાકટરોના દાખલા પણ જનસ્મૃતિમાં નોંધાયેલા છે. અને આજે પણ એવા ડાકટરોને જનતા ભાવ અને માનપૂર્વક યાદ કરે છે. પણ એવા દાખલા કેટલા ?

આવી પરિસ્થિતિમાં ગરીબ વ્યકિત અને કુટુંબને વિના અગવડે સારી ડાકટરી સારવાર મળી શકે એવો પ્રબંધ કરવો જોઈએ. એક વાર સ્વ. દીવાન બહાદુર ચૂનીલાલ ગાંધીએ તબીબી સારવાર માટે લત્તાવાર સહકારી યોજના સૂચવેલી જેમાં મધ્યવર્ગનાં કુટુંબોને સારી સારવાર મળી શકે એવો પ્રબંધ હતો. એવી કોઈક યોજના ફરી સજીવન કરવામાં આવે તો ડાકટરો પણ એમાં સહાયભૂત થવા આગળ આવશે એની અમને શ્રદ્ધા છે. ડાકટરી વ્યવસાય જનોપયોગી થવા માટેનો સર્વોત્તમ વ્યવસાય છે અને એવી સેવા કરવાની તત્પરતાવાળા ડાકટરો પણ સમાજમાં છે. જરૂર છે કોઈક વ્યવસ્થિત સંગીન યોજનાની અને જ્યાં હૉસ્પિતાલોમાં ડાકટર પોતાની ફરજ ચૂકે ત્યારે તેને પણ દંડો બેસે એવી વ્યવસ્થાની. ડાકટરને પણ પોતાના અંગત જીવનનાં રોકાણો હોય છે, આરામ અને શાંતિની જરૂર હોય છે એવી દલીલો પણ સ્વીકાર્ય છે પરંતુ કેટલાક વ્યવસાયો એવા છે કે તે અપનાવવામાં જ અમુક જવાબદારીઓ અને ફરજો અદા કરવાની રહે જ છે. અને અંગત વસ્તુઓનો એમાં ભોગ આપવો પણ પડે છે. ગરીબ અને તવંગર એમ સૌને માટે ડાકટરે તત્પર રહેવું ઘટે–લશ્કરનો જુવાન જેમ હોય છે તેમ !

[૧૯ મે, ૧૯૬૪]

વિડંબનાવાદ

ગાંધીજયંતીને દિવસે વડોદરામાં ગાંધીજીની પ્રતિમા હેઠળ દારૂ પીવાનો અને વધેલા દારૂથી ગાંધીજીની પ્રતિમાને ધોવાનો અથવા 'સ્નાન કરાવવાનો' કાર્યક્રમ વડોદરાના કેટલાક યુવાનોએ જાહેર કર્યો. આ કાર્યક્રમ અમલમાં મૂકાયો હોય એમ લાગતું નથી. પરંતુ આ કાર્યક્રમના અમલની વાત બાજુએ મૂકીએ તો પણ આવો કાર્યક્રમ વિચારાય-જાહેર થાય અને એની પ્રસિદ્ધિ થાય એ એક પ્રાયશ્ચિત્ત વિનાનું પાપ છે કહેવાય છે કે દરેક પાપનું પ્રાયશ્ચિત્ત છે અને કલાપીના શબ્દોમાં કહીએ તો ધોવા મુરાઈને બધે પ્રાયશ્ચિત્તની ગંગા વહે છે. પરંતુ ગાંધીજીની પ્રતિમાની હેઠળ જ સુરાપાન કરવાના અને ગાંધીજીની પ્રતિમાને દારૂ વડે સ્નાન કરાવવાના વૈચારિક પાપનું કોઈ પણ પ્રાયશ્ચિત્ત હોઈ શકે નહિ કારણ એ પાપ જાણીબૂઝીને ગાંધીજીની પ્રતિમાને ખંડિત કરવાના ઈરાદાથી થાય છે અને તેથી એ પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત અમે કલ્પી શકતા નથી.

ગાંધીજીને આપણે રાષ્ટ્રપિતા તરીકે પ્રમાણ્યા છે અને ગાંધીજીના નેતૃત્વ હેઠળ આ દેશમાં જે ક્રાંતિ થઈ એ ક્રાંતિના ભાગીદારો અને એ ક્રાંતિને પ્રત્યક્ષ નિહાળનારી પેઢી હજી આજે પણ જીવે છે. ગાંધીજીનું જીવનકાર્ય એ કંઈ કલ્પિત કે કોઈ પૌરાણિક પાત્રો જેવું કપોલકલ્પિત નથી. ગાંધીજીને હજારો માણાસેએ જોયા છે, એમની સાથે વાત કરી છે, એમની મુલાકાત લીધી છે. હીરેન મુખર્જી આમ તો અંગ્રેજીના વિદ્વાન અધ્યાપક છે. પ્રો. હીરેન મુખર્જી વર્ષો સુધી આપણી લોકસભાના સભ્ય હતા. પ્રો. મુખર્જી એક પ્રખર અને અનુબદ્ધ સામ્યવાદી છે. એમણે એમના 'ગાંધી એન્ડ ઈન્ડિયા' નામના જાણીતા પુસ્તકમાં ગાંધીજીને ભવ્ય અંજલિ આપી છે. એમણે ગાંધીજીને માટે કહ્યું છે: 'હી વોઝ એ હોલ મેન' એ પૂર્ણ માનવી હતા. આ જ ગાંધીજીની પ્રતિમાને એના જ ગુજરાતમાં એ જ ગુજરાતના યુવાનોને હાથે અપમાનિત કરવાનો વિચાર પણ કરાય એ દુષ્વિચારની અવધિ છે અને એનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી.

આપણા દેશમાં હમણાં હમણાં વિડંબનાનો યુગ ચાલી રહ્યો છે. હિંદુઓને હાથે જ હિંદુધર્મની વિડંબના થાય છે. ગણેશોત્સવ એનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. કોઈ કે કહ્યું કે ગણેશજીની મૂર્તિની પાછળ જ એમના

ચરણ હેઠળ જ ને સુરાપાન ચાલતું હોય તો પછી ગાંધીજીની પ્રતિમા સમક્ષ થાય તો નવાઈ શી? પણ વાત જુદી છે. આવી વિડંબના સહી લેનારાઓ આવાં પાપના ભાગીદાર બને છે. બીજા કોઈ પણ ધર્મમાં ધર્મની સહેજ જેટલી વિકૃતિ પણ એ ધર્મના ધર્મગુરુઓ સહી લેતા નથી. ગણેશની વિકૃત આકૃતિવાળી પ્રતિમાઓની રચનાથી માંડી એની સ્થાપના એનો ઉત્સવ અને એના વિસર્જન સુધીની તમામ પ્રક્રિયાઓમાં હિંદુધર્મની વિડંબના થતી રહી છે અને હિંદુધર્મના ધુરંધરોએ એ મૂંગે મોંએ જોયા કર્યું છે.

ગાંધીજીની પ્રતિમાના આ અપવિત્રકરણને સહન કરનારા પણ એવા જ જવાબદાર છે. આ વિચારની સામે એવો પ્રતિકાર થવો જોઈએ કે આવતા કંઈ કેટલાં વર્ષો સુધી આવો ઉપહાસ કરનારા બીજીવાર વિચાર કરે. હજી આચાર્ય કૃપલાણી જીવે છે, રવિશંકર મહારાજ જીવે છે. ગુજરાતમાં હજી દિલખુશ દીવાનજી, જુગતરામ દવે, ગોરધનદાસ ચોખાવાળા પણ સક્રિય છે. આ બધા જ ને ગાંધીચીંધ્યા માર્ગે આવી ઉદ્દંડતા સામે પોતાનો પુણ્યપ્રકોપ બતાવે તો કોઈની તાકાત છે કે આવો વિચાર પણ વ્યક્ત કરી શકે. આજે સારા માણસો સંપૂર્ણ નિષ્ક્રિય બની સારાની અને સારપની વિડંબના સહી લે છે અને તેથી જ જીવનના પ્રત્યેક ક્ષેત્રે ઉદ્દંડતા ફૂલીફાલી છે. સારા માણસોની આ નિષ્ક્રિયતાને ભાવિ પેઢી માફ નહિ કરે.

[૭, ઑક્ટોબર, ૧૯૮૦]

હાસ્યાસ્પદ ઘેલછા

થોડા દિવસો ઉપર અમને એક નિમંત્રણપત્ર મળ્યો. "આપણી જ્ઞાતિના એમ. ડી. અને પીએચ. ડી. ની ઉચ્ચ ઉપાધિ પ્રાપ્ત કરનારાઓનું" 'વિશિષ્ટ સન્માન' અને સન્માન કરવાના પ્રસંગ અંગેનું આ નિમંત્રણ હતું. પીએચ. ડી. મેળવનારાનું વિશિષ્ટ સન્માન એમ. ડી. અને એમ. ઈ. થનારાનું 'સન્માન' કરવાનો સંકેત એમાં હતો. નિમંત્રકોમાં શહેરના એક જાણીતા કેળવણીકાર હતા. અમને 'આપણી જ્ઞાતિના' શબ્દો ખૂંચ્યા. એક બાજુ વ્યકિત એમ. ડી. પીએચ. ડી. જેવી વિદ્યાપીઠની ઊંચી ડિગ્રી પ્રાપ્ત કરે, બીજી બાજુ તે જૂની પુરાણી, જર્જરિત બની ગયેલી અને હિંદુધર્મને અનેક રીતે હાનિ પહોંચાડનારી જ્ઞાતિ-વ્યવસ્થાની સંકુચિતતાની બહાર નીકળી ન શકે! કેવી કરુણતા! વળી એક કેળવણીકાર પણ આવી સંકુચિતતામાં ભાગીદાર બને એ તો વળી વિશેષ કરુણતાની વાત છે. આપણે ત્યાં જ્ઞાતિવ્યવસ્થાની સંકુચિતતાને ટકાવી રાખનારો વર્ગ જ આ ભણેલો-ગણેલો ઉપલો વર્ગ છે. કેવળ જન્મના અકસ્માતથી મળેલી ન્યાંતનું અભિમાન પણ એ પ્રસંગોપાત લેતો ફરે છે અને બીજી બાજુ ન્યાતજાત ખોટાં હોવાની વાત પણ એ કરતો ફરે, અનામત વિરોધી આંદોલન પણ એ કરે અને જ્યારે પોતાના પગ બોળવાનો વખત આવે ત્યારે ન્યાતજાતનો ઝંડો પણ એ જ ફરકાવે. શિક્ષણપ્રાપ્તિ કે વિદ્યાપ્રાપ્તિનું સન્માન જ્યારે ન્યાતજાતની હેસિયતમાં આજે પણ થાય છે ત્યારે એ વાત કોઈને પણ ખૂંચે એવી છે. જ્ઞાતિવાદને વકરાવવાનું એ નિમિત્ત બને છે. અહીં તો વળી વિશિષ્ટ સન્માન અને સન્માન એવા બે પ્રકારના સન્માનની વાત છે. સન્માનમાં પણ પાછી ચઢતી-ઊતરતી ભાંજણી!

પણ આ સન્માનની વાત પણ વિચારવા જેવી છે. આજથી ચાલીસેક વર્ષ પહેલાં મેટ્રિકયુલેશનની પરીક્ષા પાસ કરનારાઓમાંથી કેટલાક કોઈક ન્યાતિમાં પહેલા મેટ્રિક થનારા હતા અને તે મેટ્રિક થયા તે માટે તેમનું સન્માન કરાતું. એ પાછા બી. એ. થતા ત્યારે પહેલા બી. એ. થનારાઓમાં ખપતા અને તેમનું પાછું સન્માન કરાતું. જમાનો બદલાતો ગયો. થોકબંધ લોકો મેટ્રિક, બી. એ. થતા

ગયા અને એ તમામનું સન્માન કરવાનું કામ કપરું બનતું ગયું. એટલે હવે મેટ્રિક, બી. એ. માટે સન્માન થતું નથી. હવે સન્માનનું નિમિત્ત, વર્તમાનપત્રોમાં છબીઓ પ્રગટ કરવાનું નિમિત્ત, પીએચ. ડી. કે એવી કોઇ ઉપાધિ ઉપર આવીને અટકયું છે. જો કે આજે પણ એમ ફિલ કે પીએચ. ડી. કે એમ. ડી. થનારાઓનો તોટો તો નથી જ. આજે પીએચ. ડી. કે એમ. ફિલ. કે એમ. ડી. કોઈ ડિગ્રીની નવાઈ રહી નથી. સૂરતમાં દર રવિવારે એક એમ. ડી. પોતાનું દવાખાનું બોલે છે. કોઈ પણ પ્રકારનું સન્માન પાછું એકવાર નથી થતું. મહોલ્લાવાળા, ગામવાળા, મિત્રમંડળો, બોળખીતા પાળખીતા, સાહિત્યમંડળો 'વિશિષ્ટ સન્માન' વારાફરતી કરતા જ રહે. સન્માન સમારંભોની એક ભરમાર ઊભી થાય. અહો રૂપમ્ અહો ધ્વનિની એકની એક રેકર્ડ વાગ્યા જ કરે. સન્માન માટેનું કોઈ નિમિત્ત જોઈએ. આપણી પોળો ઘણી સાંકડી છે.

ડિગ્રીની જ વાત નીકળી છે ત્યારે એક બીજી નોંધ કરવાનું પણ મન થાય છે. અમે બે ત્રણ નિશાળોનાં સામયિકો જોયાં. આ સામયિકોમાં જે તે શાળાના શિક્ષકોનાં નામો તથા તેમની ડિગ્રી આપેલી છે. ઘણાં નામોને અંતે બી. એ. (બીજો વર્ગ) અને સાથે એમ. એ. (બીજો વર્ગ) લખેલું જોયું. હવે બી. એ. વગર એમ. એ. થવાય જ નહિ છતાં બન્ને લખવાનો અર્થ બરો? હેતુ કદાચ બી. એ. માં બીજો વર્ગ છે તે આગળ લાવવાનો હશે કેટલાંક નામોને અંતે એમ. એ. (પાર્ટ-૧) એમ. કોમ. (પાર્ટ-૧) એમ પણ જોયું. સંભવ છે કે એ વ્યક્તિએ એમ. એ. કે એમ કોમ. પાર્ટ પહેલાની પરીક્ષા પાસ કરી હશે પણ તે ડિગ્રી બનતી નથી. એનું મહત્ત્વ શૂન્ય જ રહે છે. કેટલાંક નામો પાછળ એફ. વાય. બી. એ. પણ લખેલું જોયું. એફ.વાય.બી.એ. ડિગ્રી નથી. પરંતુ બધે જ અનિવાર્ય રીતે ડિગ્રી સાથે પહેલો કે બીજો વર્ગ હોય તો વર્ગ તો લખાયેલો હોય જ. આ બધું કોઈ ચેલાઓએ કર્યું હોત તો તે ક્ષન્તવ્ય ગણાત પણ શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષકો આવી ચેલબાને વશ થાય અને વિવેક ચૂકી જાય એ જરા વિચિત્ર લાગે એવી વાત છે. વિવિધ વર્ગો અને વિવિધ ડિગ્રીઓ મેળવનારાઓ આજે જ્યારે બજારમાં રખડતા ફરે છે ત્યાં આ ચેલબા કેવળ હાસ્યાસ્પદ જ બની જાય છે.

[૧૨ મે, ૧૯૮૧]

દાણચોરી : શઠતાનું ગૌરવ

હમણાં હમણાં દાણચોરી વિરુદ્ધ સરકાર પગલાં લેવાની જાહેરાત કરે છે. કેમ જાણે દાણચોરીનું અનિષ્ટ કેવળ રાતોરાત જ ન ફાલ્યું હોય! કેન્દ્ર સરકારના એક પ્રધાન શ્રી ગણેશે તે 'દાણચોરીના અડ્ડાઓ' ઉપર જાતે મોરચો લઈ જઈ ઘેરાવ કરવાની વાત પણ કરી છે સ્વરાજ્ય મળ્યા પછીનાં વર્ષોમાં જ દાણચોરીનું અનિષ્ટ ખૂબ ફૂલ્યુંફાલ્યું છે અને એને માટે દાણચોરી કરવામાં સંડોવાયેલા માણસો જેટલા જવાબદાર એટલા જ જવાબદાર એને પોષવામાં સહાયભૂત થનારા શિક્ષિત અને ઉપલા થરના માનવીઓ પણ છે.

"વાચકોને એ જાણીને નવાઈ લાગશે કે દાણચોરો સામે સત્યાગ્રહનો જંગ માંડવાની જાહેરાતથી થયેલા માનસિક શ્રમને ઘટાડવા શ્રી ગણેશે પત્રકારોની સામે જ બુશકોટના ખિસ્સામાંથી ૫૫૫ નંબરની સિગરેટનું પાકીટ કાઢી એક સિગરેટને ડનહીલના (સોનેરી) વિદેશી લાઈટરથી સળગાવી હતી" (ગુજરાત સમાચાર તા. ૨૦મી) આ નોંધપાત્ર ગણાવું જોઈએ.

દાણચોરી કાયદાનો ભંગ કરવા માટેની જ એક સમસ્યા નથી પણ આપણા સંસ્કારજીવનની પણ એક સમસ્યા છે. ૧૯૨૦થી ૧૯૪૫ સુધીના સમયમાં ગાંધીજીના નેતૃત્વ હેઠળ સ્વદેશીની જે ભાવના પ્રજાના મનોહૃદયમાં દૃઢ થઈ હતી તેનું ઉન્મૂલન સ્વરાજ્યપ્રાપ્તિનાં ૨૫ વર્ષમાં આપણે કરી દીધું. સ્વદેશી માલ વાપરવાનું ગૌરવ અનુભવતા અને એને દેશપ્રેમના એક અપ્રતિમ પ્રતીક તરીકે પૂજનારાઓનાં બાળકો જ આજે આ પરદેશી (ફોરેન) માલના ચાહક પૂજક અને ચોરીછૂપીથી દેશમાં ઘુસાડનારાં બન્યાં એ પણ કાળની એક બલિહારી છે. આ જાણે ઓછું હોય તેમ દાણચોરીની વસ્તુનું ગૌરવભેર પ્રદર્શન કરવામાં, બીજાને જોઈતી હોય તો લાવી આપવામાં સહાયભૂત થવાની વાત કરવામાં આ બિરાદરોને નાનમ નથી લાગતી. અમને લાગે છે કે દાણચોરીનું અનિષ્ટ કેવળ કાયદાથી દૂર થઈ શકે એમ નથી. એનો ઉપાય ઠેઠ મૂળમાંથી કરવો પડશે.

આજે દાણચોરીનો માલ ઘુસાડવામાં નાનાં-મોટાં વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓનો ઉપયોગ કરવામાં આવે છે. દાણચોરીની વસ્તુ શાળા-કૉલેજોમાં ખુદ

વેચાવા આવે છે. ખાસ તો કપડાં. અને આ કાર્ય માટે તેમને સારાં જેવાં નાણાં સાંપડે છે. દાણચોરી એક દેશદ્રોહનું કૃત્ય છે અને એમાં કોઈ પણ રીતે સહાયભૂત થવાનું કૃત્ય પણ દેશદ્રોહનું કૃત્ય છે એ વાત ઠેઠ શાળાઓમાંથી વિદ્યાર્થીઓના મન ઉપર ઠેસવવી જોઈએ. આપણી શિક્ષણવ્યવસ્થાના એક અંગ તરીકે દાણચોરી પ્રત્યે નફરત પેદા કરવાની જોગવાઈ કરવી જોઈએ. અને એમ થશે તો આપોઆપ દાણચોરી પ્રત્યેનો મોહ ઓસરી જશે અને એક ગુનાહિત કૃત્ય તરીકે પ્રજા એના તરફ જોતી થશે.

દાણચોરીના માલમાં મોટે ભાગે તો કાપંડ અને કપડાં વધારે ઘુસાડાય છે અને એમાં પણ સમાજની બહેનો વધારે ઉત્સુક હોય છે. આ દાણચોરીનો માલ પહેરવો એક દેશદ્રોહનો ગુનો છે અને પાપ છે એ પ્રકારનો પ્રચાર અને એ રીતનું શિક્ષણકાર્ય મહિલાસંસ્થાઓ દ્વારા હાથ પર લેવાય એ પણ જરૂરી છે. રેડિયો, અખબારો અને બીજા જાહેર કાર્યક્રમો દ્વારા આ પ્રચારને વેગવંતો બનાવી ઘેરઘેર પહોંચાડવો જોઈએ. સમાજનો સ્ત્રીવર્ગ જો દાણચોરીના માલ પ્રત્યે નફરત સેવતો થાય તો આપણા સમાજમાંથી એ અનિષ્ટ સત્વર ટળે. કાપડ, ઘડિયાળ અને મોજમજાહનાં સાધનોના સંદર્ભમાં સૌથી વધારે દાણચોરી પહેલી બે વસ્તુઓથી થાય છે.

સરકારે પણ દાણચોરી દ્વારા સંપત્તિ એકઠી કરનારા પાસેથી ચૂંટણી કે એવાં બીજાં કાર્યો માટે નાણાં એકઠાં કરવાનાં છોડી દેવા જોઈએ. સરકારના પ્રધાનો અને ધારાસભ્યો વગેરેએ પણ દાણચોરીનો માલ નહીં વાપરવાની ટેક લેવી જોઈએ. સમાજમાં દાણચોરીમાં સંડોવાયેલા પ્રતિષ્ઠા પામે છે એટલું જ નહિ પણ દાણચોરીમાં અઢળક સંપત્તિ ભેગી કરનારની સંપત્તિની વાત અહોભાવથી કહેનારા અને ચકિત થઈ ને સાંભળનારાઓની સંખ્યા ઓછી નથી. કોઈ કોઈ બાળક પોતાના પિતાને વ્યવસાયની દૃષ્ટિએ જો 'સ્મગલર' તરીકે ઓળખાવે તો નવાઈ નહિ. કારણ 'સ્મગ્લર' કે 'સ્મગ્લિંગ' એ હજી ઘૃણાજનક શબ્દો બન્યા નથી અને તેથી આપણા સમાજમાંથી દાણચોરીનું અનિષ્ટ સદંતર નિર્મૂળ કરવું હોય તો તે કેવળ કાયદાની પરિપાટીએ શકય જ નથી. એને માટે તો આખી શિક્ષણવ્યવસ્થામાં એ વાત સામેલ કરવી પડશે. બીજી બાજુ દેશમાં બનતી જે સારી વસ્તુઓ દેશના વાસીઓને મળે છે તે વસ્તુઓ સારી બને એ માટે સરકારે આગ્રહ રાખવો પડશે. એમ નહિ થાય તો આ અનિષ્ટ અટકવાને બદલે વધારે ફૂલશેફાલશે.

[૨૭ ઑગસ્ટ, ૧૯૭૪]

દારૂબંધી–એક દૃષ્ટિપાત

[દારૂબંધીના કાયદાએ આ દેશનાં વિવિધ રાજ્યોમાં અનુભવની લીલીસૂકી જોઈ છે. એ કાયદાના લાભો વિષે વિવાદ ઓછો હશે, એના અમલ પુરત્વે વિવાદ મોટો છે. એમાં વહીવટી અને સામાજિક પરિબળો જે રીતે દોષિત છે તેની અહીં નિર્ભ છણાવટ લેખકે કરી છે. —સં.]

મહારાષ્ટ્રમાં દારૂબંધી હળવી બનાવવાની વિચારણા ચાલે છે તેની સામે વિરોધ નોંધાવવા ડૉ જીવરાજ મહેતાની આગેવાની હેઠળ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીના નિવાસસ્થાન સામે પ્રાર્થનાનો કાર્યક્રમ રખાયાના સમાચાર પ્રગટ થઈ ચૂકયા છે. આવા પ્રકારનો વિરોધ ગાંધીચીધ્યો માર્ગ છે અને એમાં ડૉ. જીવરાજ મહેતા જેવા એક વારના મુખ્યમંત્રી જોડાય એ એની નવીનતા છે. સમગ્ર દેશમાં જ્યાં જ્યાં દારૂબંધી છે ત્યાં ત્યાં તે હળવી બનાવવાની વિચારણા થાય છે અને કયાંક તો તે અંગેનાં પગલાં લેવાયાં પણ છે.

આપણે ત્યાં દારૂબંધી અમલી બનાવાયાને ઠીક ઠીક લાંબો સમય વીત્યો છે અને આપણે હવે એવી સ્થિતિએ પહોંચ્યા છીએ જ્યાંથી પાછળ દૃષ્ટિપાત કરી એના ગુણદોષનો સ્વસ્થતાથી વિચાર કરવો જોઈએ. પરંતુ જેમ શિક્ષણની બાબત તેમ દારૂબંધીની બાબત અંગે ઘણી વાર આવેશથી જ વિચાર થયો છે અને તે અંગેની જે વાસ્તવિક પરિસ્થિતિ અત્યારે પ્રવર્તે છે તે તરફ જાણ્યે અજાણ્યે આંખ આડા કાન કરવામાં આવે છે. કોઈ પણ બાબતમાં આત્યંતિક આદર્શવાદી દૃષ્ટિ ગમે એટલી આકર્ષક હોય છતાં વ્યવહારમાં તે સફળ ન નીવડી હોય તો તે અંગે પુનર્વિચારણા કરવામાં શાણપણ છે. વહીવટમાં આ વાત અનિવાર્ય રીતે યાદ રાખવા જેવી છે અને જે સરકાર આવી વાસ્તવિક દૃષ્ટિ નથી રાખતી એ વહીવટમાં અને પ્રજામાં અનેક પ્રકારની મુશ્કેલીઓ ઊભી કરે છે.

દારૂબંધીની બે બાજુઓ છે, એક નૈતિક અને બીજી વ્યવહારુ. નૈતિક દૃષ્ટિએ દારૂબંધીનો સાર્વત્રિક પુરસ્કાર થઈ શકે એમ છે. દારૂ માનવ જાતનો મહાન શત્રુ છે અને અનેક માણસોને અને કુટુંબોને દારૂએ પાયમાલ કર્યાં છે

એ પણ સાચું છે. દારૂબંધી થાય તો ઘણાં અનિષ્ટો, ગુનાઓ અને બરબાદી અટકે, જે માણસો દારૂના વ્યસન પાછળ નાણાં ખર્ચે છે તે બચે અને તે બીજી રીતે સુખી થઈ સાધનસંપન્ન બને. દારૂને કારણે જે સ્વાસ્થ્ય બગડે છે તે પણ અટકે અને માણસનું આયુષ્ય વધે. આ અને આવી ઘણી દલીલો આગળ કરવામાં આવે છે અને તે બધી જ સિદ્ધાંત કે નીતિની દૃષ્ટિએ સ્વીકાર્ય છે. દારૂ જ શા માટે ? એ દૃષ્ટિએ કોઈ પણ વ્યસન માનવ માત્રને માટે આફતરૂપ છે અને તે બધાનો જ વિરોધ કરી બધાંને લાગુ પાડવાની હિમાયત થઈ શકે.

પરંતુ વ્યવહારની ભૂમિકા ઉપર આવીએ છીએ ત્યારે સિદ્ધાંતની દૃષ્ટિએ જે યોગ્ય લાગતું હોય તે બધું જ અમલમાં મૂકી શકાતું નથી અને એમાંથી બીજા ઘણા કોયડાઓ સર્જાય છે. એ વાતની પણ પ્રતીતિ આપણને થાય છે. દારૂબંધીની બાબતમાં એ પ્રતીતિ આંખ ઉઘાડી રાખી ફરનાર સૌને થઈ ચૂકી છે અને એનો ઇનકાર કરનાર કાં તો સાચી હકીકતથી પરિચિત નથી, અથવા તો પરિચિત હોવા છતાં તેનો જાણી જોઈને ઇનકાર કરે છે. અહીં એક વાત એટલી પણ યાદ રાખવી જોઈએ કે ક્યારેય સામાજિક સુધારાઓ કેવળ કાયદા દ્વારા થયા નથી. જ્યાં સુધી શૈક્ષણિક ભૂમિકા તૈયાર કરી વિચારપરિવર્તન કરવામાં નહિ આવે ત્યાં સુધી એવા સુધારા થઈ શકવાના પણ નથી.

આજે ચોગરદમ ગેરકાયદેસર દારૂ વેચાય છે. એ દારૂને લોકો હળવી રીતે ગૃહઉદ્યોગ તરીકે ઓળખાવતા પણ થયા છે આ દારૂ ચોરીછૂપીથી વેચાતો નથી પણ ઉઘાડેછોગે વેચાય છે. એ પીવા આવનારા માત્ર સમાજના નીચલા જ થરના લોકો નથી પણ ઉપલા થરના માનવીઓ પણ છે જે મોટરસાયકલો કે મોટરોમાં ફરનારા છે. ક્યારેક તો સરકારી અમલદારો પણ એમાં સંડોવાયલા હોય છે. આજે જે દારૂ તરીકે વેચાય છે તે માનવસ્વાસ્થ્ય માટે ભયંકર છે, જેના મસાલા ગટર, જાજરૂ અને ઉકરડાઓની અંદર સંતાડવામાં આવે છે. દારૂનો ધંધો કરનારા ઠીક ઠીક માલેતુજ્જર થઈ ગયા છે. કેટલાક પ્રધાનના ઘરની આજુબાજુ પણ આ ધંધો ચાલે છે. પોલીસ આ આખી પરિસ્થિતિથી પરિચિત છે અને છતાં એની સામે પગલાં લઈ શકતી નથી. એને કારણે એ ખાતામાં લાંચરૂશ્વતની બદી પેઠી છે. દારૂની હેરફેરી વ્યવસ્થિત પદ્ધતિથી થાય છે. પોલીસ કયારેક દરોડાઓ પાડે છે અને કેટલાકને પકડે છે અને છતાં મોટા ભાગના માણસો છૂટી જાય છે. પંચો ફૂટી જાય છે. પોલીસની આખી શક્તિ દારૂ પાછળ જ ખર્ચાય છે અને તેથી

બીજાં અનિષ્ટો ઉપર એમની નજર રહી શકતી નથી છતાં એનું પરિણામ શૂન્ય છે. દારૂ વેચનારા અને પીનારા સમાજના બીજા શાંતિપ્રિય પ્રજાજનો માટે ભયરૂપ બન્યા છે. આજે પણ અનેકાનેક માણસો દારૂમાં બરબાદ થાય છે. શહેરમાં જો આવી પરિસ્થિતિ હોય તો ગામડામાં આના કરતાં વધારે વિપરીત પરિસ્થિતિ છે અને આખાં કુળિયાંનાં કુળિયાં દારૂના વ્યવસાયમાં સપડાયેલાં છે.

આ પરિસ્થિતિથી બધા જ પરિચિત છે, એમાં જરા ય અતિશયોક્તિ નથી અને છતાં દારૂબંધીના ચુસ્ત હિમાયતીઓ એને સ્વીકારવા તૈયાર નથી. જો વ્યવહારમાં દારૂબંધી આજે છે તે રીતે નિષ્ફળ નીવડી હોય તો તેને વધારે વ્યવહારૂ બનાવી વધારે સફળ બનાવવાના ઉપાયો શોધવામાં શી મુશ્કેલી છે તે સમજી શકાતું નથી. દારૂબંધી સંપૂર્ણપણે તદ્દન નાબૂદ કરવાની હિમાયત કરવાનો અમારો ઉદ્દેશ નથી છતાં તેને હળવી બનાવી મર્યાદિત પાયા ઉપર છૂટ મૂકવાથી ગેરકાયદેસર દારૂ ગાળવાના ધંધાને ડામી શકાય. આજે આ દૃષ્ટિથી ઘણાં કોંગ્રેસી સરકારવાળાં રાજ્યો વિચાર કરી રહ્યાં છે અને પોતાનાં રાજ્યોમાં દારૂબંધી હળવી કરવાના ઉપાયો તેમણે લીધા છે.

ગેરકાયદેસર દારૂના ધંધાને રોકવાના ઉપાયો લેવાવા જોઈએ. ખરેખર તો દારૂને નામે છડેચોક ઝેર વેચાતું થયું છે તે કોઈ પણ સંજોગોમાં બંધ થવું જોઈએ. આજે દારૂ પીનારા દારૂના પૈસા ખર્ચે છે ને? તેમાંથી બચવા લાંચરૂશ્વત માટે પૈસા ખર્ચે છે. સરકારે દારૂબંધીના પ્રચાર માટે ખૂબ નાણાં ખર્ચ્યાં છે. આખું ખાતું ખોલ્યું છે. લેખો, ફિલ્મો અને બીજાં સાધનો દ્વારા એના પ્રચારના પ્રયાસો કરે છે છતાં દારૂબંધી માટેના ખાતામાં કામ કરતા કાર્યકરના જ શબ્દોમાં કહીએ તો "એનાં કશાં પરિણામ આવ્યાં નથી." દારૂ માનવ-સ્વભાવની સાથે આદિ કાળથી સંકળાયેલું વ્યસન છે. શાસ્ત્ર પુરાણોમાં એની નિંદા થઈ છે અને છતાં તે જડમૂળથી કાઢી શકાયું નથી.

માનવ સ્વભાવ કાયદાથી કયારેય સુધારી શકાયો નથી. જેમ જેમ શિક્ષણનો પ્રસાર થાય, જેમ જેમ જનસમાજની દૃષ્ટિ ઉઘડે તેમ તેમ એ વધારે સફળ થઈ શકે પણ તે માટેનાં પગલાં લેવાને બદલે કાયદા દ્વારા સુધારા ઠોકી બેસાડાય તો તે પોકળ બને છે. ડૉ. જીવરાજ મહેતા અને બીજા સર્વોદય કાર્યકર્તાઓએ આ વાત ધ્યાનમાં રાખી હોત તો વધારે સારું થાત. વ્યવહારમાં મૂકી શકાય એવા આદર્શો અને સિદ્ધાંતો રચાય અને તેને વ્યવહારમાં મૂકી શકાય એવી નીતિ ઘડાય તો તે જનહિત માટે વધારે ઉપયોગી નીવડે એ દીવા જેવી સ્પષ્ટ વાત છે.

[૧૭ ઑક્ટોબર, ૧૯૬૭]

મૃત્યુદંડ

[મૃત્યુદંડ એ ન્યાય, નીતિ અને માનવતાની દૃષ્ટિએ વિવાદાસ્પદ દંડવિધાન ગણાયું છે. હમણાં હમણાં આપણા દેશમાં પણ એ વિષે ન્યાયતંત્રમાં નવેસરથી ચિંતન ચાલી રહ્યું છે તેની પૃષ્ઠભૂમિમાં આ લેખ રસપ્રદ બને છે. સં.]

મૃત્યુદંડ અથવા ફાંસીની સજા એ આધુનિક શિક્ષાવ્યવસ્થાની આકરામાં આકરી શિક્ષા છે. જૂની રોમન વ્યવવસ્થામાં 'દાંત સાટે દાંત અને આંખ સાટે આંખ'ની શિક્ષાનો અમલ થતો. કયાંક ચિબાવીને મારવાની, હાથીને પગે કરવાની, શૂળીએ ચઢાવવાની, જીવતા સળગાવી મૂકવાની, જીવતી ચામડી ઉતારવાની આદિ આજની દૃષ્ટિએ ક્રૂર, ઘાતકી અને અમાનુષી લાગે એવી શિક્ષાઓ જૂની જીવન વ્યવસ્થામાં અમુક ગુનાઓ માટે થતી. માનવીની સંસ્કારિતા વધતી ગઈ તેમ તેમ આ શિક્ષાઓ દૂર કરવામાં આવી અને છતાં મનુષ્યવધ જેવા ગુના માટે ફાંસીની સજા કાયમ રાખવામાં આવી. આવી આકરી અને ઘાતકી સજાનો મુખ્ય હેતુ ગુનો કરનારને ભય પમાડી ગુનો અટકાવવાનો છે.

પરંતુ આજે હવે ફાંસીની સજા પણ માનવતા વિહોણી ગણાય છે અને સુધરેલા દેશો તે રદ કરવાની તરફેણ કરે છે. બ્રિટનમાં પાર્લામેન્ટે ફાંસીની સજા રદ કરવાનો પ્રસ્તાવ સ્વીકાર્યો છે સીડની સીલ્વરમેન નામના પાર્લામેન્ટના એક સભ્યે ફાંસીની સજા સામે જગાવેલી જેહાદને વર્ષો પછી સફળતા મળી અને સભ્યોને પોતાની મુનસફી પ્રમાણે મત આપવાની છૂટ મળતાં ફાંસીની સજા રદ કરવાના ઠરાવને ઘણી મોટી બહુમતિ મળી. ભારત સરકારે પણ ફાંસીની સજા રદ કરવાનું વિચારી રહી છે અને તે માટે લોક અભિપ્રાય મેળવી રહી છે.

પણ અહીં એક બીજો પ્રશ્ન વિચારવાનો છે. ખૂન જેવા ગુના માટે જો ફાંસીની સજા રદ કરવામાં આવે તો તેને બદલે વધારેમાં વધારે આજન્મ કેદની સજા (Life Imprisonment) થઈ શકે. આજે આજન્મ કેદની સજા સામાન્ય રીતે વીસ વર્ષની ગણાય છે અને તેમાંથી સારી ચાલ ચલગત, રાષ્ટ્રીય તહેવારોની રજા વગેરેને લીધે મળતી માફીના દિવસો બાદ જતાં આજન્મ કેદ

બારથી ચૌદ વર્ષ જેટલી થાય. ફાંસીની સજા રદ કરવામાં આવે તો આજન્મકેદ વધારી પચીસથી ત્રીસ વર્ષની કરવી એવો પણ એક અભિપ્રાય પ્રવર્તે છે.

અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે ફાંસીની સજા રદ કરવા માટે બ્રિટનની પ્રજાના અભિપ્રાયને કેળવતાં વર્ષો લાગ્યાં છે. ભારતમાં પણ એ માટે છૂટક પ્રયત્નો વારંવાર થયા છતાં એ પ્રયત્નોને સફળતા મળી નથી. ફાંસીની સજા રદ કરવા માટે જ્યારે જ્યારે લોકસભામાં બિલ લાવવામાં આવ્યું ત્યારે એક દલીલ એ કરવામાં આવી હતી કે જો આ સજા રદ કરવામાં આવશે તો ખૂન જેવા ગુનાઓ અકલ્પ્ય રીતે વધી જશે. પરંતુ આ દલીલ પોકળ છે. ફાંસી જેવી સજા ગુનેગારોને ખૂન કરતાં અટકાવે છે એમ માનવું ભૂલભરેલું છે અને એવા વિધાનમાં ખૂન કરનારાઓના માનસની સમજનો અભાવ પણ છે.

વાસ્તવમાં તો ફાંસીની સજા મોજૂદ હોવા છતાં ખૂનના ગુનાઓ થાય છે. જે માણસો જાણીબૂઝીને, વિચારીને ખૂનના ગુનાઓ કરે છે તેઓ એના પરિણામથી અને ફાંસીની સજાથી અજાણ નથી હોતા. બહુ બહુ તો પોતે પકડાશે નહિ એવી તેમના મનમાં આશા હોય છે અને તેમના નિર્ણયને ફાંસીની સજાનો ભય કશી અસર કરી શકતો નથી. જેઓ આવેશમાં આવી જઈ કોઈ ઉશ્કેરાટથી ખૂનનો ગુનો કરી બેસે છે તેમને ગુનાના પરિણામનો ત્યારે વિચાર સરખો પણ આવતો નથી. આથી જ આ બાબતમાં અભિપ્રાય આપતાં રૉયલ કમિશને જણાવ્યું છે કે 'અમે તપાસેલા આંકડાઓ ઉપરથી અમને કયાંય સ્પષ્ટ પુરાવાઓ મળ્યા નથી કે જે ઉપરથી એમ કહી શકાય કે ફાંસીની સજા રદ કરવાથી ખૂનના ગુનાઓ વધ્યા છે અને એને ફરી દાખલ કરવાથી ખૂનના ગુના ઘટયા છે."

આમ ફાંસીની સજા ખૂનના ગુના થતાં અટકાવનારી અથવા તેના ઉપર નિયંત્રણ મૂકનારી સજા છે એ માન્યતા ભૂલભરેલી છે પણ તે ઉપરાંત પણ એનાં કેટલાંક બીજાં ભયસ્થાનો છે ફાંસીની સજા એ આખરી છે, એક વાર એ અમલમાં મુકાઈ ગયા પછી અને ફાંસી દેવાઈ ગયા પછી એનો કશો ઉપાય રહેતો નથી. ફાંસી દેવાઈ ગયા પછી જો તે ફાંસી અપાઈ તે નિર્દોષ હતો એમ બહાર

પડતાં પરિસ્થિતિની કરુણતા અને ભયંકરતા કેવળ કલ્પવાની જ રહી. સજા કરનારા પણ ભૂલને પાત્ર છે અને વળી ગુના શોધનારી સારામાં સારી વ્યવસ્થા કે સારામાં સારું તંત્ર પણ ખોટું પડવાની પૂરેપૂરી શકયતા રહેલી છે. આપણે આશા રાખીએ કે વીઝીયાનગરના મહારાજકુમારે ફાંસીની સજા રદ કરવાનું દાખલ કરેલું બિલ લોકસભામાં ધ્યાનપૂર્વક વિચારે અને ઘટતું કરે અને અન્તે તો 'જીવન સાટે જીવન'ની સજામાં ન્યાય કરતાં પણ વૈરવૃત્તિનો વધારે ભાસ થાય છે.

[૨૮ જાન્યુઆરી, ૧૯૬૫]

સ્ત્રીઓના આપઘાત અને ખૂનની વિકટ સમસ્યા

[સ્ત્રીઓનાં આપઘાત અને ખૂન એ સમાજશાસ્ત્રીય અને મનોવૈજ્ઞાનિક સમસ્યા છે. સમાજના સ્વાસ્થ્યના હિતચિંતકને એ ચિંતિત કરે જ. આવી ચિંતા વ્યકત કરતા આ લેખનું તાત્કાલિક પ્રયોજન જે હોય તે, એમાં વ્યકત થયેલા વિચારો આજે પણ મહત્ત્વના છે, —સં.]

ગુજરાતી સમાજ સમક્ષ અત્યારે પરિણીત સ્ત્રીઓના આપઘાત કે ખૂનની એક વિકટ સમસ્યા ઉપસ્થિત થયેલી છે. આપણી મહિલાસંસ્થાઓએ આ મસસ્યાનો સર્વે કરવો જોઈએ. રોજ રોજ અખબારોને પાને યુવતીઓના આપઘાતના અને તેમના ખૂનના સમાચાર પ્રગટ થાય છે. આવા આપઘાતો અથવા ખૂનો મોટે ભાગે તો લગ્નજીવનના સંઘર્ષને કારણે થતાં લાગે છે. પૈસાને ખાતર અથવા પત્ની ન ગમવાને કારણે સ્ત્રીઓને કાઢી મૂકવાના અને કયારેક મારી નાખવાના બનાવો ગુજરાતી સમાજને અજાણ્યા તો નહોતા જ અને અમુક ન્યાતો આવાં કૃત્યો માટે ઘણી રીઢી ગણાતી. આપણા નવલરામે લખેલું તેમ 'ભાઈનું ચિત્ત તો ભૂગોળ ને ખગોળમાં રમે : પેલીનું ચિત્ત ચૂલા માંય.' એવી એક કાળે સ્થિતિ હતી. ત્યારે સામાન્ય રીતે એમ મનાતું કે સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે અને મોટા ભાગનાં લગ્નો માબાપ ગોઠવીને કરતાં હોવાથી પતિપત્નીનો મનમેળ નહીં જામતાં આવા બનાવો બને છે. ગોવર્ધનરામે તો એટલા માટે સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરીનાં પાત્રોનું સર્જન કર્યું. ઠેઠ નર્મદથી માંડી ગાંધીજી સુધીના ગુજરાતી વિચારકોએ દામ્પત્યજીવનની વિષમતા દૂર કરવા માટે સ્ત્રીઓને ભણાવવાની હિમાયત કરી, સ્ત્રીઓ સુશિક્ષિત બનશે તો ગૃહજીવન સુધરશે અને ગૃહજીવન સુધરશે તો સમાજજીવન સુધરશે એવી માન્યતા એની પાછળ હતી.

આજે પરિસ્થિતિ તદ્દન બદલાઈ ગયેલી છે. આજે ગુજરાતી સ્ત્રીઓમાં લગભગ એંસી ટકા જેટલી સ્ત્રીઓ સુશિક્ષિત અને કેટલીક તો સ્નાતકકક્ષા સુધી પહોંચેલી છે. પરંતુ સ્ત્રીશિક્ષણે આ સમસ્યાનો ઉકેલ આણ્યો લાગતો નથી. વળી આજે થતાં લગ્નોમાંના મોટા ભાગનાં લગ્નો પ્રેમલગ્નો નહીં હોય તો પણ

પરણનાર વ્યક્તિઓની સંમતિથી થતાં હોય છે અને છતાં ગુજરાતનાં સુશિક્ષિત યુવક – યુવતીનું લગ્નજીવન એકંદરે સુખી થયું છે એમ માનવાનું મુશ્કેલ બને છે. પતિ–પત્ની બન્ને ઊંચામાં ઊંચી પદવી મેળવનારાં હોય છતાં લગ્ન પછીના છ મહિનામાં જ એકબીજા પ્રત્યેનો અસંતોષ વ્યક્ત કરતાં થઈ જાય છે અને એમાંથી છૂટાછેડા લેવા સુધીની વાત આવે છે. જ્યાં છૂટાછેડા નથી થતા ત્યાં આપઘાત અથવા ખૂનના બનાવો બને છે. સારાં અને ઊંચાં ગણાતાં કુટુંબોમાં પણ આવું બને છે. થોડા પ્રમાણમાં બનતા હોવા છતાં આવા બનાવોની સંખ્યા ચિંતાપ્રેરક તો છે જ.

આનું કારણ શું ? આપણા સમાજના હિતચિંતકોએ આ પ્રશ્નને તપાસી તેનાં કારણ અને ઉપાય શોધવા જોઈએ. આપણી કેળવણીમાં કયાંય ખામી છે ? આજનું શિક્ષણ વ્યકિતને એકબીજાને અનુકૂળ થઈ જીવતાં શીખવતું નથી ? અમને એમ લાગે છે કે આજના શિક્ષણને કારણે એક પ્રકારની આત્મરતતા પોષાય છે, તેને કારણે અહમ્‌નું તત્ત્વ આવે છે, પતિ–પત્ની પોતપોતાના અધિકારની વાતો કરતાં થાય છે. એમાંથી એક–બીજાની ખામીઓ જોવાનું વલણ વધે છે અને અન્તે સ્નેહ સરી જાય છે. સ્નેહને પણ માવજતની જરૂર છે.

બીજું કારણ એ લાગે છે કે શિક્ષણના કાળ દરમિયાન યુવક–યુવતીઓમાં તરંગી ખ્યાલો, અશકય આદર્શો અને મોજશોખની ઉડાઉ ટેવો પોષાય છે. ભણતરના સમય દરમિયાન જેનો ડંખ લાગતો નથી તે વાસ્તવિક જીવનમાં પ્રવેશતાં વધારે લાગતો થાય છે. આ ટેવો પોષાઈ ન શકવાને કારણે, તેમ જ સેવેલાં સ્વપ્નો પરિપૂર્ણ ન થવાને કારણે અને પેલા આદર્શો કકડભૂસ થવાને કારણે લગ્નજીવનમાં વિખવાદ પેસી જાય છે. વળી અત્યારના ભણતરના સંજોગોમાં શારીરિક શ્રમની ખાસ ટેવ પણ કન્યાને ન પડવાથી પણ મુશ્કેલી ઊભી થાય છે. અને જુદી પરિસ્થિતિમાં કામ કરવાનું આવી પડતાં તેને પહોંચી વળવાની માનસિક અને શારીરિક તૈયારી ન હોવાથી પણ લગ્નજીવનમાં નિષ્ફળતા મળે છે. ધાર્મિકતાનો અભાવ, કુટુંબમાં સંસ્કારમૂલ્યોની અવગણના પણ કારણરૂપ છે.

અમને એમ પણ લાગે છે કે આજે છોકરીઓ પોતાને વિશે થોડોક અહમ્ કેળવતી થઈ છે. તેને નોકરી કરીને પોતે કમાઈને સ્વતંત્ર રહેવાની ઇચ્છા હોય છે, પુરુષનું આધિપત્ય સ્વીકારવામાં તેને નાનમ લાગે છે અને તે દબાયેલી નથી એવો ફાંકો હોય છે. પુરુષ તેના ફાંકાને નિભાવી લેવા તૈયાર નથી અને કયારેક

તેને નોકરી કરવા દેવા માટે પણ તૈયાર નથી હોતો અને તેમાંથી સંઘર્ષ જન્મે છે. આજની આર્થિક ભીંસમાં જીવન નિભાવી શકવાની અશક્તિ પણ એક પ્રકારની હતાશા જન્માવે છે.

જ્યાં ભણેલાં યુવક-યુવતીઓ એકબીજા સાથે કંઈવાતાં પ્રેમલગ્નથી જોડાતાં હોય છે ત્યાં પણ પ્રેમ કરતાં આલ્ય આકર્ષણ જ વધારે ભાગ ભજવતું હોય છે, જે વધારે પરિચય થતાં જતું રહે છે. વળી આવાં લગ્નોમાં એકબીજાના સંસ્કારભેદ, ઉછેરભેદ અને માનસભેદને આરંભના આવેશમાં વિસારી દેવામાં આવે છે, જે લગ્ન પછી ડગલે ને પગલે આગળ તરી આવતા દેખાય છે અને તેમાંથી વિચ્છેદ જન્મે છે. લઘુતાગ્રંથિ જન્મે છે. વળી કેટલીક છોકરીઓ પોતાના ભણતર દરમિયાન 'ફોરવર્ડ' હોવાથી વિવિધ પુરુષો જોડે મૈત્રી બનાવતી હોય છે. લગ્ન પછી પણ એ ચાલુ રાખવાનો આગ્રહ રાખે છે, જે સંકુચિત મનનો પુરુષ ચલાવી લેવા તૈયાર ન પણ હોય, તેમાંથી ચારિત્ર્યની શંકા જન્મે છે. પુરુષની બાબતમાં આવું બને અને શંકાશીલ સ્ત્રી લગ્નજીવન ઉખડી મૂકે છે અને તેનાં માઠાં પરિણામો આવે છે.

આ સિવાય પણ ઘણાં કારણો હોઈ શકે. માદક સાહિત્યનું વાચન, સિનેમાની ફિલ્મ દ્વારા બંધાયેલાં અરમાનો વગેરેથી પોષાઈને ઘડાયલાં માનસો જીવનની વાસ્તવિકતાનો બોજો ઉઠાવવાનો સમય આવતાં ભાંગી પડે છે. પણ એમાંથી આપઘાત કે ખૂન સુધી જતાં બનાવો કોઈ પણ સમાજને લાંછન લગાડે છે. એનાં કારણોની તપાસ કરી તે દૂર કરી સમાજને નીરોગી બનાવવાની જરૂર આજે ખાસ ધ્યાન માગી લે છે.

સૂરતની એક શિક્ષિત યુવતીના તાજેતરમાં મુંબઈમાં થયેલા ભેદી ખૂનથી ઊગતી કન્યાઓ ચોંકી ઊઠી ભયભીત થઈ ગઈ છે. પોતાના ભાવિ લગ્નજીવન વિશેનું તેમનું ચિત્ર ધૂંધળું બની ગયું છે. આમ થાય એ બહુ સ્વાભાવિક પણ છે. પરંતુ પ્રત્યેક પ્રશ્નનો ઉકેલ કાયદાથી નથી આવતો. એ બાબતમાં સમાજે પણ ખબરદારી રાખવી જોઈએ. એકાદ પરિણીત યુવતીનું ખૂન થયાનું જણાયા પછી ખૂનના આરોપીની વહાર કરનારા માણસો પણ મળી જાય છે અને ખૂનનો આક્ષેપ સાબિત થયો હોય અને ગુનેગાર છૂટી આવ્યા પછી ખૂનીને પરણનાર કન્યા અને પરણાવનાર માબાપ પણ આપણા સમાજમાંથી નીકળી આવે છે. જૂના જમાનામાં પૈસાટકાની આપલેનાં કડક બંધનો હોવાને કારણે પોતાની

દીકરીને ઠેકાણે પાડવાના લોભમાં આવું થતું. આજે પરિસ્થિતિ સુધરી હોવા છતાં આવા બનાવોની સંખ્યા છેક ઓછી તો નથી જ. જે કુટુંબમાં પરિણીત સ્ત્રીએ પોતાનાં સાસરિયાંના ત્રાસથી આપઘાત કર્યાનું જગજાહેર થવા છતાં પણ એ કુટુંબ સમાજમાં વટથી રહી શકે છે. સમાજ જાણે નિર્લેપ બની એ કુટુંબ સાથે વ્યવહાર રાખે છે અને તેથી આવું કરનારાં કુટુંબોને કશી હીણપત લાગતી નથી. જો આ બાબતમાં સમાજ સંગઠિત બની ચોક્કસ પગલાં લઈ પોતે જ એવા કુટુંબ સાથેનો વ્યવહાર કાપી નાખે, બીજા શબ્દોમાં કહીએ તો સામાજિક બહિષ્કાર કરે તો સારો બોધપાઠ આપી શકાય અને એવાં પગલાંથી બીજાઓને પણ ઘડો બેસી શકે. જો કે આજના વ્યક્તિત્વવાદી જમાનામાં એ કેટલે અંશે શક્ય છે તે વિચારવા જેવું છે. છતાં એવું કશુંક જરૂરી તો છે જ. એવી વ્યક્તિઓને ફરીથી કન્યા આપવાનું તો અટકાવવું જ જોઈએ.

[૧૩ સપ્ટેમ્બર, ૧૯૬૬]

રવીન્દ્રસરોવરની ઘટના અને સ્ત્રીઓની સલામતી

[જાહેર સ્થાનોમાં નારીગૌરવને નીચું પાડવાની દુઃશાસનવૃત્તિ સમાજમાંથી સમૂળી ક્યારેય ગઈ નથી. કલકત્તાના રવીન્દ્રસરોવરની શરમજનક ઘટનાના સંદર્ભમાં આપણા આ પ્રાણપ્રશ્ન પર પ્રેરાયેલું ચિંતન આત્મશોધની ભૂમિકા પૂરી પાડે છે. —સં.]

૭મી એપ્રિલે કલકત્તામાં આવેલા રવીન્દ્રસરોવરના સ્ટેડીયમમાં બની ગયેલી ઘટના ઉપર મોડુંમોડું પણ ઘણું લખાયું અને ઘણું કહેવાયું. એ ઘટનાની તપાસ થશે કે નહિ અને થશે તો તેમાંથી શાં નક્કર પરિણામો આવશે તે અમે જાણતા નથી, પરંતુ આ સમગ્ર ઘટના આપણું જીવન, આપણા સંસ્કાર અને આપણી સભ્યતા જે પાયા ઉપર રચાયાં છે તે પાયાને હચમચાવી મૂકયો છે અને આપણી સભ્યતાનો જે કોઈ આંક દેખાતો હોય તે આંક ભૂસી નાંખ્યો છે. પ્રત્યેક સંસ્કારી શિક્ષિત સજ્જનનું માથું શરમમાં નીચું નમી જાય એવી આ કલંકગાથા છે. આ દેશના ઇતિહાસમાં અનેક કલંકગાથાઓ અંકાયેલી છે પણ આ દેશની સભ્યતા ૧૯૬૯ના વર્ષમાં પણ કેટલીક પોકળ છે અને જીવનમૂલ્યોની, સદાચારની આપણી વાતો અને આપણા વિકાસની બડાશો કેટલી જુઠ્ઠી છે તે આ બનાવે દર્શાવી આપ્યું છે.

૭મી એપ્રિલે કલકત્તાના રવીન્દ્રસરોવર પાસેના સ્ટેડીઅમમાં સિનેમાકલાકારોની એક 'નાઈટ' રાખવામાં આવેલી. સિનેમાસ્ટાર માટે આપણે ત્યાં જે ઘેલછા પ્રવર્તે છે તે અનુસાર આ પ્રોગ્રામમાં ઘણી મોટી સંખ્યામાં લોકો હાજર રહેલાં અને કોઈ પૂર્વવ્યવસ્થા અનુસાર મેદાનમાં લાઈટો બંધ કરી દેવામાં આવી, માઈક કાપી નાંખવામાં આવ્યાં અને એવી મોટી અવ્યવસ્થા ઊભી કરી દેવામાં આવી કે શું છે, કોણ શું કરે છે તેની કોઈને ખબર જ ન પડે. આ અવ્યવસ્થામાં ત્યાં હાજર રહેલી સ્ત્રીઓ ઉપર જે વીતકો વીત્યાં, જે અત્યાચારો થયા તે બર્બરયુગનાં કહી શકાય એવાં છે.

રવીન્દ્રસરોવર આગળની ઘટનાની વાત કરીએ છીએ ત્યારે અમને ૧૯૬૭ના ડિસેમ્બરની ૩૧ મી તારીખે દિલ્હીના કૉનોટ સર્કલ આગળ બનેલા બનાવો યાદ

આવે છે. આ બનાવોમાં પણ થોડાક માણસોએ અવ્યવસ્થા ઊભી કરી જતીઆવતી સ્ત્રીઓ ઉપર છડેચોક અત્યાચારો ગુજારવાના પ્રયત્નો કરેલા. રવીન્દ્રસરોવર અને દિલ્હીના બનાવોમાં એક સામ્ય એ છે કે આ બન્ને સ્થળોએ પોલીસની ગેરહાજરી હતી. આ બન્ને અત્યાચારોની તપાસ કરવા માટે જાહેર પ્રજાને જોરશોરથી પૂમો પાડવી પડેલી. આ દેશની સરકારના પ્રમુખસ્થાને એક સન્નારી હોય ત્યારે જ દેશના પાટનગરમાં કે કોઈ રાજ્યના પાટનગરમાં આ દેશની નારીઓને પાશવી અત્યાચારો સહન કરવા પડે એ પણ વિધિની એક વિચિત્ર લીલા કહેવાય.

અમારે તો અહીં બેત્રણ મુદ્દાઓની જ વાત કરવી છે. બંગાળની જે સરકાર પોતાને પ્રજાની સાચી સરકાર કહેવડાવે છે પ્રજાના અર્ધા આદમીનાં દુઃખોથી જે વેદના પામવાનો દાવો કરે છે તે સરકાર તેની હકૂમત હેઠળના વિસ્તારમાં નારીઓ પર અત્યાચાર થાય તે તરફ આંખઆડા કાન કરે, તેના ઉપર ઢાંકપિછોડો કરવાનો પ્રયત્યન કરે, તપાસ કરવાનું તંત્ર રચવા માટે પાર્લામેન્ટના સભ્યોને ભેગા થઈ નિવેદન આપવું પડે એ પણ એક વિચિત્ર ઘટના છે. બંગાળ આ દેશનો બહુ જ સંવેદનશીલ ભાગ છે, જ્યાં નારીજીવનને અને તેના મહત્ત્વને બિરદાવવામાં કવિઓએ કશી મણા રાખી નથી. જે બંગાળને 'અમાર સોનાર બાંગલા' કહીકહીને ગૌરવ અનુભવવામાં આવ્યું છે તે જ બંગાળમાં આવી કલંકગાથા બને તેને છાવરી વાળવામાં આવે તે અત્યંત દુઃખદ વાત છે. આ પ્રસંગે સહન કરનાર ગુજરાતની સ્ત્રીઓ હતી કે મારવાડી હતી તે બહુ ક્ષુલ્લક મુદ્દો છે જે હોય તે, પણ મુખ્ય પ્રશ્ન આપણી સમાજવ્યવસ્થાની સભ્યતાનો, સ્વાસ્થ્યનો અને સલામતીનો છે. કોઈ શંકરાચાર્યે અસ્પૃશ્યતા વિશે કશું વિધાન કર્યું અને તેથી એક પ્રચંડ બળભળાટ ઊભો કરવામાં આવ્યો. તો રવીન્દ્રસરોવરમાં જે કંઈ બન્યું તે તો અસ્પૃશ્યતાના કલંક કરતાં પણ વધારે બરાબ કલંકની વાત છે. તેની સામે કેમ બળભળાટ ઊઠતો નથી?

દિલ્હીનો કે કલકત્તાના રવીન્દ્રસરોવરનો પ્રસંગ આપણે માટે આંખ ઉઘાડનારો બનવો જોઈએ જેમ જેમ આપણી સભ્યતા વધતી જવાનો દાવો થાય છે તેમ તેમ સ્ત્રી પ્રત્યેના આપણા વર્તનમાં ગ્રામ્યતા અને આક્રમકતા આવતી જાય છે દિલ્હીમાં કે કલકત્તામાં કે કલકત્તામાં બનેલા બનાવોમાં સામૂહિક અશ્લીલતા છે પણ નાના મોટા પાયા ઉપર સ્ત્રીઓની છેડતીના તેના પ્રત્યેની અસભ્યતાના બનાવો ઓછા નથી. પ્રમાણમાં તે વધતા જાય છે. આજે જ્યારે

સ્ત્રી ઘરની બહાર નીકળી હોવાનો, તે પુરુષસમોવડી બની હોવાનો દાવો કરાય છે ત્યારે જ તેની સલામતી માટે ખતરાઓ ઊભા થતા જાય છે. આપણી કન્યાશાળાઓ આગળ બનતી ઘટનાઓ, કૉલેજોના કમ્પાઉન્ડોમાં બનતી ઘટનાઓ, સિનેમા-ગૃહોમાં બહાર અને અંદર બનતા બનાવો. રેલવેમાં, બસમાં મુસાફરી દરમિયાન સ્ત્રી પ્રત્યે અસભ્યતાના બનતા બનાવો. જાહેર રસ્તાઓ ઉપર, જાહેર સ્થળોમાં અને મેળા જેવા ઉત્સવના પ્રસંગોએ નારી તરફ દર્શાવાતા અવિવેકના બધા બનાવો આપણા સમાજના દફતરે કયારેય નોંધાયા છે ખરા? આ બનાવોની દરકાર સમાજે કરી છે ખરી? તેને નિવારવાના પ્રયત્નો કયારે થયા છે ખરા? આ બનાવોની કોઈ ફરિયાદો નોંધાતી નથી, તેનો કોઈ રેકૉર્ડ રખાતો નથી અને તેથી ઉત્તરોત્તર વધતી જતી સંખ્યા પણ ધ્યાનમાં લેવાતી નથી, અમને તો એમ લાગે છે કે સંપૂર્ણ સ્વાતંત્ર્યની આજની આપણી સમાજરચનામાં સ્ત્રીઓ માટે સંપૂર્ણ અસલામતી, સામાજિક અસ્થિરતા અને અત્યાચારના ભોગ બનવાનું જોખમ ઊભું થયું છે.

પ્રથમ તો આવું વર્તન કરનારા સમાજના શિક્ષિતવર્ગમાંથી જ આવે છે. આપણા કહેવાતા ભદ્રસમાજના માણસોની વર્તણૂક અને વાતનો વિષય તપાસો, ઉચ્ચ કેળવણી લેતા આપણા યુવાનોનાં વર્તનનું, વાણી અને વિચારનું અવલોકન કરો, આપણા ધનિક સમાજના રસવિષયો જુઓ, આ બધું એકલું લો કે સાથે લો, તો તરત જ સ્પષ્ટ થશે કે આજે સમાજમાં આ બાબતમાં ખતરો કયાંથી ઊભો થયો છે. જેને આપણે ગુંડા કે અસામાજિક તત્ત્વ કહીએ છીએ તે તો આવા ઉપદ્રવોમાં અગણ્ય કહેવાય એટલી નાની સંખ્યામાં હોય છે.

આપણે ત્યાં ન્યાતજાતનાં બંધનો ઢીલાં પડ્યાં. અવિભક્ત કુટુંબ લગભગ અદૃશ્ય થતું ગયું અને એકરૂપ સમાજરચના પણ શિથિલ બની, તેથી પણ નારીને જે સંરક્ષણ મળતું હતું તે અને ઉપદ્રવ ઉપર જે અંકુશ હતો તે જતો રહ્યો. સમાજની સભ્યતાની કરોડરજ્જુ સમાન આપણો મધ્યમવર્ગ લગભગ મૃતઃપાય બનતો ગયો છે વળી ઔદ્યોગિક વિકાસ સાથે જે અનિષ્ટો આવે તે વિના રોકટોક આવ્યાં અને તેથી પણ આ ઉપદ્રવ ફૂલ્યોફાલ્યો. ઉચ્ચ કેળવણી જે મૂળગામી બની સભ્યતાને પોષક બનવી જોઈએ તે કેવળ લાગણીઓના ઉદ્રેકો વધારી મૂકવામાં કારણભુત બની અને તેથી પણ જે જાતના બનાવોની આપણે ત્રીસ વર્ષ પર કલ્પના પણ નહોતા કરી શકતા તે પ્રકારના બનાવો ફૂલ્યાફાલ્યા

અને તેથી આપણે સમગ્ર રીતે આ ગંભીર બનતા જતા પ્રશ્નનો વિચાર નવેસરથી કરવો જોઈએ.

આ પ્રશ્નનું એક બીજું પાસું પણ છે. પોતાની જાહેર અસલામતી વધારવામાં આધુનિક સ્ત્રી પોતે પણ કારણભૂત બની છે. આજની સ્ત્રીના પોશાકનો જ આપણે વિચાર કરીએ. જે પ્રકારનો પોષાક આજની આધુનિક સ્ત્રી પહેરે છે તે મર્યાદાશીલ કહી શકાય એવો તો નથી જ. આજ સુધી જે મુંબઈ કે દિલ્હી જેવાં શહેરો પૂરતું જ મર્યાદિત હતું અથવા તો ત્યાં પણ અમુક વર્ગના લોકો પૂરતું જ મર્યાદિત હતું તે લક્ષણ હવે નાનાંમોટાં શહેરોમાં અને કસબાઓમાં વ્યાપક બન્યું છે. સૂચક નગ્નતા અને ઉદ્દંડ માદકતાનું જાણીજોઈને એક વાતાવરણ ઊભું કરવામાં આવે છે, લાંગણીઓને બહેકાવવાના હેતુથી જ જાણે પોશાક, પ્રસાધન અને આભૂષણોનું આયોજન થાય છે, મોટી રીતે પ્રદર્શનીય બનવા જવામાં આજની નારી પોતાની સલામતી માટે ખતરો ઊભો કરી રહી છે.

બીજી બાજુ 'ક્લબ-લાઈફ' પણ હવે બહુ પ્રચલિત બનતી ગઈ છે. મોટા ભાગની ક્લબો અનેક પ્રકારની ઉત્તેજનાઓને પોષવા માટે જ રચાય છે. ઝડપથી ધનિક બની ગયેલો એક નવો વર્ગ એનો પ્રોત્સાહક છે. ખાવું, પીવું, અશ્લીલ વાતોમાં રાચવું એ તેમનો મુખ્ય હેતુ હોય છે. આજ સુધી આવી ક્લબો પુરુષો માટે જ હતી પણ હવે તો સ્ત્રીઓ પણ તેમાં દેખા દીધી છે અને તે આ બધી પ્રવૃતિઓમાં 'એક કંપેનીઅન' તરીકે વર્તે છે. એક જ ઉદાહરણ લઈએ. આપણા સમાજમાં ધીમે ધીમે માંસાહારનું પ્રમાણ કેટલું વધ્યું છે તેનો અને આપણા સમાજની સ્ત્રીઓ પણ કેટલા પ્રમાણમાં માંસાહર કરતી થઈ છે તેનો સર્વે કરી જોવા જેવો છે. જે કુટુંબોમાં કયારે ય આમિષાહાર નહોતો થતો તે કુટુંબોમાં આજે થાય છે તે પણ એક હકીકત છે. એમાં આમિષાહાર ખોટો છે એમ કહેવાનો અમારો આશય નથી, પણ આપણા જીવનમાંથી સંયમની પકડ કેટલી ઓછી થઈ છે તે અને મૂલ્યો કેવાં બદલાયાં છે તે દર્શાવવાનો જ અમારો હેતુ છે. આ પ્રશ્નની આ પણ એક બાજુ છે.

[૨૯ એપ્રિલ, ૧૯૬૯]

આપણા સાંસ્કૃતિક કાર્યક્રમો

[એક સમયે કૉલેજોના સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા કલાપ્રવૃત્તિ પોષાતી હતી. એ જ કૉલેજો હવે ભાડૂતી કલાકારો દ્વારા પોતાના 'સાંસ્કૃતિક' કાર્યક્રમો યોજે છે. આમ જ ચાલ્યા કરશે તો આપણી ઊછરતી પેઢીમાંથી કલાસાંસ્કૃતિનો વારસો જ લોપ પામતો જશે એની ચેતવણી અને અફસોસ અહીં વ્યક્ત થયાં છે. આપણા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં 'આપણાપણું' પણ નથી અને 'સાંસ્કૃતિકતા' પણ નથી, છે માત્ર એક નિશ્ચિત ક્રમ અનુસાર થતો કાર્યવિધિ. —**સં**.]

ડિસેમ્બર–જાન્યુઆરી મહિનાઓ શાળા–કૉલેજોના સાંસ્કૃતિક કાર્યક્રમોના મહિનાઓ છે. આ કાર્યક્રમોને આપણે આગલાં વર્ષોમાં થતા સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે સ્મૃતિપટ ઉપર સરખાવી જોવા જેવા છે. આપણાં શૈક્ષણિક ધોરણો જેમ ઊતરતાં ગયાં, આપણી રસવૃત્તિ અને રુચિમાં જેમ ફેરફાર થતો ગયો અને એની માત્રા પણ ઊતરતી ગઈ તેમ આપણા આ સાંસ્કૃતિક કાર્યક્રમોનાં ધોરણો ઊતરતાં ગયાં. જો કલાકારોની શક્તિમાં ઓટ આવી હોત અને ધોરણો ઊતર્યાં હોત તો સમજ્યા પણ કલાકારો એવી જ શક્તિવાળા છે. સગવટનાં સાધનો વધ્યાં છે. સ્ત્રીપાત્રો શોધવાની ઝાઝી મુશ્કેલી પડતી નથી. 'નટીશૂન્ય' નાટકો હવે શોધવાની જરૂર પડતી નથી અને છતાં ધોરણો ઊતરતાં ગયાં છે.

જે સંસ્થાઓના કાર્યક્રમો–નાટકો જોવા જવાનું પ્રલોભન થતું અને એ નાટકો જોઈને કંઈક જોયાનો સંતોષ થતો, નવા પ્રયોગો એ રંગભૂમિ ઉપર આ જ કૉલેજોના વિદ્યાર્થીઓ દ્વારા કરાતા, ભજવવામાં કઠિન હોય એવાં નાટકો ભજવવાની હિંમત થતી. દિગ્દર્શન, અભિનય, સગવટ સોળે કળાએ કૉલેજોના કાર્યક્રમોમાં ખીલી ઊઠતાં તે બધું આજે ક્યાં? તે હિ નો દિવસાઃ ગતાઃ જેવો વિષાદનો નિઃશ્વાસ મૂકવાનો વખત આવ્યો. જ્યારે રંગઉપવન નહોતાં જ્યારે આજની સંખ્યામાં કલાસંસ્થાનો કે નાટકસંસ્થાઓ નહોતી ત્યારે સૂરતના ગૌરવરૂપ આ નાટકો કૉલેજો દ્વારા ભજવાતાં. પ્રો. ગોદીવાળા, પ્રો. ડૉ. આર. આઈ. પટેલ શ્રી. અરવિન્દ કિનારીવાળા કંઈ કંઈ નામો યાદ આવી જાય છે અને એ જમાનામાં જેમણે નાટકો જોયાં હશે તેમને પણ આ બધું યાદ આવી જશે.

આજે તો કોઈ કૉલેજ ત્રિઅંકી નાટક ભજવવાની હિંમત જ કરતી નથી. વધારે તૈયારી કરવી પડે, વધારે મહેનત કરવી પડે અને તે માટે કોઈની તૈયારી નથી એટલે જ મળ્યાં તે વાસી, અનેક વાર ભજવાઈ ગયેલાં એકાંકીઓ ભજવવાનાં. તેમાં વળી હિન્દીવાળા, અંગ્રેજીવાળા બધાના મનને સંતોષવાના એટલે ત્રણે ભાષાના કે બે ભાષાનાં એકાંકીઓનો શંભુમેળો કરવાનો આપણે કેવા ગોળ ગોળ ફરીએ છીએ. કોઈને રસ જ નથી.. કોઈને બળર નથી વિદ્યાર્થીઓમાં શિસ્ત નથી, અનુભવીઓનું માર્ગદર્શન મેળવવાની તમન્ના નથી. એમને પોતાને મન-ફાવતું કરવું છે. સારું અને ગંભીર કરવા જઈએ તો અધિકારી-અનધિકારી ઑડીઅન્સ જે હવે તો બેઅઢી હજાર જેટલું થઈ જાય. (વગર નિમંત્રણે મફતિયા ઘૂસી જવામાં હવે લાજશરમ છે જ કયાં?) એ ઑડીઅન્સમાં બધું ધૂળમાં મળવાનો પણ ભય બરો.

ગીતોની જ વાત લઈએ. એક જમાનામાં કેટલીક સંસ્થાઓના રસદર્શનના કાર્યક્રમોમાં યોજકોનો એવો આગ્રહ હતો કે ફિલ્મી ગીતો રજૂ કરવાં જ નહીં. જે પ્રશિષ્ટ, સારાં હોય એવાં ગુજરાતી ગીતો જ ગાવાં. આજે સંસ્થાઓના કાર્યક્રમોમાં કેવળ ફિલ્મીગીતો જ હોય છે. સસ્તાં, ઘોંઘાટિયાં. સારો અવાજ હોય એવા કલાકારો પણ ખોટા, સસ્તા માર્ગે ઘસી જતા હોય છે. એમને વારી શકાતા નથી. આજે કોઈ કાર્યક્રમ 'જય જય ગરવી ગુજરાત'થી શરૂ થતો નથી. સંગીતના સાજની જ વાત કરીએ. બોન્ગો, એકૉર્ડીઅન અને એવાં પરદેશી વાદ્યિંત્રોના ઘોંઘાટમાં ઝાઝ સંગીતની રમઝટ હોય અને તે પણ ધંધાદારી સંગીત-પાર્ટીઓ દ્વારા. કૉલેજના પોતાના જ વિદ્યાર્થીઓ જ વાદ્યિંત્રો વગાડતા હોય એ પણ હવે જણાતું નથી. આવા ફટકિયા કાર્યક્રમોથી બધા રંજિત થાય છે અને તેને આપણે સાંસ્કૃતિક કાર્યક્રમ તરીકે ઓળખાવીએ છીએ.

નૃત્યની વાત લઈએ. વચમાં અગુજરાતી અને અહીં કદંગા દેખાય એવા ભાંગડાનો વાયરો ચાલ્યો. પેલા નેશનલ ફિટનેસ તાલીમમાંથી ઊછીના શીખી લવેલા તેમણે એ ચલાવ્યો. હવે આજે એકના એક પ્રકારના નૃત્યને આપણે સહેજ જ ફેરફાર કરીને રાજસ્થાની-ઊડિયા અને આસામી નૃત્ય તરીકે ઓળખાવતા થયા છે. ભોળા પ્રેક્ષકો એ માની પણ લે. નૃત્યનાટિકાઓ કયાં ગઈ? છાયા-નાટિકાઓ કયાં ગઈ? કાળની ગર્તમાં બધું હોમાઈ જ્યું તે સાચું પણ તેને બદલે કંઈક નવું સારું આવતું હોય તો પણ કંઈ પણ સંતોષ લઈ શકાય. સારા કાર્યક્રમોનો હેતુ કેવળ મનોરંજનનો જ નથી એનો હેતુ સમાજની રુચિ ઘડવાનો પણ છે.

[૧૧ ફેબ્રુઆરી, ૧૯૭૫]

આપણું સાંસ્કૃતિક હીર

શ્રી. ચન્દ્રવદન મહેતાના અમૃતમહોત્સવની ઉજવણીમાં સૂરતના કલાકારોના (પ્રાર્થના અને એક ગીત સિવાય) કાર્યક્રમોની ગેરહાજરી ખૂંચે એવી હતી એવી અમારી ટીકાએ ઘણાં વિચારવમળો ઊભાં કર્યાં છે અને એના સમર્થનમાં અને એ અંગેનાં કારણો જણાવતાં ઠીક ઠીક સંખ્યામાં પત્રો અમને મળ્યા છે. એ કારણોમાં ઊતરવાની જરૂર નથી. કારણ તો ઘણાં જાણીતાં છે. પણ એમાંથી એક બોધપાઠ ગ્રહણ કરીને જૂથબંધી દૂર કરી આવા કાર્યક્રમોમાં બેગાં મળી 'બબેબભા મિલાવી' ઉપસ્થિત થવાનું વલણ અપનાવવામાં આવે તો સારું.

કેટલાક કલાકારોએ અમને એમ પણ જણાવ્યું છે કે આપણે 'લોકડાહ્યા' છીએ અને આપણને બહારના જ સારા લાગે છે. સ્થાનિક કલાકારોને ઉત્તેજન આપવાનું અને આગળ લાવવાનું વલણ અપણામાં છે જ નહીં. એમની આ ફરિયાદમાં કદાચ કંઈક અંશે તથ્ય હશે છતાં સામે પક્ષે કલાકારોને પૂછવા જઈએ છીએ ત્યારે 'ભારેહલકા થાય છે.' 'આ હોય તો હું નહીં આવું' 'હું જ બધું કરું' એવી જે ફરિયાદ છે તે પણ તદ્દન ખોટી નથી. ગમે તેમ પણ આવી સંકુચિત મનોવૃત્તિમાંથી બહાર આવી નાનાલાલ-જન્મશતાબ્દીની ઉજવણી શોભે એવી રીતે કરવાનું વિચારાય તો શહેર માટે એક સારી પહેલ પડશે અને આમ કરવામાં શહેરના અગ્રેસરોએ આગળ આવવું જોઈએ.

આપણે કેટલીક વાર કેટલાક શબ્દો કેવા ખોટી રીતે પકડી લઈએ છીએ તેનું એક ઉદાહરણ હમણાં જાણવા મળ્યું. એક સાથિયાપ્રદર્શનના ઉદ્ઘાટનમાં સામેલ થવાનું મળ્યું. પ્રદર્શન શહેરના ચિત્રશિક્ષકસંઘના આશ્રય હેઠળ હતું અને રંગ-રેખાની અભિનવ અને ઊડીને આંખે વળગે એવી કૃતિઓની રજૂઆત કરનારું હતું. પ્રદર્શનનો હેવાલ આપતાં એક પીઢ ચિત્રશિક્ષકે ચિત્રકારો અને કલાકારો માટે 'શૂદ્ર' શબ્દ વાપરી 'અમે શૂદ્ર' એમ બેત્રણ વાર પ્રયોગ કર્યો. ચંદ્રવદન મહેતાએ નાટ્યલેખકો માટે તમતમતા વ્યંગ્યમાં 'શૂદ્ર' શબ્દનો પ્રયોગ કર્યો હતો. દીનતાના ભાવે નહિ, ચન્દ્રવદનની વાણીનો વ્યંગ્ય આકરો હોય છે, શારી નાખે એવો. એમનામાં દીનતા કયારે ય હોતી નથી જ્યારે ચિત્રશિક્ષક મિત્ર ખૂબ દીનતાથી પોતાને અને પોતાના સાથીઓ માટે શૂદ્ર શબ્દ પ્રયોજતા હતા.

વિના સમજ્યે શબ્દપ્રયોગ કરવાનું પ્રયોજન નથી. કોઈ પણ કલાકારમાં ખુમારી હોવી જોઈએ, દીનતા નહિ. આજના કલાકારોમાં ખુમારીને બદલે અભિમાન અને તોછડાઈ જોવામાં આવે છે. ખુમારી સ્વત્વમાંથી અને આત્મ-શ્રદ્ધામાંથી જન્મે છે અને સ્વમાનને પોષે છે. અભિમાન અણસમજ અને આત્મશ્લાઘામાંથી જન્મે છે અને છેવટે સામાની ઉપેક્ષામાં પરિણમે છે. આપણો કલાકાર-ચિત્રકાર, સંગીતકાર, નાટ્યકાર–શૂદ્ર કયારેય નહોતો અને નથી. અફસોસ એટલો જ છે કે તે ખુમારી ગુમાવી બેઠો છે અને સસ્તી વાહવાહ મેળવવામાં તે અભિમાનને માર્ગે જઈ સ્વત્વ ગુમાવતો જાય છે.

અમદાવાદમાં ધનતેરશને દિવસે જયશંકર સુંદરીના નામ સાથે સંકળાયેલું એક અદ્યતન નાટ્યગૃહ રાજ્યપાલશ્રીએ ખુલ્લું મૂકયું. ધનતેરશે મુંબઈમાં ગેયટી થિયેટરમાં સ્વ. જયશંકર ભોજકનું જયશંકર સુંદરીનું બિરુદ સુંદરીનો પાઠ અદ્‌ભુત અને હૂબહૂ રીતે ભજવવા માટે મળ્યું હતું. આ નાટ્યગૃહ વાતાનુકૂલ અને અદ્યતન છે અને શહેરની મધ્યમાં છે જેથી લોકોને નાટ્યગૃહે પહોંચવા મુશ્કેલી નડે નહિ અને વાહન પાછળ નાણાં ખર્ચવાં પડે નહિ. આ નાટ્યગૃહને એક વિશાળ દીર્ઘા (ફોયર) છે જેનો ઉપયોગ કલાકારોના મિલન માટે, એકપાત્રી અભિનય માટે, કયારેક પ્રદર્શન માટે થઈ શકે. વળી થિયેટરમાં જ એક વિશાળ 'રિહર્સલ હૉલ' પણ છે જેનો ઉપયોગ વ્યાખ્યાનખંડ તરીકે પણ થઈ શકે. અગિયારસો બેઠક ધરાવતા આ નાટ્યગૃહની ખુરશીઓ આસમાની–લીલા રંગોવાળી નયનાભિરામ છે. નાટ્યગૃહને સંપૂર્ણ વાતાનુકૂલ ચાર વિશાળ ગ્રીનરૂમો છે. રંગભૂમિ ૩૮ ફીટ ૪૯ ફીટ જેટલી વિશાળ છે. એના પડદા કચ્છના ધાબળાના બનાવેલા છે, નાટ્યગૃહની એક વિશિષ્ટતા એ છે કે એને એક 'રુદનખંડ' છે. નાનાં બાળકો ગૃહમાં રડે તો તેને આ ખંડમાં લઈ જઈ શકાય અને ખંડને કાચની દીવાલો છે. જેમાંથી માબાપ રડતાં બાળકને રાખતાં રાખતાં નાટક જોઈ શકે. આ નાટ્યગૃહને બાંધતાં સાત વર્ષ લાગ્યાં છે અને બત્રીસ લાખ ખર્ચાયા છે.

આપણે આ વાત અમદાવાદના નાટ્યગૃહની કરી. સૂરતમાં એવું નાટ્યગૃહ ઊભું ન કરી શકાય ? સૂરતમાં હમણાં એક ઔદ્યોગિક વિસ્ફોટ થઈ રહ્યો છે (ઈન્ડસ્ટ્રીઅલ એકસ્પ્લોઝન). અમારા એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મિત્રે કહ્યું હતું તે યાદ આવે છે, "આખા ઓરિસ્સા કે રાજસ્થાન રાજ્યની એક વર્ષની આવક જેટલી રકમનો તો સૂરત શહેર આવકવેરો ભરે છે." સૂરતની સંપત્તિ માટેનો આ

માપદંડ છે. પણ ઔદ્યોગિક વિસ્ફોટ એકલો પ્રજાજીવનની સંપત્તિની સમતુલા માટે પૂરતો નથી સાથોસાથ સાંસ્કૃતિક સંપત્તિનો આંક પણ એટલો જ ઊંચો જવો જોઈએ.

સૂરતમાં આવું નાટ્યગૃહ ઊભું કરી તેને ચન્દ્રવદન મહેતાના નામ સાથે સાંકળવાનો વિચાર કરવો જોઈએ. સૂરત શહેરનું મ્યુનિસિપલ કૉર્પોરેશન ચેમ્બર ઑફ કૉમર્સ કે બીજાં જાહેર મંડળો આવો પ્રોજેક્ટ હાથ ઉપર લઈ શકે અને રોકાયેલાં નાણાં તો જોતજોતાંમાં વસૂલ થઈ જાય એવી પરિસ્થિતિ છે. જરૂર છે દૃષ્ટિપૂર્વકના આયોજનની અને આવા નાટ્યગૃહની આવશ્યકતાની સભાનતા પ્રેરે એવી રસવૃત્તિની. પણ આપણું કૉર્પોરેશન તો એક અલકમલકની ચીજ છે ત્યાં આ વાત કયાં ?

[૨ નવેમ્બર, ૧૯૭૬]

ગુજરાતી રંગભૂમિનાં સવાસો વર્ષ

ગુજરાતી રંગભૂમિની સવાશતાબ્દીની ઊજવણી હવે પૂરી થવા આવી. આ શતાબ્દીની ઊજવણીની ફલશ્રુતિ શું એમ જો કોઈ પૂછે તો એનો જવાબ આપવો કઠિન થઈ પડે. સૂરત–અમદાવાદ–રાજકોટ–ભાવનગર અને છેલ્લે છેલ્લે ભરૂચમાં પણ આ ઊજવણી થઈ. ઊજવણીની ઢબછબ એક જ રહી. ગામનાં અને બહારનાં મંડળોને બોલાવીને નાટકો ભજવવાં અને આ એકસોપચ્ચીસમું વર્ષ ઊજવ્યાનો સંતોષ લેવો. પણ આ સમય દરમિયાન સૂરત જેવા શહેરમાં ગુજરાતી રંગભૂમિના ઇતિહાસની કે એના વિકાસની આલોચના કરતા કોઈ પરિસંવાદો યોજાયા નહીં. આમ તો પહેલું ગુજરાતી થિયેટર ૧૮૫૧માં મુંબઈમાં રચાયું અને ગુજરાતી રંગભૂમિને જન્મ આપવાનો યશ પારસીઓને જાય છે. ૧૮૫૧માં જો પહેલી વાર ગુજરાતી થિયેટર ઊભું થયું હોય તો આ સવાશતાબ્દી ૧૮૭૬માં ઊજવાવી જોઈતી હતી.

આ સવાશતાબ્દીની ઊજવણી દરમિયાન કેટલાક પરપ્રાંતીય નાટકકારોને બોલાવી રંગભૂમિનાં વિવિધ પાસાં ઉપર વ્યાખ્યાનો યોજ્યાં હોત તો પણ કંઈક સાર્થકતા થાત, ગુજરાતી રંગભૂમિ કરતાં મરાઠી, બંગાળી અને કન્નડ રંગભૂમિ અનેક દરજ્જે ચડે છે. ગિરીશ કર્નાડ, વિજય ટેંડુલકર જેવા કેટલાક બીજી ભાષાના નાટકકારોએ પોતપોતાની ભાષામાં રંગભૂમિનો ઘણો સારો વિકાસ સાધેલો છે. નાટકનું વસ્તુ, નાટકનું પરિપ્રેક્ષ્ય અને રંગભૂમિનાં વિવિધ પાસાં, દિગ્દર્શન, સંવાદ, આધુનિક (ટેક્નોલૉજિકલ) યાંત્રિક ઉપકરણો વગેરે કેન્દ્રમાં રાખી આવા પરિસંવાદો યોજી શકાયા હોત. પણ એવું કશું થઈ શકયું નહિ આ ઊજવણી પાછળ વધતે-ઓછે અંશે વ્યક્તિગત કે સંસ્થાગત મહત્ત્વાકાંક્ષા જ વધારે બળવાન બની હતી અને તેથી તો સૂરત જેવા શહેરમાં બધાં મંડળોએ ભેગાં થઈને ઊજવણીનું આયોજન કર્યું નહિ.

સવાસો વર્ષના ગાળામાં ગુજરાતી રંગભૂમિનો વિકાસ, એનું સ્વરૂપ, એમાં આવેલાં પરિવર્તનો, એની મર્યાદાઓ વગેરેને લક્ષમાં રાખી એક પ્રમાણભૂત સ્મરણિકા પણ પ્રગટ કરી શકાઈ હોત. કદાચ ગુજરાતી સાહિત્યપરિષદ જેવી કે રંગભૂમિ સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલી કોઈ સંસ્થા એ કરી શકી હોત. રંગદર્શને

ગુજરાતી રંગભૂમિના ઉપલક્ષમાં યોજેલી 'મોક ટ્રાયલ'માં ગુજરાતી રંગભૂમિનાં ઘણાં લક્ષણો ગંભીરતાથી ચર્ચી શકાયાં હોત પણ પૂર્વતૈયારી અને આયોજનના અભાવે આખો પ્રયોગ ઝાઝો સંતોષકારક બની શકયો નહીં આવા કાર્યક્રમો સુયોજિત અને હેતુપુરઃસરના હોવા જોઈએ.

ગુજરાતી રંગભૂમિની આજની તાસીર કૂટકળ છે. ગુજરાતી રંગભૂમિ વિક્રયશીલ અને પૈસા બનાવવાના સાધન તરીકે જ વપરાતી થઈ ગઈ છે. ગુજરાતી નવલકથા, ગુજરાતી નવલિકા, ગુજરાતી કવિતા આદિ વિશે તમે કહી શકો કે આ અમારી ગુજરાતી નવલકથાનો નવલિકાનો મોટો લેખક, આ અમારો મોટો કવિ, પણ આ ગુજરાતી નાટક માટે તમે એમ કહી શકો ખરા ? આ સવાસો વર્ષના ઇતિહાસમાં જૂની રંગભૂમિ (જૂની રંગભૂમિ અને નવી રંગભૂમિ કે સચેતન–અચેતન રંગભૂમિ એવા ભેદ પાડવા નકામા છે)ની આગવી લાક્ષણિકતાને બાદ કરતાં નવી આધુનિક રંગભૂમિની વિશેષતાઓ શી ? ગુજરાતી સમાજ–જીવનના, કુટુંબજીવનના, ગુજરાતી રહેણીકરણીના, ગુજરાતી યુવાનોનાં અરમાનોનાં, મૂંઝવણના, મનોમંથનના કોઈ પ્રશ્નો આપણી રંગભૂમિ ઉપર રજૂ કરી, પ્રજાને એનાથી અભિભૂત અને અભિજ્ઞ કોઈએ કરી છે ? મરાઠીના 'એક જ પ્યાલા' જેવું ગુજરાતી નાટક આજે છે ખરું ?

ગુજરાતી નાટકોમાં સજાવટનું, વેશભૂષાનું, ઉપકરણોનું વૈવિધ્ય જરૂર આવ્યું છે. દિગ્દર્શનમાં નવીનતા આવી છે, સૂઝ આવી છે. અભિનયમાં પણ ગુજરાતી રંગભૂમિએ ઘણી પ્રગતિ કરી છે અને નવા નવા કલાકારોને બહાર આણ્યા છે. પણ આ બધાની ઓથે ગુજરાતી નાટક ઢંકાઈ ગયું છે. નવલરામે નાટકશાળાને 'સમાજજીવનની આરસી' કહી છે. ગુજરાતી નાટક ગુજરાતી 'જીવનની આરસી' બની શકયું નથી. ગુજરાતી નાટકને સહેજ ચકાસો અને ખોતરો એટલે એમાંથી ઘાયું બધું અ–ગુજરાતી બહાર નીકળી આવવાનું.

નવા નાટકકારો નાટકમાં મૌલિકતા એટલે શું એમ પૂછે છે. શેકસપીઅર અને કાલિદાસ પણ કયાં મૌલિક હતા એમ પણ એ બધા પૂછે છે. લખાવટ અને વસ્તુની બાબતમાં આપણાં નાટકો હમેશાં 'તસ્કરી' ઉપર જ નભ્યાં છે. શેકસ્પીઅર કે કાલિદાસે પ્રચલિત વાર્તાઓ કે પૌરાણિક કથાઓમાંથી તંતુઓ

પકડ્યા હશે પણ તે હાડ-ચામમાં માંસાદિ મૂકી પ્રાણ તો પોતાના જ મૂકયા છે. ગુજરાતી નાટકકારોએ તો વસ્તુસંકલના અને સંવાદો પણ અહીં તહીંથી ઉપાડીને સીધેસીધાં મૂકી દીધાં છે. મરાઠી, બંગાળી, હિંદી, અંગ્રેજી ફિલ્મો જ્યાંથી જે મળ્યું તે ઊંચકી લેવામાં એમને કોઈ સંકોચ થયો નથી. રંગેરૂપે ગુજરાતી લાગતાં આ નાટકો અંતરંગે તો બિનગુજરાતી જ રહ્યાં છે. બૉકસઑફિસ કે લોકપ્રિયતા એ કોઈ પણ નાટકની સંપૂર્ણ પારાશીશી નથી. મનોરંજન મેળવવા જતો બહુજનસમાજ નાટકની મૌલિકતાની કે બીજી કોઈ કસોટીની ઝાઝી પરવાહ કરતો નથી. પણ એક વાત તો એ નિર્વિવાદ છે કે આજનાં નવાં નાટકો વિશે ગુજરાતી રંગભૂમિના સવા શતાબ્દીને ટાણે આટલું કોઈકે અધિકારપૂર્વક અને સ્પષ્ટતાપૂર્વક કહેવું જ પડશે.

[૧૩ ફેબ્રુઆરી, ૧૯૭૯]

નાટક : આપણી નગ્નવૃત્તિઓનાં

અમદાવાદ શહેરનાં મહિલામંડળોના સન્નિષ્ઠ પ્રયત્નોને કારણે 'મારો લાઈન તણિયત ફાઈન' નાટકનું પ્રમાણપત્ર તારીખ ચોથી ઑકટોબરે રદ કરવામાં આવ્યાના સમાચાર પ્રગટ થઈ ચૂકયા છે. આ પ્રમાણપત્ર રદ કરતી વખતે ગુજરાત રાજયના સાંસ્કૃતિક કાર્યક્રમોને પ્રમાણિત કરતા અધિકારમંડળ તરફથી એક યાદી પ્રગટ કરવામાં આવી છે તેમાં જણાવવામાં આવ્યું છે કે 'આ નાટક આમ તો આગળ ભજવાઈ ચૂકેલા 'છાનું છપનું કંઈ થાય નહિ' નામના નાટકની જ બીજી આવૃત્તિ છે. પરંતુ નાટકની સ્ક્રીપ્ટને મંજૂરી આપતી વખતે નાટકમાંના વાંધાજનક ભાગોને રદ કરવાની કડક સૂચના નાટકના નિર્માતા તારકનાથ ગાંધીને આપવામાં આવેલી પરંતુ એ સૂચનાની સદંતર અવગણના કરવામાં આવી હોવાથી એ નાટકનું પ્રમાણપત્ર રદ કરવામાં આવે છે.' ગમે તેમ પણ અમદાવાદના મહિલાસમાજની અપ્રતીમ જાગૃતિએ જે કર્યું એ માટે એ સમગ્ર મહિલાસમાજ આખા ગુજરાતના અભિનંદનને પાત્ર ઠરે છે.

આમાંથી એક મહત્ત્વનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ગુજરાતમાં અતિશય જઘન્યતાવાળાં, લગભગ ગંદાં બની જતાં, ખરાબ જાહેરખબરો દ્વારા જાહેરાત પામતાં, નારીમર્યાદાનો ભંગ કરતાં નાટકોના પ્રતિકારનો ઉપાય શો ? એક ઉપાય તો તમાશાબોર્ડની સતત તકેદારીનો છે. તમાશાબોર્ડ દ્વારા નાટક પ્રમાણિત થાય તે પહેલાં એની સ્ક્રીપ્ટની તલસ્પર્શી ચકાચણી થવી જોઈએ પણ ઘણી વાર બને છે એવું કે નાટક પ્રમાણિત થયા પછી એમાં ઘણું બધું અભિનય અને સંવાદરૂપે ઉમેરવામાં આવે છે અને તેથી તમાશાબોર્ડના હાથની બહારની વાત બને છે. બીજી બાજુ નાટકમંડળીઓ કોર્ટની દાદ ચાહીને પણ વાણીસ્વાતંત્ર્યને નામે છટકી જાય છે. એટલે સરકારી નિયંત્રણ ઝાઝું કામિયાબ બનતું નથી.

આવી પરિસ્થિતિમાં આવાં નાટકોના પ્રતિકાર માટે બીજા ઉપાયો વિચારવા જોઈએ. આવાં નાટકોના પ્રતિકારનો બીજો ઉપાય જનમતનો છે. જો આવી બાબતોમાં પ્રજાનો મત પ્રત્યક્ષ, ઉગ્ર અને વિધાયક હોય તો સમાજના ગૌરવને ભોગે આવાં નાટકો ભજવાય નહિ. દેશ-વિદેશમાં જ્યારે જ્યારે ગૌરવભંગ કરે એવાં નાટકો ભજવવાની કોશિશ થઈ છે ત્યારે ત્યારે જે તે દેશના સામાજિકોએ

એ અંગેના પ્રત્યાઘાતો પાડયાના બનાવો નોંધાયા છે. ગુજરાતમાં ખાસ કરીને આવી બાબતમાં પ્રજામત વધતેઓછે અંશે ઉદાસીન રહ્યો છે અને જ્યારે એવો મત નાનકડા વર્ગ તરફથી પ્રગટ થયો છે ત્યારે એને ચોખલિયા કહીને નીંદવામાં આવ્યો છે. આમ છતાં અમદાવાદના મહિલાસમાજે જે જાગૃતિ બતાવી તે દર્શાવે છે કે ઉગ્ર જનમત કેટલો પ્રભાવક બની શકે !

આવાં નાટકોના પ્રતિકારનો વિધાયક ઉપાય એ છે કે એની સામે સારાં નાટકો ભજવવાં જોઈએ. કમનસીબે ગુજરાતી ભાષામાં સારાં નાટકોનો હમેશાં દુકાળ રહ્યો છે. પરંતુ જે કોઈ સારાં કહેવાય એવાં નાટકો છે જેમાંનાં પણ ઘણાં અનુવાદિત કે રૂપાંતરિત છે તે નાટકોને ધંધાદારી ધોરણે ભજવવામાં ઘણી મુશ્કેલી પડે છે. એક તો સારાં અને પ્રશિષ્ટ નાટકો જોવા જનારો વર્ગ ઘણો ઓછો છે. કોઈ મંડળ આવું નાટક રજૂ કરવાનો વિચાર કરે તો તે અંગેનો ખર્ચ કાઢવાનું મુશ્કેલ બને છે આવાં નાટકોની ટિકિટો કાઉન્ટર ઉપર વેચાતી નથી. એ ટિકિટો ફરી ફરીને વેચવી પડે છે અને તેથી નાટકની ટિકિટના ભાવો પણ ઘણા ઊંચા રાખવા પડે છે.

ગુજરાતમાં અવેતન કલામંડળોનો આખો યુગ આવીને આથમી ગયો. ગુજરાતી નાટકના વિકાસમાં આવાં અવેતન કલામંડળોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એવાં મંડળોમાં જ આજનાં ધંધાદારી મંડળો ઊભાં થયાં છે. આજે જે કંઈ થોડાંઘણાં અવેતન કલાકારોનાં મંડળો છે તેમને રિહર્સલ કરવાની જગ્યાથી માંડી નાટક રજૂ કરવા માટેના સસ્તા દરનાં ભવનો સુંવીની સુવિધાની તકલીફ સૂરત જેવા શહેરમાં પડે છે. પરિણામે આવાં મંડળો લગભગ નિષ્ક્રિય બન્યાં છે. છે. છતાં ગુજરાતમાં નાટકો અંગે સુરુચિ કેળવવા માટે આવાં મંડળોને સજીવન કરી તેમના દ્વારા સારાં, સુરુચિપૂર્ણ નાટકો રજૂ કરાવવાની આજે તાતી જરૂર છે.

અવેતન કલાકારોને પ્રોત્સાહન આપવાની વાત નીકળી છે ત્યારે સૂરત મ્યુનિસિપલ કૉર્પોરેશને શરૂ કરેલા ગાંધીસ્મૃતિભવનના બધા પાસે એક સરખી રીતે લેવાતા ભાડાની વાત કરીએ. ગાંધીસ્મૃતિભવનનું ૭૦૦ રૂપિયા ભાડું છે. એ ઉપરાંત લાઈટ વગેરેનો વધારાનો ચાર્જ લેવામાં આવે છે અને એનો સમાવેશ થતાં આ ભાડું લગભગ રૂ. ૮૦૦/- જેટલું થાય છે. 'મારો લાઈન'વાળા પાસે પણ કૉર્પોરેશન ૮૦૦/- રૂપિયા લે અને કોઈ અવેતન કલામંડળ 'શાકુંતલ' ભજવે

કે કોઈ શિક્ષણસંસ્થા પ્રયોગાત્મક નાટક ભજવે તો તેની પાસે પણ કૉર્પોરેશન ભાડા પેટે આઠસો રૂપિયા લે.

કૉર્પોરેશનની 'ટકે શેર ભાજી, ટકે શેર ખાજા'ની આ નીતિ ઘણાં કલામંડળો અને શિક્ષણસંસ્થાઓને પ્રયોગાત્મક નાટકો રજૂ કરતાં પાછાં પાડે છે. અવેતન કલામંડળો અને શિક્ષણસંસ્થાઓ, સાંસ્કૃતિક મંડળો તરફથી રજૂ થતાં નાટકોને કૉર્પોરેશને રાહતદરે ગાંધીસ્મૃતિભવન મળે એવી વ્યવસ્થા કરવી જોઈએ. કૉર્પોરેશન તરફથી યોજાયેલી નાટ્યસ્પર્ધામાં નિર્ણાયક તરીકે આવેલા વડોદરા ફાઈન આર્ટ્સ ફૅકલ્ટીના અધ્યાપક પ્રો. રમેશ ભટ્ટે અમને કહ્યું હતું કે વડોદરામાં કૉર્પોરેશનનો હૉલ આવાં મંડળોને સસ્તે ભાડે મળે એ માટે ત્યાંના અવેતન કલાકારોએ ઝુંબેશ ઉપાડી હતી અને ફાઈન આર્ટ્સના નાટ્યવિભાગના વિદ્યાર્થીઓ-અધ્યાપકોએ આ માટે સરઘસો કાઢ્યાં હતાં અને આજે વડોદરા કૉર્પોરેશન-સંચાલિત એ હૉલ અવેતન કલાકારોને લગભગ નજીવા દરે મળે છે. સૂરત મ્યુનિસિપલ કૉર્પોરેશન એવો નિર્ણય કેમ ના કરે? સૂરતનાં અવેતન મંડળોએ પણ એ બાબતમાં જાગૃતિ બતાવવી જોઈએ.

[૧૭ નવેમ્બર, ૧૯૮૧]

ડિસ્કો – સંસ્કૃતિ

[આપણા પ્રબોધકાળ દરમિયાન આપણે પશ્ચિમની કેટલીક ઉદાત્ત ભાવનાઓ, વિચારો અપનાવ્યાં અને આપણા સમાજની ઉન્નતિ સાધી સ્વાતંત્ર્યોત્તર યુગમાં આપણે પશ્ચિમની સંસ્કૃતિની કેવળ વાનરનકલમાં રાચતા થયા છીએ. એમ કરવામાં આપણી સંસ્કૃતિને, આપણા આદર્શોને જે હાનિકારક તત્ત્વો છે તેનો પુરસ્કાર – પ્રચાર હમણાં હમણાં વધ્યો છે. ગુજરાતની પારંપરિક કલાનું સત્યાનાશ કાઢે એવું ડિસ્કો ગરબાનું ગાંડપણ કોઈ પણ સંસ્કારી ગુજરાતીને આઘાત અને વેદના પમાડે. આ વિષય પર અહીં વેદનાભર્યા કટાક્ષમાં થોડું ચિંતન રજૂ થયું છે.— સં.]

ગુજરાતમાં ગુજરાતી સાહિત્ય અને તેની આગવી સંસ્કૃતિને વેગ આપવા અને તેને ગુજરાતમાં વિકસાવવા સાહિત્યઅકાદમીની રચના કરવાની વાત થોડાક દિવસ પહેલાં ગુજરાતના મુખ્ય પ્રધાને કરી. પણ ગુજરાતમાં ગુજરાતની નિજી સંસ્કૃતિ હવે રહી છે જ કયાં ? ભારતમાં કદાચ બીજે કયાંય નહીં હોય એટલું પશ્ચિમનું વાનરમુખું અનુકરણ ગુજરાતમાં થઈ રહ્યું છે. ઠેરઠેર 'ડિસ્કો' કલબો સ્થપાતી જાય છે, વરઘોડામાં અને જાહેર કાર્યક્રમોમાં 'ડિસ્કો' નૃત્યો થતાં જાય છે. ગુજરાતના યુવાનો પોતાનું જે છે તે ગુમાવીને પારકું છે તે હોંસે હોંસે અપનાવતા થયા છે.

ગુજરાતમાં જે મહેલાતો ઊભી થઈ રહી છે તેનાં નામો પણ ઘણે ભાગે તો અંગ્રેજી અથવા પશ્ચિમી સ્વરૂપનાં રહ્યાં છે. અંગ્રેજી માધ્યમનાં બાળમંદિરો ઠેર ઠેર ઊભાં થતાં જાય છે. ગુજરાતના શિક્ષિત મહાનુભાવો અને અગ્રગણ્ય વ્યક્તિઓ પોતાના નામની સાચી જોડણી લખવાની પણ દરકાર કરતા નથી. ધનેશો 'ધનેશો અને 'દિનેશો' હમેશાં 'દીનેશો' બનતા ગયા છે. લાખ્ખો રૂપિયાના ખર્ચે રચાયેલી મહેલાતોને ભોગજોગે અપાયેલાં ગુજરાતી નામોની જોડણી પણ સાચી લખી શકાઈ નથી. એવી એક 'આશીર્વાદ મહેલાત 'આશીંવાદ' બની ચૂકી છે. જે વ્યકિત પોતાના બંગલામાં આરસની તકતીએ તકતી ને ખીટીએ ખીંટી જડાવતી વખતે કાળજી રાખે તે જ વ્યકિતને પોતાની ભવ્ય

ઇમારતના પ્રવેશદ્વારે આગળ પડતી રીતે મુકાયેલી નામતકતીમાંની ખોટી જનેઉણી આંખના કણાની માફક કેમ નહીં ખૂંચતી હોય ? ગુજરાતમાં અકાદમી રચાશે તો પણ તે શેને પ્રોત્સાહન આપશે ? અહીં પ્રોત્સાહન આપવા માટેની સામગ્રી જ કયાં છે ?

આ વાત આટલેથી અટકતી નથી. પૈસાદાર લોકો, સમાજના વિદેશોન્મુખી લોકો 'ડિસ્કો' કલબો સ્થાપે, તેના સભ્યો બને, તેમાં રોજ જાય અને ડિસ્કોનૃત્ય કરે તેની સામે કોને વાંધો હોઈ શકે ? પણ આ 'ડિસ્કો' સંસ્કૃતિએ આપણી કલા અને આપણી સંસ્કૃતિને અભડાવીને વિકૃત બનાવવા માંડી છે. નવરાત્રીમાં ડિસ્કો 'દાંડિયા'ના કાર્યક્રમો પણ યોજાયાની જાહેરાત થાય છે. આ બધા કાર્યક્રમો આપણી કલાને વિકૃત બનાવવા માટેના 'સ્ટંટો' છે, 'ડિસ્કો' શબ્દ મૂળ શબ્દ 'ડિસ્કોથેક' શબ્દનું ટૂંકું રૂપ છે. 'ડિસ્કોથેક' એટલે સ્ત્રી-પુરુષો ભેગાં થઈને પોપ સંગીતને તાલે અંગમરોડ અંગમચકોડરૂપે નૃત્ય કરે. આ નૃત્યનો પણ વિશિષ્ટ પ્રકાર છે. જેમાં સ્ત્રી-પુરુષો અલગ અને ભેગાં પણ નૃત્ય કરતાં હોય છે. પણ એ નૃત્યનું અને સંગીતનું આખું સ્વરૂપ જ એવું જુદું છે જેનો વિનિયોગ આપણા ગરબા કે દાંડિયાની કલા સાથે કે આપણા સુગમ કે શાસ્ત્રીય સંગીત સાથે કયારેય થઈ શકે એમ નથી. ડિસ્કો એ વધતેઓછે અંશે મહિલી, ઘોંઘાટિયા છાકથી છકેલી કલા છે. એમાં કલાની ઋજુતા સુસ્વનતા નથી. એમાં આક્રમકતા, માદકતા, અંગોપાંગના કસરતી અને અડબંગ ઉભડક મરોડો છે. ડિસ્કોમાં છાક છે, રુચિરતા નથી. ગમે તેમ પણ ડિસ્કોનો યોગ આપણા ગરબા કે આપણા દાંડિયારાસ સાથે કયારેય થઈ શકે એમ નથી. ડિસ્કો નૃત્ય એક સ્વતંત્ર કલાસ્વરૂપ તરીકે રજૂ કરવું એ એક વાત છે અને ગરબા કે દાંડિયારાસને ડિસ્કો સાથે જોડીને રજૂ કરવા એ બીજી વાત છે. એમ કરવાથી એક વિચિત્ર ખીચડ સંસ્કૃતિ ઊભી થવાનો સંદેહ છે. આમ કરવાથી કલાને નવું રૂપ આપવાનું ઝાઝું શક્ય નથી એમ એની રજૂઆત કરનારા પણ કબૂલે છે. પણ એક બાજુ નવીનતા અને વિદેશી માલની પાછળની દોડની માફક વિદેશી સંસ્કૃતિના પ્રવાહ તરફ દોડી નવા નામે ધંધો ઊભો કરી પૈસા ઊભા કરવાની ખ્વાએશ રાખનારા આવી સંકર સંસ્કૃતિનાં જોખમકારક પગલાં ભરી રહ્યાં છે.

ગરબો એ દૃશ્ય-શ્રાવ્ય કલા છે. એમાં ગીતની સાથે નૃત્ય અને તાલનો

અનુરૂપ વિનિયોગ થવો જોઈએ. ગીતમાં વિવિધ ઋતુના, પ્રણયના કયારેક આપણા ગૃહજીવનના વિવિધ ભાવોને પ્રગટ કરવામાં આવે છે. પ્રાગટ્ય માટેના રાગ, ઢાળ અને તાલ સદંતર આગવા છે. ગરબાના કે દાંડિયાના લોકનૃત્યનો મેળ ડિસ્કો સાથે મેળવી શકાતો નથી.

આપણા ધર્મ ઉપર થતાં આક્રમણોનો સામનો આપણી પરંપરામાં થતો રહ્યો છે તેમ આપણી સંસ્કૃતિ ઉપર થતાં આક્રમણોનો સામનો પણ કરવાનો ધર્મ, સમાજની સામે આવીને ઊભો છે. આ આક્રમણનો પ્રતિકાર બે રીતે થાય. એક તો આપણા સુગમ સંગીતને, આપણા શાસ્ત્રીય સંગીતને વધારે લોકપ્રિય બનાવીને, એનો પ્રચાર કરીને અને સુગમ સંગીતને માટે સ્થપાયેલાં મંડળોને વધારે પ્રોત્સાહન આપીને કરી શકાય. સુગમ સંગીતને માટે સ્થપાયેલાં મંડળોએ આગ્રહપૂર્વક 'ડિસ્કો' વાદ્યવૃંદો, ડિસ્કો સંગીતને અને એના તાલને અસ્પૃશ્ય ગણીને કેવળ શુદ્ધ ભારતીય સંગીત - તાલને જ અપનાવી પ્રોત્સાહન આપવું જોઈએ. કેટલાંક મંડળો ' ડિસ્કો ગરબા 'ના જેવું જ સંકરસ્વરૂપ રજૂ કરે છે. એ સંકર સંસ્કૃતિ અટકવી જોઈએ. જો આપણા સંગીતકારો આ બાબતમાં આજથી જ ચેતશે નહીં તો ડિસ્કો સંગીત અને ડિસ્કો-સંસ્કૃતિનો આખો પ્રવાહ એમને ખેંચી જઈને ડૂબાડી દેશે, એમનું સ્થાન કયાંય નહીં રહે.

બીજો પ્રતિકારમાર્ગ સંસ્કારી કુટુંબોએ પોતાનાં બાળકોને આ 'ડિસ્કો' સંસ્કૃતિ તરફ જતાં રોકવાનો છે. 'ડિસ્કો' સંસ્કૃતિનો આપણી કૌટુંબિક પરંપરા અને આપણી સંસ્કૃતિ સાથે મેળ બાય એમ નથી એટલી સભાનતા જો કેળવીએ અને એમાંથી બાળકોને વાળી શકીએ તો કંઈક સફળતા મળે. ગાંધીજીએ પોતાના સત્યાગ્રહના પહેલા પ્રસ્થાન તરીકે 'સ્વદેશી'ની પ્રવૃત્તિ ઉપાડેલી. છેલ્લાં પાંત્રીસેક વર્ષમાં આપણે એ બધું જ ધોઈ નાખ્યું અને વિદેશીનું વાનરમુખું અનુકરણ કરવા માંડયું. ગાંધીજીની 'સ્વદેશી'ની પ્રસારેલી ભાવનાનું પેટ ભરીને આપણે વેર વાળી રહ્યા છીએ તેમાં 'ડિસ્કો' શિરમોર છે.

[૬ ઑક્ટોબર, ૧૯૮૧]

સર્જનતા સાહિત્યનું ઊતરતું જતું સ્તર

[આ લેખ લખાયો તે સમયે સાહિત્યમાં અશ્લીલતાનો પ્રશ્ન કદાચ ઉદ્વેગ નહોતો જન્માવતો. યૌનવૃત્તિઓનું અને ક્રિયાઓનું નિરૂપણ કલાત્મક પરિમાણ ધારણ કરી શકતું હોય તો એ હેય ન ગણાય. પણ કલામાં આ તત્વ ક્યારે ઉપાદેય હોય અને ક્યારે એ હેય બની જાય તેનો વિવેક કરવો કપરું કામ છે. ક્યારેક તો એવું લાગે કે આપણું મનોમાંદ્ય (morbidity) આ રીતે અભિવ્યક્તિ શોધે છે. આવું થાય ત્યારે સાહિત્યને પણ હાનિ થાય અને સમાજમાં પ્રતિ-સાંસ્કૃતિક પરિણામો ઊભાં થાય. અહીં સાહિત્ય દ્વારા પ્રસરતા આવા ભય તરફ સંકેત છે.—સં.]

આપણા સમાજજીવન સમક્ષ એક ભારે નૈતિક કટોકટી ધીરેધીરે છતાં બહુ ચોક્કસપૂર્વક ઉદ્ભવતી જાય છે. કેટલીક કટોકટી એવા પ્રકારની હોય છે કે તેની અસર તાત્કાલિક માલૂમ પડતી નથી પણ તેનાં માઠાં અને ગંભીર પરિણામો લાંબે ગાળે માલૂમ પડે છે. નૈતિક કટોકટી આવા પ્રકારની છે. આ કટોકટીને ફેલાવવામાં હમણાં હમણાં પ્રગટ થતાં સામયિકો અને વાર્તાસંગ્રહો અને નવલકથાઓ અગત્યનો ભાગ ભજવે છે. ભજવાતાં નાટકોમાં હાસ્ય માટે અજમાવાતી રીતરસમો ઓછી જવાબદાર નથી.

આવાં સામયિકો સ્થાપિત મૂલ્યોની ઠેકડી ઉડાવવામાં મજા માણે છે. તેમાં પ્રગટ થતી વાર્તાઓ સ્થૂળ વૃત્તિને ઉશ્કેરીને, ક્યારેક તેને બહેલાવીને ગલગલિયાં કરવામાં રાચે છે. તે સિવાય તેનો બીજો કોઈ હેતુ હોય એમ જણાતું નથી પ્રગટ થતી નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓ પણ આ જ હેતુથી લખાય છે. જાતીયવૃત્તિ એ બધાનો મુખ્ય વિષય હોય છે અને તેનાં વિકૃત સ્વરૂપો બહેલાવીને આલેખાય છે. હમણાં હમણાં નાટકો પણ દ્વિઅર્થી શબ્દપ્રયોગોની મદદ લઈ અશ્લીલ કહી શકાય એવી હદે પહોંચે છે. સાહિત્યમાં સૌથી વધારે ગૌરવનું સ્થાન પામનાર કવિતા પણ આમાંથી હવે બાકાત રહે તેમ નથી કવિતાના એક પ્રકાશનનું નામ 'ડ્રાઉં, ડ્રાઉં' આપવામાં આવ્યું છે. તેના હવે મઠો સ્થપાય છે.

મઠાધિપતિઓ અને તેના શિષ્યોની પરંપરા ચાલે છે. પ્રતિષ્ઠા પામેલા સાહિત્યકારોની ઠેકડી ઉડાવવામાં, સ્થિર થયેલાં સાહિત્યમૂલ્યોનો હ્રાસ કરવામાં તેમને રસ પડે છે અને જે કોઈ તેમનો વિરોધ કરે તેમની તે અતિશય નિમ્ન કોટિએ ઊતરી ઠેકડી કરે છે. પરિણામે સમાજના શાણા ગણાતા માણસો તે તરફ આંખ આડા કાન કરવામાં અથવા તો તેમની ઉપેક્ષા કરવામાં જ ડહાપણ માને છે.

'સંજ્ઞા' નામના એક સામયિકના ઑક્ટોબરના અંકમાં પ્રગટ થયેલી 'કુત્તી' નામની વાર્તા આનું સ્પષ્ટ ઉદાહરણ છે. એ વાર્તાનો ઉપાડ નારીના એક ગૃહમાં તેના બે પ્રેમીઓ સાથેના તેના શયનના વર્ણનથી થાય છે. આ આખું વર્ણન જુગુપ્સાપ્રેરક, અશ્લીલ છે. આખી વાર્તામાં એ ઘર જ અને તેમાં ચાલતી ચેષ્ટા જ કેન્દ્રસ્થાને રહે છે. આવી વાર્તાઓનો બચાવ કંઈક વાર માનસશાસ્ત્રનો આધાર લઈ કરવામાં આવે છે, કોઈક વાર તેની પાછળ આભાસી રહસ્યનું આરોપણ કરીને કરવામાં આવે છે. કયારેક વાસ્તવવાદ પણ એની સાર્થકતા સિદ્ધ કરવા માટે આગળ ધરવામાં આવે છે, પરંતુ ખરેખર તો હવે એ બધાંની પાછળ વાસનાને ગૌરવનું રૂપ આપવાનો અને માણસની નિર્બળતાને સાર્થ ઠેરવવાનો હેતુ છે.

આવું જ્યારે કોઈક વાર કે કયારેક જ બનતું હોત તો તેની ઉપેક્ષા કરવામાં જોખમ ન હોત. પરંતુ આવાં સામયિકો અને પુસ્તકોની હારમાળા પ્રગટ થતી જોવામાં આવે છે. કેટલાંક ચોપાનિયાંની પાછળ નગ્ન કહી શકાય એવી છબીઓ પ્રગટ કરવામાં છે. તેની નીચે બહેકાવે એવી પંક્તિઓ મૂકવામાં આવે છે જાણે કે સમગ્ર સામયિકના પ્રકાશનનો સાર જ એ ન હોય? આ બધું એટલી સિફ્ત-પૂર્વક કરવામાં આવે છે કે કાયદાની કોઈ કલમ તેને અટકાવી શકતી નથી. કયારેક એવાં સામયિકો ઉપર કેસ થાય છે કે તેને શિક્ષા થાય છે ત્યારે જાણે વાણીસ્વાતંત્ર્યને ટૂંપો દેવાતો હોય, કોઈના મૂળભૂત અધિકારનો છેદ ઉડાવાતો હોય એવો દેકારો મચાવવામાં આવે છે. કયારેક શ્લીલ – અશ્લીલની વ્યાખ્યા થઈ નથી અને જેને અશ્લીલ કહેવામાં આવે છે તે બીજે અશ્લિલ ગણાયું નથી એવી દલીલબાજીઓ કરવામાં આવે છે.

વિચિત્રતા તો એ છે કે એ દલીલબાજી કરનારાઓ પ્રજાના હિતેચ્છુઓ હોવાનો દાવો કરનારા જ હોય છે. કોઈકના આદર્શોની ઠેકડી પણ તેઓ કરે છે અને જાણે કે પોતે જ પરમ સતવાદી છે એવો અંચળો પહેરીને ફરનારા છે.

તેમને ટેકો આપનારાઓનો તોટો પણ નથી હોતો. આ બધું હવે તો એવું ગંભીર સ્વરૂપ પકડતું જાય છે કે તે અંગે જો વેળાસર વિચાર કરવામાં નહિ આવે તો તે મહા ઉપદ્રવનું સ્વરૂપ ધારણ કરશે.

શિક્ષણનો વિસ્તાર વધતાં વાંચવાની ભૂખ પણ ખાસ તો નવલકથા કે વાર્તાનાં ચોપાનિયાં વાંચવાની ભૂખ-ઊઘડી છે અને તેવે સમયે આપણા કિશોર-કિશોરીના હાથમાં આવાં સામયિકો જો પહોંચી જશે તો તેમનાં ઊગતાં માનસ ઉપર વિચિત્ર પ્રકારના પ્રત્યાઘાતો પડશે. સમાજમાંથી ધર્મ ઉપરની શ્રદ્ધાની અને કૌટુંબિક આચારવિચાર અને સંસ્કારની પકડ આજે જ્યારે ધીરે ધીરે ઘટતી હોય ત્યારે તો આવા વિકૃત પ્રત્યાઘાતોને અટકાવનારું કોઈ જ બળ રહ્યું નથી. આપણા યુવાનોના વર્તનમાં, પહેરવેશમાં અને વાણીમાં આ વિકૃતિ બહુ સ્પષ્ટતાથી હમણાં હમણાં જણાય છે. સાહિત્યમાં અશ્લીલતા આવેલી કયારે કહેવાય તે બાબતમાં ભલે કોઈ વ્યાખ્યા કાયદાની પરિપાટીમાં નહિ બંધાઈ હોય, ભલે તે અંગેના વિવિધ ભેદો હોય છતાં સમાજ માટે તેની વ્યાખ્યા બાંધવાનું કે તેને ઓળખવાનું મુશ્કેલ નથી એ ચોક્કસ ખરી મુશ્કેલી એ છે કે આવાં પ્રકાશનોનો હિમ્મતભેર સામનો કરવાની કોઈને પડી નથી. આજે તો બધું જ નવી 'કલ્ચર' અને ફેશનને નામે પ્રચાર પામતું જાય છે. સાચાં નહીં પણ ફટકિયાં જ મૂલવાતાં જાય છે. અત્યારના સમાજજીવનની એ પરમ કરુણતા છે.

[૬ ફેબ્રુઆરી, ૧૯૬૮]

*

સત્તાના દુરુપયોગનો વરવો નમૂનો

[કોમી અને ધાર્મિક લાગણીઓ દુભાવાના પ્રશ્ને આપણે આપણી ઇતિહાસદૃષ્ટિ કુંઠિત અને કલુષિત તો નથી કરી રહ્યા ? હરિજનોની લાગણી દુભાય માટે કોશમાંથી 'ઢેડ' શબ્દ રદ કરો, 'ખેમી' વાર્તા પાઠમાંથી રદ કરો, 'નર્મદનો જમાનો' વર્ણવતા પાઠને રદ કરો, કારણ કે વૈષ્ણવોની લાગણી દુભાય. 'મારવાડી' શબ્દ રદ કરો; 'વાળંદ' શબ્દ રદ કરો. શિવસેનાની લાગણી ન દુભાય માટે શિવાજી વિષે સંભાળીને લખો. આમ બધું રદ કરો કરતાં કરતાં આપણે ઇતિહાસને નામશેષ કરવા તો નથી બેઠાંને ? એવો પ્રશ્ન આ લેખમાંથી ધ્વનિત થાય છે.—**સં**.]

થોડાક દિવસો પહેલાં પૂનામાં 'સખારામ બાઈન્ડર' અને 'ઘાસીરામ કોટવાળ' નામનાં બે નાટકો સામે 'પૂણે યુવકસંઘે' દેખાવો કર્યા અને આ નાટકો રજૂ થતાં અટકાવ્યાં. પૂણે 'યુવકસંઘ'ની આ ઉદ્દંડતા સામે સમગ્ર મહારાષ્ટ્રમાં કલાકારોના રોષ ફાટી નીકળ્યો. યુવકસંઘનાં આંદોલનોનું મુખ્ય કારણ આ નાટકોમાં કોઈ કોમ (બ્રાહ્મણ) સામે ટીકા કરવામાં આવી હતી તે હતું. તે ઉપરાંત મહારાષ્ટ્રની પ્રખ્યાત ઐતિહાસિક વ્યક્તિ નાનાસાહેબના પાત્રાલેખન સામે પણ તેમને વાંધો હતો અમુક ચોક્કસ જૂથ પોતાની માન્યતાને આગળ કરી કલાકારને ગૂંગળાવે અને હિંસાત્મક આંદોલનો કરી નાટકને રજૂ થતાં અટકાવે એ અસહ્ય છે અને એવી હિલચાલ ઊગતી ડામવી જ જોઈએ એમ ચોગરદમથી કહેવાયું. આને મળતો એક અતેરો નિર્ણય ગુજરાત સરકારે સ્વ. રામનારાયણ પાઠકની 'ખેમી' નામની વાર્તા અંગે લીધો છે. 'ખેમી' રામનારાયણ પાઠકની સુપ્રસિદ્ધ વાર્તા છે. એ વાર્તામાં હરિજનકોમની એક નારીના અંતરની લાગણીની વાત કરવામાં આવી છે. ખેમી વિધવા થાય છતાં પોતાના પતિ પ્રત્યેની લાગણીમાં જીવન વીતાવે છે. આ મુખ્ય મુદ્દાના સંદર્ભમાં અમુક પ્રજામાં દેખાતી ચોક્કસ જીવનપ્રણાલિ અને ચોક્કસ ખાસિયતોનું વર્ણન કરવામાં આવ્યું છે. 'ખેમી' માત્ર સ્વ. રામનારાયણ પાઠકની જ નહીં પણ ગુજરાતી સાહિત્યની શ્રેષ્ઠ વાર્તાઓમાંની એક શ્રેષ્ઠ વાર્તા ગણાઈ છે. વર્ષો સુધી અવરનવર એ શાળાનાં પાઠ્યપુસ્તકોમાં, કૉલેજોનાં પાઠ્યપુસ્તકોમાં અને

એસ. એસ. સી.ના સંગ્રહમાં સ્થાન પામી છે અને તે વખતે કોઈને એમાં કશો વાંધો લાગ્યો નહોતો. ઊલટું નીચી ગણાતી કોમમાં પણ હૃદયની આવી તીવ્ર ભાવના અનુભવતી વ્યક્તિ હોય છે એમ એને નિરૂપવામાં આવતી હતી.

હરિજનકોમ પ્રત્યે ખૂબ સમભાવે લખાયેલી એ વાર્તામાંથી હરિજન કોમમાં પણ ચારિત્ર્યની ઉદાત્તતા દર્શાવતી નારી જન્મે છે એ રહસ્યને ભૂલી તાજેતરમાં હરિજનકોમના એક જૂથે આ વાર્તાથી હરિજનકોમની લાગણી દુભાય છે એવી રજૂઆત કરી આ વાર્તા શાળાનાં પાઠ્યપુસ્તકમાંથી રદ કરવી જોઈએ એવી માગણી કરી અને આપણા સૌનાં આશ્ચર્ય વચ્ચે સત્તાસર્વદા દબાણને વશ વર્તતી આ સરકારે શાળાનાં પાઠ્યપુસ્તકોમાંથી 'ખેમી'ને રદ કરવાનો નિર્ણય કર્યો. આપણા કમભાગ્યે ગુજરાતની પ્રજાએ આની સામે કશો વાંધો વિરોધ નોંધાવ્યો નહિ.

અમે સરકારના આ નિર્ણયનો વિરોધ કરીએ છીએ અને તમામ સાહિત્યપ્રેમી અને કલાપ્રેમીઓને સરકારના આ નિર્ણયનો વિરોધ કરવા અનુરોધ કરીએ છીએ. સરકારનો આ નિર્ણય અવિચારી છે કારણ કે સરકારે આ વાર્તાના રહસ્યને સમજવાનો પ્રયત્ન નથી કર્યો. તે ઉપરાંત કોઈ પણ વાર્તા કે એ અર્થમાં કોઈ પણ સાહિત્યકૃતિનો ઉદ્દેશ આ કે તે કોમને ઉતારી પાડવાનો હોતો જ નથી! 'ખેમી' વાર્તાનો સંદર્ભ અમુક કોમનો નથી પણ માનવહૃદયની લાગણીનો છે. 'ખેમી'ને કોમની લાગણી દુભાવવાના અર્થમાં જોવી એ નર્યું અજ્ઞાન છે અને સરકારે દબાણને વશ થઈ પાઠ્યપુસ્તકમાંથી રદ કરવાનો કરેલો નિર્ણય એ અજ્ઞાનને પોષક બન્યો છે. આપણા સાહિત્યમાં અનેક કોમના સંદર્ભમાં અનેક વ્યવસાયો, સંપ્રદાયો, પ્રદેશો અને ભાષાના સંદર્ભમાં વાર્તાઓ, નાટકો, કાવ્ય રચાયાં છે. બધા જ વર્ગો પોતાની લાગણી દુભાય છે એવી રજૂઆતના ઓઠા નીચે સરકાર ઉપર દબાણ લાવશે અને અણસમજુ સરકાર એ દબાણને વશ થશે તો એ વાત ક્યાં જઈને પહોંચશે. એનો વિચાર કરી લેવા જેવો છે. આ જાતના દબાણને વશ થઈને સરકાર કોમવાદને પોષી રહી છે અને પોતાનું નિરર્થક આણાપણું અને સત્તાકીય સ્થાપિત હિત વ્યક્ત કરી રહી છે એ પણ સરકારે સમજી લેવું જોઈશે. 'ખેમી' અંગેનો ગુજરાત સરકારનો નિર્ણય કાચી સમજવાળા શાસકોને હાથે આજની લોકશાહીમાં પણ સત્તાનો કેવો અને કેટલો દુરુપયોગ થાય છે તે દર્શાવી આપે છે. આ સામે પ્રજાએ જાગ્રત થવાની જરૂર છે.

[૩ એપ્રિલ, ૧૯૭૩]

વાણી : સંસ્કારિતાની પારાશીશી

[यथा यथा मुच्यति वाक्यबाणम् ।
तथा तथा जातिकुलःप्रमाणम् ॥

એમ હવે રહ્યું છે ખરું ? આ લેખમાં આ સમસ્યાનું પૃથક્કરણ થયું છે. કૉલેજના રસ્તે આવતાજતાં વિદ્યાર્થીઓને મુખે છૂટતાં કુસંસ્કારી વાક્યબાણોથી પોતે જ વીંધાયાની વેદના અનુભવીને આચાર્ય મહેતાએ આ સંસ્કારચિંતન કર્યું છે.—સં.]

શિક્ષણ અને સંસ્કારને કશો સંબંધ ખરો કે નહિ એવો પ્રશ્ન વારંવાર થાય છે. શિક્ષણ અને સંસ્કાર વચ્ચે ગાઢ સંબંધ હોવો જોઈએ. શિક્ષણે વ્યક્તિને સંસ્કારી બનાવવી જોઈએ એમ આપણે સ્વીકારીએ પણ ઘણી વાર વ્યક્તિ શિક્ષિત હોવા છતાં સંસ્કારી નથી હોતી અને વ્યક્તિ સંસ્કારી હોય, છતાં એને ઉચ્ચ શિક્ષણનો લાભ નહીં પણ મળ્યો હોય. સંસ્કાર ઘણી વાર લોહીમાં ઊતરી આવેલો કુટુંબગત વારસો છે. વાતાવરણથી એ પોષાય છે ને ઘડાય છે. શિક્ષણ બહારથી પ્રાપ્ત કરેલી વસ્તુ છે. શિક્ષણનો હેતુ સંસ્કારને પોષી, વ્યક્તિત્વને વિકસાવી મનુષ્યનું ઓજસ્ વધારવાનો છે અને છતાં શિક્ષણ અને સંસ્કારનો સંબંધ અવિનાભાવી નથી બનતો. જેમ શિક્ષણની સમસ્યાઓ છે તેમ સંસ્કારની પણ સમસ્યાઓ છે. મોટું આશ્ચર્ય તો એ છે કે જેમ જેમ સમાજમાં શિક્ષણ વધતું જાય છે તેમ તેમ સમાજમાંથી સંસ્કારિતા ઓછી થતી જાય છે. આજનો શિક્ષિતવર્ગ તેમના વર્તન ઉપરથી, પહેરવેશ ઉપરથી અને વાણી ઉપરથી ઓછો સંસ્કારી છે એમ કોઈને પણ પ્રતીત થશે.

આજે આ લખવાનું એટલા માટે પ્રાપ્ત થયું છે કે સૂરત શહેર અને સૂરત જિલ્લાનાં ગામોમાં (એમાં વલસાડનો પણ સમાવેશ થાય છે.) ગાળો અને અપશબ્દો બોલવાનું પ્રમાણ વધતું જાય છે. સૂરતનો આ વારસો આજનો નથી પણ પુરાણો છે. પણ અમને એમ હતું કે જેમ જેમ શિક્ષણ વધતું જશે તેમ તેમ સભ્યતા વધશે અને સૂરત જેમ ઘણી વસ્તુઓને ભૂલી ગયું છે તેમ એના

કલેવરમાં જડ ઘાલીને પડેલા આ વારસાને પણ ભૂલી જશે. શિક્ષણના પ્રસારને વધ્યાને આજે ઠીકઠીક વર્ષો થયાં છે ને હવે તો વિદ્યાના પરમોચ્ચ ધામ સમી દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું મથક પણ સૂરત થવાનું છે અને છતાં શું સૂરત એની આ કટેવ નહિ છોડે ?

જો ગાળો બોલવાની આ બદીમાં કેવળ સમાજનો અમુક વર્ગ જ સપડાયો હોત અમુક કોમ પૂરતી જ એ મર્યાદિત હોત, સમાજના નીચલા થરના અને અશિક્ષિત મનુષ્યો જ બોલતા હોત તો કદાચ એની અવગણના કરી શકાત, એને સહ્ય પણ ગણી શકાત. પણ અપશબ્દો ઉચ્ચારવાની આ બદીમાં સૂરત શહેર અને તેનો સમગ્ર દક્ષિણ વિસ્તારનો આખો સમાજ સપડાયેલો છે. ગાળો ઉચ્ચારવાની આ બદી એને કોઠે પડી ગઈ છે. ગાળો ઉચ્ચારનાર અને સાંભળનારને એમાં કશું ખરાબ નથી લાગતું, કશું અપમાનજનક નથી લાગતું, એમાં સંસ્કાર અને સભ્યતાનો ભંગ થતો નથી લાગતો. કહે છે કે ઉત્તર ગુજરાતમાં જો કોઈ ગાળો ઉચ્ચારે તો માથાવાઢ લડાઈ થાય એમાં કદાચ અતિશયોક્તિ હશે પણ અમને એટલી તો ખાતરી છે કે ગુજરાતના અન્ય પ્રદેશોમાં સૂરતના જેટલી ગાળો ઉચ્ચારવાની ટેવ સામાન્ય નહીં જ હોય. અહીં તો વાક્યમાં ભાર લાવવા, લય અને 'રીધમ' લાવવા ગાળો બોલાય છે. સાંભળનારને એમાં કશું આઘાતજનક નથી લાગતું, એ બાબતમાં આપણે એટલા જડ બની ગયા છીએ કે ગાળોને આપણે અંગ્રેજી ભાષામાં આવતા આર્ટીકલો સાથે સરખાવવાની ધૃષ્ટતા કરીએ છીએ.

કુટુંબમાં પતિ – પત્નીના ઝઘડામાં ગાળો બોલાય, બાળકોને વઢવામાં ગાળોનો આશ્રય લેવાય, મિત્રો ટોળટપ્પામાં ગાળો બોલે, શાકભાજી ખરીદતી વખતે રકઝકમાં ગાળો બોલાય અને પડોશી સાથેનું વાણીયુદ્ધ તો ગાળો વિના ખેલાય જ કેવી રીતે ! ચોરે અને ચૌટે, ઘરમાં અને શેરીમાં, શાળાઓ અને કોલેજોમાં, બસમાં અને ટ્રેઈનમાં તમને બધે જ આ અપશબ્દનું સામ્રાજ્ય વ્યાપેલું જણાશે. એમાં યુવાન અને વૃદ્ધ એકસરખી રીતે પ્રવીણ છે.

આ જાહેર રસ્તો છે. રસ્તો કોલેજનો માર્ગ છે. હજારો વિદ્યાર્થીઓ–વિદ્યાર્થિનીઓ, પુરુષો અને સ્ત્રીઓ એના ઉપરથી પસાર થાય છે. રસ્તાની બાજુએ ફાટયાંતૂટયાં વસ્ત્રોમાં માનવજીવનની ભયંકર કરુણતા સમો એક ગાંડો

માણસ ઊભો છે. કોઈ એને અટકચાળું કરે છે અને એના મુખમાંથી ભયંકર અપશબ્દોની ઝડી વરસે છે. રસ્તે કેટલાંય સ્ત્રી–પુરુષો જાય છે. કોઈ અટકચાળું કરનારને રોકવાની દરકાર કરતું નથી. ગાંડો ગાળો બોલતાં થંભે કે એને પાછો ચીઢવવામાં આવે છે. ગાળોની આ રમઝટ માણવાને નાનકડું ટોળું ભેગું થાય છે. દુકાનોમાંથી દુકાનદારો ડોકિયાં કરી વચ્ચે એકાદ ટાપસી પૂરી લે છે. પાસે પોલીસ ઊભો છે અને તે પણ આ રમઝટ માણવાની શાનો ચૂકે ? આ દુઃખદ છતાં સૂરત શહેરના રસ્તા ઉપર નજરે જોયેલું સાચું દૃશ્ય છે.

સૂરત સ્ટેશનેથી ઊપડેલી સ્ત્રીપુરુષોથી ખીચોખીચ ભરેલી બસમાં નોકરી ઉપરથી છૂટી ઘેર જતા બસના ડ્રાઈવરો અને કન્ડકટરો ઊભા છે. તેમના ગણવેશમાં જ તેઓ છે. અંદર - અંદરની વાતોમાં મોટે સાદે તેઓ અપશબ્દો ઉચ્ચારતા જાય છે બસમાં બેઠેલા સૌ કોઈ મૂંગે મોઢે સાંભળે છે જાહેર નોકરોની જાહેરમાં આ રીતભાત છે. પોસ્ટ–ઑફિસમાં કામ કરતા કારકુનો અંદર અંદર વાતો કરતાં પણ ગાળો બોલે અને તે પણ લોકોની હાજરીમાં, ધીરે ચાલતા ઘોડાને ગાડીવાળો ગાળ દે છે સમજુ ગણાતા માનવીનું અણસમજુ પશુ તરફનું એ વર્તન છે. વિદ્યા અને સંસ્કારના ધામ સમી આ કૉલેજ છે. ચારેક વિદ્યાર્થીઓ વાતો કરતા ઊભા છે. એકના હાથમાં ગીતાનું પુસ્તક છે. સંસ્કૃતનો વિદ્યાર્થી લાગે છે. બીજાના હાથમાં બી. એ. માં ચાલતા શેકસપિયરના નાટક 'મૅકબેથ' નું પુસ્તક છે. ત્રીજાના હાથમાં 'સરસ્વતીચંદ્ર' ની નવલકથાનું પુસ્તક છે. અને ચોથો કંઈક વાણિજ્યના કોઈક વર્ગનો વિદ્યાર્થી છે. ચારે વિદ્યાર્થીઓ કૉલેજના કમ્પાઉન્ડમાં ઊભા ઊભા વાતો કરતાં અપશબ્દો બોલતા જાય છે. મોટે સાદે અપશબ્દો બોલવામાં એમને નાનમ નથી લાગતી, પોતાની વિદ્યાને લાંછન લાગે છે તેનું ભાન થતું નથી લાગતું. આજુબાજુ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓનાં જૂથો પણ એ સંભાળે છે. એમાંથી એને કોઈ અધ્યાપક બોલાવીને ઠપકારે છે. એ છે પેલો હાથમાં 'શ્રીમદ્ ભગવદ્ગીતા'નું પુસ્તક લઈ ઊભેલો વિદ્યાર્થી. નામ છે 'ઉપાધ્યાય' જન્મે બ્રાહ્મણ. અભ્યાસે સંસ્કૃતનો વિદ્યાર્થી અને વાણીમાં શૂદ્ર, મહાભારતકારે જ કહ્યું છે ને "જન્મથી બધા જ શૂદ્રો છે. સંસ્કારથી જ બ્રાહ્મણ કહેવાય છે." આ છે આપણા નાનાલાલ, ગોવર્ધનરામ જેવા સંસ્કારમૂર્તિઓના ગ્રંથોનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સંસ્કારનો વારસો કેટલો ઊંડો ઊતર્યો તેનો આના ઉપરથી કયાસ કાઢવો રહ્યો.

આપણા સાંસ્કારિક જીવનની આ દુઃખદ ઘટના નથી લાગતી ? આનો કશો

ઉપાય ખરો કે નહિ ? ઊગતી પેઢીને આ જ શીખવવાનું છે ? તાકીદની પરિસ્થિતિને ધોરણે આનો વિચાર કરી આપણા સમાજશાસ્ત્રીઓ અને શિક્ષણશાસ્ત્રીઓએ ઉપાય શોધી કાઢવો પડશે. કેળવણીના પ્રસારનું ગૌરવ લઈ સંસ્કારસંપત્તિની બાબતમાં શૂન્ય મેળવનાર સમાજ છેવટે તો પતનને માર્ગે જ જાય છે. એ સમાજમાં કશું સત્ત્વ રહેતું નથી. એનું વ્યક્તિત્વ રહેતું નથી. વિદ્યાર્થી શાળામાં જે ભણે છે તે શેરીમાં ભૂલીને આવે છે, કુટુંબમાં ભૂલીને આવે છે. શાળામાં એ પાંચ કલાક રહે છે. શેરીમાં ને ઘરમાં બાકીના ઓગણીસ કલાક.

સંસ્કારની આ કટોકટીની બાબતમાં, જીવનમૂલ્યોની સ્થાપનાની આ બાબતમાં વધારે જવાબદારી વાલીઓની છે. આજે આપણે ત્યાં એવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે કે માબાપ પોતાના બાળકના ટ્યૂશનને માટે થોડાક રૂપિયા ખર્ચી શિક્ષક રાખી લીધો એટલે પોતાની જવાબદારી પૂરી થઈ ગઈ એમ સમજે છે પોતાનું બાળક શું વાંચે છે, ક્યાં ફરે છે, કોણ એના મિત્રો છે તેની દરકાર એ રાખતા નથી. ઘણી વાર તો કયું ધોરણ ભણે છે તેની પણ તેને ખબર હોતી નથી. પોતે પૈસા ખર્ચે છે એટલે બધી જવાબદારી શિક્ષકની છે એમ તેઓ માને છે. માબાપોની આ જાતની ઉદાસીનતાથી ઘણાં અનિષ્ટો જન્મ્યાં છે. ઊગતી પ્રજાને જાગૃત અને સ્વસ્થ બનાવવાનો એ માર્ગ નથી.

આ પ્રકારની ઉદાસીનતા અને આ વૃત્તિ સમાજમાં ધીરેધીરે સડો લાવે છે અને આપણી હીનતાનું સૂચન કરે છે. એની સામે જાગૃત બન્યા સિવાય ચાલવાનું નથી. શિક્ષણના વ્યાપ સાથે સંસ્કારનો વ્યાપ પણ વધવો જોઈએ. એકલા એન્જિનિયરો અને ડૉકટરો સમાજને પૂરા પાડવાથી સમાજનું હિત થવાનું નથી. સમાજને છેવટે તો જોઈશે સાચા સંસ્કારી માણસો. ડૉકટર–એન્જિનિયરે અને સૌ કોઈએ સભ્ય અને સંસ્કારી માનવી બનવાનું રહેશે. સંસ્કાર એ જ સારા સમાજનો માપદંડ છે-શિક્ષણનો પ્રસાર નહિ. સંસ્કારથી વિમુખ બનતું શિક્ષણ પોકળ છે, સત્ત્વહીન છે. શિક્ષણ અને સંસ્કારની સમસ્યા ગમે તેટલી મુશ્કેલ હોય છતાં તે ઉકેલવી રહી અને તાકીદની પરિસ્થિતિને ધોરણે જ તે હાથ ધરવી જોઈએ.

[૨૩ માર્ચ, ૧૯૬૫]

રાજકારણ અને બૌદ્ધિક પ્રામાણિકતા

[ભારતીય રાજકારણમાં એક મોટું અનિષ્ટ પેસી ગયું છે તે પક્ષપલટાનું. એણે કેવળ રાજકીય કટોકટી જ સર્જી છે એવું નથી. આ આપણી નૈતિક અને સાંસ્કારિક કટોકટીનું પણ એક અવિભાજ્ય અંગ છે. પ્રતીતિપ્રાપ્ત સિદ્ધાંત-પરિવર્તન અને તત્ક્ષણ લાભ માટેની રાજકીય ગુલાંટબાજીનો ભેદ આપણા રાજકારણીઓએ ભૂંસી નાખ્યો છે. એમ કરીને આપણે નથી તો પ્રામાણિક શાસકપક્ષ સર્જી શક્યા કે નથી રચનાત્મક વિરોધપક્ષનું નિર્માણ કરી શક્યા. ભારતીય રાજકારણમાં પ્રવર્તતા બૌદ્ધિક છળ પરના આ વિચારોની પ્રસ્તુતતા રજમાત્ર પણ ઓછી થઈ હોય એમ દુર્ભાગ્યે કહી શકાય એમ નથી.— **સં**.]

આમારા એક મિત્રે અમને પ્રશ્ન પૂછ્યો કે 'ઈન્ટેલેક્ચ્યુઅલ ઑનેસ્ટી' એટલે શું ? કોઈ વ્યક્તિ અમુક પક્ષની ટિકિટ ઉપર તે પક્ષનાં સિદ્ધાંતો, મંતવ્યો અને કાર્યક્રમોનો સ્વીકાર કરી ધારાસભામાં કે કોઈ સ્થાનિક સંસ્થાની ચૂંટણીમાં તે પક્ષના ઉમેદવાર તરીકે ચૂંટાય પછી કોઈક કારણસર પોતાની જગ્યાનું રાજીનામું આપીને ફરી ચૂંટાયા વિના બીજા પક્ષમાં જોડાઈ જાય તો તે 'ઈન્ટેલેક્ચ્યુઅલ ઑનેસ્ટી' (બૌદ્ધિક પ્રામાણિકતા) કહી શકાય ખરી ? છેલ્લા કેટલાક દિવસો ઉપર થયેલા આવા પક્ષપરિવર્તનના અનુસંધાનમાં પુછાયેલા આ પ્રશ્નો રસમય છે અને વ્યક્તિગત રીતે નહિ પણ શૈક્ષણિક દૃષ્ટિએ (એકેડેમિક) તેની ચર્ચા કરવાનું પણ રસમય છે.

જીવનના વ્યવહારમાં પ્રમાણિકતાનો અર્થ સુવિદિત છે. એ અર્થ પ્રમાણે વ્યક્તિ પોતાની ફરજને નિષ્ઠાપૂર્વક ન્યાયની દૃષ્ટિએ બજાવે એમાં અંગત સ્વાર્થને વચ્ચે લાવે નહિ. અરસપરસના વ્યવહારમાં નીતિનાં ધોરણો જાળવે, પોતાના અંગત લાભ ખાતર કોઈને છેતરે નહિ, બીજાની ઈર્ષ્યા કરી તેની વસ્તુ, મિલકત પડાવી લેવાની પેરવી નહિ કરે. કોઈને અન્યાય નહિ થાય એ પ્રમાણે સામાન્ય રીતે વર્તે એને આપણે વ્યવહારની પ્રામાણિકતા કહીએ.

બૌદ્ધિક પ્રામાણિકતામાં આ અર્થ તો સમાઈ જાય છે પણ તે સાથે વિશેષ અર્થ ઉમેરાય છે. માણસનાં વાણી અને વર્તન એકરૂપ હોય, માણસનાં વિચાર અને વાણી એકરૂપ હોય પોતાને જે સાચું અને ન્યાય્ય લાગતું હોય તે જ તે વ્યક્ત કરે

અને કોઈને ખુશ કરવા કે ખુશામદ કરવા પોતે જે માનતો હોય તે વિચારો બાજુ પર મૂકી નહીં દે. સગવડ ખાતર, સત્તા કે મોભો મેળવવા ખાતર, નાણાં મેળવવા ખાતર પોતાના વિચારો, સિદ્ધાંતો બદલ્યા ન કરે એનું નામ બૌદ્ધિક પ્રામાણિકતા. પોતે લખાણમાં. ભાષણમાં જે વિચારો રજૂ કરતો હોય તે એના પોતાના જ હોવા જોઈએ બીજેથી વાંચેલા કે તફડાવેલા ન હોવા જોઈએ. આને પણ અમે બૌદ્ધિક પ્રામાણિકતા કહીએ છીએ.

આમાં વિચારપરિવર્તનને અવકાશ છે. વ્યક્તિને લાગે છે કે પોતે જે વિચારો એક વાર ધરાવતો હતો તે ભૂલભરેલા હતા અને હવે પોતે તેનાથી વિરુદ્ધ વિચારો ધરાવે છે અને તે સાચા લાગે છે તો તેમ કરવાનો તેને અધિકાર છે, પણ તેમ કરવામાં તેણે નિર્ખાલસ કબૂલાત કરી દેવી જોઈએ અને પોતે ભૂલ કરી હતી એમ કહી દેવું જોઈએ. પણ પાછલે બારણેથી, કરામતથી, કોઈ સગવડ ખાતર જો એમ એ કરે તો તે બૌદ્ધિક પ્રામાણિકતા ગણાય નહીં. અપ્રામાણિકતા 'ઈન્ટેલેકચ્યુઅલ ડીસઑનેસ્ટી કહેવાય.

વિચારપરિવર્તનના અને તેની નિર્ખાલસ કબૂલાતના ઘણા દાખલાઓ આપણે ત્યાં મળે છે. નર્મદનો જ દાખલો ઘણો જાણીતો છે. નર્મદ બૌદ્ધિક જીવનના આરંભમાં પાશ્ચાત્ય સંસ્કૃતિથી આકર્ષાયેલો અને તે સંસ્કૃતિ સારી છે અને તેને અનુરૂપ સુધારા થવા જોઈએ એમ એ પોતાના જીવનની અરંભની કારકિર્દીમાં જોરશોરથી કહેતો અને લખતો પાછળથી એને એ વિચારોમાં ભૂલ જણાઈ અને આપણી સંસ્કૃતિમાં સારાપણું લાગ્યું અને તેનો પુરસ્કાર એણે કરવા માંડ્યો. એટલે જીવનની ઉત્તરાવસ્થામાં એણે કબૂલી લીધું કે પાશ્ચાત્ય સંસ્કૃતિના અતિશય પુરસ્કારમાં પોતે ખોટો હતો. 'ધર્મવિચાર' નામના એના છેલ્લા ગ્રંથમાં આ નિર્ખાલસ કબૂલાત છે અને તે એના વ્યક્તિત્વની નીડરતાને બિરદાવે એવી છે. પોતે ખોટા હતા એમ કહેવાની હિંમત બહુ ઓછા કરે છે. ગાંધીજીએ પણ પોતાની ભૂલને 'હિમાલય જેવડી મોટી ભૂલો' તરીકે કબૂલી છે. આ બધા બૌદ્ધિક પ્રામાણિકતાના દાખલાઓ છે.

એ સંદર્ભમાં બીજા પ્રશ્નનો વિચાર કરીએ તો આપણે કહેવું પડશે કે પોતે જે પક્ષની ટિકિટ ઉપર ચૂંટાયા હોય તે જગ્યાનું રાજીનામું આપ્યા વિના પક્ષપરિવર્તન કરી બીજે પક્ષે ભળી જવું તેમાં બૌદ્ધિક પ્રામાણિકતા તો નથી જ અને તેમાં જો સત્તાધારી પક્ષમાં ભળી જવાનું હોય તો તે તો વધારે અનિચ્છનીય છે. જ્યારે વ્યક્તિ કોઈ પણ પક્ષમાં ઉમેદવાર તરીકે જનતા સમક્ષ જાય છે, ત્યારે તે પ્રમાણિક પણે તે પક્ષના સિદ્ધાંતોમાં માને છે એમ સોગંદપૂર્વક કહે છે, તે એમ

પણ કહે છે કે સત્તાધારી પક્ષની નીતિરીતિ બોટી છે અને તેથી જનતાને જોઈએ તે લાભ થતો નથી. પોતાનો પક્ષ જો સત્તા ઉપર આવશે તો તે આ નીતિરીતિ સુધારશે અને તેથી જનતા ને લાભ થશે કારણ કે એ નીતિ પ્રજાજીવનને વ્યાપક રીતે સ્પર્શે છે. આમ ચૂંટણીજંગમાં વચનો બીજા પક્ષની-ખાસ કરી સત્તાધારી પક્ષની આકરી ટીકાઓ થાય છે. લગભગ તેનાં મૂળ બોદાય છે.

હવે આમ ચૂંટણીમાં સત્તાધારી પક્ષના અને તે રીતે બીજા કોઈ પક્ષના ઉમેદવારોને હરાવી જીતેલી વ્યક્તિ ગમે તે કારણસર પક્ષપલટો કરી બીજા પક્ષમાં જઈ બેસે અને પોતાની જગ્યાનું રાજીનામું નહિ આપે તો તે બૌદ્ધિક પ્રામાણિકતાની દૃષ્ટિએ તો બોટું છે જ પણ નૈતિક દૃષ્ટિએ પણ બોટું છે. એમાં જનતાની વંચના અમને લાગે છે. જનતાએ જે મતો તેને આપ્યા તે તે વખતના તેના તે પક્ષના વિચારોને ધ્યાનમાં રાખી આપ્યા હશે જનતાને તે વખતે એમ પણ ખ્યાલ હશે કે આ પક્ષ સત્તા ઉપર નથી આવવાનો છતાં વિરોધપક્ષ તરીકે સારું કામ કરી શકશે અને લોકશાહીમાં વિરોધપક્ષની અગત્ય છે. પોતાની જગ્યાનું રાજીનામું આપ્યા વિના પક્ષપરિવર્તન કરવામાં જનતાના આ વિશ્વાસનો દ્રોહ છે અને તેથી અમે એને 'ઈન્ટેલેક્ચ્યુઅલ ડીસઓનેસ્ટી' બૌદ્ધિક અપ્રામાણિકતા કહીશું.

[૨૪ નવેમ્બર, ૧૯૬૪]

બૌદ્ધિકો અને રાજકારણ

હમણાં હમણાં ઘણા બુદ્ધિશાળી અને શિક્ષિત માણસો જુદા જુદા રાજકીય પક્ષો જોડાય છે અને રાજકીય પક્ષો પોતાના બાહુ ફેલાવી એમને પોતાની બાથમાં સમાવી બુદ્ધિવાદીઓ અમારા પક્ષમાં જોડાયાની બડાશ મારે છે આ બુદ્ધિશાળીઓ કોણ છે ? એમણે સમાજની આજ સુધી શી સેવા કરી છે ? સમાજે એમની પાસે શી અપેક્ષા રાખે છે એ વિચારવાના પ્રશ્નો છે. આપણે ત્યાં બુદ્ધિવાદીઓનો અર્થ ભણેલા-ગણેલા અને ઉપલા વર્ગનો વ્યવસાય કરનારા એવો થાય છે. બીજા પ્રશ્નનો જવાબ જ્યારે વિચારીએ છીએ ત્યારે એનો કોઈ હકારાત્મક જવાબ જડતો નથી.

આરામખુરશીઓ ઉપર બેસી વાતના તડાકા મારનારા, જીવનની જરૂરિયાત મેળવવાની જ્યારે મુશ્કેલી હોય ત્યારે પૈસાને જોરે કે લાગવગને જોરે પોતાની જરૂરિયાતો ભેગી કરી લેનારા અને વખત આવે લાંચરુશ્વત આપનારા. કરચોરી કરવી પડે તેમાં પણ પાછીપાની નહિ કરનારા, નાની નાની વાતમાં પણ ચોખ્ખામાં ઓછો પ્રામાણિકતાનો આશ્રય લેનારા જો કોઈ હોય તો તે આપણા આ બુદ્ધિવાદીઓ છે એવો એક બહુમતી અભિપ્રાય છે. પોતાના વ્યવસાયની અનેક પ્રકારની સુરક્ષાઓ મેળવીને સતત વધારે ને વધારે માગતા રહેનારા, ચોખ્ખામાં ઓછું કામ કરવાની માગણી કરનારા અને જે કામ નિયત થયું હોય તેટલું કામ પણ નિષ્ઠાપૂર્વક નહિ કરનારા, કામચોરી કરનારા આપણા બુદ્ધિવાદીઓના વર્ગમાં આવે છે એમ પણ કેટલાક કહે છે. અત્યાર સુધી તેમને હાથે જ સૌથી વધારેમાં વધારે સમાજના દલિતોપીડિતો અને શોષિતોની ઉપેક્ષા થઈ છે. સ્વાતંત્ર્ય-પ્રાપ્તિનાં ત્રીસ વર્ષ પછી જો દેશની આ દુર્દશા થઈ હોય તો તેની મોટા ભાગની જવાબદારી આ બુદ્ધિવાદીઓને માથે જ છે.

આ બધા બુદ્ધિવાદીઓ રાજકીય પક્ષોમાં જોડાઈને શું કરવાના છે ? એમાંથી ઘણાએ ઘોલકાં જોયાં નથી. જોયાં હોય તો તેનાં દુઃખનું માપ કાઢ્યું નથી ગામડાં અને ગામડાંની ગરીબી જોઈ નથી. એમાંના જે ગામડાંથી કે ઘોલકાંમાંથી આવ્યા છે તે એ ગામડાં કે ઘોલકાંથી એટલા બધા દૂર નીકળી ગયા છે કે તેમને એનો ઉદ્ધાર કરવા જતાં પણ સૂગ લાગે છે. આપણે ત્યાં વૈચારિક ક્રાંતિની

વાત થાય છે. વૈચારિક ક્રાંતિ એટલે શું ? દસ જાતના સમાજવાદીઓ અને દસ જાતના સામ્યવાદીઓ એક કૉંગ્રેસના ચાર ભાગ અને એક જનતા પક્ષના બીજા ચાર ભાગ. એમાંથી પ્રજા કોનો વિચાર સાંભળે ? વળી એમાંના ઘણા વાડની આ બાજુ કે તે બાજુ જવાનો ચોક્કસ નિર્ણય કરવાને બદલે વાડ ઉપર જ બેઠેલા હોય છે અને લોલવિલોલ મનોદશામાંથી બહાર નીકળી શકતા નથી. ઘણાના વિચારોમાં પોપટિયા ઉચ્ચારણ સિવાય બીજું જડતું નથી. છાપાં અને પુસ્તકોના વાચનમાંથી યે કંઈ મળ્યું તેને બહેલાવવામાં આવે છે પણ તે આ ધરતીની ભૂમિમાં કેટલા અનુરૂપ છે તેનો વિચાર થતો નથી માર્ક્સની વાત કરનારા આજે પણ ભરપટ્ટે મળશે પણ માર્ક્સની ફિલસૂફીથી સમાજ અને એના પ્રશ્નો ઘણા આગળ નીકળી ગયા છે ગાંધીની વાત કરનારાઓમાંથી પણ ધરતીની ફોરમ ફૂટતી નથી.

આ બધાં જ જાડી ચામડીવાળા રાજકારણમાં પડેલા માણસોનાયે ગુણોની સંવેદનશીલતાથી પર થવું, તકવાદને ધર્મ બનાવવો, ધબ્બો વાગે તો ખંખેરી નાખવો, આ બધાથી કેળવાય એમ નથી. આપણા દેશના બુદ્ધિજીવીઓ કોઈ પણ ચોકઠામાં બંધ બેસે એમ નથી. એમની અંગત પ્રામાણિકતા ચકિયાતી નથી અને બીજાની પ્રામાણિકતાની ટીકા કરે છે, પોતે સ્વાર્થથી પર થઈ શકતા નથી અને સ્વાર્થી રાજકારણમાં એમનો બંધ બેસી શકતો નથી તનાવ-દબાણનું ભારણ ઝીલવાની એમની શક્તિ હોતી નથી પરિણામે આજે લગભગ ચોગરદમથી વિછોડાયેલા એ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ જેવા બની ગયા છે. આ ધરતીના જ રહ્યા નથી.

સ્વરાજ્ય મળ્યા પછી બહુજનસમાજને જો કોઈએ છેહ દીધો હોય તો તે આ બુદ્ધિવાદીઓએ જ છે. આ બુદ્ધિવાદીઓ સમાજથી એટલા બધા અળગા થઈ ગયા છે કે સમાજ ખાસ કરીને બહુજનસમાજનાં સુખદુઃખની કોઈ પરખ એમને રહી નથી. દૂરથી બહુજનસમાજનાં દુઃખની અને એ દુઃખનિવારણની વાત કરવી અને તેમની વચ્ચે જઈ દુઃખનું નિવારણ કરવું એ બે વચ્ચે ઘણો મોટો તફાવત છે. ગાંધીજીની અસર નીચે બુદ્ધિવાદીઓ સમાજની વચ્ચે જતા અને એમ કરવામાં જે કંઈ યાતના વેઠવી પડે તે વેઠતા. વળી મૂલ્યોનો પ્રભાવ પણ એટલો મોટો હતો કે તેમની પ્રામાણિકતા પણ પૂરેપૂરી હતી તેમને સમાજની વચ્ચે રહી અપ્રામાણિક થતાં ડર લાગતો હતો અને તેમને ત્યાગ પણ કરવો પડતો હતો.

આજે હવે મૂલ્યો બદલાતાં આ બુદ્ધિવાદીઓનું વલણ અને વર્તન બંને બદલાયાં છે. તેમની બૌદ્ધિક અપ્રામાણિકતા પણ ખૂંચે એવી હોય છે. તેમની પોતાની સ્વરતતા અને સ્વાર્થ અને એ સ્વાર્થ સાધવામાં બીજાઓની અવગણના અને તેમને હાથે જ ગરીબોનું થતું શોષણ સાલે એવાં છે. આ અમારે આજે એટલા માટે લખવું પડે છે કે આ દેશનો ઉદ્ધાર કેવળ એવડી વાતોથી કે આચરણના બળ વિનાના તડાકાથી થવાનો નથી. વૈચારિકક્રાંતિની વાત જ મૂળમાં પોલી છે. આજે જરૂર છે વિચાર અને આચરણના સુમેળની, એટલું જ નહિ પણ બુદ્ધિવાદીઓએ પ્રજાની વચ્ચે જઈ ને તેમનાં સુખદુઃખની જાતમાહિતી મેળવી તેમના નિવારણના ઉપાયો લેવાની વાતોનાં વડાંથી કશું જ થવાનું નથી. બુદ્ધિવાદીઓ આ કે તે પક્ષમાં જોડાય તેનાથી કોઈ પક્ષ સમૃદ્ધ થઈ શકવાનો નથી. આ દેશને આજે ખરી જરૂર તો છે સમાજના તળિયા સુધી પહોંચી તેમાં કામ કરનારાઓની.

[૧૮ ડિસેમ્બર, ૧૯૭૯]

પડકારરૂપ બનેલી સાંપ્રત પરિસ્થિતિ

[આસામ અને અકાલી આંદોલનની રાષ્ટ્રના પ્રાણને ગ્રસવા કરતી સમસ્યાઓ આજે પણ છે અને એનો કયારે અંત આવશે તે કોઈ કહી શકે તેમ નથી. એ રીતે ૧૯૬૫ અને ૧૯૮૫ વચ્ચેનું સમયઅંતર આ લેખના સંદર્ભમાં નિર્મૂળ થતું જણાશે —સં:]

છવ્વીસમી જાન્યુઆરી એટલે ભારત 'પ્રજાસત્તાક ગણરાજ્ય' જાહેર થયો તેની પર્વણી ગઈ છવ્વીસમી જાન્યુઆરીએ ગણરાજ્યને પંદર વર્ષ પૂરાં થયાં. પંદર વર્ષ દરમિયાન ગણરાજ્ય તરીકેની એનાં સિદ્ધિ–મર્યાદા અવલોકવા જેવાં છે. ગણરાજ્યની પ્રજા તરીકેની ભારતનાં જુદાં જુદાં રાજ્યોની પ્રજા એકબીજાની કેટલી સમીપ આવી એ પ્રશ્ન પણ આજે વિચારી જોવા જેવો છે.

આજે જ્યારે આપણી યાત્રામાં સહેજ થોભી વિચારીએ છીએ ત્યારે આપણી રાષ્ટ્રીય પ્રવૃત્તિની અવાસ્તવિકતાનું ભાન વધતું જતું દેખાય છે. એક બાજુ મોટી મોટી યોજનાઓ ઘડવામાં અને વિચારવામાં આવે છે. બીજી બાજુ આ યોજનાઓમાંથી મળેલો લાભ સામાન્ય માનવીની દૃષ્ટિએ વિસાત વિનાનો છે. એક બાજુ યંત્રલક્ષી ક્રાંતિની મોટી મોટી વાતો આપણે સાંભળીએ છીએ બીજી બાજુ ભારતના સામાન્ય પ્રજાજનને હજી વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ કેળવવાનું છે અને તેને પોતાના રોજિંદા જીવનની બાબતોમાં પ્રયોજવાનું શીખવાનું છે.

આ પ્રજાસત્તાક ગણરાજ્યનાં જુદાં જુદાં રાજ્યો જુદી જુદી દિશામાં ખેંચતાણ કરે છે અને આમ ને આમ જ રાજ્યો કેન્દ્રથી વધારે ને વધારે આઘાં જતાં જાય છે અને આમ ને આમ જ રાજ્યો કેન્દ્રની અવગણના કરવાનું ચાલુ રાખશે તો ભારતીય ગણતંત્ર નબળું પડી જશે ભારત જેવા વિશાળ દેશમાં વિચારભેદ અને મતભેદ જન્મે એ સ્વાભાવિક છે પરંતુ જે પ્રકારના મતભેદો આપણે ત્યાં દેખાય છે તે હાસ્યાસ્પદ અને અતિશય સંકુચિત પ્રકારના છે, અન્ન, રોજગારી, શિક્ષણ, ભાષાશિક્ષણ, વહીવટી કાર્યક્ષમતા એ બધાં ક્ષેત્રો અનેક પ્રકારની સમસ્યાઓથી ભરેલાં છે પડોશી રાજ્યોની સરહદોના ઝઘડાઓ, કોઈ પ્રદેશને આ રાજ્યમાં કે તે રાજ્યમાં સમાવવા અંગેના ઝઘડાઓ એવા કદરૂપા અને ઉગ્ર બન્યા છે કે ગમે તેવા આશાવાદી રાષ્ટ્રવાદીને પણ નિરાશ કરે. પરદેશો

સાથેના નદીઓના પાણીના ઝઘડાઓ આપણે ઉકેલી શકયા પણ દેશમાંની નદીઓનાં પાણી અંગેના રાજ્ય રાજ્ય વચ્ચેના ઝઘડા હજી વર્ષોથી વણઉકેલ્યા રહ્યા છે.

લાગુ પડેલા ધીરા જ્વરની માફક રાષ્ટ્રજીવનમાં પેઠો પડેલો આ રોગ પ્રચ્છન્ન રીતે પ્રજાનું વિભાગીકરણ કરી રહ્યો છે. માયસોરમાં ચાસની તંગી હોવાથી બળદોને ડાંગર ખવડાવવામાં આવે છે. જ્યારે આ જ દેશનાં અન્ય રાજ્યોના પ્રજાજનોને ચોખા અને ઘઉંના સાંસાં પડે છે. આ હકીકત અસમાન અને પડી ભાંગેલી અન્નવહેંચણીની પદ્ધતિનાં પ્રત્યક્ષ ઉદાહરણો છે ઉપરાંત રાજ્ય રાજ્ય વચ્ચેના સમન્વયના અભાવને કારણે એકમીજાની જરૂરિયાતની અવગણના પણ એ સૂચવી જાય છે.

આ પરિસ્થિતિ આજના યુવાનોને, વિદ્યાર્થીઓને પડકારરૂપ છે. એનાથી હતાશ થવાની જરૂર નથી. પણ એ તરફ દુર્લક્ષ કરવું પણ પાલવે એમ નથી. યોજના ઘડનારા અને યોજનાને અમલી બનાવનારા વચ્ચે ઉભી થતી દીવાલો દૂર કરવી જોઈએ, નવા વિચારો અને આદર્શોને વ્યવહારુ ભૂમિકા ઉપર મૂકવા જોઈએ. જેઓ સત્તા ઉપર છે તેમની પ્રજાની લાગણી અને અનુભવો પરત્વેની ઉદાસીનતા દૂર કરવી જોઈએ પ્રજા અને તેમની વચ્ચેના તૂટેલા સંપર્કને સાધી નિકટવર્તી બનાવવો જોઈએ. સામાન્ય માનવીના જીવનમાં બહુ ઝડપથી વ્યાપતી જતી હતાશાને તત્કાલીન દૂર કરવી જોઈએ અને જીવનના સર્વક્ષેત્રે ઉત્સાહ અને શિસ્ત પાછાં આણવાં જોઈએ આમ થશે તો રાષ્ટ્રજીવનના આ છેદનને અટકાવી શકાશે.

[૨૮ જાન્યુઆરી, ૧૯૬૫]

સ્વાતંત્ર્યપ્રાપ્તિનાં પચ્ચીસ વર્ષ

૧૯૪૭ના ઑગસ્ટની પંદરમી તારીખે સ્વરાજ્ય મળ્યું એ વાતને આજે પચ્ચીસ વર્ષ પૂરાં થાય છે અને આપણે સ્વાતંત્ર્યપ્રાપ્તિની રજતજયંતીની ઊજવણી કરીએ છીએ. આવી ઊજવણીની પ્રથા આમ તો આપણે પશ્ચિમ પાસે શીખ્યા છીએ અને તેમની 'સિલવર જ્યુબિલી' કે 'ગોલ્ડન જ્યુબિલી'ની ઊજવણીને ભારતીય પર્યાય આપી દીધા છે. બાકી આપણે ત્યાં તો મોટે ભાગે વાર્ષિક દિન ઊજવવાની જ પ્રથા છે,

આમ છતાં આવા પ્રસંગને નિમિત્તે થોડીક પાછળ નજર નાખવાનો મોકો મળે તે આવકાર્ય ગણાવો જોઈએ. જે માર્ગ આપણે કાપ્યો અને જે યાત્રા આ વર્ષો દરમિયાન કરી તે માર્ગ કેવા હતા અને તે યાત્રામાં કેવી સિદ્ધિ આપણને પ્રાપ્ત થઈ એનું અવલોકન કરવાથી આપણને લાભ થાય–જે એમાંથી બોધપાઠ લઈએ તો–ખાસ કરીને સંસ્થાના કે રાષ્ટ્રના જીવનમાં આવા પ્રસંગો આવે ત્યારે આવા અવલોકન અર્થે તેનું મહત્ત્વ અનેકગણું વધી જાય છે અને પચ્ચીસ વર્ષનો ગાળો હીકઠીક લાંબો છે અને તે દરમિયાન મેળવેલી સિદ્ધિ અને મળેલી નિષ્ફળતાનું અવલોકન કરી જોવા જેવું છે.

૧૯૪૭ના ઑગસ્ટની પંદરમી તારીખે થયેલી ઊજવણી દરમિયાન ઉલ્લાસનાં પૂર વહેવડાવનારી પેઢીને માટે આ પ્રસંગ ખાસ શોધ અને ચિંતનનો બની રહેશે. વળી ૧૯૪૭ પહેલાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે ખેલાયેલા સ્વાતંત્ર્યસંગ્રામના દિવસોમાં યૌવનના પૂરમાં મહાલતી પેઢી આજે પણ હયાત છે. તેમાંના ઘણાને કવિ વર્ડ્ઝવર્થે 'ફ્રેંચ રિવોલ્યૂશન' માટે કહેલા શબ્દો યાદ આવશે: "તે દિવસોમાં જીવતા હોવું એ આશીર્વાદરૂપ હતું પણ યુવાન હોવું એ તો સ્વર્ગસમ હતું." ૧૯૪૭ પહેલાંના જમાનામાં જેમણે યુવાનીના થનગનાટથી સ્વાતંત્ર્યસંગ્રામનાં વિવિધ પાસાં, એની ચઢતીપડતી એનાં બલિદાનો અને એનો ઉત્સાહ નિહાળ્યાં હશે તેમને આજના દિવસે વર્તાતી ઝાંખપ, ઓસરેલો ઉત્સાહ, પ્રવર્તતી હતાશા વિશેષે સાલશે.

સ્વરાજ્યપ્રાપ્તિનાં પચ્ચીસ વર્ષ દરમિયાન આપણે શું મેળવ્યું? શું ન મેળવી શકયા? એ વિચારવા જેવા પ્રશ્નો છે. આપણે ગૌરવપૂર્વક કહી શકીએ કે આપણા પડોશી દેશોમાં જે નહીં થઈ શકયું તે આપણે લોકશાહીની જાળવણી

કરીને કરી શકયા. આપણે દેશમાં પાંચ ચૂંટણીઓ યોજી શકયા લોકશાહી પ્રણાલિકાનુસાર આપણે દેશનો વહીવટ ચલાવી શકયા દેશી રજવાડાંઓનું એકીકરણ કરી તેમનું અખંડ રાષ્ટ્રમાં વિલીનીકરણ કર્યું. આપણે દેશનો ઔદ્યોગિક વિકાસ સાધી વિવિધ પ્રકારનાં ઔદ્યોગિક કારખાનાંઓ સ્થાપી શકયો, પંચવર્ષીય યોજનાઓ ઊભી કરી શકયા, નહેરો અને નદીઓ ઉપર બંધો ઊભા કરી શકયા, મહત્ત્વનાં વેપારી સાહસોનું રાષ્ટ્રીયકરણ કરી શકયા. આપણા લશ્કરની વ્યવસ્થા યથાતથ જાળવી અને તેને રાજકારણથી અળગું રાખી શકયા. સમાજવાદી સમાજરચના લાવવાની વાતો કરી શકયા. ભાષાવાર પ્રાંતોની રચના કરી. શિક્ષણનો વ્યાપ વધાર્યો, નવી યુનિવર્સિટીઓ ઊભી કરી. પરદેશી ઝઘડાઓનો ભાર આપણા માથા ઉપર વહોરી આપણે ઘણાને સલાહ આપી. ઘણી આંતરરાષ્ટ્રીય પરિષદોમાં હાજરી આપી અને ઘણી પરિષદોનાં અધ્યક્ષપદો સંભાળ્યાં. રાજાઓના સાલિયાણાં નાબૂદ કર્યાં. બંધારણ ઘડી તેમાં નાનામોટા પચ્ચીસ વર્ષમાં પચ્ચીસ ઉપરાંત સુધારાઓ કર્યા. પાકિસ્તાન સાથે ત્રણેક યુદ્ધો લડ્યા અને તેમાં વિજય મેળવી તેમની પાસે જીતેલો પ્રદેશ પાછો આપવાના કરાર કર્યા. આખો વખત પાકિસ્તાન સાથે શાંતિની વાતો કરી. નવાં રાજ્યો વધાર્યાં. રાજ્યપાલોના ઓદ્દાઓ ઊભા કર્યા, પ્રધાનમંડળોનાં કદો વધાર્યાં. ઘણાંને નવાં નવાં સ્થાનોએ સ્થાપ્યાં અને તેમની સેવાનો બદલો આપ્યો. વર્ષોવર્ષ કરવેરા વધારતા ગયા. વિકાસશીલ રાષ્ટ્રને નામે ખાધના અર્થકારણને અપનાવી ઉત્તરોત્તર મોટવાળાં અંદાજપત્રકો પસાર કર્યાં, કાળા નાણાને આપણી નજર સામે જ પ્રબળ બનવા દીધું. જુદાં જુદાં કાર્યો માટે પંચો, સમિતિઓ અને ટ્રિબ્યુનલોની નિમણૂકો કરી અને તેમના અહેવાલોને આપણે વારંવાર ઊંચા મૂકી દીધા. આપણા રાજકર્તાઓએ ન્યાયતંત્રની ઝાટકણી કાઢી તેના ખમીર ઉપર પ્રહારો કર્યા અને તેના નૈતિક બળને ઢીલું કીધું. આ અને આવું ઘણું બધું આપણે આ પચ્ચીસ વર્ષમાં કર્યું. એને જમા બાજુ કહીશું ?

આપણે આ દેશમાં સમાજવાદ લાવવાની વાતો જ કર્યા કરી પણ આપણે સમાજવાદ લાવી શકયા નહીં. આપણે સમાજવાદના વિવિધ પ્રકારો ઊભા કરી સમાજવાદના સાચા સ્વરૂપને એવું ગૂંચવાડાભર્યું બનાવી દીધું કે આપણે સમાજવાદ કોને કહેવો તેની ભૂલભૂલામણીમાં ભમતા થયા. આપણે આ દેશમાંથી ગરીબી હટાવી શકયા નહીં પણ આપણા પ્રધાનો, આપણા રાજકીય નેતાઓ અને આપણા સમાજવાદીઓ એરકન્ડીશન્ડ મકાનોમાં રહેતા થયા, એરકન્ડીશન્ડ

ઑફિસોમાં બેસતા થયા, એરકન્ડીશન્ડ સલૂનોમાં ફરતા થયા, આલિશાન ભપકાભરી મોટરોમાં બેસતા થયા અને તેમણે વાતો ગરીબી હટાવવાની કરી, ભોળી પ્રજાને લગભગ છેતરી. આપણે અર્થકારણ એવું અપનાવ્યું કે શ્રીમંતો વધારે શ્રીમંત થયા ગરીબો વધારે ગરીબ થયા ધનની અસમાન વહેંચણીને કારણે ઊભા થયેલા અન્યાયો આપણે દૂર કરી શકયા નહીં. આપણે ગંદા વસવાટો દૂર કરી શકયા નહીં. દેશના લાખો માણસોને બે ટંક ખાવા પૂરતું અનાજ, રહેવાને મકાન, અને પહેરવાને કપડાં પૂરાં પાડી શકયા નહીં, ગાંધીજીએ આપેલા આદર્શ પ્રમાણે દરેક આંખમાંથી આંસુનું એકે એક ટીપું લૂછી શકયા નહીં આપણે રાષ્ટ્રપતિ-ભવનને ગરીબો માટેની ઈસ્પિતાલમાં ફેરવી શકયા નહીં. આપણા ઠાઠમાઠ ઓછા કરી શકયા નહીં, સાદાઈ અપનાવી તેનો દાખલો આપણે પ્રજા પર બેસાડવામાં સદંતર નિષ્ફળ ગયા પણ વાતો ગાંધીજીને નામે કરી. પણ આ બધી બાબતોમાં આપણે સૌથી મોટું કામ ગાંધીજીને બાજુએ મૂકી દેવાનું કર્યું.

આપણે આ પચ્ચીસ વર્ષમાં સમગ્ર દેશમાં શિક્ષણની એક પણ તરેહ ઉપજાવી શકયા નહીં. શિક્ષણપંચ જેવા મહત્ત્વના પંચની રચના કરી પણ તેનો અહેવાલ જાળવીને અભરાઈ ઉપર ચડાવી દીધો. શિક્ષણનો વ્યાપ વધાર્યો પણ બદલાયલા સમાજની અપેક્ષા અનુસાર એમાં આમૂલ ફેરફાર કરી શકયા નહીં. શિક્ષણના વધતા વ્યાપની સાથે દેશમાં શિક્ષિત બેકારોનું પ્રમાણ અકળાવી મૂકે એટલું વધી ગયું અને દેશ સમક્ષ એક મહત્ત્વનો પ્રશ્ન ઉપસ્થિત થયો. શિક્ષણ-સુધારાને નામે આપણે જે પ્રયત્નો કર્યા તે બધાંજ થીંગડાં મારવા જેવા થયા અને તેનાથી ઊલટું શિક્ષણનું માળખું સદંતર કઢંગું થઈ ગયું. આપણે ભાષા-શિક્ષણની બાબતમાં એવી વિપરીત નીતિ અપનાવી જેથી દેશની એકસૂત્રતા તૂટી ગઈ અને અમુક ભાગોને ચોકખો ફાયદો થયો.

આપણી પંચવર્ષીય યોજનાઓનું સરવૈયું કાઢીએ તો તેમાં કેવળ વેડફેલાં વર્ષો જ બૅલન્સમાં મળે એવી સ્થિતિ છે. દેશના તળની આવશ્યકતાનો વિચાર કર્યા વિના ચારેચાર પંચવર્ષીય યોજનાનો ઝોક એવી રીતે અપાયો કે તે સદંતર ખોટો બન્યો. વળી આખી યોજનાનો અમલ કેવળ કાગમને જોરે ચલાવાયો, અમલદારો જીપગાડીઓમાં ફરતા થયા, કાગળના ઘોડાઓ દોડાવતા થયા અને સરવાળે આપણી આ બધી યોજનાઓ મોટે ભાગે વેડફાયલાં નાણાં અને બગડેલાં વર્ષોના સ્મારક જેવી જ બની ગઈ. આજે ચોમાસું બેસતાં દેશમાં કટોકટી ઊભી થઈ કારણ આપણી નહેરયોજનાઓ, આપણી ગ્રીનરિવોલ્યૂશનની વાતો કેવળ

વાતો જ હતી. જેમ આપણી પંચવર્ષીય યોજનાઓ તે આપણાં જાહેર સાહસો વિશે કહી શકાય. જે જે ઉદ્યોગો કે વ્યવસાયોનું રાષ્ટ્રીયકરણ કરી સરકારે કારભાર સંભાળ્યો તે સૌમાં ખોટના જ ધંધા સરકારને કરવા પડ્યા.

આઝાદીની રજતજયંતીને ટાણે જ્યારે નજર પાછી વાળી જોઈએ કરીએ અને આપણે કાપેલા માર્ગનો વિચાર કરીએ કરીએ ત્યારે આનંદ કરતાં ખેદ વધારે થાય છે. દેશના વહીવટના અંગેઅંગમાં સગાંવાદ, પ્રદેશવાદ, કોમવાદ ભાષાવાદની બદી પેસી ગયેલી દેખાય છે. લાંચરુશ્વતના પ્રમાણના વિચાર કરીએ કરીએ ત્યારે આપણે કંપી ઊઠીએ કરીએ. નાનું કે મોટું કોઈ કામ રુશ્વત વિના થઈ શકતું નથી, નીચામાં નીચું મૂલ્ય કશાનું હોય તો તે બુદ્ધિમત્તાનું છે. કેવળ બુદ્ધિમત્તાને જોરે કોઈ આગળ વધી શકતું નથી. આઝાદીનાં પચીસ વર્ષ દરમિયાન એના બુદ્ધિધનની સૌથી વધુમાં વધુ અવહેલના સત્તાધારીપક્ષે કરી છે અને તેથી જ તો વિજ્ઞાનીઓને આપઘાત કરવો પડે છે. અથવા દેશ છોડીને વિદેશોમાં વસવાટ કરવો પડે છે. સમાજના આમ વિભાગના બુદ્ધિવાદીઓ હતાશ અને અસારવાદી બન્યા છે. જીવનનાં સારાં મૂલ્યોમાંથી તેઓ શ્રદ્ધા ખોઈ બેઠા છે તેમને એમ લાગે છે કે બુદ્ધિનું જે માન પરાધીન ભારતમાં હતુ તે સ્વતંત્ર ભારતમાં નથી સ્વતંત્ર ભારતમાં બુદ્ધિનાં તેજ કરતાં કંઈક બીજાનું જ મૂલ્ય વધારે અંકાય છે. ગાંધીના દેશમાં સ્પષ્ટવકતૃત્વની નીડરતાનું મૂલ્ય હતું આજે એવી નીડરતા કેળવવી એટલે પોતાના અનેકવિધ વિકાસમાં આડખીલી ઊભી કરવી. આજના નિયમ એટલે ઉછીના લીધેલા વિચારો, ઓછું બુદ્ધિતેજ અને ખુશામદ.

૧૯૪૭ થી ૧૯૭૨ના ગાળાનો મોટો બનાવ કયો એમ કોઈ અમને પૂછે તો અમે બે જ બનાવો ગણાવી શકીએ. એક દેશી રજવાડાઓનું અખંડ રાષ્ટ્રમાં થયેલું વિલીનીકરણ. આવા સરળ વિલિનીકરણની આશા કદાચ બ્રિટિશ સરકારે પણ નહીં રાખી હોય, અરે દેશના રહેવાસીઓએ પણ નહીં રાખી હોય અને બીજો મોટો બનાવ જૂની કૉંગ્રેસનું તૂટવું ગણી શકાય. કૉંગ્રેસ છેલ્લાં વર્ષોમાં જે રીતે અનેક વિરોધી જૂથોની સત્તા માટેની સાઠમારીનો અખાડો બની ગઈ હતી તે જોતાં અને એના વિચારો જે રીતે બંધિયાર બની ગયા હતા તે જોતાં ૧૯૬૫ના અરસામાં જ કૉંગ્રેસ નિષ્પ્રાણ બની ચૂકી હતી અને એના ભંગાણ માટે કોઈ જોશીના ભાવિકથનની જરૂર પણ નહોતી. કૉંગ્રેસ એનું કાર્ય પૂરું કરી ચૂકી હતી અને દેશ સમક્ષના નવા કાર્ય માટે એનું ગજું નહોતું એટલે આવું ભંગાણ અનિવાર્ય હતું.

કૉંગ્રેસ તૂટી ત્યારે ઘણાના મનમાં, ખાસ કરીને ઘણા યુવાનોના મનમાં, નવી આશા જન્મી કે આ દેશમાં નવા રાજકીય યુગના મંડાણના સૂર્યનો ઉદય થયો. પણ એ આશા ક્ષણજીવી જ રહી, કારણ આ નવી કૉંગ્રેસ પણ છેવટે તો એના એ જ માણસોનું આશ્રયસ્થાન બની. હજી ગઈ કાલ સુધી જેઓ પ્રત્યાઘાતી હતા, જેઓના સિદ્ધાંતો વિશે શ્રદ્ધા નહોતી જેઓ હજી ગોળવર્તુળમાં ઘૂમતા હતા એ બધા જ હવે નવી કૉંગ્રેસનું ઓથ શોધતા ગયા અને પાછા સત્તારથાને ગોઠવાયા અને નવા શીશામાં જૂના દારૂ જેવી સ્થિતિ ઊભી થઈ અને આપણી શ્રદ્ધા પાછી ડગમગવા લાગી. પરંતુ અત્યારની પરિસ્થિતિનું મોટામાં મોટું જોખમ અમને એ લાગે છે કે સમગ્ર સત્તા એક વ્યકિતના હાથમાં અથવા અમુક જ વ્યકિતઓના જૂથના હાથગાં બહુ ઝડપથી કેન્દ્રિત થતી જાય છે. સ્વરાજ્યના પહેલા તબક્કામાં જે આટલું તીવ્ર નહોતું તે એના બીજા તબક્કામાં બહુ તીવ્રરૂપે બન્યું છે. અમને લોકશાહી માટે એ બહુ સારું ચિહ્ન દેખાતું નથી અને દેશના ભાવિ માટે પણ એ સુભગ ઘટના નથી.

એવી જ બીજી ચિંતાજનક પરિસ્થિતિ દેશના યુવાનોમાં વ્યાપેલ અજંપાની છે. કોઠારી-કમિશને પોતાના અહેવાલની પ્રસ્તાવનામાં કહ્યું છે કે, "ભારતનું ભાવિ એના વર્ગખંડોમાં ઘડાય છે." પણ આ વર્ગખંડોની સ્થિતિ તપાસીએ તો બહુ સુખદ નથી આપણી યુનિવર્સિટીઓ ડિગ્રીધારીઓ પેદા કરનારાં કારખાનાંઓ જેવી બની ગઈ છે. પણ ડિગ્રી લઈ બહાર જનારા સ્નાતકો એવાં ફટકિયાં મોતી જેવા નીવડયાં છે કે વાસ્તવિક વ્યવાહરમાં તેમની ડિગ્રીઓ કોઈ કામની માલૂમ પડી નથી. દેશને જેની જરૂર છે તે વર્ગોમાં શીખવાતું નથી અને જે શિખવાય છે તેની દેશને જરૂર નથી. પરિણામે આપણો યુવાન હતાશ બન્યો. આપણી શિક્ષણસંસ્થાઓમાં વર્તમાન સમયમાં પ્રવર્તતી પરિસ્થિતિ સૌથી વધારે ઘેરી ચિંતા ઉપજાવે એવી છે.

આજનો આ અજંપો સમાજનાં તમામ અંગોમાં ફરી વળે એવી સ્થિતિ છે. આપણી સંસ્થાઓ ભાંગતી જાય છે. આપણું કુટુંબ ભાંગતું જાય છે. આપણી નીતિમત્તા ભાંગતી જાય છે. સમાજના એકેએક સુસ્થિર અંગને, એકેએક સુસ્થિર મૂલ્યને પડકાર ફેંકાતો જાય છે. જે પેઢીએ હજી ગઈ કાલ સુધી સ્વદેશી વસ્ત્રો પહેરવામાં ગૌરવ અનુભવ્યું એના જ વંશ જે આજે દાણચોરીનો માલ ગમે ત્યાંથી મેળવવામાં, પહેરવામાં અને દાણચોરીનો ધંધો કરવામાં ગૌરવ માને છે. દારૂબંધીને નામે સરકાર સોગંદ ખાય છે તો બીજી બાજુ દારૂનું વ્યસન અનેકાનેક

કુટુંબોમાં ફેલાતું જાય છે. દારૂ પીવો આજે ફૅશન ગણાય છે. આજના અનેકવિધ અજંપાને ઢાંકવા આપણા યુવાનો માદક રંગીલાપણાનો આશ્રય લે છે. દરેકનો સામનો કરવાની રીત અપનાવે છે. આઝાદીનાં પચ્ચીસ વર્ષમાં સૌથી મોટી ઉપેક્ષા આ યુવાન પેઢીની કરી આપણે તેમને અસ્થિર, અશ્રદ્ધાળુ અને અસારવાદી બંડખોર બનાવ્યા છે અને તે જ આજની મોટામાં મોટી ફલશ્રુતિ છે.

વર્તમાન પરિસ્થિતિ ગમે તેવા યુવાનોને બંડખોર બનવા પ્રેરે એવી છે. આગલી પેઢીના યુવાનો સ્વાતંત્ર્યસંગ્રામમાં રોકાયેલા હતા. આજના યુવાનને એવું વિધેયાત્મક કામ જડતું નથી અને પરિણામે તેમનું વલણ બંડનાત્મક બનતું જાય છે અને મુશ્કેલી એ છે કે આ યુવાનોને હકારાત્મક નેતૃત્વ આપે એવો કોઈ નેતા સમાજમાં નથી.

[૧૫ ઑગસ્ટ, ૧૯૭૨]

આત્માના અવાજની ઉપેક્ષા

[શ્રીમતી ઇન્દિરા ગાંધીએ દેશ પર લાદેલી રાજકીય કટોકટી અરેખર તો આપણા પ્રજાકીય જીવન માટે નૈતિકતાની કટોકટી બની ગઈ હતી. નેતાઓ માટીપગા બન્યા, પ્રજાની જીભ સિવાઈ ગઈ. એ જ નેતાઓમાં પાછળથી કટોકટીના અતિરેકોની તપાસ માટે નિમાયેલા શાહકમિશન સમક્ષ જ્યારે શૂરાતન પ્રગટ કરવા માંડયું ત્યારે તો આત્મવંચનાની અવધિ આવી ગઈ. સત્યાગ્રહનો શુકપાઠ કરનારા આપણા નેતાઓના એથી વિપરીત વ્યવહાર પર અહીં થયેલી વેધક ટીકાનું ઘણું મૂલ્ય છે. —સં.] .

'ઈલેસ્ટ્રેટેડ વીકલી'ના તારીખ ચૌદમી નવેમ્બરના અંકમાં એના તંત્રી ખુશવંતસિંગે એક સરસ વાત લખી છે. એમણે જણાવ્યું છે કે જો કોઈને 'ઈમરજન્સી' ઉપર સરસ પુસ્તક લખવું હોય તો આ પ્રમાણે લખી શકાય. 'પુસ્તકના ડાબી બાજુના પાના ઉપર કટોકટી દરમિયાન આપણા નેતાઓએ આપણા રાજકારણીઓએ આપણા અખબારના તંત્રીઓએ જે ભાષણો આપ્યાં હોય તે, જે લેખો લખ્યા હોય તે, જે વિચારો જુદેજુદે પ્રસંગ વ્યક્ત કર્યા હોય તે છાપવા અને જમણી બાજુના પાના ઉપર આ બધા આજે જે ભાષણો, લેખો, મંતવ્યો પ્રગટ કરે છે તે છાપવાં આપણી પ્રજાનું સરસ ચિત્ર આ જાતના પુસ્તક ઉપરથી ઊપસી આવશે."

શ્રી. ખુશવંતસિંગે કટાક્ષમાં કહેલી આ વાત બહુ સૂચક છે. આપણી આખી પ્રજા એના ટોચના નેતાઓ, રાજપુરુષો, કુલપતિઓ, શિક્ષકો લેખકો, અગ્રણી પુરુષો આત્મપ્રતીતિ વિનાના બની ગયા છે. સહેજ દબાણ આવતાં અંતરના અવાજને ઉવેખીને પોતાની સલામતી સાચવવા અન્યાય સમક્ષ ઝૂકી પડે છે અને જે અયોગ્ય હોય, અન્યાયી હોય તે પણ આચરી બેસે છે અને તે દબાણ દૂર થતાં, પોતાનો ઓધ્યો સચવાઈ જતાં, કોઈ પણ સંકોચશરમ વિના પોતાના આગલા કૃત્યના દોષનો ટોપલો બીજાને માથે ઓઢાડી દેવા લાગે છે. માણસ ભૂલ કરે, ખોટા નિર્ણયો લઈ બેસે, ન્યાય–અન્યાયના વિવેકમાં ભૂલ થઈ જાય એ બધું જ માફ. પણ પોતે કરે છે તે કૃત્ય અન્યાયી છે, અંતરના અવાજની વિરુદ્ધ છે એ જાણવા છતાં એ કૃત્ય કરે એ કયારેય નહીં માફ થઈ શકે એવી વાત છે,

હમણાં દિલ્હીમાં શાહકમિશન સમક્ષ આપણા ભૂતપૂર્વ પ્રધાનો, નેતાઓ અને અમલદારો જુબાની આપે છે. આ જુબાની કટોકટી દરમિયાનના અત્યાચારો અને બીજાં કૃત્યો અંગેની છે. આ અમલદારોમાં કેટલાક તો ઉચ્ચ કોટિના અધિકારીઓ છે. જેમની બુદ્ધિમત્તા માટે આપણને ગૌરવ છે. આ બધા જ એમ જણાવી ગયા છે કે પોતે કરેલાં અપકૃત્યો શ્રીમતી ગાંધીની સૂચનાથી અથવા સંજય ગાંધીની સૂચનાથી કરેલાં હતાં. પોતે કરેલું કૃત્ય અન્યાયી છે એમ જાણતા હોવા છતાં આ કૃત્યો કર્યાં હતાં એમ એમણે લાચારીથી જણાવ્યું હતું.

ગાંધીએ આ ધરતીની માટીમાંથી મૂઠી ઊંચેરા માનવી પેદા કીધા એમાં રવિશંકર મહારાજ જેવા યુનિવર્સિટીના શિક્ષણ વિનાના છતાં ઘણા ખમીરવાળા માનવી હતા અને સ્વાતંત્ર્યનાં આ ત્રીસ વર્ષમાં આપણે કાયરોની લંગાર ઊભી કરી. આપણા પ્રથમ કોટિના માણસોની આ દયનીય દશા જોઈને ભારે આઘાત થાય છે. આપણે આ ત્રીસ વર્ષ દરમિયાન કેવા માણસ પેદા કર્યા ? આપણા શિક્ષણનું શું મૂલ્ય રહ્યું ? કાં માણસમાં પોતાનાં કૃત્યોની જવાબદારી લેવાની હિંમત હોવી જોઈએ કાં પોતે એ અન્યાયી છે એમ જાણે તો એવાં કૃત્યો સામે સત્યાગ્રહ કરવાની હિંમત હોવી જોઈએ. કેવળ ઓહ્દા કે પ્રધાનપદાં સાચવવા માણસ પોતાના આત્માને ગીરવે મૂકે એના જેવી બીજી કોઈ દુર્દશા ન હોઈ શકે ! થોડાક માણસોના સત્તાલાલચ, અન્યાય આચરવા તત્પર બનેલા જૂથની સામે આટલા બધાં માણસો કલૈબ્ય સેવી પંગુ બની જાય એમાં તો આ દેશમાંના ગાંધીજીના સમગ્ર કાર્ય ઉપર પાણી ફરી વળેલું જણાય છે. પછી કોઈ નીરદ ચૌધરી (કૉન્ટીનન્ટ ઑફ સરસી) કે કોઈ નાયપાલ (વુન્ડેડ સિવિલિઝેશન) ભારતને અને ભારતની પ્રજાની શારી નાખે એવી ટીકા કરે એમાં એમનો શો વાંક ? જરા સ્વસ્થતાથી વિચારીએ તો કડવું છતાં કેટલું બધું સત્ય એમાં છે ?

આત્મપ્રતીતિ વગરની આપણી નીતિરીતિઓ સૌથી વધારે દુર્દશા આપણા શિક્ષણની કરી છે. છેલ્લાં ત્રીસ વર્ષમાં શિક્ષણ સાથે ઘણાં અળવીતરાં આપણે કર્યાં છે. જે આજે કર્યું તે આપણે કાલે ઉથાપ્યું છે. આપણે કયારે ય આપણા સિદ્ધાંતો, આપણી પ્રતીતિને વળગી રહેવાની હિંમત (કરેજ ઑફ કન્વીકશન) દર્શાવી નથી. એને પરિણામે જે પેઢીઓ આપણે નવા શિક્ષિતોની પેદા કરી તે સદંતર ફટકિયાં મોતી જેવી પેદા કરી છે. આપણે આદર્શો અને સિદ્ધાંતોની

વાત મોટી મોટી કરીએ પણ એને વળગી રહેવામાં જ્યારે આપણી હિંમતની કસોટીનો વખત આવે ત્યારે આપણે પાણીમાં બેસી જઈએ અને આપણી વાતો છોડી દઈએ છીએ. એની પાછળ પણ એક બાજુ સલામતી શોધવાની ભાવના તો બીજી બાજુ પોતાનું સ્થાન સાચવી રાખવાની લાલસા દેખાય છે. કયારેક અન્યાયી છતાં આક્રમક બળોની સામે ટકી રહેવાની હિંમતનો પણ અભાવ એમાં દેખાય છે.

સરકાર, યુનિવર્સિટી, કુલપતિ, શિક્ષકો સૌએ શિક્ષણની દુર્દશા કરવાનો એક સહિયારો યજ્ઞ આરંભેલો છે. એ બધાની પાછળ પેલું બળ હિંમતનો અભાવ, આત્મપ્રતીતિને વળગી રહેવા માટેના બળનો અભાવ દેખાય છે. આપણે ત્યાં સ્થાનો મોટાં છે પણ માણસો નાનાં છે. કટોકટીએ ઘણા અન્યાયો કર્યા છે, ઘણા અત્યાચારો આદર્યા છે, ઘણું ખોટું કર્યું છે પણ એણે એક મોટું ઉપકારક કામ કર્યું છે, અને તે એ કે આપણા સર્વ ક્ષેત્રના ધુરિણો જેને આપણે આજ સુધી સન્માન્યા છે તે કેટલા બધા વામણા છે અને કેવા પલટા ખાય છે તે દર્શાવવાનું. કટોકટી સિવાય કદાચ આ દર્શન કયારેય ન થઈ શકયું હોત !

[૨૪ સપ્ટેમ્બર, ૧૯૭૭]

પ્રજાકીય આંદોલનોની વર્તમાન તાસીર

સ્વરાજ્ય મેળવવા માટે જ્યારે લડત ચાલતી હતી અને કેટલાક માણસોએ પોતાની જીવનઅવધમાં તો એ લગભગ વીસ-પચીસ વર્ષ સુધી ચાલેલી જોઈ ત્યારે લોકશાહી એક અત્યંત આકર્ષક, લોભામણો અને મહત્ત્વાકાંક્ષી શબ્દ અને આદર્શ હતો. સ્વરાજ્ય મળશે એટલે આપણા દેશમાં લોકશાહી સ્થપાશે અને બહુજનહિતાય, બહુજનસુખાય રાજ્યરચના થશે. પરંતુ સ્વરાજ્ય આવ્યા પછી આજે તેંત્રીસેક વર્ષનાં વહાણાં વાયાં અને આપણે કલ્પેલી લોકશાહી સમયાન્તરે થતી ચૂંટણીઓ સિવાય બીજે કયાંય દેખાતી નથી. આજે પણ ભારતને મોટામાં મોટી લોકશાહી તરીકે ઓળખવામાં આવે છે ત્યારે આપણને એક વિચાર થાય છે કે ખરેખર આપણે લોકશાહી વ્યવસ્થામાં જીવીએ છીએ ખરા? લોકશાહી વાર્તાલાપો, ભાષણબાજી, ચૂંટણી-ઢંઢેરાઓમાંથી બહાર નીકળી આપણે ત્યાં જીવન જીવવાની પદ્ધતિ બની છે ખરી? આમ આ સવાલ સીધો અને સરળ છે છતાં એનો જવાબ રાજકારણી ખંધાઓ સિવાય ભાગ્યે જ કોઈ 'હા'માં આપી શકે.

શાંતિના સમયમાં જ્યારે બધું વ્યવસ્થિત ચાલતું હોય ત્યારે લોકશાહીનાં ગુણગાન ગાવાનો કોઈ વાંધો નથી. પરંતુ જ્યારે આંદોલનો ચાલતાં હોય અને કોઈ મુદ્દા ઉપર પ્રજા બે જૂથોમાં વહેંચાઈ ગઈ હોય ત્યારે લોકશાહી વ્યવહારની ખરી કસોટી છે. પરંતુ આપણી ચર્ચાને માટે 'લોકશાહી'ની એક વ્યવહારુ વ્યાખ્યા બાંધી લઈએ. લોકશાહી એટલે સામાન વિચારો, મંતવ્યો. આપણા વિચારો વિરુદ્ધ હોય તો પણ શાંતિથી સાંભળવા. આપણા વિચારો એમને સમજાવવા અને જો મતભેદ ચાલુ જ રહે તો સૌ પોતપોતાના વિચારો ધરાવે અને સામાના વિચારોને આપણા વિચારો જેટલા જ સન્માનવા. વિચારભેદનો તોડ વાટાઘાટ, ચર્ચાવિચારણા અને સમાધાનથી કાઢવો લોકશાહીમાં વાણીસ્વાતંત્ર્ય, વિચારસ્વાતંત્ર્ય અને લેખનસ્વાતંત્ર્ય મહત્ત્વનાં આધારસ્થાનો છે તો બીજી બાજુ બળજબરી, હિંસા અને આક્રમકતા એ લોકશાહીના પાયાના શત્રુ છે.

કવિવર ટાગોરે સ્વતંત્ર દેશની કલ્પના કરતાં નિર્ભયતાને સ્વતંત્ર દેશની કરોડરજ્જુ ગણી છે. આપણે ત્યાં 'અનામત જગ્યાઓ' અંગેના વિવાદે નિર્ભયતાની આ કરોડરજ્જુને તોડી નાખી છે, મહિના ઉપરાંત ચાલેલા અનામત-

વિરોધીઆંદોલનોને પ્રજાને એવી તો ભયભીત કરી દીધી હતી કે જેમની પાસે આપણે સ્વતંત્ર અભિપ્રાયની અપેક્ષાઓ રાખતા હોઈએ એ બધા ગોળગોળ અભિપ્રાય આપતા હોય. નરો વા કુંજરો વાની સ્થિતિ ધારણ કરતા હોય અથવા મૂંગામંતર બની જવામાં જ પોતાનું શ્રેય જોતા હોય. આ પરિસ્થિતિ પ્રશ્નની આ બાજુવાળા કે તે બાજુવાળા એમ બંનેને માટે સાચી હતી જો કોઈ પોતાનો અભિપ્રાય કહેવા જાય તો તેને વ્યક્તિગત હુમલાના ભોગ બનવું પડે, તેની માલ-મિલકત અને તેના જાનમાલને હોડમાં મૂકવાં પડે. બીજું કંઈ નહિ તો તેની હાય હાય તો બોલાવાય જ. આવા આંદોલનના સમયને પોતપોતાની જૂની અદાવતનો હિસાબ ચૂકવવા માટેનાં સાધન તરીકે પણ ઉપયોગમાં લેવામાં આવ્યો.

કોઈ પણ આંદોલનોમાં ટોળાબંધ માણસો વ્યક્તિને ઘેર પહોંચી જાય. તેની પાસે પોતાના ધાર્યા પ્રમાણે વચનો લેવડાવવામાં આવે કાગળ, ઉપર સહી કરાવડાવવામાં આવે, જાહેરાતો કરાવવામાં આવે, રાજીનામાં લખાવી લેવામાં આવે. ટોળું ધારે તે કરાવી શકે અને આ ટોળું એટલે ઉદ્દિષ્ટ હેતુથી પ્રેરાયેલા ચાર-પાંચ માણસો વડે દોરાતા બીજા વિચારશૂન્ય સમજ વગરના ઘણા બધા માણસો. ૧૯૭૪માં શરૂ થયેલા કહેવાતા નવનિર્માણઆંદોલનની એક ભયજનક પ્રક્રિયા ગુજરાતમાં પેધી પડી ગઈ.

ભયજનક પરિસ્થિતિ ઊભી કરવાનું એક પરિણામ એ આવે છે કે વિચાર કરનારા, સમાજમાં જેમનો માનમોભો છે એવા અને તટસ્થ માણસો મૂંગા રહેવામાં જ સાર જોઈને સદંતર અળગા અને મૂંગા બની જાય છે. પરિણામે પ્રજાને શાણપણ પ્રેરી શકે એવું નેતૃત્વ મળતું નથી. લડતના દોર સૌ કોઈના હાથમાંથી છટકી જાય છે અને વ્યાપક અને અવિચારી હિંસાખોરીમાં પરિણમે છે, કમનસીબે આ સમગ્ર પ્રક્રિયાના હાથ અને ચાલકબળ વિદ્યાર્થીઓ બની જાય છે. હિંસા આચરવામાં પ્રેરવામાં અને ભયનું વાતાવરણ સર્જવામાં આ વિદ્યાર્થીઓ મોખરે આવે છે. ખાધેપીધે સુખી, ભણવામાં ઢીલ થાય તો ચાલી શકે, નેતાગીરી મેળવવી અને જાળવી રાખવાની જ ખ્વાહેશ છે એવા વિદ્યાર્થીઓ આનું સંચાલન કરતા થઈ જાય છે.

બીજી બાજુ સમાજ જેમ ભયભીત બને છે તેમ એને વધારે ભયભીત બનાવવાનો એક વિકૃત આનંદ આ વિદ્યાર્થીઓને આવે છે. જે વર્તમાન-પત્રોમાં એકાદ વિચારશીલ ચર્ચાપત્રને પ્રગટ કરાવતાં નવેનેજાં પાણી ઊતરે તે

વર્તમાનપત્રો આ બધા નેતાઓનાં અર્થહીન રોજ ને રોજ નિવેદનો પ્રગટ કરતાં થઈ જાય છે અને પ્રગટ ન કરે તો પેલું ટોળું તો તૈયાર હોય જ છે. ભયભીત સમાજ, વ્યાપક હિંસાખોરી અને ગોમેર વ્યાપેલી અવ્યવસ્થાનો લાભ લેવા બીજાં તત્ત્વો એમાં ઝુકાવે છે. સમાજની આખી સ્થિરતા હલબલી ઊઠે છે.

આ પરિસ્થિતિની અસર ઠેઠ નાનાં બાળકો સુધી પહોંચી જાય છે શેરીઓમાં એ 'પથ્થરબાજી'ની રમત રમતા થઈ જાય છે. જતાં આવતાં વાહનો ઉપર પથરા ફેંકવામાં એમને નવી રમત દેખાય છે. આ બધું નાનાં બાળકો કરતાં થઈ જાય છે અને એમને વારનારા કોઈ હોતા નથી એટલે એ વધારે બિચરે છે.

સૌથી હાસ્યાસ્પદ સ્થિતિ સરકારની બને છે. શરૂઆતમાં એ આવા આંદોલનને હળવી નજરે જુએ છે પછી થોડીક છૂટછાટની વાત કરે છે અને જ્યારે આંદોલન બિચરે છે ત્યારે સરકાર રઘવાઈ બની જાય છે અને દમનનો દોર છુટ્ટો મૂકે છે. પોલીસ, એસ. આર. પી., સી. આર. પી., બી. એસ. એફ. અને છેવટે લશ્કરનાં બળો એક પછી એક અજમાવતી થાય છે, ૧૪૪ મી કલમ, લાઠીમાર કરફ્યુ, ટીઅરગૅસ અને છેવટે ગોળીબારો થાય છે. નિર્દોષ માણસો મરે છે અને ઘવાય છે, આપણે ત્યાં લોકટોળાં સાથે કુનેહપૂર્વક કામ લેવાની તાલીમ આપણી પોલીસને હજી અપાઈ નથી. પ્રજા સાથેનો સંપર્ક પણ ઘણો ઓછો રહ્યો છે અને સામાન્ય દિવસોમાં પણ પોલીસનો પ્રજા સાથેનો વ્યવહાર એટલો બરાબર હોય છે કે પોલીસ પ્રત્યે પ્રજાને માન થતું નથી. સરકાર સામેનાં આંદોલનો એટલે શેરીએ શેરીએ પોલીસો અને ટોળાં વચ્ચે થતાં યુદ્ધો અને રમખાણો અને ગોળીબારો અને મરણો અને ઈજાઓ. આપણી આ લોકશાહી એટલે એક બાજુ ધારાસભા પણ ચાલતી હોય, લોકસભા પણ ચાલતી હોય, મોટી મોટી ચર્ચાઓ વાતાનુકૂલ ભવનોમાં થતી રહેતી હોય અને બીજી બાજુ શેરીઓમાં માણસો લશ્કરના હાથે મરતા હોય. આપણી આજની લોકશાહીનું આજ સુધીનું આ સરવૈયું છે.

આપણે ત્યાં હમેશાં વાતોમાં બે શબ્દો વારંવાર ઉચ્ચારાયા છે. એક શબ્દ છે લોકશાહી અને બીજો સમાજવાદ. વ્યવહારમાં બન્ને આપણે હાસ્યાસ્પદ બનાવી દીધા છે. લોકશાહી જ્યારે કસોટીએ ચઢી હોય ત્યારે વિરોધપક્ષોએ અને રાજકારણીઓએ હમેશાં સંદિગ્ધ ભાગ ભજવ્યો છે. પ્રસરતી જતી અનવસ્થામાંથી લાભ ઉઠાવવાની તકો ગુમાવી નથી અને તે માટે અવ્યવસ્થા વધુ ફેલાય તો તેમાં તે રાજી પણ થતા રહ્યા છે. આંદોલનને વખતે ઓછા માણસો સમજણથી વર્તે

છે કે વાત કરે છે અને તેનાથી પણ બહુ ઓછા માણસો શાંતિ ફેલાય એ માટે આતુર હોય છે. બીજી બાજુ રાજકર્તા પક્ષના માણસો એક વાર મત મેળવી ચૂક્યા પછી અને ગાદીએ બેસી ચૂક્યા પછી પ્રજા પાસે જઈ શકતા નથી, અગર જતા નથી અને આંદોલનનોના વખતમાં તો જતાં ડરે જ છે એમની કોઈ વિધાયક અસર પ્રજા પર થતી નથી. વળી એ બધા દરેક પ્રશ્નને રાજકીય રંગે જ જુએ છે. એમણે પોતાના આત્માને લગભગ વેચી દીધેલો હોય છે. પોલીસના ઉઘાડા જુલમને એ જોઈ શકતા નથી અને જુએ છે તો કાં પુરસ્કારે છે કાં આંખ આડા કાન કરે છે. સરકારની સહાયમાં જે કોઈ આ કે તે બોધ્ધા ઉપર આવ્યા છે તે સૌ સરકારના સમર્થન માટે જ હમેશાં તૈયાર થાય છે પોતાના બોધ્ધાની હેસિયતમાં એવી કોઈ જરૂર ન હોય છતાં કેટલાક બોધ્ધાઓ વૈચારિક તાટસ્થ્ય માગે એવા હોય છે, પણ જો એ બોધ્ધો સરકારપુરસ્કૃત હોય તો વ્યક્તિ એ તાટસ્થ્ય ધારણ કરી શકતી નથી પરિણામે લોકશાહી એ 'મુસાભાઈના વા ને પાણી' જેવી જ રહી છે. કદાચ આપણા દેશની પરંપરાને લોકશાહી અનુકૂળ નહિ હોય, કદાચ આપણા નેતાઓ લોકશાહી ઢબે સત્તાનો દાદર ચડી શકતા નહિ હોય કે ચઢયા હોય તો ટકી શકતા નહિ હોય એટલે એમણે લોકશાહીની માત્ર વાત જ કરી છે. જીવનવ્યવસ્થાનો વ્યવહાર બનાવી નથી. પરિણામે લોકશાહી જ્યારે જ્યારે કસોટીએ ચડે છે ત્યારે એનાં ચીર ખેંચાયાં છે અને એની નિર્બળતાઓ ઉઘાડી પડી છે.

આવા વાતાવરણમાં ભયભીત બની જાતસલામતી શોધતા સમાજના ધુરિણોના નેતૃત્વને અભાવે સૌથી વધારે સહન કરવાનું આવે છે ગરીબવર્ગને. રોજે રોજનાં બંધો, કર્ફ્યૂ, અશાંત અને અસલામત વાતાવરણ વગેરેને કારણે એ પોતાની રોજી રળી શકતો નથી અને એને ભૂખે મરવાનો વખત આવે છે. વળી જો એ પોલીસના સંકજ્માં આવી જાય–અને પોલીસ તો ગમે તેને સંકજ્માં લેવાનાં બહાનાં શોધ્યા જ કરતા હોય–ત્યારે એને બચાવવા ધારાશાસ્ત્રીઓ આગળ આવતા નથી. ધારાશાસ્ત્રીઓએ આવા પ્રસંગે બંધારણ, અદના આદમીના મૂળભૂત હક્કો, એનું રક્ષણ વગેરે માટે સ્પષ્ટ દોરવણી આપવી જોઈએ પણ તેવું કંઈ થતું નથી.

બીજી બાજુ આવી અશાંત પરિસ્થિતિનો લાભ લઈ લૂંટાતી પ્રજાને બચા-

વવા માટેની કોઈ જોગવાઈ નથી. ગેસ. ટી બંધ થઈ જાય અને કેટલીક વાર તો નળવા બહાના હેઠળ કેવળ પ્રજાની વહારે કોઈ ધાતું નથી. વારુ, ગેસ ટી. બંધ હોય અને રીક્ષાવાળાઓ ગરજાઉ ઉતારુઓને લૂંટતા હોય ત્યારે તે ઉઘાડી લૂંટ અટકાવાતી નથી સરકારી માણસો બહાર પડતા નથી. નવી પ્રજાના હામી થઈ નીકળનારા આંદોલનકારો બહાર પડતા નથી. પરિણામે આ બધાં બળો વચ્ચે સામાન્ય જનતા કચડાય છે, લૂંટાય છે અને પરેશાન થાય છે. લોકશાહીનાં ચીર ખુલ્લાં– ખુલ્લાં ખેંચાતાં રહ્યાં છે અને લોકશાહીના દંભનું નાટક સૌ કોઈ ખેલતા રહે છે. વાસ્તવમાં તો આ દેશમાં લોકશાહીને નામે કેવળ દંભ જ ચાલે છે.

[૧૭ નવેમ્બર, ૧૯૮૧]

અશિસ્ત પ્રજા સમાજપરિવર્તન કરી શકે ?

[નવનિર્માણ આંદોલન એ એક અધૂરે ગયેલું પ્રજાકીય આંદોલન હતું. એને કોઈ નેતૃત્વ ન મળ્યું. દિશા ન મળી. જયપ્રકાશ જેવાએ પણ એને માર્ગદર્શન ન આપ્યું. એની નિષ્ફળતાનું લેખકનું નિદાન છે કે કેવળ અશિસ્ત અને ધ્યેયશૂન્યતાને પરિણામે એની કોઈ ચિરસ્થાયી ઉપલબ્ધિ ન થઈ શકી.—સં.]

શ્રી. જયપ્રકાશ નારાયણે ગુજરાતની મુલાકાત વખતે જગાવેલી અપેક્ષાઓ પરિપૂર્ણ થઈ નહીં. એમની મુલાકાત પહેલાં લગભગ બધાંની નજર એ મુલાકાત ઉપર મંડાયેલી હતી અને જે. પી. આવ્યા પછી ગુજરાતમાં કંઈક થશે એમ પણ ઘણા ભોળા માણસો માનતા હતા. શ્રી જે. પી. એક સિદ્ધાંતવાદી પણ કંઈક હતાશ થયેલા માનવી છે. ૧૯૪૨ નાં લડત વખતે વીરત્વ દર્શાવનાર જે. પી. સ્વરાજ્ય મળ્યા પછી રાજકીય અજ્ઞાતવાસમાં ઊતરી ગયા હતા. પોતે રાજકારણમાંથી 'સંન્યાસ' લીધો છે એવી જાહેરાત પણ એમણે વારંવાર કરી છે. સત્તા ઉપર એ આવ્યા નહીં અને પ્રજાના સમૂહથી એ અળગા રહ્યા. એને કારણે જે. પી. પ્રજાનો આદરભાવ હજી ટકાવી રાખી શકયા છે. શ્રી જયપ્રકાશ નારાયણની લોકપ્રિયતા પંડિત જવાહરલાલ નહેરુની જોડાજોડ છે. સ્વરાજ્ય-પ્રાપ્તિને ટાણે ગાંધીજીએ જે. પી. ને કોંગ્રેસ પ્રમુખ બનાવવાનું સૂચવેલું જે નહેરુએ નકારેલું. સમાજવાદી સમાજરચનાનો સર્વસંમતિત કાર્યક્રમ ઘડવાના નહેરુના ઇનકારને કારણે જે. પી. કેબીનેટમાં જોડાયેલા નહીં. નહેરુ પછી દેશનો વડા પ્રધાન થવા માટે લાલબહાદુર શાસ્ત્રીનો આગ્રહ પણ એમણે પાછો ઠેલેલો. ગુજરાતમાં ગયે વર્ષે જાગેલાં આંદોલનો પછી જે. પી. પાછા રાજકીય તખ્તા ઉપર પ્રવૃત્ત થયા અને દેશભરમાં એમનું નામ ગાજતું થયું. એમનું ધ્યેય સમાજનું અને રાજકારણનું પરિવર્તન કરવાનું છે. સમાજમાંથી ભ્રષ્ટાચાર દૂર થાય, આપણું જાહેર જીવન શુદ્ધ બને અને આપણી રાજકારણી ચૂંટણીઓમાં પ્રામાણિક માણસો ચૂંટાઈ આવે એવો સમાજ રચવાની એમની તમન્ના છે. એમની સભાઓમાં ઉચ્ચારાતાં સૂત્રોમાં "નયા દેશ બનાના હે" એવું સૂત્ર વારંવાર ઉચ્ચારાય છે. એમણે સમાજની અત્યારની સ્થિતિનું કરેલું નિદાન ઘણે

અંશે સાચું છે. આપણું રાજકારણ ગંદું બની ગયું છે, આપણા નેતાઓ લોલુપ, અપ્રામાણિક અને ઠગારા માનવીઓ છે. આપણી અત્યારની લોકશાહી-વ્યવસ્થામાં અદના માનવીને જેમ સ્થાન નથી તેમ પ્રામાણિક માનવીને પણ સ્થાન નથી. આપણી ચૂંટણીઓ અત્યંત ખર્ચાળ છે. એ સમાજને બદલવાની જરૂર છે.

જે. પી. એ ઉપાડેલી જેહાદ આપણે ગાંધીજીએ ઉપાડેલી જેહાદની પડછે મૂલવી જોવા જેવી છે ગાંધીજી ૧૯૧૫ માં જ્યારે દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આવ્યા ત્યારે દેશ પરતંત્ર હતો છતાં સમાજનું આટલું અધઃપતન નહોતું થયું. લાંચરુશવત અને બીજી બદીઓ હતી છતાં એનું પ્રમાણ આટલું અકળાવે એવું નહોતું. પણ સમાજ વહેમ, અસ્પૃશ્યતા અને ભીન્ન ભેદભાવોમાં સપડાયેલો હતો એટલે ગાંધીજીએ સ્વરાજ્યપ્રાપ્તિની લડત સાથે સમાજપરિવર્તનની લડત પણ ઉપાડી, ગાંધીજીને પણ સમાજ બદલવો હતો. આપણા દેશના ઇતિહાસમાં સમ્રાટ અશોક પછી ગાંધીજીએ પહેલી વાર રાજકારણને ધર્મના અને નીતિના પાયા ઉપર મૂકવાનો પ્રયાસ કર્યો.

અને છતાં ગાંધી અને જયપ્રકાશ વચ્ચે ઘણો ફેર છે. ગાંધીજી જયપ્રકાશની માફક હતાશ માનવી નહોતા. ગાંધીજીનું ધ્યેય કેવળ નકારાત્મક નહોતું. ક્રાંતિનાં વિનાશક અને વિધાયક એવાં બે પાસાંઓમાં કોઈ એક પાસાથી ક્રાંતિ આવતી નથી. ગાંધીજીની પાસે પ્રત્યેક નકારાત્મક ઘટનાની સાથે તેને બદલે વિધાયક સિદ્ધાંત હતો. જયપ્રકાશ પાસે કેવળ નકારાત્મક વાત જ છે. નવા સમાજની રચના માટે એમની પાસે વ્યવહારુ અને વિધાયક મુદ્દાઓ ઘણા ઓછા છે. સૂરતની સભામાંના એમના ભાષણમાં એમણે કેવળ નકારાત્મક વાત જ મોટે ભાગે કહી. કોઈ પણ ક્રાંતિકારી નવરચના નકારના પાયા ઉપર કરી શકાતી નથી. ગાંધીજી સાચા સમાજસુધારક હતા જ્યારે શ્રી. જયપ્રકાશ એક રાજકારણી જેવા લાગે છે.

ગાંધીજી પાસે શિસ્તબદ્ધ સ્વયંસેવકોનું એક વિશાળ દળ હતું, ઉપરાંત એક આખું વ્યવસ્થાતંત્ર હતું. ભિન્ન ભિન્ન શકિતવાળા, ભિન્ન ભિન્ન વ્યક્તિત્વ ધરાવતા માનવીઓને એક સૂત્રે બાંધી રાખવાની ગાંધીજીમાં અદ્‌ભુત શકિત હતી. જયપ્રકાશમાં એવી શકિત નથી. એમની આજુબાજુ જે ભેગા થયા છે તેમાંના ઘણા તકસાધુઓ છે. તેમની દાનત શ્રી જયપ્રકાશની પ્રતિભા અને લોકપ્રિયતાની ઓથ લઈ શાસક કૉંગ્રેસને સત્તા ઉપરથી હટાવી સત્તા ઉપર ઠસી

પડવાની છે. વળી શ્રી. જયપ્રકાશ જે દોષોની વાત કરે છે તે દોષોથી ભરેલા માનવીઓ જ એમના આંદોલનનો સૌથી વધુ લાભ ઉઠાવે છે. એમની આજુબાજુનું મંડળ દેડકાંની પાંચશેરી જેવું છે અને શ્રી. જયપ્રકાશ એમને પોતાનો સ્વાર્થ સાધતાં અટકાવી શકે એમ નથી.

કોઈ પણ સમાજપરિવર્તન માટે શિસ્તબદ્ધતા એક પહેલી આવશ્યકતા છે. શ્રી. જયપ્રકાશના ચાહકોમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ છે. અત્યારનો આખો વિદ્યાર્થીસમાજ ભારોભાર અશિસ્તથી ઘેરાયેલો છે અને એનો પરચો જે. પી. ને બીજી વાર અમદાવાદમાં મળી ગયો. આ વિદ્યાર્થીઓને શાળા-કૉલેજ એક વર્ષ માટે છોડવાનું કહી તેના વિકલ્પમાં બીજું કોઈ ચોક્કસ રચનાત્મક કાર્ય જે. પી. આપી શકયા નથી. ગાંધીજીએ જયારે શાળાકૉલેજ છોડવાનું કહેલું ત્યારે તેમણે પરદેશી શિક્ષણ છોડી સ્વરાજ્ય મેળવવાની લડતમાં જોડાઈ જવાનું કહ્યું હતું. ગાંધીજીએ તો દેશી કેળવણીને અનુરૂપ વૈકલ્પિક વિદ્યાપીઠની રચના કરી હતી. વિદ્યાર્થીઓને હાથા બનાવી રાજકીય હેતુ સાધવાની પ્રણાલિકા ગાંધીજીના સમયથી પડેલી છે અને સ્વરાજ્યપ્રાપ્તિ પછી આપણા વિદ્યાર્થીસમાજમાં આવેલી અશિસ્ત એનું જ એક પરિણામ છે. જે. પી. પણ એમાંથી મુક્ત રહી શકયા નથી. છાત્ર-સંઘર્ષસમિતિઓ ઉપર જો સંસ્થાકીય શિસ્તનું બંધન નહીં હોય તો એ એક જોખમકારક માર્ગ છે. વળી આ સંઘર્ષસમિતિઓની રચના જોતાં એમાં પણ વિવિધ રાજકીય પક્ષો પોતપોતાના હેતુઓ સાધવા પેધા પડેલા નજરે પડે છે.

અશિસ્ત અને કોઈ ચોક્કસ સિદ્ધાંતના અભાવના પાયા ઉપર જાગતાં આંદોલનો ભડકાની માફક સળગી ઊઠી બીજાને બાળી શમી જાય છે. એનો અનુભવ ગુજરાતનાં આંદોલનો ઉપરથી આપણને થઈ ચૂકયો છે. સમાજપરિવર્તન કેવળ આક્રમક આંદોલનો મોટાં ભાષણો કે સૂત્રોચ્ચારથી થઈ શકતું નથી. "નયા સમાજ બનાના હૈ" એમ બોલવાથી નવો સમાજ થઈ શકતો હોત તો કેવું સારું ! આ બધું છતાં શ્રી. જયપ્રકાશે પ્રજામાં એક પ્રકારની સભાનતા આણી એ કામ પણ ઘણું મોટું છે. લથડતી તબિયતે પણ એમણે દેશની પરિક્રમા કરી જે જાગૃતિ આણી એ ગાંધીયુગની યાદ આપી જાય છે. પણ જો સમાજપરિવર્તન કરવું જ હોય તો એ માટે જુદો અને મોટો પુરુષાર્થ જોઈએ.

[૨૮ જાન્યુઆરી, ૧૯૭૫]

લઘુતાગ્રંથિ શા માટે ?

[* પ્રાદેશિક અસ્મિતા એ રાષ્ટ્રિય અસ્મિતાની વિરોધી નથી, પણ એની પોષક છે. પ્રદેશવાદ અને પ્રાદેશિક અસ્મિતાનો ભેદ સમજવો જોઈએ. કુંજવિહારી મહેતાએ હમેશાં પ્રાદેશિક અસ્મિતા કેળવવા, દૃઢાવવાનો આગ્રહ રાખ્યો છે. એનું પ્રથમ ચરણ ગુજરાતીઓ ગુજરાતી ભાષાનું ગૌરવ કરે તે છે. શિક્ષણમાં તેમ જ જાહેર સમારંભોમાં ગુજરાતીના ઉપયોગનો એમનો હમેશાં આગ્રહ રહ્યો છે. ત્યારે સરકારી વહીવટમાં ગુજરાતીના ઉપયોગનો આગ્રહ–આદેશ એમને મન અભિનંદનીય બાબત છે અને એમણે એ વાતને અહીં બિરદાવી છે.

* ગુજરાતી હોવાને નાતે મોરારજીભાઈ વડાપ્રધાન બને તે ગૌરવની વાત ગણાય; તેમ એમના રાજીનામાની વાત ખેદજનક ગણાય, એમ કહેવામાં પ્રાંતવાદ નથી, ગુજરાતની અસ્મિતાનું ગૌરવ કરવાની ભાવના છે.

* નાના–મોટા કોઈ પણ નિમિત્તે રુદન પાડવી એ આપણી રાષ્ટ્રીય કુટેવ પર પણ લેખક વારંવાર લખતા રહ્યા છે. અહીં એનો એક નમૂનો છે.—સં.]

ગુજરાત સરકારે એનો તમામ વહીવટ ગુજરાતી ભાષામાં જ કરવાનો આદેશ એનાં તમામ ખાતાંઓને અને કર્મચારીઓને આપી દીધો છે. સરકારી સહાય લેતી તમામ સંસ્થાઓએ પોતાની જાહેરખબરો ગુજરાતી વર્તમાનપત્રોમાં ગુજરાતીમાં જ આપવાનો આદેશ આપ્યો છે અને એ રીતે જે જાહેરખબર અપાય તો જ એ અંગેનો ખર્ચ સહાયક ગ્રાન્ટ માટે માન્ય ગણાશે એમ પણ જણાવ્યું છે.

ગુજરાત સરકારનું આ પગલું ખૂબ અભિનંદનીય છે. ગુજરાત રાજ્યની સ્થાપના સાથે જે પગલું લેવાવું જોઈતું હતું તે આજે અઢાર વર્ષ પછી જ લેવાય છે. ગુજરાત રાજ્યના વહીવટમાં ઠેઠ ઉપલી કક્ષાએ પચાસ ટકા ઉપરાંતના અધિકારીઓ બિનગુજરાતી છે તેમને સરકારના આ નિર્ણયથી તેમને થોડી અગવડ પડશે છતાં એમાંના કેટલાકે તો ગુજરાતી ભાષા સારી રીતે શીખી લીધી છે. સૂરત મ્યુનિસિપલ કૉર્પોરેશનના કમિશનર શ્રી. ગોપાલસ્વામી એનું સરસ ઉદાહરણ છે. સૌરાષ્ટ્રમાં ઘણો વખત રહ્યા હોવાથી સૌરાષ્ટ્રી લહેકાવાળી ગુજરાતી એ બોલે છે. ભાષાવાર રાજ્યરચનાનો હેતુ જે તે રાજ્યનો સમગ્ર વહીવટ તે તે

રાજ્યની ભાષામાં ચાલે તે હતો. ગાંધીજીએ 'સ્વદેશીભાવના'ની સાથે ભાષાવાર રાજ્યરચના અને તે પછી રાજ્યનો વહીવટ કાયદા-કચેરી-ન્યાયાલયો સહિત તે રાજ્યની ભાષામાં ચાલે એ સિદ્ધાંત જોડી દીધો હતો. સ્વરાજ્ય પછી કદાચ ગુજરાતમાં જ સૌથી વધારે અંગ્રેજી-મોહીઓએ દેખા દીધી છે. અંગ્રેજી માધ્યમનાં બાલમંદિરો, અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાઓ શરૂ કરવાની પ્રવૃત્તિ ઉપર કદાચ અંકુશ આવશે. પોતાના પ્રદેશની અથવા પોતાની માતૃ-ભાષામાં બોલવું, લખવું અને જાહેર વહીવટ કરવો એમાં એક પ્રકારનું ગૌરવ અને અસ્મિતા રહેલાં છે.

*

અમે શ્રી. મોરારજી દેસાઈ એ રાજીનામું આપ્યું ત્યારે ફટાકડા ફોડનારાઓની ટીકા કરી હતી અને તેમાં શ્રી. મોરારજી ગુજરાતી છે એ વાત ઉપર ભાર મૂકયો હતો તેના અનુસંધાનમાં કેટલાક મિત્રોએ 'આ સંકુચિત પ્રાંતવાદ છે અને તે દેશના હિતમાં નથી." એવું લખ્યું છે. કોણ જાણે કેમ ગુજરાતને નામે વાત કરવા જઈએ ત્યારે ગુજરાતને જ પ્રાંતવાદનું ભૂત નડે છે અને ગુજરાતને નામે વાત કરવામાં જ સંકુચિતતા દેખાય છે. ગુજરાત કે ગુજરાતને નામે બોલવામાં કેમ આપણે બધાં ગભરાઈએ છીએ? ખુદ મોરારજી પણ ગુજરાતને નામે વાત કરવામાં સંકુચિતતા જોતા હતા અને એવી લાગણીને કારણે લલ્લુભાઈ એ ઊંધમાં ભરૂચ બોલાયેલું તેમ ગુજરાતે જૂના મુંબઈ રાજ્યના વિભાજન વખતે નંદરબાર-નવાપુર ગુમાવેલાં. સ્વરાજ્યપ્રાપ્તિ પછી જો પોતાની અસ્મિતાનું વિલીનીકરણ થવા દીધું હોય તો તે ગુજરાતે થવા દીધું છે. પાશ્ચાત્ય જીવન પદ્ધતિનું આંધળું અનુકરણ જેટલું ગુજરાતમાં થાય છે તેટલું ભારતના મહારાષ્ટ્ર સહિત બીજા પ્રાંતોમાં નહિ થતું હોય આપણા યુવાનોને તારીખ ખબર હોય પણ તિથિની, સંવતની ખબર નહિ હોય. આપણે જન્મગાંઠ ઊજવીએ તે પણ તિથિએ નહિ પણ અંગ્રેજી તારીખે. જન્મગાંઠની શુભેચ્છાઓ પણ 'હેપી બર્થ ડે ટુ યુ' કહીને જ આપીએ. અથવા 'મેની હેપી રિટર્ન્સ' કહીએ. કેટલાંક ગુજરાતી કુટુંબોમાં તો વળી જન્મગાંઠને દિવસે મીણબત્તીઓ સળગાવી કેક કાપવાનો પણ રિવાજ પેઠો પડેલે છે.

આપણે ત્યાં બંધાતાં મકાનો અને સદનોનાં નામ જુઓ! એમાંનાં કેટકેટલાં મકાનોનાં નામ અંગ્રેજી નામો છે! ગુજરાતી ભાષામાં મકાનો મહાલયો, ઊંચાં બહુમાળી મકાનો વગેરેને માટે ઘણા ઘણા શબ્દો હોવા છતાં આપણે 'એપાર્ટ-

મેન્ટ', 'ફ્લૅટ', 'સોસાયટી', 'પાર્ક' જેવા શબ્દો વાપરીએ છીએ. 'મોનાલીસા', 'ઍપોલો', 'પૅરેડાઈઝ', 'સ્ટર્લિન્ગ' જેવાં નામો મકાનોને આપતાં થયાં છીએ. આ બધું અંગ્રેજી ભાષાની ભક્તિથી થાય છે એમ અમારે કહેવું નથી. એમાંનું ઘણું દેખાદેખીથી થાય છે. કેટલુંક ફૅશનથી થાય છે. પણ એમ કરવામાં આપણું જે નિજ તત્ત્વ છે એ આપણે ગુમાવતા જઈએ છીએ વાસ્તવમાં તો ગુજરાતીઓએ ગુજરાતને નામે બોલવામાં કે પોતાનો દાવો કરવામાં 'પ્રદેશવાદ' આવે છે એ લઘુતાગ્રંથિ છોડી દેવી જોઈએ. વધારે ગુજરાતી બનવું જોઈએ. વર્તમાન રચનામાં જે ગુજરાતની પ્રજા જાગ્રત નહિ હોય જાતે ગુજરાતને નામે આગ્રહ કરવાને તૈયાર ન હોય તો ગુજરાતનું કોઈ ભાવિ નથી એટલું યાદ રાખવું પડશે. ગુજરાતના નેતાઓએ ગુજરાતને નામે બોલવામાં નાનમ અનુભવીને જ ગુજરાતને છકકડ ખવડાવી છે. બળવંતરાય ઠાકોરે ગુજરાતને ગાંડી ગુજરાત કહેલી એમાં નવાઈ ખરી ?

*

ભારતના પ્રથમ ગવર્નર જનરલ લૉર્ડ માઉન્ટબૅટનનું એક અકસ્માતમાં ૨૭મી ઑગસ્ટે મૃત્યું થયું. ભારતે શોક પાળવા મધ્યસ્થ સરકારની કચેરીઓ ૨૮મી ઑગસ્ટે બંધ રહેશે એવી જાહેરાત કરી. કેટલીક રાજ્યસરકારોએ પણ રજા જાહેર કરી. કચેરીઓ અને શિક્ષણસંસ્થાઓ બંધ રાખી. ગુજરાત સરકારે પણ રજા જાહેર કરી. તદ્અનુસાર સરકારી કચેરીઓ બંધ જ થઈ ગઈ. યુનિવર્સિટીની કચેરી બંધ થઈ અને શિક્ષણસંસ્થાઓ જે હમેશાં રજા પાડવા સતત ઉત્સુક હોય છે પણ બંધ થઈ ગઈ હતી.

એનાથી ઊલટું ઇંગ્લૅન્ડમાં બન્યું. લૉર્ડ માઉન્ટબૅટન ઇંગ્લૅન્ડના રાણીના પિતરાઈ થતા હતા અને પ્રિન્સ ફિલિપ (રાણીના પતિ) ના કાકા થતા હતા. એક વારના ફર્સ્ટ લૉર્ડ ઑફ ધ સી હતા છતાં ઇંગ્લૅન્ડમાં કોઈ રજા માઉન્ટ-બૅટનના અવસાનનિમિત્તે પાળવામાં નહોતી આવી. ઇંગ્લૅન્ડમાંની ઇન્ડિયન હાઈકમિશનરની ઑફિસો બંધ હતી. ત્યારે ઇંગ્લૅન્ડમાંની બધી જ સરકારી કચેરીઓ ચાલુ હતી. (ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના તા ૩૦મીના અહેવાલ પ્રમાણે–) જાણકારો તો કહે છે કે બીજા વિશ્વયુદ્ધના વિજેતા શ્રી. વિન્સ્ટન ચર્ચિલ મૃત્યુ પામ્યા તે દિવસે પણ ઇંગ્લૅન્ડમાં રજા નહોતી. જ્યારે કોઈ ને કોઈ બહાના હેઠળ રજા પાડનારા આપણા દેશે આમાંથી ઘડો લેવો જોઈએ.

[૪ સપ્ટેમ્બર, ૧૯૭૯]

મધર તરીઝા

ભારતમાં ગરીબ, તરછોડાયેલાં અને દુઃખી વર્ગના લોકોમાં સેવાકાર્ય કરનાર મધર તરીઝાનો (સાચો ઉચ્ચાર ટેરેસા નહિ પણ તરીઝા) શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર આપવાનું જાહેર કર્યું છે. કદાચ ઘણાં બધાં વર્ષો પછી શાંતિ માટેના નોબેલ પુરસ્કારરૂપે એક અવાજે જગતની અનુમતિ મળી હોય અને સમગ્ર વિશ્વે એક સાચી વ્યક્તિને મળેલા પુરસ્કાર તરીકે એને વધાવી લીધો હોય એવું અહીં બન્યું છે. પૂર્વ યુરોપના અલ્બેનિયામાંથી આવેલાં મધર તરીઝાએ શિક્ષિકાની નોકરી છોડી દઈને ગરીબોદ્ધારની સેવા કરવાનું પસંદ કર્યું પોતાના કાર્યક્ષેત્ર તરીકે એમણે ભારતને અને તેમાં પણ ભારતના પૂર્વ પ્રદેશને પસંદ કરી તરછોડાયેલાં સ્ત્રી–બાળકો, ઘોલકામાં રહેતાં અને અનેક રીતે દુઃખી થતાં સ્ત્રી–પુરુષોની વિવિધ રીતે સેવા કરીને માનવતાનો દીવો પ્રગટાવ્યો. એક પછી એક નહેરુ, મૅગસેસે અને બીજા ઘણા આંતરરાષ્ટ્રીય પુરસ્કારો મધર તરીઝાને પ્રાપ્ત થયા છે એમણે પ્રગટાવેલી આ જ્યોત આજે તો અખંડ બનીને એક સંસ્થાના રૂપમાં આકાર પામી છે. મધર તરીઝાનું સેવાકાર્ય આજે એટલું બધું પ્રસિદ્ધ છે કે એની પુનરુક્તિ અમે કરવા માગતા નથી.

પરંતુ મહત્ત્વનો પ્રશ્ન એ છે કે ભારત જેવી ધરમકરમની ભૂમિમાં જ્યાં દીનદુઃખી પ્રત્યે કરુણા દર્શાવવાનાં રોજ ગુણગાન ગવાતાં હોય આત્મવત્ સર્વ ભૂતેષુની રોજરોજ વાતો થતી હોય, જનસેવા એ જ પ્રભુસેવાના મંત્રનું રાતદિવસ પારાયણ થતું હોય કથાવાર્તા ભજનકિર્તન, પૂજાઆરતી સવારે સાંજે થતાં હોય એ દેશમાં એક સ્ત્રીને પરદેશથી આવીને નાતજાતના કે ધર્મભાવના કોઈ પણ ભેદભાવ વિના સેવા કરવા કેમ જરૂર પડી ? આ દેશના ગરીબ – પીડિતોની સેવા માટે આ દેશના જ લોકોનો આત્મા સ્વયમેવ કેમ નહિ ઢંઢોળાયો ?

મધર તરીઝાના કાર્યની આપણે મોકળે મને પ્રશંસા કરીએ ત્યારે આ પ્રશ્નો આપણા હૃદયમાં સ્વાભાવિક રીતે જ ઉદ્ભવે છે. આપણા આટઆટલા સંપ્રદાયો, આટઆટલા સાધુસંતો, આટઆટલાં મંદિરો, એની લખલૂટ સંપત્તિ અને વૈભવો એના મઠાધિપતિઓ અને આચાર્યો એમાંથી કોઈએ કયારેય પોતાના જ દેશબાંધવોની સેવા કરવાનું કેમ વિચાર્યું નહીં ? આપણા મંદિરો

પાસે અઢળક સંપત્તિ અને આવક છે. નાથદ્વારા, તિરુપતિ, આ એ જ મંદિરોની આવકનો પા ભાગ પણ જો પીડિતોની સેવા પાછળ ખર્ચાય તો પણ ગરીબોનાં દુઃખ નિવારવાનું કાર્ય કરવામાં સહાય થાય. દીનદુઃખિયાંની સેવા કરવાનું ધર્મકાર્ય જે હિંદુધર્મના સંતોએ નથી કર્યું અથવા કરવાનો વિચાર નથી કર્યો તે આ મિશનરીઓએ કર્યો છે એ એક કઠોર છતાં સત્ય હકીકત છે.

બનવા સંભવ છે કે હિંદુધર્મે છોછઅછોછ ઉપર વધારે ભાર મૂકયો છે, બનવા સંભવ છે કે હિંદુધર્મે વ્યકિતના આધ્યાત્મિક ઉદ્ધારને જ કેન્દ્રમાં રાખીને આ દુનિયાનો વિચાર કરવાને બદલે બીજી દુનિયાનો જ વધારે પડતો વિચાર કર્યો છે. દરેક ગરીબ-પીડિત દુઃખિયારાં પોતાનાં કર્મોનાં જ ફળ ભોગવે છે એમ માનીને મન મનાવ્યું છે અને તેમને તેમનાં કર્મનાં ફળ ભોગવવા દીધાં છે. આ આવાં કર્મોના જ ફળ ભોગવે છે એમ માનીને મન મનાવ્યું છે. આ અને આવાં કારણોસર સેવાધર્મ મટી ગયો જે ધર્મમાં સૌથી વધારે દયા, કરુણા, અહિંસા અને પરમાર્થની વાતો થઈ છે અને ગાઈવગાડીને કહેવાઈ છે તે જ ધર્મના સંતોઆચાર્યો વ્યવહારમાં એને મૂકે નહિ એ આ ધર્મની કરુણતા છે. હિંદુ ધર્મે આત્મખોજ કરવાની રહેશે. સમષ્ટિ દુઃખમાં ડૂબેલી હોય ત્યારે વ્યકિત પોતાના એકલાના જ કલ્યાણની ખેવના કરે એ માત્ર સ્વાર્થ જ નહિ પણ છલના છે. હિંદુધર્મ પણ પોતાના મિશનરીઓ ઊભા કરવા પડશે.

[૩૦ ઑકટોબર, ૧૯૭૯]

વિનોબાનું નિધન

[સંત વિનોબાએ પાયોપ્રવેશ કરીને મૃત્યુનો સત્કાર કર્યો. આપણા રાષ્ટ્રજીવનમાં વિનોબા જેવા સંત પુરુષનો પ્રભાવ એક કાળે કેવો હતો અને સ્વાતંત્ર્યોત્તર કાળમાં પ્રજાના મોટા સમૂહે એમના જીવનકાર્ય પ્રત્યે કેવી ઉદાસીનતા સેવી તે જોતાં સ્વાતંત્ર્ય પૂર્વેના અને સ્વાતંત્ર્યોત્તર સમાજના સંસ્કારનો એક તુલનાત્મક આલેખ મળી આવે સ્વાતંત્ર્યોત્તર કાળમાં ઉત્તરોત્તર ઊતરતાં આપણાં મૂલ્યો પ્રત્યે લેખકે અહીં વેદના ઠાલવી છે.—**સં**.]

પંદરમી નવેમ્બરે સૂરતે દીવાળીનું પર્વ ધડાકાથી ઊજવ્યું. સોળમી નવેમ્બરે નૂતન-વર્ષનો દિન સૂરતે ઊજવ્યો. એ પહેલાં આઠમી નવેમ્બરે સૂરત ઉપરથી વાવાઝોડું પસાર થઈ ગયું અને એની કારમી અસર ગુજરાતના જ અંગભૂત સૌરાષ્ટ્રને લાગી. એ વાવાઝોડાની અસરમાં મૃત્યુ પામેલા માણસોની સંખ્યા રોજ ને રોજ વર્તમાનપત્રોમાં ચક્રવૃદ્ધિ થતી ગઈ. નુકસાનનો અંદાજ કરોડ રૂપિયાને આંબી ગયો. ખુદ સૂરતમાં નાના માણસોને થયેલા નુકસાનનો અંદાજ હજારો રૂપિયાનો મુકાય. કોઈકનાં ઝૂંપડાં ઊડ્યાં, કોઈકનાં આધારરૂપ વૃક્ષો તૂટી પડ્યાં. કોઈકના ઘરને નુકસાન થયું.

પંદરમી નવેમ્બરે સવારે વિનોબા ભાવેનું તિરોધાન થયું. વિનોબાજીએ ઇચ્છામૃત્યુ મેળવ્યું. અઠ્યાશી વર્ષની વય પછી અને કદાચ દેશની વર્તમાન પરિસ્થિતિ જોઈને તેના સંતાપમાં એમને જીવવાનું ગમ્યું નહિ હોય, પણ હૃદયરોગનો હુમલો થતાં અને પ્રારંભમાં તો સારું થવાની આશા પણ દેખાતી હોવા છતાં એમણે ઔષધં જાહ્નવીતોયં, વૈદ્યો નારાયણો હરિના સૂત્રને ચરિતાર્થ કરી અન્નજળઔષધ છોડી દીધાં. નાનામોટા માનવીઓની અને ખુદ વડાં પ્રધાનની અરજને પણ અવગણીને એ ઇચ્છામૃત્યુને વર્યા. માનવીને ગૌરવથી મરવાનો જન્મસિદ્ધ અધિકાર છે એ એમણે સિદ્ધ કર્યું. પણ એ માટે અદ્‌ભુત અને પરમ મનોબળ જોઈએ. વિનોબાજીનું આપણા દેશના ઇતિહાસમાં અત્યંત મહત્ત્વનું સ્થાન છે. ગાંધીજીના પ્રથમ કક્ષાના અનુયાયી તરીકે અને પાછળથી ગાંધીવિચારના પ્રખર કર્મઠ તરીકે વિનોબાજી ચિરંજીવ રહેવાના છે. ઇતિહાસ તો કદાચ ગાંધીજી પછી એમને ભિન્ન ક્રમે મૂકશે. વિનોબાજીના વિચાર સાથે

સંમત થઈએ કે ન થઈએ –અને એમ તો ગાંધીજીના પણ બધા જ વિચારો સાથે કોણ કયારે ય સંમત થયું છે ? –છતાં વિનોબા એક વિભૂતિ હતા.

આ બધું અમે એટલા માટે લખીએ છીએ કે આ પંથક ઉપરથી પાંચસો ઉપરાંતના નાનામોટા જીવો વડે ખપ્પર ભરીને અને કરોડો રૂપિયાના નુકસાનની થાપટ મારીને પસાર થઈ ગયેલા ઝંઝાવાત છતાં અને દીવાળીને દિવસે જ વિનોબાજીનું અવસાન થયેલું હોવા છતાં પ્રજાને મન જાણે કશું જ બન્યું ન હોય એમ આખી રાત ફટાકડા ફૂટતા રહ્યા. આ ફટાકડા નાનાં બાળકોએ ફોડયા હોત તો પણ સમજ્યા. આ ફટાકડા અજ્ઞાત–અભણ માણસોએ ફોડયા હોત તો પણ માફ. પણ આ ફટાકડા ફોડનારામાં ભણેલા માણસો જેમની પાસે સમજશક્તિની અપેક્ષા રહે એવા માણસો, ઉપલાવર્ગના આવાસોમાં, સોસાયટીઓમાં રહેનારા માણસો, ધનિકો પણ દેખાતા હતા. ફટાકડા ફોડવાની હોડ ચાલતી હતી અને વર્તમાનપત્રોમાં રોજ ને રોજ પ્રગટ થતી 'મનીક્રાઈસીસ'નાં અખબારોમાં મંદ ઘરાકીની, લોકોના હતોત્સાહની, ઝાંખી દીવાળીની વાત ખોટી પડતી જતી હતી. રાતના ત્રણ વાગ્યા સુધી ફટાકડા ફૂટતા રહ્યા અને પાંચના ટકોરા પડે તે પહેલાં તો પાછા શરૂ થઈ ગયા. આપણી પ્રજાજીવન દેશના અને પ્રદેશના ઇતિહાસથી કેટલું બધું અળગું થઈ ગયું છે !

આપણું જીવન રોતલ બને, ઉદાસીનો ભાર માથે લઈને પ્રજા જીર્યા કરે એવું કહેવાનો અમારો આશય નથી. પણ આપણે આપણા જ પ્રદેશ ઉપર ફરી વળેલી એક આસમાની આફતને પડછે અને જેને આખા દેશે અને આખા વિશ્વે એક સંત તરીકે સન્માન્યા છે તેના અવસાનની અદબ જાળવી આપણે આપણો ઉત્સવ સંયમિત રીતે કેમ નહીં ઊજવી શકીએ ? ફટાકડાના ધુમાડા પાછળ ખર્ચાતાં નાણાંને આપણે વિધાયક સદ્‌ઉપયોગ માટે કેમ ન વાપરી શકીએ ? પર્વના આ દિવસે સાચી ભાવનાથી વંચિત કેવળ અાચાર જ બની ગયેલા અને ટપાલખાતાને જેની કશી દરકાર નથી એવા નૂતનવર્ષાભિનંદનના એક કરતાં એક ચઢિયાતા મોંઘા કાર્ડના નાણાંનો અને ટપાલખર્ચનો બીજો ઉપયોગ કેમ ન કરી શકીએ ?

આવા એક પછી એક સવાલો ચિત્તને ચકરાવે ચઢાવે એવા છે. આપણી સંવેદનશીલતા એટલી બધી બુઠ્ઠી બની ગઈ છે કે આપણે આપણાં જ ભાઈ–

બહેનો ઉપર વીતેલી આફત કે આપણી વચ્ચેથી ઊઠી ગયેલા સંત વિશે કશું જ અનુભવી શકતા નથી ? આપણે બધાથી બેતમા બની જીવ ઉપર આવી જીવીએ છીએ અને એ બેતમામાં કશાની જ પરવા કરતા નથી ? આપણે મન આપણા પ્રદેશ ઉપર વીતેલી આસમાનીની કોઈ દરકાર નથી ? શું આપણે સદંતર બુઠ્ઠા બનીને જ બધી જ, સંવેદનશીલતા ભૂલીને મદિરાચકચૂરની માફક જ જીવવાનું છે ? આવા પ્રશ્નોનું કોઇ મહત્ત્વ પણ નહિ ગણે. બનવા સંભવ છે. પણ ગાંધીનું મૃત્યુ, નહેરુનું મૃત્યુ. ૧૯૬૫નું યુદ્ધ, મધ્ય મોરબીની આફત પછી પ્રજાના પ્રતિભાવ અને આજે પ્રજાના પ્રતિભાવ વચ્ચે કેટલો મોટો ફેર છે ? ઉત્તરોત્તર વધારે સંવેદનશીલ બનવાને બદલે આપણે બુઠ્ઠા બનતા જઈએ. છીએ. છેલ્લાં વર્ષોમાં વિવિધ પ્રકારના ભ્રષ્ટાચાર વધતા ગયા બેંધવારી વધતી ગઈ, વિચ્છિન્નતા વધતી ગઈ, પ્રદેશ પ્રદેશ વચ્ચેની પ્રજા વચ્ચેનું અંતર વધતું ગયું, પરદેશનું અને પરદેશી વસ્તુઓનું આકર્ષણ વધતું ગયું, બુમારી ઘટતી ગઈ, ઘટતું ગયું દેશાભિમાન અને આપણું પોતાપણું બધું જ કોઠે પાડીને આપણે જીવતાં શીખી ગયા. આપણે એવા નઠોર બની ગયા કે ન તો ઝંઝાવાત કે ન તો કોઇ સંતનું અવસાન આપણને ઢંઢોળી શકે, આપણા નેતા આપણા કરતાં વધારે નઠોર બન્યા. નેતા કહી શકાય એવું સૂરતમાં તો રહ્યું જ જ કોણ ?

કલ્યાણપથનો યાત્રી

અમારી આ કટાર જે દિવસે પ્રસિદ્ધ થશે તે દિવસે ગાંધીજીના જન્મને નવ્વાણું વર્ષ પૂરાં થયાં હશે એને બીજે દિવસે સોમો જન્મદિવસ હશે. એ દિવસથી દુનિયાભરમાં ગાંધીશતાબ્દી ઊજવાશે. ગમે તેમ પણ ભારતમાં ગાંધીશતાબ્દીએ જે ઉત્સાહ જન્માવવો જોઈએ તે ઉત્સાહ જન્માવ્યો નથી. સમગ્ર રાષ્ટ્રની કક્ષાએ એની ઊજવણીની કોઈ તરેહ નક્કી થઈ નથી. રાજ્ય, જિલ્લા કે શહેરની કક્ષાએ પણ ઉત્સાહનો તરવરાટ નજરે પડતો નથી અને છતાં ગાંધીશતાબ્દીનું ઘણું મહત્ત્વ આ દેશને માટે અને વિશ્વને માટે છે.

આપણા દેશમાં ગાંધીજીવનરૂપી પ્રકાશનો ઉદય થયો અને એક ખૂનીને હાથે એ પ્રકાશ હોલવાયો. આજે આ દેશમાં એ પ્રકાશ કેટલે અંશે રહ્યો છે એ વિચારવાનો એક પ્રશ્ન છે. એમના સ્મરણમાં ઘણી ઔપચારિક ક્રિયાઓ થાય છે. ગાંધીજીના જન્મદિવસે દેશમાં રજા પળાય છે, ગાંધીજયન્તીને નામે ઊજવણી થાય છે. એમના નિવાસના પ્રતીક સમી ઝૂંપડીઓ બનાવવામાં આવે છે. આ દેશની પ્રજામાં વ્યક્તિપૂજા અને તેના ગયા પછી તેની પ્રતીકપૂજા કરવાની અજબ આવડત છે. પરંતુ જેઓ ગાંધીમાર્ગથી ઘણા દૂર ગયા છે તેમણે ગાંધીને નામે વારંવાર કરેલાં ઉદ્બોધનો સિવાય દેશમાં આજે ગાંધીવાદ જેવું કશું રહ્યું છે ખરું?

ગાંધીજીએ પ્રગતિશીલ દુનિયાને અને સમાજના રૂઢિચુસ્તવર્ગને પોતાના વિચારોથી ચમકાવ્યા છે. સમાજનાં આ બંને અંગોને ગાંધીજીના વિચારો આંચકા જેવા લાગ્યા છે. ધર્મસંબંધી વિચારો રજૂ કરતાં ગાંધીએ જ્યારે જણાવ્યું કે અસ્પૃશ્યતા હિન્દુ ધર્મનું કલંક છે તેથી વહેલામાં વહેલી તકે જવું જોઈએ ત્યારે સનાતનીઓ ખળભળી ઊઠ્યા; જ્યારે એમણે યંત્રોની મર્યાદા આંકી યંત્રનો વિરોધ કર્યો અને અહિંસા જેવા શાસ્ત્રની હિમાયત સ્વરાજ્યપ્રાપ્તિ અર્થે કરી ત્યારે દુનિયાના પ્રગતિશીલવર્ગના લોકો મૂંઝાયા. પરિણામ એ આવ્યું કે ગાંધીજીના સિદ્ધાંતો વિશે અનેક ગેરસમજો ઊભી થઈ અને જેને જેમ ખરું લાગ્યું તેમ આ સિદ્ધાંતોનો અર્થ ઘટાવવા લાગ્યા. આથી ગાંધીજીને પોતાના સિદ્ધાંતોનો વારંવાર ખુલાસો કરવો પડ્યો. સનાતનીઓ કહેવા લાગ્યા કે "ગાંધીએ સવર્ણ-અવર્ણ એકાકાર કરી ધર્મનો દાટ વાળ્યો." પ્રગતિશીલ લોકો કહેવા

લાગ્યા કે "ગાંધીનું ચાલે તો દુનિયાને વળી પાછી બારમી સદીમાં લઈ જાય." આમ પોતાના કાર્યને આરંભે ગાંધીજીને ઘણો વિરોધ સહન કરવો પડ્યો.

ગાંધીજીનો માર્ગ સીધો, સ્પષ્ટ અને નિખાલસ હતો. ક્ષુરસ્ય ધારા જેવા એ માર્ગ ઉપર એમને ચાલવામાં આનંદ આવતો અને એમાં એમની જરા જેટલી ચૂક થતી તો એમનો અંતરાત્મા રડી ઊઠતો. ગાંધીજી નિખાલસતાથી પોતાની ભૂલ કબૂલ કરતા અને તેનું પ્રાયશ્ચિત્ત કરતા. આજના વિશ્વમાં તંગદિલીના ઘણા પ્રશ્નો ઊભા થાય છે અને જગત વિશ્વયુદ્ધને આરે આવીને ઊભેલું જણાય છે, ત્યારે આપણે વિશ્વના પ્રશ્નો 'ગાંધી ટૅક્નિક'થી ઉકેલવા મથીએ છીએ. પરંતુ વિચિત્રતા તો એ છે કે આપણા પોતાના દેશમાંથી એનો ત્યાગ કરી આપણે એનો વિનિયોગ વિશ્વના પ્રશ્નોની વિચારણામાં કરવા માગીએ છીએ.

હજારો વર્ષ પહેલાં આ દેશમાં બુદ્ધે પ્રકાશ ફેલાવ્યો. આ જ દેશમાં જન્મેલા બૌદ્ધ ધર્મને આપણે આ દેશમાંથી હદપાર કરી અન્ય દેશમાં પ્રકાશવા મોકલી આપ્યો. આપણે બુદ્ધજયન્તી હજી પણ ઊજવતા જઈએ છીએ. ગાંધીમાર્ગ માટે પણ આપણે એવું નથી કરતા? આપણે એમને બુદ્ધ જેટલા મહાન પણ આપણાથી બુદ્ધ જેટલા જ દૂર બનાવવાનો પ્રયત્ન નથી કરતા?

ગાંધીજી જેટલા મહાન હિંદી હતા એટલો મહાન બીજો કોઈ હિંદી છેલ્લાં સેંકડો વર્ષમાં નહિ થયો હોય. પંડિત નેહરુએ ગાંધીના મૃત્યુ પછી ગાંધીજીને પોતાના યુગના શ્રેષ્ઠ હિંદી અને સર્વશ્રેષ્ઠ હિંદુ તરીકે ઓળખાવ્યા. ગાંધીજીએ એક વાર કહ્યું હતું, 'આ દેશમાંની પ્રત્યેક વસ્તુ મને આકર્ષે છે. માણસની ઊંચી અપેક્ષાને સંતોષે એવી વસ્તુઓ આ દેશમાં છે એક વાર એક પરદેશી મુલાકાતીએ ગાંધીજીએ માથા ઉપર મૂકેલી માટીની લેપડી જોઈ કુતૂહલથી એ અંગે પૂછ્યું. ગાંધીજીએ પોતાની લાક્ષણિક રીતે જવાબ આપ્યો, "હું ભારતની માટીમાંથી જન્મ્યો છું એટલે એ માટીનો મેં તાજ પહેર્યો છે"

ગાંધીજી પૂર્વની સંસ્કૃતિના પ્રતીકરૂપ હતા. ભારત વિશેનું એમનું દર્શન સંપૂર્ણપણે ભારતીય હતું. આપણને એ દર્શન વિચિત્ર લાગતું કારણ આપણે આપણા દેશવાસીઓથી અળગા બન્યા હતા. ગાંધીજી જતાં જ આપણે એ દર્શનને પણ જતું કર્યું. સ્વાતંત્ર્ય મળ્યા પછી આપણે આ દેશનું બંધારણ ઘડ્યું. ૧૯૫૦થી એને અમલી બનાવ્યું. દુનિયાનાં સર્વોત્તમ બંધારણોની હરોળમાં ઊભું રહે એવું પણ કદાચ એ હશે. પરંતુ જેને વિશિષ્ટ રીતે ભારતીય કહી શકીએ એવું કોઈ પણ તત્ત્વ એમાં આપણે લાવી શકયા નથી. સ્વાતંત્ર્ય મળ્યા પછી

આપણે આપણા આદર્શ તરીકે, પશ્ચિમના દેશોને રાખ્યા. એ દોરણે આપણે 'સમાજ – વિકાસઘટકો'ની યોજના કરી અને છતાં આપણે ત્યાં ગામડું બિચારું રાજ્યના આઘેના અંગ તરીકે દૂર પડી કરમાયા કરે છે

ગાંધીજી પ્રખર ધાર્મિક પુરુષ હતા. આપણે તો આપણું રાજ્ય બિનસાંપ્રદાયિક (સેકયુલર) બનાવ્યું છે. ગાંધીજી પ્રત્યેક કાર્ય પાછળ કોઈ મહાન શક્તિનો અનુભવ કરતા. વારંવાર એમણે કહ્યું છે કે એમને માટે ધર્મ વિનાનું રાજકારણ એ ગંદવાડ અને ત્યજવાયોગ્ય છે એમણે એમ પણ કહ્યું છે કે જેઓ એમ કહે છે કે રાજકારણને ધર્મ સાથે કશી લેવાદેવા નથી તેઓ ધર્મનો સાચો અર્થ સમજતા નથી. એમને રાજકારણ પરાણે સ્વીકારવું પડયું. કારણ અંગ્રેજો જ્યાં સુધી જાય નહિ ત્યાં સુધી ભારતની પ્રજા પોતાની રીતે જીવી શકે એમ નહોતી.

ગાંધીજીએ સ્વરાજ્યનો અર્થ કોઈ આભાસી ખ્યાલથી ઘડાયો નહોતો. એમને મન સ્વતંત્ર ભારત એટલે એવું સ્થાન કે જ્યાં સ્ત્રી-પુરુષો સહકારી ભાવના કેળવી પોતાનું મસ્તક ઉન્નત અને હૃદય શુદ્ધ રાખી જીવી શકે, જ્યાં જીવન જરૂરિયાતોનો મોટો સંઘર્ષ નહિ, પણ સાદું અને સરળ બને, જ્યાં ભાર સંગ્રહખોરી ઉપર નહિ પણ ત્યાગ અને સમર્પણ ઉપર મૂકવામાં આવતો હોય, જ્યાં અનેક માળવાળાં ઊંચાં મકાનોને બદલે નાનાં, સાદાં અને સ્વચ્છ ઘરોવાળાં ગામડાંઓ હોય. એમણે એક વસ્તુ એ જોઈ હતી કે જે અસંખ્ય વ્યક્તિઓ વચ્ચે એ જીવતા હતા તે બધાં ઊંડી ધાર્મિક વૃત્તિવાળાં હતાં. એ બધાંને રામ કરતાં વધારે મહાન, ભવ્ય અને શુદ્ધ વસ્તુનો ખ્યાલ નહોતો. એથી જ એમણે રામરાજ્યની કલ્પના કરી. રામરાજ્ય એટલે હિંદુઓના દેવ રામનું રાજ્ય નહિ પણ ઈશ્વરનું રાજ્ય. જે સાચી રીતે પ્રજાસત્તાક હોય, જેમાં નાનામાં નાના માણસને અટપટી અને ખર્ચાળ પદ્ધતિમાંથી પસાર થયા વિના ન્યાય મળવાની શ્રદ્ધા હોય "લોકમત ઉપર રચાયેલું રાજ્ય એટલે તે જગ્યાનું રામરાજ્ય, સત્ય એટલે ન્યાય, ન્યાયીતંત્ર એટલે સત્યયુગ અથવા સ્વરાજ્ય, ધર્મરાજ, રામરાજ, લોકરાજ, આવા તંત્રમાં રાજા પ્રજાનો રક્ષક હોય, મિત્ર હોય, તેના જીવનના અને પ્રજાના રંકમાં રંક અંગના જીવન વચ્ચે આજનું આકાશ-પાતાળ જેટલું અંતર ન હોય."

પોતાના જીવનની રહેણીકરણી દ્વારા એમણે ભારતના ગરીબ માનવીને મૂર્ત કર્યો. બીજી ગોળમેજી પરિષદ વખતે લંડનના નિવાસ દરમિયાન લંડનમાંના ગરીબોના લત્તા વચ્ચે એઓ રહેવા ગયા. એમનું શિલ્પ બનાવવા ગયેલા

ઇંગ્લેન્ડના માજી પ્રધાન સર વિન્સ્ટન ચર્ચિલના પિત્રાઇ ક્લેડીને નોંધ્યું છે, "શરીર ઉપર ખાદીની શ્વેત ચાદર વીંટાળી જમીન ઉપર સાદડી પાથરી એઓ બેઠા હતા અને ઘણા સૂકાયેલા લાગતા હતા."

લંડનમાંના એમના આ નિવાસસ્થાને એમને જોવાને અને એમની સાથે વાત કરવાને દુનિયાના દેશોમાંના અને જીવનનાં વિવિધ ક્ષેત્રોમાંના માણસો આવતા. ભિખારીના વેશમાં અત્યંત ધ્યાનપૂર્વક વ્યાખ્યાનો સાંભળતા. ગોળમેજી પરિષદના બધી બેઠકોમાં એઓ હાજર રહ્યા હતા. અને જ્યારે વ્યાખ્યાન કરવાનો એમનો વારો આવ્યો ત્યારે પ્રાર્થના કરતા હોય એ ભાવમાં કોઇ પણ પૂર્વતૈયારી વિના કે નોંધ વિના લગભગ એક કલાક સુધી એઓ બોલ્યા.

પરિષદના ખંડની બહાર એમનું દર્શન કરવા લોકોનાં ટોળાં ભેગાં થયાં હતાં બ્રિટિશ સામ્રાજ્યના સમ્રાટને એઓ મળવા ગયા ત્યારે પણ એઓ ફકીરના વેશમાં બકીન્ગહામ પેલેસનાં પગથિયાં ચઢતાં એમને જોઈ ચર્ચિલનું હૃદય ફફડી ઊઠયું. પણ કોઈ કવિએ કહ્યું છે, 'જે ભિખારી યાચના કરતો નથી તે ભિખારીને જોઈ રાજાનું હૈયું કંપે છે." એમના પછી લંડનના પૂર્વ છેડે આવેલા ગરીબોના આવાસમાં બીજા કોઈ પણ હિન્દી નેતાએ રહેવાની હિમ્મત દર્શાવી નથી.

૧૯૪૭માં જ્યારે દેશના ભાગલા પાડવાની તૈયારી એક બાજુ ચાલતી હતી. અને બીજી બાજુ ભયંકર હિંસાનાં ઘોર વાદળો ઘેરાતાં હતાં ત્યારે એમણે માત્ર દસ માણસોને જ સમાવી શકે એવી કાદવની ઝૂંપડીમાં કોંગ્રેસ અને લીગના પ્રતિનિધિઓની પરિષદ બોલાવી અને જ્યાં સુધી બંને વચ્ચે સમજૂતી ન સ્થપાય ત્યાં સુધી છૂટા ન પડવાનો અનુરોધ કર્યો. ત્યાર પછી આ દેશમાં અનેક પરિષદો ભરાઇ. પણ એમાંની એકે કાદવની ઝૂંપડીમાં ભરાઈ નથી. હિંદને બ્રિટનનું સાચું મિત્ર બનાવવાની એક તક આપવાનો એમણે ગોળમેજી પરિષદમાં બ્રિટનને અનુરોધ કર્યો. બ્રિટનથી એમને અળગા થવું નહોતું અને અળગા થવું પડે તો તે સંપૂર્ણ મૈત્રીભાવે. અળગા થતી વખતે પણ હિન્દ જિંદગી આપી દેશે પણ લેશે નહિ. પોતે સહન કરશે પણ બ્રિટનની પ્રજાને સહન કરવાની ફરજ પાડશે નહિ. "પાંત્રીસ કરોડની જનતાને ખંજર નથી જોઈતું. એને ઝેરનો કટોરો, તલવાર કે ભાલો નથી જોઈતાં, એને તો જોઈએ છે ના કહેવાની આત્મશ્રદ્ધા અને તે આત્મશ્રદ્ધા એ કેળવી રહ્યું છે."

ત્યાર પછી તો બ્રિટન અને હિન્દ વચ્ચે અનેક ના જન્મી અને જ્યારે છૂટા પડવું પડયું ત્યારે ગાંધીજી જેની સામે જીવનભર ઝઝૂમ્યા હતા તે હિંસા પણ આવી. ગાંધીજીએ સશસ્ત્ર ક્રાંતિનો વિરોધ કર્યો હતો કારણ કે એમને બખર હતી કે સશસ્ત્ર ક્રાંતિ પોતાની સાથે હિંસા લાવશે જ એમને મતે સત્ય અને અહિંસાં સ્વાતંત્ર્ય કરતાં પણ વધારે મહત્ત્વનાં હતાં. સ્વાતંત્ર્ય પછી ભારત પણ બીજા દેશોની પ્રજાની માફક અમાનુષી આચરણ કરનારી પ્રજાનું સ્થાન બને એ એમને જોઈતું નહોતું.

જે સ્વાતંત્ર્ય લાવવમાં એમણે મદદ કરી તે સ્વાતંત્ર્યે, દુર્ભાગ્યે માનવીના હૃદયમાં રહેલી હલકામાં હલકી લાગણીઓને ઉશ્કેરી મૂકી. બલિદાન આપવાને બદલે બલિદાનો દીધાં, બીજાને દુઃખો દીધાં. ગાંડપણ અને ધિક્કારથી વાતાવરણ ભરાઈ ગયું. જીવનની ભયંકર નિષ્ફળતા અને કરુણતા એમની સામે આવીને ઉભાં રહ્યાં. એમણે પોતાના જીવનની માનવી ભાગ્યે જ પ્રાપ્ત કરી શકે એવી મહત્તા પણ આ જ ઘડીએ પ્રાપ્ત કરી પોતાના જીવનની તીવ્રતમ દુ.ખની પળોએ અનેક દુઃખીઓના એઓ સમભાગી બન્યા. પ્રજામાં વ્યાપેલા ગાંડપણને અટકાવવા એમણે પોતાની જાત ઉપર પ્રાયશ્ચિત્ત આદર્યું.

એમના આ કાર્યને કારણે પ્રજાના એક વર્ગમાં એમની સામે ગુસ્સો જાગ્યો. એમના ઉપર ધિક્કાર, તિરસ્કાર અને શાપો વરસાવવામાં આવ્યાં રોજની ટપાલમાં એમને આવા પત્રો મળવા લાગ્યા. પોતાની પ્રાર્થનાસભાઓને એમણે જનતાની પાર્લામેન્ટમાં ફેરવી નાખી એ જ સભાઓમાં એમણે પોતાના ઉપર થતા આક્ષેપોને જવાબ આપ્યો. એ જ સભાઓમાં દુઃખીઓને દિલાસો આપ્યો. ગાંડી બનેલી દુનિયામાં એમણે એકલે હાથે શાણપણ સ્થાપવાની જહેમત ઉઠાવી. ધિક્કાર અને આવેશના વાતાવરણમાં પ્રેમ, દયા અને ક્ષમાનો ધ્વજ એમણે એકલે હાથે ઊંચો રાખ્યો. "મારો દૃઢ અભિપ્રાય છે કે અહિંસાત્મક અસહકાર નિર્બળાનું જ બળ નથી, બળવાનનું વિશેષ છે એ સર્વવ્યાપક સિદ્ધાંત છે. અહિંસાત્મક યુદ્ધમાં થોડા પણ સાચા મરણિયા હશે, તો યે કરોડને ઢાંકશે ને તેમનામાં ચેતન રેડશે."

બિહાર કલકત્તા અને છેવટે નોઆખલીની એમણે યાત્રા આરંભી. મૃત્યુના ભય વિના, માંદા શરીરે, સિત્તોતેર વર્ષના આ માનવીએ ધિક્કાર અને હિંસાથી ભાંગેલાં અન્નણ્યાં ગામડાંઓની મુલાકાત લીધી. માનવઇતિહાસમાં ભવ્યતાની

ચરમ સીમાએ પહોંચતું આવું બીજું દૃશ્ય ભાગ્યે જ અલેખાયું હશે. પાટિયાંના બાંધેલા પુલને ઓળંગતા, હાથમાં લાકડી લઈને બીરાં છતાં મક્કમ પગલે ગામડાના રસ્તા ઉપર ચાલતા, જૂની હોડીઓમાં નદી ઓળંગી ભાંગ્યા – તૂટયાં ઝૂંપડાંની મુલાકાત લેતા, પોતાનું સર્વસ્વ જેણે ગુમાવ્યું છે એવી કોઈ કન્યાને વિધવા બનાવવામાં આવેલી સ્ત્રીને જેના પાસેથી બાળક છીનવી લેવામાં આવ્યું છે એવી માતાને આશ્વાસન આપતા, આવા ભયંકર અને શરમના વાતાવરણમાં દુઃખી બાળકો માટે નિશાળો સ્થાપતા, રોજ પ્રાર્થનાસભા યોજતા, ગ્રામવાસીઓ જોડે હિમ્મત આશા અને માયાથી વાત કરતા, બાળકને બચડાવતા, સ્ત્રીઓ પાસે તિલક કરાવતા, વહેલી સવારે કેરોસીનના દીવાના અજવાળામાં કામ કરતા, રાત્રે કોઈ ગ્રામવાસીની ઝૂંપડીમાં આશ્રય લેતા, સરોજિની નાયડુના શબ્દોમાં પ્રેમ અને આશાની યાત્રાએ નીકળેલા આ સાધુનું આ ભવ્ય અને અનિર્વચનીય ભાવવાળું અપૂર્વ ચિત્ર હતું.

સ્વાતંત્ર્ય પછી પણ એમણે કહ્યું હતું, "ગુલામ તરીકે જે કરતાં આપણે શરમાઈએ તે સ્વતંત્ર માનવી તરીકે આપણે ન કરવું જોઈએ.' એમને તો હરિજનને રાષ્ટ્રપ્રમુખ બનેલો જોવો હતો. ફ્રેન્ચ વિચારક રૂસોની માફક એઓ સત્તા વિનાની સત્તામાં માનતા હતા.

"મારે ભારતને સ્વતંત્ર અને મજબૂત બનેલું જોવું છે, જેથી આખા વિશ્વના કલ્યાણ માટે પોતાનું સમર્પણ એ કરી શકે વ્યકિત શુદ્ધ બની પોતાના કુટુંબ માટે, કુટુંબ ગામ માટે, ગામ જિલ્લા માટે, પ્રાંત રાજ્ય માટે, રાજ્ય દેશ માટે અને દેશ આખા વિશ્વના કલ્યાણ માટે પોતાનું સમર્પણ કરે."

બર્નાર્ડ શોએ એક વાર કહ્યું હતું કે ગાંધીનું રાજકારણ સો વર્ષ જેટલું આગળ છે. ગાંધીજીએ પોતે પણ કહ્યું હતું કે, "દુનિયાને ચકિત કરવાનું દુર્ભાગ્ય મને મળ્યું છે. એક ગુંડો ઓછો થશે, એમ માની જો મને કોઈ મારી નાખે તો તે સાચા ગાંધીને નથી મારતો પણ મારામાં એને જે ગુંડો દેખાય છે તેને મારશે.."

"મારા મિત્રો, મારું સાચું સન્માન મેં રજૂ કરેલા કાર્યક્રમને અપનાવી અથવા જો તેમાં એમને શ્રદ્ધા ન હોય તો તેનો સંપૂર્ણ વિરોધ કરીને કરી શકે." આવું કહેનાર ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમને આપણે અનુસરતા નથી.

આપણે એનો વિરોધ પણ નથી કરતા. આપણે તો એને માત્ર બાજુએ જ મૂકી દઈએ છીએ.

ગાંધીજીનો અવાજ અરણ્યરુદન જેવો બન્યો. ગાંધીસંદેશની સફળતા વિશે ઘણાનાં મનમાં શંકા ઉત્પન્ન થઈ પણ ગાંધીજીની શ્રદ્ધા વધારે દૃઢ થઈ અને જીવનની અંતિમ પળ સુધી એ વધારે દૃઢ રહી. પોતાના ભવ્ય મૃત્યુ દ્વારા પણ એમણે એ શ્રદ્ધા જ વ્યકત કરી.

આમ છતાં સાચા ગાંધી મૃત્યુ પામતા નથી. એ નામમાં પ્રકાશ છે. આવનારી ભવિષ્યની પ્રજાને માર્ગદર્શક થઈ પડે એવો એ પ્રકાશ છે. કદાચ વર્ષો પછી એવો એક દિવસ આવશે જ્યારે સાચો ગાંધી પાછો પ્રગટશે.

ગાંધીજીની 'દિનવારી'

સૂરતમાં હમણાં 'ગાંધી' નું ચલચિત્ર ચાલે છે. આ ચિત્રે વિશ્વભરમાં ઠીક ઠીક સભાનતા જગાવી છે. જેમણે ગાંધીજીને જોયા નથી કે જે ગાંધીયુગમાં જીવ્યા નથી એ 'ગાંધી' જોઈને અભિભૂત થયા છે. પણ સૂરત એની આગવી વિશિષ્ટતા છોડતું નથી. 'ગાંધી' ચિત્રની ટિકિટનાં કાળાંબજાર તો થાય જ છે પણ કેટલીક સંસ્થાઓ ચેરીટીફંડને નામે 'બ્લૉક-બુકિન્ગ' કરાવી વધારે ભાવે ટિકિટ વેચે છે. એ પૈસા ચેરીટીમાં જાય છે કે શું થાય છે તેની કોઈ ખબર નથી. આ તો આ જમાનાની વાત થઈ. પણ ખુદ ગાંધીજીને સૂરતે અવનવો અનુભવ કરાવ્યો છે.

હમણાં જ અમારા એક મિત્રે 'ગાંધીજીની દિનવારી' નામનો ગ્રંથ અમને મોકલ્યો. આ ગ્રંથ 'ગુજરાત રાજ્ય મહાત્મા ગાંધી જન્મશતાબ્દીઊજવણી-સમિતિ' તરફથી પ્રગટ થયો છે. એમાં ગાંધીજી ૧૯૧૫ ના જાન્યુઆરીની નવમીએ મુંબઈ બંદરે ઊતર્યા ત્યારથી માંડી ૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦મી તારીખે એમનો દેહવિલય થયો ત્યાં સુધીનાં ચુમાલીશ વર્ષનો પ્રત્યેક દિવસનો ગાંધીજીનો જીવનક્રમ, પ્રવૃત્તિ, કાર્યક્રમની વીગતો છે. એ 'દિનવારી'માં સૂરતના ઉલ્લેખો પણ છે. ગાંધીજી સૂરતમાં પહેલી વાર ૧૯૧૬ના જાન્યુઆરીની ૨-૩ તારીખે આવ્યા અને તે દિવસે એમને હાથે આર્યસમાજમંદિર ખુલ્લું મુકાયું અને છેલ્લી વાર ૧૯૩૫ ના જૂનની બીજી તારીખે આવ્યા હતા. ૧૯૩૫ પછી ગાંધીજી સૂરતમાં એટલે સૂરત શહેરમાં કયારેય આવ્યા નથી. ગાંધીજીની સૂરતની મુલાકાત દરમિયાન ગાંધીજીને થયેલા અનુભવો અંગે 'દિનવારી'માં બે નોંધ છે. ૧૯૨૧ ના એપ્રિલની ઓગણીસમી તારીખે શહેરીઓ તરફથી માનપત્ર "લૂખો અનુભવ." આ લૂખો અનુભવ એટલે શું તેની કોઈ સ્પષ્ટતા નથી. માત્ર "લૂખો અનુભવ." એટલું જ છે. આ તારીખનું 'ગુજરાતમિત્ર' મળે તો કદાચ વધારે પ્રકાશ પડે ૧૯૩૭ના મે મહિનાની ૧૨મી તારીખે ગાંધીજી બારડોલીથી સૂરત થઈ તીથલ જતા હતા. "સૂરત સ્ટેશને ગાંધીજીના સામાનમાંથી એક બૅગ ગુમ થઈ." (દિનવારી પૃ. ૪૧૨). આમ સૂરતે એક વાર ગાંધીજીને 'લૂખો અનુભવ' કરાવ્યો. બીજી વાર એમની બૅગ ગુમ કરી દીધી. 'દિનવારી' રસપ્રદ ગ્રંથ છે.

આ 'દિનવારી'ની વાત નીકળી છે તો એ અંગે કંઈક લખવાનું મન થાય છે. ગાંધીજી ૧૯૧૫ ના જાન્યુઆરીની નવમીએ મુંબઈ ઊતર્યા અને ૧૯૪૮ ના જાન્યુઆરીની ૩૦ મીએ અવસાન પામ્યા એ બે બિંદુની વચ્ચે ૩૩ વર્ષ થાય એટલે બાર હજાર ને પચ્ચોત્તેર દિવસોની ગાંધીજીની દિનચર્યા આ ગ્રંથમાં છે. આ દિવસો દરમિયાન ગાંધીજીએ આખા ભારતની યાત્રા કરી હતી. રોજ ને રોજ એ ફરતા રહેતા હતા. અમદાવાદના સાબરમતીઆશ્રમથી આસામ સુધી અને હિમાલયથી માંડી કન્યાકુમારી સુધી અને દિલ્હીથી માંડી દેશભરના ગામડેગામડે એ પહોંચ્યા હતા. એ અર્થમાં ગાંધીજી સાચા પરિવ્રાજક હતા. 'દિનવારી'માં ગાંધીજીને મળેલા અસંખ્ય નાનામોટા માનવીઓનો ઉલ્લેખ છે. એમાં કવિ નાનાલાલ અને નરસિંહરાવના ઉલ્લેખો ધ્યાન ખેંચે છે. કવિ નાનાલાલ ગાંધીજીને પહેલવહેલા ૧૯૧૫ના મેની ૨૧ મીએ અમદાવાદ ખાતે મળ્યા હતા. ૧૯૨૧ માં ગુજરાત વિદ્યાપીઠ સ્થપાઈ અને એમાં નાનાલાલને ઇપ્સિત સ્થાન મળ્યું નહિ એટલે નાનાલાલ ગાંધીજીથી વંકાયા. ૧૯૨૭ ના એપ્રિલની ૨૭ તારીખે મુંબઈમાં કવિની સુવર્ણજયંતી ઊજવવા માટે મોટો સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભ યોજ્યો તે દિવસે ગાંધીજી સાવંતવાડી રાજ્યમાં આવેલા અંબોલી ખાતે હતા અને ત્યાંથી એમણે સમારંભમાં સંદેશો મોકલાવેલો. નાનાલાલે એ સંદેશો વાંચવા દીધેલો નહીં એટલે ગાંધીજીએ એમને ૭ મી તારીખે લખ્યું હતું. "દમયંતી નિર્દોષ હતી છતાં એના ઉપર ચોરીનું આળ આવ્યું...એનાં નસીબ વાંકાં હતાં. એવું જ મારી ઉપર થયું છે. મેં નિર્દોષ બુદ્ધિથી કંઈક પરિશ્રમ વેઠીને પ્રેમભાવથી એક નાનકડો સ્તુતિપત્ર મને આવડ્યો એવો મોકલ્યો. તે તમને ન ગમ્યો. અજ્ઞાનતાં દોષ થયો હોય તેનીય માફી હું પ્રભુ પાસે રોજ પ્રાતઃકાળમાં માગું છું. આ અજ્ઞાનતાં થયેલા દોષની માફી તમારી પાસે પણ માગું છું, તે આપશોને? નહિ આપો ત્યાં લગી યાચના તો રહેશે જ." ગાંધીજીની ગજબની નમ્રતા એક આશુરોષ કવિ પ્રત્યે વ્યક્ત થાય છે. બન્ને ગુજરાતી છે એટલે એનું મહત્ત્વ વધી જાય છે. ગાંધીજીની કવિવર ટાગોર સાથેની મુલાકાતોના પણ રસપ્રદ ઉલ્લેખો 'દિનવારી'માં છે. ગાંધીજીએ અમદાવાદ ખાતે નરસિંહરાવને 'લીડ કાંઈડલી લાઈટ'નું ગુજરાતીમાં રૂપાંતર કરી આપવા વિનંતી કરેલી (૧૯૧૫ ના સપ્ટેમ્બરની પંદરમી તારીખે) નરસિંહરાવે 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી' વાળું સુંદર અને સુપ્રસિદ્ધ રૂપાંતર કરી ગાંધીજીને ઑક્ટોબરની ૨૩ મી તારીખે અમદાવાદમાં આપ્યું. ૧૯૧૯ ના ઑક્ટોબરની ૧૩ મી તારીખે આનંદશંકર ધ્રુવ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં વાઈસ-ચાન્સેલર નિમાયા એ અંગે

યોજાયેલા મેળાવડામાં ગાંધીજી પ્રમુખસ્થાને હતા. સુભાષચંદ્ર બોઝ ગાંધીજીને ૧૯૨૧ ના જુલાઈની ૧૬ મીએ પહેલી વાર મુંબઈ ખાતે મળ્યા હતા. પંડિત જવાહરલાલ નહેરુ ગાંધીજીને ૧૯૧૬ ના ડિસેમ્બરની ૨૬ મી તારીખે લખનૌ ખાતે પહેલી વાર મળ્યા હતા.

જેમ વ્યક્તિઓ માટે તેમ સ્થળ માટે પણ આ 'દિનવારી' રસપ્રદ માહિતી પૂરી પાડે છે. એમાં નોઆખલીની ૧૯૪૬ના નવેમ્બરની છઠ્ઠીથી ૧૯૪૭ ના માર્ચની ત્રીજી સુધી કરેલી યાત્રાની પણ રોમાંચક વિગતો અહીં છે. ૧૯૪૭ ના ઑગસ્ટની ચૌદમી તારીખે ગાંધીજી કલકત્તામાં હતા. એમણે તે દિવસે મારવાડી કલબની મુલાકાત લીધી અને બોલ્યા : "આવતી કાલે આપણે અંગ્રેજોની ગુલામીમાંથી મુકત થઈએ છીએ, પણ આજ રાતના બાર વાગ્યાથી હિંદુસ્તાનના ટુકડા થશે એટલે કાલનો દિવસ ખુશીનો તેમ જ ગમગીનીનો છે." ૧૯૪૭ ના ઑગસ્ટની પંદમીએ સ્વરાજ મળ્યું તે દિવસે ગાંધીજી કલકત્તા ખાતે હતા અને એ દિવસે એમણે ઉપવાસ કર્યો હતો. ૧૯૪૭ ના ઑગસ્ટની ૨૪મી એ કલકત્તામાં હતા અને કલકત્તામાં અફવા ફેલાઈ કે ગાંધીજીને કોઈએ ગોળી મારી એટલે બંગાળના ગૃહપ્રધાનને હાંફળાફાંફળા આવેલા જોઈ ગાંધીજીએ કહ્યું "એવું ભાગ્ય મારું કયાંથી કે મને કોઈ ગોળી મારે." ૧૯૪૭ ના સપ્ટેમ્બરની પહેલીએ કલકત્તાના રમખાણથી ગાંધીજીએ દુ:ખી થઈ મરણાંત ઉપવાસ આદર્યા. ચોથી તારીખે ગુંડાઓ અને એમના સરદાર આવ્યા, માફી માગી, હથિયારો સોંપી ગયા અને ઉપવાસ છોડવા વિનંતી કરી.

આમ તો આ બધું ઘણું જૂનું થઈ ગયેલું છે અને ઇતિહાસનાં પાનાંમાં ઢબુરાઈ ગયેલું છે. પણ 'ગાંધીજી 'ના ચલચિત્રને સમજવા કે માણવા કે ચિત્ર જોયા પછી તાજું કરવા કે નવેસરથી સમજવા આ 'દિનવારી' એક વાર તો અવશ્ય વાંચી જવા જેવી છે.

આ આખી 'દિનવારી'માંથી ગાંધીજી એક માનવી તરીકે કેવા હતા અને એમનો પ્રભાવ પ્રજાજન પર કેવો મોટો હતો તે અંગે–બાર હજાર અને પચોત્તેર દિવસની તેમની દિનચર્યા અંગેની કેટલીક વિશેષતાઓ જાણવા મળે છે. ગાંધીજીએ વાયુપ્રવચન જિંદગીમાં માત્ર બે જ વાર કર્યું છે. ૧૯૩૧ના સપ્ટેમ્બરની ૧૩ મી તારીખે લંડનથી અને બીજું ૧૯૪૭ના નવેમ્બરની ૧૨મી તારીખે નવી દિલ્હીથી અને તે નિર્વાસિતોને ઉદ્દેશીને. ૧૯૩૧ માં ગાંધીજી લંડનમાં હતા ત્યારે ફિલ્મ

ઉતારનારી એક કંપનીએ એમના જીવન ઉપર ફિલ્મ ઉતારવાનો પ્રસ્તાવ મૂકેલો. ગાંધીજીનો જવાબ વિલક્ષણ હતો : "એક ગાંડીઘેલી પ્રેમકથા અને એક ભૂત એ એની વચ્ચે મારે મુકાવું નથી." આજે હવે ગાંધીજીના જીવનકાર્ય ઉપર ફિલ્મ ઊતરી છે તે જગતની એક ઘટના બની છે. ગાંધીજીનાં પેન અને ઘડિયાળ પણ વારંવાર ચોરાઈ ગયાં છે અને વર્તમાનપત્રોમાં તેની ખબર પ્રગટ થતાં ઘડિયાળ બનાવનારી કંપનીએ નવું ઘડિયાળ પણ ગાંધીજીને ભેટ મોકલ્યું છે.

પણ સૌથી વિશેષ સ્પર્શી જાય છે તે ગાંધીજીની માનવતા પોતાના અંતેવાસીઓ કે જાણીતી વ્યક્તિઓ કે ગુજરાતી સાહિત્યકારોની માંદગીના સમાચાર સાંભળી ગાંધીજી જાતે તેમની ખબર કાઢવા જતા. નરસિંહરાવ અને ખબરદારની માંદગી વખતે એ જાતે ગયા છે. કોઈકના અવસાન પ્રસંગે દિલાસો આપવા પણ એ પોતે પહોંચી જતા. ગાંધીજી લંડનમાં રાઉન્ડટેબલ કૉન્ફરન્સમાં હતા ત્યારે લંડનની સાઈકલ બનાવનારી કંપનીએ ગાંધીજીને સાઈકલ ભેટ આપી અને ગાંધીજીએ તે સ્વીકારી લીધેલી. લંડનમાં સૌથી વધુ દૂધ આપનારી બકરીને ગાંધીજીનું નામ આપવામાં આવેલું. ૧૯૩૧ માં ગાંધીજી લંડનમાં હતા ત્યારે બ્રિટનના ભૂતપૂર્વ વડાપ્રધાન લૉઈડ જ્યૉર્જને મળવા ગયેલા. ચાર કલાક રોકાયા અને રાત્રે એક વાગ્યે પાછા ફર્યા ત્યારે આખું કુટુંબ નોકરો સહિત વળાવવા આવ્યું. એ અંગે એક વાત નોંધાયલી છે. ગાંધીજી લંડન આવવાના હતા તેના થોડા દિવસ અગાઉથી એક અજાણી બિલાડી લૉઈડ જ્યૉર્જને ઘેર આવતી અને અમુક સ્થળે જ બેસતી. એને કાઢી મૂકવામાં આવે તો પણ ફરી આવી એ જ સ્થળે બેસે. લૉઈડ જ્યૉર્જ એ વાત ગાંધીજીને કહેતા હતા ત્યારે તરત એ બિલાડી આવી અને ગાંધીના ખોળામાં બેસી ગઈ. ગાંધીજી બેઠા ત્યાં સુધી એ બેસી રહી. ગાંધીજી ગયા પછી એ ગઈ અને ફરી દેખાઈ નહીં. આ કિસ્સો માન્ચેસ્ટર ગાર્ડીઅનમાં છપાયો છે,

ગાંધીજી લંડન ગયા ત્યારે ઇટાલીથી એમની સાથે બ્રિટિશ સરકારના જાસૂસો સાથે થયા અને ગાંધીજી પાછા ફર્યા ત્યારે ઇટાલીના બ્રિંડઝ સુધી સાથે રહ્યા. છૂટા પડતી વખતે ગાંધીજીએ કહ્યું : "તમારી સેવાની કિંમત આંકી જાય એમ નથી. પૈસા તો મારી પાસે નથી તમને શું આપું ?" જવાબ મળ્યો : "અમને ઘડિયાળો આપો. એમાં તમારું નામ કોતરાવજો, અમારાં છોકરાંનાં છોકરાંઓ એ અમૂલ્ય વારસા તરીકે સાચવશે." ગાંધીજીએ ભારત આવી યાદ રાખી આ

બન્નેને ઘડિયાળો મોકલેલાં. આ વાર્તાલાપ ૧૯૩૧ ના ડિસેમ્બરની ૧૪મી તારીખે થયેલો. ઘડિયાળ ૧૯૩૨ ના જાન્યુઆરીની ૩૦ મી તારીખે મોકલાયેલાં. આ બન્ને જાસૂસોનાં નામ ઈવાન્સ અને રોજર્સ હતાં. સનાતનીઓએ ગાંધીજીની સતામણી કરવામાં કશી માઝા રાખી નહોતી. ભાવનગર અને રાજકોટમાં પણ ગાંધીજીની પરેશાની ઘણી થઈ હતી બનારસમાં બાબા કાલાભૈરવના હુકમથી ગાંધીજીને પકડવા અને તાબે કરવા મણિલાલ શર્મા નામનો કોઈ માણસ આવેલો. ગાંધીજી તાબે થયા નહિ એટલે ગાંધીજીની છબીને પાંચ કલાક ઊંધી ટંગાવી રાખી. ૧૯૩૪ ના નવેમ્બરની બીજી તારીખે ગાંધીજીએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું તે છેક એમનું અવસાન થયું ત્યાં સુધી એ કોંગ્રેસના વિધિપૂર્વકના સભ્ય બન્યા હોય એમ જણાતું નથી. દેશના ખૂણેખૂણા ખૂંદનાર ગાંધીજી કાશ્મીરમાં માત્ર એક જ વાર જઈ શકયા છે અને તે પણ ૧૯૪૬ માં. કાશ્મીરમાં એમની સામે કાળા વાવટા ફરકાવાયા હતા ઝીણાનું અભિમાન એટલું ભારે હતું કે ગાંધીજીનાં મળવાનાં નિમંત્રણો 'મને અનુકૂળ નથી' કહી હમેશાં એણે નકાર્યાં છે. તમામે તમામ મુલાકાતોમાં ગાંધીજી સામે ચાલીને ઝીણાને હમેશાં મળવા ગયા છે. ઝીણા એકે વાર ગાંધીજીને સામે ચાલી મળવા ગયા નથી.

ગાંધીજી ઝીણાને ગુજરાતીમાં પત્ર લખતા. ચર્ચિલે ગાંધીજીને નગ્ન ફકીર કહેલા. એનો જવાબ આપતાં ચર્ચિલને એમણે લખેલુ : તમે મને નગ્ન ફકીર કહ્યો છે. અને મને કચડી નાખવા ઇચ્છો છે. ફકીર થવાનો મારો પ્રયત્ન છે પણ નગ્ન થવાનું મુશ્કેલ છે. તમે એવું ઇચ્છયું પણ ન હોય પણ હું તો તમારા આ શબ્દોથી મને માન મળ્યું છે એમ સમજું છું." આઝાદ રેડિયો ઉપરથી સુભાષ બોઝે પણ ગાંધીજીના આશીર્વાદ માગેલા.

આવા તો કેટકેટલા બનાવો, કેટકેટલી હકીકતો આ દિનવારીમાં નોંધાયેલી છે. ગાંધીજી ૧૯૧૫ માં મુંબઈ ઊતર્યા અને ૧૯૪૮માં દિલ્હીમાં મૃત્યુ પામ્યા તે બે દિવસો વચ્ચેના તમામ દિવસોની કાર્યવાહી આમાં છે અને ગાંધીજીને સમજવા માટે, એમના વ્યકિતત્વની પ્રચંડતા અને ઋજુતા બન્નેને અનુભવવા માટે આ દિનવારી વાંચી જવા જેવી છે. કંઈકેટલા દેશ – વિદેશના નેતાઓ એમને મળતા, કંઈકેટલા પત્રો રોજ ને રોજ લખાતા, રોજ ને રોજ ગાંધીજી આ દેશની યાત્રા કરતા. આ બધું આમાં ભર્યું પડયું છે. એની તુલનામાં જો 'ગાંધી' ચિત્ર વિચારીએ તો તે એક અંશમાત્ર લાગે. આ ચિત્રના નિર્માતા ગાંધીએ

ઉપાડેલી 'અસ્પૃશ્યતાનિવારણ'ની ઝુંબેશને કેમ વીસરી ગયા હશે ? અસ્પૃશ્યતા-નિવારણ તો એમને માટે પ્રાણપ્રશ્ન હતો એના વિના આ ચિત્ર ગમે એટલું સારું હોય છતાં અધૂરું જ કહેવાય ! ગાંધીસાહિત્યના સંદર્ભમાં 'દિનવારી' આટલો રસપ્રદ અને સંશોધિત ગ્રંથ હોવા છતાં ઝાઝો જાણીતો કે લોકપ્રિય થયો નથી એ આશ્ચર્યની વાત છે !

નોંધ :

આ 'દિનવારી'ના સંપાદક સ્વ. ચંદુલાલ દલાલ છે. એમણે ભગીરથ કામ કરીને આ સંપાદન કરેલું છે 'દિનવારી'ના સંપાદન માટે એમણે જૂનાં વર્તમાનપત્રો – પત્રો વગેરેનું સંશોધન કર્યું છે. સંપાદક તરીકે શ્રી દલાલનું કાર્ય અતિ મૂલ્યવાન અને પ્રશંસનીય છે.

[૨૬ એપ્રિલ, ૧૯૮૩]

ડેથ ઑફ એ વિકટોરીઅન

૨૨મી નવેમ્બરે પ્રિ. કે. એલ. દેસાઈનું ૮૫ વર્ષની વયે અવસાન થયું. એમ. ટી. બી. કૉલેજ અને કે. એલ. દેસાઈ વર્ષો સુધી એવાં ઓતપ્રોત થઈ ગયેલાં કે લગભગ એકબીજાના પર્યાય બની ગયાં હતાં ૧૯૨૦માં અંગ્રેજીના અધ્યાપક તરીકે જોડાયા અને ૧૯૬૨માં નિવૃત્ત થયા એ લગભગ ચાલીસ-એતાલીસ વર્ષના ગાળામાં પ્રિ. કે. એલ. દેસાઈના વિદ્યાર્થીઓનો એવડો મોટો સમુદાય કોઈ થયો કે જગતના કોઈ પણ ખૂણામાં તમને એમનો કોઈને કોઈ વિદ્યાર્થી મળી જાય. ચાલીસીના ગાળામાં દેસાઈસાહેબ તે જમાનામાં બધા પ્રોફેસરો પહેરતા તેવાં સૂટ-ટાઈ પહેરતા અને માથે સોલો હૅટ પહેરતા. પાછળથી એ બંધ કૉલરનો કોટ પહેરતા થયા હતા. કોટવાળા રસ્તે (એ જમાનામાં એ રસ્તાનું નામ રીંગરોડ નહોતું પડ્યું) પોતાની સાઈકલ ઉપર કૉલેજમાં આવતા. એમની સાઈકલના 'બાર' ઉપર ચામડાની એક કોથળી જડાયેલી રહેતી. શ્રી. દેસાઈસાહેબ સાઈકલ ઉપર પાછળના પૈંડાની પીન ઉપરથી બેસતા. પૅડલ ઉપરથી નહીં. સાઈકલમાં એ જમાનામાં બ્રાસ પીન મુકાવવામાં આવતી. એ જમાનામાં કહેવાતું કે કે. એલ. દેસાઈ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને એ પીન ઉપર ઊભા રાખી સાથે કૉલેજમાં આવતા. એ જમાનામાં પણ વિષ્ણુપ્રસાદનું સ્વાસ્થ્ય જોતાં અમને એ વાત મોટું ગપ્પું લાગતી. પણ પાછળથી વિષ્ણુપ્રસાદે જ એ વાત સાચી છે એમ અમને કહેલું, 'ધોઝ વેર ધ ડેઝ.'

વિષ્ણુપ્રસાદની વાત નીકળી છે ત્યારે બન્નેની મૈત્રી વિશે કહ્યા વિના આ બધું અધૂરું જ રહેલું કહેવાય. આ બન્નેની વય વચ્ચે લગભગ દોઢેક વર્ષનો ફેર. વિષ્ણુપ્રસાદ વયમાં દોઢેક વર્ષે નાના. બન્ને લગભગ સાથે જ એમ. ટી. બી. કૉલેજમાં જોડાયેલા. બન્ને દેખાવ વચ્ચે, સ્વભાવ વચ્ચે ઘણો ફેર છતાં બન્ને એકબીજાના નિકટના મિત્રો જ નહિ પણ સુખદુઃખના પરમ સાથી. ૧૯૨૧ થી શરૂ થયેલી એમની મૈત્રી શ્રી. દેસાઈસાહેબના અવસાનપર્યંત એટલે ૬૧ વર્ષ જેટલા સુદીર્ઘ સમય સુધી નિરવદ્ય ઉષ્માભરી અને નિકટતમ રહી. વિચારભેદ અને મતફેરના પ્રસંગોને ટાળવાથી અને ઉદારતાથી નિવારવાની બન્નેની અદ્‌ભુત કલા જે કોઈ જુએ તે આકર્ષાઈ થઈ જાય. જૂના વિદ્યાર્થીઓને મન એમ. ટી. બી. કૉલેજ એટલે કે. એલ. દેસાઈ અને વિષ્ણુપ્રસાદની જોડી અને તમને એમાંના કોઈ મળી જાય તો બન્ને નામો સાથે લઈ બબર પૂછે.

પ્રિ. કે. એલ. દેસાઈની બાહ્ય આકૃતિ પોચટ નહીં પણ ખડતલ. બાગમાં કામ કરે કે કૉલેજના મેદાનમાં કામ કરે ત્યારે ખડતલની માફક જ કામ કરે. ઘણી વાર દેસાઈસાહેબ ધોતિયાનો કછોટો મારી ઉપર પહેરણ પહેરી અને ઉપર હૅટ પહેરી કૉલેજના મેદાનનું અવલોકન કરવા નીકળે. પૂનામાં ઘણા મહારાષ્ટ્રીઅનો ધોતિયા ઉપર હૅટ પહેરી ફરતા જોવામાં આવે એમ દેસાઈસાહેબને ફરતા જોઈ ઘણાને રમૂજ પણ થાય અને એવી રમૂજમાં કોઈ સામેા મળી જાય તો દેસાઈસાહેબ ગરમ દેશમાં સૂર્યના તાપમાં માથાના રક્ષણ વિશે લાંબું ભાષણ પણ આપી દે. એમ. ટી. બી. કૉલેજના આજના રમતના મેદાનની રચનાનો યશ એમને જ જાય છે. રમતગમતનો એમને મોટો શોખ. રોજ સાંજે ટેનિસ રમે, મોજ આવે તો ક્રિકેટ રમવા પણ મંડી જાય અને રમે ત્યારે સારા ખેલાડીની માફક વિદ્યાર્થીઓ સાથે પણ રમે. ટેનિસમાં કૉલેજના ચૅમ્પીઅનને કયારેક એ હરાવતા પણ ખરા.

અધ્યાપક તરીકે દેસાઈસાહેબ વિશિષ્ટ હતા. શેકસ્પીઅરનું નાટક ભણાવતાં ભણાવતાં હેમ્લેટ કે લીઅરની ઍકટીંગ કરવા મંડી જાય. વર્ગમાં કોઈ વિદ્યાર્થી હસે તો તેના ઉપર ચીઢાઈ પણ જાય. સહેજ ચંચળતા જુએ કે વર્ગમાં અવાજ સાંભળે તો વર્ગની વચ્ચે આવીને ઊભા રહી જાય અને લડવાનું કે સામે મુખે બહાદૂરી બતાવવાનું આહ્વાન પણ આપે. વાત ને વાતાવરણ વધારે પડતાં ગંભીર બની જાય તો પોતાની આગવી શૈલીથી રમૂજ કરી વાતને હળવી બનાવે. અધ્યાપક તરીકે ખૂબ વિદ્વાન પણ એ બધી વિદ્વત્તા વર્ગમાં ઠાલવી દેવાના આગ્રહી નહીં. અંગ્રેજી શબ્દોના શુદ્ધ ઉચ્ચારના દૃઢાગ્રહી. ઉચ્ચારદોષ એમને કણાની માફક ખૂંચે. એમના વર્ગમાં મજા આવે, કંટાળો નહિ. ભણવાની ઓછી દાનતવાળાને પણ ગમ્મત પડે.

આચાર્ય તરીકે પ્રિ. દેસાઈસાહેબે એમ. ટી. બી. કૉલેજમાં એક નવો યુગ શરૂ કર્યો. એ વિદ્યાર્થીઓને માટે, દેસાઈસાહેબ મટી 'કે. એલ. કાકા' બની લોકપ્રિય બન્યા. જો કે એમને એ સંબોધન ગમતું નહિ. એમના પુરોગામી પ્રિ. એન. એમ. શાહ પોતાની ઑફિસમાંથી બહાર નીકળે નહીં. અધ્યાપકખંડમાં આવે નહીં. તે જમાનાના કોઈ આઈ. સી. એસ. અમલદાર જેટલા કડક, એમની પાસે જતાં ડર લાગે. પાસે જવાનું કે આડે ઊતરવાનું જ મન નહીં થાય. દેસાઈસાહેબ આચાર્ય થયા પછી નવું જ વાતાવરણ શરૂ થયું. રોજ રિસેસમાં અધ્યાપકખંડમાં

અચૂક આવે, પોતાની આગવી શૈલીથી રમૂજ કરે. જુનિયર માણસોને પણ વાતમાં ખેંચે. ટોળટિખળ પણ કરે. કે. એલ. દેસાઈ વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને બીજા અધ્યાપકો વચ્ચે જ્યારે સાહિત્યની કે રાજકારણની ગંભીર ચર્ચા મંડાય ત્યારે કૉમનરૂમ જ્ઞાનસત્રમાં પરિણમે. ચર્ચામાં ઉગ્રતા આવે પણ કડવાશ નહિ, આગ્રહ હોય પણ ડંખ નહીં. એ ચર્ચા લઘુતામાં કે ઠાલા ઘોંઘાટમાં કે આક્ષેપબાજીમાં સરી પડતી અમે ક્યારેય જોઈ નથી. દેસાઈસાહેબ પાસે સીધા પહોંચી જવાય. ક્યારેક પ્રેમથી કશા પણ ભય વિના વડીલ સાથે કરતા હોઈએ એમ ઝઘડો કરી શકાય, ઊભરો ઠાલવી શકાય અને હળવા મને એમની પાસેથી પાછા વળી શકાય. બીજી ઘડીએ કશું જ નહીં બન્યું હોય એમ એમને મળવાની મઝા આવે. એમના સ્વભાવની ઉદાત્તતાનું આ અતિશય મહત્ત્વનું લક્ષણ હતું. વિદ્યાર્થીઓ ગરબડ કરે તો ટોળા વચ્ચે વિના સંકોચે ઘસી જાય. કોઈની પાછળ દોડે પણ ખરા, કશા પણ ક્ષોભ વિના.

પ્રિ. કે. એલ. દેસાઈ વ્યકિત તરીકે વિલક્ષણ વ્યકિતત્વવાળા હતા. ઘણી વાર મતાગ્રહી પણ ખરા. એક વાર મત બંધાયો કે પછી તેમાંથી એમને પાછા ફેરવવાનું કામ કપરું બનતું. ચર્ચામાં હમેશાં રૂઢિચુસ્ત વિચારોવાળા. રાજકારણમાં દંડો ચલાવવાના હિમાયતી, આંદોલનોની બાબતમાં એમની સહાનુભૂતિ શાસકપક્ષે જ હોય. અનુશાસન માટે આ પ્રજાને દંડો જ જોઈએ એમ ખૂબ જોરશોરથી કહે પણ નખંત આવે ત્યારે પોતે દંડો ચલાવે નહિ. સંચાલનમાં પૂરેપૂરા લોકશાહી. ક્ષમા, ઉદારતા, સમભાવ અને સામાને પણ સમજવાની વૃત્તિ એમના વલણમાં સ્પષ્ટ દેખાય. નઠોરમાં નઠોર વિદ્યાર્થીને પણ એમની પાસેથી વિના શિક્ષાએ છૂટી જતા અમે જોયા છે. વિદ્યાર્થી ઉપર ચીઢાય ત્યારે લાગે કે વિદ્યાર્થીનું આવી બન્યું. પણ સરવાળે વિદ્યાર્થી ભાષણ સાંભળી છૂટી જાય. એક પ્રસંગ યાદ આવે છે. આજે સૂરતમાં વેપારમાં અગ્રણીય સ્થાન ભોગવતા અમારા સહાધ્યાયીએ દેસાઈસાહેબના વર્ગમાં અટકચાળું કર્યું. એને બહાર કાઢવામાં આવ્યા. તે વખતે વર્ગ આજે સાયન્સ કૉલેજની ઑફિસ છે તેમાં ચાલતો હતો. એણે સાયન્સ કૉલેજની ઑફિસથી કૅન્ટીન તરફ જતા રસ્તા ઉપર પડતી વર્ગની બારીને ઓથે ઊભા રહી રસ્તા ઉપરથી પાછો અવાજ કર્યો. દેસાઈસાહેબે બારી પાસે આવી પેલાને ઊભા રહેવા કહ્યું. પણ પેલા ભાઈ એ તો રસ્તા ઉપર દોડવા માંડયું. દેસાઈસાહેબ બારી ઉપર ચઢી, બહાર કૂદી એની પાછળ દોડી એને 'નાનુની કૅન્ટીન 'માંથી પકડી લાવ્યા આખો વર્ગ કુતૂહલથી સ્તબ્ધ બની જોઈ રહ્યો.

બધાંને થયું આનું હવે આવી બન્યું. પણ માનશો ? દેસાઈસાહેબે એને કોઈ શિક્ષા કરી નહીં ! ૧૯૪૧-'૪૨ની આ વાત. એક વાર ચોકના બસસ્ટેન્ડ ઉપર કૉલેજ આવતી બસની કયૂ હતી અને દેસાઈસાહેબ એ કયૂમાં ઊભા હતા. પાછળથી કોઈક જુવાનિયો કયૂ તોડી આગળ જઈ ઊભો રહ્યો બંવા બડબડાટ કરતા રહ્યા પણ કોઈ એ કશું કર્યું નહિ. દેસાઈસાહેબે તરત આગળ જઈ પેલાની બોચી પકડી લાઈનની બહાર કાઢી મૂકયો. એ વખતે એ નિવૃત્ત થઈ ચૂકયા હતા.

દેસાઈસાહેબની બાહ્ય અભિવ્યકિત કઠણ. વાત કરતી વખતે એમની ડોક વારંવાર જમણી બાજુ નમતી રહે. ભાષામાં અકારણ મીઠાશ નહિ અને કયારેક આવેશ અને કઠોરતા પણ આવે છતાં એમનું હૃદય પાણીપોચું. કોઈનો દુર્વ્યવહાર, કોઈ વિદ્યાર્થીસભાનો અજુગતો નિર્ણય કે દેશની કોઈ ઘટના એમને અત્યંત સંતાપી જાય અને તમે જોઈ શકો એવો એ સંતાપ દિવસો સુધી એમના મોં ઉપર કે એમની વાતોમાં ડોકાયા કરે. સામાને પણ દુ:ખી કરી નાખે એટલો તીવ્ર પોતાના સ્વાર્થ માટે કે કામ માટે કોઈની ખુશામત કરવાનું એમના સ્વભાવમાં નહીં અને છતાં કોઈનું કામ પોતે કરી છૂટે. સભામાં ભાષણ કરવાનું આવે તો રસળતી શૈલીએ ઠીક ઠીક લાંબું બોલે અને શ્રોતાઓ થાકી ગયા છે તેનાથી સભાન થાય તો માફી માગે પણ બોલવાનું ચાલુ રાખે. બોલવાની શૈલી કડકડાટ કે પ્રવાહી નહીં વાત કરતા હોય એમ રસળતી રીતે બોલે. વિચારોમાં અત્યંત રૂઢિચુસ્ત વર્તમાન પેઢીનાં પહેરવેશ, વ્યવહાર, વાણી, સિનેમાશોખ સાથે એમનો કયારેય મેળ બેઠો નથી. એ બધાના એ આકરા ટીકાકાર. એ બધાની હાવભાવ દ્વારા કયારેક મૂડમાં હોય તો મશ્કરી પણ કરે. દેસાઈસાહેબ અને વર્તમાન પેઢી વચ્ચે એક નહીં પણ બે પેઢીનું અંતર (જનરેશન ગૅપ) સ્પષ્ટ વર્તાઈ આવે. દેસાઈસાહેબને જેટલો રમતનો શોખ એટલો જ સંગીતનો શોખ. શાસ્ત્રીય સંગીત ગવાતું હોય તો રાગો પારખવાની, એની આંટીઘૂંટી સમજવાની એમનામાં ભારે સૂઝ. એ દૃઢતાપૂર્વક માનતા કે હિંદુઓ કરતાં મુસ્લિમોએ અને ગુજરાતીઓ કરતાં મહારાષ્ટ્રીઓએ સંગીતને વધારે સમૃદ્ધ કર્યું છે. અંગ્રેજી, સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યના અદ્યતન પ્રવાહોથી સારા માહિતગાર. નિવૃત્તિના સમયમાં પણ વાચનનો એવો જ શોખ. પોતે લંડનમાં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં હતા અને જે અધ્યાપકો સાથે સંપર્કમાં આવેલા એમની સાથેનો પત્રવ્યવહારનો સંબંધ એમણે છેવટ સુધી જાળવી રાખેલો. તબિયતની

બાબતમાં 'રેડીનેસ ઈઝ ઑલ' એ જ એમનું સૂત્ર. શરીરની પીડાને પણ હળવાશથી તટસ્થતાથી અને સબૂરથી સહી લે, મહેનત કરવાની આવે તો કોદાળી કે પાવડો લેતાં પણ અચકાય નહીં. ન્યાતના કે એમના સમાજના રીતરિવાજોની આંટીઘૂંટીમાં સમાજના ધુરંધરો ગળાડૂબ બની અને બહેલાવી કે મલાવીને વાત કરતા હોય ત્યારે દેસાઈસાહેબ તો અજાણ હોય એવા જ અલિપ્ત લાગે છેતરાય પણ ખરા. દેસાઈસાહેબ તે દેસાઈસાહેબ જ હતા. એમને મળવાનું ગમે, આદર આપવાનું મન થાય એમની સાથે ઝઘડો પણ વિના ભયે કરી શકાય એમના વિચારો સાથે તમારો મેળ ન બાય તો પણ ચર્ચા કરવાની મઝા આવે. કયારેક તમે એમને તમારી વાત ગળે પણ ઉતરાવી શકો; એમની વાણીમાં અને વ્યવહારમાં નિતાંત આભિજાત્ય જ હોય.

વળી શ્રી. દેસાઈસાહેબના અભિપ્રાયો મૂલ્યાંવારિત હમેશાં રહેતા. કેટલાંક મૂલ્યો એમને માટે અફર હતાં અને એમાં કશી બાંધછોડ કરવા એ તૈયાર થતા નહીં. એમાંનાં ઘણાં મૂલ્યો કોઈને વિકટોરીઅન પણ લાગે. એ વારંવાર કહેતા, 'યસ, યસ આઈ એમ એ વિકટોરીઅન.' પણ એ જ એમને અભિપ્રેત રહેતાં. અંગ્રેજો એમને જર્મનો કરતાં હમેશાં વધારે સારા લાગતા. એ વારંવાર કહેતા કે જો ગાંધીજીને અંગ્રેજોને બદલે જર્મનો સામે લડવાનું આવ્યું હોત તો ગાંધી કયારના 'બ્લાસ' થઈ ગયા હોત! આપણને સ્વરાજ વધારે તો અંગ્રેજોની સમજદારીને લીધે મળ્યું છે એમ એ પ્રામાણિકપણે માનતા. અંગ્રેજોની ઘણી પરંપરાઓના એ પ્રશંસક હતા. એમના વ્યવહાર અને અભિપ્રાયો વચ્ચે એકરૂપતા રહેતી. જ્યાં વિરુદ્ધ અભિપ્રાય આપવો પડે ત્યાં એ બેધડક આપી દેતા. બેવડાં વલણો નહીં, બેવડાં ધોરણો નહીં, બેવડું વર્તન નહીં. પ્રોફેસર શબ્દના અર્થને મૂર્તિમંત કરતી એમની આકૃતિ, એમની વાણી અને એમનો સુસંસ્કૃત વ્યવહાર, એમનું વિદ્યાર્થીઓ પ્રત્યેનું વાત્સલ્ય એમના વિદ્યાર્થીઓનાં મન પર સતત કોતરાયેલાં રહેશે. લગભગ ચાર દાયકા સુધી આ પ્રદેશમાં સંસ્કારસિંચન કરનાર એક સંસ્કારી નાગરિક સૂરતે ગુમાવ્યો છે.

[૩૦ નવેમ્બર, ૧૯૮૨]

"કોઈ કહો આ ધરતીની રજરજને, કે વિદાય હવે અપાવે–"

આજ સુધી અમે આ કૉલમોનો ઉપયોગ કયારેય પ્રથમ પુરુષ એકવચન સર્વનામ વાપરી અંગત વાતો કે અંગત લાગણીઓ વ્યકત કરવા માટે કર્યો નથી. આજે વિવિધ ઋણ સ્વીકારવાની અને બંધુજનો પ્રત્યેની લાગણીની ઉત્કટતાને વાચા આપવા માટેની એવી અનિવાર્યતા ઊભી થઈ છે કે ચાલીસ–તેંતીસ વર્ષથી એકધારા ચાલતા આ વિભાગમાં પહેલી વાર અંગત વાત અને અંગત લાગણીને વ્યકત કરવા એનો ઉપયોગ કરવો પડે છે અને તે પણ અમારા વાચકોની ક્ષમા સાથે.

આયુષ્યનાં સાઠ વર્ષ પૂરાં થતાં ૩૧મી જુલાઈ, ૧૯૮૩ને દિવસે એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજની વિધિવત્ સેવામાંથી હું નિવૃત્ત થયો. ૧૯૪૬ના જૂનની ૧૬મી અને ૧૯૮૩ના જુલાઈની ૩૧મીનાં બે બિંદુઓ વચ્ચે સાડત્રીસ વર્ષ પૂરાં થઈ ગયાં. આ સાડત્રીસ વર્ષના સમયગાળા દરમિયાન કૉલેજમાં બે પેઢીઓ ભણી, ઊછરી, મોટી થઈ, જગતમાં ચાલી ગઈ ૩૦મી જુલાઈએ સાથીઓએ અને વિદ્યાર્થીઓએ એક વિદાયસમારંભ રાખ્યો. આમ તો આ વિદાયસમારંભ કૉલેજના પરિવાર પૂરતો જ હોવા છતાં કર્ણોપકર્ણ વાત સાંભળી અથવા બીજી રીતે માહિતી મળતાં હાલના પરિવાર સિવાયના કેટલા બધા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા ! જે હાજર ન રહી શકયા એમણે પોતાને ન બોલાવાયાનો મીઠો ઠપકો આપ્યો. કોઈકે શ્રી. અરવિંદની, કોઈ કે માતાજીની. કોઈ કે શ્રી સત્યસાંઈબાબાની છબીઓ મોકલી. એમના આશીર્વાદ શેષ જીવનમાં મળે એવી ભદ્રભાવના વ્યકત કરી કોઈક કવિતાઓ દ્વારા શુભેચ્છા પાઠવી. આ બધા મારા વિદ્યાર્થીઓની મમતા, લાગણી, ભાવ, આદરના ઋણસ્વીકાર માટે વાણી ઓછી પડે છે. એ તો અનિર્વચનીય જ રહે છે અને રહેશે. અનિર્વચનીયને વાચા આપવાની ધૃષ્ટતા નહિ કરું.

આ બધાં વર્ષોમાં એમ. ટી. બી. કૉલેજના પ્રાંગણમાં કેટકેટલા વિદ્યાર્થીઓએ પોતાની કારકિર્દી તેજસ્વી બનાવી જિંદગીનાં વિવિધ ક્ષેત્રોને દીપાવ્યાં ! કેટકેટલાઓએ અહીં નેતૃત્વની તાલીમ લઈ પ્રધાનપદાથી માંડી સમાજનાં વિવિધ-ક્ષેત્રોનું નેતૃત્વ કર્યું ! આ જ કૉલેજની રંગભૂમિ ઉપર કેટકેટલા કલાકારોનું ઘડતર

થયું. આ જ કૉલેજના જયંત પાઠકથી વિજય શાસ્ત્રી સુધીના કૉલેજના વિદ્યાર્થી-ઓએ ગુજરાતી સાહિત્યને કેવું સમૃદ્ધ કર્યું ? આ તમામના ઘડતરના સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય પણ કેટલું મોટું ગણાય !

એક આચાર્ય નિવૃત્ત થાય ત્યારે વિદાયવેળાએ એને શું મળે ? થોડાક વારતારા, થોડીક ભેટો કદાચ, થોડાક ઉપચારના શબ્દો. પણ નિવૃત્તિના વિદાયટાણે કોઈ વ્યક્તિને વિદ્યાર્થીઓની—આજના અને ગઈ કાલના વિદ્યાર્થીઓની—ઉષ્મા-ભરી શુભેચ્છાઓ મળે, વિદાયટાણે હાજર રહેવાનું નિમંત્રણ ન મળતાં તેની સાથે વિદ્યાર્થીઓ પ્રેમનો ઝઘડો કરે, તેના સાથી અધ્યાપકો આચાર—ઉપચાર ઊંચા મૂકી તેને ભેટી પડે અને મોકળે મને આંસુ સારે તેના કાર્યાલયના પટાવાળાભાઈઓ શાલ ઓઢાડી 'આ તો સુદામાના તાંદુલ' કહી તેનો હાથ પકડી વિદેશ જતા નિકટના સ્વજનને વિદાય આપતા હોય તેમ આંસુ સારે, હાથપગ જેવા તેની સાથે આખો વખત કામ કરતા કાર્યાલયના તમામ કર્મચારીઓ પ્રેમભાવથી તેને ભેટીને રડે, બાગમાં કામ કરતા દહાડિયા મજૂરો એને ફૂલનો ફૂલગો આપી ગળગળા બની જાય-વિદાયનો વિષાદ અસાધારણતાથી વ્યાપક બને ચોગરદમ ઔપચારિકતાને બદલે હૃદયની લાગણીમાંથી ઝરતાં આંસુ આંસુ જ હોય તો 'બાંધ ગઠરિયાંના' સમયમાં એ આચાર્યે એની બાંધેલી ગઠડી આયુષ્યના અવશેષે એ છોડે તો આજના સર્વતુચ્છવાદના જમાનામાં એ ગઠડીમાંથી એક પછી એક નીકળતી મૂલ્યવાન હૃદયની લાગણીની ભેટનું ઋણ ચૂકવવા માટે એની પાસે કયા શબ્દો હોય ! આયુષ્યનો અવકાશભર્યો અવશેષ જીરવી જવા માટેનું આ કેટલું મોંઘેરું ભાથું કહેવાય ! કૉલેજના સાથીઓના આચાર્ય મટી જઈ સ્વજન બની જવાની ઘટના વ્યક્તિજીવનની કેટલી મોટી ઘટના ગણાય ! અને ઈશ્વરની અસીમ કૃપા વિના એ ઘટના કેમ બને ?

એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજને આચાર્ય તરીકે છોડવાની વિદાયવેળાએ સાથીઓ અધ્યાપકો અને બીજાઓ પાસેથી મળેલા પ્રેમનું ઋણ ચૂકવવા માટે આટલાં બધાં વર્ષો સુધી ભાષાનું અધ્યાપન કર્યું હોવા છતાં શબ્દો જડતા નથી. આભારનો ભાર જીવનભર જાળવીને જીવવાનું રહેશે. મને મળેલા વિદ્યાર્થીઓ અને મને મળેલા સાથીઓ ભૂયો યથા મે જન્માન્તરેપિ માંગવાનું મન થાય છે. નિવૃત્તિદિનની સવારે ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ લખ્યું હતું "આજના આ સોહામણા ટાણે" એ સોહામણા ટાણે પરમ સંતોષથી-વીથ એ કમ્પ્લીટ સેન્સ ઑફ ઍબસોલ્યુટ ફુલફીલમેન્ટ—માણસને નિવૃત્ત થવાનું મળે એ

આજના અસારવાદના (સીનીસીઝમના) યુગમાં કેવું પરમ ભાગ્ય ગણાય !

વટવૃક્ષ જેવી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની છત્રછાયામાં સંપૂર્ણ મોકળાશથી, પોતાની દિશાસૂઝ પ્રમાણે, અકારણ કરી પણ રોકટોક વિના કામ કરવાનું મળે. એ પણ આજના આહમહમિકાવાળા એકાન્તિક અધિકારવાદવાળા કાર્પણ્યદોષથી ભરેલા જમાનામાં વ્યકિતનું કેવું પરમ ભાગ્ય કહેવાય ! દરેક વૃક્ષના મૂળમાં રહેતો જીવનરસ આખા વૃક્ષના વિકાસનું બળ છે. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીએ આ મૂળગત જીવનરસથી સંસ્થા, સંસ્થામાં કામ કરતી વ્યકિતને પોષી છે, વિકસાવી છે. સોસાયટીનું સત્ત્વ એટલું મહાન છે.

વિશાળ વટવૃક્ષની છાયા હેઠળ ઊગતા અન્ય વટવૃક્ષ જેવી એમ. ટી. બી. કૉલેજનું નામ આવતાં રોમાંચ થઈ જાય છે. જેના પ્રાંગણમાં પિસ્તાલીસ વર્ષ વીત્યાં, જ્યાં દેહનો, મનનો, બુદ્ધિનો પિંડ ઘડાયો, જ્યાં ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પ્રો. વિજયરાય વૈદ્ય, પ્રિ. કે. એલ. દેસાઈ, ડૉ. આર. આર્ય. પટેલ, પ્રો. ગોદીવાળા, પ્રો. વ્રજરાય દેસાઈ, પ્રિ. એન. એમ. શાહ જેવાના હાથ નીચે ભણવાનું અને સાથે કામ કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું, જ્યાં ઊછર્યા, જ્યાં યૌવનકાળ વીતાવ્યો જ્યાં જીવનનાં શ્રેષ્ઠતમ વર્ષો વીત્યાં એની સાથે લોહીની સગાઈ બંધાઈ જેના વિદ્યાર્થી થયા, એમાં જ અધ્યાપક થયા, આચાર્ય થયા શું ગણીએ અને શું નહિ ? એ એમ. ટી. બી કૉલેજનું ઋણ તો સાથે લઈને જ જીવવાનું. એ તો ચૂકવાય જ કેવી રીતે ? એમ. ટી. બી. કૉલેજ હમબહમ ઝીણી સિતારીમાં ગૂંજતું નામ.

જીવનનાં આ પિસ્તાલીસ વર્ષ પણ કેવાં પડકારરૂપ હતાં ? કૉલેજમાં દાખલ થયા ત્યારે સ્વાતંત્ર્યપ્રાપ્તિની લડત ચાલતી હતી. બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. હરિપુરા કૉન્ગ્રેસ અધિવેશનોએ ઉત્તરકાળ. નહેરુ, સુભાષ, સરોજિની નાયડુ કૉલેજના મધ્યભવનને ગજવતાં, દેશપ્રેમના રંગથી રંગાયેલા વાતાવરણની માદક અસર, વિદ્યાર્થીઓ, અધ્યાપકોની ચર્ચાઓથી ગૂંજી ઊઠતા ખંડો, દીર્ઘાઓ, પ્રાંગણ. માળાના મેર જેવી ક્વીટ-ઈન્ડિયાની લડત આવી – બ્લીસ વોઝ ઈટ ડુ બી એલાઈવ ઈન ધોઝ ડેઝ, બટ ડુ બી યન્ગ વોઝ વેરી હેવન. મિજાજ, બુમારી, વતનપ્રેમ, ઝિંદાદિલી, ફના-તમન્ના – વિદ્યાર્થીજીવનના મંત્ર. દેશનું ભાવિ તે જમાનામાં સાચેસાચ કૉલેજમાં ઘડાતું હતું. ૧૯૪૭ ના ઑગસ્ટમાં સ્વરાજ્ય પ્રાપ્ત થયું. કૉલેજના વિદ્યાર્થીઓએ મધરાતની એ ઘડી ધામધૂમથી ઊજવી.

અદ્‌ભુત ઉત્સાહ, મોટાં સ્વપ્નો અને મોટાં અરમાનો સાથે સ્વાતંત્ર્યનું નવલું પ્રભાત ઊગ્યું. ૧૯૪૮ ના જાન્યુઆરીની ૩૦ મીએ ગાંધીજીનો દેહાંત થયો. વિદ્યાર્થીઓએ ગજબનો શોક પાળ્યો.

વર્ષો વીતતાં ચાલ્યાં, સ્વપ્નો વિલીન થતાં ચાલ્યાં, મૂલ્યો બદલાતાં ચાલ્યાં. આદર્શો ધૂળભેગા થયા, મોટેરાઓએ છેહ દીધો અને જુવાનપેઢીમાં વિદ્રોહની લાગણી ઉત્પન્ન થવા લાગી. એનો પહેલો વિસ્ફોટ ૧૯૫૬ માં મહાગુજરાત માટેનાં આંદોલનોમાં પડ્યો. ૧૯૭૪માં નવનિર્વાણનાં આંદોલનો થયાં ૧૯૮૧માં અનામતવિરોધી આંદોલનો થયાં આ બધાનાં ઘણા ઘેરા પ્રત્યાઘાતો ગુજરાતના શિક્ષણજગત ઉપર પડ્યા. છેલ્લાં બે આંદોલનોની ફળશ્રુતિરૂપે 'માસ પ્રમોશન'નું અનિષ્ટ પ્રગટ થયું. આંતરે આંતરે આવતાં આંદોલનોને કારણે વિદ્યાર્થીઓમાંથી શિસ્ત ઓછી થતી ગઈ. નાની નાની બાબતોમાં ઝઘડો ઊભો કરવાની ટેવ પડી. આપણી શાળા – કૉલેજોના વર્ગો વિદ્યાર્થીવિહીન બનતા ગયા. શિક્ષણસંસ્થાઓ સામે અને માબાપ સામે એક મોટો પડકાર ઊભો થયો. આ બન્ને આંદોલનોએ વિદ્યાર્થીઓને હિંસક રીતે આક્રમક બનાવ્યા અને શિક્ષણની આખી મહેલાત કકડભૂસ થઈ ગઈ. શિક્ષણનો વ્યાપ વધ્યો, ઊંડાણ ઘટ્યું. ધોરણો ઊતરતાં ગયાં. વિદ્યાર્થીઓનાં આક્રમણ સામે યુનિવર્સિટીઓ નમતી ગઈ અને છેવટે શિક્ષણસંસ્થાઓ ઝૂકી પડી. ૧૯૭૪ થી ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે એક અનવસ્થાનો યુગ ઊભો થઈ ગયો.

એનાં પરિણામોની અસર હજી આજે પણ વિલંબિત સ્વરૂપમાં દેખાતી રહી છે. આજે જ્યારે નિવૃત્તિવેળાએ એ દિવસો ઉપર નજર ફેંકું છું ત્યારે બેવડી લાગણી થાય છે. એક લાગણી તો આભારની થાય છે. એ કપરા દિવસોમાં મારા સાથીઓ અને મારા વિદ્યાર્થીઓએ સાથે રહી આંદોલનોના ઝંઝાવાતને ઝિંદાદિલીથી ઝીલવાનું બળ આપ્યું. આંદોલનની સભાઓ ભરવાનું કે બેગા થવાનું કેન્દ્ર કૉલેજ-કૅમ્પસ હોવા છતાં આ બિરાદરીને કારણે હુતાશનમાંથી બચી ગયું. બીજી લાગણી વિષાદની થાય છે આંદોલનમાંથી ગુજરાત કે વિદ્યાર્થીસમાજને મળ્યું કશું નહિ પણ ગુમાવ્યું ઘણું બધું. આંદોલનોને કારણે લાગેલી પછડાટની કળ હજી આજે પણ વળતી નથી.

છેલ્લા બે દાયકાઓમાં ગુજરાતમાં ત્રણ-ચાર યુનિવર્સિટીઓ સ્થપાઈ. ઘણા બધા ઉમંગો અને ઘણી બધી નવી અપેક્ષાઓ સાથે શરૂ કરાયેલી આ

યુનિવર્સિટીઓ સામાન્યતામાં સરી પડી યુનિવર્સિટીઓ વધતાં ખટપટો વધી, સાઠમારી વધી અને ઘણાને ઠેકાણે પાડવાનાં સ્થાનો વધ્યાં પરીક્ષાઓ વિશ્વસનીયતા ગુમાવતી ગઈ. એમાં ભ્રષ્ટાચાર આવ્યો અને તંત્ર શિથિલ બન્યું ગુજરાતમાં શિક્ષણનું જે ગૌરવ હતું તે જતું રહ્યું. નવાં સ્થાનો વધ્યાં, નવા ઓદ્ધાઓ વધ્યા પણ સ્થાનો અને ઓદ્ધાનું ગૌરવ ઘટ્યું. નવી ખટપટો આવી અને જે કંઈ હીર હતું તે લુપ્ત થયું. ઘણા નાના માણસોને ઘણી મોટી ખટપટો કરવાની સગવડ મળી ગઈ.

સાડત્રીસ વર્ષના આં સુદીર્ઘ સમયપટ ઉપર પાછું જોતાં ખૂબ સંતોષની લાગણી થાય છે. એમ. ટી. બી. કૉલેજના કેમ્પસનાં વૃક્ષો, એનાં પાંદડાં, એનાં પુષ્પો, એની આબોહવા, એનો માળી, એમાં કામ કરતાં અન્ય માણસો, એનો આખો પરિવેશ, એનું આખું પર્યાવરણ, જીવનનો પરિવેશ અને જીવનનું પર્યાવરણ બની ગયાં હતાં. એ બધાંને છોડવાનો ઝટકો નાનો તો હોઈ જ ન શકે. પણ દરેકને બધું જ છોડવું પડે છે. છોડવાની ઘડી આવે જ છે. વિષ્ણુપ્રસાદના શબ્દોમાં એ ઘડી સોહામણી છે જ્યારે આવતા જનમમાં એનું એ માગવાનું મન થાય ત્યારે એ ઘડી વધારે સોહામણી બને છે. વિદાયવેળાએ આપણા એક કવિએ સ્વજનો પાસે એકાદ અશ્રુનું દાન માગેલું પણ વ્યક્તિને એની વિદાયવેળાએ અંજલિરૂપે હૃદયનાં અશ્રુ અનરાધાર મળે તો એ માણસના આખા જીવનના સાર્થકયને માટે કયા શબ્દોમાં ઈશ્વરનો આભાર માનવાનો? રુધિરાભિસરણની માફક નસેનસમાં છવાયેલી એમ. ટી. બી. છોડતાં:

"પ્રયાણ શકું નવ આ ટાળી, કયમ સ્નેહ શકું વળી ખાળી?
કોઈ કહેો આ ધરતીની રજરજને કે વિદાય હવે અપાવે!"

[૯ ઑગસ્ટ, ૧૯૮૩]

શ્રી. કનૈયાલાલ મુનશીનાં પૌરાણિક નાટકો

મુનશીની નવલકથાની માફક મુનશીનાં નાટકો સામાજિક અને પૌરાણિક એવા બે વિભાગોમાં વહેંચાઈ જાય છે. નાટકના અભ્યાસીને પ્રથમ દૃષ્ટિએ જ આ નાટકોને એકબીજાથી ભિન્ન પાડતાં લક્ષણો જણાઈ આવશે. મુનશીએ પોતાની નવલકથાનું સર્જન સામાજિક નવલકથાથી શરૂ કર્યું, પરંતુ મુનશી પોતે પ્રકૃતિએ ભાવનાપ્રધાન અને કૌતુકરાગી લેખક હોવાથી એમની કલ્પનાને સામાજિક વસ્તુ અનુકૂળ આવ્યું નહીં. કૌતુકરાગી લેખક પોતે પોતાની ભાવના પોતાના સમકાલીન સમાજમાં શોધવાનો પ્રયત્ન કરે છે અને જ્યારે એ ભાવના એને એ સમાજમાં જડતી નથી ત્યારે એ જીવન સાથે એની કલ્પનાને ઝાઝો મેળ બેસતો નથી. આથી એની નજરે ઇતિહાસ કે પુરાણ તરફ વળે છે. દૂરના ભૂતકાળમાં એ પોતાનું જીવનદર્શન શોધવાનો પ્રયત્ન કરે છે. ઇતિહાસ અને પુરાણ બન્ને લેખકની કલ્પનાને મોકળાશથી વિચરવાને માટે મોટું ક્ષેત્ર પૂરું પાડે છે. શ્રી. મુનશીની બાબતમાં પણ આવું જ બન્યું છે. પોતાના સાહિત્યસર્જન માટે સમકાલીન સમાજની ભૂમિકા અનુકૂળ નહીં લાગતાં એમણે પોતાની મીટ ભૂતકાળ તરફ માંડી. ભૂતકાળનું ગૌરવવન્તું નિરૂપણ કરી પોતાના અંતરની ભાવનાને એ ભૂમિકામાં નિરૂપી દીધી. ઘણી વાર કેટલાક લેખક પોતાની કૌતુકરાગિતાને સમકાલીન સમાજની ભૂમિકામાં નિરૂપવાનો પ્રયત્ન કરે છે, પરંતુ એમાં ઘણા ઓછાને સફળતા મળે છે. સામાજિક વસ્તુ અને કૌતુકરાગી વસ્તુ પરસ્પરથી ભિન્ન છે. સામાજિક સાહિત્યના સર્જનમાં આપણે વાસ્તવિકતાની અપેક્ષા રાખીએ છીએ જ્યારે કૌતુકરાગી સાહિત્યસર્જન કલ્પના કે ભાવનાપ્રધાન હોય છે. આ બંને તત્ત્વોને કલાના એક જ ચોકઠામાં બેસાડવા માટે લેખકમાં અસાધારણ કૌશલ હોવું જોઈએ. શ્રી. મુનશીને આનો ખ્યાલ છે. તેથી કલ્પના માટે સામાજિક જીવન ઊણું લાગ્યું ત્યારે એમણે એ પ્રદેશ છોડી ઇતિહાસ અને પુરાણ અપનાવ્યાં. આ બંને પ્રકારના સાહિત્યસર્જનમાં એમની શક્તિ ખીલી ઊઠી.

શ્રી. મુનશીનાં સામાજિક અને પૌરાણિક નાટકોનાં વ્યાવર્તક લક્ષણોમાં સૌથી પ્રથમ એ નાટકોની ભિન્નભિન્ન નિરૂપણપદ્ધતિ અને પાછળ રહેલી જીવન-દૃષ્ટિ છે. સામાજિક નાટકોમાં શ્રી. મુનશીએ પોતાની આજુબાજુના સમાજમાં દેખાતી નિર્બળતા, દંભ અને કામુકતા ઉપર આકરા પ્રહારો કર્યા છે અને એને

ખુલ્લાં પાડી એ બધાંનો ઉપહાસ કર્યો છે. એ સમાજમાં એમને કંઈ પણ આવકાર્ય, પ્રેરક કે પવિત્ર લાગ્યું નહીં, એથી એ બધાંની ઠેકડી ઉરાડી પ્રહસન જેવાં સામાજિક નાટકો સર્જ્યાં.

પૌરાણિક નાટકોના વસ્તુનો ઉપયોગ એમણે પોતાની ભાવનાના નિરૂપણ માટે કર્યો. પ્રાચીન આર્યોનું જીવન એક કાળે કેવું ગૌરવવન્તું હતું, એમનાં તપ અને શ્રદ્ધા, પુરુષાર્થ અને સંયમ કેવાં જ્વલન્ત અને માનાર્હ હતાં, જીવનનાં મૂલ્યોને સાચવવા અને આચરવા એ સૌ કેટલા તત્પર હતા. ટેક માટે અંગત લાભાલાભને કેવા વિસારે પાડતા, એ બધું એમણે આ નાટકોમાં દર્શાવ્યું છે. અનેક પ્રલોભનોના આંતરિક ઘર્ષણને અંતે સ્ત્રી શિયળ સાચવે; તપ અને શ્રદ્ધાને અંતે બે આત્માઓનું અદ્વૈત થાય; ગુરુની આજ્ઞાને અનુસરી પ્રિયતમાનો શિરચ્છેદ કરવાના કર્તવ્યનું પાલન; પોતાના પ્રણયને નકારી પિતાને પડખે રહી સ્વરાજ્ય પ્રાપ્ત કરવાના કોડ સેવવા; આવી આવી આ નાટકોની ભાવનાઓ છે.

સ્વરૂપની દૃષ્ટિએ પણ આ નાટકો આપણા નાટકસાહિત્યમાં નવીન ભાત પાડે છે. બધાં જ નાટકો થોડીક વેદની ઋચાઓ બાદ કરતાં સંપૂર્ણ ગદ્યમાં લખાયેલાં છે; એમાંનાં કેટલાંક ત્રિઅંકી અને કેટલાંક પંચઅંકી છે. 'લોપામુદ્રા'ના અપવાદ સિવાય અંકોની જુદા જુદા પ્રવેશોમાં વહેંચણીનો પણ એમણે ત્યાગ કર્યો છે. નાટકોમાં ઘર્ષણનો આવેગ તીવ્ર હોવાથી તેમ જ નાટકની ક્રિયા પણ ઝડપથી બનતી હોવાથી નાટકો રસપ્રદ બન્યાં છે. સંવાદ ચોટદાર છે. ગુજરાતી સાહિત્યમાં સંવાદને ભાવની અભિવ્યક્તિના સાધન તરીકે વાપરવામાં મુનશી અગ્રેડ છે. અણિયાળાં વાક્યો, ઝડપી શબ્દોની આપલે, પાત્રોચિત ઉક્તિઓ, એ મુનશીની સંવાદકલાનાં આગળ પડતાં લક્ષણો છે. પાત્રોનું વૈવિધ્ય અને નિરનિરાળું વ્યક્તિત્વ નાટકનું મૂલ્ય વધારે છે. પોતાનો નિશ્ચય પાળવાને માટે સર્વસ્વનું અર્પણ કરવાને તત્પર બનતાં, તપનાં તેજથી શોભતાં, જીવનદર્શનને નિશ્ચિત કરતાં પાત્રો રંગભૂમિ ઉપર વિચરે છે. નાટકો પૌરાણિક હોવાથી પૌરાણિક વાતાવરણની અપેક્ષા સૌ કોઈ રાખે એ સ્વભાવિક છે. પરંતુ મુનશી પોતાના સમયના પ્રશ્નો પૌરાણિક પાત્રો દ્વારા નિરૂપે છે એટલે એમાં અર્વાચીનતા પ્રવેશી જાય છે. નાટકનું સૌથી વધારે અગત્યનું અંગ અભિનયક્ષમતા છે. મુનશીને વસ્તુને મૂર્તતાથી રજૂ કરવાની કલા વરેલી છે. આ કલાનાં

દર્શન એમની નવલકથાના પ્રસંગોની નાટ્યાત્મકતામાં પણ થાય છે. નાટક જેવી વસ્તુદર્શી અને મૂર્ત કલાને મુનશી સરસ રીતે ખીલવી શકયા છે. એમનાં આ નાટકોમાં અભિનયક્ષમતાનો ગુણ ઘણા સારા પ્રમાણમાં છે.

'પૌરાણિક નાટકો' નામના સંગ્રહમાં 'પુરંદરપરાજય,' 'અવિભકત આત્મા,' 'તર્પણ' અને 'પુત્રસમોવડી' એમ ચાર નાટકો છે. આ નાટકોમાં આવતાં મુખ્ય પાત્રોનો ઉલ્લેખ વેદમાં અને પાછળથી પુરાણોમાં જોવા મળે છે. એમાં નિરૂપાયેલા પ્રસંગો પણ પુરાણપ્રસિદ્ધ છે. પૌરાણિક વાતાવરણ ઉપજાવવાને માટે લેખકે મરેલાનું ફરી સજીવન થવું, શુક્રાચાર્યનું પેટ ફાટવું, દેવોનું દર્શન થવું, વગેરે ચમત્કારો બુદ્ધિવાદી જમાનાને અગ્રાહ્ય હોવા છતાં નિરૂપ્યા છે. આ સિવાય સંવાદમાં પણ પૌરાણિક યુગને અનુરૂપ છટા મૂકવાનો એમણે પ્રયત્ન કર્યો છે. છતાં વેદકાલીન સમયના લોકોનાં પહેરવેશ અને રહેણીકરણી વિશે ઘણી ઓછી માહિતી મળતી હોવાથી મુનશીને પોતાની કલ્પનાના ઘણા રંગો પૂરવા પડ્યા છે.

વિશ્વના સાહિત્યમાં પ્રાચીન વસ્તુને નવસર્જિત કરવાના પ્રયત્નો થયા છે. પ્રાચીન પાત્રો અને પ્રસંગોને નવીન દૃષ્ટિએ નિરૂપી ભાવના અને મૂલ્યોનાં નવાં અર્થઘટન કરવાના પ્રયત્નો થયા છે. આ નાટકોમાં શ્રી. મુનશી પ્રાચીન પ્રસંગો અને પાત્રો દ્વારા પોતાના અંતરની ભાવનાને મૂર્ત કરવા પ્રેરાયા છે. પોતાના યુગને યોગ્ય એવા કેટલાક આદર્શો એમણે રજૂ કર્યા છે. આથી એમની કલ્પનાને ઘણું નવું સર્જવું પડયું છે, નવીન અને પ્રાચીનતાનો મેળ બેસાડવો પડ્યો છે.

'પુરંદરપરાજય'નું વસ્તુ કંઈક આવું છે, ઇન્દ્રના શાપથી ઋષિ ચ્યવન જર્જરિત વૃદ્ધાવસ્થા પામે છે. રાજા શર્યાતિની યુવાન પુત્રી સુકન્યાનાં લગ્ન ચ્યવન જોડે થયાં છે. એક તરફ સુકન્યાનું મરત યૌવન અને બીજી તરફ ચ્યવનનુ નિર્માલ્ય વાર્ધકય, એ બે વચ્ચે વિરોધ ઊભો થાય છે. સુકન્યાને ચ્યવનનો ભારે અણગમો છે. ચ્યવનનો શિષ્ય વિદ્વન્વંત સુકન્યા પાસે શીલ પળાવવા સતત ચોકી કરે છે. એક રમણીય સન્ધ્યાએ ભોગેપ્સુ સુકન્યા સોહામણા ને શાશ્વત યૌવનવાળા અશ્વિનોને પોતાને લઈ જવા આરાધે છે. અશ્વિનો હાજર થાય છે પણ સુકન્યાને આશ્રમ બદલવાનું ઉતાવળિયું પગલું લેતાં પહેલાં પૂરતો વિચાર કરવાની તક આપે છે દરમિયાન એક ભ્રષ્ટ થયેલી નાગસ્ત્રી આવી સુકન્યાનું શરણ શોધે છે. પાછળ ક્રોધાવિષ્ટ વિદ્વન્વંત એ સ્ત્રીને દંડ દેવા દોડતો આવે છે. આ નાનકડો અકસ્માત સુકન્યાના મનમાં મંથન જગાવે છે. સુકન્યાનો આત્મા ખિન્નગ્રત થાય

છે, કુલગૌરવ એને સમજાય છે અને અશ્વિનોને એ પાછા જવા વીનવે છે. વિદન્વંત આગળ પોતાની ભૂલનો એકરાર કરતી સુકન્યા વિદન્વંતને પાઠ શીખવે છે કે સ્ત્રીનું શિયળ એ કોઈ બહારની ચોકીથી રક્ષાતી વસ્તુ નથી. એની રક્ષાનો આધાર અંતરના બળ ઉપર અવલંબે છે. સતત જાગ્રત આત્મા જ સ્ત્રીનાં કુલગૌરવ અને શીલને સાચવી શકે છે. નાટકને અંતે સુકન્યાના નિશ્ચયથી પ્રસન્ન થયેલા અશ્વિનો ચ્યવનને યૌવન બક્ષે છે ને એ રીતે ઇન્દ્રનો પરાજય થાય છે.

આ નાટકની મૂળ કથામાં લેખકે પોતાની ભાવનાને અનુરૂપ ફેરફાર કર્યો છે. મૂળ કથામાં અશ્વિનો સુકન્યાને પોતાની સાથે આવવા લલચાવે છે પણ સુકન્યા પોતાના પતિવ્રતમાં અડગ છે. એનો નિશ્ચય જોઈ અશ્વિનો પ્રસન્ન થાય છે. મુનશીના નાટકમાં સુકન્યા પોતે અશ્વિનોને બોલાવે છે અને આંતરિક મંથનને અંતે મન ઉપર વિજય પામે છે. વર્તમાન નાટ્યકલામાં ઘર્ષણ બાહ્ય મટી આંતરિક બને છે. વ્યક્તિને સમાજ સામે જેમ ઝઘડવું પડે છે તેમ પોતાના હૃદયની જ આંતરિક વૃત્તિઓ સામે પણ ઝઘડવું પડે છે. આ આંતરિક ઘર્ષણમાં જેટલું આત્માનું બળ વધારે એટલો એનો વિજય પણ વધારે. સુકન્યાને ભોગેચ્છા અને કુલગૌરવ વચ્ચે ઘર્ષણ અનુભવવું પડે છે. આખરે એની નીતિભાવના વિજયી બને છે અને એના શીલનું રક્ષણ થાય છે. સદાચાર અને કુલગૌરવ એ સ્ત્રીના હૃદયના ગુણો છે, એ સ્વયંભૂ છે અને બહારથી લાદી શકાતા નથી એવું લેખકનું વક્તવ્ય છે.

આ ભાવનાના નિરૂપણમાં મુનશી કેટલે અંશે સફળ થાય છે એ હવે વિચારવાનું રહે છે. આ નાટક સુકન્યા અને વિદન્વંતની આસપાસ વણાયેલું છે. વિદન્વંત સુકન્યા પાસે નીતિ પળાવવા માગે છે અને સુકન્યા એનો વિરોધ કરે છે છેવટે ધમકીથી નહીં પણ મનની સ્વતંત્ર લાગણીથી એ નીતિ આચરે છે. પરંતુ સુકન્યાનો જે વિજય થાય છે એ કંઈક વિચિત્ર છે. પ્રથમ તો અશ્વિનો પોતે જ ઘણા સારા છે અને સુકન્યાને એના આવેશમાંથી બચી જવાની તક આપે છે, એ જ વખતે નાગસ્ત્રીનો શિરચ્છેદ કરવા વિદન્વંત આવી પહોંચે છે. ભ્રષ્ટાચારની શિક્ષા દેહાંત છે એનું ભાન સુકન્યાને થાય છે. મૃત્યુ માટે સુકન્યા તૈયાર નથી, એને મોતનો ડર છે, એટલે અજ્ઞાત ભયથી એનામાં નીતિભાવના જન્મતી હોય એવો ભાસ થાય છે. ઘણી વાર મોટા અકસ્માતો વ્યક્તિને પતનમાંથી ઉગારી લેતા હોય છે, પરંતુ એ અકસ્માતોના પ્રપાત ભયંકર હોવા જોઈએ. સુકન્યા ચ્યવનને ત્યાં આવી ત્યારથી જ પ્રબળ ભોગેચ્છાને વશ

છે: પ્રકૃતિના રમ્ય વાતાવરણમાં તે સન્ધ્યાએ એની માત્રા વધી જાય છે અને તે આટલી સહેલાઈથી શમી જઈ નીતિભાવનાને વરે એ મનાતું નથી. એનું પ્રધાન કારણ ભય છે એમ લાગ્યા વિના રહેતું નથી. જે સુકન્યા ચ્યવનને પ્રથમ તિરસ્કારથી ધિક્કારે છે તે સુકન્યા એકદમ ચ્યવનની શુશ્રૂષા માટે તૈયાર બને એ કૃત્રિમ છે. ચ્યવનને જે ચમત્કારથી યૌવન પ્રાપ્ત થાય છે એ પણ આ યુગને અગ્રાહ્ય છે. સુકન્યા અને શર્યાતિ પોતે પણ એ વિશે સાશંક છે. શર્યાતિના પોતાના જ શબ્દો છે, 'હા-હા હવે ચ્યવનને પુત્ર? ભાર્ગવ! શત શરદની સીમા તો એ અનેક વર્ષો થયા ઓળંગી ગયા. હવે એમને પુત્ર શા?' પરંતુ નાટક પૌરાણિક હોવાથી આ ચમત્કારો સામે વાંધો ઉઠાવી શકાય એમ નથી.

અભિનયક્ષમતાની દૃષ્ટિએ આ નાટક નબળું છે. નાટકનું મુખ્ય ઘર્ષણ આંતરિક છે અને તે પણ તીવ્રતાએ પહોંચ્યું નથી; એટલે નાટ્યાત્મકતા ઓછી આવે છે. સુકન્યાની લાંબી સ્વગતોક્તિઓ ક્રિયામાં અવરોધ ઊભો કરે છે, એટલું જ નહીં, અર્વાચીન નાટ્યકલાની દૃષ્ટિએ એ કૃત્રિમ પણ લાગે છે.

'અવિભક્ત આત્મા'માં પુરાણપ્રસિદ્ધ વસિષ્ઠ અને અરુંધતીની કથા લેખકે ગૂંથી છે. સપ્તર્ષિઓમાંના સાતમા ઋષિ હજી પ્રગટ થયા નથી અને સપ્તર્ષિ નક્ષત્ર બદલતા નથી એટલે ભગવાન ક્રતુને સંતાપ થાય છે. સાતમા ઋષિના પ્રાગટ્ય વિના આર્યોને શાંતિ પ્રાપ્ત થાય એમ નથી. વસિષ્ઠ અને અરુંધતી બન્ને બાલમિત્રો પાછળથી પ્રણયી બન્યાં છે. વસિષ્ઠને અરુંધતીમાં પોતાના આત્માનું બીજું અડધિયું દેખાય છે અને અરુંધતીને લગ્ન કરવા એ વીનવે છે. પરંતુ અરુંધતીને લગ્નમાં તપોભંગ દેખાય છે, એટલે વસિષ્ઠની વિનંતિને એ નકારે છે. વળી, બન્ને સપ્તર્ષિના પદ માટે તપ કરતાં હોવાથી પણ મુશ્કેલી ઊભી થાય છે વસિષ્ઠ પોતાની શ્રદ્ધામાં અચલ રહી એકલો તપ આદરે છે અને પોતાના આત્માના બીજા અંગ તરીકે અરુંધતીના આત્માનો સાક્ષાત્કાર કરે છે. કાલક્રમે ક્રતુને વસિષ્ઠ સપ્તર્ષિના સાતમા ઋષિ તરીકે દર્શનમાં દેખાય છે, એટલે એ પદ લેવા ક્રતુ એને વીનવે છે. પરંતુ અરુંધતી વિના એ પદ સ્વીકારવાની વસિષ્ઠ ના પાડે છે એથી ક્રતુ એને શાપ આપે છે. વસિષ્ઠનો આશ્રમ ઉજ્જડ બને છે; એના શિષ્યો એને છોડી જાય છે. અરુંધતીને પણ પ્રણયની વેદના સતાવે છે અને ભૂલ સમજાતાં વસિષ્ઠની કપરી દશામાં એની મદદે આવી ઊભી રહે છે. બન્ને લગ્ન દ્વારા આત્માનું ઐક્ય પૂરું કરે છે.

વસિષ્ઠ બીજે જઈ પોતાનો આશ્રમ વસાવે છે. દરમિયાન જૂના જનપદ ઉપર દુકાળની આફત ઊતરે છે અને એનું કારણ વસિષ્ઠ મનાય છે. શ્વેતકર્ણ નામનો એક ઋષિ વસિષ્ઠની હત્યા કરે છે. ક્રતુ આદિ છ ઋષિઓને સપ્તર્ષિના સાતમા ઋષિ તરીકે વસિષ્ઠ અને અરુંધતી બન્ને દેખાય છે એટલે એ બધા એમને તેડવા આવે છે. પણ તે પહેલાં વસિષ્ઠની હત્યા થઈ ગઈ હોય છે. છેવટે ભગવાન વરુણની કૃપાથી વસિષ્ઠ સજીવન થાય છે.

સ્ત્રી અને પુરુષનાં જીવન અને પુરુષાર્થ એકબીજા વિના અધૂરાં છે. બન્નેના પ્રેમનું પરમોચ્ચ શિખર આત્માના ઐકયમાં છે અને ત્યાં સુધી એક આત્માને એનું બીજું પૂરક અડધિયું જડતું નથી ત્યાં સુધી જીવનનું સાફલ્ય અને પૂર્ણતા નથી એ નાટકની પ્રધાન ભાવના છે.

અહીં મુખ્ય ઘર્ષણ વસિષ્ઠ અને અરુંધતીની ભિન્નભિન્ન માન્યતાઓમાંથી ઉદ્ભવે છે. વસિષ્ઠ અરુંધતી વિના તપ સાધી શકતો નથી, એના વિના એનું જીવન નિરર્થક લાગે છે એથી એ અરુંધતી સાથે લગ્ન કરી સહજીવન વાંછે છે; પરંતુ અરુંધતીને લગ્નમાં તપોભંગ દેખાય છે. વળી, બન્ને સપ્તર્ષિના પદ માટે તપ કરતાં હોવાથી પણ લગ્ન થઈ શકે એમ નથી. વસિષ્ઠ પ્રયત્નપૂર્વક પોતાના આત્મામાં અરુંધતીના આત્માનાં દર્શન કરે છે. બન્નેએ વાસના જીતી આત્માનું સાયુજ્ય સાધ્યું છે અને પછી આદરેલા તપથી બન્નેમાં સપ્તર્ષિ પ્રગટે છે. અહીં એક શંકા થાય છે. વસિષ્ઠે જ્યે આત્માનું ઐકય સાધી વાસના જીતી છે તો પછી સપ્તર્ષિપદ માટેની ક્રતુની વિનંતિ સ્વીકારવાનો એને શો વાંધો હોઈ શકે? આત્માના ઐકયમાં દેહના સહવાસનું સ્થાન જ ગૌણ છે. વળી સપ્તર્ષિપદ એ જનપદના કલ્યાણ માટે છે. જનસમૂહના કલ્યાણને વિસારી અંગત પ્રેમને આગળ કરતાં વસિષ્ઠના ગૌરવમાં ઊણપ સમજાય છે. વસ્તુતઃ વસિષ્ઠ જે ઝંખે છે તે આત્માનું ઐકય નહીં પણ દેહનું ઐકય, સૂક્ષ્મ પ્રેમ નહીં પણ લગ્ન દ્વારા સહજીવન. આથી અવિભક્ત આત્માની લેખકે નિરૂપેલી ફિલસૂફી પ્રતીતિજનક બનતી નથી.

સપ્તર્ષિ સો વર્ષ પૂરાં થયે નક્ષત્ર બદલે છે એ નિશ્ચિત છે તો એ સમયમર્યાદા પૂરી થયા પહેલાં ક્રતુની ચિંતા અને દોડધામ અસ્થાને છે. સપ્તર્ષિપદ એ સાધ્યેસાધ્ય શું છે એ લેખક સ્પષ્ટ રીતે દર્શાવતા નથી. એને લીધે પુરુષાર્થના આદર્શની વાસ્તવિકતા ઓછી લાગે છે.

સંવિધાનમાં નાટક નબળું છે. વસિષ્ઠની ઉક્તિઓમાં ઘણાં પરસ્પરવિરોધી વિધાનો છે. એ કહે છે કે 'તેણે ને મેં વાસના જીતી છે'; એમ છતાં અરુંધતીના સ્થૂળ સહવાસ માટે એ ઝંખે છે, એટલું જ નહીં, ચુંબનાદિ પ્રેમોપચાર પણ કરે છે. એટલે આ આત્માનું ઐક્ય ગોવર્ધનરામે નિરૂપેલા સરસ્વતીચંદ્ર અને કુમુદના કે નાનાલાલે નિરૂપેલા જયા અને જયંતના ઐક્ય કરતાં નિરાળું છે. વસિષ્ઠ અને અરુંધતીનો પ્રેમ માત્ર આત્માનો જ નહીં પણ દેહ અને આત્માનો એમ ભેગો છે.

તખ્તાલાયકીમાં પણ નાટક ઊતરતું છે. એમાંનું ઘર્ષણ મૂર્ત બનતું નથી. નાટકના નાયક વસિષ્ઠનું વ્યક્તિત્વ ગતિશીલ લાગતું નથી. એના કરતાં કેતું અને શ્વેતકર્ણ જેવાં ગૌણ પાત્રો વધારે પ્રભાવશાળી લાગે છે. સમગ્ર દૃષ્ટિએ જોતાં આ નાટક મુનશીની નાટ્યકલાનો ઊતરતો નમૂનો છે.

'તર્પણ' એ 'પુરંદરપરાજય' અને 'અવિભક્ત આત્મા' બંને કરતાં વધારે અભિનયક્ષમતાવાળું છે. એની પ્રસંગરચના ઝડપી છે અને ક્રિયાવેગ આકર્ષક છે. 'રોમિયો જુલિયેટ'ને અધિકાંશે મળતું આ નાટક રંગભૂમિ ઉપર ખીલી ઊઠે એવું છે, પણ એને બીજી મર્યાદા નડે છે.

'રોમિયો જુલિયેટ'માં કુલવૈરના અગ્નિમાં બે યુવાન પ્રેમીઓના પ્રેમનું બલિદાન અપાય છે અને એ મહાભોગને અંતે વેર શમે છે. 'તર્પણ'માં પ્રણયીને હાથે જ પ્રિયતમાનો વધ થાય છે છતાં વેર શમતું નથી અને સામા કુળનો સમૂળો ઉચ્છેદ કરી એ વિરમે છે. 'રોમિયો જુલિયેટ'ની યાદ આપતું બીજું તત્ત્વ તે મૃત્યુની આગલી રાતે બે પ્રેમીઓનું અગાશીમાં મિલન અને પ્રભાત થતાં સુધીનો સહવાસ. આંગ્લ નાટકમાં જેમ 'નર્સ' આવે તેમ લેખક અહીં ધાત્રી લાવે છે. પરંતુ સરખામણી અહીં પૂરી થાય છે. બીજી રીતે આ નાટકો પરસ્પરથી ઘણાં ભિન્ન છે.

આર્યાવર્તના સીમાડા ઉપર યમુના નદીને કિનારે એક સમયે આર્યોનો રાજકુમાર સગર હૈહયકન્યા સુવર્ણાને ડૂબતી બચાવે છે. બન્ને વચ્ચે પ્રથમ દૃષ્ટિએ જ પ્રણય થાય છે. પણ એ પ્રેમમાં મોટું અવરોધક તત્ત્વ એ આ બે પ્રજાઓ વચ્ચેનું વારસાગત ભીષણ વૈર છે. સગરના ગુરુ ઔર્વે પોતાના પિતૃઓનું તર્પણ હૈહયજાતિનો સમૂળો ઉચ્છેદ કરી તેમનાં લોહીથી તર્પણ કરવાની

પ્રતિજ્ઞા લીધી છે. સગરને એ સાધન તરીકે વાપરે છે. સુવર્ણા પ્રણય ખાતર સમાધાન સાધવા પોતાના પિતાને વીનવે છે અને હૈહયરાજ તાલજંઘ વીતહવ્ય એ દિશામાં પ્રયત્ન પણ કરે છે. એમાં એને નિષ્ફળતા મળે છે. હત્યાકાંડથી કંટાળેલા સગરના મનમાં પણ આવા વિચાર જાગે છે પણ ઔર્વના પ્રભાવ નીચે એ દબાઈ જાય છે.

એક દિવસ ઔર્વ સગર પાસે તાલજંઘ અને સુવર્ણાનાં શિર ગુરુદક્ષિણામાં માગે છે. સગરને એ આપવા કબૂલવું પડે છે. એક રાતે નક્કી કર્યા પ્રમાણે સગર સુવર્ણાને મળવા જાય છે અને છળ કરી આખી રાત સુવર્ણા સાથે ગાળે છે. પ્રભાત થતાં સગર તાલજંઘ અને સુવર્ણાનાં શિર છેદે છે અને પોતે પણ મરવા તૈયાર થાય છે. ઔર્વ એને એમ કરવા દેતા નથી અને સગર ચક્રવર્તી રાજા થાય છે.

આખું નાટક ભીષણ અને ક્રૂર કૃત્યો ઉપર રચાયેલું છે. ઔર્વ કોઈ પણ આર્યને ન શોભે એવાં ક્રૂર કૃત્યો કરે છે. હૈહયની એકે ગાય ન મારી શકનાર કે તેમનું એકે ગામ ન બાળી શકનાર ભરદ્વાજને એક પ્રહારથી એ મારી નાખે છે. હૈહયો ઉપર વેર લેવા તે ભીષણ કૃત્યો કરાવે છે. સાગર પોતે પણ એને 'ક્રૌર્યમૂર્તિ' કહે છે, અને નિરર્થક હત્યાથી કંટાળે છે. શાંડિલ્યના હાથ કાપનાર અનાર્ય તાલજંઘ અને મૂઠીથી ભરદ્વાજને મારનાર આર્ય ઔર્વ વચ્ચે ઝાઝો ફેર દેખાતો નથી. આર્યતાના ઉપાસક શ્રી. મુનશીનો, આર્ય ઔર્વનું આવું ચિત્ર રજૂ કરવામાં શો ઉદ્દેશ હશે? ગાય જેવા પ્રાણીની હત્યા કરતાં પણ એ અચકાતા નથી. નિર્દોષ સ્ત્રીબાળકોને સળગાવી મૂકનાર ઔર્વ આર્ય કરતાં અનાર્યની મૂર્તિ જેવા દેખાય છે. હૈહયોના વિનાશ માટે ઔર્વને જામદગ્ન્ય અસ્ત્ર પ્રાપ્ત થાય છે એ પણ વિચિત્ર લાગે છે. દેવો પણ ગાય અને સ્ત્રીબાળકોની હત્યા કરનારને મદદ કરે એ કેવું વિચિત્ર કહેવાય?

પ્રણયી તરીકે સગર પ્રામાણિક નથી; જરા હીન લાગે છે. સુવર્ણા પ્રત્યેના પ્રેમ અને ગુરુની આજ્ઞા વચ્ચેના દ્વંદ્વમાં એ અટવાય છે. નિરર્થક હત્યામાં એને ઋત દેખાતું નહિ હોવા છતાં એનું વ્યક્તિત્વ એટલું પાંગળું છે, ઔર્વથી એ એટલો દબાયેલો છે, કે પોતાને સત્ય લાગતા માર્ગે પણ એ જઈ શકતો નથી. એની સરખામણીમાં 'લોપામુદ્રા'ના વિશ્વરથ વધારે પ્રભાવશાળી છે. વિશ્વરથ ઉગ્રાને સોંપી દેવાની અગસ્ત્યની આજ્ઞાને દૃઢતાથી નકારે છે અને અનેક ભયો

વેડી પોતાનાં પ્રિયતમાને બચાવે છે. ઔર્વની આજ્ઞાથી સગર સુવર્ણાના મહેલમાં જાય છે. સગરના મનમાં સુવર્ણાને બચાવવાની મથામણ ચાલ્યા કરે છે. પરંતુ એને કોઈ ઉકેલ જડતો નથી તેમ ઔર્વની આજ્ઞાની વિરુદ્ધ જવાની પણ એની હિંમત ચાલતી નથી. સુવર્ણાને જ્યારે એ મળે છે ત્યારે પોતાના મનની વાત એ કહી શકતો નથી, જેમ પોતાના મનની મથામણ સુવર્ણાને કહી શકતો નથી તેમ કોઈ બચાવનું સાધન પણ શોધી શકતો નથી એટલે પોતાને આશ્રયે સૂતેલી સુવર્ણાના મૃત્યુનો એ નિર્બળ સાક્ષી બની રહે છે. પ્રાયશ્ચિત્ત તરીકે એ મરવા તૈયાર થાય છે પણ એથી એની આ નિર્બળતાનો બચાવ થઈ શકે નહીં.

સમગ્ર નાટકમાં કોઈ ઉચ્ચ ભાવના નથી. સ્વરાજ્ય કે સ્વભૂમિની પુનઃપ્રાપ્તિ એ આ નાટકના વસ્તુનો હેતુ છે એમ કહી શકાય પણ તે કનિષ્ઠ રીતે રજૂ થયો છે. આ નાટક ઉપરથી આર્યોનો ખ્યાલ બાંધવા જનાર કોઈક આર્યોને જંગલી 'બારબેરિયન' માની લે તો તે સામે વાંધો ઉઠાવી શકાય નહીં.

ક્રિયાવેગ અને અભિનેયતા એના ગુણો તરીકે ગણાવી શકાય પણ નાટકને અંતે કોઈ જીવનદર્શન કે શુભંકર તત્ત્વ લાધતું નથી.

'પુત્રસમોવડી' આ સંગ્રહનું સર્વોત્તમ નાટક છે. સંવાદ, વર્ષણ, ક્રિયાવેગ આદિના સમગ્ર સંવિધાનકૌશલને કારણે નાટક આકર્ષક બન્યું છે. સર્વસત્તાધીશ થઈ બેઠેલા ઇન્દ્રની સામે દાનવગુરુ શુક્રાચાર્યની પડખે એમની પુત્રી દેવયાની પુત્રની ઊણપ વિસરાવતી ઊભી છે. નાટકની પ્રધાન ભાવના બે છે. એક તો સત્તાના મદમાં ચકચૂર બનેલા દેવોનો દર્પ સંહારી લોકરાજ્ય સ્થાપવું અને બીજી ભાવના એ છે કે સ્ત્રી પણ પુરુષના પુરુષાર્થમાં માત્ર પ્રેરણા જ નહિ પણ સહભાગી બની શકે છે. મૂળ મહાભારતમાંના ઉપાખ્યાનને ઉપાડી લેખકે એમાં અર્વાચીન યુગને અનુરૂપ નવીન ભાવ પૂર્યો છે લોકરાજ્યની સમગ્ર ભાવના, ઇન્દ્રના જૂલમ સામેનો પડકાર અને દેવયાનીના પુત્રસમોવડી બનવાના મનોરથ એ સઘળું આધુનિક છે.

નાટકના પાંચ અંક છે. પ્રથમ અંકમાં કચ અને દેવયાનીનું મિલન થાય છે, બન્ને વચ્ચે પ્રણયનાં બીં વવાય છે. એ જ અંકમાં દેવયાની શુક્રાચાર્યને સાલતી પુત્રની ઊણપ વિસરાવી શુક્રાચાર્યના ધ્યેયને પરિપૂર્ણ કરવાની પ્રતિજ્ઞા લે છે. બીજા અંકમાં કચ અને દેવયાનીનો પ્રણય પુષ્ટ થાય છે. દાનવો કચને મારી નાખી એનાં હાડમાંસનો ભૂકો સોમ સાથે શુક્રાચાર્યને પાઈ દે છે. કચ આમ મૃત્યુ પામ્યો હોવા છતાં એનો આત્મા

શુક્રાચાર્યના પેટમાં જાગ્રત છે. કચ વિના દેવયાની વિહ્વળ બને છે અને શુક્રાચાર્ય કચને સંજીવનીવિદ્યા શીખવવા વીનવે છે. શુક્રાચાર્ય દેવયાની પ્રત્યેના સ્નેહને કારણે કચને સંજીવનીવિદ્યા શીખવે છે કચ શુક્રાચાર્યનું પેટ ફાડી બહાર નીકળે છે અને પછી શુક્રાચાર્યને સજીવન કરે છે. દેવયાની કચને પોતાની સાથે લગ્ન કરવા વીનવે છે. કચ એ સ્વીકારે છે પણ દેવયાનીને લગ્ન પછી પોતાની સાથે સ્વર્ગમાં આવવા કહે છે. દેવયાની ના પાડે છે અને કચને પોતાને ત્યાં જ રહેવા આગ્રહ કરે છે. કચ ના પાડે છે એટલે શુક્રાચાર્ય એને શાપ આપે છે કે 'ચોરેલી વિદ્યા તને ફળશે નહીં.' કચ સામો શાપ આપે છે કે 'તમારી કન્યા સવર્ણ વર વિનાની રહેશે.'

આ બે અંકોનું કલાવિધાન જોતાં એક વસ્તુ એ લાગે છે કે સમગ્ર નાટકમાં કચની વાત અનિવાર્ય નથી. નાટકના પ્રધાન હેતુની અભિવ્યક્તિમાં કચ કોઈ ભાગ ભજવતો નથી. એથી એક જ હેતુ સરે છે કે દેવયાની પોતાના ટેક ખાતર ને પિતાના સ્નેહ ખાતર પ્રેમનો ભોગ આપે છે. પરંતુ એવું અર્થઘટન કરવા જતાં એક બીજી મુશ્કેલી નડે છે. દેવયાની પરણીને કચની સાથે જવાની ના પાડે છે એ અનુચિત લાગે છે. સમાજની રૂઢિ અને પ્રણાલિકા વિરુદ્ધ એનો આગ્રહ હોઈ દુરાગ્રહ બને છે. દોષ કચના કરતાં દેવયાનીનો વધારે જણાય છે. એથી શુક્રાચાર્ય કચને શાપ આપે છે એ પણ દ્વેષબુદ્ધિથી અપાતો હોય એમ લાગે છે. મૂળ આખ્યાનમાં કચ પોતે દેવયાની ગુરુપુત્રી હોવાથી પરણવાની ના પાડે છે એટલે દેવયાની શાપ આપે છે મુનશીએ મૂળ વાતમાં કરેલો ફેરફાર અનુચિત બન્યો છે. નાટકના ત્રીજા અંકમાં યયાતિ અને દેવયાની મળે છે. બન્ને વચ્ચે પ્રણય થાય છે અને છેવટે લગ્ન કરે છે. ત્રીજા અને ચોથા અંક વચ્ચે પંદર વર્ષનો ગાળો વીતતો લેખક દર્શાવે છે. એ ગાળા દરમિયાન દેવયાનીને ત્રણ પુત્રો જન્મ્યા હોય છે. યયાતિએ દેવયાનીની જાણબહાર શર્મિષ્ઠા જોડે લગ્ન કર્યાં હોય છે અને એને પણ બે પુત્રો થયા હોય છે. દેવયાનીને પાછળથી ખબર પડતાં એનો ક્રોધ ભભૂકી ઊઠે છે અને પોતાના પિતાને યયાતિને દંડ દેવા વીનવે છે. શુક્રાચાર્ય યયાતિને વૃદ્ધ બનાવી દે છે. યયાતિ અકળાય છે અને પોતાના પુત્રોને પોતાનું વાર્ધક્ય થોડો વખત લેવા માટે વીનવે છે. દેવયાનીના પુત્રો ના પાડે છે પણ શર્મિષ્ઠાનો પુત્ર પુરુ યયાતિને પોતાનું યૌવન આપે છે.

નાટકના વસ્તુઆયોજનમાં ચોથો અંક પ્રયોજન વિનાનો લાગે છે. નાટકના

મૂળ ઉદ્દેશ સાથે એનો કોઈ સંબંધ નથી. એ અંક દ્વારા એક જ પ્રયોજન સિદ્ધ થઈ શકે અને તે એ કે પુરુષ સ્ત્રી પાસે હમેશાં પ્રેરણા નથી શોધતો પણ શાંતિ અને મીઠાશ ઝંખે છે. એ જેમ પ્રેરણામૂર્તિ છે તેમ શાંતિ અને સુખ આપનારી પણ છે. દેવયાનીની સતત યુદ્ધલિપ્સા અને તેનાથી બળતો યયાતિ શાંત અને મધુર શર્મિષ્ઠા પાસે આવે છે. આ ઉપરાંત યયાતિની વિલાસપ્રિય લોલુપતાનું દર્શન પણ અહીં થાય છે. પરંતુ નાટકના વસ્તુવિકાસ અને ભાવનાવિકાસ સાથે આને ખાસ સંબંધ નથી. આને લીધે વસ્તુગૂંથણીમાં શિથિલતા આવે છે.

નાટકના પાંચમા અંકમાં યયાતિ અને દાનવરાજ વૃષપર્વા ઇન્દ્ર ઉપર વિજય પ્રાપ્ત કરે છે. વિજયના મદમાં ચકચૂર બનેલા બન્ને ઇન્દ્રાસન માટે લડે છે. યયાતિ વૃષપર્વાને મારી નાખે છે. દેવયાનીની સમજાવટ છતાં યયાતિનો ઇન્દ્રાસનનો મોહ છૂટતો નથી. દેવયાની યયાતિને છોડી જાય છે. ઇન્દ્ર આવી ફરી યયાતિને પૃથ્વી ઉપર ગબડાવી મૂકે છે અને યયાતિ ઇન્દ્રની ભક્તિ સ્વીકારે છે. ઇન્દ્ર પોતાની દોહિત્રી દેવયાનીને પોતાની સાથે સ્વર્ગમાં લઈ જવા આવે છે. પરંતુ દેવયાની મક્કમપણે ના પાડે છે અને પિતાને પડખે રહેવાનો નિર્ધાર જાહેર કરે છે. શુક્રાચાર્ય પોતાના અણઘડ સાથીઓને કારણે મળેલી નિષ્ફળતાને ભૂલી અધૂરી રહેલી લડત ફરી ચલાવવા પોતાની પુત્રીને ટેકે ચાલ્યા જાય છે.

અહીં લેખકે પૌરાણિક કથાના આશ્રયે આધુનિક ભાવના નિરૂપી છે. સત્તાનો મદ એ વ્યક્તિગત નહીં પણ સ્થાનગત છે. 'ઇન્દ્ર ખોટો નથી પણ ઇન્દ્રાસન ખોટું છે.' સ્થાન અને અધિકાર મનુષ્યને વિપથગામી બનાવે છે. એટલે એવા અધિકારો વ્યક્તિનિષ્ઠ રાખવાને બદલે લોકનિષ્ઠ રહેવા જોઈએ. એથી જ શુક્રાચાર્ય ઇન્દ્રાસનના ટુકડા કરી સૌને વહેંચી આપવા કહે છે. પુરુષના કોઈ પણ પુરુષાર્થમાં સ્ત્રી પુરુષસમોવડી બની શકે છે એ નાટકનું બીજું રહસ્ય છે.

ભાવના અને આયોજનની દૃષ્ટિએ આ નાટક ચઢિયાતું છે. સંવાદ છટાદાર અને ચમત્કારક ઉક્તિઓથી ભરેલો છે. એની સૂત્રાત્મકતા વાચકને પ્રભાવિત કરે છે. 'સ્વાતંત્ર્ય પર્ણકુટીમાં સચવાય, પ્રાસાદ થાય કે પરાધીનતા પેસે;' 'નીતિમાન માટે સ્વર્ગ કોઈએ સરજ્યું નહોતું'; આવી અનેક ઉક્તિઓ વાચકના ચિત્તમાં રમ્યા કરે છે. અભિનયક્ષમતાથી પણ નાટકની ગુણવત્તા વધી જાય છે.

પાત્રાલેખનમાં દેવયાની અને શુક્રાચાર્યનાં પાત્રો આકર્ષક છે. દેવયાની પોતાના પિતાની પ્રતિજ્ઞા પૂરી કરવા પુત્રસમોવડી બનવા પ્રયત્ન કરે છે અને

એમ કરવામાં એને પોતાની કૂંળી બાજુનો ભોગ આપવો પડે છે. એના મનમાં સાહચર્યના કોડ છે એટલે તો કચને એ કહે છે, 'મને કોઈ વાર એવું એકલું લાગે છે.' કચ પ્રત્યે એને પ્રેમ થાય છે પણ પ્રણય અને પ્રતિજ્ઞા વચ્ચે ધાર્યું ઊલું થતાં પ્રણયનો એ ત્યાગ કરી દે છે. યયાતિ એને સહાયતા આપવા કબૂલે છે તેથી યયાતિને એ પતિ તરીકે સ્વીકારે છે; પણ એની સતત યુયુત્સા અને જબરજસ્તી તેને અકળાવે છે. યયાતિ દેવયાનીના પ્રભાવ આગળ ઝંખવાય છે. પોતાના માતામહે આપેલાં અનેક પ્રલોભનોને નકારી દેવયાની પિતાને પડખે રહે છે. એ દેવયાનીની મહત્તા છે. મુનશી પહેલી જ વાર સ્ત્રીપાત્રને સાદ્યંત આટલું જાજ્વલ્યમાન રાખી પુરુષના ચરણમાં નમાવતા નથી.

શુક્રાચાર્ય આપણા યુગના લોકશાહી માટે ઝઝૂમનારા વીર જેવા, મહાંધોની સામે પડકાર ફેંકનારા છે; પણ પુરાણના આ સત્યાગ્રહીનાં સાધન અહિંસાનાં નથી પણ યુદ્ધનાં છે. એમની વાણીમાં પ્રભાવ અને નિર્બળને પ્રેરવાની શક્તિ છે. સ્વાતંત્ર્ય વિશેની એમની ભાવના મનનીય છે અને દેવયાનીના ઘડતરમાં એમનો મોટો ફાળો છે; પણ દુર્ભાગ્યે એમને અણઘડ સાથીઓ મળતાં પ્રાપ્ત થયેલો વિજય ગુમાવવો પડે છે. આદર્શ અધૂરાં રહેતાં ફરી લડત ચલાવવી પડે છે.

આ આકર્ષક નાટકમાં ઉપર દર્શાવેલા બે-ત્રણ દોષો ઉપરાંત એક દોષ એ છે કે સંજીવનીવિદ્યાને શબ્દસ્થ કરવાથી એનો ચમત્કાર જતો રહે છે. કચ જે સાહજિકતાથી આ ચમત્કારક વિદ્યા શીખી જાય છે એ પણ વિચિત્ર લાગે એવું છે.

'લોપામુદ્રા'ના ભાગ ૨-૩-૪ પૌરાણિક પાત્રોને નિરૂપતાં નાટકો છે. કથાનો પ્રથમ ભાગ નવલકથાના રૂપમાં લેખકે યોજ્યો છે. આર્યત્વ જન્મગત છે કે સંસ્કારગત એ વિશેના મતભેદો ચાલતા આવ્યા છે. મહાભારતકારે કર્ણના પાત્ર-દ્વારા આ પ્રશ્ન મૂક્યો છે. આજની દુનિયા પણ 'રંગભેદ'નો પ્રશ્ન ઉકેલી શકી નથી. શ્રી. મુનશીએ આ પ્રશ્નને આ નાટકમાં નિરૂપ્યો છે.

ભરતોનો રાજા વિશ્વરથ પાછળથી જે વિશ્વામિત્ર ઋષિ તરીકે ખ્યાતિ પામે છે તે દસ્યુ રાજા શમ્બરનો કેદી બન્યો છે. શમ્બરના ગઢમાં શમ્બરની કન્યા ઉષાના સંપર્કમાં આવે છે, ઉષાના મનમાં વિશ્વરથ પ્રત્યે તીવ્ર પ્રેમ જનમત થાય છે. ઉષામાં આર્યના સંસ્કાર નથી પણ વિશુદ્ધ પ્રેમભાવના છે. ઉષાનાં રોવા અને વિશુદ્ધ સ્નેહથી વિશ્વરથ પલળે છે અને ઉષાને પત્ની તરીકે સ્વીકારે છે, છતાં

આર્યત્વ એ જન્મગત કે સંસ્કારગત એ ભેદનો ઉકેલ એ કરી શકયો નથી. શમ્બર લોપામુદ્રા નામની સ્ત્રીઋષિને પકડી લાવી માનથી રાખે છે. લોપામુદ્રાને વિશ્વરથ ઉપર વાત્સલ્યભાવ છે અને લોપામુદ્રા વિશ્વરથના પ્રશ્નનો ઉકેલ શોધી આપે છે. અને દેવોની પણ આજ્ઞા થાય છે કે આર્યત્વ સંસ્કારથી પ્રાપ્ત થાય છે. વિશ્વરથ અને લોપામુદ્રાને છોડાવવા સમય જનપદ યુધ્ધે ચઢે છે અને શમ્બરની હાર થાય છે. દસ્યુમાત્રનો વધ કરવાની પ્રતિજ્ઞા લઈ અગસ્ત્ય વિશ્વરથ સમક્ષ આવે છે. અગસ્ત્યને આર્યત્વનું અભિમાન છે અને આર્યત્વ જન્મગત છે એમ તે માને છે, તેથી ઉગ્રાને સોંપી દેવાની વિશ્વરથ પાસે માગણી કરે છે. વિશ્વરથ અને અગસ્ત્ય એ શિષ્યગુરુ છે અને અહીં બંનેનાં વ્યકિતત્વ અથડાય છે. 'તર્પણ'નો સગર જે નથી કરી શકતો એ વિશ્વરથ કરે છે અને ઉગ્રાને સોંપવાની તે ના પાડે છે.

પોતાને આશ્રમે પાછા ફર્યા પછી અગસ્ત્ય વિશ્વરથને આજ્ઞા કરે છે કે બીજા પ્રાતઃકાળ પહેલાં ઉગ્રાને સોંપી દેવી, પણ વિશ્વરથ મક્કમ છે અને આશ્રમ છોડી જવાની તૈયારી કરે છે. લોપામુદ્રાને અગસ્ત્ય પ્રત્યે પ્રેમ છે અને વિશ્વરથ પ્રત્યે વાત્સલ્ય છે. વિશ્વરથને પડખે એ ઊભી રહે છે છતાં પ્રિયતમ અને પુત્ર વચ્ચે વધતું વેર અટકાવવા અને સમાધાન કરાવવા એ મથે છે. અગસ્ત્ય લોપામુદ્રાને ધિક્કારે છે છતાં અજ્ઞાનતાં ચાહે પણ છે. છેવટે લોપામુદ્રાનાં સૌન્દર્ય, શ્રદ્ધા અને અંતરનો વિજય થાય છે. અગસ્ત્યનું અભિમાન ગળે છે અને લોપામુદ્રા તરફ એ ઢળે છે.

નાટકના વકતવ્યને લેખકે સરસ રીતે બહલાવ્યું છે. બે જાતિઓ વચ્ચેના દ્વેષ અને વૈમનસ્યથી માનવતા કેવી રીતે પાંગળી બને છે એ સરસ આયોજન દ્વારા લેખક દર્શાવે છે. 'તર્પણ'નો જવાબ 'લોપામુદ્રા'માં લેખક આપે છે. નાટકના ઘર્ષણની તીવ્રતા નાટકને ઉપકારક બની ચોટદાર બનાવે છે, છતાં વિશ્વરથનું વ્યક્તિત્વ ઢીલું છે. એના મનના તર્કવિતર્ક એને આકર્ષક બનવા દેતા નથી. શરૂઆતનો તેજસ્વી વિશ્વરથ છેવટ સુધી એટલો તેજસ્વી રહેતો નથી. ઉગ્રા પ્રત્યે પ્રેમને બદલે કર્તવ્યબુદ્ધિનું ભાન એને વધારે છે એટલે ઉગ્રાની વહારે ચઢે છે રોહિણી અને ઉગ્રા, લોપામુદ્રા અને ઉગ્રા વચ્ચે એનું અંતર ઓલાં બાય છે. લેખકે માનવજાતને સંતાપતા પ્રશ્નને નિરૂપ્યો છે, પરંતુ સૂર્ય અને વરુણ જેવાં માનવેતર પાત્રોને વચમાં આણી એનો માનવીય રસ ઓછો કર્યો છે.

'લોપામુદ્રા'ના ચોથા ભાગમાં વિશ્વરથ રાજા મટી મહર્ષિ બનેલો છે,

આગલા ભાગમાં રજૂ કરેલો પ્રશ્ન અહીં સમાધાન પામે છે, છતાં કલાદૃષ્ટિએ આ ભાગ આગલા ભાગો કરતાં ઊતરતો છે. વિશ્વરથનું ઢીલું વ્યક્તિત્વ વધારે ઢીલું થઈ ગયું છે. એના નિશ્ચયમાં પ્રભાવ રહ્યો નથી. લોપામુદ્રાને અગસ્ત્યનાં ચરણમાં સ્થાન મળી ચૂકયું છે અને અગસ્ત્ય પણ સંસ્કારગત આર્યત્વને સ્વીકારતા થયા છે.

વિશ્વરથના ઉત્તર જીવનની હકીકત આગલા ભાગોમાં ન શમાવી શકવાથી લેખકે આ ભાગ નિરૂપ્યો છે. નાટકનાં કેટલાંક દૃશ્યો ભજવવામાં મુશ્કેલ છે. વિશ્વરથના પૂર્વજીવનની માફક ઉત્તર જીવન પણ વાર્તારૂપે રજૂ થયું હોત તો વધારે સારું થાત.

નાટકને નામ આપનાર લોપામુદ્રા વિશ્વરથ અને અગસ્ત્ય વચ્ચે સમાધાન સાધે છે. એના રૂપે જગતને ઘેલું કર્યું છે. એ મંત્રદ્રષ્ટા અને મહર્ષિ છે, છતાં એનું વર્તન કેવળ એ પદને શોભાવે એવું નથી. અગસ્ત્યને પામવા માટે એણે તપ આદર્યું છે. એની સુબુદ્ધિ વિશ્વરથને સહાયતા કરવા પ્રેરે છે. પોતાને જે સાચું લાગે છે તે સ્પષ્ટતાથી એ કહી દે છે અને જેને માટે ઝંખે છે તે સ્પષ્ટતાથી એ કહી દે છે અને જેને ઝંખે છે તે અગસ્ત્યની સાથે ધર્ષણમાં ઊતરતાં પણ એ અચકાતી નથી.

આ બધાં નાટકોને સમગ્ર રીતે વિચારીએ તો એ બધામાં નાટકકાર મુનશીનું કૌશલ્ય વધતેઓછે અંશે દેખાશે. નાટકની સફળતાને માટે જરૂરી એવાં આયોજનનાં બધાં જ તત્ત્વો એમાં છે. પાત્રોના વૈવિધ્યની દૃષ્ટિએ પણ આ નાટકો ઘણાં સફળ છે વિશ્વરથ અને સગર, અરુંધતી અને લોપામુદ્રા, સુવર્ણા અને ઉષા, સુકન્યા અને દેવયાની, ઔર્વ અને અગસ્ત્ય ભિન્નભિન્ન વ્યક્તિત્વનાં લક્ષણો ધરાવતાં પાત્રો છે. સામાજિક નાટકોમાં શ્રી. મુનશીએ ધન અને પ્રીતિ, કામ અને ડોળની પાછળ ભટકતાં દંભી સ્ત્રીપુરુષોનું આલેખન કર્યું છે તો પૌરાણિક નાટકોમાં તપ અને ટેક, સંયમ અને ટેક, સંયમ અને શ્રદ્ધાથી શોભતાં સ્ત્રીપુરુષોનાં જીવનનું આલેખન કર્યું છે. ભારતની અસ્મિતા અને આર્ય સંસ્કૃતિનાં ગુણગાન એમણે આ નાટકો દ્વારા ગાયાં છે. જીવનમાં જેમ નિર્બળતા અને ક્ષુદ્રતા છે તેમ શક્તિ અને ભવ્યતા પણ છે. જીવનનાં આ બન્ને પાસાં દર્શાવવા એમણે આ નાટકો લખ્યાં છે, પરંતુ ફેર એટલો છે કે એમને પોતાના સમકાલીન સમાજમાં માત્ર નિર્બળતા, ક્ષુદ્રતા અને કામુકતા જ દેખાય છે અને તે પણ અભણ અને ભણેલાં, નિર્ધન અને તવંગર એમ બધા જ વર્ગના લોકોમાં; જ્યારે જીવનની ભવ્યતા અને ઉજ્જવળતા જોવા એમને ઠેઠ પ્રાચીન કાળમાં લગભગ પ્રાગૈતિહાસિક સમયમાં નજર માંડવી પડી છે.

વાસ્તવમાં નિર્બળ અને ક્ષુદ્ર જીવન જીવતાં મનુષ્યોમાં પણ વિરલ છતાં અવશ્ય ભવ્ય જીવન જીવતાં મનુષ્યોનાં દૃષ્ટાન્તો મળે જ છે, તેમ પ્રાચીનતમ કાળમાં પણ કામુકતા અને નિર્બળતા ન હોય એમ તો કેમ કહી શકાય ? મનુષ્ય ગમે તે સમયનો હોય છતાં મનુષ્ય જ છે અને એમાં એની શક્તિ અને મર્યાદા, એની ભવ્યતા અને ક્ષુદ્રતાનાં એક સાથે જ દર્શન થવાનાં.

સામાજિક નાટકોની માફક પૌરાણિક નાટકો પણ પ્રશ્નપ્રધાન નાટકો છે. 'પુરન્દરપરાજય'માં નીતિ અને સદાચાર એ હૃદયના ગુણનાં ધર્મ અને ફલ છે, નહિ કે કોઈ બહારના ચોકીપહેરાનાં એનાથી આગળ જઈ 'પુત્રસમોવડી' જેવા નાટકમાં સ્ત્રીસ્વાતંત્ર્ય અને પુરુષસમોવડી બનવાના સ્ત્રીના મનોરથો જેવી અર્વાચીન ભાવના આ પુરાણનાં પાત્રો દ્વારા મુનશી રજૂ કરે છે. 'તર્પણ'માં આર્યત્વના ખોટા અભિમાનમાં ચકચૂર એવા ઔર્વને હાથે અનેક હૈહયોનો સંહાર થતો દર્શાવી એમણે બે જાતિઓ વચ્ચેના રંગભેદ કે શ્રેષ્ઠતાનો પ્રશ્ન રજૂ કર્યો અને તેનો ઉકેલ એમણે 'લોપામુદ્રા'માં આપ્યો. વિશ્વરથ અને લોપામુદ્રા જેવી વ્યક્તિઓ પણ એ સમયમાં થઈ ગઈ જેમણે ન્યાયને નજરમાં રાખી આ કચડાયેલા અનાર્યોને સાહાય્ય કરી.

સામાજિક નાટકો મોટે ભાગે વાસ્તવાદી બન્યાં છે તો પૌરાણિક નાટકો ભાવનાપ્રધાન બન્યાં છે. પૌરાણિક નાટકોના આયોજનમાં નવીન નાટ્યકલાના અંશો ઓછા છે. સામાજિક નાટકોમાં રંગભૂમિના સંનિવેશનું વર્ણન નહિવત્ છે. પૌરાણિક નાટકોમાં શ્રી. મુનશી વીગતપ્રચુર વર્ણન આપે છે. સામાજિક નાટકોમાં સ્વગતોકિતઓ નથી; પૌરાણિક નાટકોમાં સ્વગતોકિતઓ મોટા પ્રમાણમાં છે. નાટકો પૌરાણિક હોવાથી થોડીક જૂની પદ્ધતિઓ સાચવી રાખી છે. સમગ્ર રીતે નાટકોની શૈલી ગંભીર છે, અને 'લોપામુદ્રાના' ઋક્ષનો અપવાદ બાદ કરતાં એમાં ક્યાંય હાસ્ય નથી. સામાજિક નાટકોમાં હાસ્યનું પ્રમાણ વધી જતાં એ બધાં ફારસ જેવાં બની ગયાં છે ત્યારે પૌરાણિક નાટકો વધારે પડતાં ગંભીર બન્યાં છે. સામાજિક નાટકોમાં કરુણરસ જરા ય નથી જ્યારે પૌરાણિક નાટકોમાં 'તર્પણ' 'પુત્રસમોવડી' જેવાં નાટકો કરુણાન્ત છે 'અવિભક્ત આત્મા,'ને 'લોપામુદ્રા'માં કરુણ વચ્ચે વચ્ચે આવે છે પણ આ કરુણ હૃદયને શારી નાખે એવો નથી. સામાજિક નાટકોથી ઊલટું આ નાટકોમાં ભાવનાનું સૌન્દર્ય અને સંવિધાનનું કૌશલ આવી શકયાં છે.

[ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન બુલેટિન નં. ૨ ઑગસ્ટ, ૧૯૫૫]

શ્રી. કનૈયાલાલ મુનશીનાં સામાજિક સુખાન્ત નાટકો

નવલકથાકાર મુનશીની સર્જકપ્રતિભા નાટકના ક્ષેત્રમાં વિચરવા લાગી ત્યારે એમની નવલકથાના અભ્યાસીને સહેજે લાગ્યું હશે કે મુનશી નાટ્યકાર તરીકે અવશ્ય સફળ થશે જ. નાટકના દેહબંધારણ માટે આવશ્યક લક્ષણો એમની નવલકથામાં પણ કયાં નજરે નથી ચઢતાં ? તેજસ્વી વ્યક્તિત્વવાળાં પાત્રો, વસ્તુપકડ, પ્રસંગોનું મૂર્ત આલેખન, ચોટયુકત અને છટાદાર સંવાદરચનાનાં તત્ત્વો એમની નવલકથામાં મોટા પ્રમાણમાં સહેજે મળી રહે છે. નાટક એ સૌથી વધુ મૂર્ત અને વસ્તુલક્ષી કલા હોવાથી આ બધાં તત્ત્વોને વ્યાપક રીતે ખિલવવાનું અનુકૂળ વાહન મુનશીની પ્રતિભાએ શોધ્યું અને અપનાવ્યું. શ્રી. મુનશીએ જ્યારે નાટકો લખવાની શરૂઆત કરી ત્યારે આપણું નાટકભંડોળ ખૂબ જ નાનું હતું. એ સમયે એક બાજુ સંસ્કૃતની પરંપરા જાળવીને અંગ્રેજી નાટકોમાં આવતાં પાત્રમંથનો આદિ નવાં તત્ત્વોને નિરૂપતાં 'રાઇનો પર્વત' જેવાં નાટકો લખાયે જતાં હતાં તે બીજી બાજુ કવિ નાનાલાલ પોતાનાં ભાવનાપ્રધાન નાટકોનો અભિનવ પ્રયોગો કરતા હતા. નવલકથાની માફક નાટકોમાં પણ મુનશીએ નવાં તત્ત્વો દાખલ કરી નાટકના દેહને નવું કલાસ્વરૂપ આપ્યું.

નાટકના આવા નવા કલાવિધાનને પુષ્ટિ આપે એવાં બળો પણ પરસાહિત્યના અભ્યાસથી આપણા સાહિત્યકારોનાં મનમાં ઉદ્‌ભવ્યાં હતાં. એક બાજુ યુરોપમાં ઈબ્સનનાં નાટકો સાહિત્યકારો અને વાચકોનું ધ્યાન ખેંચતાં અને પ્રશંસા પામતાં થયાં હતાં તો બીજી બાજુ ઇંગ્લેંડમાં શૉનાં નાટકો પોતાનાં નવાં લક્ષણો સહિત પ્રસિદ્ધિ પામ્યે જતાં હતાં. આપણા સાહિત્યકારોને યુરોપી નાટકોનાં કલાલક્ષણો ગમી ગયાં હતાં અને એ બધાંને ગુજરાતી નાટકમાં અપનાવવાની પ્રેરણા એમને થઈ. એ નવા પ્રસ્થાનના પ્રણેતા શ્રી. મુનશી બન્યા.

અત્યાર સુધી નાટકો સંસ્કૃત પ્રણાલિકા તથા શેક્સપિયરનાં નાટકોને અનુસરી પદ્ય અને ગદ્યમાં લખાતાં; પણ નાટક એ સૌથી વધારે જીવનની નજીક સરનારી કલા છે અને આપણે જીવનવ્યવહારમાં કવિતામાં વાત નથી કરતા એટલે નાટકમાં પદ્યનો ઉપયોગ કૃત્રિમ ગણાવા લાગ્યા. વળી આ જ અરસામાં ઈબ્સન અને શૉનાં નાટકો સળંગ ગદ્યમાં જ લખાયેલાં બહાર પડવા લાગ્યાં, એ બધાને કારણે

શ્રી. મુનશીએ પણ પોતાનાં નાટકોમાં કેવળ ગદ્ય જ વાપર્યું. પરંપરાગત નાટકોમાં આવતાં ગીતોને પણ મુનશીએ તિલાંજલિ આપી દીધી.

એમનાં નાટકોનું બીજું લક્ષણ તે વાસ્તવિકતાનું આલેખન. અત્યાર સુધીમાં લખાયેલાં નાટકોમાં વાસ્તવિક જીવનચિત્રને બદલે ભાવનામય ચિત્રોનું પ્રાધાન્ય રહેતું. રમણભાઈએ 'રાઈનો પર્વત'માં તત્કાલીન સામાજિક પ્રશ્ન ચર્ચવાનો પ્રયત્ન કર્યો છે છતાં આખું નાટક વાસ્તવિક જીવનચિત્ર નથી રહેતું, પણ ભાવનામય વસ્તુને નિરૂપે છે. શ્રી. મુનશીએ પોતાનાં નાટકો માટે સામાજિક પ્રશ્નને લઈને વસ્તુનિરૂપણ કર્યું એથી એમનાં નાટકો પ્રશ્નપ્રધાન નાટકો (Problem plays) જેવાં બન્યાં. સામાજિક પ્રશ્નનું નાટકમાં નિરૂપણ કરવાનું હોવાથી સામાજિક જીવનનાં ચિત્રો એની વિશેષતા તેમ જ મર્યાદા સહિત એમણે આપ્યાં. આનું પ્રતિબિંબ એમના પાત્રાલેખનમાં પણ પડ્યું. વિવિધ ભાવોને નિરૂપતાં, માનવતાવાળાં અને વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવતાં પાત્રો એમણે નાટકોમાં રજૂ કર્યાં. વળી આ પાત્રાલેખનમાં માનસશાસ્ત્રની દૃષ્ટિએ પૃથક્કરણ કરી મનુષ્યજીવનમાં રહેલાં વિશિષ્ટતા અને નબળાઈ – મોટે ભાગે નબળાઈ-નિરૂપ્યાં.

સંઘર્ષણ એ નાટકનો આત્મા ગણાય છે. આ સંઘર્ષણ સમાજ અને વ્યક્તિ વચ્ચે હોય કે પછી વ્યક્તિના જ મનમાં રહેલી બે વૃત્તિઓ વચ્ચે હોય. પાછલો પ્રકાર આપણા નાટયસાહિત્ય માટે નવો છે. મુનશીએ સંઘર્ષણના આ બન્ને પ્રકાર એમનાં સામાજિક નાટકોમાં દર્શાવ્યા છે. 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય' 'બે બરાબ જણ'ને 'આજ્ઞાંકિત'માંનું સંઘર્ષણ વ્યક્તિના સ્વભાવમાં જ રહેલી વૃત્તિનાં બે પાસાં વચ્ચે છે.

અત્યાર સુધીનાં નાટકોમાં પાત્રો સ્વગત સંભાષણ કરતાં પણ અત્યારના નાટયકારને નાટકને જીવનની પ્રતિચ્છવિ બનાવવું છે અને આપણે જીવનમાં એકલા એકલા ભાગ્યે જ બોલીએ છીએ એટલે અત્યારનાં નાટકોમાંથી સ્વગતોક્તિ ચાલી ગઈ. શ્રી. મુનશીનાં નાટકોમાં સ્વગતોક્તિ તદ્દન નથી જ એમ તો કહી શકાય એમ નથી પણ પ્રમાણમાં ઘણી જ થોડી છે. વળી મુનશીએ નાટકોના અંકની જુદા જુદા પ્રવેશોમાં વહેંચણી પણ એકાદ બે નાટકો સિવાય ત્યજી દીધી છે એ પણ એક નવી યુરોપી પદ્ધતિ છે. નાટકની રજૂઆત માટે અત્યારનાં નાટકોમાં ઘણું લાંબું સૂચન આપવામાં આવે છે અને પાત્રો માટે પણ એવું

વર્ણન આપવામાં આવે છે. શ્રી. મુનશીએ પોતાનાં નાટકમાં રંગભૂમિની સજાવટ માટે તેમ જ પાત્રોની રજૂઆત માટે વર્ણનો આપ્યાં છે પણ તે બીજાં નાટકોમાં હોય છે એટલાં લાંબાં નથી.

વિષયની દૃષ્ટિએ મુનશીનાં નાટકો સ્પષ્ટ રીતે પૌરાણિક અને સામાજિક એ બે વિભાગોમાં વહેંચાઈ જાય છે. પૌરાણિક નાટકોમાં એમણે પૌરાણિક પ્રસંગો અને પૌરાણિક વસ્તુ લઈ નિરૂપણ કર્યું છે, જ્યારે સામાજિક નાટકોમાં સમાજજીવનને લગતા પ્રસંગો અને પ્રશ્નો લઈ નિરૂપણ કર્યું છે. પૌરાણિક નાટકોનું વસ્તુ પ્રાચીન છે પણ એના ઉપર વર્તમાન વાતાવરણની છાયા પથરાઈ જાય તે એ પણ અહીં ઉમેરી લેવું જોઈએ. પૌરાણિક નાટકોમાં 'તર્પણ' જેવાં કેટલાંક નાટકો કરુણાન્ત છે, સામાજિક નાટકો મોટે ભાગે સુખાન્ત છે. આપણી ચર્ચાનો વિષય કેવળ સામાજિક નાટકોનો જ હોવાથી પૌરાણિક નાટકોની વાત છોડી દેવી પડશે. પૌરાણિક અને સામાજિક નાટકોની નિરૂપણરીતિમાં પણ ભેદ છે. એકનું વાતાવરણ ગંભીર છે તો બીજાનું કેવળ હળવું જ નહીં, પણ હાસ્યમય છે. પૌરાણિક નાટકોમાં પણ લેખકે જીવનના કેટલાક પ્રશ્નો લઈ ચર્ચ્યા છે, પણ તે ગૌરવથી; જ્યારે સામાજિક નાટકોમાં સામાજિક પ્રશ્નોની ઠેકડી જ ઉડાવી છે. શ્રી. મુનશીનો આર્ય સંસ્કૃતિ પ્રત્યેનો પ્રેમ જાણીતો છે, જીવનના કેટલાક આદર્શો વિશેની એમની માન્યતા પ્રસિદ્ધ છે. એ બધાંનું નિરૂપણ એમણે પૌરાણિક નાટકોમાં કર્યું છે, જ્યારે સામાજિક નાટકોમાં એમને આવા કશા નિરૂપણની આવશ્યકતા લાગી નથી. આપણો પ્રાચીનકાળ એમને માનનીય લાગ્યો છે જ્યારે આપણો અર્વાચીનકાળ અને એના પ્રશ્નો ઉપહસનીય લાગ્યા છે. એકનો ઉપયોગ એમણે પોતાની આદર્શરંગી ભાવનાના નિરૂપણ માટે કર્યો છે તો બીજાનો ઉપયોગ પોતાનામાં રહેલી કટાક્ષ અને વિડંબનની શક્તિનો પરચો બતાવવા કર્યો છે. બન્ને પ્રકારનાં નાટકો વચ્ચે રહેલો આ ભેદ એમની ભાષામાં પણ સહેજે વરતાય છે. પૌરાણિક નાટકોની ભાષા ગૌરવવાળી, શિષ્ટ છે તો સામાજિક નાટકોની ભાષા સામાન્ય અને લઘુ કોટિની છે. પોતાની શક્તિનાં બે પાસાં દર્શાવવાને જ જાણે આ લેખકે ભેદ પાડ્યા હોય, એમ આ નાટકોના અભ્યાસ ઉપરથી લાગ્યા વિના રહેતું નથી.

શ્રી. મુનશીનાં સામાજિક નાટકોને આપણે ઉપર પ્રશ્નપ્રધાન નાટકો (Problem plays) કહ્યાં પણ જોને તેથી કોઈ આ નાટકોમાં આપણા સમાજજીવનને મૂંઝવતા પ્રશ્નોના સમભાવી નિરૂપણની કે એ પ્રશ્નોને ઉકેલવાના

માર્ગની અપેક્ષા રાખે તો તેને સર્વથા નિરાશા જ સાંપડવાની, તેમ જ કોઈ એમાં જીવનના હૂબહૂ, યથાર્થ ચિત્રની અપેક્ષા રાખે તો તે પણ સફળ નહીં જ થાય. આ નાટકોમાં તો એના લેખકે જીવનના પ્રશ્નોને લઈને એનું એવું તો વિડંબન કર્યું છે, એમાં અતિશયોક્તિના એવા તો ઘેરા રંગો પૂરી દીધા છે કે એ બધાં નાટકો ફારસ જેવાં બની ગયાં છે. વળી સમાજજીવનના પ્રશ્નો તત્કાલીન જ નથી પણ પરંપરાથી ચાલતા આવેલા છે. ક્રોધમય ભાર્યાનો દબાયેલો પતિ, ખોટી પ્રતિષ્ઠાના મોહમાં તણાતા અક્કલ વિનાના માણસો. પૈસાને ખેરે યુવાન કન્યા જોડે પરણતો વૃદ્ધ પુરુષ, આવા પ્રશ્નો કેવળ આધુનિક નહિ ગણાય. આવા પ્રશ્નોની તો આપણા ભવાયાઓએ પણ કયાં ઠેકડી નથી ઉડાવી? એ અણઘડ રીતે રીતે અશ્લીલ ભાષામાં હતી તો અહીં કલાત્મક આયોજન દ્વારા અને સભ્ય કહી શકાય એવી ભાષામાં છે. એની એ જ વસ્તુ નવા લેબાસમાં રજૂ થઈ છે. ભવાઈમાં રંગલો બીભત્સ ચેનચાળા કરી, ગ્રામ્ય ભાષા બોલી લોકોને હસાવતો; સંસ્કૃત નાટક અને અંગ્રેજી નાટકની પ્રણાલિકાનુસાર લખાયેલાં નાટકોમાં રંગલાનો વિદૂષક બન્યો અને મુનશીનાં નાટકોમાં એ જ વિદૂષક નાટકનો નાયક કે ઉપનાયક બન્યો. મુનશીનાં સામાજિક નાટકોમાં આવતાં કેટલાંક પાત્રો વિદૂષકની જેમ જ દ્વિઅર્થી ભાષા બોલી, કોઈક વાર વિચિત્ર ચેનચાળા કરી સ્થૂળ હાસ્ય ઉપજાવતાં નજરે ચડે છે. આ નાટકોનું હાસ્ય પણ માર્મિક ને બુદ્ધિગ્રાહ્ય બનવાને બદલે સ્થૂળ અને પ્રાકૃત જ રહ્યું છે. વળી લેખકે નાટકનાં પાત્રો અને પ્રસંગોને જ બહેલાવવા ઉપર એટલું બધું ધ્યાન આપ્યું છે કે નાટકમાં નિરૂપિત પ્રશ્ન બિચારો કેટલીક વાર ખોવાયેલો તો કેટલીક વાર અદ્ધર લટકતો રહી ગયો છે. આ બધા ઉપરથી આ નાટકોને સામાજિક પ્રશ્નપ્રધાન કે એવું કોઈ અભિધાન આપવાને બદલે સામાજિક પ્રહસનો જ કહીએ તો ખોટું નહીં. આ કથન માટે હવે આપણે એમનાં નાટકો તપાસીએ.

જુદે જુદે વખતે પ્રસિદ્ધ થયેલાં ત્રણ નાટકોને એકસાથે સંગ્રહી એમને 'સામાજિક નાટકો'નું નામ લેખકે આપ્યું છે. આ નાટકત્રયીમાં 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય' 'બે ખરાબ જણ'ને 'અજ્ઞાંકિત' છે. આ ત્રણે નાટકો ફારસ જેવાં છે. એના વસ્તુના આલંબન માટે લેખકે આપણા સમાજમાં નજરે ચડતી કેટલીક નિર્બળતાને લીધી છે. એ નિર્બળતા છે મનુષ્યમાં રહેલી કામતૃપ્તિની. પણ એથી એમાં એ નિર્બળતા પ્રત્યે સમભાવ, અનુકંપા, સહાનુભૂતિ વાચકમાં ઉત્પન્ન થાય કે એમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ જડી આવે એવું બનતું નથી. આ

નિર્બળતાના ભોગ બનેલાને લેખકે એવા તો બબૂચક અને મૂર્ખ બતાવ્યા છે કે ઊલટું એ એ જ લાગના છે એમ થાય છે. વળી એમાંનું હાસ્ય માર્મિક નથી પણ સ્થૂળ છે. માર્મિક હાસ્યમાં તો લેખક હાસ્યની ભાવના પાછળ ઘેરો ભાવ ભરી દે છે. વ્યક્તિની મૂર્ખતા પ્રત્યે આપણે હસતા હોવા છતાં ઊંડે ઊંડે એના પ્રત્યે મમતાભરી લાગણી અનુભવીએ છીએ અને જ્યાં જ્યાં આવી નિર્બળતા નજરે ચડે ત્યાં ત્યાં એને દૂર કરવાનો ભાવ પણ ઘડીભર મનમાં ઉદ્‌ભવે છે. પરંતુ આ નાટકોમાંના સ્થૂળ હાસ્યથી આમાંનું કંઈ થતું જ નથી. સ્થૂળ હાસ્યનો એ ધર્મ જ નથી. આ નાટકોમાં મોટે ભાગે ઉપનાયકનો ભાગ ભજવતાં પાત્રો પોતાના વર્તનથી સ્થૂળ, દ્વિઅર્થી વાણીથી જે હાસ્ય ઉપજાવે છે એ પ્રમાણમાં ફારસમાં આવતા હાસ્ય જેવું પ્રાકૃત છે ને માત્ર હાસ્ય ખાતર જ છે.

નાટકમાં પાત્રોનો અભિનય અને સંવાદ એના વિશિષ્ટ અર્થમાં 'નાટકી' છે. હાસ્ય માટે, કટાક્ષ માટે અતિશયોક્તિ આવશ્યક છે એ સ્વીકારીએ તો પણ અહીં લેખકે એનો એવી રીતે વાપરી છે કે કદાચ સૂગ આવે. હાસ્યમાં આવા અતિરેકથી સમાજજીવનના પેલા પ્રશ્નનો આપણો ઉદ્દેશ માર્યો જાય છે; પણ એ માટે તો એમ કહી શકાય કે લેખકનું ધ્યેય જ એ પ્રશ્નને ગૌરવપૂર્વક સમભાવથી નિરૂપવાનું નથી; એમનું ધ્યેય પોતાનામાં રહેલી વિડંબનશક્તિને મોકળો માર્ગ આપવાનું છે.

'વાવાશેઠનું સ્વાતંત્ર્ય'માં ક્રોધાવિષ્ટ પત્નીના દબાઈ ગયેલા ને જડ જેવું નિર્માલ્ય જીવન જીવતા નિર્માલ્ય પુરુષનું ચિત્ર છે. વાવાશેઠ અને રેવાશેઠાણી નાયકનાયિકા છે, મગન અને રાધા ઉપનાયકનાયિકા છે. મગન રાધા જોડે પ્રેમમાં છે અને રાધાને પરણવા માગે છે. પણ રાધા એક દેવાળીઆની દીકરી હોવાથી મગનની જ્વાળા જેવી મા ના પાડે છે. મગન પિતાને મદદ કરવા સમજાવે છે. એકાદ દિવસ છાપામાં 'બેલ્જિયમનો સ્વતંત્રતા માટે ઘસારો' વાંચતાં વાવાશેઠ સ્વતંત્રતા માટે પ્રેરણા પામે છે અને ઘરમાંથી નાસી જાય છે. અકસ્માત રાધા એને મળે છે અને પોતાને ઘેર લઈ જાય છે. રાધાની દાદી શેઠને રાધા માટે વર શોધવાનું કહે છે અને ઘડીભર તો શેઠને રાધા જોડે પરણી જવાનું મન થઈ જાય છે. એ વિચાર એને મદદગાર બને છે. ઘેર જઈ જોશીની મદદથી પોતાને ફરી વાર પરણવાનો યોગ છે એવું શેઠાણીને કહેવડાવતાં શેઠાણી ઢીલી પડે છે અને બીજે દિવસે મગનને રાધા જોડે પરણવાની મનાઈ ફરમાવનાર રેવા શેઠાણી પોતે જ મગન માટે માગું લઈને રાધાની દાદી પાસે જાય છે. ત્યાં શેઠ પણ આમ તો

મગન માટે જ માગું લઈ જાય છે પણ સ્પષ્ટ કહેતા નથી એટલે ગુંચવાડો ઊભો થાય છે. એ ગુંચવાડાની ગમ્મતને અંતે મગનને રેવા પરણી જાય છે.

નાટકના આ વસ્તુમાં ખાસ પ્રશ્ન જેવું કાંઈ નથી. છતાં કહેવું હોય તો એમ કહી શકાય કે પત્ની પોતાની પ્રખરતાથી પતિને ગમે તેટલું જકડી રાખે છતાં આખરે તો સ્ત્રી જ છે, ને એ કેદમાંથી એક વાર પુરુષ છટકી નાઠો એટલે એ સ્ત્રીને એને જ નમવું પડે છે. આવો ભાવ સ્પષ્ટ રીતે તો નહીં પણ આપણી કલ્પનાને જરા કસીએ તો નીકળે.

પાત્રાલેખન કે પાત્રવિકાસ આવા ફારસમાં શોધવાનો શો અર્થ? છતાં શરૂઆતમાં ગરીબ અને બિચારો લાગતો વાવાશેઠ 'એક્ઝિજયમના સ્વાતંત્ર્ય માટેના ઘસારા'ની જેમ ઘસારો કરી સ્વાતંત્ર્ય મેળવે છે અને મગન રાધાને પરણી આનંદે છે. શ્રી. મુનશીનાં સ્ત્રીપાત્રોમાં અન્યત્ર બને છે તેમ શરૂઆતમાં પ્રખર લાગતાં રેવાશેઠાણી ને તોફાની રાધા નાટકને અંતે ઢીલાં થઈને પુરુષને નમતાં થઈ ગયાં હોય છે, કલ્યાગરા કંથની દુર્દશા તો ભવાઈના પ્રવેશોમાં પણ રજૂ થતી એટલે વસ્તુ જૂનું છે ને લેબાસ નવો છે. પોતાના પતિને 'બળદીઓ' 'બુડથલ' કહેનારી રેવાશેઠાણીમાં એ જૂની પ્રાકૃતતાનાં દર્શન થાય છે. જ્યારે શબ્દોની રમત રમતો, પોતાના દબાઈ ગયેલા પિતાને પાણી ચડાવતો 'અલબેલડા બાશો ગોળીની ગાળ' જેવી નાટકી પંકિત ગાતો મગન આપણા વિદૂષકનું દર્શન નવા લેબાસમાં કરાવી જાય છે. પોતાનો દીકરો સારી કન્યા શોધી લાવ્યો છે એ જોતાં મોઢામાં પાણી લાવી 'એ નહીં પરણે તો હું બીજી વાર'–મનમાં વિચારતો વાવાશેઠ પણ પુરાણી પ્રાકૃતતાને જ દર્શાવી જાય છે: એટલે એ જ પ્રાકૃત સ્થૂળ હાસ્ય, એ જ પરંપરાગત વસ્તુ પણ નવા લેબાસમાં અહીં રજૂ થયું છે.

'એ ખરાબ જણ' આગલા નાટકથી કંઈક જુદા જ પ્રકારના વસ્તુને રજૂ કરે છે. આગલા નાટકમાં અંકોને પ્રવેશોમાં વહેંચવામાં નથી આવ્યા જ્યારે આમાં અંકોના પ્રવેશો પાડવામાં આવ્યા છે. નાટકની શરૂઆતમાં લેખકે નોંધ કરી મૂકી છે. ' પ્રતિષ્ઠા.. અને ગાંભીર્યના ધજ્જરદ્વારોને નહીં વાંચવા લાયક એક નાટક." આ નોંધથી નાટકનાં વાતાવરણ, વસ્તુ ને ભાવાદિ સૂચવાય છે. વિલાયત જઈ આવેલો રામદાસ ડગલીવાળો પોતાના પૈસાના જોરે સૉલિસિટર પરસોતમદાસ પોપડાની પુત્રી રંભાને પરણવા ચાહે છે. પરસોતમદાસ ધનિક હોવા છતાં રામદાસની પાસે એક લાખ રૂપિયાનો ચેક લઈ રામદાસની માગણી સ્વીકારે છે.

પણ રંભાને આ સોદો સ્વીકાર્ય નથી. લગ્નને દિવસે એ નાસી જાય છે. ત્યાં એને તાજેતરમાં જ દાક્તર બનેલો પણ દરદીઓની રોજ રોજ વાટ જોતો, આનંદી, મશ્કરો મોહન મેડીકો મળે છે. બન્ને વચ્ચે પ્રેમ જાગે છે. મોહન રંભાને જુદી જુદી જગાએ સંતાડે છે. પરસોતમદાસ ને રામદાસ રંભાને છોડવા ઘણા પ્રયત્ન કરે છે ને છેવટે પ્રસૂતિગૃહમાંથી શોધી કાઢે છે. પણ ત્યાં રંભા ટેલિફોન ઉપર છાપાને તંત્રીને પોતાનાં લગ્ન મોહન મોડીકો જોડે થયાં છે એવી ખબર બીજા દિવસનાં છાપાંઓમાં છપાવવા વિનંતિ કરે છે. એ મુજબ ખબર છપાય છે. બીજે દિવસે જ રામદાસ આ ખબર વાંચતાં ગુસ્સે થઈ જાય છે. બીજા મહેમાનો પણ ખબર વાંચી અભિનંદન માટે આવે છે. આ બધા ગોટાળાનો ઉકેલ સર મગનલાલ લાવે છે ને મોહન તથા રંભા પરણી જાય છે.

આ નાટક પણ એક પ્રહસનના સ્વરૂપનું જ છે. લેખકે પરસોતમદાસ જેવા પ્રખ્યાત ને ધનિક ભણેલા સૉલિસિટરને પૈસાનો મોહમાં પોતાની પુત્રીનું હિત બગાડતો કેમ બતાવ્યો હશે? એવો પ્રશ્ન જો કોઈ પૂછે તો એમ જ કહી શકાય કે પૈસાદારો પણ પૈસાના મોહમાં આંધળા બની સારાસારનો વિવેક કરી શકતા નથી એવું સૂચવાનો લેખકનો આશય હશે. નાટકમાંનું હાસ્ય મોહનની શબ્દરમત અને નાટકી હાવભાવમાંથી ઉદ્‌ભવે છે ને પ્રસંગોપાત્ત બાલિશ પણ બને છે. રંભાને છૂપાવવા મોહન કૉ. જંગલના પ્રસૂતિગૃહમાં તેને એક સુવાવડી સ્ત્રી તરીકે રાખે છે ને બાબા તરીકે એક ઢીંગલો આપે છે. નર્સ એની પરિચર્યા કરતી હોવા છતાં જાણી શકતી નથી એ અસંભવિત છે. પોલીસગેટ ઉપર પણ મોહનનાં ગાયન અને લટકાં પણ એવાં જ નાદાન લાગે છે. મોહન સાથે રંભાના લગ્નની ખબર છપાય ને આ કોયડાનો ઉકેલ આવે એ પણ અપ્રતીતિકર છે. નાટકમાં સત્યની આશા ન રાખવી, કેટલુંક સમજી લેવું, કેટલુંક ચલાવી લેવું એવો બચાવ જો કરવામાં આવે તો આપણે કહેવું પડશે કે આ યુગમાં નાટક જીવનની વિધવિધ બાજુને એના યથાર્થ રૂપમાં રજૂ કરવાનું એક સબળ સાધન બન્યું છે. ઘણી નહીં તો થોડી પણ પ્રતીતિ તો થવી જોઈએ ને! એ ન હોય ને એને બદલે બાલિશ પ્રસંગો, વાર્તાલાપ ને રમૂજી વર્તનનો જ એમાં અતિરેક હોય તો એને નાટક નહીં કહેતાં ફારસ કહેવું પડે. રામદાસ વિલાયત જઈ આવ્યો છે. કડકડાટ અંગ્રેજી બોલે છે, સારા એવા પૈસા છે. એક લાખનો ચેક તો એક ક્ષણમાં પરસોતમદાસને આપે છે, – તો બીજા કેટલાય લાખ હશે–છતાં આવો ભોટ કેમ રહ્યો હશે? પરસોતમદાસ આવા સૉલિસિટર થયા

છતાં આવા બબ્બૂચક ને બાલિશ–ગમાર કેમ રહ્યા હશે ? પણ ફારસમાં એ પ્રશ્નોના જવાબ ગંભીરપણે શોધવા વ્યર્થ છે. નાટકની રજૂઆતની દૃષ્ટિએ પણ નાટકમાં ખામી જણાય છે. પહેલા અંકના ત્રીજા પ્રવેશમાં "એક લેંડોલેટ મોટર ઝપાટાબંધ આવે છે અને એકદમ ઊભી રહે છે. પરસોતમ પોપડા આગલી 'સીટ' પર બેસી હાંકતા દેખાય છે....." વગેરે, તેમ જ રંભા મોટરનું બારણું ઉઘાડી છટકી જાય છે એ રંગભૂમિ ઉપર કેવી રીતે રજૂ કરી શકાય એ પણ પ્રશ્ન છે. નાટક કરતાં કોઈ સનસનાટીભરી ફિલ્મ માટે આ પ્રસંગ વધારે યોગ્ય છે, જો કે નાટકના વસ્તુ માટે પણ એમ જ કહી શકાય. વળી રામદાસ પોતે પોતાનો વરઘોડો કાઢી પરસોતમદાસને બંગલે પરણવા જવાને બદલે પરસોતમદાસ રંભાને તૈયાર કરી રામદાસને બંગલે કેમ લઈ જતા હશે એ પણ સમજી શકાતું નથી. આ નાટકના પાત્રસમુદાયમાં મોહન મેંડીકોનું પાત્ર સરસ છે. એનો રમૂજી સ્વભાવ, એ સ્વભાવ પાછળ છુપાવાતી પોતાની ગરીબ લાચાર સ્થિતિ, ગમે તે પરિસ્થિતિમાં મુકાવા છતાં હસી શકવાની શક્તિ, એની બેફિકરાઈ નાટકને ભરી દે છે અને આખા ય નાટકનું આકર્ષક અંગ બની રહે છે. નાટકના જે જે ભાગમાં આ દેખા દે છે તે તે ભાગ સારો બને છે. છતાં નાટક સમગ્રને જોતાં કોઈ સાર, પ્રશ્ન કે ઉકેલ તારવી શકાય એમ નથી. ઘડીભર ગમ્મત સિવાય ઝાઝું એમાંથી પ્રાપ્ય નથી.

'આજ્ઞાંકિત' નામનું ત્રીજું નાટક આગલા નાટક જેવું જ વસ્તુ રજૂ કરે છે, છતાં સહેજ જુદી રીતે નિરૂપે છે. પરસોતમદાસ એક લાખ રૂપિયાનો ચેક લઈ પોતાની પુત્રીને મૂરખ રામદાસ જોડે પરણાવવા તૈયાર થયા; તો આ નાટકમાં કાશીબા પચીસ હજાર રૂપિયા લઈ પોતાની પુત્રી સવિતાને પાંચમી વાર પરણવા નીકળેલા વૃદ્ધ જોડે પરણાવે છે. નાટકનું વસ્તુ કરુણ છે, ને એમાંથી 'લલિતાદુઃખદર્શક' જેવું સરસ કરુણાન્ત એ થઈ શકત પણ એ તક ગુમાવી લેખકે એને ન તો સુખાન્ત, ન તો કરુણાન્ત જેવું, કઢંગું અને ગ્રામ્ય બનાવ્યું. નાટકનું શીર્ષક એના ઉપનાયક ધીરજલાલ ઉપરથી પડયું છે. કાશીબાની બે પુત્રી સવિતા અને કમળાનો વિવાહ હરકીશનદાસ શેઠના ભત્રીજા ધીરજલાલ અને મહેતાજી જોઈતા જોડે થયો છે. હરકીશનદાસ ઘરભંગ થતાં પાંચમી વાર પરણવાનો વિચાર કરે છે ને જોઈતાને માગું કરવા મોકલે છે. કાશીબા રૂપિયાના મોહમાં ફસાઈ એ સ્વીકારે છે ને પોતાની મોટી પુત્રીનો ધીરજલાલ સાથેનો વિવાહ તોડી શેઠ જોડે

કરવાનું ને જોઈતા જોડે કરેલો કમળીનો વિવાહ તોડી ધીરજલાલ સાથે કરવાનું વિચારે છે. સવિતા રડે છે, સામનો કરે છે ને છેવટે ધીરજલાલની મદદ માગે છે. પણ ધીરજલાલ પંચતંત્રમાંની વાર્તામાં આવતા મૂર્ખ પંડિત જેવો વેદિયો છે. વડીલની આજ્ઞામાં રહેવાનો એનો ટેક છે એટલે સવિતા જોડે ગાળેલી અનેક પ્રણયઘડીઓને તેમજ આપેલાં વચનોને વિસારી આ યોજનાને મૂંગે મોઢે સ્વીકારી સવિતાને જતી કરે છે. લગ્ન પછી સવિતા શેઠની સાથે 'ઘર માંડતી' નથી. કાશીબા આદિની સમજાવટ વ્યર્થ જાય છે ને એક રાતે ચાલી નીકળી વેશ્યા બને છે. શેઠ મરવા પડે છે ને સ્ત્રીના ગાનની લાલસા કરે છે. ધીરજલાલ વેશ્યા બનેલી સવિતાને તેડી લાવે છે. શેઠ મૃત્યુ પામે છે ને સવિતા અંતે જોઈતાને સ્વીકારી લે છે.

નાટકનું આખું વસ્તુ ને નિરૂપણ એટલું તો ગ્રામ્ય અને અશ્લીલ છે કે એમાં ને ભવાઈના પ્રવેશમાં ફેર રહેતો નથી. વાસ્તવિકતાના ઓઠા નીચે લેખકે કુત્સિતને નિરૂપ્યું છે. પોતાના બચાવમાં લેખક કહે છે "..... આદર્શશીલ વાચકો સૂગાશે એ ચોક્કસ, પણ જ્યાં સુધી એ ભાષા બોલાય છે અને એ પ્રસંગો બને છે ત્યાં સુધી વાસ્તવિકતા જેનો પ્રાણ છે એવા સામાજિક નાટકમાં એનું સ્થાન છે." વાસ્તવિકતાના આલેખન માટે લેખકની નજર સમાજના ગંદવાડ તરફ જ ગઈ એ વિચિત્ર છે વાસ્તવિકતાના એવા જ ઓઠા નીચે લખાયેલી શ્રી. સુન્દરમ્‌ની વાર્તા 'બોલકી' યાદ આવી જાય છે. નાટકના પ્રસંગ જેટલી જ ગ્રામ્ય એના સંવાદની ભાષા છે. મધ્યમ વર્ગના કદાચ ઉપલા વર્ણની ન્યાતમાં મા દીકરીને "તો તું એને પરણશે નહીં તો રંડાપો કેમ મહાલશે" એમ કહે એ તો આ નાટકમાં જ બનતું હશે. માબાપોએ કદાચ દીકરીને ગુજરાતી સમાજમાં વેચી પણ હશે પણ તેઓ આવાં બીભત્સ અને ગ્રામ્ય વાસ્તવિક જીવનમાં નહીં જ બન્યાં હોય. સવિતા હરકીશનદાસ જોડે ઘર માંડવાની ના પાડે છે ત્યારે અણગમતા પતિને પનારે પડેલી વેરની વસૂલાત.– માંની તનમન યાદ આવી જાય છે; પણ પોતાના પતિને દૂર રાખતી તનમનની દીપ્ત અને ગૌરવ સવિતામાં નથી. તનમન મરીને છૂટી: સવિતાને લેખકે કસબણ બનાવી.

મરવા પહેલાં હરકીશનદાસ રાત્રે 'જોર લાવવા' દવાની વાત કરે છે ત્યારે, તથા મરતી વખતે "હેત કરવા કોઈ હેમવર્ણી" ને બોલાવી લાવવા ધીરજલાલને આજ્ઞા ફરમાવે છે ત્યારે, તથા મરતી વેળાએ પોતાની ભત્રીજવહુ

કમળીનાં વસ્ત્રો ખેંચે છે ત્યારે અશ્લીલતાની પરાકાષ્ઠા જ થાય છે એ કાંઈ સત્ય નથી તેમ જ વાસ્તવિકતા પણ એના સાદા સ્વરૂપમાં નથી. એમાં જે કંઈ છે તે અતિશયોક્તિદ્વારા વ્યક્તિમાં રહેલી જનતીય વૃત્તિની અતિશયતાનું વિકૃત સ્વરૂપમાં આલેખન. આ જ વસ્તુમાંથી, આવાં કજોડાંમાંથી ઉત્પન્ન થતાં અનિષ્ટ પરિણામ તથા સ્ત્રીજીવનની હૃદયસ્પર્શી કરુણતા ચીતરી શકાયાં હોત. આર્યભાવનાની ગુણગાથા ગાનાર, પ્રાચીન સંસ્કૃતિની ઉજ્જ્વળતાને અહોભાવથી જોઈ તેનાં યશોગાન કરનાર મુનશીની કલમે આવા વિકૃત પ્રસંગને જ કેમ આલેખવા માટે લીધા હશે ? દલીલ ખાતર કદાચ માની લઈએ કે આવી વસ્તુ જીવનમાં બને છે: તો પણ નાટક દ્વારા રજૂ કરવાથી સમાજની કઈ સેવા થઈ શકશે ? લલિતાના દુઃખમાં વાચકને સમભાવ જાગે છે સવિતાના દુઃખ માટે તેમ થતું નથી. સવિતા લગ્ન પછી જે હિંમત બતાવે છે તે લગ્ન પહેલાં કેમ ન બતાવી શકી ? આવાં લગ્નને મૂંગે મોઢે સ્વીકાર્યાં કેમ ? શેઠના પંજામાંથી બચી જવા વેશ્યા બનવામાં એણે કઈ સિદ્ધિ મેળવી ? વેશ્યા થઈ પોતાની મા ઉપર કે સમાજ ઉપરનું વેર વાળ્યું ? જોઈતાને વિધવા બન્યા પછી સ્વીકાર્યો તો લગ્ન પહેલાં એની માગણીને કેમ નકારી ? આવા પ્રશ્નોની પરંપરા થાય પણ એનો ઉકેલ નાટકના વસ્તુમાંથી જડવો અશક્ય જ છે.

આમ આ ત્રણ સામાજિક નાટકોમાં સમાજજીવનને ગૂંચવતા કોઈ પ્રધાન પ્રશ્નનું નિરૂપણ નથી. પાત્રો અને પ્રસંગો પાછળ લેખકે એટલું ધ્યાન આપ્યું છે કે જે કંઈ પ્રશ્નની આછી છાયા હશે તે પણ લુપ્ત થઈ ગઈ છે. જીવનની વાસ્તવિક હકીકતો છે એવો દાવો પણ સ્વીકારી શકાય એમ નથી. નાટકોમાં અતિશયોક્તિના એટલા ઘેરા રંગ આવી ગયા છે કે એ અપ્રતીતિકર જ નહીં કૃત્રિમ બની જઈ, નાટકો ફારસ બની ગયાં છે.

પાત્રોના સર્જનમાં પણ ખાસ વૈવિધ્ય નથી. શ્રી. મુનશી વ્યક્તિત્વવાળાં પાત્રોના સર્જન માટે સુપ્રસિદ્ધ છે પણ વધારે ઝીણવટથી જોતાં આ બધાં પાત્રો એક જ બીબામાં ઢાળેલાં છે. રાધા, રંભા ને સવિતા; મગન, મોહન ને જોઈતો; વાવાશેઠ, રામદાસ ને હરકીશનદાસ વાસ્તવમાં એક જ સરખા સ્વભાવનાં લક્ષણો ધરાવતાં પાત્રો છે. પાત્રોનું જે કંઈ વૈવિધ્ય લાગે છે તે પ્રસંગોનું છે. આ બધાં પાત્રો સમાન સ્વભાવ ને વર્તનવાળાં હોવા છતાં જુદા જુદા પ્રસંગો વચ્ચે મુકાયાં હોવાથી વૈવિધ્યવાળાં હોવાનો ભ્રમ ઉત્પન્ન કરે છે. નાટકોમાંનું હાસ્ય

પણ પ્રસંગો દ્વારા નહીં પણ શબ્દોની રમત ને ધમાલિયા અભિનયથી રજૂ થયું છે.

'બ્રહ્મચર્યાશ્રમ' નાટક વસ્તુનિરૂપણ, રીતિ અને કટાક્ષમાં સામાજિક નાટકો કરતાં ઘણી રીતે જુદું પડે છે. અંગ્રેજી નાટકોના અભ્યાસે આપણા સાહિત્યકારોનું ધ્યાન વ્યક્તિના આંતરિક, માનસિક સંઘર્ષણ તરફ દોર્યું. 'સામાજિક નાટકો'માં આપણે જોયું એ પ્રમાણે વ્યક્તિને સમાજના રીતરિવાજ, રૂઢિ આદિની સાથે સંઘર્ષણમાં ઊતરવું પડે છે ને સંઘર્ષણ બાહ્ય બને છે. 'બ્રહ્મચર્યાશ્રમ'માં લેખકે બાહ્ય સંઘર્ષણને બદલે આંતરિક સંઘર્ષણ નિરૂપ્યું છે. શ્રી. મુનશી પોતાનાં ગાત્રોનાં માનસનું પૃથક્કરણ કરી એનું દર્શન કરાવનારા એક કુશળ કારીગર છે. ઘણી વાર વ્યક્તિના મનમાં જ ધર્મ અને અધર્મ, નીતિ અને અનીતિ, મોક્ષ અને કામ ને શ્રેય ને પ્રેય વચ્ચે તુમુલ યુદ્ધ ચાલે છે એમાં એ કોને વશ થાય છે એ કોયડો છે. જ્ઞાન, અભ્યાસ એક વસ્તુ છે ને જ્ઞાનાનુસારી વર્તન એ બીજી વસ્તુ છે. ઘણી વાર માણસ શ્રેયને બદલે પ્રેયને જ વશ થઈ સામાન્યતામાં સરી પડે છે. ગાંધીજીએ પોતાના અંગત અનુભવ ને સૂક્ષ્મ અભ્યાસ પછી વ્યક્તિના પ્રયાસોની સિદ્ધિ માટે બ્રહ્મચર્યના પાલનને એક આવશ્યક સિદ્ધાંત તરીકે ઉપદેશ્યો. પોતાની મર્યાદાને સમજ્યા વિના સામાન્ય મનુષ્યો ઘેલછાથી આવા સિદ્ધાન્તને વળગવા જાય છે ત્યારે કેવાં હાસ્યાસ્પદ અને વિકૃત પરિણામો આવે છે એના ઉપર આ નાટકમાં માર્મિક કટાક્ષ છે. સ્ત્રી એ પુરુષની મોટામાં મોટી નબળાઈ છે અને એ મોહમાંથી બચવું એ સહેલી વાત નથી, એ સનાતન વસ્તુને લેખક નવી જ રીતે નિરૂપી છે. આવી જ વસ્તુ ઉપર 'જાગતા રહેજો' 'ખંડિત કલેવરો' જેવી નવલકથાઓ પણ ગુજરાતીમાં લખાઈ છે.

સત્યાગ્રહની ચળવળમાં કેદમાં સપડાયેલા નરોત્તમ, મુરલીધર, મોટાભાઈ જેવા બૅરીસ્ટરો ને છોટુભાઈ પ્રોફેસર પોતાની પત્નીઓથી વિરહ અનુભવતા હોય છે. ડૉ. માધુભાઈ એ બધાને બ્રહ્મચર્યના ફાયદા અને એથી થતો આત્મોદ્ધાર સમજાવે છે. થોડીક દલીલને અંતે અખતરો કરી જોવાનું બધા સ્વીકારે છે ને એ પ્રમાણે જેલમાંથી છૂટ્યા પછી બ્રહ્મચારીઓનો આશ્રમ સ્થાપે છે. જેમ તેમ મનને પટાવી, દબાવી થોડાક દિવસ પસાર કરે છે ત્યાં આશ્રમનો રસોઈયો દાઝી માંદો પડે છે ને બદલામાં પોતાની ભાણેજ પેમલીને રસોઈ કરવા મૂકી જાય છે. ઘણે દિવસે સ્ત્રીનું દર્શન થતાં આ બધા કહેવાતા બ્રહ્મચારીઓ ઘેલા બની જાય છે અને પેમલીની આજુબાજુ ફૂદડી ફરવા મંડી પડે છે. અંદર અંદર યુદ્ધ પણ કરે છે ને છેવટે આશ્રમ તૂટી પડે છે. 'હરિનો મારગ છે શૂરાનો' ગાઈ બ્રહ્મચર્યના

ફાયદાની મોટી વાત કરનારા ડો. માધુભાઈ પણ પેમલીની પાછળ ઘણુ ઘની ગયા હોય છે.

નાટકનું વસ્તુ અગંભીર હોવા છતાં માર્મિક કટાક્ષ દ્વારા ઘાયું સૂચની બનય છે. સામાજિક નાટકોને મુકાબલે સ્થૂળ હાસ્ય ઓછું છે ને માર્મિકતા વધી છે. બૅરિસ્ટર, ડૉકટર અને પ્રોફેસરનાં પાત્રો પસંદ કરવામાં લેખકનો આશય કદાચ એમ દર્શાવવાનો હોય કે વિદ્વાન ગણાતા વર્ગના પુરુષો પણ આ નબળાઈથી બચી શકતા નથી; જ્ઞાન પણ પરયશતામાંથી ઉગારી શકતું નથી. પરંતુ આ નાટકનું જે કાંઈ મૂલ્ય છે એ પાત્રોનાં માનસિક આંતરિક વર્ષણો દર્શાવવામાં રહેલું છે. માણસને સમાજ કે સંજોગો સામે ઝઝૂમવું પડે છે, તેમ એને પોતાની આંતરિક વૃત્તિઓ સાથે પણ લડવું પડે છે ને એના ઉપર એના જયપરાજયનો આધાર છે.

અભિનયક્ષમતાની દષ્ટિએ આ નાટક આગલાં નાટકોને મુકાબલે નબળું છે. સંવાદ ને ચર્ચા વધારે પ્રમાણમાં છે ને ક્રિયા ઓછી છે. પ્રથમ અંક વધારે પડતો લાંબો છે. એમાં મોટાભાઈનો પ્રવેશ ને ડૉકટરના બહાર જઈને પાછા આવવા સિવાય કોઈ ક્રિયા થતી નથી ને સંવાદમાં પણ એક જ વાતની ચર્ચા વધારે લાંબી થયા કરે છે. ત્રીજાચોથા અંકનું પણ તેવું જ છે. એ બે અંક ભેગા કરી એક અંક સહેલાઈથી કરી શકાયો હોત ને નાટકને ત્રિઅંકી બનાવી શકાયું હોત. આ નાટકમાં એક બીજી વિશિષ્ટતા છે અને તે પાત્રો સાથે પ્રશ્ન અને પ્રસંગોના નિરૂપણને અપાયેલી મહત્તા. આ નાટકમાં પણ આગલાં નાટકોની માફક સંવાદ અને શબ્દોની કરામત દ્વારા જ મોટે ભાગે હાસ્ય ઉત્પન્ન કરાયું છે, છતાં બીજા અને ત્રીજા અંકમાં પ્રસંગમાંથી પણ હાસ્ય નિષ્પન્ન થાય છે. વળી શબ્દોની સ્થૂળતા ને માર્મિક કટાક્ષો પણ એની લાક્ષણિકતા ગણી શકાય. જુદા જુદા વર્ગનાં પાત્રોની ભાષા, વર્તન, વિચાર, ઢબછબ આબેહૂબ વર્ણવાયાં છે. આ બધાં લક્ષણો ધ્યાનમાં લેતાં 'બ્રહ્મચર્યાશ્રમ'ને શ્રી. મુનશીના વિશિષ્ટ પ્રહસન તરીકે ગણી શકીશું.

મનુષ્યસમાજમાં ને જીવનમાં જાતીય વૃત્તિનું કેટલું પ્રાબલ્ય છે, સમાજના નેતા ગણાતા અને વિદ્વાન ગણાતા લોકો પણ એમાં ફસાઈ કેવા નમાલા બની જાય છે એ લેખકે માર્મિકતાથી સરસ રીતે દર્શાવ્યું છે. એક રીતે શ્રી. મુનશીનાં બધાં જ સામાજિક નાટકોનાં નિરૂપણ પાછળ કામ કરતું બળ જાતીય વૃત્તિ જ છે; પણ આ નાટકમાં રહેલાં પ્રશ્ન ને વસ્તુને કારણે એ વધારે સુઘડ ને માર્મિક સ્વરૂપમાં રજુ છે. હાસ્ય પાછળ અર્થ અને હળવાશ પાછળ ગંભીર રહસ્ય મૂકી

બ્રહ્મચર્ય કેટલું દુઃસાધ્ય છે એ મુનશીએ સૂચવ્યું છે અને એ માટે જુદા જુદા વર્ગમાંથી લીધેલાં પાત્રોની પસંદગી પણ ઉચિત જ છે.

'બ્રહ્મચર્યાશ્રમ'ની માફક 'કાકાની શશી'માં લેખકે વર્તમાન સમયના પ્રશ્નનું કટાક્ષયુક્ત નિરૂપણ કર્યું છે. ઓગણીસમી સદીના પાછલા ભાગમાં સ્ત્રીસ્વાતંત્ર્ય વિશે જે જોરદાર 'ચળવળ' અને ભાવનાની વાતો આપણે ત્યાં થતી હતી તેનું સરસ કટાક્ષપૂર્ણ ચિત્રણ અહીં છે. ટેનિસને જેમ 'પ્રિન્સેસ' નામક કાવ્યમાં તેમ મુનશીએ આ નાટકમાં એ જ કાર્ય કર્યું છે. શિવગૌરી, વિધુમુખી, પીરોજા અને શશીકલા સ્ત્રીસ્વાતંત્ર્યનાં હિમાયતી છે. એમાંનાં ત્રણનાં જીવન કોઈ ને કોઈ કારણે અસંતુષ્ટ છે. જ્યારે શશીકલા આધુનિક કેળવણી પામેલી 'ગ્રેજ્યુએટ' કન્યા છે. એના પિતાના મૃત્યુ પછી મનહરલાલે એને પોતાની ભત્રીજી તરીકે ઉછેરી છે. બધાં સ્ત્રીપાત્રો સ્ત્રીસ્વાતંત્ર્યનાં હિમાયતી એટલે પુરુષવિરોધી તો ખરાં જ. શિવગૌરીને પોતાનો પતિ ગમતો નથી, વિધુમુખીનો પતિ શશીકલા પાછળ ગાંડો થયો છે. બધાં ભેગાં મળી સ્વાતંત્ર્ય કેમ પ્રાપ્ત કરવું એની ચર્ચા કરે છે આ બધામાં મનહરકાકા સ્ત્રીસ્વાતંત્ર્યની ચળવળના વિરોધી છે અને તક મળે ત્યારે એના ઉપર પ્રહાર કર્યે જ જાય છે નાટકમાં ઘર્ષણ બે પ્રકારે ઉદ્ભવે છે : એક તો શિવગૌરીનો પતિ, દુર્લભરામ જેવાનાં વાગ્બાણે શિવગૌરીને ઉઠાવી જવા તૈયાર થાય છે ત્યારે ને બીજું શશીકલા પોતાને નાનપણથી પાળીપોષીને મોટી કરનાર "કાકા" મનહરલાલ પાસે પોતાના પિતાની મિલકતનો હિસાબ માગે છે ત્યારે મનહરકાકાના મનમાં ઉદ્ભવે છે તે વાસ્તવમાં શશીકલાના પિતાની મિલકત હોતી જ નથી; પણ શશીકલાની માતાનું ખૂન કરીને એનો પિતા નાસી ગયો હતો ને એ જ વખતે મનહરલાલ ઉઘરાણીએ જઈ ચઢ્યા ત્યારે એમની નજરે એ કારમું ચિત્ર ચઢ્યું. એ જ વખતે 'કાકા' કહી નાખી શશીએ એમને બોલાવ્યા ને એનાથી આકર્ષાઈ મનહરલાલે શશીને ઉપાડી લાવી પાળીપોષી મોટી કરી. એને ઓશિયાળાપણું કે નિરાધાર અવસ્થા ન લાગે માટે એના પિતાનો વેપારમાં ભાગ હતો એવી વાત ખોટેખોટી કહી. વળી શશીકલાને દુઃખ ન પડે માટે મનહરલાલ જીવનભર કુંવારા રહ્યા. શશી જ્યારે આ બધું જાણે છે ત્યારે મનહરલાલના ત્યાગથી મૂંઝાઈ જાય છે ને એનું ઋણ ચૂકવવા મનહરલાલને પરણવાનો પ્રસ્તાવ રજૂ કરે છે.

નાટકનું વસ્તુ રહસ્યમય છે અને એ વસ્તુની ગૂંથણી પણ ચમકભરી લેખકે કરી છે. નાટકની શરૂઆતના અડધા ભાગમાં સ્ત્રીસ્વાતંત્ર્યની ચળવળ ઉપર

પ્રહાર કર્યા છે ને પાછલા અડધા ભાગમાં એ ચળવળનું પોલાપાણું ને શશી જેવી જીવનભર અપરિણીત રહેવાની વાત કરનાર સ્ત્રીના પણની પણ પોકળતા દર્શાવી છે. સ્ત્રી અને પુરુષ પોતપોતાના ક્ષેત્રમાં સ્વતંત્ર જ છે ને એકને બીજા વિના ચાલવાનું જ નથી એ વાત લેખકને કહેવી છે પણ તે ગંભીર રીતે નહીં. શ્રી. મુનશીને સામાજિક જીવનના કોઈ પણ પ્રશ્નને ગંભીરતાથી વિચારવાનું ગમતું નથી તેમ એના ઉપર બુદ્ધિપૂર્વક કટાક્ષ પણ ગમતો નથી. એમને ગમે છે વસ્તુનો અતિરેક કરી નાટકને ફારસનું સ્વરૂપ આપવાનું. શિવગૌરીને પોતાનો પતિ ગમતો નથી એટલે સમગ્ર પુરુષજાતને એ ધિક્કારે છે છતાં મનહરકાકા ઉપર મુગ્ધ થાય છે. વિધુમુખીને શશીની લતમાં પડેલા પતિને છોડાવવો છે. એ એ વાત તો સમજ્યા પણ શશી–જેને પુત્રીભાવે મનહરલાલે ઉછેરી છે, ભણાવી છે ને જે જીવનભર કૌમાર્ય પાળવાના કોડ સેવે છે એ શશી–કાકાના ત્યાગની વાત સાંભળી એની જોડે જ પરણવાની વાત મૂકે છે એ કેટલે અંશે ઉચિત છે એ એક વિચારવાનો પ્રશ્ન છે. એ જ્યારે કહે છે. "કાકા ! મને–મને-કાકી નહીં બનાવો ?" ત્યારે આપણને આઘાત થાય કે હસવું આવે? હસવું પ્રધાનપણે રહે છે. નાટક પ્રહસન છે; એને ગંભીર માપદંડથી માપવાનું નથી. શ્રી. મુનશીનો રિવાજ છે કે પોતાનાં સ્ત્રીપાત્રોને ચડાવી ચડાવીને કોઈ પુરુષને ચરણે નમાવી દેવાં. શશીને માટે એવા કોઈ પાત્રનું સર્જન ન થયું એટલે એને કાકાનાં જ ચરણોમાં નમાવી દીધી. ત્યાં પણ મુનશી કામનો જ વિજય દર્શાવે છે.

અભિનયની દૃષ્ટિએ નાટક ઘણું સફળ થાય એવું છે. શરૂઆતમાં કાર્ય સહેજ મંદ છે, છતાં પાછળથી એ વેગીલું બને છે. સંવાદની ગોઠવણ આકર્ષક અને વેધક છે. મનહરલાલની ઉક્તિઓ, શશીનો જવાબ, શિવગૌરીનો વાર્તાલાપ પ્રસંગની રજૂઆતમાં ઝમક લાવે છે. મનહરલાલે કરેલા ત્યાગ ઉપર શશિના પરણવાના પ્રસ્તાવના સ્વીકાર સાથે પાણી ફરી વળે છે, એ અંત કૃત્રિમ અને અસ્વાભાવિક છે એટલું જ નહીં પણ રુચિકર પણ નથી; જો નાટકના વસ્તુને સહજે ઔચિત્યની દૃષ્ટિએ નિહાળીએ તો; ફારસની દૃષ્ટિએ જોઈએ તો નહીં. છતાં સ્ત્રીસ્વાતંત્ર્યની ભાવનાના અતિરેક ઉપર લેખકે જે કટાક્ષો કર્યા છે એ સફળ અને સચોટ છે. લેખકે જે કહ્યું છે તે હળવું છે છતાં એમાંનું ઘણું સાચું છે શ્રી. મુનશીનાં સામાજિક નાટકોમાં 'કાકાની શશી' આગળ પડતું અને સારું નાટક છે

'પીડાગ્રસ્ત પ્રોફેસર અથવા સ્નેહસંભ્રમ' શિખાઉ પ્રયોગકારોને ભજવવા

માટે લખાયું છે, એટલે એનું વસ્તુ પણ એવું જ છે. મુનશીએ મધ્યમવર્ગના માણસોની ઠેકડી ઉરાડવાને જ કારણે, કેમ જાણે, સામાજિક નાટકો ના લખ્યાં હોય ! વકીલ આવ્યા, ડૉકટર આવ્યા, વેપારી આવ્યા તો પ્રોફેસર કેમ બાકી રહી જાય !

પ્રોફેસર પ્રીતમલાલ કાયમની માંદી અને ચીડિયણ બની ગયેલી પત્નીના પતિ હોવા છતાં કૉલેજના યુવાનો વચ્ચે પોતાનો રસ ટકાવી રાખી શકયા છે. એમની આજુબાજુ વિદ્યાર્થીઓનું—ખાસ તો છોકરીઓનું–વૃંદ ફર્યા જ કરે છે. એક વાર પોતાની જૂની વિદ્યાર્થિની વસુંધરાનો ભેટો થઈ જાય છે ને બન્નેના મનમાં જૂના ભાવ તાજા થાય છે. તેમનો પરસ્પર સંપર્ક વધે છે. પ્રો. પ્રીતમલાલ ઘરમાંથી વધારે વખત બહાર રહી વસુંધરાની પાછળ ફર્યા કરે છે, લોકોમાં વાત ચર્ચાય છે. વસુંધરાનો પતિ જોરાવરસિંહ દૂબળો, પાતળો અને બાયલો હોવા છતાં શરીરે પાટા ને વધારે કપડાં પહેરી જોરાવર દેખાવાનો દંભ કરે છે ને એક વાર એ વાત જાહેરમાં છતી થાય છે. વસુંધરાને પોતાના પતિની નિર્બળતાથી શરમ લાગે છે ને પોતાના પ્રિયતમ પ્રીતમલાલ જોડે ભાગી જવાનો નિર્ણય કરે છે. પણ અંતમાં જોરાવરસિંહ પોતાની કુનેહભરી વિનવણી ને ખંધાઈથી એ અટકાવે છે. પ્રીતમલાલ ભોંઠો પડે છે ને બધા વચ્ચે એની ફજેતી થાય છે. છેવટે બધા—એની પત્ની ધનકોર સુદ્ધાં—એના પ્રત્યે સમભાવ બતાવે છે.

નાટકનું વસ્તુ સામાન્ય છે. એમાંથી 'અર્થ' જ તારવવો હોય તો એમ કહી શકાય કે સ્ત્રીનો મોહ પ્રોફેસર જેવા વિદ્વાનને પણ સારસારનો વિવેક ભુલાવી ઉલ્લુ બનાવે છે. પ્રોફેસરનું પાત્ર કલ્પાય એટલા માટે જ લેવાયું હશે. નાટકમાં ધમક છે ને પ્રસંગો એક પછી એક બનતા હોવાથી રંગભૂમિ ઉપર આકર્ષણ ટકે છે. માયકાંગલો જોરાવરસિંહ જોરાવર દેખાવા પ્રયત્નો કરે છે અને એનો દંભ ખુલ્લો પડે છે, એ રમૂજ સરસ છે. એક રમૂજી મનોરંજક નાટક તરીકે "પીડાગ્રસ્ત પ્રોફેસર" એ સફળ કૃતિ છે.

'કાકાની શશી'માં મનહરકાકા કહે છે, "અર્વાચીન નારીને પુરુષના પૈસા જોઈએ છે પણ તે એની મરજી પ્રમાણે વાપરવા નથી; એને પરણવું છે ખરું પણ એને પુરુષનાં છોકરાં નથી જોઈતાં"—એ પ્રશ્નને 'ડૉ. મધુરિકા'માં લેખકે નિરૂપ્યો છે. આપણા સમાજના ધનિક અને શિક્ષિતવર્ગના લોકોમાં પાશ્ચાત્ય કેળવણીના સંપર્કથી જે વિચારસરણીનું વર્ષણ ઉદ્ભવ્યું છે એની આછી છાપ આ નાટકમાં પડી છે.

ડૉકટર થયેલી મધુરિકા બૅરિસ્ટર થયેલા નરેન્દ્રને પરણી છે. પણ લગ્ન વખતે કરેલી શરતોમાં એ મુખ્ય છે. એક તો નરેન્દ્રે મધુરિકાના મિત્રમંડળમાં અવરોધ ન કરવો ને બીજું બાળકો ન હોવાં જોઈએ. ઉત્સાહમાં નરેન્દ્ર આ શરતો સ્વીકારી લે છે; પણ પાછળથી એ બંધનો એને ઝેર જેવાં લાગે છે. બીજી બાજુ બીજો ડૉકટર ગૌરીશ પોતાની પત્ની અને પુત્રીની ઉપેક્ષા કરી મધુરિકા પાછળ ઘેલો બન્યો છે. મધુરિકા આખો વખત પોતાના મિત્રો જોડે રખડ્યા કરે છે અને સહચારની તીવ્ર ઝંખના સેવતો નરેન્દ્ર ઝૂર્યા કરે છે. ગૌરીશની ચબરાક પુત્રી વાસંતી નરેન્દ્રને કહેવા આવે છે કે મધુરિકાને એ બરાબર ઠપકારે. વાસંતીનું ચાતુર્ય ને બટકબોલાપણું નરેન્દ્રને ગમી જાય છે ને એની જોડે એ દોસ્તી બાંધી દે છે. મધુરિકાને નરેન્દ્રની આ નાના બાળક પ્રત્યેની મમતા પણ ખૂંચે છે અને કાં વાસંતી કે કાં મધુરિકા એમ એમાંથી એક નક્કી કરી દેવાનું ફરમાવે છે. નરેન્દ્ર રાત્રે એક સ્વપ્ન જુએ છે, જેમાં એ મધુરિકાની આંગળીઓ ગોળીથી ઉડાવી દે છે. સ્વપ્ન પૂરું થતાં નરેન્દ્રે વાસંતીની મૈત્રી છોડી ડૉ. મધુરિકાને સ્વીકારવાનું નક્કી કર્યું છે એમ કહે છે; પણ તે મધુરિકાનાં આંગળાં ઉડાવી દેવાની શરતે. મધુરિકામાં નરેન્દ્રનું આ બનાવટી પણ ઉગ્ર લાગતું સ્વરૂપ જોઈ પલટો આવે છે. એનું સુષુપ્ત માતૃત્વ જાગી ઊઠે છે અને નરેન્દ્રને બધાં વચનોમાંથી મુક્ત કરે છે.

નાટકનું વસ્તુ પ્રશ્નપ્રધાન હોવા છતાં એનું નિરૂપણ સચોટ બન્યું નથી. મૂળ ફિલ્મ માટે લખાયેલા 'સીનેરીઓ'નું નાટકમાં રૂપાન્તર કર્યું છે પણ નાટકને અનુરૂપ જીવંતતા એમાં આવી શકી નથી. આછી વસ્તુને નાટકમાં નિરૂપવા વધારે લાંબી કરી હોય એમ લાગે છે. નાટકનાં પાત્રોમાં મધુરિકા અને વાસંતીનાં આકર્ષક પાત્રોની પડછે નરેન્દ્ર આકર્ષક લાગતો નથી શ્રી. મુનશીનાં સર્જનોમાં બધાં જ સ્ત્રી પાત્રો તેજસ્વી છે ને!

સ્ત્રી ગમે તેટલી ભણેલી હોય અને સંતતિઅવરોધમાં માનતી હોય છતાં એ સ્ત્રી જ છે. એનામાં રહેલું માતૃત્વ ગમે ત્યારે પણ જાગી ઊઠે છે. વળી તેજસ્વી સ્ત્રીને જીતવા પુરુષે થોડીક ઉગ્રતા તો રાખવી જ જોઈએ એવું કંઈક આ નાટક દ્વારા લેખક સૂચવવા માગે છે. બીજાં નાટકોને મુકાબલે આમાં વિડંબન ઓછું છે. પ્રશ્નનું નિરૂપણ વિચારપુરઃસર થયું છે. છતાં ગૌરીશ જેવા દાક્તરનું પાત્ર સરજી લેખક દાક્તરોની ઠેકડી ઉરાડવાનું ચૂકયા નથી. વળી નાટકના

અન્તમાં નરેન્દ્રે મધુરિકાનું ખૂન કર્યું છે એમ માની નોકરો અંદરઅંદર લડે છે. એ તથા ગૌરીશ પોલીસ સુપરીન્ટેન્ડેન્ટને 'ફોન' કરે છે ને એ આવે છે એ કેટલું બેહૂદું લાગે છે ? બીજા અંકના પાંચમા પ્રવેશે નાટક પૂરું થયું હોત તો વધારે ઘેરી અસર કરનારું બનત. મધુરિકામાં આવેલો પલટો એટલો તો અણધાર્યો અને અચાનક છે કે એ પ્રતીતિકર બનતો નથી. વળી ગૌરીશને પણ લેખકે એટલી હદ સુધી બેવકૂફ બનાવ્યો છે કે એ પણ અવાસ્તવિક જેવો બની જાય છે. ધર્ષણની તીવ્રતાનો નાટકમાં અભાવ હોવાથી નાટકની રજૂઆત વેધક બની શકે તેમ નથી.

'છીએ તે જ ઠીક' આ નાટ્યકૃતિમાં શ્રી. મુનશી આપણા સામાજિક જીવનમાં આવતી નવી ફેશન ઉપર પ્રહાર કરે છે. આપણા યુવાનો સ્ત્રૈણ થતા જાય છે અને આપણી યુવતીઓમાં પૌરુષનાં લક્ષણો ખીલતાં જાય છે. યુવાનો સ્ત્રીઓની સુંવાળાશ અપનાવતાં થયા છે અને યુવતીઓ 'સ્લેકસ' જેવો પુરુષનો પહેરવેશ પહેરે છે. પરંતુ કટાક્ષયોગ્ય વસ્તુને શ્રી. મુનશી યોગ્ય ને પ્રતીતિકર બનાવી શકયા નથી.

નાટકનો નાયક જિતેન્દ્ર અને નાયિકા ઉર્વશી બંને પ્રેમમાં છે, પરંતુ પરણતાં નથી; કારણ : આત્માની એકતા સધાઈ નથી. જિતેન્દ્ર ઉર્વશીને આધુનિક કરવા મથે છે જ્યારે ઉર્વશી જિતેન્દ્રને ધાર્મિક અને આર્યસંસ્કારોવાળો કરવા માગે છે. કોઈક સાધુના ચમત્કારિક પ્રસાદથી બન્નેના આત્મા એકબીજા સાથે બદલાઈ જાય છે અને પછી બન્ને કંઈક વિચિત્ર રીતે વર્તે છે. પુરુષ જિતેન્દ્રના શરીરમાં ઉર્વશીનો આત્મા પ્રવેશતાં એ સ્ત્રૈણ હાવભાવ કરે છે અને ઉર્વશીના સ્ત્રીદેહમાં પ્રવેશેલો પુરુષ જિતેન્દ્રનો આત્મા પૌરુષ દર્શાવતો જાય છે. આ બન્નેનાં સગાંઓ પણ આ કૌતુક જોઈ આશ્ચર્યમૂઢ થાય છે. વળી ઉર્વશી પોતાની બહેન તિલોત્તમા જોડે પ્રેમ કરતી થઈ જાય છે ને એ દ્વારા સજાતીય પ્રેમનું ઉદાહરણ લેખક પૂરું પાડે છે. આ બધા ગોટાળાને અંતે આત્માનું સામ્ય સાધવા મથતાં આ બન્ને થાકી પોતાની અસલ સ્થિતિ પ્રાપ્ત કરવા ઝંખે છે ને બન્ને એ માટે પ્રાર્થના કરતાંવેંત પેલો સાધુ પ્રગટ થઈ બન્નેના આત્માઓને મૂળ સ્થાને મોકલે છે. આમ થતાં બન્ને પોતાની અસલ દશામાં આવી જાય છે.

નાટકને અભિનયક્ષમતાની દૃષ્ટિએ ખાસ સફળતા મળી નથી. આપણા સંસ્કૃત નાટક 'ભગવદજ્જુકીય'માં આવી આત્માની બદલીની વાત આવે છે,

પણ આ નાટકમાં એનાં વસ્તુ ને વાતાવરણ જોતાં આવી અદ્દલાબદ્દલીની વાત બેહૂદી લાગે છે. નાટકના પાયાની આ ખામી હોવાથી નાટકનો રસ ઊડી જાય છે. નાટકમાં બીજા કેટલાક ગ્રામ્ય અને એ કારણે અરુચિકર અંશો પેસી ગયા છે. ઉર્વશીનો પિતા જિતેન્દ્રને લગ્નની ઉતાવળ કરવાનું કહેવા આવે છે, એ વખતે "જોરજુલમથી લવમેકીંગ" કરવાની જે સલાહ આપે છે તે આ ગ્રામ્યતાની પરાકાષ્ઠા છે. વસ્તુસંકલના એટલી જ શિથિલ છે ને જે કટાક્ષ માટે આ નાટકનું વસ્તુ રચાયું છે તે અસ્પષ્ટ બની ગયું છે. કટાક્ષપ્રધાન કૃતિઓમાં હાસ્ય સાથે પણ જે રહસ્ય સ્ફુટ થતું હોય, જે સબળ પ્રહાર સામાજિક નિર્બળતાને ઉઘાડી પાડી દેતો હોય તે આ નાટકમાં કયાંય નથી. નાટક માત્ર સ્થૂલ હાસ્ય (Tom-foolery) ઠોળિયાબાજી રજૂ કરતી એક કૃતિ જેવું બની ગયું છે. એવા નાટકમાં પાત્રાલેખન વિશે પણ વિચારવાનું રહેતું નથી.

આટલી વીગતવાર ચર્ચાને અંતે શ્રી. મુનશીનાં સામાજિક નાટકોનો સરવાળે વિચાર કરવાનો રહે છે. આ બધાં જ નાટકો અભિનયક્ષમતાની દૃષ્ટિએ વધતેઓછે અંશે સફળ છે. નાટકમાં જરૂરી એવી પ્રસંગરચના, એ રચના પાછળનો ક્રિયાવેગ, એને રજૂ કરતાં પાત્રો અને સંવાદ મુનશી કૌશલથી રચી શકે છે. આપણાં બીજાં અભિનયક્ષમતાની ઊણપવાળાં નાટકોમાં બને છે તેમ મુનશીનાં નાટકોમાં બનતું નથી. પણ એને બીજી મર્યાદા નડે છે. એમ કહેવાય છે કે મુનશીનાં પાત્રોમાં વૈવિધ્ય હોય છે, એમને તેજસ્વી વ્યક્તિત્વ હોય છે અને એ સૌ એકબીજાથી એવાં ભિન્ન હોય છે કે શ્રી. મુનશી પાત્રસર્જક તરીકે ગુજરાતી સાહિત્યમાં અનોખું સ્થાન ભોગવે છે, પણ એમનાં સામાજિક નાટકોનાં પાત્રો માટે તો આ અભિપ્રાય સાચો લાગતો નથી. એમનાં પુરુષ તેમ જ સ્ત્રી-પાત્રો વધતેઓછે અંશે સ્વભાવનાં એકસરખાં જ લક્ષણો ધરાવનારાં છે. એમની નાયિકાઓ ચંચળ, રમતિયાળ, બંડખોર, તીવ્ર પ્રેમના આવેગયુકત અને અંતે પોતાના પ્રેમીને અનુકૂળ થનારી હોય છે. એમના નાયકો શરૂઆતમાં ઢીલા લાગતા, મશ્કરા, ધનિક ને પ્રેમ સિવાય બીજા કોઈ વ્યવસાય વિનાના, વકીલો ને દાકતરો, પ્રોફેસરો ને પંડિતો બધા જ આ લક્ષણો દર્શાવનારા હોય છે. મુનશીમાં જે વૈવિધ્ય છે તે પાત્રોનું નહિ પણ પ્રસંગોનું છે. સ્વભાવનાં સમાન લક્ષણો ધરાવનારાં આ પાત્રો જુદા જુદા પ્રસંગોમાં રજૂ થવાથી નવીન લાગે છે. શશી અને પેમલીના ભણતરમાં, ઉછેરમાં ને સંસ્કારમાં આસમાનજમીનનો ફેર હોવા છતાં માનસ ને સ્વભાવમાં સરખાં જ છે; ફેર માત્ર પરિસ્થિતિનો છે.

શ્રી. મુનશીએ પોતાના સાહિત્યસર્જનમાં "કલા ખાતર કલા" અને જીવનના

ઉલ્લાસનો સિદ્ધાંત સ્વીકાર્યો છે એટલે નાટક દ્વારા જીવનનું કોઈ રહસ્ય વ્યક્ત કરવાનું એમનાથી કદાચ બન્યું નથી. પોતાના મનમાં કોઈક અમુક પ્રકારના રસને માણવાનો તુક્કો ઊઠે એટલે એવા રસના ભોક્તા તરીકે કોઈક પાત્ર મુનશી સર્જે છે. એટલે જ એમના બૅરિસ્ટરો, દાક્તરો, પ્રોફેસરો આદિ એકસરખા રસલોલુપ છે. આર્યસંસ્કૃતિના પ્રેમી અને એના પ્રચારક, એમાં પોતાની અડગ શ્રદ્ધા વારંવાર વ્યક્ત કરનાર મુનશીને આર્યસંસ્કૃતિની ભવ્યતા રજૂ કરવા માટે અત્યારનું જીવન ક્ષુદ્ર લાગે છે. એ ભવ્યતા તો એમને વેદકાલીન પાત્રોમાં જ જણાય છે. અત્યારના પામર માનવીમાં પણ કોઈક અરુંધતી કે વસિષ્ઠ થવા પ્રયત્ન કરનારા હશે એમ એમને લાગ્યું નથી. આર્યતાના પૂજક ને અસ્મિતાના ગાયક મુનશીને વર્તમાન અને વર્તમાનનાં માનવી ઉપહસનીય જ લાગ્યાં એ એક આશ્ચર્યની વાત છે. મુનશી જેવા સર્જકે ધાર્યું હોત તો વર્તમાન જીવનની કોઈક એવી નિર્બળતા લઈ એક સરસ હૃદયસ્પર્શી કરુણાન્ત નાટક લખ્યું હોત! 'આજ્ઞાંકિત'માં એ તક મળી હતી. પણ મુનશીએ આ નાટકોને મજાક કરવા ખાતર જ લખ્યાં છે એટલે એ વિષે ઝાઝું કહેવાનું રહેતું નથી પણ એ મજાકમાં, એ કટાક્ષમાં પણ જે પ્રમાણ, જે સુરુચિ ને સત્ય હોવાં જોઈએ તે પણ ઓછાં છે. ભારતની અસ્મિતા અને આર્યસંસ્કૃતિની પૂજા અને ગૌરવથી પ્રેરાઈ એની ભવ્યતાનાં ગુણગાન ગાવા માટે શ્રી. મુનશીએ વેદકાલીન સમાજ પસંદ કરી પૌરાણિક નાટકોની રચના કરી. સામાજિક નાટકો પાછળ કામ કરતું બળ તે જાતીયવૃત્તિનું છે. મુનશી એ વૃત્તિને સબળ ગણી સમગ્ર સંસારના સંચાલકબળ તરીકે નિરૂપે છે. મુનશીનાં નાયક અને નાયિકા બધાં જ એ વૃત્તિનાં ભોગ બની એને વશ થઈ વર્તે છે. એમાંથી મુક્ત કોઈ નથી. બાળક શશીને પુત્રીવત્ પાળીપોષીને મોટી કરનાર કાકા પણ શશીને પરણી બેસે છે. જાતીયવૃત્તિનો ગુલામ બનતો વર્ગ સમાજનો શિક્ષિત ગણાતો વર્ગ જ છે, એમ કદાચ મુનશી સૂચવવા માગતા હોય. માટે જ મુનશીનાં આ નાટકો સમજવા ને માણવા માટે મુનશીએ ઉચિત ગણેલી વૃત્તિ સાથે સમભાવ કેળવી શ્રી. મુનશી જોડે સહમત થવાની જરૂર રહે છે, જે મોટાભાગના વાચકો યા પ્રેક્ષકો ભાગ્યે જ કરી શકે. આવાં નાટકોમાં ભાવનાનું સૌન્દર્ય તો અશક્ય છે, પણ સંવિધાન પણ આકર્ષકતાથી આગળ જતું નથી. પાત્રો અને પ્રસંગોમાં મઝા પડે છે પણ તેઓ અણીશુદ્ધ કસબની છાપ મૂકી જતાં નથી.

[ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનનું બુલેટિન નં. : ૧ ઑગસ્ટ ૧૯૫૪]

સમાનિ હૃદયાનિ વઃ

ઋગ્વેદમાં એક મંત્ર છે. એ મંત્ર કહે છે 'સમાનિ હૃદયાનિ વઃ' આર્યદ્રષ્ટા ઋષિએ આ મંત્રને ઋગ્વેદને અંતે મૂકયો છે. મંત્ર "અમારાં હૃદયો એક થાવ" કહીને સમાજને એક મોટું ધારક બળ ઉપદેશે છે. હૃદયની એકતા વિના કોઈ સમાજ ટકી શકે નહીં. પરંતુ હૃદયની એકતા કેળવાય કેવી રીતે ? એ માર્ગ સરળ અને સીધો નથી. સરળ નથી એટલે જ તો વેદના ઋષિને એ મંત્ર દ્વારા ઉપદેશવો પડયો છે. કોઈ પણ એક સમાજના સભ્યો સામાજિકો કહેવાય છે. આ સૌનાં કાર્યોની નીતિરીતિ જો એકરૂપ હોય, એમની પ્રગતિની દિશા પણ એક હોય, એમનાં આદર્શો અને ધ્યેયોમાં એકવાક્યતા હોય તો તો હૃદયની સમાનતા રચવાનો માર્ગ બહુ સરળ બને. કોઈ પણ એક સમાજમાં તેના સભ્યોની કાર્યનીતિમાં અને તેમનાં ધ્યેયોમાં એકરૂપતાની વાત કરવી કદાચ વદતોવ્યાઘાત જેવી લાગે છતાં સૌ પોતપોતાની વ્યક્તિમત્તાનું સ્વરૂપ સાચવી લોકસંગ્રહને માટે એકરૂપતા સાધે તો તેમાં કોઈ વિસંગતિ આવતી નથી. સમાનિ હૃદયાનિ વઃ નો અર્થ પણ લોકસંગ્રહને અર્થે જ છે.

આ મંત્ર રચાયાને આજે તો હજારો વર્ષ વીતી ગયાં છે. પરંતુ ત્યાર પછી આપણે ત્યાં સમાજવાદ, સામ્યવાદ કે સર્વોદયની જે રાજકીય અને આર્થિક ફિલસૂફી ઉદ્ભવી એના પાયામાં પણ સમાનિ હૃદયાનિ વઃ ના મંત્રનું હાર્દ રહેલું છે. સમાજના રાજકીય કે આર્થિક સંઘર્ષો સમાવવાની ભૂમિકા આ મંત્રમાં રહેલી છે. આપણા આર્યદ્રષ્ટા ઋષિને કદાચ ખબર હશે કે આ માનવસમાજ જેમજેમ વધારે પ્રગતિ કરશે, એની ભૌતિક સુખસમૃદ્ધિ વધશે તેમ તેમ એના સંઘર્ષો પણ વધશે. એવાં દર્શનથી જ એમણે ઋગ્વેદને અંતે સમાનિ હૃદયાનિ વઃ કહ્યું.

"બાઇબલ" માં એબલ અને કેન નામના બે ભાઈઓની એક વાર્તા છે. બન્ને ભાઈઓ હોવા છતાં કેનના મનમાં એબલની ઈર્ષ્યા જાગી અને એણે એબલનું ખૂન કર્યું. બાઇબલના મત પ્રમાણે દુનિયામાં આ પહેલી ભ્રાતૃહત્યા થઈ અને પછી તો ભ્રાતૃહત્યાનો તંતુ લંબાતો જ ચાલ્યો તે ઠેઠ આપણે જીવીએ

છીએ તે વિશ્વમાં પહોંચી ગયેા. સાથે સાથે સમાનિ હૃદયાનિ વઃનેા મંત્ર પણ વિસરાઈ ગયેા. માણસના લેાહીનું કેાઈ મૂલ્ય રહ્યું નથી. સસ્તું બનેલું માનવરક્ત ગમે ત્યાં અને ગમે તે કારણે ગમે તે હાથે રેડાવા લાગ્યું. આપણી રાજકીય ફિલસૂફીએ પણ લેાકસંગ્રહને બદલે લેાકસંખ્યાની આરાધના કરવા માંડી. એકલી લેાકસંખ્યા લેાકસંગ્રહનેા પર્યાય નથી. પરંતુ લેાકસંગ્રહમાં લેાકસંખ્યાનેા સમાવેશ થઈ જાય છે. અંગ્રેજીમાં પણ The greatest good of the greatest numberના સૂત્રની વાત આવે છે.

લેાકસંગ્રહનેા પાયેા સમાન હૃદયેાના મંત્ર ઉપર રચાયેલેા છે. આપણી શિક્ષણવ્યવસ્થા વંધ્ય બની. વર્ષેાના પ્રયેાગેાને અંતે પણ સમાનિ હૃદયાનિ વઃ ની પ્રતીતિકર શિક્ષા એ આપી શકી નહીં. આપણી ધર્મવ્યવસ્થા એના કરતાં પણ વધારે નિષ્ફળ નીવડી. કયારેક તેા ધર્મોએ તંગદિલી વધારવાનું કામ કર્યું. ધારણ કરે તે ધર્મ એવેા ને ધર્મનેા અર્થ થતેા હેાય તેા બધા જ ધર્મેા આપણને હૃદયધર્મનેા બેાધ આપતા હેાવા જોઈએ. પરંતુ એમ થયું નથી. આપણા દેશમાં જ્યાં દુનિયાના લગભગ બધા જ ધર્મેા ભેગા થયા છે ત્યાં બધા જ ધર્મેા પેાત-પેાતાનું અભિમાન લઈને પ્રગટ થયા છે અને જ્યાં અભિમાન આવે ત્યાં હુંસાતુંસી અને હમસચ્ચાઈ આવે, જ્યાં હમસચ્ચાઇ આવે ત્યાં હૃદયધર્મ વિસરાઈ જાય. આમ સમાના હૃદયાનિની ભાવના સ્થાપવામાં ન તેા શિક્ષણ સફળ થયું, ન તેા ધર્મ સફળ થયેા. આજે ભુલાયેલા આ હૃદયધર્મની પુનઃસ્થાપના સંમાજે પેાતે જ કરવાની રહે છે. ભુલાતાં જતાં સાચાં મૂલ્યેા અને સ્થપાતાં જતાં પ્રતિમૂલ્યેાનેા સામનેા પણ સમાજે પેાતે જ કરવાનેા રહે છે, સત્તાએ સત્યનું રક્ષણ કરવું જોઈએ પણ સત્તા સત્યનું રક્ષણ કરી શકી નથી. સત્તાએ કયારેક સત્યને ગૂંગળાવ્યું પણ છે. આપણી આજે છે તે વ્યવસ્થામાં સમાજે ઘણું સહન કર્યું છે અને સમાજને હજી પણ ઘણું સહન કરવાનું આવે પણ ખરું. આવી વેળાએ આપણી પ્રાર્થના તેા એક જ હેાઈ શકે :

"આપણું હૃદય ઉદાર રહેા, દૃષ્ટિ નિર્મળ રહેા અને બુદ્ધિ શુદ્ધ રહેા. આપણેા મંત્ર એક જ હેા "સમાનિ હૃદયાનિ વઃ"

[આકાશવાણીના સૌજન્યથી]

જીવનનો ધ્યાનમંત્ર

સંસ્કૃતિના ઉદયકાળથી માનવી પોતાના જીવનના સ્વરૂપ વિશે વિચાર કરતો રહ્યો છે. જીવનની વેદના અને એના આનંદ બન્નેએ એને મૂંઝવ્યો છે. સંસ્કૃતિના વિકાસના વિવિધ તબક્કે મનુષ્યે જીવનને કાં કેવળ વેદનામય ગણ્યું છે કાં કેવળ આનંદમય ગણ્યું છે પણ મનુષ્યને અલપઝલપ આવી જતી આનંદની લહેરખીમાં જીવન સવિશેષ વેદનામય લાગ્યું છે. પ્રાજ્ઞ પુરુષોએ આ વેદનામય જીવનની ગતિવિધિમાં આશાનું કિરણ શોધવાનો સતત પ્રયત્ન કર્યો છે. માનવજીવનનો આ કૂટ પ્રશ્ન સૌપ્રથમ ગ્રીક નાટકોમાં અને ત્યારપછી વિવિધ રીતે પશ્ચિમનાં નાટકોમાં કલાને આશ્રયે વ્યકત થયો છે. ગ્રીક નાટકકાર સોફોક્લિસ, ઈસ્ક્રીલસ અને અન્ય નાટકકારોએ ભીષણ પ્રકૃતિની સામેઝ ઝૂમતા અને પરાસ્ત થતાં માનવીનાં વિવિધ ચિત્રો આપ્યાં છે. આ ચિત્રો એવાં તો સચોટ અને જીવનસ્પર્શી બન્યાં છે કે ટ્રેજેડી એ નાટ્યકલાનો સર્વોત્તમ પ્રકાર રહ્યો છે. ગ્રીક નાટકકારોના સમયથી ઉદ્ભવેલો આ પ્રકાર વિવિધ સ્વરૂપો, આકારો અને સંદર્ભો ગ્રહણ કરતો શેકસપિયરથી માંડી આધુનિક નાટકકાર સેમ્યુએલ બેકેટ સુધી પ્રજ્ઞજીવનને પ્રભાવિત કરતો રહ્યો છે.

વીસમી સદીમાં બે મહત્ત્વની ઘટનાઓ બની. ફ્રોઈડના મનોવિજ્ઞાનની વ્યાપક અસર યુરોપ ઉપર અને ત્યાર પછી વિશ્વ ઉપર થઈ. વીસમી સદીમાં બબ્બે ભયાનક વિશ્વયુદ્ધો થયાં અને એ બધાંને કારણે માણસની રહી સહી મૂલ્યશ્રદ્ધા અને જીવનશ્રદ્ધા જતાં રહ્યાં. મનુષ્યના આંતરજીવનનો વિસંવાદ અને બુદ્ધિ અને ધર્મ વચ્ચેનો વિસંવાદ પ્રગટરૂપે કલામાં વ્યકત થવા લાગ્યાં. એના પરિણામરૂપે માનવી જીવનનીથી વિચ્છિન્નતા અનુભવવા લાગ્યો. પહેલા વિશ્વયુદ્ધ પછી લખાયેલા "વેસ્ટ લેન્ડ" માં આ વિચ્છિન્નતાનો જોરદાર પડઘો પડે છે.

"વેઈટિન્ગ ફોર ગોદો"નાં પાત્રોના હૃદયમાં પણ આ જ વ્યથા છે. સેમ્યુઅલ બેકેટ જીવન ઉપર વ્યાપી ગયેલા મૃત્યુની ભીષણતાની પ્રતીતિ કરાવતાં કહે છે કે 'They give birth astride of a grave, the light

gleams an instant and then it's night once more.' "ઈટ્સ નાઈટ વન્સ મોર"નું સૂત્ર વીસમી સદીની કલાકૃતિઓ ઉપર એવું તો આવરી ગયું છે કે નિર્ભ્રાન્ત થયેલો માણસ ચીસ પણ પાડી શકતો નથી. નિર્ભ્રાન્ત થવાની વેદના અતિ ઘણી તીવ્ર હોય છે. તમે જેને મૂલ્ય માન્યું હોય એ મૂલ્ય ન હોય, તમે જેને ઈશ્વર–સર્વેસર્વા-ન્યાયી માન્યો હોય એ ન્યાયી ન હોય, તમે જેને તમારાં માન્યાં હોય એ તમારાં ન રહ્યાં હોય એ નિર્ભ્રાન્તિ પચાવવાનું કામ ઘણું કપરું છે અને આધુનિક સમયનું સાહિત્ય અને આધુનિક સમયનું જીવન આ નિર્ભ્રાન્તિની વેદના તળે એવાં તો કચડાઈ રહ્યાં છે કે હજી એને કળ વળી નથી. પશ્ચિમના કલાકારોને વિભક્ત વ્યક્તિત્વ, ખંડિત ચેતના અને એમાંથી ઉત્પન્ન થતી સમસ્યાએ સતત મૂંઝવ્યા કર્યા છે.

આ રીતે મૂંઝાયેલા માનવીએ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવાને માટે તેમ જ એના મનનું સમાધાન શોધવાને માટે જાતજાતના પ્રયત્નો કર્યા છે. છેલ્લા બે દાયકાઓમાં આપણે ત્યાં ઉપજાવેલી ધ્યાનશિબિરો, અનેક પંથો, અનેક ગુરુઓ, ચમત્કારો અને ચમત્કારોમાંની શ્રદ્ધા અને માદક દ્રવ્યો દ્વારા વાસ્તવિકતાને ભૂલવાના પ્રયત્નો વગેરે આ બધાંના જ ભિન્નભિન્ન આવિષ્કારો છે. આમ આંતર-જીવનની વિસંવાદિતાને અને અશાંતિને શમાવવા માટેના પ્રયત્નો આજનો માનવી કરતો રહ્યો છે અને એનું કોઈ સુપરિણામ હજી એને પ્રાપ્ત થયું લાગતું નથી.

વિજ્ઞાનનો ઉદય થયો અને જેમ જેમ વિજ્ઞાનની અવનવી શોધો થતી ગઈ તેમ તેમ ભૌતિકવિજ્ઞાને જીવનથી આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોને અળગાં કર્યાં. એમાંથી જ માનવમનને મૂંઝવતી Loss of Identityની, હતાશાની અને વિચ્છિન્નતાની સમસ્યાઓ ઊભી થઈ. આ બધી સમસ્યાઓ ભારતમાં પણ આવી. બીજા વિશ્વયુદ્ધ પછી અને ખાસ તો ગાંધીજીના દેહાંત પછી ભારતીય વિચારસરણી અને રહેણીકરણી વધારે ને વધારે પશ્ચિમાભિમુખ થઈ અને તેને પરિણામે પશ્ચિમના સમાજને પજવતી બધી સમસ્યાઓ આપણે ત્યાં આવી. યુદ્ધે આણેલાં વિનાશનાં ભયંકર પરિણામો અને ભયંકર યાતનાઓ આપણે પ્રત્યક્ષ ન જોયાં હોવા છતાં, વળી યુદ્ધોત્તર પશ્ચિમના સમાજની સમસ્યાઓ આપણે ત્યાં બરોબર ન હોવા છતાં આપણા સાહિત્યકારો, કલાકારો અને ચિંતકો કંઈક દેખાદેખીથી કંઈક ફેશન તરીકે આ સમસ્યાઓને નિજી બનાવી–કદાચ પરાણે નિજી બનાવી–પોતે પીડાતા રહ્યા અને સમાજને પણ પીડતા રહ્યા.

આમ આધુનિક શિક્ષણથી સજ્જ થયેલો માનવી આવી આભાસી સમસ્યાઓથી આજે પીડાતો રહ્યો તો બીજી બાજુ બહુજનસમાજ જીવનના માંગલ્યમાં, જીવનની સમતામાં અને કર્મણ્યતામાં શ્રદ્ધા રાખીને પોતપોતાનું કામ આનંદથી કરતો રહ્યો છે. ભારતીય સંસ્કૃતિની એક વિશિષ્ટતા છે કે એણે ઈશ્વરને ક્રૂર, કડક અને આકરી શિક્ષા કરનાર કોઈ સરમુખત્યાર કલ્પ્યો નથી. ઈશ્વરનું સત્યમય, કલ્યાણમય અને આનંદમય સ્વરૂપ એ એની આગવી લાક્ષણિકતા છે. દિવસને છેડે માંડમાંડ પોતાનું દાડિયું રળી આનારો ભારતનો કોઈ શ્રમજીવી, ભીષણ યાતનાઓમાથી પસાર થતો કોઈ ભારતીય માનવી ઈશ્વરની અસીમ કરુણામાં શ્રદ્ધા રાખીને આશાના અને આનંદના કિરણની રાહ જોઈ પોતાનો જીવનપુરુષાર્થ કરે છે. ઈશાવાસ્યમ ઈદમ્ સર્વમ્ના ઉપનિષદ – પ્રબોધિત મંત્રમાંની એની શ્રદ્ધા આજે પણ એવી જ અડગ છે. એમાં જ જીવનના માંગલ્યની, જીવનના આનંદની, શ્રદ્ધાના અને આપણી સંસ્કૃતિના ભાવિની આશા રહેલી છે. આપણા જીવનનો આ જ ધ્યાનમંત્ર છે.

[આકાશવાણીના સૌજન્યથી]

જીવનવ્યવહાર અને સત્ય

માનવસંસ્કૃતિના લગભગ ઉદયકાળથી જ માનવસમાજે સત્યની પ્રતિષ્ઠા કરેલી છે. આપણાં તહેવારો, વ્રતો અને જીવનવ્યવહારોની પાછળ કોઈ ને કોઈ રીતે સત્યની પ્રતિષ્ઠા કરવાનો ધ્યેય છુપાયેલો છે, પરંતુ કાળના વહેવા સાથે તહેવારો, વ્રતો અને વ્યવહારો કેવળ રૂઢિ અને આચારો બની ગયાં છે. આપણા શાસ્ત્રકારોએ ઈશ્વરને સત્ય તરીકે ઓળખાવ્યો પરંતુ ગાંધીજીએ એ સૂત્રમાં ફેરફાર કરીને સત્યને જ ઈશ્વર કલ્પ્યું છે.

છતાં સત્ય એકાંતિક હોઈ શકે ખરું ? એવો પ્રશ્ન ઘણાંનાં મનમાં ઉદ્ભવે. જુદા જુદા ધર્મો, એક જ ધર્મના જુદા જુદા સંપ્રદાયો ભિન્નભિન્ન સત્યને આરાધે છે. જે એકને મન સત્ય છે તે કદાચ બીજાને મન સત્ય નથી પણ હોતું. છતાં આ બધા જ પોતે જેને સત્ય માને છે તેની આરાધના તો કરે જ છે. હિંદુ નીતિશાસ્ત્રે સત્યનો વ્યાપક અર્થ કરેલો છે. મહાભારતે તો સત્યના તેરેક પ્રકારો પણ કલ્પેલા છે. આ બધા અર્થોને તપાસીએ તો કયારેક પરસ્પરભિન્ન વસ્તુઓનો પણ સત્યમાં સમાવેશ થતો દેખાય છે.

સત્યનો એક અર્થ યથાર્થ કથન એવો થાય છે. જે વસ્તુ જેવી બની હોય તેવી ને તેવી કહેવી એ યથાર્થ કથન છે. સત્યનો બીજો અર્થ આ સૃષ્ટિનું નિયમન કરનાર પરમ તત્ત્વ–ઋત થાય છે. "સત્યથી જ સૂર્ય ઊગે છે" "સત્યથી જ પૃથ્વી સૌને ધારણ કરે છે" એવા શાસ્ત્રાદેશો છે. અહીં સત્યને આપણે ઊંચે-ઘણા ઊંચે-દરજ્જે લઈ જઈએ છીએ; સત્યનો ત્રીજો અર્થ પ્રતિજ્ઞાપાલન એવો થાય છે. પોતે આપેલું વચન કે લીધેલી પ્રતિજ્ઞા પાળવા માટે જે કંઈ વેઠવું પડે તો તે વેઠીને પણ તેનું પાલન કરવું એને સત્યના પર્યાય તરીકે ગણવામાં આવે છે, આ જ સંદર્ભમાં સત્યવાદી હરીશ્ચંદ્ર, દાનેશ્વરી કર્ણનાં કથાનકો આપણે ત્યાં સુપ્રસિદ્ધ છે આ સિવાય આપણે વિજ્ઞાનના સત્યની, ઇતિહાસના સત્યની, સાહિત્યના સત્યની વાતો કરીએ છીએ. આમ સત્યનું સ્વરૂપ બહુમુખી છે અને એ બધા અર્થોનો સમન્વય કરવાને માટે જ આપણા શાસ્ત્રકારોએ કહ્યું છે "એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ."

આમ છતાં જનસમુદાય તો સત્યને કેવળ ધર્મ અને સદાચારના પર્યાયરૂપે જ જુએ છે. એનું સરસ ઉદાહરણ આપણા સમાજમાં અતિશય પ્રચલિત એવા "સત્યનારાયણની કથાના વ્રત" દ્વારા મળે છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં ઘેર ઘેર પ્રચલિત આ વ્રત સો કે સવાસો વર્ષથી જૂનું નથી એમ પુરાણશાસ્ત્રના જાણકારો કહે છે. આમ તો પાંચ અધ્યાયની આ સત્યનારાયણની કથા એક કપોલકલ્પિત બાળવાર્તા જેવી કથા છે. છતાં એને સત્યની આરાધનાના વ્રત તરીકે ઓળખાવી શકાય અને તે સહેતુક પણ છે. આ વ્રતના સત્યરૂપી ઈશ્વરની પૂજા, તે અંગેનું કથાશ્રવણ અને પ્રસાદભક્ષણ એમ ત્રણ મુખ્ય અંગો છે.

મનુષ્યને સત્યના પથ ઉપરથી ચળાવનાર વૃત્તિ તે લોભવૃત્તિ છે અને એની સામે પ્રતિકારરૂપ જે બીજી વૃત્તિ છે તે ભયની છે. કથાકારે સાધુ વાણિયાનું રૂપક લઈને મનુષ્યસ્વભાવમાં રહેલી પાયાની આ બે વૃત્તિના આધારે સત્યનો મહિમા ગાયો છે.

છતાં સત્યનારાયણના વ્રતનો માનવજીવન માટે ઘણો મોટો અર્થ છે. નાની નાની વાતમાં જૂઠું બોલવું, લોભવૃત્તિને વશ થઈ સારાસારનો વિચાર કર્યા વિના સંપત્તિ પાછળ દોટ મૂકવી, એ જ હેતુથી પ્રેરાઈને અસત્યનો આશ્રય લઈ પારકાની સંપત્તિ પડાવી લેવી એ જે જનસમાજમાં સાધારણ રીતે જોવા મળે છે તેનો પ્રતિવાય આ વ્રતમાં છે.

સત્યનો આપણે જે અર્થ કરતા હોઈએ તે એ એકાંતિક હોય કે ન પણ હોય છતાં એનો એક અર્થ તો માનવહૃદયમાં અને માનવસમાજમાં દૃઢ થઈ ચૂકેલો જ છે અને તે એ કે સત્ય એટલે આપણી ધર્મબુદ્ધિ અને અંતરના અવાજ પ્રમાણેનું વર્તન. ભૂતદયા અને સત્યના આચરણ મારફતે જ મનુષ્યને સાચું સામર્થ્ય અને સાચી સંપત્તિ મળી શકે. શેકસ્પીઅરે એના સુપ્રસિદ્ધ નાટક "હેમ્લેટ"માં પુલોનીઅસ પાસે એના પુત્રને આપેલી આચારસંહિતામાં કહેવડાવ્યું છે–

To Thine ownself be True

It must follow, as the night the day

Thou canst not then be false to any man

પુલેાનીઅસનાં આ વચનેામાં આપણા જીવનવ્યવહારમાં સત્યની, અંતરના અવાજના સત્યને ઓળખીને ચાલવાની સમજૂતી દેખાય છે. આપણે આપણા અંત કરણને જ સાચા રહીએ તેા આપણે કયારેય અસત્યનું આચરણ કરીએ નહિ અને એ સત્ય જે માનવસમાજના વ્યવહારની ચાવી બને તેા જીવન સુંદર બને, જીવનનેા વ્યવહાર સ્વચ્છ બને.

આપણા લેાકકવિએ પણ એમ જ કહ્યું છે :

" સતિયા સત મત ચૂકીએ, સત ચૂકે પત જાય,
સતની બાંધી લક્ષ્મી ઘેર ઘેર ફેરા ખાય."

[આકાશવાણીના સૌજન્યથી]

માનવી માનવ

કવિ શ્રી. સુન્દરમે ૧૯૩૩માં પ્રગટ થયેલી એમની 'કાવ્યમંગલા'માંના 'માનવી માનવ' કાવ્યમાં લખ્યું હતું :

"મનુષ્ય જન્મ્યો મરતાં સુધી હું
હવે ખરો માણસ હું બની રહું,
જ્યાં પાય મારા તહીં શીષ મારું,
જ્યાં દેહ મારો તહીં હૈયું મારું.
વસુન્ધરાનું વસુ થાઉં સાચું
હું માનવી માનવ થાઉં તો ઘણું."

ગાંધીજીના ભારતમાંના પુનરાગમન પછી આપણા સાહિત્યકારોનું અને વિચારકોનું ધ્યાન માનવી તરફ દોરાયું. ૧૯૩૦ પછીના લગભગ દોઢ દાયકા સુધી આપણા વિચારકોની વિચારણા માનવકેન્દ્રી રહી. ૧૯૩૦નો આખો યુગ પ્રજ્ઞચેતનના ઉત્કુલનનો યુગ હતો. આ ઉત્કુલનમાં પણ ભુલાયો નહોતો માનવી. ગુલામીની બેડીઓ આપણને સાલતી હતી અને ગુલામીની વેદના હૃદયને શારી નાખતી હતી છતાં સમગ્રતયા પ્રજા નિરાશ નહોતી બની. સ્વાતંત્ર્યપ્રાપ્તિની યુયુત્સાનાં રણશિંગાં ફૂંકાતાં હતાં ત્યારે પણ માનવી માટેના ઉન્નત અને સમૃદ્ધ જીવનની અનેકવિધ શક્યતાઓ આપણા દ્રષ્ટાઓ પ્રગટ કરતા હતા. માનવી માત્ર બાંધેપીધે સુખી થાય, એની બીજી ભૌતિક જરૂરિયાતો સંતોષાય એટલાથી જ એમને સંતોષ થાય એમ નહોતો. એમને તો માનવીને સાચો માનવ બનાવવો હતો. માનવ શબ્દ સાથે જે જે ગુણોની સમૃદ્ધિ સંકળાયેલી છે તે બધી જ એને વરે એવી એમની અભ્યર્થના હતી અને પુરુષાર્થ પણ હતો.

પ્રકૃતિની શાશ્વતી લીલા તો એમને ગમતી જ હતી અને એ લીલામાંથી પ્રેરણાનાં પાન પીને એમણે પોતાની જીવનસમૃદ્ધિ મેળવી હતી છતાં પ્રકૃતિ કરતાં પણ એમને માનવઉરની સમૃદ્ધિની વધારે ઝંખના હતી. એટલે તો ઉમાશંકરે કહ્યું હતું :

"મને વ્હાલી વ્હાલી કુદરત ઘણી, કિંતુ અમૃતે
મનુષ્યે છાયેલી પ્રિયતર મને કુંજ ઉરની."

માનવીની આ માનવસમૃદ્ધિની અભિલાષાને કેન્દ્રમાં રાખીને આપણા કવિઓ, ફિલસૂફો, સ્વાતંત્ર્યસંગ્રામના સેનાનીઓ અને જીવનનાં નાનાંમોટાં ક્ષેત્રોમાં કામ કરનારા સેવકોએ પોતાની વિવિધ પ્રવૃત્તિઓ પ્રારંભી અને ચાલુ રાખી. ગાંધીજીના પ્રભાવની આ વિધાયક અસર હતી. માનવીને માનવ કરવાને સૌ કોઈને કટિબદ્ધ થવાનો એમનો મંત્ર હવામાં ચોગરદમ ઘૂમતો હતો.

ગાંધીયુગમાં માનવીનું માનવપણું પ્રમાણમાં સારું એવું ટકાઉ હતું. માનવી છેક જ સ્વાર્થરત, આત્મકેન્દ્રી નહોતો બન્યો અને છતાં આ મન્ત્રની ઉદ્‌ઘોષણા એ યુગમાં થઈ હતી. આજે તો એ વાત દૂરના ભૂતકાળની બની ગયેલી લાગે છે. આજે તો માનવીને માનવ બનાવવાનો મંત્ર જ સદંતર વિસરાઈ ગયેલો લાગે છે. એક બાજુ માનવી પૂર્ણ બનવાને માટે અનેક પ્રકારના સાચા-ખોટા-આભાસી પ્રયત્નોમાં પડીને આજુબાજુની દુઃખી અને અપૂર્ણ સમષ્ટિને વિસરી ગયો છે તો બીજી બાજુ જીવનની સારપને ગાળી નાખીને અસારવાદી દૃષ્ટિથી જીવતો માનવી માનવપણાની કંઈક જુદી જ વ્યાખ્યા કરતો, જુદા જ પ્રકારનાં મૂલ્યોમાં શ્રદ્ધા રાખતો, નવાં ધ્યેયો અને નવા મંત્રો અપનાવતો થયો છે.

અસ્તિત્વવાદી, અસારવાદી, વિચ્છિન્નતાવાદી દૃષ્ટિના આજના ધમસાણમાં માનવીનું માનવપણું વિસરાતું ગયું છે. આપણી કવિતા, આપણી વાર્તા, આપણી ફિલસૂફી, આપણી કાર્યરીતિ તમામ આ વિચ્છિન્નતાની ફિલસૂફીથી પ્રેરાયેલાં છે. વિધેયવાદી જીવનપ્રણાલિને બદલે આજનું જીવન નકારાત્મક વલણ અપનાવતું થયું છે. એક બાજુ જૂના વહેમો નવા લેબાસમાં આવતા થયા છે અને માનવીનું શોષણ કરતા થયા છે તો બીજી બાજુ જીવ ઉપર આવી ગયેલો માનવી જીવનની સારપને, એની ઉન્નત બાજુને પડકારીને એમાં શ્રદ્ધા ખોઈ બેઠો છે. આ બન્ને અંતિમોની વચ્ચે માનવમનનો વિરાટ હિંડોળો ઝોકમઝોલાં ખાય છે.

આ ઝોકમઝોલાંમાં માનવ શબ્દની આજુબાજુ વીંટળાયેલાં અદ્‌ભુત અને ભવ્ય લક્ષણો પણ ઝોલે ચઢેલાં છે. એ માનવીય લક્ષણોમાંથી જ બુદ્ધ, સોક્રેટીસ, ઈશુ ખ્રિસ્ત અને ગાંધીજી ઉદ્‌ભવ્યા છે. એમાંથી જ મુદા, નિખાલસતા, દયા, અહિંસા, બંધુતા, વીરતા અને સમર્પણની ભાવનાઓ જન્મી છે. આજના આ વ્યાધિગ્રસ્ત અને માનવતા વિસરી ગયેલા યુગ માટેની શ્રદ્ધા માનવીના આ જ માનવપણામાં ફરી પ્રગટાવવાની જરૂર છે. માનવશીષ ત્રિલોકને માપે કે ન માપે, એ પૂર્ણનું રહસ્ય પામે કે ન પામે પણ એ મનુષ્ય જન્મ્યો એટલે મરતાં સુધી મનુ-જન્મનું ઋણ, માનવસમાજમાં માનવપણું પ્રગટ કરવાના પુરુષાર્થ દ્વારા પૂરું કરી શકે એમાં જ આ યુગ માટેની શ્રદ્ધા છે. [આકાશવાણીના સૌજન્યથી]

ઊણાં ઊણાં સુખો સહુ મુજને લાગતાં

હમણાં જ ડબ્લ્યૂ એચ. ડેવીસનું એક સરસ કાવ્ય વાંચ્યું. આ કાવ્યનો ભાવાર્થ આ પ્રમાણે છે :

વનઉપવનમાં જીવન કેવું મધુરું છે ! ભૂખ્યાં બાળકોના ભૂખના ચિત્કાર અહીં સંભળાતા નથી, ચિંતાથી ફિક્કા પડી ગયેલા નારીચહેરાઓ પણ અહીં દેખાતા નથી. શ્રમથી ભાંગી પડતા માણસો પણ અહીં નથી.

માનવદુઃખોથી દૂર ભાગી જવામાં સ્વાર્થીપણું તો છે જ અને ગરીબાઈમાં કરમાતા માણસોની જે અવગણના કરે છે એના જેવો સ્વાર્થી બીજો કોઈ નથી.

છતાં પણ ખૂણેખૂણામાં ક્ષુધાર્ત માણસોને જોયા કરવા, તેમને મદદ કરવાને આપણું હૃદય આતુર હોય અને હાથો ખાલી હોય એના જેવું શાપિત જીવન બીજું કયું હોઈ શકે ?

આ મહાન પ્રતિમાના પગની નીચે જ માણસોને હું ભૂખથી ટળવળતાં જોઉં છું ત્યારે કયે મોઢે એ પ્રતિમાની હું પ્રશંસા કરું ? આ ઉપવનનાં વૃક્ષોની નીચે જ કશા પણ છત્ર વિનાના માણસો લાચારીથી બેસી રહેતા હોય ત્યારે એ વૃક્ષોને હું કેવી રીતે માણી શકું ?

સહાયયાચકો જો ઓછા હોત તો તો હું સહાય માટે શક્તિમાન બન્યો હોત અને તેમની દયા ખાવામાં મારા આનંદને ગુમાવ્યા વિના હું દરેક શહેરમાં તેમને મદદ કરવાને દોડી જાત.

પરંતુ હું જ્યારે જ્યારે મોટાં ગણાતાં સ્થળોમાં જાઉં છું ત્યારે ત્યારે હજારો ક્ષુધાર્તોના પીડિત ચહેરાઓ મારી સામે વરુની ભૂખાળવી આંખથી તાકી રહેતા મને દેખાય છે અને મારી પાછળ દર્દના આર્ત ઉંકારા અને નિઃસાસાઓ મને સતત સંભળાયા કરે છે.

ડબ્લ્યૂ એચ. ડેવીસ એક આધુનિક કવિ છે. આ નાનકડા કાવ્યમાં એણે વર્તમાન જીવનની એક કપરી સમસ્યા કાવ્યમય વાણીમાં કહી દીધી છે. સુખી ઘરનાં લોકો વારતહેવારે, રજાઓમાં જીવનની મઝા માણવાને માટે હીલસ્ટેશનો ઉપર જાય છે, વનઉપવનોમાં જાય, નવાં નવાં નગરો, નગરોની ઇમારતો, ઇતિહાસની પ્રતિમાઓ જુએ છે, વખાણે છે–અને એમ જીવનનો આનંદ લૂંટે છે. પરંતુ આની જોડાજોડ જ પુસ્તકના પાનાની બીજી બાજુની જેમ જ જેમને ઘર નથી, જેમને ખાવાનું મળતું નથી, પહેરવાનું મળતું નથી, જેમને જીવનની જરૂરિયાતોનો ઇનકાર થયો છે તેવા અસંખ્ય ક્ષુધાર્ત ચહેરાઓ પણ છે—ત્યાં જ છે. પણ એ ચહેરાઓ હોવા છતાં એને જોવાને માટે તો માણસ પાસે સમસંવેદનો જોઈએ. પણ એવાં સંવેદનો જાગે પછી શું ? કવિને તો એની પણ મૂંઝવણ છે. એને તો પોતાની લાચારી ઉપર તિરસ્કાર છૂટે છે.

But it is a wretched life to face
Hunger in almost every place,
Cursed with a hand that is empty when
The heart is full to help all men.

"ત્રણ પાડોશી"ના કાવ્યમાં સુન્દરમનો આ જ પ્રશ્ન હતો, "હરિનાં લોચનિયાં"માં કરસનદાસ માણેકની પણ આ જ વેદના હતી. સહાય કરવા માણસનું હૃદય તત્પર હોય અને હાથ ખાલી હોય એની વેદના ઘણી મોટી છે. છતાં આજે ભૌતિક સમૃદ્ધિમાં જડ બનતી જતી માનવીની હૃદયતંત્રીનો એક તાર પણ આવી સંવેદનાથી રણઝણી ઊઠે અને એને કવિ ડેવીસની માફક જો—

" Befor me stares a woolfish eye
Behind me creeps a groan or a sigh "

નો ભાવ થાય તો એમાં હજી પણ માનવી માટેની શ્રદ્ધા રહેલી છે. માનવીની માનવી તરીકેની મહત્તા એની આ સંવેદનશીલતામાં જ છે. એમાં જ એનું માનવપણું છે. હું માનવી માનવ એટલે આ જ.

માનવીનો એક માનવદેહ છે અને તે માનવ તરીકે ઓળખાય છે. માનવીનો બીજો આંતરદેહ છે અને તે માનવતા તરીકે ઓળખાય છે. માનવીનો

સ્થૂળ દેહ અને તેમાં રહેલો માનવતાવાદી આંતરદેહ એ બેનો સમન્વય થાય ત્યારે જ સાચો માનવ બને આપણા એક જાણીતા કવિની વાત યાદ આવે છે. એમણે કહેલું કે માનવીને સુખથી સંતોષ નથી એને તો પોતાની સુખસમૃદ્ધિનું પ્રદર્શન કરવું છે. જો વહેંચીને લે તો તો સૌ શોભી ઊઠે ત્યારે ખરી વાત આ વહેંચીને લેવાની છે. સુખ અને દુઃખ બન્ને વહેંચીને લેવાનાં છે. ગાંધીજીના જીવનકાર્યનો પણ આ જ મંત્ર હતો. ગાંધીજીએ ત્યારે દરેક આંખમાંથી આંસુનું દરેક ટીપું લૂછવાની વાત કરી ત્યારે એમણે વાત તો આ વહેંચીને લેવાની જ કરી. જગતના ઉદ્ધારનો આ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

नान्यः पन्था विद्यते अयनाय ।

[આકાશવાણીના સૌજન્યથી]

ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

વિવેચનને જીવનસાધનારૂપે સ્થાપનાર, પોતાના ઉકત ઉચ્ચગ્રાહને અધિકતમ અભિવ્યક્તિ આપવા માટે સતત જાગ્રત રહેનાર પ્રો. વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદીની સાહિત્યકલા-સમાલોચનપ્રવૃત્તિ એ ગુજરાતી સાહિત્યના ઇતિહાસની નોંધપાત્ર અને સ્મરણીય ઘટના છે. પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી છેલ્લી અડધી સદીથી ગુજરાતના સાહિત્યસંસ્કારક્ષેત્રે એક મૂર્ધન્ય વ્યક્તિ તરીકે સુપ્રતિષ્ઠિત છે.

વિવેચ્ય વિષયનું પરિશીલન, અભિજાત, અનાકુલ વિવેકબુદ્ધિ, અભય તાટસ્થ્ય, તેજસ્વી તત્ત્વાભિનિવેશ, અવિરત સ્વાધ્યાય, સૌન્દર્ય અને સત્ય સાથેનું અભિસન્ધાન અને આર્ય ભાવનાઓ તથા આર્ય મૂલ્યો પ્રત્યેનો સમાદર પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની સહૃદયતાના ઊજળા અને ચિરંજીવ અંશો છે. ઉચ્ચ રુચિ, વિદ્વત્તા, તથા મનનથી જીવન અને સાહિત્યના પારસ્પરિક સંબંધની સૂક્ષ્મ સમજથી તેમજ શૈલીની સુભગ વિશિષ્ટતાથી એમણે માત્ર વિવેચક લેખે જ નહીં, એક ચિંતક અને વિદ્યાપુરુષ તરીકે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અંગ્રેજી, સંસ્કૃત અને ગુજરાતી ભાષાસાહિત્યના ગાઢ પરિશીલનથી સુસજ્જ અધ્યાપક તરીકે સુખ્યાત છે. એમનાં વિચારચિંતનની દીક્ષા પામીને અનેક વિદ્યાર્થીઓએ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. એમના વ્યકિતત્વના જીવંત સ્પર્શથી અનેકને સાહિત્ય અને જીવન પ્રત્યે વિશિષ્ટ દૃષ્ટિ મળી છે. ગુજરાતના તેમ દેશના અગ્રણી પંડિતોમાં એમની ગણના થાય છે. જૂની અને નવી પેઢીના તેઓ સરખા આદરણીય માર્ગદર્શક રહ્યા છે.

૧૯૨૦થી શરૂ થયેલી એમની શારદોપાસના આજપર્યંત ચાલુ રહી છે. પ્રમાણમાં ઓછા પણ સત્ત્વગરવા અને ગુજરાતી વિવેચનવાઙમયના ગવતંસ સમા એમનો પુરુષાર્થ એમને સહૃદયકુલકેન્દ્રરૂપે સ્થાપે છે. માધુર્ય અને રમણીયતા આ પ્રબુદ્ધ અને સર્વરસજ્ઞ ભાવકની લેખિનીમાંથી સદા સ્રવે છે.

૧૯૪૬ માં "ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા" માટે નિમંત્રી મુંબઇ યુનિવર્સિટીએ અને ૧૯૬૦ માં "ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા"ના

પ્રથમ વ્યાખ્યાતારૂપે નિમંત્રી ગુજરાત યુનિવર્સિટીએ એમનું અભિવાદન કર્યું છે.

"વિવેચના", "પરિશીલન", "અર્વાચીન ચિન્તનાત્મક ગદ્ય", "ઉપાયન", "ગોવર્ધનરામ" "આદિ ગ્રંથોમાં સંધરાયેલી એમની અક્ષરસંપત્તિ આપણી વિવેચનાનો એક મહિમાભર્યો અધ્યાય છે.

૧૯૪૪ના વર્ષનો રણજિતરામ સુવર્ણચંદ્રક અને ૧૯૫૪માં નર્મદ સુવર્ણચંદ્રક પામનાર આ મનીષીએ અનેક સંસ્કારસંસ્થાઓનું નેતૃત્વ કર્યું છે. ૧૯૨૦ થી ૧૯૬૦ સુધીની ચાર દાયકા સુધીની સૂરતની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની એમની સેવાએ આ પ્રદેશમાં કેળવણીના ક્ષેત્રમાં કેટલીક ઉચ્ચ પ્રણાલિકાઓ પાડી છે. ૧૯૪૧માં અંધેરીમાં મળેલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં ભાષાવિજ્ઞાનવિભાગના, ૧૯૪૯માં જૂનાગઢના અધિવેશનમાં સાહિત્યવિભાગના અને ૧૯૬૧માં કલકત્તામાં મળેલા ગુજરાતી સાહિત્યપરિષદના અધિવેશનના પ્રમુખ તરીકે તેઓ વરાયા હતા. રાષ્ટ્રીય સાહિત્યસંસ્થા સાહિત્યઅકાદમી – દિલ્હીના તેઓ સભ્ય હતા. સૂરતના ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનના તેઓ અધ્યક્ષ હતા. સૂરતની પ્રતિષ્ઠિત સાહિત્યસંસ્થા નર્મદ સાહિત્યસભાના તેઓ પ્રમુખ છે અને અનેક યુનિવર્સિટીઓનાં વિવિધ-અધિકારમંડળોમાં એમણે પોતાની સેવાઓ આપી છે. એમના ષષ્ટિપૂર્તિ સન્માન-પ્રસંગે તૈયાર કરવામાં આવેલા 'ઉપાયન' નામના સુપ્રકીર્તિત ગ્રન્થને કેન્દ્રસરકારનો ૧૯૬૨નો પુરસ્કાર મળ્યો છે.

સાત્ત્વિકતા અને વિવેક પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનાં હૃદયમનના પ્રધાન ગુણો છે. સાહિત્યસંસ્કારના અને સમાજના પ્રશ્નો તેઓ ક્ષુબ્ધ થયા વગર વિચારે છે ને આઘાત આપ્યા વિના પોતાનો અભિપ્રાય દૃઢતાથી વ્યક્ત કરે છે. એમનું તત્ત્વશોધક વિવેચન અને અન્ય વિષયો ઉપરનું એમનું ચિંતન, બદલાતી જતી સાહિત્યરુચિ અને સાહિત્યવિભાનાના આ સમયમાં પણ, એની દૂર, ઊંડું અને ઝીણું જોવાની શક્તિને લીધે આસ્વાદ્ય ને મનનીય રહ્યું છે. એમની શૈલી લાઘવગુણી, પરિમાર્જિત, હાર્દદ્યોતક અને ગીર્વાણગિરાનાં શબ્દકુસુમોથી સૌરભભરી છે. પદોને ઔચિત્યપૂર્વક યોજી વાક્યોમાં વિશિષ્ટ અને હૃદયરંજક લય નિપજાવવો, અર્થસમર્પકતા અને સુરેખતા માટે શક્ય અને સમુચિત હોય ત્યાં તળપદા પ્રયોગોનો ઉપયોગ કરી તેઓ અભિવ્યક્તિને ચર્વણાક્ષમ બનાવે છે. શૈલીકાર

વિષ્ણુપ્રસાદની સ્મરણીય સેવા બનવા સર્જાયેલી એમની પર્યાયનિર્માણપટુતા એમની લેખનરીતિનો વિશેષ છે.

પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ સૂરતને પોતાનું નિવાસસ્થાન કરી ગુજરાતના આ પ્રદેશને એમની પ્રતિભાનો વિશેષ લાભ આપ્યો છે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની કલ્પના કરનારાઓમાંના તેઓ એક છે ને એ યુનિવર્સિટીનાં સ્વરૂપ અને કાર્યની ઝાંખી પણ એમણે એમના કેળવણીવિષયક લેખોમાં કરાવી છે.

શ્રુત, શીલ અને પ્રજ્ઞાથી બ્રાહ્મણત્વને દીપાવનાર આ તપઃપૂત વિવેચકવર્યને માનદ વિદ્યાવાચસ્પતિની–ડૉકટરટ ઑફ લેટર્સની–ઉપાધિ એનાયત કરીને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પોતે ગૌરવની લાગણી અનુભવે છે. આ પદવી અર્પણ કરી આપણે સંસ્કારપ્રિય પ્રજાનો ધર્મ આચરીએ છીએ અને કૃતાર્થતા અનુભવીએ છીએ.

[દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પદવીદાનસમારંભ પ્રસંગે, તા. ૨૮–૧૧–'૭૧]

ડૉ. ચંદ્રવદન મહેતા

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સેનેટે સૂરતના એક મહાન સપૂત નાટ્યાચાર્ય ચંદ્રવદન મહેતાને ડૉકટર ઑફ લેટર્સની માનદ ઉપાધિથી નવાજવાનો જે નિર્ણય લીધો છે તે આ યુનિવર્સિટી માટે તેમ જ જે પ્રદેશની શૈક્ષણિક અભીપ્સાઓને એ વ્યકત કરે છે તે સમગ્ર દક્ષિણ ગુજરાત પ્રદેશને માટે એક મહત્ ગૌરવનો પ્રસંગ છે. આ પ્રસંગે સને ૧૯૭૧માં યોજાયેલા આવા જ એક પ્રસંગનું સ્મરણ સ્વાભાવિક જ થાય છે. જે વ્યકિતએ વિનયન વિદ્યાશાખાના તે સમયના અધ્યક્ષ તરીકે ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને ડૉકટર ઑફ લેટર્સની પદવી અર્પવાનો પ્રસ્તાવ કર્યો હતો તેને જ આજના વિનયન વિદ્યાશાખાના વડા તરીકે આજે શ્રી. ચન્દ્રવદન મહેતાને પણ એ ઉપાધિ અર્પવાનો પ્રસ્તાવ રજૂ કરવાનું સદ્ભાગ્ય સાંપડયું છે એ એક અંગત સંભારણારૂપે પણ સ્મૃતિભોગ્ય અને ગૌરવપ્રદ પ્રસંગ છે.

'ઘરને ત્યજીને જનારને મળતી વિશ્વતણી વિશાળતા' એ શ્રી રાજેન્દ્ર શાહની કવિતાના શબ્દો 'ચં. ચી.' કે 'સી. સી.'ના હુલામણા નામે સર્વત્ર લાડકા થયેલા શ્રી. ચન્દ્રવદન મહેતાના જીવનમાં પૂર્ણરૂપે ચરિતાર્થ થયેલા જોઈ શકાય. સૂરતના આ સપૂત ઉપર એકલા સૂરતનો જ નહિ બલ્કે જગતના જુદા જુદા અનેક નાટ્યપ્રેમીઓ અને સંસ્કારપ્રેમીઓનો સ્નેહાધિકાર હવે તો સ્થપાઈ ચૂકયો છે. કોઈ પણ એક વ્યકિતના જીવન માટે આ એક પરમ સંતર્પક સિદ્ધિ ગણાય. આવી સિદ્ધિ પ્રાપ્ત કરનાર શ્રી. ચન્દ્રવદન મહેતા માટે સ્વાભાવિક રીતે જ આપણે ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને એના પ્રતીકરૂપે આજે એમને આ પદવી અર્પણ કરીએ છીએ. જો કે આમ કરવું તે તો આપણો યત્કિંચિત ગુણાનુરાગ વ્યકત કરવાનો એક ઉપચારમાત્ર ગણાય.

શ્રી. ચન્દ્રવદન મહેતાને આજે તો ભારત અને દુનિયાના ઇતર દેશો નાટયકાર, નટ, નાટયદિગ્દર્શક અને નાટ્યવિવેચક તરીકે ઓળખે છે. પરંતુ ગુજરાતને તો તેમનો એક અચ્છા કવિ તરીકેનો પણ ઘનિષ્ઠ પરિચય છે. યુવાન વયે એઓ પ્રો. બળવંતરાય અને નરસિંહરાવ દીવેટિયા જેવા પંડિતયુગના મૂર્ધન્ય કવિઓના ગાઢ પરિચયમાં આવ્યા. તે સમયના સાહિત્યપ્રતિભા ધરાવતા યુવાનો પર વૈચારિક

દૃષ્ટિએ મહાત્મા ગાંધીનો અને કવિતાપ્રવૃત્તિ પરત્વે પ્રો. બળવંતરાય ઠાકોરનો ઘેરો પ્રભાવ હતો. એમના પ્રભાવ અને પ્રેરણા નીચે શ્રી. ચન્દ્રવદને ઈ. સ. ૧૯૨૬ માં 'યમલ' નામે સૉનેટગુચ્છનું પ્રકાશન કર્યું. આમ 'યમલ' એ એમની સર્જક-પ્રતિભાનો પ્રથમ સ્ફુલ્લિંગ. ત્યાર પછી બીજે જ વર્ષે (ઈ. સ. ૧૯૨૭) માં 'અબોલા' નાટક પ્રસિદ્ધ કર્યું. આમ આરંભે એમની કવિપ્રતિભા અને નાટ્યપ્રતિભા બન્ને લગોલગ વિકસી. પરંતુ ૧૯૩૩ માં લખેલા 'આગગાડી' નાટકથી એમને એમની સાહિત્યયાત્રાનો રાજમાર્ગ સાંપડી ચૂકયો. આમ છતાં અહીં એ વાત ઉલ્લેખનીય છે કે ગુજરાતી કાવ્યસાહિત્યમાં ભાઈબહેનના ઋજુમધુર હૃદયભાવો નિરૂપતાં 'ઈલાકાવ્યો' જેવાં કાવ્યો ગુજરાતના અન્ય કોઈ કવિએ આપ્યાં નથી. કવિ તરીકે આ એમનો અભિવ્યકિતવિશેષ ગણાવો જોઈએ.

ચન્દ્રવદન ગુજરાતના મૂર્ધન્ય નાટયાચાર્ય છે. ગુજરાતી નાટક એના સર્વાંગે એમની જીવનસાધનાનો વિષય રહ્યો છે. નાટક એ જ એમના જીવનનું ધ્રુવપદ, એ જ એમનો ધર્મ અને એ જ એમનું આચરણ એનો ઉત્કર્ષ એ જ સતત એમની ચિંતા અને ચિંતનનો વિષય રહ્યો છે. એનો સર્વાંગી વિકાસ એ જ એમનો અભિલાષ, એ જ એમનું સ્વપ્ન. ટૂંકમાં ચન્દ્રવદન આજીવન ગુજરાતી નાટક સાથે ઓતપ્રોત રહ્યા છે. બીજી રીતે એમ કહી શકાય કે ગુજરાતની તો શું કોઇ પણ પ્રદેશની રંગભૂમિ અને નાટકને ચન્દ્રવદન જેવો અનન્ય ઉપાસક વારે વારે મળતો નથી. ચન્દ્રવદનમાં ગુજરાતી નાટયને એના ભરત ને વ્યાસ સાથે લાગા સાંપડયા છે. આપણે ત્યાં અને ખાસ તો ગુજરાતમાં નાટક-રચયિતા લેખકો હમેશાં રંગભૂમિની જરૂરિયાતો કે વિલક્ષણતાઓથી પરિચિત હોય એવું બન્યું નથી. પરિણામે એક સાહિત્યજ્ઞાતિ તરીકે ગુજરાતીમાં નાટય પ્રકાર ઠીક ઠીક ખેડાયો હોવા છતાં સારાં અભિનેય નાટકોની બાબતમાં ગુજરાત એકંદરે કંગાલ રહ્યું છે. આ પરિસ્થિતિમાં આજે પણ ઝાઝો ફેર પડ્યો હોય એવું લાગતું નથી. એમ ન હોત તો મરાઠી, બંગાળી, હિન્દી અને પરદેશીનાટકોનાં રૂપાંતર-અનુવાદોના આધારે જ આપણી અર્વાચીન રંગભૂમિને જીવવાનું ન હોત. ચન્દ્રવદન નાટકની અભિનયક્ષમતાના, રંગભૂમિ માટેની એની અનુકૂળતાના આગ્રહી હરહંમેશ રહ્યા છે. એક નાટ્યસર્જક તરીકે તેમજ નટ-દિગ્દર્શક તરીકે એ જાણીતા છે. પણ એટલું જ નહિ, નાટકરચનાક્ષેત્રે અવનવા પ્રયોગો કરતા રહીને નાટયકલાનાં વિવિધ પરિણામો સિદ્ધ કરવાનું લક્ષ પણ એમણે સદાય સેવ્યું છે. 'આગગાડી' જેવા ઔદ્યોગિક સમસ્યાના નાટકથી માંડીને એમણે 'અબોલા' 'નર્મદ', 'કપૂરનો દીવો' જેવાં

ચરિત્રનાટકો, બાળનાટકો, રૂપાંતરો, અનુવાદો, ભવાઈપ્રયોગો, રેડિયોનાટક, એકાંકી, વગેરે અનેક પ્રકારો વધતીઓછી સફળતા સાથે એમણે અજમાવી જોયા છે. આપણી તળપદી નાટ્યપરંપરાનું આધુનિકીકરણ એમના નાટ્યવિદ્યાના વિશાળ અને ઊંડા જ્ઞાનની પ્રતીતિ કરાવે છે. અર્વાચીન ગુજરાતી રંગભૂમિ એને ચન્દ્રવદન મળ્યા એટલે જ અર્વાચીન બની શકી છે. નાટ્યસર્જનમાં સત્ત્વ અને વૈવિધ્યદૃષ્ટિએ અરધી સદીના પ્રલંબ સમયપટ પર છવાયેલી એમની સર્જક-કારકિર્દી દરમિયાન ગુજરાતને એમણે ૩૦-૩૧ મૌલિક નાટકો આપ્યાં છે. આ ઉપરાંત એમણે નાટ્યશિક્ષણ, ભારતીય ભાષાઓમાં પ્રાપ્ત અભિનેય નાટકોની સંદર્ભસૂચિનું સંપાદન, એમ અનેકવિધ પ્રવૃત્તિઓ તરફ પોતાની શક્તિઓ વાળી છે અને ૧૯૭૬ માં ૭૫ વર્ષની ઉંમરે પણ એ જ યુવાસદૃશ ઉત્સાહથી આ પ્રવૃત્તિઓમાં એ રચ્યાપચ્યા છે એ એમની મહાપ્રાણતાનું સૂચક છે.

ચન્દ્રવદન માત્ર રંગભૂમિના માણસ નથી. તેઓ સાહિત્યના અને મુખ્યત્વે નાટ્યવિદ્યાના વ્યુત્પન્ન વિદ્વાન છે. એટલે એમની નાટ્યવિવેચનપ્રવૃત્તિ નાટ્યસર્જનને સમાંતર અને સમોવ્યાપી રીતે અવિરતપણે ચાલતી રહી છે. એમની આ સવ્યસાચી પ્રતિભાનું સુભગ પરિણામ એ આવ્યું છે કે એમની પાસેથી ગુજરાતને નાટક અને રંગભૂમિના પરસ્પર સંબંધવિષયક માતબર ચિંતન મળી શકયું છે. એમાં વિદેશોમાં નાટ્ય અને રંગભૂમિના ક્ષેત્રે એમણે પ્રાપ્ત કરેલા અનુભવો અને જ્ઞાનનો નિચોડ પણ આવે છે. આ અનુભવોને આધારે આપણી રંગભૂમિના પ્રકર્ષ માટે એઓ સતત માર્ગ ચીંધતા રહ્યા છે, પરંતુ એમની કલ્પનાની રંગભૂમિ હજી વાસ્તવનું રૂપ પામી નથી ત્યાં સુધી ચન્દ્રવદનને સ્વપ્નસિદ્ધિની શોધમાં રહેવું પડશે. એમના એ સ્વપ્નને સાકાર કરીને જ ગુજરાત એમનું ઉત્તમોત્તમ સન્માન કરી શકે.

નાટ્ય અને રંગભૂમિની ચન્દ્રવદને કરી છે તેવી અવિરત અને અથાક સાધના કોઈ પણ વ્યકિત કોઈ પણ ક્ષેત્રમાં કરે તો તે ફળ્યા વિના ન જ રહે એટલે જ ચન્દ્રવદનને દેશ અને દુનિયામાં જે કીર્તિગૌરવ સાંપડયાં છે તે વિશે આનંદ જ હોય, આશ્ચર્ય તો નહિ. અર્ધશતાબ્દીની એમની સર્જકકારકિર્દીમાં એમને મળેલાં બહુમાનો અનેકવિધ અને વિશ્વવ્યાપી છે ગુજરાતે તો એમને છેક ઈ. સ. ૧૯૩૭માં રણજિતરામ સુવર્ણચન્દ્રક અર્પણ કરીને એમની સર્જકપ્રતિભાનો પુરસ્કાર કરેલો. આ શહેરની નર્મદ સાહિત્યસભાએ ૧૯૪૨ થી ૧૯૪૬ ના ગાળાના શ્રેષ્ઠ ઠરેલા નાટકમાં 'ધરાગુર્જરી' માટે એમને નર્મદચંદ્રક આપીને એવું જ સન્માન કર્યું.

૧૯૭૨ માં ગુજરાતી સાહિત્યપરિષદના ૨૬ મા મદ્રાસ-અધિવેશનમાં આંતરભારતીય ભાષાઓના વિશિષ્ટ વિભાગના અધ્યક્ષપદે એમની વરણી થઈ. ૧૯૭૫ માં મુંબઈ યુનિવર્સિટીએ ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા માટે એમને નિમંત્રીને એમની નાટ્યાચાર્ય તરીકેનું ગૌરવ કર્યું. ૧૯૬૭ માં ભારતના રાષ્ટ્રપ્રમુખે એમને 'પદ્મશ્રી'ના ગૌરવથી નવાજ્યા. ૧૯૭૨ માં ભારતની સાહિત્ય તેમ જ લલિતકલા અકાદમીઓએ એમને ફેલોશિપ અર્પણ કરીને એમનું બહુમાન કર્યું. ભારતની આ બંને અકાદમીઓ તરફથી બહુમાન પામનારા કુલ ચાર જ ભારતીય વિદ્વાનો છે અને તેમાંયે એક જ વર્ષમાં બંને સન્માનો મેળવનાર તો શ્રી. ચન્દ્રવદન મહેતા એકલા જ છે એનું સગૌરવ સ્મરણ અત્ર કરવું ઉચિત ગણાશે.

ઈ. સ, ૧૯૫૦ માં બ્રિટન, ફ્રાન્સ અને સ્વિટ્ઝરલેન્ડની સરકારોના મહેમાન તરીકે શ્રી ચન્દ્રવદને પ્રથમ વિદેશપ્રવાસ કર્યો. પરંતુ તે પછી તો તેઓ અવિરતપણે દેશવિદેશની સાહિત્યયાત્રા કરતા રહ્યા છે. અને સાથોસાથ ગુજરાત તેમ જ ભારતના સાંસ્કૃતિક પ્રતિનિધિ તરીકે આપણું ઊજળું પ્રતિનિધિત્વ કરતા રહ્યા છે. એકાદ માસ પછી બુડાપેસ્ટમાં ભરાનાર Theatre of World Federation of Research Scholars ના અધિવેશનના વરાયેલા પ્રમુખ તરીકે તેઓ બારમીવાર વિદેશયાત્રાએ ઊપડે છે તેની અત્રે સગૌરવ નોંધ લઈને આપણે સૌ હૃદયપૂર્વક ઇચ્છીએ કે હજી મહત્તર સન્માનો એમને મળતાં રહે.

ભારતીય નાટક અને રંગભૂમિના ઊંડા અભ્યાસી હોવાને નાતે આંતરરાષ્ટ્રિય નાટ્યસંસ્થાઓએ એમનું આઠઆઠલું આઠઆઠલીવાર સન્માન કર્યું છે. એ તો બરું જ પરંતુ અત્યંત ભાતીગળ અને અનુભવસમૃદ્ધ જીવન જીવનાર ચન્દ્રવદનના વ્યક્તિત્વમાં કંઈક એવું ચુંબકીય તત્ત્વ હોવું જોઈએ કે જે વિવિધ ક્ષેત્રની વિવિધ પ્રકારની વ્યક્તિઓને અનાયાસ એમની તરફ આકર્ષે. જે એક વખત એમના પરિચયમાં આવે તે સદા ચન્દ્રવદનનો ચાહક બની જાય એવો જાદુ એમના વ્યક્તિત્વમાં છે. એ વાતની પ્રતીતિ 'ગઠરિયાં' નામની એમની આત્મકથનાત્મક ગ્રંથમાળાના ૧૩ ગ્રંથોમાં પાનેપાને પ્રતીત થયા વિના રહેશે નહીં. આ ગ્રંથોમાં આત્મવૃતાંત કદાચ ગૌણ વસ્તુ બનીને અનુભવવૃતાંત અને વિશ્વનાટ્ય અને રંગભૂમિનું વિહંગાવલોકન મુખ્ય વિષય બનતાં જણાય. પણ એથી એ વિષય તો 'ગઠરિયાં'-ગ્રંથમાળાના સ્મરણ સાથે ચન્દ્રવદનની ગદ્યશૈલીનું સ્મરણ અને એનો ઉલ્લેખ અનિવાર્ય

બની જાય છે. ગુજરાતી ગદ્યના વિશિષ્ટ શૈલીકારોમાં ચન્દ્રવદન એક છે. આ ગ્રંથોનું ગદ્ય રસળતું, રમતિયાળ, બોલચાલના કાકુઓને લીધે લેખક સાથે વાચકને નિકટતાનો અનુભવ કરાવે એવું સરસ છે બોલચાલની એની અનૌપચારિકતા. એના લહેકા, પ્રવાહિતા એમના ગદ્યનાં વિશિષ્ટ લક્ષણો છે અને છતાં એમાં નિમ્નતા કે ગ્રામ્યતાના દોષો કયારેય પ્રવેશતા નથી. ટૂંકમાં કહી તો ચન્દ્રવદનનું 'ગઠરિયાંગદ્ય' ચન્દ્રવદન જ લખી શકે એવું અનનુકરણીય અને અનન્ય છે.

આવા એક અનન્ય નાટ્યોપાસક વિદ્વાનને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી "ડૉકટર ઑફ લેટર્સ"ની ઉપાધિ અર્પણ કરીને એમનું ગૌરવ કરતાં પોતાને પણ ગૌરવ મળ્યા સમાન ગણી શકે. આ પ્રસંગે આવા સારસ્વતોનું સન્માન કરવાના વધુ ને વધુ પ્રસંગો આ યુનિવર્સિટીને સાંપડે અને આવાં વધુ ને વધુ સન્માનો પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય ચન્દ્રવદનને સાંપડે એવું આપણે સૌ પ્રાર્થીએ એટલું કહીને હું વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષની હેસિયતમાં કુલાધિપતિશ્રીને વિનંતી કરું છું કે, તેઓ શ્રી. ચન્દ્રવદન મહેતાને 'ડૉકટર ઑફ લેટર્સ'ની માનદ પદવી અર્પણ કરે.

[દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પદવીદાનસમારંભપ્રસંગે, તા. ૨૯-૧૨-'૭૬]

આચાર્ય કુંજવિહારી મહેતા

—ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

"કે. સી." તરીકે જાણીતા એમ. ટી. બી. કૉલેજના પ્રિન્સિપાલ પ્રો. કુંજવિહારી મહેતા મારા પ્રિય સુહૃદ છે. એમને અમે કુટુંબીજન "કુંજભાઇ" કહીએ છીએ. વળી, મને ટૂંકાક્ષરી નામો–આર. કે., સી. સી., પી. ટી:, કે એ. ટી. જેવાં ગમતાં નથી. મને એમાં ગુજરાતીપણાની અવજ્ઞા કરવા જેવું લાગે છે. પણ આ લેખમાં થોડોક "કે. સી."થી વ્યવહાર કરીશ.

આચાર્ય મહેતાની પ્રિન્સિપાલ તથા સોસાયટીના મંત્રી તરીકેની નિવૃત્તિ નજીક આવે છે ત્યારે શ્રી. ભગવતીભાઈને પ્રશ્ન થયો તે સૌને થાય છે કે આ કેવું વિચિત્ર લાગે છે? જે વ્યક્તિ માનસિક અને શારીરિક સ્વાસ્થ્યમાં જરાકે વૃદ્ધ નથી, જે કલાકો સુધી વિદ્યાકીય કે વહીવટી કામ કરી શકે છે, જે વકતા તરીકે પ્રસિદ્ધ છે, જેની સૂઝ જ્ઞાન અને વ્યવસ્થાશક્તિનાં ડૉ. રમણભાઈ દેસાઈ જેવા અનેકોએ મુક્ત કંઠે વખાણ કર્યાં છે, તેને જાણે "પ્રૌઢ જુવાનીમાં"માં વ્યવસાય અને ઉદ્યમથી, જડ નિયમનાં બંધનોને કારણે અળગા કરવા જેવું થાય છે. આ એક બોલકી જીવનવકતા છે.

"કે સી." સોસાયટીના અધિકારી તરીકે અસાધારણ સફળ છે, પણ સ્મરણમાં રાખવાની મોટી વાત આ છે કે તેઓ અધ્યાપક તરીકે ઉત્તમ સફળતા પામેલા છે. પ્રોફેસર સર્વપ્રથમ શિક્ષક હોવો જોઈએ: વિદ્યાર્થી અને અધ્યાપકના ભાવાત્મક સંબધ સહેજે રચાય તેમાં જ અધ્યાપકની સફળતાની ચાવી છે. આ ભાવાત્મક સંબંધના પ્રવર્તનથી "કે. સી." ઉત્તમ પ્રાધ્યાપક છે. મને થોડી આશંકા છે કે પ્રા. મહેતાને નોકરીની શરૂઆતમાં કેટલીક પરિસ્થિતિજન્ય મર્યાદાઓ અનુભવવી પડેલી: તેમની શક્તિ અનુસાર સ્થાન મેળવતાં તેમને વાર લાગેલી. પણ આજે તેનું સ્મરણ મિથ્યા છે. એમની બહુમુખી શક્તિની પૂરી પિછાણ થયા પછી પણ આપણે તેમની વિદ્યાકીય સજ્જતા, સર્જનાત્મક સૂઝ, શાણપણ સાથે હિંમત અને વહીવટી કુશળતાનો લાભ ન લઈ શકાએ તો એ સામાજિક પ્રમાદ કે લાચારીનું ચિહ્ન જ ગણાય. સૂરતના અભ્યુદયનું હિત, સૂરતનું ગૌરવ, તેની વિદ્યાકીય પ્રતિષ્ઠા સમજનાર વિષ્ણુઓ અને ધીમંતો જરૂર

ધરાવશે કે પ્રો. મહેતાનું કાર્ય કોઈ રીતે કૉલેજ યા યુનિવર્સિટીમાં, સોસાયટીમાં યા અન્ય કોઈ સુપ્રતિષ્ઠિત, સાંસ્કૃતિક સંસ્થામાં ચાલુ રહે. કૉલેજનો અધ્યાપક બનું બનેતાં, ત્રીસ વર્ષે તે પદને માટે બરોબર લાયક થાય છે. પાંડિત્યમાં અને અધ્યાપનપ્રાવીણ્યમાં તેનો વિકાસ થયા જ કરે છે. રાજકીય – સામાજિક નીતિને લીધે આપણે વૃદ્ધત્વનો આંક વહેલો ગણ્યો છે, પણ હવે સામાન્ય રીતે પાંસઠ વર્ષે જ વૃદ્ધત્વ આવે છે એમ ગણવું બનેઈએ. અધ્યાપનનું કાર્ય પંચોતેર વર્ષ સુધી સ્વસ્થ અને સુદૃઢ પુરવાર કરી શકે. સમગ્ર રાજકીય - સામાજિક નીતિની દૃષ્ટિએ જે નિયમો ઘડાય છે તે એકાએક ફેરવી શકાતા નથી પણ યુનિવર્સિટી અને વિદ્યાકીય સંસ્થાઓ કેટલીક બાબતોમાં સ્વતંત્ર હશે જ. માત્ર એને એવા પ્રશ્નમાં સમાજનું હાર્દિક અને વ્યાવહારિક સમર્થન હોવું બનેઈએ. પ્રશ્ન વ્યક્તિને સહાય થવાનો નથી, સમાજને અતિઉપયોગી એવી સેવાનો છે. દેશહિતચિન્તકો જરા ઊંડાણથી જુએ તો લાગશે કે કેટલી બધી ઉચ્ચ કોટિની શક્તિ કૃત્રિમ-અવરોધો અનુભવે છે. પ્રૌઢ વિદ્વાનો સેવા કરવા તત્પર અને આતુર હોય, પણ તેમને જ્યાં ત્યાં રૂંધામણ વરતાતી હોય તો અન્ય કોઈ વ્યક્તિ કે વર્ગને અન્યાય કર્યા વિના, લોક-અભ્યુદયનું સાંસ્કૃતિક કાર્ય કૃત્રિમ નિવૃત્તિને કિનારે આવેલા ધીંગતો દ્વારા કરાવી શકાય. વિદ્યા અને સંસ્કારના ક્ષેત્રમાં વિણ્યો ઉત્કાર્ક કાર્યની નવી દિશા બનેઈ શકે. નર્મદે કર્યું, રણજિતરામે કર્યું, શાહે કર્યું, જિનવિજયજી, પુણ્યવિજયજી અને સુખલાલજીએ કર્યું, વિક્રમ સારાભાઈ કે સાંકળિયાએ કર્યું તેવા કામની અટકળ થઈ શકે.

આ સામાન્ય પ્રશ્ન જેમ લોકહિતની એક સમસ્યા છે અને તેનો ઉકેલ આજે નહિ તો કાલે લોકસમસ્તે લાવવો પડશે.

જાગ્રત અને સાવધાન સમાજ પોતીકી સૂઝથી નવા ચીલા પાડે અને દરેક ક્ષેત્રના નિષ્ણાતોનો પૂર્ણ લાભ લે. આવા પ્રશ્નમાં સરકાર સામે નજર કરવાની નથી. પ્રજાકીય સંસ્થાઓની જે સ્વાયત્તતા હોય તેનો વિનિયોગ કરવાનો છે. વિદ્વાનોની સહકારી સર્જકશક્તિનો આ પ્રશ્ન છે.

શ્રી. ભગવતીકુમાર શર્માએ પ્રા. કુંજવિહારી મહેતાની આચાર્ય લેખે નિવૃત્તિને નિમિત્ત કરી એક મોટો પ્રશ્ન ઉપાડ્યો છે. તત્કાળ પ્રશ્ન 'કે. સી.'નો છે. તેમના વ્યક્તિત્વનું વર્ણન યથાર્થ છે. વિદ્યાકીય સજ્જતા, સ્ફુર્તિ ચપળતા, સૂઝ, ધીરતા, આયોજનશક્તિ તથા વહીવટી કુશળતામાં આચાર્ય કુંજવિહારી મહેતાની બરોબરી કરી શકે એવા અન્ય નિપુણ વિદ્વાનો દક્ષિણ ગુજરાતમાં બહુ ઓછા હશે.

કે. સી.

—ડૉ. આર. કે. દેસાઇ

જે વ્યકિત આપણી બહુ નિકટ હોય તેના વિષે આપણા વિચારો વ્યકત કરવાનું બરોબર કપરું અને નાજુક કામ છે. કારણ વૈયકિતક લાગણીઓનું સ્વરૂપ જોવી વસ્તુ છે કે જેને યથાતથ તેમ જ સામગ્રતાથી વ્યકત કરવા જતાં જેમને લિખિત કે વાચિક શબ્દના માધ્યમ દ્વારા લાગણીઓની અભિવ્યકિત કરવાની ફાવટ કે હથોટી હોય તેવી વ્યકિતને પણ આવા પ્રસંગે પોતાની શકિતમાં કરીક અધૂરપ વરતાઈ આવે.

આચાર્ય કુંજવિહારી મહેતા વિષે ઘણું લખાયું બોલાયું છે અને નજીકના ભવિષ્યમાં ઘણું વધુ કહેવાશે પણ બરું. મારે કુંજવિહારી મહેતા સાથે જોમને કે. સી. કહીને સંબોધવા જેટલાં અધિકાર અને અંગતતા છે. અલબત્ત, ડા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવાને પ્રથમાક્ષરોથી બનાવેલા વ્યકિતનામે કોઈને સંબોધવા પ્રત્યે અણગમો છે એ હું બનાવું છું--જોગના જેવાને આગાં કરું ક વિદેશી, અપરિચિત સંબોધન લાગે પણ હું કુંજવિહારી મહેતા સાથેની અંગતતાના દાવે જોમને વિષે કે. સી. જોવું નામ વાપરું તો શ્રી. વિષ્ણુભાઇ તેમ જ કે. સી. મારો આ અધિકાર નભાવી લેશે જોગ ધારું છું.

વિષિનું કરવું કે હું કે. સી. થી પાંચ વર્ષ વહેલો જન્મ્યો અને વહેલો જન્મ્યો એટલે શિક્ષણના વિવિધ તબક્કાઓ પાર કરવામાં અને પસંદ કરેલા વિદ્યાક્ષેત્રની યાત્રા પૂરી કરવામાં પણ પાંચ વર્ષ આગળ રહ્યો. જે બે નિકટના મિત્રો મને મળ્યા છે તેમાંના એક અત્યારે નિવૃત્ત આઈ. સી. એસ. અધિકારી છે અને બીજા કે. સી. બંનેને થવું તો હતું તબીબ અને થઈ બેઠા બીજું કરું ક. મને એનેટોમી-ફિઝિયોલોજી લઈને બી.એસ.સી. થવા માટે અને પછી લંડનની આઈ. સી. એસ. પરીક્ષા આપવા માટે રવાના થતું રહેલું પણ હું છેવટે તબીબ જ બન્યો. મારા બંને મિત્રોને માટે નિવૃત્તિવય નિશ્ચિત રહી. મારે માટે નિવૃત્તિનો કોઈ કાળ જ નહિ.

કારકિર્દી બાબતમાં અમારા કે અમારાં માતાપિતાના મનસૂબા ગમે તે હતા હશે, આજે એકંદરે અમે એ વાતે સંતુષ્ટ છીએ કે અમારા વ્યવસાયક્ષેત્ર સાથે

સીધો સંબંધ ન ધરાવતાં કાર્યક્ષેત્રો અંગે પણ ચર્ચા-વિવાદ દ્વારા અમે અમારા જ્ઞાનની ઊણપ પૂરી કરી શકીએ છીએ અને એ રીતે અમારા જ્ઞાનના કિલ્લામાં રહી જવા પામેલાં ગાબડાં પુરાય છે. જો કે જ્ઞાનવિસ્તારને કોઈ સીમા નથી, સીમા હોય છે આપણી જ્ઞાનને ગ્રહવાની અને જીરવવાની શક્તિને. તેટલે અંશે આપણા વ્યક્તિત્વને ધાર આપવામાં જે કચાશ રહે તે તો રહેવાની જ.

મારી અને કે. સી.ની મૈત્રીના એક યાદગાર સીમાચિહ્નનો ઉલ્લેખ કરવો જોઈએ. સ્વ. લલિતમોહન ચૂનીલાલ ગાંધી ત્યારે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની કાર્યવાહક અને વ્યવસ્થાપકસમિતિઓના અધ્યક્ષ હતા. એક સાંજે દીવાળીબાગની હરિયાળી પર તે વખતના મહારાષ્ટ્રના રાજ્યપાલ સ્વ. મહારાજકુમારના માનમાં ગોઠવાયેલા સત્કારસમારંભમાં સ્વ. લલિતમોહન ગાંધીએ મારી સામે પ્રસ્તાવ મૂકયો કે મારે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની વ્યવસ્થાપક-સમિતિમાં જોડાવું. આ પ્રસ્તાવને હું એમની મારા પ્રત્યેની લાગણીની અભિવ્યક્તિ ગણાવું. સાર્વજનિક સોસાયટી માટે એ જુદો કાળ હતો જ્યારે સમાજસેવાની સંસ્થાઓમાં પદને માટે ભાગ્યે જ ચૂંટણીઓ યોજાતી. હું આ વાતનો આટલા વિસ્તારથી એટલા માટે ઉલ્લેખ કરું છું કે સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની વ્યવસ્થાપકસમિતિમાં મારા જોડાવાની ઘટના કે. સી. સાથેની મારી ચિરંજીવ મૈત્રીનું પ્રારંભબિંદુ અંકિત કરે છે. એ મૈત્રી બંધાયાને આજકાલ કરતાં પચીસેક વર્ષ થઈ ગયાં. જેમ જેમ વર્ષો વહેતાં ગયાં તેમ તેમ સોસાયટીની કાર્યપદ્ધતિ અને એની શૈક્ષણિક ફિલસૂફીમાં હું પલોટાતો ગયો અને ખાસ તો સોસાયટી જેવી શૈક્ષણિક સંસ્થાઓના વહીવટની દીક્ષા પણ પામતો ગયો. એટલે વખત જતાં જ્યારે હું એની કાર્યવાહક તેમ જ વ્યવસ્થાપક-સમિતિઓનો અધ્યક્ષ ચૂંટાયો અને બાર વર્ષ સુધી ચૂંટાતો રહ્યો તેમાં સોસાયટીના મંત્રીની હેસિયતમાં કે. સી. નું ડહાપણ, એમની મંત્રી તરીકેની ઉપયોગી સલાહ – મંત્રણા મને અઢળક પ્રમાણમાં મળતાં રહ્યાં અને એ કારણે જ આ મોટી જવાબદારીનું પદ હું નિભાવી શકયો.

સોસાયટીના અધ્યક્ષપદનાં એ વર્ષો દરમિયાન મને કે. સી.ની જીવનનાં અને વિદ્યાનાં ક્ષેત્રોમાં કેટલી ઊંચી કાબેલિયત અને ઊંડી કોઠાસૂઝ છે તેનો ઘનિષ્ઠ પરિચય મળ્યો. હું જાણું છું ત્યાં સુધી સોસાયટીના મંત્રી તરીકે એમની નિઃસ્વાર્થ સેવા કોઈ એક વ્યક્તિ માટે લાંબામાં લાંબી રહી છે. આ લાંબા

સમયપટમાં સાઠીના દાયકા સુધી તો સોસાયટીનો વહીવટ એકંદરે સરળતાપૂર્વક ચાલતો રહ્યો પણ ત્યાર પછી જે રાજ્યવ્યાપી ઉથલપાથલો થઈ તેણે સોસાયટીના તંત્રની શાંતિ, સંવાદિતા અને સરળતામાં ઉત્તરોત્તર વધુ ને વધુ મોટી બાધાઓ ઊભી કરી અને એના અંતિમ પરિણામરૂપ સંનિષ્ઠ અને સેવાધર્મી શિક્ષકોની, સ્વયંસેવકોની, સામાજિક કાર્યકરોની અને માનવતાવાદી મહાનુભાવોની અનેક પેઢીઓના પરિશ્રમથી શિક્ષણની જે ભવ્ય ઈમારત પોષાઈ અને વિકસી હતી તેને ભારે હાણ પહોંચી. આ ગાળા દરમિયાન કહેવાતા નવનિર્માણના આંદોલનની આગને ઝનૂની, અસહિષ્ણુ, દંભી અને સત્તાલોલુપ રાજકારણીઓએ એવી ભડકાવી કે એની આંચમાં શિક્ષણનું જીવનસત્વ જ હોમાઈ – ભુંજાઈ ગયું. આમાં મિલકતોની હાનિ કે જાન હાનિ મોટી હતી એ પણ ખરું પણ સૌથી મોટી હાનિ તો એ થઈ કે આંદોલનમાં શિક્ષણનાં મૂલ્યો પરત્વેની આપણી શ્રદ્ધાની અમૂલ્ય મૂડીનો જ નાશ થયો. શ્રદ્ધાના હ્રાસની આ પ્રક્રિયા ત્યારથી આજ સુધી એવી સતત ચાલતી રહી છે કે એને કારણે વાલીઓ શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વિદ્યાનું તંત્ર તેમ જ પ્રજાના વિવિધ વર્ગો વચ્ચેના સંબંધની શૃંખલા જ શિથિલ બની ગઈ.

આવી વ્યાપક સામાજિક પરિસ્થિતિનો દુષ્પ્રભાવ સાર્વજનિક સોસાયટીના તંત્ર પર ન પડે એવું બને નહિ અને તે બન્યું. આંદોલનની વિભીષિકા અને અનુ–નવનિર્માણયુગની વિસંવાદિતાનો એરુ સોસાયટીને પણ આભડ્યો અને ત્યારે એને ભારે હાનિ પહોંચી. જ્યાં વર્ષોથી સોસાયટીની નાવ શાંત–સ્થિર પાણીમાં સરી રહી હતી ત્યાં પણ કેટલોક વિક્ષોભ ઉત્પન્ન થયો અને સોસાયટીની નાવ તોફાનમાં સપડાઈ. આમાંથી એ નાવને સલામત પાર ઉતારવાનું કામ સોસાયટીના તત્કાલીન તંત્રવાહકોને માથે આવ્યું. મારે એક મહત્ત્વની તવારીખી નોંધ તરીકે અહીં ઉમેરવું જોઇએ કે આ વિકટ સમયમાં કે. સી. ની નિષ્ઠા, એમનું ડહાપણ, કૂનેહ, ધૈર્ય, હિમત એ બધા ગુણો કપરી કસોટીએ ચડ્યા અને એ જ ગુણોના બળે સોસાયટીનું તંત્ર તૂટી પડતું અટકયું એટલું જ નહિ પણ ત્યાર પછી મુશ્કેલીનાં વળતાં પાણી થતાં સોસાયટી પુનઃ પ્રગતિને પણ પુરઃ સર થઈ. આજે સોસાયટીના માળખામાં જે સ્થિરતા અને સ્વસ્થતા છે તે એણે આવા નાજુક અને કસોટીરૂપ કાળમાં બતાવેલા અંતઃસત્ત્વનું પરિણામ છે. એ અંતઃસત્ત્વને પોષવામાં સોસાયટીના મંત્રી તરીકે કે. સી. નું અર્પણ ઘણું ઊંચું રહ્યું છે. સોસાયટીના ઈતિહાસને પાને કે. સી. વિષેની આ નોંધ મૂકવાની મારી

એ રીતે પણ ફરજ ગણાય કે મારા પુરોગામી અધ્યક્ષોમાંથી એ કાર્ય કરવા આજે કોઈ જીવંત નથી અને કે. સી.ની મંત્રી તરીકેની કુશળતા, કુનેહ અને એમને નાનાવિધ પ્રશ્નોને ઉકેલવામાં મળેલી બહુવિધ ઉપલબ્ધિઓની નોંધ લેવી સોસાયટીને માટે આવશ્યક છે. એમાં મારા કે. સી. સાથેના અંગત સંબંધનો ઓછાયો પડતો હોય તેમ બને. તેનું કોઈ નિવારણ નથી તેથી આટલું આત્મ-કથન નિભાવવું જ યોગ્ય ગણાય.

પરંતુ હું એમના વ્યક્તિત્વનાં અન્ય કેટલાંક પાસાં વિષે પણ થોડું કહીશ. સોસાયટીના મંત્રી તરીકે તો મારા અનુગામી શ્રી. વીરેન્દ્ર ગાંધીને પણ એમના વિષે ઘણું કહેવાનું હશે અને તે પ્રસંગે કહેશે. એટલે હું કે. સી ના જીવનનાં અન્ય પાસાને મેં જેવા જોયાં–જાણ્યાં છે તે વિષે કહીશ. એક શિક્ષક તરીકે, આચાર્ય તરીકે, શિસ્તમય જીવનના આગ્રહી તરીકે અને સાથીદાર તરીકે કે. સી. નું મૂલ્યાંકન કરનારા વધુ સક્ષમ, યોગ્યતાવાળા સજ્જનો છે. વળી શૈક્ષણિક જીવનમાં સર્જાતી કટોકટીઓના પ્રસંગે એક વિષ્ટિકાર તરીકે જુદાં જુદાં વિદ્યાર્થી – જૂથો, સંઘર્ષમાં ઉતરેલા પક્ષો, જાતજાતની ફરિયાદો લઈ આવતા વાલીઓ, શિક્ષકોના પ્રશ્નોમાં વચ્ચે પડી સમાધાન કરાવનાર તરીકે, યુનિવર્સિટીકક્ષાએ ઊંચાં અધિકાર-મંડળોમાં સભ્ય કે અધ્યક્ષ તરીકે કામગીરી બજાવતા એક જાહેર કાર્યકર તરીકે, યુનિવર્સિટીના કાયદા-કાનૂનના એક અઠંગ જાણકાર તરીકે શૈક્ષણિક અને પરીક્ષાસુધારણા જેવી જટિલ સમસ્યાઓમાં બુદ્ધિપૂત માર્ગદર્શન આપનાર તરીકે એમણે આજપર્યંત અસરકારક અને ગતિશીલ નેતૃત્વ પૂરું પાડ્યું છે.

ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓ તેમ જ તે બે ભાષાના સાહિત્ય–જ્ઞાનનો લાભ વિદ્યાર્થીઓની અનેક પેઢીઓ પામી છે અને કૃતાર્થ થઈ છે. આજે તો એમાંના કેટલાક આ દેશમાં કે પરદેશમાં મોટાં સ્થાનોના અધિકારી બની યશસ્વી કારકિર્દીને વર્યા છે.

કે. સી. ના મેધાવી પત્રકારિત્વના તો અસંખ્ય પ્રશંસકો ઠેરઠેર મળી આવશે. 'ગુજરાતમિત્ર' ને પાને એમની મંગળવારી કટારની ઉત્સુકતાથી રાહ જોનારા ઘણા હોય છે. આ કટારોનો વિષયવ્યાપ એવો છે કે જીવનના લગભગ પ્રત્યેક પાસાને એના લેખો અવારનવાર સ્પર્શતા હોય છે. એ કટાર વિષે કહેવું એ સમર્થિતરય સમર્થનમ્ જેવું ગણાય. પરંતુ એટલું નોંધવું ઘટે કે છેલ્લી

પા સદીમાં વિવિધ સમયે બનેલી વિવિધ ઘટનાઓની એમાં સિલસિલાબંધ નોંધ અને તે ઉપર કે. સી. નું સ્પષ્ટ ચિંતન જોવા મળે છે. આ કટાર વિષે જો વ્યક્તિગત ઉલ્લેખ ક્ષમ્ય ગણાય તો નોંધવું જોઈએ કે તબીબી શિક્ષણ, ઇતિહાસ, સાહિત્ય, ધર્મ વિગેરેને લગતા પ્રશ્નો વિષે કે. સી. એ અને મેં વિચારોનું, ચર્ચાનું ઘણું આદાનપ્રદાન કર્યું છે. આ કટારોમાં આવતા લેખોની સામગ્રી અને વિચારો એટલાં સમૃદ્ધ અને મહત્ત્વનાં છે કે થોડાંક વર્ષો પહેલાં મેં કે. સી. ને સૂચન કરેલું કે એમનું યોગ્ય ચયન-સંપાદન કરીને એને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવે તો આપણા સમાજના સાંપ્રત જીવનનાં વિવિધ પાસાંઓ વિષે સંશોધન કરનારને ઘણી ઉપયોગી માહિતી એકરૂપમાં ઉપલબ્ધ થઈ શકે. આજે મારી એ ભાવના કુંજવિહારી મહેતા અભિનન્દનસમિતિના માધ્યમ દ્વારા ચરિતાર્થ થાય છે તેનો મને ઘણો આનંદ છે.

દૈનિકની કટાર લખનાર તરીકે કે. સી. માં આટલા ગુણો તો સૌએ નોંધ્યા હશે જ કે એમના પ્રતિભાવો શીઘ્ર અને તીવ્ર હોય છે. કારણ કે એ અત્યંત સંવેદનપટુ માણસ છે. એ તરલ પણ છે અને સરલ પણ છે. એટલે એમના વિચારોમાં નિખાલસતા એક આગળ પડતું લક્ષણ બનીને વ્યક્ત થાય છે. ઉચિત પ્રયોજન માટે સંઘર્ષમાં ઊતરવાની પ્રબળ યુયુત્સુવૃત્તિ એમનામાં છે. બાસ તો દબાયેલી-કચડાયેલી, અન્યાયથી પીડિત, અપમાનિત એવી કોઈ પણ વ્યક્તિ કે એવા સમૂહ માટે એમની સહાનુભૂતિ એવી પ્રબળ હોય છે કે એવાઓના ભેરુ બની તરત લડવા સજ્જ થાય. આને પરિણામે એક તરફથી એમના પ્રશંસકોની સંખ્યા વધી છે તેમ એમને અને એમના પરિવારને અંગત રીતે વિવિધ રીતનો સંતાપ - ઉત્તાપ થાય એવું પણ બનવામાં બાકી રહ્યું નથી. જો કે કે. સી. જેવી ધારદાર જીભ ધરાવતો માણસ સૌનો લાડકો બની શકે એવી આશા રાખવી એ જ વધારે પડતી ગણાય અને છતાં એટલું કહેવું પડશે કે કશો આડ-પડદો રાખ્યા વિના, કશા દંભ-ડોળ વિના પોતાને જે સાચું લાગે તે કહેવા કરવાની આ વિશિષ્ટતાને લીધે જાહેર હિતના પ્રશ્નોની ચર્ચા પ્રસંગે કે. સી. વકતા, સંચાલક કે પ્રમુખ ન હોય એવું બન્યું નથી.

એમની જબાન ધારદાર ખરી. સિદ્ધાંતના પ્રશ્ને એમનું વલણ અડગ નિર્ધારભર્યું પણ માનવીય પરિસ્થિતિમાં કે. સી. ફૂલ જેવા કોમળ અને ઋજુ હોય એમનામાં માનવતાવાદી ગુણ એની સોળે કળાએ ખીલેલો જોવા મળે છે. બહારથી કઠોર કોચલું ધરાવતો આ માણસ માનવીય લાગણીઓને સ્પર્શતા પ્રસંગોએ,

મિત્ર-સાથીઓની ભીડ–આપત્તિના પ્રસંગે લાગણીઓનાં આંદોલને અસ્વસ્થ બની જાય. એમની સહાનુભૂતિ કયારે ય કેવળ શાબ્દિક ન હોય, એ ક્રિયાત્મક પણ હોય. કોઈ ને આર્થિક ભીડ હોય અને આર્થિક રીતે એ બીજાની મદદ ન કરે એવું બને નહિ. અને એવી મદદ વળતરની અપેક્ષાએ ન હોય. એની કોઈ બડાશ પણ ન કરે. એટલે એમની કોઈ પણ પ્રકારની સહાય પામનાર એમના પ્રેમથી હમેશાં જીતાઈને રહે.

આજે જ્યારે મિત્રતાની ભાવનાનું દારિદ્રય ચારે તરફ વરતાઈ રહ્યું છે ત્યારે નિર્વ્યાજ મિત્રતાનું કે. સી.નું નિરંતર આચરણ વ્યકિતગત રીતે મારા પરિવાર માટે મહામૂલું બની રહ્યું છે. પરિવારના એક સાચા મિત્ર તરીકે અમે એમની ઉષ્મા, પ્રેમ, નિષ્ઠા અને કાળજીનો વર્ષોથી અનુભવ કર્યો છે. મારા કુટુંબની કોઈ પણ મુશ્કેલી કે મૂંઝવણના પ્રસંગે, કે. સી.ના પડખે હોવામાત્રનું ઘણું મોટું આશ્વાસન અમને રહ્યું છે.

એમની સાથેનાં પારિવારિક મિત્રતાનાં આટલાં વર્ષો દરમિયાન, અલબત્ત, કે. સી.ની ધર્મવિષયક પ્રતીતિઓ વિષે હું ચોક્કસ કોઈ અંદાજ બાંધી શકયો નથી. દેવ-દેવીઓમાં એમની શ્રદ્ધા કેવી-કેટલી તેનો પણ કયાસ કાઢી શકયો નથી. પણ શ્રી મોટા સાથેના મારા અંગત તેમ જ વ્યાવસાયિક સંપર્કના અનુસંધાનમાં એમની વારંવારની મુલાકાતો દરમિયાન ઘણી વાર કે. સી. તેમ જ ઉપેન્દ્ર અલમૌલા, સંપત દેસાઈ જેવા કેટલાક મિત્રો મારી સાથે રહેતા. આવી મુલાકાતો દરમિયાન રવ. શ્રી. મોટા જેવા સમાજહિતૈષી સંત સાથેની વાતચીત દરમિયાન. કે. સાં. પણ તેમાં અવશ્ય જોડાતા અને એ રીતે ઈશ્વર, ધર્મ, નીતિ, માનવવ્યવહાર, શિક્ષણ, દિવ્યજીવન, માનવતાવાદ, કરુણા, સમાજધર્મ એમ અનેકવિધ વિષયોની ચર્ચામાં રવ. શ્રી. મોટા અને કે. સી. ને મેં જોયા છે. આ ચર્ચાઓથી એ પ્રભાવિત થયા હશે એટલે જ એના પરિણામરૂપે અમારા માધ્યમ દ્વારા શ્રી મોટાના હરિઓમ્ આશ્રમે સાર્વજનિક સોસાયટીને સૂરત–ગુજરાતના મહાન સપૂત નર્મદની સ્મૃતિમાં ચૂનીલાલ ગાંધી વિદ્યાભવનના આશ્રયે એક ગ્રંથ પ્રકાશનયોજના માટે રૂ. ૨૫૦૦૦ નું દાન આપ્યું તેમ જ ઑલ ઈન્ડિયા મેડિકલ કાઉન્સિલના આશ્રયે એક સંશોધન પારિતોષિક આપવાની યોજના સાકાર કરવા રૂપિયા સાડાત્રણ લાખનું દાન આપ્યું. આ યોજનાઓ મૂર્તિમંત કરવાની દિશામાં કે. સી. એ જે પરિશ્રમ કર્યો છે તેનો આજે જાહેરમાં ઉલ્લેખ કરવો ઉચિત સમજું છું. એ જ રીતે તાજેતરમાં શ્રી. પીઠાવાળા

દ્વારા શરૂ કરાયેલા ઓજસ ટ્રસ્ટની રચનામાં પણ કે. સી. એ અનન્ય પરિશ્રમ કર્યો છે તે સ્વીકારવું રહ્યું. એ ટ્રસ્ટના માનદમંત્રી બનીને એના હેતુઓને પરિપૂર્ણ કરવામાં પોતે મહદ્‌રૂપ થવાનું સ્વીકાર્યું છે એ ટ્રસ્ટને માટે આનંદની વાત છે.

કે. સી. સાથેની મારી મૈત્રીની આ કથા લાંબી થઈ. તે હજી લાંબી થઈ શકે પણ આ લેખની લંબાઈની મર્યાદા ઓળખીને હું સંયમ જાળવવાનું ઉચિત સમજું છું. આ નિરૂપણમાં અંગતતાનો સ્પર્શ આવવો અનિવાર્ય હતો અને તેમ થયું છે – કારણ કે. સી. વિષે જે મારે પ્રામાણિકપણે અને મારી દૃષ્ટિએ એ જે છે તેની વાત કરવી હોય તો એમાં અંગતતા ન હોય તો બીજું શું હોય ? અમારી મૈત્રી એટલી લાંબી છે અને એમાં એટલી બધી ઘટનાઓનો સમાવેશ થાય છે કે એમાંથી શું આલેખવું, શું બાકી રાખવું, ક્યાંથી શરૂ કરવું અને ક્યાં સમાપન કરવું એ કપરું કામ લાગે છે, એટલે અંતમાં એટલું જ કહીશ કે કે. સી. જે છે તેવા અને તે રીતે મને ગમ્યા છે. એ જેવા છે તેવા મને ગમે છે અને હવે પછી એ કેવા હશે તે ન કહી શકું છતાં એટલું કહી શકું કે એ જેવા હશે તેવા મારા ગમતા માણસ રહેશે.

અમારા મહેતા સાહેબ

—રમેશ ઓઝા

આચાર્ય કુંજવિહારી મહેતા એમ..ટી. બી. આર્ટ્સ કૉલેજના આચાર્યપદેથી નિવૃત્ત થાય છે ત્યારે, એટલે કે એમ. ટી. બી. કૉલેજના કમ્પાઉન્ડમાં કામ કરતા મોંગુલ માળીથી માંડીને આઠ જ મહિના પછીથી નિવૃત્તિના માર્ગે એમને અનુસરનારા અમારા મુરબ્બી પ્રાધ્યાપક બી. ટી. પરમારના પણ લાડકા મુરબ્બી મહેતા સાહેબ નિવૃત્ત થાય છે ત્યારે આ બધી કક્ષાના કોઈ પણ માણસને એકલાને કે સમૂહમાં આ વાતની કોઈ યાદ અપાવે કે કોઈ સંદર્ભે એ વાત નીકળે તો કેમ વાતાવરણ આટલું ભારેખમ, ગમગીન થઈ જાય છે? આચાર્યપણું તે તો સત્તાનું એક પદ છે–મોટે ભાગે અળખામણું, અગવડભર્યું, વહેવારમાં, વહેવાર ખાતર, દેખાવ ખાતર, હવે તો ઓસરતા જત છતાં પણ રહ્યાસહ્યા સત્તાના પ્રભાવને ખાતર એ પદે આરૂઢ થનારને જે માન આપવું ઘટે તે સૌ કોઈ આપે. કુંજવિહારી મહેતાને પણ એવી રીતનું અને એટલું માન મળે તેની શી નવાઈ? નવાઈ એ વાતની જ લાગે કે મહેતા સાહેબ નિવૃત્ત થવાના એ વાતે નાનુમોટું સૌ કોઈ કેમ આમ ઢીલુંઢફ થઈ જાય–જાણે હમણાં રડી તો નહિ પડે!

ત્યારે એમ માનવું પડે કે આચાર્ય તરીકે કુંજવિહારી મહેતા કંઈક વિરલ, વિશિષ્ટ, સૌની પ્રેમભાજન વ્યકિત હોવી જોઈએ. એવા પણ આચાર્યનું સ્મરણ થાય છે જે પોતાને માટે ત્રીજા પુરુષ માનાર્થે બહુવચનમાં 'આચાર્યશ્રી' એવો જ ઉલ્લેખ કરતા હોય છે, અને આ પણ એક આચાર્ય છે જે કશીક નોંધપાત્ર બાબત અંગે વાત કરતાં પ્રથમ પુરુષ એકવચન સર્વનામનો ઉલ્લેખ કરતી વખતે ક્ષમાયાચના કરે. એટલે સહકાર્યકરોના મનમાં એ એમના વડા હોય એ કરતાં એમના વડીલ હોય એવો ભાવ હમેશાં રહ્યો છે. એમનાં કોઈએ મહેતા સાહેબનું નામ કંઈક લાંબુ પાડ્યું. એમ ન હોત તો સૌએ એમના નામ સાથે 'ભાઈ' લગાડવાનું જ પસંદ કર્યું હોત એવો એમનો નાનાથી મોટા સાથેનો સંબંધ રહ્યો છે. એટલે એ નિવૃત્ત થાય છે ત્યારે કૉલેજના વડા નિવૃત્ત નથી થતા; કૉલેજના કર્મચારીઓના વડીલ, આપ્તજન નિવૃત્ત થાય છે એ ભાવ સૌના મનમાં છે.

૧૯૪૬ થી એ એમ. ટી. બી. કૉલેજમાં અધ્યાપક. તે પહેલાં છ વર્ષ આ જ કૉલેજના વિદ્યાર્થી. કપરી વિદ્યાસાધના ને એવી જ કપરી પ્રારંભિક અધ્યાપકીય

કારકિર્દીની વાતો કયારેક સંસ્મરણો રૂપે એમના જ મુખે સાંભળી છે. અંગૂઠા જેવડી કાયા ધરાવતા એ શિક્ષક હોય અને ખાસી શરીરસમૃદ્ધિ ધરાવતા દોઢસોથી યે વધુ વિદ્યાર્થીઓ નજર સામે હોય; કોઈ પણ શિક્ષકનું હીર નાણી જોવાનો એકમાત્ર ક્રિમિયો એને પજવવાનો જ એમની પાસે હોય ત્યારે ઉપાય શું ? કાયા ભગવાને નાજુક આપી, ચહેરો ઋજુ આપ્યો એટલે મહાકાય વિદ્યાર્થીઓને ડારવા-ડરાવવાની શી યુક્તિ કરવી ? કયારેક દર્પણમાં જોતાં એમને પ્રતીતિ થઈ હશે કે ભગવાને આંખ ખાસી મોટી અને ભાવવાહી આપી છે એટલે એમ લાગે છે કે બાવડાંનું બળ ન અજમાવતાં એમણે આંખોનું ત્રાટક કરવાનો માર્ગ શરૂથી અપનાવ્યો હશે.

કેવો હતો આ આંખોનો તોર-તુમાર. ને દોર-દમામ ? ૧૯૫૬ માં અમે એમને પહેલવહેલા જોયા. ફર્સ્ટ ઈયરનો વર્ગ. એમ. ટી બી. કૉલેજનો વિશાળ રૂમ નંબર ૮. પાંચ ફૂટ પાંચ ઇંચની એક નાજુક કાયા બગલમાં ચોપડી દબાવી, ઝડપી પગલે આવી. તાસ શરૂ થવા પૂર્વેની ધાંધલ-ધમાલ ચાલુ હતી ત્યારે એ વ્યક્તિ આવી - **He came, he saw and he browbeat us all.** સોપો પડી ગયો. અને બીજી જ ક્ષણે એક અવાજનો પ્રભાવ, એની સત્તા વર્ગમાં પ્રસરી. એ હતો કુંજવિહારી મહેતાનો અવાજ. એ નામની વ્યક્તિની ત્યારે એવી મોટી કોઈ સત્તા ન હતી, પણ એ અવાજની હતી. એ અવાજમાં એક સારા શિક્ષકનું સર્વ કૌશલ વ્યકત થતું હતું. એમાં સ્પષ્ટતા, વિશદતા, વિષયને આત્મસાત્ કરતી ને કરાવતી વેધકતા હતી, અને જવલ્લે જ સાંભળવા મળતી વાકછટા હતી. ત્યારથી મારી પ્રતીતિ દૃઢ થતી રહી છે કે ગુજરાતી ભાષામાં આટલા ધસમસતા ધારાપ્રવાહે બોલનારા વિરલ હશે. એમની વાણીમાં વાકયવિન્યાસ એવો આપમેળે ગોઠવાઈને આવે કે એમને અધવચ્ચેથી ભાગ્યે જ કયારે ય વાકયરચના બદલવી પડે. એ ત્યારે 'કલાપી' વિષે બોલતા હતા અને **he cast a spell on the audience.** એવું પણ નથી કે કલાપીનો વિષય હતો અને મુગ્ધ વયના શ્રોતાઓ હતા માટે આમ બનવા પામ્યું હોય. એ શ્રોતાઓ પણ આજે તો અર્ધશતાબ્દીને આરે પહોંચ્યા છે અને આજે પણ એમને આ માણસ **spellbound** કરી શકે છે. કારણ એને બોલાતા શબ્દનો જાદુ સિદ્ધ થયો છે.

કોઈ પણ માણસને પૂરેપૂરો તો કયારે ય ન ઓળખી શકાય. પણ પા સદીથી ય વધુ સમય સુધી ઉત્તરોત્તર જેની વધુને વધુ નિકટ જવાનું બન્યું હોય, જેના આંતરબાહ્ય જીવનને ઘણી નજીકથી જોવા-અવલોકવાનું બન્યું હોય, જેની

સાથે વારંવાર અંતરંગ ગોષ્ઠિના પ્રસંગો પડ્યા હોય તેને સારી પેઠે ઓળખવાનો દાવો અવશ્ય કરી શકાય. એવી વ્યક્તિ વિષે જ્યારે કંઈ લખવા–બોલવાનું આવે ત્યારે તટસ્થતા જાળવવી મુશ્કેલ જરૂર હોય, તે જાળવવી જરૂરી ન પણ હોય. આપ્તજન વિષે પણ જો તટસ્થ રહીને જ વાત કરવાની હોય તો હૃદયની લાગણીને વાચા આપવાનો મોકો ક્યારે ને કયાં મળે? એટલે અહીં પક્ષપાત જેવું જણાય તો તે સભાન સહૃદયતાનું પરિણામ છે એમ જ ગણવું જોઈએ. આવો પક્ષપાત પણ જ્યારે એકલદોકલ વ્યક્તિના હૃદયભાવ કરતાં વધુ વ્યાપક આપ્તસમાજનો બંધુભાવ બનીને પ્રગટે ત્યારે ઔચિત્ય વિષે કોઈ પ્રશ્ન રહેવા નથી પામતો.

૧૯૫૬ થી ૧૯૬૨ સુધી પ્રાધ્યાપક કુંજવિહારી મહેતાને એક સમભાવી શિક્ષક તરીકે ઓળખવાનું થયું. યુવાન શિક્ષક,–ઉત્સાહી, તેજસ્વી, પ્રભાવશાળી, વિદ્યાર્થીઓને સ્વાધ્યાય–પ્રવૃત્ત કરનારા, કામ લેનારા, કડપવાળા, હાથ છેટું રાખીને જ ચાલવું પડે એવા. ત્યારે એમ લાગતું કે આ માણસ શિક્ષક તરીકે ભારે પ્રભાવશાળી ખરો. પણ એને લાગણીનું તંત્ર હશે ખરું? જ્યારે જુઓ ત્યારે સતર્ક, સાવધ, વિરક્ષારિત આંખો ચકળવકળ ચારે તરફ જોતી જ હોય. એમ લાગતું કે એમના લાગણીતંત્રમાં હોય તો એક જ લાગણી હોય–કડકાઈ–ક્રોધ. રુદ્રરસના એ અવતાર મનાતા. આખી કૉલેજમાં બે ત્રણ જ જણ એવા જેમના વર્ગમાં કોઈ ચૂં કે ચાં ન કરે–વિ. ર. ત્રિ., પટેલ સાહેબ અને મહેતા સાહેબ. મહેતા સાહેબ વર્ગમાં પ્રવેશે તે સાથે જ, અંજની બહેન પારેખે એક લેખમાં નોંધ્યું છે તેમ, આંખોને ઈશાન ખૂણે ચડાવીને ત્યાંથી ચક્રગતિએ સર્વ દિશાઓમાં ડોળા ફેરવતા, ડોળા કાઢતા આખા વર્ગને માપી લે, વ્યાપી લે. એમની પાસે બે જ જાદુ–એક નજરનો ને બીજો જબાનનો. નજરનો જાદુ વિદ્યાર્થીઓની જબાનને બાંધી લે, ને ગજબનો જાદુ એમના કાનને તથા ધ્યાનને જકડી લે. ત્યારે વ્યાખ્યાન-પદ્ધતિ એ જ કૉલેજકક્ષાએ સ્વીકૃત શિક્ષણપદ્ધતિ હતી. પચ્ચાસ મિનિટનો તાસ હોય. એક માણસ બોલબોલ કરે તેમાં સાંભળનાર અકળાઈ જાય તો નવાઈ નહિ. અને ત્યારે ધાંધલ–ધમાલ કરનારા, શિક્ષકોને પજવનારા, સ્વાન્તઃસુખાય ટોળટીખળ કરનારા વિદ્યાર્થીઓની યાદી સંભારીએ તો ઘણી લાંબી થાય. એ લોકો પણ મહેતા સાહેબની જબાનના જાદુમાં આવી જતા; અને જ્યાં જબાન કામ ન કરતી ત્યાં નજર તો કરતી જ.

એમની આ નજર વિષે ત્યારે પણ આછું આછું એવું ભાસતું કે આ માણસ કંઈક સ્વાંગ તો નહિ કરતો હોય? 'કલાપી' ભણાવે, નાનાલાલ ભણાવે, 'સરસ્વતીચંદ્ર' ભણાવે તે સુકુમાર લાગણીઓથી વંચિત કેમ કરીને હોઈ શકે?

આજે ૨૫-૨૭ વર્ષે પ્રતીતિ થઈ છે કે એમની નજરનું એ ત્રાટક ત્રાટક ન હતું, નાટક હતું. એ પોતે પણ એને Pose કહીને ઓળખાવે છે.

એમ. ટી. બી. માં આવીને જેમના વહેલા પરિચયમાં આવવાનું બન્યું તેવા બે શિક્ષકો : જયન્ત પાઠક અને કુંજવિહારી મહેતા, બેગમપુરાથી કૉલેજ રોજ ચાલતા જવા-આવવાનો ક્રમ. એકાદવાર એ જ માર્ગે કૉલેજ તરફ જતા મહેતા સાહેબ મળી ગયા એટલે બોલાવવાનું સાહસ કરી જ લીધું. ત્યાર પછી પાંચ-સાત મિનિટ સાથે વાટ કાપતાં જે કંઈ વાતચીતનો પ્રસંગ પડ્યો તેમાં પેલી કરડાકી કયાં ય જોવા ન મળી, સમભાવભર્યો સ્નેહ જોવા મળ્યો. કંઈક ઋણાનુબંધ હશે કે ત્યારથી કેળવાયેલો પરિચય સતત ગાઢ બનતો રહ્યો છે. એમણે શરૂથી જ મને થોડોક સ્વાધ્યાયમાં પલોટ્યો. ભણાવે તેના પર વિદ્યાર્થીઓને સ્વાધ્યાયલેખન આપે, વર્ગમાં વંચાવે, થોડીઘણી ચર્ચા કરે-કરાવે-આવો ક્રમ. તેમાં એ કામ માટે હું આગળ આવ્યો અને એમનો સ્નેહ પામ્યો. બી. એ. માં ગુજરાતી વિષય નહિ તો પણ મારી પાસે 'એકાંકી' પર એક પેપર તૈયાર કરાવેલો. એ માટે લાયબ્રેરીમાંથી ચોપડીઓ ન મળી ત્યારે મને જોઈતી વાચનસામગ્રી ઉપલબ્ધ કરી આપવા એ જાતે લાયબ્રેરીમાં આવેલા અને લાઇબ્રેરીયનને એ વિષે ભારપૂર્વક સૂચના આપેલી તે સાંભરે છે.

૧૯૬૪ માં મુ. જે. ટી. પરીખ સાહેબ, પટેલ સાહેબ અને મહેતા સાહેબની મમતા હતી તો જ એમ. ટી. બી. માં નિમણુક પામ્યો, મારી યોગ્યતા તો-જે કંઈ હોય તે-હજી એમ. ટી. બી. ના આશ્રયે કેળવાવાની હતી. અહીં જોડાયા પછી ત્રણ ગુરુઓએ જુદી જુદી રીતે પલોટ્યો જે. ટી. પરીખ સાહેબે કૉલેજની સુવર્ણજયંતી નિમિત્તે કૉલેજની ઇતર પ્રવૃત્તિમાં, પટેલ સાહેબે શિક્ષણકાર્ય સુધારવાની સાધનામાં અને મહેતા સાહેબે સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ કેળવવામાં. તે વખતે મહેતા સાહેબ આચાર્ય નહિ, પણ ઉપાચાર્ય એટલે એ રીતે કૉલેજની ઈતર પ્રવૃત્તિ વિષે પણ એમના હાથે થોડુંક પલોટાવાનું બન્યું. ૬૪ થી ૬૯નાં એ પાંચ-છ વર્ષ કપરી તાલીમનો કાળ હતો. વૈયક્તિક જીવનની પ્રતિકૂળ પરિસ્થિતિ તે મહેતા સાહેબ જાણે ને પટેલ સાહેબ પણ જાણે. પણ કૉલેજના કામમાં એનું ગાણું-રોણું હોય નહિ. મુરબ્બીઓ અંગત મુશ્કેલીઓ માટે સહાનુભૂતિ ધરાવે ખરા, પણ ફરજનું કામ હોય ત્યાં taskmasters. કામ બરાબર ન કરીએ તો બોલ્યા વિના પણ ઘણું કહી નાખનારા. આજે એ પરિશ્રમની, એ તાલીમની ઉપલબ્ધિનો વિચાર કરતાં આવું લાગે છે : ૧૯૬૪માં રાજીનામાનો કાગળ ક્રમ લખવો તે નહોતું આવડતું, સ્વ. જસુભાઈ કલાર્ક સામે ઇન્ટરવ્યૂમાં શું બોલવું

તેની અવઢવ હતી, ચાલીસ મિનિટના પીરિયડમાં કંઠે શોષ પડતો. આજે છેક આવું તો નથી જ નથી એમ જરૂર કહી શકાય.

૧૯૬૯ના મુંબઈ સમર ઈન્સ્ટિટ્યૂટમાં કંઈક સારું કામ થયું હશે એટલે હૈદ્રાબાદના સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇંગ્લિશ તરફથી આમંત્રણ મળ્યું – નવેંબરથી માર્ચ સુધીના એક સત્રના ધનિષ્ઠ અભ્યાસ દ્વારા ભાષાશિક્ષણનો ડિપ્લોમા મેળવવા. વર્ષની અધવચ્ચેથી ત્યાં જવા સોસાયટીએ રજા ન આપી. મહિના પછી બ્રિટિશ કાઉન્સિલ તરફથી એવા જ અભ્યાસ માટે ઇંગ્લેન્ડ – પ્રવાસનું આમંત્રણ મળ્યું. માન્યામાં ન આવે એવી વાત હતી. સોસાયટીએ એક સત્રની રજા ન આપી તો એક વર્ષની તો ક્યાંથી મળવાની ? કદાચ મળે તો પણ વર્ષ સુધી કૌટુમ્બિક જવાબદારી નભાવવાની આર્થિક સગવડ તો હતી નહિ. હોઠે આવેલો મિઠાઈનો કોળિયો પાછો જ ધકેલવો પડવાનો એમ લાગ્યું. પણ એમ ન થયું. એક તરફ મહેતા સાહેબની ઓથ હતી, બીજી તરફ પટેલ સાહેબની. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી જેવી સંસ્થા હતી અને ડૉ. આર. કે. દેસાઈ જેવા એના અધ્યક્ષ. ઠોઈ વિઘ્ન ન નડ્યું. ઇંગ્લેન્ડપ્રવાસની આખી ઘટના અનેક રીતે અવિસ્મરણીય બની ગઈ.

પણ અંગત સંબંધોનો ઇતિહાસ આલેખવાનું પ્રલોભન તજું. કારણ એવા અનેક મિત્રો એમના છે જે દરેક આવો અંગત ઇતિહાસ આલેખી શકે. ત્યારે એમ થાય કે એક માણસ કેવી રીતે આટલા બધા વિવિધ પ્રકૃતિના, વિવિધ કક્ષાના, વિવિધ વર્ગના માણસોનો આત્મીય બની શકે ? એનો ઉત્તર પામવા માટે એક ચિત્રપટ્ટી જોઈએ:

૧. આચાર્ય કુંજવિહારી મહેતાની ઑફિસમાં એક તદ્દન ચીંથરેહાલ વૃદ્ધ આવીને બેઠો છે. એની કંઈક જુવાન એવી પત્ની એને પજવે છે, ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી આપે છે, ખાવાનું નથી આપતી વગેરે. પણ તેમાં એમ. ટી. બી. કૉલેજનો પ્રિન્સિપાલ શું કરે ? પ્રિન્સિપાલ તો કંઈ ન કરે; ન કરી શકે. આ કાંઈ કૉલેજનો પ્રશ્ન નથી પણ વ્યક્તિ કુંજવિહારી ઘણું કરી શકે એણે ઘણું આ પહેલાં આ ડોસા માટે, એની પત્ની માટે કર્યું છે. ડોસો એક જમાનામાં કૉલેજમાં દાણા વેચતો હતો. તેની પત્નીને આ ભલા સાહેબે નોકરી અપાવી, ડોસાને ઘરનું ઘર મેળવી આપવામાં મદદ કરી. હવે પેલી બાઈ જો આને પજવે છે તો 'શાએબ' એને બોલાવશે, સમજાવશે, એમની લાક્ષણિક કરડાકીથી ડરશે, ધમકાવશે અને બધું તોફાન શાંત થઈ જશે એવી પ્રતીતિ સાથે પેલો ડોસો બહાર જાય છે.

૨. કુંજવિહારી મહેતા હજી તો પ્રાતઃકર્મથી માંડ પરવાર્યા છે. મુલાકાતીઓ કિસમકિસમની રાવ ફરિયાદો, ભલામણચિઠ્ઠીઓ, વિનંતીઓ વગેરે લઈને આવવા શરૂ થઈ ગયા છે. એટલામાં કૉલેજમાંથી બે પટાવાળાભાઈઓ બેબાકળા આવીને કહે છે. 'સાહેબ, દોલતનું હૉસ્પિટલમાં અવસાન થયું છે અને બિલ ન ભરી શકાવાને કારણે હૉસ્પિટલવાળા શબ સોંપવાની ના પાડે છે. શું કરીએ ?' બીજાં હજાર કામ પડતાં મૂકીને કુંજવિહારી મહેતા આ માનવતાના કામમાં લાગી પડે છે. ટેલિફોનથી જે કંઈ કરવાનું છે તે કરીને પછી મૃત પટાવાળાનાં કુટુંબીઓને હિંમત અને આશ્વાસન આપવા એ તરત પહોંચે છે હૉસ્પિટલ. એમની બખડી ગયેલી ૧૯૬૦ ના મૉડલની સ્ટાન્ડર્ડ મોટર બહુ કલ્યાગરી નહિ, કુંજવિહારી મહેતા જેવા પરગજુ ને ઉત્સાહી પણ નહિ એટલે કે એમને તત્કાળ સહકાર આપે જ એવું નહિ. હા, શાળામાં શૈક્ષણિક સિદ્ધિ અર્થે ઈનામમાં મળેલી હરકયૂલરા સાયકલ એમના કબ્જામાં ખરી એટલે સાયકલ પર સવાર થઈને એ દોડતા પહોંચે હૉસ્પિટલ – પટાવાળાના સ્વજન બનીને.

૩. સોસાયટીના ડ્રાયવર વાસુદેવની પત્નીનું એકાએક અવસાન થાય છે. કૉલેજની ઑફિસમાં કોઈક બબર લઈને આવે છે. એટલે મને સ્કૂટર ચલાવવાનું કહીને એ ઉપડે છે મિશન હૉસ્પિટલમાં. ત્યાં એમને માટે મૂંઝવણભર્યું દૃશ્ય સરજાય છે. વાસુદેવ, એના પુત્રો, પુત્રીઓ-બધાં વ્યાકુળ થઈને જાણે આશ્રય શોધતાં હોય તેમ એમને વળગી પડે છે. ડૉકટરો, નર્સો, દરદીઓ બધાં પટાવાળા-ઓને આટલો સ્નેહ કરનાર ને એમનો સ્નેહ પામનાર આ વિરલ 'સાહેબ'ને જોઈ જ રહે છે.

૪ ફેબ્રુઆરી દરમ્યાન પ્રાધ્યાપક અરવિન્દ જોષીની કોઈ અકળ કારણોસર ધરપકડ થઈ. કુંજવિહારી મહેતાની રાજકીય લાગવગ નહિવત્, પણ એ તો મંડી પડ્યા. બીજાઓ જેમની વગ હતી તે પણ મંડી પડ્યા. ૧૫ દિવસ પૂરા થાય તે પહેલાં એમની મુક્તિનો હુકમ છૂટે નહિ તો મામલો ગૂંચવાય. હુકમ છૂટ્યો. કલેકટર ઑફિસમાં ટેલિફોન પર બબર આવ્યા, ત્યાંથી કૉલેજમાં મહેતા સાહેબને બબર મળ્યા. એપ્રિલ-મેની ધોમધખતી બપોરે પેલી જૂની હરકયૂલસ પર સવાર થઈ એમ. ટી. બી. કૉલેજનો આ પ્રિન્સિપાલ છેક રાંદેર રોડ પર આવેલા પ્રા. અરવિંદભાઈના ઘેર મોઢામોઢ સમાચાર આપવા જાય છે. આટલા બધા પટાવાળાઓમાંથી કોઈક મારફતે એ ચિઠ્ઠી મોકલી શકયા હોત. ટેલિફોન કરી શકયા હોત. પણ આ પ્રિન્સિપાલને એક લ્હાલચ છે. પોતાના સહકાર્યકરના

ચિંતાગ્રસ્ત કુટુંબને જાતે સમાચાર આપીને એમના હર્ષપ્રફુલ્લિત ચહેરા જોવાની ને એ હર્ષમાં ભાગીદાર થવાની.

૫. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કે સ્વ. દેસાઈ સાહેબ પ્રત્યેની એમની ગુરુભક્તિ પણ અજબ. દેસાઈ સાહેબ તો કડેધડે ગયા. છેક સુધી કૉલેજ આવતા. પણ ત્રિવેદી સાહેબને તો સતત સહાયની જરૂર પડે. એ માટે એકાદ પટાવાળાની વ્યવસ્થા એ જ કરી આપે. નિયમિત રવિવારે તો એમને મળવા અચૂક જાય જ. મુ. શાંતાબહેનની યાતનાભરી બીમારીમાં વારંવાર ને વખત – કવખત એમને દોડવું પડે તો તે ઘરના માણસ તરીકે દોડે, શાંતાબહેનને અમદાવાદ સારવાર માટે લઈ જવાનાં હોય તો પુત્ર કશ્યપને ડ્રાયવરનું કામ પણ સોંપીને પોતાની ગાડીમાં ત્યાં લઈ જવા-લાવવાની વ્યવસ્થા કરે. શાંતાબહેનના અવસાનને દિવસે આ પ્રસંગ સંભારીને સ્વ. દેસાઈ સાહેબે કહેલું તે હજી યાદ છે : 'કેટલાંક કામો કુંજવિહારીભાઈ જ કરી શકે. વિષ્ણુભાઈની તો એ ટેકણલાકડી રહ્યા છે તે હું વર્ષોથી જોતો આવ્યો છું. આ માટે મારી પાસે એમની પ્રશંસાના શબ્દો નથી—અદ્‌ભુત.' એક વખત દેસાઈ સાહેબની જ હાજરીમાં મુ. ત્રિવેદી સાહેબે મહેતા સાહેબ વિષે કહેલું : 'He is more than a son to me.'

ઑફિસમાં અને ઘેર તરેહતરેહનાં લોક તરેહતરેહની મૂંઝવણો લઈને આવતાં જ હોય. કોઈને પત્ની સાથે અણબનાવ હોય, કોઈને ભાઈ સાથે કે પડોશી સાથે ઝઘડો હોય, કોઈને નોકરીમાં સાહેબ પજવતો હોય, ભણતરમાં આર્થિક સહાયની જરૂર હોય, માંદગીમાં દવાદારૂની જરૂર હોય—આમાંથી ઘણી સમસ્યાઓ એવી હોય જેમાં એ કંઈ કરી ન શકે, પણ ધીરજપૂર્વક સાંભળે ખરા. કશું nonsense સાંભળી લેવાની ધીરજ એમનામાં નહિ, છતાં ભીડમાં ભીડાયેલા, મુંઝાયેલા માણસ માટે પરાણે ધીરજ ધારણ કરે. બને તો બે બોલ આશ્વાસનના, શીખામણના કહે. પણ જ્યાં એમનો હાથ કે એમની વાત પહોંચી શકે ત્યાં મદદ કરવામાં પાછી પાની ન જ કરે. બહુ ઘસાઈ-ચવાઈ ગયેલો શબ્દપ્રયોગ વાપરીને પણ કહી શકાય કે એ શક્ય હોય તે સૌને તન, મન ને ધનથી સહાય કરે જ. તન અને મન પોતાનાં, ધન તો આવી મળે; કારણ ઘણા એ વાત જાણે છે કે જરૂરતમંદને મદદ કરવા માટે કુંજવિહારી મહેતા એ ઘણું ઉત્તમ માધ્યમ છે.

સોસાયટીના મંત્રીપદે ૨૧ વર્ષની સુદીર્ઘ અને યશસ્વી કારકિર્દી આ ચાવીરૂપ પદ માટેની ઐતિહાસિક ઘટના છે. આ વર્ષો દરમ્યાન પાંચેક અધ્યક્ષોના મંત્રી તરીકે એમણે કામ કર્યું. દરેક અધ્યક્ષની કાર્યપદ્ધતિ જુદી હોય, પ્રકૃતિ જુદી હોય, સેક્રેટરી સાથેનો એનો વર્તાવ પણ જુદો હોઈ શકે. પણ આ એક

એવો મંત્રી સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીને મળ્યો કે જેણે બધાનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કર્યાં.

સોસાયટીના મંત્રી તરીકે કામ કરતાં કરતાં જ ડૉ. આર. કે. દેસાઈ (ડાકટર) અને કુંજવિહારી મહેતા (કે. સી.)ની અનન્ય મંત્રી બંધાઈ. ડૉકટર આર. કે. દેસાઈ જેવા માનવતાવાદી તબીબ, દૃષ્ટિવંત કેળવણીકાર અને નખશિખ સજ્જન માટેનો કે. સી.નો પ્રેમભર્યો આદરભાવ વાતેવાતે વ્યકત થયા કરે. કેટલાક એમની આ આર. કે. આ ભકિતની ટીકા પણ કરે. પણ જેમણે એ બંનેને નિકટથી જોયા છે, સમાનતાની અને મૈત્રીની ભૂમિકાએ એ બે વચ્ચેનો પરસ્પર વ્યવહાર જોયો છે તેમને એમાં એ બેઉની વિશિષ્ટતાનું દર્શન થયું જ છે. આ ડાકટરના માધ્યમ દ્વારા કુંજવિહારી મહેતા સેંકડો જરૂરતમંદોને પ્રત્યક્ષ તબીબી સારવાર પહોંચાડી શકયા છે. જે નામો તરત યાદ આવે છે તે : રમેશ ઓઝા, નટવરસિંહ પરમાર, વિજય શાસ્ત્રી, પ્રવીણસિંહ ચાવડા, વસંત પટાવાળો, રૂમ્મી, કલાર્ક નેનેશ શાહ અને બીજા અનેક, એમાં અધ્યાપકો તો ડૉકટરની ફી પણ આપી શકે; પણ સોસાયટીને પરિવાર ગણતા આર. કે. પરિવારના સભ્યો પાસેથી કયારેય કશું ન લે. મહેતા સાહેબ કોઈ ને પણ એમની પાસે મોકલે એટલે સમજવાનું કે ડૉકટર એની સારવાર નિઃશુલ્ક જ કરવાના.

સોસાયટીના સેક્રેટરીનું પદ એવું છે કે એની સાથે એ સ્થાનનો લાભ લેવાનાં ઘણાં પ્રલોભનો પણ જોડાયેલાં હોય એ પ્રલોભનોને વશ થવું માનવસહજ નિર્બળતા ગણાય, પણ મહેતા સાહેબ આટઆટલાં વર્ષોથી સતત સાવધ – સતર્ક રહીને અસિધારાવ્રત પાળતા રહ્યા છે. કયાંય કોઈ પ્રલોભનને વશ થઈ નામના ને બદલે બદનામી ન વહોરવી પડે તેની હંમેશ એમણે ચિંતા રાખી છે. ખાસ તો આવા પદે રહેનાર માણસ જ્યારે વ્યક્તિગત અપેક્ષાઓ પૂરી ન કરી શકે, સંસ્થાના હિતમાં વ્યકિતને ગૌણ ગણીને વ્યવહાર કરે ત્યારે વ્યક્તિઓના દ્વેષ અને નિંદાનું કેન્દ્ર બનતો હોય છે. મહેતા સાહેબ પણ એવી નિંદાની, દ્વેષની તાવણીમાં તવાયા છે. કોઈકની હીનતાથી ઘવાયા છે. એ તાવણીનો તાપ–ઉત્તાપ પણ હું જોઈ શકયો છું. પરંતુ તવાઈને એ વધુ ઉજ્જવળ બન્યા છે. બીજું એમના એ સંતાપને એમણે કયારેય પોતાના બાહ્ય વ્યવહારમાં વ્યકત થવા દીધો નથી. ગમે તેટલી તાણની વચ્ચે, ગમે તેટલા કાર્યભારની વચ્ચે જ્યારે જુઓ ત્યારે કુંજવિહારી મહેતા હળવાફૂલ હોય. એમને ગમે ત્યારે ટોળ-ટીખળ કરવાનો સમય હોય ને mood પણ હોય. એક સમયે તો કૉલેજના આચાર્ય, વિનયન વિદ્યાશાખાના ડીન અને સોસાયટીના સેક્રેટરીની ત્રિવિધ વહીવટી ધુરા સંભાળતા

હતા પણ ત્યારેય એ ભારેખમ કદી નથી લાગ્યા.

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી જ્યારથી સ્થપાઈ ત્યારથી એના સંચાલનમાં જુદી જુદી કક્ષાએ, જુદી જુદી ભૂમિકા એમણે યશસ્વી રીતે અદા કરી છે. સેનેટના સભ્ય, સિન્ડિકેટના સભ્ય, વિદ્યાશાખાના અધ્યક્ષ, અભ્યાસ સમિતિના અધ્યક્ષ, બબ્બે વાર ડીન, વિવિધ વિશેષજ્ઞ સમિતિઓના સભ્ય–આમ બહુવિધ કામગીરી બજાવવાનું એમને ભાંગે આવ્યું. યુનિવર્સિટીના ઓર્ડિનન્સ, સ્ટેચ્યુટ્સ, રેગ્યુલેશન્સ વગેરેનું ગુજરાતીકરણ પણ એમણે ડૉ. જયંત પટેલને સાથે રાખીને કર્યું. શિક્ષણનાં વિવિધ પાસાંઓના લાંબો અનુભવ, સ્વકીય દૃષ્ટિ અને ચિંતન, કુશાગ્ર વહીવટી શક્તિ અને નિરપેક્ષભાવે કેળવેલી પ્રતીતિઓના આધારે એ યુનિવર્સિટીના કાર્યમાં બોલ્યા–વર્ત્યા છે. એમ કરવામાં ઘણાં સ્થાપિત હિતોને દુભવવાનું પણ બન્યું હશે, પણ એમની યુનિવર્સિટીમાંની કારકિર્દી શિક્ષણ-કાર તરીકેના એમના યશનું એક ઉજ્જ્વળ શિખર છે.

શિક્ષણકાર, શિક્ષણવિચારક કુંજવિહારી મહેતા સોળે કળાએ ખીલ્યા 'ગુજરાતમિત્ર'ને પાને. પ્રથમ 'પ્રતાપ'માં અખબારી લેખનનો આરંભ એમણે કરેલો ત્યારે પણ વિષય શિક્ષણનો જ હતો. 'ગુજરાતમિત્ર'માં બે દાયકાથી વધુ સમય પૂર્વે કટારલેખક બન્યા. પ્રથમ 'સમાલોચક'ના ઉપનામથી અને પછી પોતાના નામે એમણે શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ ચર્ચી છે. આ નામની એમની મંગળવારી કટાર ગુજરાતભરમાં વંચાય છે. એમાં આપણા શૈક્ષણિક અને સંસ્કારજીવનના પ્રશ્નો પરત્વે એમની દૃષ્ટિનો વ્યાપ અને ઊંડાણ બંને દેખાય છે, દૃઢ પ્રતીતિમાંથી ઉદ્ભવતા વિચારોની નક્કરતા અને કટાક્ષની વેધકતા એમનાં લખાણોના આગળ પડતા ગુણો છે. એમની ટીકાઓમાં યુયુત્સુની પ્રત્યંચાનો ટંકાર હોય છે. ટીકા કરવા જેવી કોઈ પણ વાતની જાહેર ટીકા કોઈ પણ જોખમે ન કરે તો કુંજવિહારી મહેતા નહિ. એના પરિણામે વિરોધી વિચાર ધરાવનારનાં ચર્ચાપત્રો તો આવે જ; પણ તે ઉપરાંત ટેલિફોન અને પત્રો દ્વારા ધમકીઓ પણ આવે. આ કોલમો દ્વારા ઘણી જાડી ચામડીઓને પણ એમણે ઉઝરડા પાડ્યા છે; એમને પોતાને પણ ઉઝરડા પડ્યા છે.

કદાચ 'ગુજરાતમિત્ર'ના ઇતિહાસમાં પણ એકવીસ વર્ષ સુધી એકધારી એક કટાર લખવામાં મહેતા સાહેબે વિક્રમ સર્જ્યો છે. ભાઈ ભગવતીકુમારે એક વાર કહેલું કે ''ગુજરાતમિત્ર' સ્થળસંકોચ કે કોઈ અન્ય કારણે કયારેક એમનો લેખ નહિ છાપી શકયું હોય, પણ મહેતા સાહેબ તરફથી લેખ ન મળવાને પરિણામે એમ કયારેય બનવા પામ્યું નથી.'

આમ તો આ કૉલમોમાં ચર્ચાતા પ્રશ્નોનો સમસામયિક સંદર્ભ હોય એટલે એમાં વ્યકત થતા વિચારોનું મૂલ્ય પણ તત્કાલીન મહત્ત્વ ધરાવે એટલું જ. સમસ્યાઓ ઉકલે એટલે એ વિચારોની પ્રસ્તુતતા પણ પૂરી થાય. પણ એમ કરતાં કરતાં શિક્ષણ જેના જીવનની મુખ્ય નિસ્બત રહી છે તેવા કુંજવિહારી મહેતાની કલમે કેટલુંક સઘન, ચિરંજીવી ચિંતન સહજ રીતે નીપજી આવ્યું છે, એટલે જ ગ્રંથરૂપે એવા લેખોના સંગ્રહ કરવામાં સાર્થકતા રહેલી છે સમાજમાં અને સમાજે સર્જેલી સંસ્થાઓમાં કેટલીક સમસ્યાઓ રૂપાંતરે, જુદા જુદા સંદર્ભે, જુદી ભૂમિકામાં પુનર્જન્મ પામતી હોય છે. અને ત્યારે આવું ચિંતન કેટલીક માર્ગદર્શક વિચારણા પૂરી પાડવામાં સહાયરૂપ બને એ નિર્વિવાદ છે.

'શિક્ષણ અને સંસ્કારની સમસ્યાઓ' કટારમાં આવતા લખાણોએ એમના આલેખકને ઘણી પ્રતિષ્ઠા તેમજ અપ્રતિષ્ઠા પણ અપાવ્યાં છે. એનાં એક-બે કારણોની મીમાંસા તટસ્થપણે કરી શકાય. શિક્ષણના ક્ષેત્રે આપણે ત્યાં બે પ્રકારના વૈચારિક અને વ્યાવહારિક અભિગમો જોવા મળે છે. એક અભિગમ એવો છે કે પ્રાગતિકતાના નામે ગતાનુગતિકતામાં અટવાવાનું પસંદ કરે. ખાસ કરીને પશ્ચિમમાંથી લાવીને કેટલાક વિચારો આ ભૂમિમાં રોપવાના પ્રયત્નોમાં આવું લક્ષણ સ્પષ્ટ થતું હોય છે. આના પ્રતિપક્ષે જે લોકો હોય છે તે પરંપરાપ્રીતિનો આગ્રહ સેવતા જોવા મળે. મહેતા સાહેબનો ઝોક આ બીજા અભિગમ પ્રત્યે વધુ રહેતો જણાય. પરંપરાપરસ્ત થવામાં કયાંક પરંપરાગ્રસ્ત થવા પણું પણ થાય. ત્યારે એમનાં ઉચ્ચારણો anachronism જેવાં લાગે. આવું જવલ્લે જ બને. પણ ન જ બને એમ નહિ. પરંતુ એમને જો કોઈ પ્રતીતિ કરાવી શકે તો એ એવા રૂઢિદાસ નહિ કે પોતાના વિચારો ન જ તજે. બીજું એક કારણ એવું પણ જોવા મળે કે કયારેક એમણે પણ કેટલીક માની લીધેલી વિચારધારાનો પુરસ્કાર કરવામાં કયાંક પૂર્વગ્રહયુક્ત ઉચ્ચારણો કર્યાં હોય. આમ ન થાય એ માટે એ હમેશાં સાવધ રહેવાવાળા; છતાં માનવીય સ્ખલનો હમેશાં નિવારી ન પણ શકાય. આવે વખતે પ્રતિપક્ષ વધારે વાચાળ થાય, વધારે ઉગ્ર પણે એમના પર પ્રહાર કરવા પ્રેરાય...ત્રીજું, છાપાની કૉલમ લખનારને માટે જે મોટી મર્યાદા છે તેના પરિણામે નીપજતું સ્ખલન. કયારેક જોવા મળ્યું છે. તત્કાળ લખવાનું, સમયની સામે બાથ ભીડીને લખવાનું એટલે દરેક પ્રસંગે હકીકતોની સત્યતાની ચોકસાઈ કરવામાં જરાક જો કચાશ રહી જાય તો પ્રતિપક્ષને સારી તક મળે. કયારેક મહેતા સાહેબે અસાવધપણે આવી તકો પણ આપી છે. પણ આવા દરેક પ્રસંગે ગુરુ વિષ્ણુભાઈનો એક ઉપદેશ એમણે આચર્યો છે:

પ્રતિવાદથી દૂર રહેવાનો. આ બધાં માનવસહજ ક્ષતિલક્ષણોને ધ્યાનમાં લીધા પછી પણ એમના આ લેખોના એકંદર મૂલ્યાંકનમાં એમ કહેવાનું પ્રાપ્ત થાય કે એમણે મહદંશે તટસ્થતા, નિર્ખાલસતા અને દૃઢ પ્રતીતિમાંથી પ્રાપ્ત થયેલી પ્રેરણા અને તાકાતથી આ લેખો આજ સુધી લખ્યા છે.

ખુશામત, ભાટાઈ મહેતા સાહેબે અંગત લાભ માટેય કયારેય કરી નથી. પણ એનો અર્થ એવો નથી કે પ્રશંસાને યોગ્ય વ્યકિત કે વિચારની પ્રશંસા પણ એ ન કરે. છેલ્લામાં છેલ્લો દાખલો લઈએ. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ઉપેન્દ્ર બક્ષી સાચે જ પ્રશંશનીય વ્યકિત છે. એમના કેટલાક વિચારો ને એમની કાર્યપ્રણાલીની પ્રશંસા મહેતા સાહેબે એકથી વધુ વાર કરી ત્યારે લોકોએ એને ભાટાઈ કહી, એમ કરવામાં કુંજવિહારી મહેતાને પ્રો - વાઈસ ચાન્સેલર કે એવા કશાક લાભની ખેવના હશે એવું હેત્વારોપણ પણ થયું. કયારેય કશા પદ પાછળ ન દોડનારો અને એવા પદ માટે ખુશામત તો કયારેય ન કરવાની મનથી ગાંઠ વાળી બેઠેલો આ માણસ ખુશામતની ચાવી વડે તો પ્રતિષ્ઠાના ઘણા કોઠા ઉઘાડી શકયો હોત. તેમ ન કરતાં એમણે અજ્ઞનો આત્મસંતોષ અને આત્મ-સંમાન કેળવ્યાં છે. એમના જ શબ્દોમાં : " ભગવાને મને મારી યોગ્યતા કરતાં ઘણું વધારે અનાયાસે આપ્યું છે. એથી વધારે મારે કરવું છે શું કે હું કોઈની ખુશામત કરું ? " જ્યાં પ્રશંસા ઉચિત હોય ત્યાં કોઈ માણસ પ્રશંસા ન કરે તો માણસમાં ગુણજ્ઞતાનો અભાવ છે એમ કહેવું જોઈએ. ઘણી વાર આપણને flattery અને appreciaiion, ખુશામત અને પ્રશંસા વચ્ચેની સૂક્ષ્મ ભેદરેખા દેખાય નહિ. ત્યારે આપણી તારતમ્ય બુદ્ધિ ઝંખવાય છે.

સાહિત્યમાં અભિરુચિ ધરાવતા મહેતા સાહેબના મિત્રો અને પ્રશંસકોને એક એવો વસવસો રહે છે કે એ સાહિત્યપ્રવૃત્તિમાં વધુ ન સંડોવાયા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના બે સમકાલીન વિદ્યાર્થીઓ—જયંત પાઠક અને કુંજવિહારી મહેતા. પાઠક સાહેબે અનન્યભાવે સાહિત્યની જ ઉપાસના કરી અને તે ક્ષેત્રમાં ઊંચી પ્રતિષ્ઠાને પામ્યા. મહેતા સાહેબે થોડીક સાહિત્યોપાસના કરી અને પછી એમના જીવનકાર્યની દિશા ફંટાઈ. એમણે દક્ષ વહીવટકાર તરીકે શૈક્ષાણિક વહીવટમાં જાતને પૂરેપૂરી ઓતપ્રોત કરી. કર્તવ્યની આવી પસંદગી પરત્વે લાભાલાભની ઔચિત્ય-અનૌચિત્યની, સારી-વધુ સારી પસંદગી જેવી કોઈ તુલના ન હોઈ શકે. **स्वे स्वे कर्मणि अभिरतः** એવા પ્રત્યેક જણને આત્મસંતોષની કેટલી આંતર અનુભૂતિ થઈ એના મહત્ત્વનું ગણાય. મહેતા સાહેબને એમના પોતાના જ શબ્દોમાં 'ample sense of fulfilment' થઈ છે એ જ એમના

જીવનકાર્યની મોટી ઉપલબ્ધિ છે.

એમ. ટી. બી. કૉલેજ સાથેનો એમનો જેવો સંબંધ રહ્યો છે તેવો આ કૉલેજના ઇતિહાસમાં હજી સુધી કોઈનો રહ્યો નથી. ૧૯૩૮ થી ૧૯૪૫ સુધી એ આ કૉલેજના વિદ્યાર્થી. ૧૯૪૬ થી ૧૯૭૦ સુધી અધ્યાપક અને ૧૯૭૦ થી ૧૯૮૩ના જુલાઈ માસની ૩૧ મી તારીખ સુધી એના આચાર્ય. આવું કોઈ પણ સંસ્થામાં જવલ્લે જ બને.

સ્વ. કે. એલ દેસાઈ સાહેબ આ કૉલેજના આચાર્ય બન્યા ત્યારથી આચાર્ય અને સહકાર્યકરો વચ્ચે પરસ્પર સંબંધનું એક નવું પરિમાણ એમણે સ્થાપ્યું. સહકાર્યકરોથી અલિપ્ત રહેવાને બદલે એમની સાથે સમાનતાના ભાવથી મળવું-ભળવું અને એ દ્વારા સંસ્થામાં કુટુંબભાવ કેળવવો એવો અભિગમ દેસાઈ સાહેબે અપનાવ્યો. આ પ્રથા ત્યારથી એમ. ટી. બી. ની આગવી, ઉજ્જવળ પરંપરા બની છે, અને એમાં વળી કુંજવિહારી મહેતાએ પોતાનું આગવું પ્રદાન કર્યું છે. આચાર્ય બન્યા તે દિવસે જ એમણે કહેલું : 'I am first among equals- એથી વધુ કંઈ જ નહિ.' એ ભાવના એમનાં વાણી-વ્યવહારમાં હમેશાં ચરિતાર્થ થઈ છે.

એમ. ટી. બી. કૉલેજનો રૂમ નં. ૩ એટલે કૉલેજના આચાર્યનું કાર્યાલય ત્યાં આચાર્ય કુંજવિહારી મહેતાની આણ પ્રવર્તે. રૂમ નં. ૧૯ એ એમનું વ્યાવસાયિક પરિવારક્ષેત્ર. કૉલેજમાં હોય તો સવાબે વાગ્યે અચૂક એ એમના આ પરિવાર સાથે જ હોય, એ આવે એટલે વાતાવરણમાં ચેતના આવે. જીવંતતા આવે. એ આવે એટલે કોઈક ને કોઈક વિષય પર કયારેક હળવી, કયારેક ગંભીર ચર્ચા છેડાય. કયારેક કેવળ ટોળ-ટીખળનું જ વાતાવરણ જામે. ટીખળમાં મહેતા સાહેબ સાઠની ઊંમરે પણ તોફાની છોકરા જેવા— He has a schoolbay's instinct for mischief. આવે અને જરાક જેટલી ટીખળ છેડે જ. કોણ એનું નિશાન બનશે તે ન કહી શકાય. એમનામાં હાસ્યવૃત્તિ ઘણી. મજાકમાં બોલતાં બોલતાં કોઈકની બોલતી બંધ કરી દે ને કયારેક પોતાની જ બોલતી બંધ થાય તેની સામી મજાકનો માર પણ વેઠે. સહકાર્યકરો કયારેક એમને આવી મજાકથી મ્હાત કરે કે એ કોઈકને મ્હાત કરે તે જોઈ બહારના મુલાકાતી અધ્યાપકો હતપ્રભ જેવા થઈ જાય. કોઇ પ્રિન્સિપાલ પોતાના સહકાર્યકરો સાથે આવી રીતે વર્તી શકે તે એમને કેમે કરીને માન્યામાં ન આવે, અને કોઈ પ્રિન્સિપાલ આવી રીતે કેમ ન વર્તી શકે, સહકાર્યકરો સાથે સમોવડિયો કેમ ન બની શકે, બધા સાથે હળી-હસી કેમ ન શકે તે અમને માન્યામાં ન આવે. અમે મહેતા સાહેબને કહીએ પણ ખરા કે તમારી

ઑફિસમાં અમે આવીએ ત્યારે we are yours obediently, તમે ક્રોમનરૂમમાં હો ત્યારે we are yours lovingly. એમ. ટી. બી. માં નાનાથી માંડીને મોટાએ આ loving obedience નો પ્રેમાદર મહેતા સાહેબ માટે હમેશાં દાખવ્યો છે.

એક શૈક્ષણિક સંસ્થાના વડા તરીકે શૈક્ષણિક તેમ જ અન્ય બાબતો પરત્વે પોતાના સાથીઓના વિચાર જાણવા, મહત્ત્વના પ્રશ્નો વિષે એમની સાથે ચર્ચા કરવી ને એમ કરીને એમને ચર્ચા-વિવાદની ટેવ પાડવી, એમનું જુદા જુદા પ્રશ્નોમાં involvement વધે તે જોવું, એમને વિચારો અભિવ્યક્ત કરવાની મોકળાશ ભરી તક આપવી અને એ દ્વારા એમનામાં સામાજિક નેતૃત્વ વિકસે તેવા પ્રયત્નો કરવાનો ધર્મ એમણે ક્રોમનરૂમમાં બેસીને બજાવ્યો છે. એમ. ટી. બી. ના સ્ટાફના સભ્યોનું જાહેરજીવનમાં થોડું ઘણું પણ પ્રદાન છે તેમાં આ તાલીમનું મૂલ્ય ઓછું નથી. સાથે સાથે અધ્યાપકીય વ્યવસાયમાં પડેલી વ્યક્તિ નિત્ય સ્વાધ્યાય-પ્રવૃત્ત પણ રહેવી જ જોઈએ એમ એ માને એટલે અધ્યાપકોને વિવિધ રીતે સ્વાધ્યાયમાં પણ પ્રેરે. કોઈ પીએચ.ડી.–એમ. ફિલ. કરતા હોય તો એમને સુવિધાઓ પૂરી પાડે. અધ્યાપકો સેમિનારો–કોન્ફરન્સોમાં જાય તે માટે પ્રોત્સાહન અને સુવિધા આપવી, કોઈ સામયિકોમાં લખતા હોય તેની પ્રશંસા કરવી, કોઈને કશું પારિતોષિક મળે તો તેની યોગ્ય કદર – કરવી આ બધું એ પોતાનો ધર્મ સમજીને કરે. વચ્ચેનાં થોડાંક વર્ષ અધ્યાપકો પોતપોતાના ક્ષેત્રમાં અત્યંત ચર્ચાસ્પદ વિષયો ઉપર પેપર લખીને સ્ટાફમાં વાંચે–ચર્ચે એવી પ્રવૃત્તિ ચલાવેલી. એ પેપરો પ્રસિદ્ધ થઈ શકે તે માટે આર્થિક વ્યવસ્થા કરવાની પણ એમની તૈયારી હતી, પણ દુર્ભાગ્યે અમે થોડાક પ્રમાદી બન્યા. હું હંમેશ કહ્યા કરું છું કે He has many ideas to sell but there aren't enough buyers.

ક્રોમનરૂમની ચર્ચાના વિષયો કયા? everything under the sun. ચર્ચાઓ કયારેક ઉગ્ર પણ બને. મહેતા સાહેબ સહેલાઈથી ઉગ્ર થઈ શકે. બીજા પણ ઘણા મિત્રો વધારે ઉગ્ર થઈ શકે અને વધારે સહેલાઈથી. તત્કાળ તો વાતાવરણ મલિન થતું લાગે. આવે પ્રસંગે કુટુંબમાં થતાં રિસામણાં પણ જોવા મળે. મહેતા સાહેબ રિસાય, સહકાર્યકરોમાંના કોઈક પણ રિસાય. પણ માનવસહજ આવેશનું આવું પરિણામ હમેશાં ક્ષણજીવી નીવડયું છે. ઘણીવાર તો ઉગ્રતા–આવેશને અંતે મહેતા સાહેબ જ થોડુંક હસી મૂકે અને એમનું નાટક ઉઘાડું પડી જાય. ઘણીવાર ઉગ્રતા સાચુકલી હોય, ત્યારે પણ એ આવો અફસોસ વ્યક્ત

કરે : I shouldn't have raised my voice, I shouldn't have said this. એ એમ કહે તે જ ક્ષણે બધું બોલ્યું ચાલ્યું માફ. આવેશની એ ક્ષણ વીત્યે કોઈ ડંખ નહિ, દંશ નહિ, કડવાશ નહિ. કયારેક સ્ટાફના સભ્ય દ્વારા પણ આકળો આવેશ વ્યકત થઈ જાય. પણ આચાર્ય અને સ્ટાફના પરસ્પર સંબંધની ભૂમિકા જ એવી કે ક્ષણ વીત્યે બધું નરવું-નિર્મળ. કયારેક એમ પણ લાગ્યું છે કે આવી પ્રાસંગિક ઉગ્રતાં દ્વારા અમારું catharsis સધાતું હશે અને એટલે એ અમારા એખલાસ માટે કદાચ આવશ્યક પણ હોય.

૭૦ ના દાયકામાં કુંજવિહારી મહેતા એમ. ટી. બી.ના આચાર્ય બન્યા. ૭૦ ના દાયકામાં જ શિક્ષણક્ષેત્રે ઘણા ક્રાંતિકારી ફેરફારો થયા. રાજકારણનો પગપેસારો શિક્ષણમાં ઘણો વધ્યો. આવા પ્રસંગોએ શિક્ષકસમાજ ઉદાસીન પ્રેક્ષક બનીને જોઈ રહે તે ન ચાલે. કુંજવિહારી મહેતા જે શિક્ષકસમાજનું નેતૃત્વ સંભાળતા હોય ત્યાં તો પ્રતિભાવો ઝડપી અને જોશીલા જ હોય યુનિવર્સિટીની સ્વાયત્તતાનો પ્રશ્ન હોય, ઓટોનોમસ કૉલેજનો હોય, પુનર્મૂલ્યાંકનનો હોય, શિક્ષકોના મૂલ્યાંકનનો હોય કે પ્રશ્ન – બેંકનો હોય, આવા પ્રત્યેક પ્રસંગે મહેતા સાહેબ મીટિંગ ભરે, સ્ટાફના સભ્યોને મુકત રીતે ચર્ચામાં સંડોવવાનું ઈજન આપે અને ચર્ચાનું જે તારતમ્ય હોય તેને જે તેની આગળ સંગઠિત અભિપ્રાય રૂપે પહોંચાડે. વ્યાપક સમાજને લગતા પ્રશ્નો પરત્વે પણ આવી જ ચર્ચાઓ કરે – કરાવે. ચર્ચાને ચગાવવાની એમની એક યુકિત હોય છે. એ ઘણી વાર પ્રશ્નને એના દેખીતી રીતે ખોટા છેડાથી ઊંચકે. પરિણામે જેઓ સામાન્ય રીતે અલ્પભાષી હોય તે પણ આવા ખોટા દૃષ્ટિબિંદુનો પ્રતિવાદ કરવા પ્રેરાય અને ચર્ચામાં સંડોવાય. એમના આવા નાટક પરથી જયારે પરદો ઊંચકાય ત્યારે કદાચ ઘણાને એમ થતું હશે કે સાહેબ બનાવી ગયા. પણ એ દ્વારા જે ચર્ચા થાય તેની સાર્થકતા અને ઉપયુકતતાની પણ દરેકને પ્રતીતિ થતી જ હોય.

આવી ચર્ચાઓ શિક્ષણમાં પડેલા હરકોઈના બૌદ્ધિક સ્વાસ્થ્ય માટેનું પોષક બળ ગણાય. છેલ્લા કેટલાક સમયથી કૉલેજના કેટલાક મિત્રોએ વ્યકિતગત નહિ તો વિભાગવાર અલાયદા બેઠકખંડોની માગણી કરવા માંડી છે તેને આ કારણે જ મહેતા સાહેબે અનુમોદન નથી આપ્યું. સ્ટાફના બધા સભ્યો એક જ સ્થળે મળે ત્યારે સહેજે ઘોંઘાટનું પ્રમાણ વધે. જેને સ્વાધ્યાય કરવો હોય તેને આ કારણે ખલેલ પડે. છતાં જયારે જયારે આવી અલાયદા ખંડની માગણી થઈ છે ત્યારે મહેતા સાહેબે તેને નકારી છે. એમણે એકાદ સ્વાધ્યાયખંડ ફાજલ પાડી આપવા

તૈયારી બતાવી છે પણ અલાયદા ખંડોમાં અધ્યાપકો અલાયદા પડી જાય, સ્વાધ્યાયના નામે એકાંગી બની જાય, એ વાતને એમણે સમર્થન નથી આપ્યું.

વિદ્યાર્થીઓ સાથેનો એમનો વ્યવહાર પણ સ્નેહાળ અને સલૂકાઈ ભર્યો. નાનામાં નાના વિદ્યાર્થી પ્રત્યે પણ સૌજન્યની કૃપણતા કયાંય ન દેખાય. ભલે વિદ્યાર્થીઓ હોય, પણ વ્યક્તિઓ તરીકે એમનો આદર કરે અને સ્નેહ પણ બતાવે. ગરીબ વિદ્યાર્થીઓના તો એ હમેશના બેલી. આચાર્ય બન્યા પછી આવા વિદ્યાર્થીઓને સહાય કરવા માટે સમૃદ્ધ કહી શકાય એવું ફંડ એમણે ઊભું કર્યું છે. આ ઉપરાંત પણ કેટલાક સજ્જનોએ એમને એવી સગવડ આપી રાખેલી છે કે જરૂરતમંદ વિદ્યાર્થીને મદદ કરવી હોય ત્યારે એમની પાસે એ નાણાંકીય સહાય નિઃસંકોચ માગી શકે.

છેલ્લા દાયકામાં વિદ્યાર્થીસંઘોનું બળ અને પ્રભાવ વધ્યાં છે. એમનામાં નેતૃત્વનો વિકાસ થાય, શિક્ષણની પ્રક્રિયામાં એમની ભાગીદારી હોય એ વાતની હિમાયત કરનારાઓમાં મહેતા સાહેબ પણ એક બરા. પણ આવું નેતૃત્વ બન્યારે દાંડ વિદ્યાર્થીઓના હાથમાં જાય ત્યારે કૉલેજનું વાતાવરણ કથળે. એમ. ટી. બી. માં સદ્‌ભાગ્યે એવું બન્યું છે કે અહીં નેતૃત્વ મોટે ભાગે મવાળ પ્રકૃતિના, સમજુ, વિવેકી વિદ્યાર્થીઓએ આજ સુધી સાચવ્યું છે. વળી બીજા દાંડ નેતાઓ આવા મવાળ નેતાઓ પર દબાણ લાવીને એમને અનુચિત વર્તન કરવા પ્રેરે તો પણ મહેતા સાહેબનું વિદ્યાર્થીનેતાઓ પ્રત્યે એવું વલણ-વર્તન રહ્યું છે કે બનતબનતનાં ઉગ્ર આંદોલનોને પ્રસંગે એમ. ટી. બી. ના વિદ્યાર્થીનેતાઓએ આચાર્યની અને અધ્યાપકોની આમન્યા નથી ઉવેખી. એમના આ અભિગમની એવી સારી છાપ પડી છે કે ઘણી વાર બીજે કયાંય આંદોલનો થયાં હોય અને વિદ્યાર્થી ભીડ-અગવડમાં આવ્યા હોય ત્યારે એ મહેતા સાહેબનું માર્ગદર્શન શોધતા આવે અને ઉપયોગી માર્ગદર્શન મેળવીને બન્ય, સમરયાનો વાજબી અને માનભર્યો ઉકેલ શું હોઈ શકે તેની સમજ મેળવીને બન્ય અને એ પ્રમાણે આંદોલનને વળાંક આપે.

સમસ્યાઓ ઉકેલવાની એમની તીક્ષ્ણ બુદ્ધિ અને તત્પરતા કોઈની પણ પ્રશંસા માગી લે. સોસાયટીના સેક્રેટરી તરીકે હોય કે કૉલેજના આચાર્ય તરીકે, એક સામાજિક તરીકે હોય કે યુનિવર્સિટીના અધિકાર મંડળમાં હોય–બન્યારે બન્યારે સમસ્યા આવે ત્યારે તેના હાર્દને શીઘ્રતાથી સમજીને એનો વ્યવહારુ ઉકેલ શું તે શોધવા અને આચરવા તરફ જ એમનું વલણ હોય. એ સમરયાને વધુ ગૂંચવે નહિ. પોતાના વિરોધી કે પ્રતિસ્પર્ધીને પણ સમરયા હોય તો એમાંથી સાચો

માર્ગ બતાવે, મદદ કરે એવા એ good Samaritan. Milk of human kindness એમનામાં રહેલું કદી ખૂટવા ન કરતું હૃદયદ્રવ.

ક્યારેક એમ લાગે છે કે નર્મદના આ પ્રશંસકને માટે પ્રગતિશીલ જીવનનો આદર્શ નર્મદ જ હોવો જોઈએ. સુધારાનો એ જ અદમ્ય ઉત્સાહ, એ જ હિંમત, એકલવીર થવાની એ જ તમન્ના. યાહોમ કરવામાં પાછી પાની કરે તે કુંજવિહારી નહિ, પણ આંધળુકિયાં ન કરે. Valour tempered with discretion એ એમનો સ્વભાવ–વાણિયા ખરા ને ! સ્વ. દેસાઈ સાહેબ એમને live-wire personality કહેતા તે સર્વથા ઉચિત છે.

એમ. ટી. બી. કૉલેજનો સર્વદેશીય ઉત્કર્ષ થાય એ હમેશ એમનો અભિલાષ રહ્યો છે. અને એવો અભિલાષ ફળ્યો છે. છેલ્લાં દશ વર્ષમાં એમ. ટી. બી. ના થયેલા ઉત્કર્ષનો આલેખ જોવા જેવો છે. કૉલેજમાં ભૌતિક સુવિધાઓમાં થયેલી વૃદ્ધિ, એની લાયબ્રેરીની સમૃદ્ધિ, અધ્યાપકોની અનેકદેશીય સિદ્ધિઓ, કૉલેજને મળેલાં માતબર અનુદાનો અને છેલ્લે છેલ્લે શ્રેષ્ઠ કૉલેજ તરીકેનો રાજ્ય સરકારનો પુરસ્કાર અને નિવૃત્તિટાણે નાનાં મોટાંનો આટલો નિર્વ્યાજ સ્નેહ – ભાઈ રે, તારાં ભાગ્ય મહા બળવાન !

દીર્ઘ કાળ પર્યંત સાથે રહેલાં સ્વજનોમાંથી કોઈ કારણે કોઈક ને દૂર જવાનું થાય ત્યારે મન કેવું ત્યારે ભારે થઈ જાય છે ! તેવું અત્યારે એમ. ટી. બી. માં સૌનું મન ભારે છે. છતાં આ ગીત તો બધા ગાશે જ.

For he is a jolly good fellow
For he is a jolly good fellow
For he is a jolly good fe...llow
And so say all of us
And so say all of us
And so...say....all....of us.

* * * *

નિત્ય ક્રિયાશીલ કે. સી.

—ભગવતીકુમાર શર્મા

તેઓ ટૂંક સમયમાં નિવૃત્ત થવાના છે, તેમ જ્યારે જાણ્યું ત્યારે એ વાત સાચી માનવાની લગીરે ઇચ્છા થઈ નહિ. નિવૃત્તિ સૂચક વયને આરે પહોંચેલા તેઓ હજી માંડ ચાળીસ – બેતાળીસના લાગે છે. હકીકતે હું એમને છેલ્લાં પચીસેક વર્ષથી જોતો આવ્યો છું અને એમના શારીરિક દેખાવમાં, ચહેરા – મહોરામાં ભાગ્યે જ કશું પરિવર્તન આવ્યું છે. વધારામાં માત્ર આંખે ચશ્મા ચડ્યા છે. એટલું જ ! વર્ષો સુધી શરીરની એકધારી આકૃતિ જાળવી રાખવી એ સરળ નથી. એમાં કદાચ માણસની ભીતરી દ્રઢતા, સ્ટ્રેટ ફોરવર્ડનેસ, તનાવરહિતતા વગેરેનું પ્રતિબિમ્બ પડતું હશે.

અને એમણે માત્ર શારીરિક સ્વાસ્થ્ય, સૌષ્ઠવ જ જાળવી રાખ્યાં છે એવું ય નથી. સ્ફૂર્તિ, કાર્યદક્ષતા, વહીવટ કૌશલ, શિસ્તપ્રેમ, નિયમિતતા એ બધું પણ એમનામાં અશેષ રહ્યું છે. છતાં માત્ર એક નિયમને વશ વર્તીને તેમને હવે નિવૃત્ત થવું પડશે એમ જ્યારે જાણીએ છીએ ત્યારે નિયમોની જડતા પરત્વે ખટકો લાગ્યા વિના ન રહે.

હા, આપણે અહીં આચાર્ય શ્રી. કુંજવિહારી મહેતાનો ઉલ્લેખ કરી રહ્યા છીએ. 'આચાર્ય શ્રી. કુંજવિહારી મહેતા' એ આખું મોઢું ભરાઇ જાય એવું નામ છે, પણ એમના અને આપણા સદ્‌ભાગ્યે તેઓ સર્વત્ર 'કે. સી 'ના બે આદ્યાક્ષરોથી પરિચિત છે, એટલે આપણે હવે પછી એમનો ઉલ્લેખ એ બે આત્મીયતા સૂચક અક્ષરોથી જ કરીશું.

નિખાલસપણે કહું તો 'કે. સી.'ની બહુ નિકટ જઈ શકાય તેવું તેમનું સહજ વ્યક્તિત્વ નથી. ઓટલિસ્ટ, એમનું બાહ્ય કવચ તો તેવું નથી. કોઈક જ માણેક ગેઆરા કે પ્રવીણકાંત રેશમવાળા જેવા 'કે. સી.' સાથે મજાક-મશ્કરીનો સંબંધ બાંધી શકતા હશે. બીજા પણ થોડાક એવા એમના નિકટવર્તી માણસો હશે, પણ એવા અપવાદોને બાદ કરતાં 'કે. સી.'નું વ્યક્તિત્વ આદરભાવ પ્રેરી શકે તે પ્રકારનું છે. કરચલી વગરનાં સાદાં પણ સારાં વસ્ત્રો, કરચલી વગરનો ચહેરો, માથા પરના કાળા ભમ્મર વાળમાંથી એક પણ અવ્યવસ્થિત નહિ, ખપ પૂરતા છતાં સુસ્પષ્ટ શબ્દો બોલવાની કાળજી અને કુનેહ, પ્રવચન કરતી વખતે

પણ વિષયાંતર કદી યે ન થાય, જ્ઞાનમાહિતી – વિચાર ઈત્યાદિ વિશેની પોતાની થોડીક મર્યાદાઓ છતાં તેની અંદર રહીને ય વિષયને પૂરો ન્યાય આપવાનું વલણ, તાજા જ નાહીને આવ્યા હોય તેવી શરીરની સુઘડતા, મહાશાળાના આચાર્ય કરતાં જિલ્લા–કલેકટર કે હોમ સેક્રેટરીનો વિશેષ ખ્યાલ આપે તેવું વ્યક્તિત્વ–– 'કે. સી.'ને આવી રેખાઓ દ્વારા સુપેરે ઓળખી શકાય–અને આપણે ઓળખીએ પણ છીએ.

કયારેક એવો વિચાર પણ મનમાં ઝબકયો છે કે 'કે. સી.' ફુલટાઈમ–અર્થાત ચોવીસે ય કલાક કૉલેજના આચાર્ય તો નહિ રહેતા હોય? તેમને બીજી કોઈ મુદ્રામાં જોવાની ટેવ જ આપણે કદાચ ગુમાવી બેઠા છીએ! કયારેક સવારના સમયે એમને ઘેર જવાનું થયું છે ત્યારે ય મુલાકાતીઓ મોટે ભાગે કૉલેજ–શાળા – સોસાયટીના પ્રશ્નો લઈને આવ્યે જ જતા હોય! સંભવ છે, કે આ પરિસ્થિતિએ તેમને 'આચાર્ય શ્રી'ની સીમાઓમાં જકડી રાખ્યા હોય.

શિસ્ત, ચપળતા, સ્ફુર્તિ એ બધું ખરું, પણ 'કે. સી.' તમને ચબરાક–એટલે કે ઓવરસ્માર્ટ કદી નહિ લાગે – તેવા દેખાવાના તેઓ પ્રયત્ન તો નથી જ કરતા. કુશળ પ્રશાસક ખરા, પણ આગળ પડતા 'મેનીપ્યુલેટર' નહિ. કયારેક ઉતાવળથી અભિપ્રાય બાંધી દે અને પછી તેને વળગી રહે ખરા. એક તરફથી તેમનામાં સુધારકનો 'જોસ્સો' પ્રબળ, કયારેક તો એમ પણ લાગે કે તેઓ નર્મદ – દુર્ગારામના જમાનાથી ઝાઝા આગળ નથી વધ્યા કે શું? પૂર્વગ્રહો એમનામાં નહિ જ હોય એમ માનવાનું પણ મન નથી થતું. અતિ આધુનિક સાહિત્ય પ્રત્યેની અરુચિ તેમણે અપ્રકટ પણ નથી રાખી. સાહિત્ય, ચલચિત્રો વગેરેમાં તથાકથિત અશ્લીલતા વર્તાતાં જ ઊકળી પડે. ચન્દ્રકાન્ત બક્ષીની અતિ ચર્ચાસ્પદ વાર્તા 'કુત્તી' સામેનો એમનો પ્રકોપ આજે ય નથી ભૂલાયો. સ્પષ્ટવકતા ખરા જ. તડ ને ફડ કરી નાખે. સૂરતનાં માનગૌરવ – પ્રતિષ્ઠા વિશે સદૈવ જાગ્રત. કોઈથી અંજાય નહિ. એમને કદાચ visionary ન કહીએ તો ચાલે, પણ શિક્ષણક્ષેત્રના તેઓ missionary તો ખરા જ. શિક્ષણના પ્રશ્નો પરની એમની પકડ વિશદ, વ્યાપક અને ઊંડી.

પહેલાં મને ઘણીવાર એવી આશા રહેતી કે 'કે. સી.' દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કયારેક કુલપતિ બનશે જ. હજી સુધી તેઓ એ પદે નથી જઈ શકયા–તેમના એ માટેના પ્રયત્નો હોવાનું પણ જાણ્યું નથી. શરૂશરૂમાં તેનું આશ્ચર્ય

પણ થતું, પરંતુ કુલપતિપદને માટે અને તેની આસપાસ બેલાતા કાવાદાવા વિષે જાણ્યું ત્યારથી એ આશ્ચર્ય ઊડી ગયું છે, વસવસો રહ્યો છે. 'કે. સી.' ને કુલપતિ પદ ન આપીને ગુમાવ્યું હોય તો તે યુનિવર્સિટીએ.

પણ 'કે. સી.' કાંઈ બધાને અનુકૂળ આવી જાય એવા માણસ નથી. વિચારની સ્વતંત્રતાનું તેઓ હંમેશા જતન કરવાના. રાજકારણીઓથી જુદા પડી તેમની ખુશામત ન કરવાનું તેમનું વલણ ખરું જ. થોડાક 'ટચી' પણ ખરા. કરપીણ રીતે મહત્ત્વાકાંક્ષી હોય એવા માણસોને આવાં બધાં સ્વભાવલક્ષણો ન જ પરવડે. 'કે. સી.'ને તે પરવડયાં છે, કેમકે તેઓ મોટી રીતે મહત્ત્વાકાંક્ષી નથી.

પહેલી નજરે અતડા અને કવચિત આત્મ-કેન્દ્રી પણ લાગી શકતા 'કે. સી.' ની ગુણગ્રાહકતા વ્યાપક છે. પોતાના વિદ્યાગુરુ ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી પ્રત્યેનો તેમનો ભક્તિભાવ અનુભવવાથી જ સમજાય તેવો ઉત્કટ છે.

'ગવર્નમેન્ટ બેટ વર્કસ' એ રાજકીય સૂત્ર તો નિષ્ફળ નીવડી રમૂજપ્રેરક બન્યું છે. પણ 'કે. સી.' માટે 'ધ પ્રિન્સિપાલ બેટ વર્કસ' નું સૂત્ર સાર્થક ઠરે તેવું છે. એક રીતે જોઈએ તો તેઓ 'પારકી છઠ્ઠીના જાગતલ' માણસ છે. થઈ શકે તેવું હોય, કરવા જેવું હોય અને નિયમ બહારનું ન હોય તો તેઓ ગમે તેનું કામ કરવાના.

અને જે વ્યક્તિની કાર્યશીલતા આટલી બધી દૃષ્ટાંતરૂપ બની ચૂકી હોય એ જ વ્યક્તિ નિવૃત્તિને આરે છે એ જાણીને વિષાદ થયા વિના કેમ રહે? 'કે. સી.'ની ક્રિયાશીલતાને કાટ ચઢવા ન દઈ શકાય.

'કે. સી.'ને ઘણી વાર મોટર હંકારતા જોયા છે. સ્વાભાવિક છટાથી, એજ 'કે. સી.' હજી યે ઓઢ્યા કે વ્યક્તિત્વનો કશો ભાર રાખ્યા વિના સહજપણે સાઈકલ પણ સડસડાટ ચલાવે છે તે જોઈને તેમના મનોસંતુલન વિષે આદર જન્મ્યા વિના ન રહે.

JACKET PRINTED & PLASTIC COATED BY:
NATVAR SMRUTI PRINTERS, A'HD.